वैदिक-सूक्तसङ्ग्रहः

(ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ અને ઐતરેય બ્રાહ્મણમાંથી
પસંદગીનાં સૂક્તોનો સંગ્રહ)

: સમ્પાદક :
વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ
પ્રોફેસર અને અધ્યક્ષ, સંસ્કૃત–વિભાગ
તથા
નિયામકશ્રી
ભાષાસાહિત્ય ભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.

ॐ

वैदिक–सूक्तसङ्ग्रहः

(ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ અને ઐતરેય બ્રાહ્મણમાંથી પસંદગીનાં સૂક્તોનો સંગ્રહ)

: સમ્પાદક :
વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ
પ્રોફેસર અને અધ્યક્ષ, સંસ્કૃત–વિભાગ
તથા
નિયામકશ્રી
ભાષાસાહિત્ય ભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ–૧.

Vedic Sūkta Saṅgrahaḥ
(A Collection of some hymns from the Ṛgveda, Yajurveda, Atharvaveda and Aitareya Brāhmaṇa)
Text, Translation and Critical Notes

Editor : Prof. Vasantkumar M. Bhatt
Director, Univ. School of Languages,
Gujarat University, Ahmedabad–9.

© Mrs. V. V. Bhatt

અદ્યતન આવૃત્તિ : ઈ.સ. ૨૦૦૮–૦૯

કિંમત : ૨૦૦–૦૦

પ્રકાશક : શ્રી અશ્વિનભાઈ બી. શાહ
શ્રી સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના, અમદાવાદ.
ફોન : ૦૭૯–૨૫ ૩૫ ૬૬ ૯૨.

મુદ્રક : શ્રી દિલીપભાઈ આઈ. પટેલ
ધ્રુમિલ ગ્રાફિક્સ
૮૫૬, નારણપુરાગામ,
અમદાવાદ–૩૮૦૦૧૩.
ફોન : ૫૫૧૩૮૮૮૦.

अस्मदीयम्

ઋગ્વેદ, યજુર્વેદ અને અથર્વવેદમાંથી અમુક અમુક પસંદગીનાં સૂક્તો અને ઐતરેય બ્રાહ્મણમાંથી શુનઃશેપનું આખ્યાન લઈને આ “વૈદિકસૂક્તસંગ્રહ” પુસ્તકની રચના કરવામાં આવી છે. કેવળ ઋગ્વેદનાં સૂક્તોનો અભ્યાસ કરવાથી અભ્યાસીના મનમાં વેદકાળમાં પ્રકૃતિનાં તત્ત્વોની દેવતા સ્વરૂપે થતી પૂજા કે બહુદેવતાવાદ વગેરેના ખ્યાલો ઊભા થતા હોય છે. પરંતુ ઋગ્વેદનો અભ્યાસ કરવાની સાથોસાથ જો યજુર્વેદનો અને અથર્વવેદનો પણ અભ્યાસ કરવામાં આવે તો જ વૈદિક સંસ્કૃતિનો સર્વાંગે યથાર્થ ખ્યાલ આવી શકે. વેદમન્ત્રો યજ્ઞ-યાગાદિ માટે જ રચાયા છે એવી મીમાંસકોની વિચારધારા જ્યારે યજુર્વેદના પ્રતિપાદ્ય વિષયોને જોઈએ ત્યારે જ આવે છે. પરંતુ વેદકાલિક આ યાજ્ઞિક સંસ્કૃતિના યજુર્વેદમાંથી દર્શન થવાની સાથે સાથે બીજી પણ કેટલીક ઉત્તમ અને રોમાંચકારી વિગતો ધ્યાન ઉપર એ આવે છે કે આ જ યજુર્વેદમાં **तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥** જેવા સૂક્ત દ્વારા મનની પવિત્રતા અને ભલાઈ માંગવાની સૂઝ પણ વૈદિક ઋષિઓ દાખવે છે. વળી, આ જ વેદમાં ઈશાવાસ્યોપનિષદ્ (અધ્યાય–૪૦) પણ આવેલું છે, જેણે આગળ જતાં શ્રીમદ્ ભગવદ્ગીતાના નિર્માણમાં મહત્ત્વનું યોગદાન આપેલું છે; અને ભારતીય પ્રજાને જીવન જીવવાનો સાચો રાહ ચીંધ્યો છે.

એવી જ રીતે, અથર્વવેદ કે જે અનેક ચિત્રવિચિત્ર વિષયોનો અદ્ભુત સંગ્રહ છે, તેમાં આવેલું ‘પૃથિવીસૂક્ત’ પણ આજના સમાજને માટે એકદમ પ્રસ્તુત છે. અત્યારે સૌ કોઈ વૈશ્વિક પર્યાવરણની વાતો હરદમ કરે છે, તો તે વાત કંઈ નવી નથી; એ તો અથર્વવેદના સમય જેટલી જૂની છે. એ આનો અભ્યાસ કરવાથી તરત જ સમજાય છે.

આમ બધા વેદમાંથી થોડુંક થોડુંક દોહન કરીને ભારતીય સંસ્કૃતિનો અને ચિંતનનો સર્વાંગી પરિચય કેળવ્યા પછી, પરવર્તી કાળમાં વૈદિક સંસ્કૃત ભાષાનો કેવો વિકાસ થયો છે ? એ સમજવા બ્રાહ્મણ ગ્રન્થોની ભાષા પણ સંસ્કૃતના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ ભણવી જોઈએ – એ દૃષ્ટિએ ઐતરેય બ્રાહ્મણમાંથી શુનઃશેપાખ્યાનને પસંદ કર્યું છે. અહીં, મહાકવિ ભાસને પ્રેરણા આપનાર આ

આખ્યાનમાં અજીગર્તના મધ્યમ પુત્ર અને વિશ્વામિત્રના મધ્યમપુત્ર મધુચ્છન્દાનો એક અદ્‌ભુત 'વ્યાયોગ' રચાયો છે તે પણ અભ્યાસનો રસપ્રદ વિષય બને છે. દુનિયા આખીએ નરમેધયજ્ઞ થતો હતો કે નહીં ? તે વિષયાન્તર ભરી વાત છેડીને, શુનઃશેપાખ્યાનનું સાચું મૂલ્યાંકન સદીઓ સુધી કર્યું જ નહીં. પરંતુ પરમાત્માની કૃપાથી અને ઇચ્છાથી, અહીં તેનું એક અપૂર્વ અને મૂલગામી અર્થઘટન રજૂ કર્યાનો આનંદ અને સંતોષ છે.

અભ્યાસીઓને આ પ્રયત્ન સંતોષ આપશે એવી આશા છે; અધિકારીઓનાં સૂચનો આવકાર્ય છે.

આ ગ્રન્થના પ્રકાશક શ્રી અશ્વિનભાઈ શાહનો હૃદયપૂર્વક આભાર.

– વસન્તકુમાર મ. ભટ્ટ

માતૃ–મંગલમ્
તા. ૨૪–૮–૨૦૦૫.

અનુક્રમણિકા

☐ પ્રસ્તાવના ૧–૯૯

૧. 'વેદનો શબ્દાર્થ (૧), ૨. 'વેદ' શબ્દના પર્યાયો (૨), ૩. વેદોનું મહત્ત્વ (૩), ૪. વેદોનું અપૌરુષેયત્વ (૪), ૫. વૈદિક સાહિત્યની કૃતિઓ (૭), ૬. પ્રાચીન ભારતીય આર્યભાષા (૯), ૭. વૈદિક સાહિત્યની કાલાનુક્રમણિકા (૧૨), ૮. વેદની સુરક્ષાના ઉપાયો (૧૮), ૯. ઋગ્વેદનો કૃતિલક્ષી પરિચય (૨૪), ૧૦. સૂક્તોના પ્રકાર (૨૬), ૧૧. ઋગ્વેદના દશ મંડલોનું સંગ્રથન (૨૮), ૧૨. ઋગ્વેદના દશ મંડળોનો વિન્યાસક્રમ (૩૦), ૧૩. વેદાર્થઘટનના બે પ્રમુખ માર્ગો (૩૨), ૧૪. દશમા મંડળના સંવાદસૂક્તો (૩૬), ૧૫. ઈન્દ્રનું ઉત્ક્રાન્તિશીલ વ્યક્તિત્વ (૪૪), ૧૬. વિષ્ણુતત્ત્વ–ઓળખ અને વિકાસ (૫૪), ૧૭. રુદ્રદેવતા (૬૧), ૧૮. યજુર્વેદનો પરિચય (૭૯), ૧૯. અથર્વવેદનો પરિચય (૮૩), ૨૦. ઐતરેય બ્રાહ્મણ (શુનઃશેપાખ્યાનનો કથાસાર તથા સમીક્ષા (૮૫).

☐ ઋગ્વેદઃ ૧–૧૫૫

(१) अग्निसूक्तम् (१–९७) (૧–૧૦)
(२) विष्णूसूक्तम् (१–१५४) (૧૧–૨૫)
(३) इन्द्रसूक्तम् (२–१२) (૨૬–૫૨)
(४) दाशराज्ञसूक्तम् (७–१८) (૫૩–૮૫)
(५) वरुणसूक्तम् (७–८६) (૮૬–૧૦૬)
(६) पुरूरवसुर्वश्योः संवादः (१०–९५) (૧૦૭–૧૩૦)
(७) नासदीयसूक्तम् (१०–१२९) (૧૩૧–૧૫૫)

☐ યજુર્વેદ : (ક) तन्मे मनः शिवसङ्कल्पसूक्त (અધ્યાય–૩૪) ૧૫૬–૧૯૪
(ખ) રુદ્રાધ્યાય (અધ્યાય–૧૬)

☐ અથર્વવેદ : ભૂમિસૂક્ત (૧૨–૧–૧ થી ૬૩) ૧૯૫–૨૨૪

☐ શુનઃશેપાખ્યાન ૨૨૫–૨૪૦

☐ પરિશિષ્ટો ૨૪૧–૩૦૪

(૧) પદપાઠના નિયમો ૨૪૧

(૨) સ્વતન્ત્ર સ્વરિતના પ્રકારો ૨૬૬

(૩) વૈદિક છન્દોનું બંધારણ ૨૮૪

(૪) વૈદિક લેટ્ લકાર (સંકેતાર્થ) ૨૯૫

(૫) વૈદિક હેત્વર્થકૃદન્ત ૨૯૭

* * *

સન્દર્ભગ્રન્થસૂચિ

☐ **इन्द्रविजयः** (भारतवर्षीय – उपाख्यानम्), ले० पण्डित मधुसूदन ओझा, प्रका० जयनारायण व्यास विश्वविद्यालय, जोधपुर, १९९७.

☐ **ऋग्वेदः** (सायणभाष्यसमेतम्); वैदिक संशोधन मण्डल, पूणें, १९९५.

☐ **ऐतरेय ब्राह्मणम्** (प्राच्यभारती ग्रन्थमाला–१४), सं. डो. सुधाकर मालवीय, तारा बुक एजेन्सी, वाराणसी, १९९६, with Sayan.

☐ **वैदिक पाठावली,** સં. રસિકલાલ છો. પરીખ, ગૂજરાત પુરાતત્ત્વ વિદ્યા મન્દિર, અમદાવાદ, ૧૯૨૭.

☐ **निरुक्तम्** (यास्कप्रणीतम्) ગુરુમંડલ ગ્રન્થમાલા–૧૦, કલકત્તા, ઈ.સ. ૧૯૫૩.

☐ **ऐतेरेय ब्राह्मण का एक अध्ययन;** ले० श्री नाथूलाल पाठक, राजस्थान विश्वविद्यालय, जयपुर, (प्रका० रोशनलाल जैन एण्ड सन्स, जयपुर, १९६६).

☐ **वैदिक इन्डेक्स;** (भाग–१, २); मेकडोनल, एवं एबी. कीथ, अनु० रामकुमार राय, चौखम्बा विद्याभवन, वाराणसी, १९६२.

☐ **वैदिक वाङ्मय का इतिहास,** मूल लेखक – सी. वी. वैद्य, अनु० बिपिनकुमार, परिमल पब्लि० दिल्ली, २००४.

☐ **वैदिक–व्याकरण;** आर्थर एन्थोनी मेकडोनल, (१९१६) अनुवादक : डो. सत्यव्रत शास्त्री, प्रका० मोतीलाल बनारसीदास, दिल्री, पुनर्मुद्रण : १९९४.

☐ **वैदिक साहित्य एवं संस्कृति,** डो. कपिलदेव द्विवेदी, विश्वविद्यालय प्रकाशन, वाराणसी, २०००.

☐ **Ancient Sanskrit Literature,** by Max Muller.

☐ **A History of Indian Literature,** by Moris Winternitz, Calcutta, 1927.

☐ **Aśvina in the Ṛgveda & other Indological Essays;** by G. C. Jhala, Pub. Munshiram Mahoharlal Publishers, Pvt. Ltd. Delhi, 1978.

☐ **Exercises in Indology** by R. N. Dandekar, Pub. Ajanta Publication, Delhi, 1981.

☐ **Hymns from the Ṛigveda;** Ed. Peter Peterson, Bombay, 1924.

☐ **Hymns of the Ṛgveda;** Translation in English by R. T. H. Griffith, Chaukhamba Publication, Varanasi, 19.

- **Indus People and Indus Religion,** by N. M. Chaudhuri S.
- **Mohen–jo–daro and the Indus Civilization,** by **Marshall.**
- **Ṛgveda, Mandala VII;** Bharatiya Vidya Bhavam by Prof. H. D. Velankar, Bombay, 1963.
- **Śiva–His pre Aryan Origins;** by Gosh.
- **The Orion** (= मृगशीर्ष नक्षत्र); or The Antiquity of the Vedas; by B. G. Tilak, Pub. Mrs. Rādhabai A. Sagoon, Bombay, 1893.
- **Vedic Mythological Tracts;** by R. N. Dandekar Ajanta Publications, Delhi, 1979.
- **Vedic Mythology,** by A. A. Macdonell, (1897) Manshiram Manoharlal, Pub. Pvt. Ltd. Delhi, 2000.
- **Vedic Themes,** by G. K. Bhat, Pub. Ajanta Publications, Delhi, 1978.
- **Vṛtrahā Indra;** by R. N. Dandekar, Pub. The Annals of BORI, (Vol. 31) Poona, 1951.
- અથર્વવેદનો સુબોધ અનુવાદ, (ભાગ–૨); “માતૃભૂમિ અને સ્વરાજ્ય શાસન”, લેખક : શ્રીપાદ દામોદર સાતવલેકર, પારડી સ્વાધ્યાય મંડળ, પારડી, જિ. વલસાડ.
- ઋગ્વેદમાં વસિષ્ઠ ઋષિનું દર્શન; ડૉ. ડોલરરાય માંકડ, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૬૪.
- નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ; ડૉ. શિવલાલ જેસલપુરા, સાહિત્ય સંશોધન પ્રકાશન, અમદાવાદ–૧૯૮૧.
- વાસુદેવ પરક.વૈદિક દેવતાસૃષ્ટિ : શ્રીમદ્‌ભાગવતના પરિપ્રેક્ષ્યમાં; વસન્તકુમાર મ. ભટ્ટ, સ્વાધ્યાય (૩૬ : ૧–૨) મ. સ. યુનિ. વડોદરા, જૂન–૨૦૦૧.
- શ્રીમદ્‌ભગવદ્‌ગીતા રહસ્ય અથવા કર્મયોગશાસ્ત્ર, કર્તા : શ્રી બાળગંગાધર ટિળક, અનુ. ઉત્તમલાલ કે. ત્રિવેદી, પ્રકા. લો. ટિળખ મંડળ, ગાયકવાડા, પૂના–૨, ૧૯૫૬.

* * *

વૈદિકસૂક્ત સંગ્રહ

૧. 'વેદ'નો શબ્દાર્થ

વેદ શબ્દનો અર્થ 'જ્ઞાન'-પરમ જ્ઞાન - થાય છે. સંસ્કૃત ભાષાના 'જાણવું' અર્થવાળા √ **विद् ज्ञाने** ધાતુમાંથી આ 'વેદ' શબ્દને વ્યુત્પન્ન કરવામાં આવે છે.[1] હવે જો 'વેદ' શબ્દનો અર્થ જ્ઞાન થતો હોય તો તે શેનું જ્ઞાન આપે છે ? એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. તો અખિલ બ્રહ્માણ્ડ, તેના રહસ્યો, તેના નિયન્તા દેવો-એ બધું જ જ્ઞેય છે. તથા આ સકળ જ્ઞાનનો જ્ઞાતા રૂપ આત્મા પણ (વેદ)જ્ઞાનનો વિષય બને છે. (વેદના અન્તભાગે આવેલા ઉપનિષદોમાંથી જ્ઞાતા સ્વરૂપ આત્મતત્ત્વ વિષે પણ જાણવા મળે છે.) આથી, ટૂંકમાં કહી શકાય કે વેદ એટલે પરમજ્ઞાન.

અહીં ઋષિ શબ્દનો અર્થ "(મન્ત્રને) જોનાર" એવો થાય છે તે પણ ધ્યાનમાં લેવા જેવું છે. કેમ કે યાસ્કે **ऋषिर्दर्शनात्** । એવી વ્યુત્પત્તિ આપી છે. ઋષિઓએ પોતાની અન્તઃસ્ફુરણાથી જે મન્ત્રો જોયા, તેને વેદ કહે છે. ઈન્ડો-યુરોપીય ભાષાકુળની દૃષ્ટિએ આ 'વેદ' શબ્દનો, લેટિન ભાષાના video (= see) શબ્દની સાથે સંબંધ છે. આમ 'વેદ' એટલે "જોયેલું જ્ઞાન" કે "જોયેલાં મન્ત્રો" એવો પણ થાય છે. આથી વેદોને "ઋષિઓનું દર્શન" (the object of immediate vision and not of mediate knowledge) પણ કહેવાય છે. ઋષિઓના આ 'દર્શન'માં (૧) વિવિધ દેવોની સ્તુતિઓ, (૨) સૃષ્ટિ વિષયક વિજ્ઞાન તથા (૩) બ્રહ્મતત્ત્વ વિષયક ફિલસુફી-એ બધાનો સમાવેશ થઈ જાય છે. આમ 'વેદ' શબ્દનો બહુવ્યાપક અર્થ થાય છે. સાયણાચાર્ય કહે છે કે આપણે પ્રત્યક્ષ કે અનુમાન પ્રમાણથી જે ઉપાયને જાણી શકતા નથી, તેને 'વેદ'થી જાણી શકાય છે.[2] વળી એમ પણ કહેવાયું છે કે- **विद्यन्ते ज्ञायन्ते लभ्यन्ते वा एभिर्धर्मादिपुरुषार्थाः इति वेदाः** । 'જેનાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થો જાણી શકાય છે અથવા મેળવી શકાય છે તે વેદ છે.' આ જ પ્રમાણે સ્વામી દયાનન્દ સરસ્વતીએ પણ √ **विद् ज्ञाने** (૨ જો ગણ), -**विद् सत्तायाम्** (૪થો ગણ), √ **विद् लाभे** (૬ઠ્ઠો ગણ) અને √ **विद् विचारणे** (૭મો

---

[1] √ विद् ज्ञाने (૨જો ગણ, પરસ્મૈપ્રદ) वेत्ति येन स वेदः । 'જેનાથી (ઈશ્વરીય જ્ઞાન) જાણી શકાય છે' તે વેદ. અહીં -√ विद् ધાતુને 'કરણ' અર્થમાં घञ् પ્રત્યય લગાડવામાં આવ્યો છે.

[2] प्रत्यक्षेणानुमित्या वा यस्तूपायो न बुध्यते ।
एतं विदन्ति वेदेन तस्माद् वेदस्य वेदता ॥

ગણ)-એવા જુદા જુદા ચાર ગણના **विद्** ધાતુમાંથી આ **वेद** શબ્દ બન્યો છે એમ માનીને 'વેદ'નો શબ્દાર્થ સમજાવતાં તેમની 'ઋગ્વેદભાષ્ય ભૂમિકા'માં લખ્યું છે કે - **विदन्ति जानन्ति, विद्यन्ते भवन्ति, विन्दन्ति अथवा विन्दन्ते लभन्ते, विन्दन्ति विचारयन्ति सर्वे मनुष्याः सर्वाः सत्यविद्या यैः, येषु वा तथा विद्वांसश्च भवन्ति ते वेदाः ।।** અર્થાત્ ''જેનાથી સૌ મનુષ્યો સઘળી સત્યવિદ્યાઓને જાણે છે, અથવા જે (વેદો)માં સઘળી સત્યવિદ્યાઓ રહેલી છે, અથવા જેનાથી સઘળી સત્ય વિદ્યાઓ મેળવી શકાય છે, અથવા જે (વેદો)થી સઘળી સત્યવિદ્યાઓ વિચારીને બધા માણસો વિદ્વાનો થાય છે તેને 'વેદ' કહેવાય છે.''

ટૂંકમાં, 'વેદ' એટલે પરમજ્ઞાન, આધ્યાત્મિક જ્ઞાન એમ સમજાય છે. વળી, 'વેદ' શબ્દ ''વેદ-સાહિત્ય'', કે જેમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદનો મુખ્યત્વે સમાવેશ થાય છે-તેનો પણ વાચક છે. આમ 'વેદ' શબ્દ રૂઢિથી ઈશ્વરીય જ્ઞાનને માટે તથા હિન્દુઓના ધાર્મિક આર્ષ સાહિત્યને માટે વપરાય છે.

૨. 'વેદ' શબ્દના પર્યાયો

'વેદ'ને માટે અન્ય નામાન્તરો, જેવાં કે **आम्नाय, निगम, छन्दस्** અને **श्रुति**-નો પણ પ્રયોગ થાય છે. ભારતનાં આસ્તિક દર્શનો અને વિવિધ શાસ્ત્રોનો મૂળસ્રોત વેદમાં રહેલો છે એવી માન્યતા હોવાને કારણે વેદોને 'આમ્નાય' કે 'નિગમ' કહેવામાં આવ્યા છે. વેદને માટે શ્રુતિ' (= સાંભળેલું જ્ઞાન) એવો શબ્દ પણ વપરાય છે. 'શ્રુતિ' એટલે અનાદિકાળથી પ્રવર્તિ રહેલું અનન્તનું સંગીત. વેદકાળના ઋષિઓએ આ ગાન સાંભળ્યું હતું. શ્રીરાધાકૃષ્ણને પણ વેદને "the rhythm of the infinite heard by the soul" કહેલ છે.[૧] તથા ગુરુ-શિષ્ય પરંપરામાં અને/અથવા પિતા-પુત્રોની વંશપરંપરામાં ઈશ્વરીય જ્ઞાનના ભંડાર સમા વેદોને-વેદમન્ત્રોને કેવળ સાંભળીને અર્થાત્ શ્રુતપરંપરાથી કંઠસ્થ કરીને સાચવવામાં આવ્યા/આવતા હોઈને, તેમને ''શ્રુતિ'' (ગ્રન્થો) પણ કહેવામાં આવે છે. વળી ભારતીય માન્યતા મુજબ ઋષિઓને યજ્ઞક્રિયા દરમ્યાન આ ઈશ્વરીય જ્ઞાનનું–વેદમન્ત્રોનું–દર્શન થયું હોઈને વેદોને 'આર્ષ–સાહિત્ય' પણ કહેવામાં આવે છે. એ જ પ્રમાણે, આ વેદના મન્ત્રોની રચના મુખ્યત્વે છન્દોબદ્ધ થયેલી જોવા મળે છે. આથી વેદોને માટે 'છન્દસ્' એવા શબ્દનો પણ પ્રયોગ થાય છે.

શ્રી માધવાચાર્યે ''ન્યાયવિસ્તાર'' ગ્રન્થમાં લખ્યું છે કે- **सोऽयं गद्यपद्यगानलक्षणतया त्रयीसंज्ञितो वेदः, ऋग्यजुः सामाथर्वेति । चतुःसंहितासु**

---

[૧] Indian Philosophy, part I; p. 128.

विभक्तो विषयभेदात् ॥ આ ચારેય-ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ-'વેદ'ને ''ત્રયી'' પણ કહેવામાં આવે છે. કારણ કે તેમાં ગદ્યાત્મક, પદ્યાત્મક અને ગાનાત્મક (એવા ત્રણ પ્રકારના) મન્ત્રો આવેલા છે. બીજા શબ્દોમાં કહીએ તો પદ્યાત્મક મન્ત્રોને 'ઋક્' કહેવાય છે. ગેય = ગાનાત્મક મન્ત્રોને 'સામ' કહેવાય છે તથા ગદ્યાત્મક મન્ત્રોને 'યજુસ્ કહેવાય છે. આમ ચારેય વેદોનાં મન્ત્રો આ ત્રણ પ્રકારના હોઈને, તે ચારેય વેદોને માટે 'વેદત્રયી' કે 'ત્રયી વિદ્યા' એવા શબ્દો પણ વપરાય છે. (કેટલાક વિદ્વાનોએ એવો મત ઉચ્ચાર્યો છે કે ''મૂળમાં તો ત્રણ વેદો જ હતા : ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ. આ ત્રણ વેદોને જ 'વેદત્રયી' કહેવામાં આવે છે તથા ચોથો વેદ-અથર્વવેદ તો પાછળથી રચાયો છે.'' પરંતુ ઉપર્યુક્ત માધવાચાર્યનો મત જાણ્યા પછી આ આધુનિક વિદ્વાનોનો મત ચિન્ત્ય બને છે.)

૩. વેદોનું મહત્ત્વ

વેદોનો મહિમા અનંત છે. અગાઉ જણાવ્યું છે તેમ વેદ એટલે જ 'પરમ જ્ઞાન', તથા ભારતીય માન્યતા મુજબ મનુષ્ય જીવનમાં ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો મેળવવા માટે વેદો જ ઉપાયરૂપ છે. વળી, પ્રાચીન ભારતના, તેમ જ ભારોપીય (Indo-European) સાહિત્યના જૂનામાં જૂના સ્મારક તરીકે વિશ્વના સાહિત્યમાં વેદનું સ્થાન મહત્ત્વનું છે. મેક્સમ્યૂલર જણાવે છે તેમ- ''જ્યાં સુધી માણસ પોતાના વંશના ઈતિહાસમાં રસ લેવાનું ચાલુ રાખશે અને જ્યાં સુધી આપણે ગ્રન્થાલયો અને સંગ્રહાલયોમાં પ્રાચીન જમાનાઓના અવશેષોનો સંગ્રહ કરતા રહીશું ત્યાં સુધી આર્યજાતિના માનવોના સ્મરણ લેખો ધરાવતા પુસ્તકોની હારમાળામાં પ્રથમ સ્થાન ઋગ્વેદનું જ રહેશે.''[૧] પ્રાચીન ભારતીય આર્ય પ્રજાના જીવન, તત્ત્વજ્ઞાન, ધર્મ, સંસ્કૃતિ, પુરુષાર્થો અને ઈતિહાસની વિગતોથી ભરેલા વેદોને તો જગતનું સૌથી જૂનું ઉપલબ્ધ સાહિત્ય ગણવામાં આવે છે. વેદોને માટે 'The oldest literary monument of the world' એમ પણ કહેવાયું છે.

---

૨. As long as man continues to take an interest in the history of his race and as long as we collect in libraries and museums the relics of former ages, the first place in that long row of books which contains the records of the Aryan branch of mankind, will belong for ever to the Rigveda.

– Max Muller, Ancient Sanskrit Literature, p. 36.

રૂઢિથી 'વેદ' શબ્દ એક અસાધારણ જ્ઞાન અથવા ગૌરવનો પણ વાચક બન્યો છે. પરિણામે સમાજના અમુક વર્ગના લોકોને માટે જ્ઞાનના કે મનોરંજનના ઉપાય તરીકે 'નાટકની અને નાટ્યશાસ્ત્ર'ની રચના કરવામાં આવી ત્યારે તેને પાંચમો ''નાટ્યવેદ'' કહેવાયો.[1] તે જ પ્રમાણે વૈશ્વિક જ્ઞાનની ખાણ સમા મહાભારત જેવા ઇતિહાસગ્રન્થને માટે પણ 'ભારતવેદ' શબ્દ વપરાય છે તથા ધન્વન્તરીના ઔષધિજ્ઞાનને માટે પણ **आयुर्वेद** શબ્દ વપરાય છે.

૪. વેદોનું અપૌરુષેયત્વ

ઋગ્વેદાદિ ચારેય વેદોની રચના કોઈ વ્યક્તિવિશેષે કે ઋષિઓએ કરી નથી. જેવી રીતે 'રામાયણ' ની રચના આદિકવિ વાલ્મીકિએ કરી, 'મહાભારત'ની રચના મહર્ષિ વ્યાસે કરી કે 'શાકુન્તલ' જેવા વિશ્વવિખ્યાત નાટકની રચના મહાકવિ કાલિદાસે કરી છે તેવી રીતે વેદોની રચના કોઈ માણસે કરી નથી. ભારતીય માન્યતા મુજબ-''જેવી રીતે ઈશ્વર પોતે અનાદિ, અનન્ત અને અવિનાશી છે તેવી રીતે તે ઈશ્વરીય જ્ઞાન સમા વેદો પણ અનાદિ, અનન્ત અને અવિનાશી છે. સૃષ્ટિની રચના થવાની સાથે જ ઈશ્વરે આ પરમ જ્ઞાન (= વેદો) ઋષિઓના હૃદયમાં પ્રકાશિત કર્યું છે.'' આ અર્થમાં વસિષ્ઠાદિ ઋષિઓ વેદોના રચયિતા કે કર્તા નથી, પણ દ્રષ્ટા છે. આમ યજ્ઞક્રિયાઓ દરમ્યાન ઋષિઓને વેદમન્ત્રોનું **दर्शन** થયું હતું, આથી ઋષિઓને ''દ્રષ્ટા'' કહેવાય છે, અને આ અર્થમાં જ વેદો **अपौरुषेय** (જે કોઈ પુરુષની રચના નથી) કહેવાય છે.

સૃષ્ટિના આરંભે ઋષિઓના હૃદયમાં પ્રકાશિત થયેલું આ જ્ઞાન સૃષ્ટિના પ્રલય સમયે વળી પાછું ઈશ્વરમાં જ લીન થઈ જાય છે. આ જ વિચારને બૃહદારણ્યક ઉપનિષદ્‌માં બીજા શબ્દોમાં મૂકવામાં આવ્યો છે. જેમ કે, (વેદોની રચના કોઈ વ્યક્તિએ કરી નથી, પણ) વેદો, ઈતિહાસ, પુરાણ, ઉપનિષદો વગેરે તો ઈશ્વરનો ઉચ્છ્વાસ (**निःश्वसित**) છે.[2]

---

[1] भवद्भिः शुचिभिर्भूत्वा तथाऽवहितमानसैः । श्रूयतां नाट्यवेदस्य संभवो ब्रह्मनिर्मितः । महेन्द्रप्रमुखैर्देवैरुक्तः किल पितामहः । क्रीडनीयकमिच्छामो दृश्यं श्रव्यं च यद्भवेत् ॥ न वेदव्यवहारोऽयं संश्राव्यः शूद्रजातिषु । तस्मात्सृजापरं वेदं पञ्चमं सार्ववर्णिकम् ॥ — नाट्यशास्त्र, અધ્યાય ૧ (૭-૧૨)

[2] अस्य महतो भूतस्य निःश्वसितम् एतद् यद् ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वाङ्गिरस इतिहासः पुराणं विद्या उपनिषदः श्लोकाः सूत्राण्यनुख्यानानि व्याख्यानानि ॥
— बृहदारण्यकोपनिषद् (૪-૫-૧૦)

'વેદો એ ઈશ્વરીય જ્ઞાન છે' એવું વેદોમાં જ કહ્યું છે. જેમ કે,

तस्मा॑द्य॒ज्ञात् स॑र्व॒हुत ऋच॒ः सामा॑नि जज्ञिरे ।
छन्दा॑सि जज्ञिरे॒ तस्मा॒द्यजु॒ स्तस्मा॑द जायत ॥ ऋ.१०-९०-९

(અનુવાદ) ''બધું હોમી દેનાર તે યજ્ઞ (હવિ)માંથી ઋચાઓ અને સામ ઉત્પન્ન થયાં, અને તે (યજ્ઞ)માંથી યજુસ્ ઉત્પન્ન થયું.''

આ જ પ્રમાણે, વેદોત્તર સાહિત્યમાં પણ કહેવાયું છે કે વેદો અપૌરુષેય, નિત્ય અને ઈશ્વરકૃત છે. તૈત્તિરીય આરણ્યકના ભાષ્યમાં સાયણે લખ્યું છે કે -

यद्यप्यपौरुषेये वेदे कर्तारो न भवन्ति, कल्पादौ ईश्वरानुग्रहेण मन्त्राणां लब्धारो मन्त्रकृदित्युच्यन्ते । (तै० आ० सा० भा० ४-१-१) ''જો કે અપૌરુષેય વેદોના કોઈ કર્તા (રચયિતા) હોતા નથી, પણ કલ્પ(સૃષ્ટિ)ના આરંભે ઈશ્વરની કૃપાથી જેમને તે મન્ત્રો મળે છે (જે ઋષિઓને મન્ત્રોનું દર્શન થાય છે) તેમને (તે ઋષિઓને) 'મન્ત્રકૃત્' કહેવામાં આવે છે.'' નિરુક્તકાર યાસ્કે પણ લખ્યું છે કે **ऋषयो मन्त्रद्रष्टारः ।** ''ઋષિઓ તો મન્ત્રોના દર્શન કરનાર છે.''

* * *

વેદો અપૌરુષેય છે-વેદો કોઈ મનુષ્યની કૃતિ નથી. એમ કહીએ છીએ ત્યારે પાશ્ચાત્ય અભ્યાસીઓના એક મતનો પણ વિચાર કરવો જોઈએ. જેમ કે, ઋગ્વેદ અને અન્ય વૈદિક સાહિત્યમાં વસિષ્ઠ, વિશ્વામિત્ર, કણ્વ વગેરે અનેક ઋષિઓના વંશોનું કથાનક મળી આવે છે તથા દુષ્યન્ત, ભરત, જનમેજય વગેરે રાજાઓના વંશનું વર્ણન જોવા મળે છે. વળી ગંગા, સિન્ધુ, કુભા, અસિકની, શુતુદ્રી, વિપાટ્ વગેરે પ્રાચીન ભારતની નદીઓનો ઉલ્લેખ મળે છે, અને મિથિલા, વિદેહ, કુરુ, કોસલ વગેરે નગરોનો નામોલ્લેખ પણ મળે છે. એ જ પ્રમાણે વેદોમાં કેટલાંક આખ્યાનો, કથાનકો અને સંવાદસૂક્તો (મન્ત્રસમૂહો) આવેલા છે. જેમ કે, પુરૂરવા-ઉર્વશીનો સંવાદ, વિશ્વામિત્ર ઋષિ અને નદીઓનો સંવાદ, યમ-યમીનો સંવાદ; સરમા-પણિ, સુદાસ-વિશ્વામિત્ર, ઈન્દ્ર-અહલ્યા, ઈન્દ્ર-વૃત્ર, દાશરાજ્ઞ યુદ્ધના કથાનકો, તથા જુગારીની એકોક્તિઓ આવેલી છે. વેદમન્ત્રોમાં આ બધા વર્ણનો વાંચીને કેટલાક પાશ્ચાત્ય યુરોપીય વિદ્વાનોનું એવું માનવું છે કે વેદોમાં કોઈક ઐતિહાસિક ઘટનાઓનું આલેખન છે. સંભવતઃ સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓ વચ્ચે યુદ્ધ થયું હશે અથવા આર્યો અને અનાર્યો વચ્ચે યુદ્ધ થયું હશે. ઈન્દ્રદેવતા એ આર્યોનો નેતા હશે અને તેણે નગરો, કિલ્લાઓ તોડીને, અશ્વારૂઢ થઈને અતિ પ્રાચીન સમયમાં ભારતમાં પ્રવેશ કર્યો હશે ! આમ વેદમાં જો કોઈ ઐતિહાસિક ઘટનાઓ વર્ણવાઈ હોય તો ત વેદો **अनादि** છે એમ ન કહી શકાય. આવી નિશ્ચિત સમયમર્યાદામાં

થયેલી ઘટનાનું વર્ણન કોઈક ઋષિમુનિએ-મનુષ્યે-જ કર્યું હોય તો ઋષિઓને મન્ત્રોના દ્રષ્ટા નહિ, પણ કર્તા = રચયિતા કહેવાય. આમ પાશ્ચાત્યોના મતે વેદો અનાદિ નહિ પણ સ-આદિ (સાદિ) પૂરવાર થાય છે.

પરંતુ ભારતીય પરંપરા 'વેદોમાં કોઈ ઈતિહાસ' હોવાનું સ્વીકારતી નથી. આપણા મતે તો વેદોમાં જે નદી, નગર, વ્યક્તિ, ઋષિનાં નામો, યુદ્ધાદિનાં વર્ણનો છે તે વ્યક્તિપરક નથી; પણ તત્ત્વજ્ઞાનથી ભરેલાં છે. તેનો કોઈ ગૂઢ આશય છે. વેદોના પ્રાચીનતમ ટીકાકાર સ્કંદસ્વામી લખે છે કે-

औपचारिकोऽयं मन्त्रेष्वाख्यानसमयः ।
परमार्थे तु नित्यपक्ष एव इति सिद्धम् ॥

મન્ત્રોમાં કોઈ ઐતિહાસિક ઘટનાઓનું વર્ણન છે.-એમ તો ઔપચારિક રીતે (ઉપલક દૃષ્ટિએ જ) કહી શકાય. પરમાર્થ દૃષ્ટિએ તો વેદોમાં નિત્યપક્ષ જ ઘટે છે. દયાનન્દ સરસ્વતીએ પણ વેદોને નિત્ય જ માન્યા છે અને પાશ્ચાત્યોના મતનું ખંડન કર્યું છે. યાસ્કના સમય (ઈ.સ. પૂર્વે ૬૦૦)માં પણ વેદોમાં ઈન્દ્ર અને વૃત્ર વચ્ચેના યુદ્ધનું વર્ણન વાંચીને કેટલાક ઐતિહાસિકોએ તે વેદમન્ત્રોનું એવું જ અર્થઘટન કરેલું કે અહીં ઈન્દ્રદેવતા અને વૃત્ર નામના રાક્ષસનું ઐતિહાસિક યુદ્ધ વર્ણવાયું છે. પરંતુ યાસ્ક જેવા નિરુક્તકારે આવા ઈતિહાસપરક અર્થઘટનનો વિરોધ કરીને જણાવેલું કે આવાં વર્ણનોમાં "પ્રાકૃતિક ઘટનાનું રૂપકાત્મક વર્ણન છે" એમ સમજવું જોઈએ. જેમ કે, ઈન્દ્ર તે વાવાઝોડું અને વીજળીના કડાકાનું પ્રતીક છે અને જે વૃત્રાસુર હણાય છે તે વાદળમાંથી વરસતા વરસાદનું પ્રતીક છે. આમ નિરુક્તકાર યાસ્ક પણ વેદમાં આર્યોના નેતા રૂપ ઈન્દ્ર જેવી કોઈ ઐતિહાસિક વ્યક્તિનું વર્ણન હોય તેમ માનતા નથી. ભારતીય પરંપરા અનુસાર તો વેદોમાંથી ત્રણ પ્રકારના અર્થો જ કાઢી શકાય છે : ૧. આધ્યાત્મિક ૨. આધિદૈવિક અને ૩. આધિભૌતિક. (આવાં અર્થઘટનોનો સોદાહરણ પરિચય આગળ ઉપર આપવામાં આવશે.) વેદને અ-પૌરુષેય કહીએ છીએ તેનાથી એનું એક વિશિષ્ટ મહત્ત્વ પણ સિદ્ધ થાય છે, જેમ કે, વેદ એ કોઈ માણસની રચના નથી, તેથી જ તેમાં શાશ્વત્ અને પૂર્ણ એવું સત્ય પ્રગટ્યું છે એમ કહેવાઈ જાય છે ! કેમ કે જો એ કોઈ માણસની રચના હોય તો તેમાં કોઈ દોષ કે અપૂર્ણતા હોવાની સંભાવના રહે છે. આથી વેદો તો જીવનમાં કોઈ પણ જ્ઞાન મેળવવા માટેનું સર્વોચ્ચ અધિકૃત પ્રમાણ બની રહે છે; અને તેથી ભારતીય સંસ્કૃતિમાં 'વેદપ્રામાણ્ય'નો ખ્યાલ વિકસ્યો છે. ન્યાયશાસ્ત્રે જે ત્રણ પ્રમાણો – (૧) પ્રત્યક્ષ, (૨) અનુમાન અને (૩) શબ્દ (= રાગદ્વેષથી મુક્ત એવા આપ્ત

વ્યક્તિનું = ઋષિનું વાક્ય) – ગણાવ્યાં છે; તેમાંથી 'શબ્દપ્રમાણ' એટલે વેદપ્રમાણ એમ સમજવામાં આવે છે. બ્રાહ્મણસંસ્કૃતિમાં આ વેદપ્રામાણ્યનો મહિમા અદ્વિતીય છે. વેદપ્રમાણમાં વિશ્વાસ રાખનારા જ 'આસ્તિક' ગણાય છે.

૫. વૈદિક સાહિત્યની કૃતિઓ

'વેદ' શબ્દથી ૧. ઋગ્વેદ, ૨. યજુર્વેદ, ૩. સામવેદ અને ૪. અથર્વવેદ- એ ચારેય વેદોનું ગ્રહણ થાય છે. [વળી, 'વેદ' શબ્દથી આ દરેક વેદના મૂળ મન્ત્રો (= સંહિતા-ભાગ), બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદો સુધીના ભાગનું ગ્રહણ થાય છે. એ પણ સૌથી પહેલાં સ્પષ્ટ સમજી લેવું જોઈએ.] તથા 'વૈદિક સાહિત્ય' તરીકે, આ ચારેય વેદો ઉપરાંત, (क) તે વેદોને સમજવા ઉપયોગી એવાં છ વેદાંગો (૧. શિક્ષા, ૨. કલ્પ, ૩. જ્યોતિષ, ૪. છન્દસ્, ૫. વ્યાકરણ અને ૬. નિરુક્ત); (ख) પ્રાતિશાખ્યો, (ग) બૃહદ્દેવતા અને (घ) અનુક્રમણિકાદિ ગ્રન્થોની ગણના થાય છે.

પ્રાચીન ગ્રન્થોનો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે પ્રત્યેક વેદની અનેક શાખાઓ પણ હતી. જેમ કે, "વ્યાકરણ-મહાભાષ્ય"માં પતંજલિએ લખ્યું છે કે- .....चत्वारो वेदाः साङ्गाः सरहस्या बहुधा भिन्ना एकशतमध्वर्युशाखाः, सहस्त्रवर्त्मा सामवेदः, एकविंशतिधा बाह्वृच्यं, नवधाथर्वणो वेद... (पस्पशाह्निकम् ।) "ષડ્વેદાંગો અને રહસ્ય (= ઉપનિષદ્ સહિતનાં) ચાર વેદો અનેક રીતે જુદી જુદી શાખાઓમાં વિભક્ત થયેલા જોવા મળે છે. જેમ કે, યજુર્વેદની એકસો શાખાઓ છે; સામવેદની એક હજાર શાખાઓ છે. બાહ્વૃચ્ય (= ઋગ્વેદ)ની એકવીસ શાખાઓ છે; તથા અથર્વવેદની નવ શાખાઓ છે."

વિદ્વાનોના મંતવ્ય મુજબ, આમ ચારેય વેદોની અનેકાનેક શાખાઓ હતી; અને તે પ્રત્યેક શાખાનાં પોતપોતાના બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ્ અને કલ્પસૂત્રો વગેરે હતાં. તેમાંથી ઘણું બધું સાહિત્ય આજે લુપ્ત થયેલું છે. પણ જેટલું વૈદિક સાહિત્ય આજે ઉપલબ્ધ થાય છે તે નીચે મુજબ છે :

(क) ઋગ્વેદ સંબંધિત સાહિત્ય :

(૧) ઋગ્વેદની શાખાઓમાંથી-શાકલસંહિતા
(૨) બ્રાહ્મણ-કૌષીતકિ અને ઐતરેય
(૩) આરણ્યક-કૌષીતકિ અને ઐતરેય
(૪) ઉપનિષદ્-કૌષીતકિ અને ઐતરેય

(૫) કલ્પ - ૧. શ્રૌતસૂત્ર-શાંખાયન અને આશ્વલાયન
  ૨. ગૃહ્યસૂત્ર-શાંખાયન, આશ્વલાયન અને શામ્બવ્ય
  ૩. ધર્મસૂત્ર-વસિષ્ઠ

(૬) પ્રાતિશાખ્ય-શૌનકકૃત ઋક્પ્રાતિશાખ્ય (= ઋગ્વેદ પ્રાતિશાખ્ય)

(૭) અનુક્રમણી-અર્ષાનુક્રમણી, છન્દોનુક્રમણી, દેવતાનુક્રમણી, અનુવાકાનુક્રમણી, સૂકતાનુક્રમણી, ઋગ્વિધાન, પાદવિધાન, બૃહદ્દેવતા, ઋક્સર્વાનુક્રમણી અને માધવીયાનુક્રમણી.

(ख) યજુર્વેદ સમ્બન્ધિત સાહિત્ય :

(अ) શુક્લ યુજુર્વેદ,
(ब) કૃષ્ણ યજુર્વેદ.

(अ) શુક્લ યજુર્વેદની -
  (૧) શાખાઓ-વાજસનેયિ અથવા
    માધ્યન્દિન
    અને કાણ્વ.
  (૨) બ્રાહ્મણ-શતપથ
  (૩) આરણ્યક-બૃહદારણ્યક, તવલકાર અથવા જૈમિનીયોપનિષદ્
  (૪) ઉપનિષદ્-બૃહદારણ્યકોપનિષદ્ અને ઈશાંવાસ્યોપનિષદ્
  (૫) કલ્પ- (क) શ્રૌતસૂત્ર-કાત્યાયન
    (ख) ગૃહ્યસૂત્ર-પારસ્કર
  (૬) પ્રાતિશાખ્ય-શુક્લ યજુર્વેદ પ્રાતિશાખ્ય
  (૭) અનુક્રમણી-શુક્લ યજુર્વેદ સર્વાનુક્રમ, નિગમપરિશિષ્ટ, યજુર્વિધાન

(ब) કૃષ્ણ યજુર્વેદની-
  (૧) શાખાઓ-તૈત્તિરીય, મૈત્રાયણી, કઠ
  (૨) બ્રાહ્મણ તૈત્તિરીય
  (૩) આરણ્યક-તૈત્તિરીય, મૈત્રાયણી
  (૪) ઉપનિષદ્-તૈત્તિરીય, મૈત્રાયણી, કઠ, શ્વેતાશ્વતર
  (૫) કલ્પ- (क) શ્રૌતસૂત્રા-બોધાયન, આપસ્તમ્બ હિરણ્યકેશી, વૈખાનસ ભારદ્વાજ, માનવ

(ख) ગૃહ્યસૂત્રો-(બોધાયન વગેરે પાંચ) અને કાઠક.

(ग) ધર્મસૂત્રો-બોધાયન, આપસ્તમ્બ અને હિરણ્યકેશી

(૬) પ્રાતિશાખ્ય-તૈત્તિરીય પ્રાતિશાખ્ય

(૭) અનુક્રમણી-યાજુષ સર્વાનુક્રમણી, કાણ્ડાનુક્રમણી

(ग) **સામવેદ સમ્બન્ધિત સાહિત્ય :**

(૧) શાખાઓ-કૌથુમી, જૈમિનીય અને રાણાયણીય

(૨) બ્રાહ્મણ-તાણ્ડ્ય, (પંચવિંશ, ષડ્વિંશ, અદ્ભુત, મન્ત્ર, છાંદોગ્ય), આર્ષેય, વંશ સંહિતોપનિષદ્, જૈમિનીયોપનિષદ્, જૈમિનીય તવલકાર અને સામવિધાન

(૩) આરણ્યક-જૈમિનીયોપનિષદ્ અથવા તવલકાર

(૪) ઉપનિષદ્-છંદોગ્ય અને કેન

(૫) કલ્પ- (क) શ્રૌતસૂત્ર-મશક, લાટ્યાયન, દ્રાહ્યાયણ

(ख) ગૃહ્યસૂત્ર-ગોભિલ અને ખાદિર

(ग) ધર્મસૂત્ર-ગૌતમ

(૬) પ્રાતિશાખ્ય-સામપ્રાતિશાખ્ય

(૭) અનુક્રમણી-સામવિધાન

(घ) **અથર્વવેદ સંબંધિત સાહિત્ય :**

(૧) શાખાઓ-શૌનક, પૈપ્પલાદ

(૨) બ્રાહ્મણ-ગોપથ

(૩) ઉપનિષદ્-પ્રશ્ન, મણ્ડૂક, માણ્ડૂક્ય

(૪) કલ્પ- (क) શ્રૌતસૂત્ર-વૈતાન

(ख) ગૃહ્યસૂત્ર-કૌશિક

(૫) પ્રાતિશાખ્ય-અથર્વ પ્રાતિશાખ્ય

(૬) અનુક્રમણી-બૃહત્સર્વાનુક્રમણી, અથર્વવિધાન

૯. પ્રાચીન ભારતીય આર્યભાષા (વૈદિક સંસ્કૃત)નો પૂર્વ ઈતિહાસ

ઓગણીસમી સદીમાં ભૌગોલિક દષ્ટિએ તદન ભિન્ન જણાતી, યુરોપ અને એશિયા ખંડની ભાષાઓ, જેવી કે-ગ્રીક, લેટિન, જર્મન, સંસ્કૃત અને અવેસ્તાની ભાષામાં ઘણું બધું સામ્ય મળી આવતાં એવું અનુમાન કરવામાં આવ્યું કે આ બધી ભાષાઓ કોઈ એક જ કુળની ભાષાઓ છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ

બધી ભાષાઓની જનેતા સમી કોઈ એક, પ્રાગ્ ઐતિહાસિક કાળની **ઈન્ડો-યુરોપિયન** (અથવા **ભારોપીય**) ભાષાનું કલ્પન કરવામાં આવ્યું છે.

આ ઈન્ડો-યુરોપિયન ભાષા બોલતા માણસોનો સમૂહ આદિકાળમાં ક્યાં વસતો હતો, અને કાળક્રમે એ મનુષ્યોએ ક્યાંથી ક્યાં સ્થળાંતર કર્યું ? વગેરે મુદ્દાઓ આજે અનુમાનના અને કલ્પનાના વિષયો છે, એ વિષે ટૂંકમાં જોઈશું. ડૉ. પી. ડી. ગુણે મહાશયે તેમના An Introduction to the Comparative Philology નામના પુસ્તકમાં (પરિશિષ્ટ - પૃ. ૧૮ ઉપર) પૂર્વ યુરોપ અને પશ્ચિમ એશિયાનો એક નકશો આપ્યો છે. તેને આધાર રાખીને આ ચર્ચા કરી છે. યાકોબી, વિન્ટરનિત્ઝ અને હિલેબ્રાંટ જેવા જૂની પેઢીના વિદ્વાનોની એવી ધારણા હતી કે ભારતમાં જ વૈદિક ધર્મનો ઉદ્ગમ થયો હતો. તેઓ માનતા હતા કે ભારતમાંથી જ આ મનુષ્યજાતિ પશ્ચિમના દેશોમાં ગઈ છે. તેઓ પુરાવા રૂપે વૈદિક 'દ્રુહ્ય' જાતિએ સ્થળાંતર કર્યું હતું તેને ટાંકે છે. પરંતુ પાછળથી થયેલાં કેટલાંક સંશોધનોએ આ મતને ખોટો પુરવાર કર્યો છે. પરંપરા અને ઈતિહાસ એ બન્નેમાં "વૈદિક-આર્ય-જાતિ" એક પરદેશી જાતિ તરીકે જ પ્રસિદ્ધ છે. વૈદિક આર્યજાતિની એક પુરન્દર (ઈન્દ્ર) નામની દેવતા છે, એ શબ્દનો અર્થ થાય છે : 'કિલ્લા/નગરોને તોડનારો' આ શબ્દ જ સૂચવે છે કે આર્યો મૂળ ભારતના વતની ન હતા, પણ બહારથી આવીને વસ્યા છે.

લોકમાન્ય શ્રી બાલ ગંગાધર ટિળકના મતે આર્યો ઉત્તર ધ્રુવમાંથી મધ્ય એશિયામાં આવ્યા હતા. મધ્ય એશિયામાંથી જ આર્ય જાતિ બે મુખ્ય વર્ગોમાં વહેંચાઈ ગઈ હતી. એક વર્ગ યુરોપ તરફ ચાલી નીકળ્યો અને બીજો વર્ગ ઈરાન તથા ભારતની તરફ ચાલી નીકળ્યો. મેકસમ્યૂલર જેવા વિદ્વાનો મધ્ય એશિયાને આર્યોની આદિમ જન્મભૂમિ માને છે. શ્રોયેદરના મતે આર્યોની આદિમ જન્મભૂમિ વોલ્ગા નદીની આસપાસ હતી. ત્યાંથી જ તેઓ જુદી જુદી ટુકડીઓમાં અને જુદી જુદી દિશાઓમાં નીકળી ગયા હતા.

જગત્ની-એશિયા અને યુરોપની-કેટલીક ભાષાઓ, જેવી કે સંસ્કૃત, અવેસ્તા, ગ્રીક, લેટિન, લિથુઆનિયન વગેરેમાં પ્રારંભિક મનુપ્યજીવન અને માનવસમાજ સાથે સંકળાયેલા અમુક પદાર્થોનાં નામો લગભગ એકસરખાં મળતાં આવે છે. ધુમાડો, મધ, રુધિર, માંસ, માતા, પિતા, ભ્રાતા, દુહિતા, શ્વસુર વગેરે શબ્દો ઉપર્યુક્ત ભાષાઓમાં થોડાક ધ્વન્યાત્મક ફેરફારોને બાદ કરતાં એકસરખાં મળી આવે છે. આથી એવું અનુમાન કરવામાં આવે છે કે આ બધી ભાષાઓ બોલનારાઓના પૂર્વજો કોઈક સમયે સાથે રહેતા હશે. આ પૂર્વજો-આર્ય જાતિ-મૂળમાં કયા એક સ્થળે

સાથે નિવાસ કરતી હતી તે આજે વિવાદનો પ્રશ્ન છે. તથાપિ આ બધી એશિયા અને યુરોપની (ભારત-યુરોપીય) ભાષાઓ કોઈ એક સામાન્ય ભાષામાંથી ઊતરી આવી હશે એવી ધારણા કરવી તે તદ્દન બિનપાયાદાર નથી.

આધુનિક સંશોધનો અનુસાર પ્રાગ્ ઐતિહાસિક કાળની (ભારત-યુરોપીય) ભારોપીય પ્રજા કાસ્પીયન સમુદ્રની ઉત્તરે, યૂરાલ અને અલ્ટાઈક પ્રવતોની વચ્ચે અર્થાત્ ઉત્તરનાં કીર્ગીઝનાં મેદાનોમાં નિવાસ કરતી હતી. ભારોપીય ઈતિહાસમાં જે પશુવિશેષનું ખૂબ મહત્ત્વ છે તે અશ્વ, ઉત્પત્તિની દૃષ્ટિએ અલ્ટાઈક જ છે. પ્રાણિવિજ્ઞાનવિદ્ એમશ્લરનું માનવું છે કે ઉત્તરનાં કીર્ગીઝનાં મેદાનોમાં ગાય અને ઘોડાનું હોવું સુસંગત છે. (આરંભિક ભારોપીય બોલીઓમાં વાઘ, ઊંટ કે દીપડાઓના વાચક શબ્દો મળતા નથી. આનાથી આરબ દેશો કે સિન્ધના રણપ્રદેશો ભારોપીય પ્રજાનું મૂળ નિવાસસ્થાન ન હોઈ શકે એમ સૂચવાય છે.) મૂળ ભારોપીય ભાષા બોલનારાઓ યુરોપની વનસ્પતિઓથી પૂરેપૂરા અપરિચિત હતા તથા પ્રાચીનતમ ભારોપીય ભાષા બોલનારા આ લોકો પશ્ચિમમાં (યુરોપમાં) કે પૂર્વમાં ભારતમાં પ્રવેશતાં પહેલાં ખેતી કરતા નહોતા. આ આદિમ ભારોપીય પ્રજાનો મુખ્ય વ્યવસાય પશુઓનું પાલન હતો તથા તેઓ મધ્ય યુરોપએશિયાનાં ઘાસનાં મેદાનમાં પશુઓને ચરાવવાનું કામ કરતા હતા. કીર્ગીઝનાં મેદાનોને ભારોપીય પ્રજાનું મૂળ નિવાસસ્થાન માનનારાઓમાં સ્પેશ્ત (**Specht**) નું નામ મહત્ત્વનું છે. તેમણે વિવાહની રીતો, બીજી વિધિઓ, ધર્મ વગેરેનું સૂક્ષ્મ અધ્યયન કર્યું છે. આવા વિદ્વાનના નિષ્કર્ષોનું ખંડન સરળતાથી થઈ શકે એમ નથી.

સંસ્કૃતમાં वीर શબ્દ છે : આ જ શબ્દ લેટિનમાં उईर (**uir**), જર્મનમાં वेर (**wer**) અને જૂની આઈરીશ ભાષામાં फेर (**fer**) રૂપે મળે છે. આ સમાન રૂપોને આધારે ભાષાશાસ્ત્રીઓએ તે મૂળ આદિમ ભારત યુરોપીય ભાષા બોલનારી પ્રજાનું નામ वीरोस् ★ (**wiros**) હોવાનું કલ્પ્યું છે !

કીર્ગીઝનાં મેદાનોમાં નિવાસ કરતી આ આદિમ ભારોપીય પ્રજાના જુદા જુદા સમૂહોએ કેટલી વાર અને કઈ કઈ દિશામાં સ્થળાંતર કર્યું ? તે જાણવું પણ રસપ્રદ છે. (૧) ભારોપીય પ્રજાની પહેલી ટુકડીએ દક્ષિણ-પૂર્વના એટલે કે બલખ (**Balkh**) તરફ પહેલવહેલું સ્થળાંતર કર્યું. આ બલખનો પ્રદેશ હવા, પાણીની દૃષ્ટિએ કીર્ગીઝનાં મેદાનો કરતાં જુદો ન હતો. ભાષાશાસ્ત્રીય, પુરાતત્ત્વિક અને માનવશાસ્ત્રીય પ્રમાણોથી આ વાતની પુષ્ટિ થાય છે. આ મૂળ ભારતીય પ્રજાની પહેલી ટુકડી "આદિમ-આર્ય" તરીકે ઓળખાઈ.

ઉપર ઉલ્લેખાયેલ દક્ષિણપૂર્વનો **બલખનો પ્રદેશ જ ભારતીય આર્યોનો અધિકૃત પ્રદેશ છે. અહીં જ આદિમ વૈદિક મન્ત્રોની રચના પદપાઠ સ્વરૂપે થઈ હતી.** વૈદિક મન્ત્રોમાં અનેક સ્તરો જોવા મળે છે. પહેલા સ્તરના મન્ત્રોની ભાષા એક જીવન્ત ભાષા છે. બલખની આ ભાષા ૨૪૦૦ ઈ.સ. પૂર્વની જણાય છે. બીજા સ્તરના મન્ત્રો તે પુરોહિતોએ કરેલો સંહિતાપાઠ. **ભારતીય આર્યો બલખ છોડીને "પુરન્દર (ઈન્દ્ર)"ને પોતાનો નેતા બનાવીને જ્યારે પંજાબમાં પ્રવેશ્યા તે સમયે ઈ.સ. પૂર્વે ૧૯૦૦માં આ સંહિતાપાઠ તૈયાર થયેલો જણાય છે.** આ વખતે તે ભારતીય આર્યોને હડપ્પાની સંસ્કૃતિના લોકો જોડે અથડામણ થઈ હશે. ભારતીય આર્યોની ટુકડીનું પણ બે ભાગમાં વિભાજન થયું : એક આર્યો કે જેઓ ભારતમાં આવ્યા તે ઈન્દ્રના ઉપાસક હતા અને બીજાં આર્યો કે જે ઈરાનમાં જઈને રહ્યા તે વરુણના ઉપાસકો હતા. (૨) ભારોપીય પ્રજાની બીજી ટુકડી કીર્ગીઝનાં મેદાનોમાંથી નીકળી પશ્ચિમના દેશો તરફ આગળ વધી. આ બીજી ટુકડી "આદિમ-યુરોપિયન" તરીકે ઓળખાઈ. આ આદિમ યુરોપિયનો એવા દેશોમાં-ગ્રીસ, રોમ, જર્મની વગેરે-ગયા કે જ્યાંના હવા, પાણી મૂળ ભારોપીય-કીર્ગીઝનાં મેદાન-પ્રદેશોથી તદ્દન ભિન્ન હતા.

૭. વૈદિક સાહિત્યની કાલાનુક્રમણિકા

અગાઉ જણાવ્યું છે તેમ ભારતીય પરંપરામાં વેદોને અનાદિ, નિત્ય અને ઈશ્વરકૃત માનવામાં આવે છે. આથી "વેદોનો રચનાકાળ કયો હશે ?" એ પ્રશ્ન શ્રદ્ધાળુ ભારતીયોને માટે અપ્રસ્તુત છે. ભારતીયો તો માને છે કે સૃષ્ટિના આરંભમાં ઈશ્વરે જ વેદોનું જ્ઞાન અગ્નિ, વાયુ, સૂર્ય અને અંગિરાને આપ્યું હતું. આ ઈશ્વરીય જ્ઞાનનું = એટલે કે વેદમન્ત્રોનું ઋષિઓને (માનસ પ્રત્યક્ષ) દર્શન થયું હતું. આથી ઋષિઓને મન્ત્રોના 'દ્રષ્ટા' કહેવામાં આવ્યા છે. શ્રી દયાનન્દ સરસ્વતીએ મનુસ્મૃતિ વગેરેમાંથી પ્રમાણો એકઠાં કરીને એ બતાવ્યું છે કે વર્તમાન સૃષ્ટિનો આરંભ ૧૯૬૦૮૫-૨૯૭૬ વર્ષ પૂર્વે થયો હતો. આથી વેદોનો આરંભ પણ આટલાં વર્ષો પૂર્વે થયો હશે એમ કહી શકાય.

પરંતુ વર્તમાનયુગમાં પશ્ચિમી વિદ્વાનોના સંપર્કથી જે ઐતિહાસિક દૃષ્ટિ સાંપડી છે; અને ઉત્ક્રાંતિવાદે આપણી વિચારસરણીને વશ કરી છે તેના પરિણામે આપણે પણ "વેદો ક્યારે રચાયા હશે ?" એની વિચારણા કરવા માંડ્યા છીએ.

વૈદિક સાહિત્યનું અધ્યયન કરનારા પરદેશી વિદ્વાનોએ એકમતિથી 'ઋગ્વેદ'ને આ પૃથ્વી ઉપરનો સૌથી પ્રાચીનતમ ગ્રન્થ ગણ્યો છે. પરંતુ તેનો ચોક્કસ રચનાકાળ કયો હશે ? તે વિષે સૌ વિદ્વાનોનો મત જુદો જુદો જ છે ! આ વિષે એકમતિ પ્રવર્તતી જ નથી.

અહીં તે સૌ વિદ્વાનોના મતનો સાર રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે :

(૧) મેક્સ મ્યૂલરનો મત :

'સેક્રેડ બુક્સ ઓફ ધ ઈસ્ટ' (Sacred Books of the East) ગ્રન્થમાળામાં મેક્સ મ્યૂલરે ઇ.સ. ૧૮૫૯માં ઋગ્વેદની (શાકલ શાખાની) સંહિતાનું પહેલવહેલું પ્રકાશન કર્યું તથા History of Ancient Indian Literarure માં 'ઋગ્વેદનો સમય' (The age of the Rigveda) કયો હશે એ વિષે કાલ્પનિક વિચાર રજૂ કર્યો. તેમના મત મુજબ ગૌતમ બુદ્ધના (ઇ. પૂર્વે ૫૦૦) સમય સુધીમાં વૈદિક સાહિત્યની રચના થઈ ગઈ હતી. મેક્સમ્યૂલરે આ વૈદિક સાહિત્યને ચાર ભાગમાં વહેંચી કાઢ્યું છે : છન્દ, મન્ત્ર, બ્રાહ્મણ અને ઉપનિષદ્. આ દરેક ભાગના વિકાસને માટે તેમણે ૨૦૦-૨૦૦ વર્ષોનો ગાળો કલ્પ્યો છે. આ મુજબ-જો ગૌતમ બુદ્ધનો સમય ઈ.સ. પૂર્વે ૫૦૦ મૂકવામાં આવતો હોય, તો 'સૂત્રગ્રન્થો' બુદ્ધની પહેલાં રચાઈ ગયા હતા, એટલે સૂત્ર સાહિત્યનો સમય ઈ.સ. પૂર્વે ૬૦૦ મૂકવો જોઈએ. આ સૂત્રસાહિત્યની ૨૦૦ વર્ષ પહેલાં એટલે કે ઇ.સ. પૂર્વે ૮૦૦ સુધીમાં બ્રાહ્મણગ્રન્થોની રચના થઈ હશે. આ બ્રાહ્મણસાહિત્યમાં બ્રાહ્મણો-આરણ્યકો અને ઉપનિષદોની પણ રચનાનો સમાવેશ માનવાનો છે. તે સમયની પૂર્વે ૨૦૦ વર્ષો પહેલાં મન્ત્રોનો સમય મૂકી શકાય. તેમણે વેદમન્ત્રોને બે ભાગમાં વહેંચ્યા છે : છન્દ અને મન્ત્ર. મન્ત્રોનો વિનિયોગ યજ્ઞક્રિયામાં થતો હતો; બાકીનાને છન્દ કહેવામાં આવ્યા છે. યજ્ઞક્રિયામાં ઉપકારક એવા મન્ત્રોની રચના અને વિકાસ બ્રાહ્મણકાળની પૂર્વે એટલે કે ઇ.સ. પૂર્વે ૧૦૦૦માં માનવામાં આવી છે. તથા છન્દોની રચના તેની પણ પૂર્વેનાં ૨૦૦ વર્ષોમાં માની શકાય; એટલે કે ઈ.સ. પૂર્વે ૧૨૦૦માં છન્દની રચના થઈ હશે. ઋગ્વેદનો પ્રાચીનતમ અંશ તે મન્ત્રો અને છન્દ છે; આથી ઋગ્વેદનો સમય ઇ.સ. પૂર્વે ૧૨૦૦ માની શકાય. ટૂંકમાં –

(क) **છન્દનો સમય** (જેમાં ઋગ્વેદસંહિતાનાં જૂનામાં જૂનાં સૂક્તો રચાયાં હશે, તે) ઇ.સ. પૂર્વે ૧૨૦૦ થી ઈ.સ. પૂર્વે ૧૦૦૦.

(ख) **મન્ત્રોનો સમય** (જેમાં વિશેષ અર્વાચીન સૂક્તો રચાયાં અને સંહિતાઓ તૈયાર થઈ.) ઇ. સ. પૂર્વે ૧૦૦૦ થી ઇ.સ. પૂર્વે ૮૦૦.

(ग) **બ્રાહ્મણોનો સયય** (જેમાં બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદોનો સમાવેશ થઈ જાય છે તે) ઇ. સ. પૂર્વે ૮૦૦ થી ઇ.સ. પૂર્વે ૬૦૦

(घ) **સૂત્રોનો સમય** ઇ. સ. પૂર્વે ૬૦૦ થી ઇ.સ. પૂર્વે ૨૦૦

આ કાલગણના બાબતે મેક્સમ્યૂલર પોતે જ સંતુષ્ટ નહોતા. ઉપર્યુક્ત મત ઉચ્ચાર્યા પછી, કેટલાંક વર્ષો બાદ તેમણે જ કહ્યું હતું કે આ સમયનિર્ધારણ તો

કેવળ એક કામચલાઉ કાલ્પનિક અનુમાન છે, વેદનો સમય થોડોઘણોય નક્કી કરવો અશક્ય જણાય છે. સંભવ છે કે વેદોનો સમય આનાથી પણ વધુ પ્રાચીન હોય.

મેક્સમ્યૂલરના વિચારનું સમર્થન વિલ્સન, કીથ, કોલબ્રુક વગેરે વિદ્વાનોએ કર્યું છે. બીજા ઘણા વિદ્વાનોએ 'વેદનો સમય' વિચારવા માટે મેક્સમ્યૂલરની પદ્ધતિનો સ્વીકાર કર્યો છે, પરંતુ વેદસાહિત્યના જુદા જુદા ચાર સ્તરોના વિકાસને માટે ૨૦૦-૨૦૦ વર્ષોને એકસરખો ગાળો કલ્પવો તે મનસ્વી અને અવાસ્તવિક જણાય છે. તેથી તે સર્વસ્વીકાર્ય બની શક્યો નથી.

ઓલ્ડનબર્ગે ઋગ્વેદની રચના ઈ. સ. પૂર્વે ૧૨૦૦ ને બદલે ઈ. સ. પૂર્વે ૨૫૦૦માં માની છે. વેબર ઈ. સ. પૂર્વે ૧૫૦૦ થી ઈ.સ. પૂર્વે ૧૨૦૦ માં ઋગ્વેદને મૂકે છે તથા વ્હીટની ઈ.સ. પૂર્વે ૨૦૦૦ થી ૧૫૦૦નો ગાળો ઋગ્વેદને માટે કલ્પે છે.

(૨) મેકડોનલનો મત :

મેકડોનલ નામના વેદના બીજા મહત્ત્વના અભ્યાસીએ ઋગ્વેદનો રચનાકાળ ઈ. સ. પૂર્વે ૧૩૦૦ પ્રતિપાદિત કર્યો છે. તેમના મતે ભારત-ઈરાની શાખા ઈ. સ. પૂર્વે ૧૩૦૦ની આસપાસ પરસ્પરથી છૂટી પડી હશે. ત્યાર પછી આર્યોની ભારતીય શાખાએ 'ઋગ્વેદ'ની રચના કરી હશે. તથા તેના પછી ૫૦૦ વર્ષો, એટલે કે ઈ. સ. પૂર્વે ૮૦૦માં ઈરાની શાખામાં 'અવેસ્તા' (પારસીઓના ધર્મગ્રન્થની) રચના થઈ હશે.

(૩) વિન્કલર હ્યુગો :

આ વિદ્વાનને ઈ. સ. ૧૯૦૭માં એશિયા માઈનોરમાં બોઘાઝ-કૂઈ (Boghaz Koi) નામના સ્થળેથી કેટલીક માટીની પટ્ટીઓ મળી આવી. તેણે ઋગ્વેદનો સમય નક્કી કરવાની નવી દિશાઓ ખોલી આપી છે. આ માટીની પટ્ટીઓમાં આપણા વૈદિક દેવતાઓનાં નામો-મિત્ર, વરુણ, ઈન્દ્ર અને નાસત્યા - ઉપસાવવામાં આવેલા છે ! ઈ. સ. પૂર્વે ૧૪૦૦માં 'હીટ્ટાઈટ્સ' ના રાજાએ મીટાનીસના રાજાની સાથે જે સન્ધિકરાર કર્યા હતા, તેમાં આપણા મિત્ર, વરુણ, ઈન્દ્ર જેવા વૈદિક દેવતાઓને સાક્ષીમાં રાખવામાં આવ્યા છે એવી તેની ઉપર નોંધ છે ! આથી આપણને એક કૌતુક જન્મે એમ છે કે આ ભારતીય આર્યપ્રજાના દેવોનાં નામ છેક એશિયા માઈનોરમાં મિટાનીસ પાસે કેવી રીતે પહોંચ્યાં હશે ? એડવર્ડ મેયર નામના ઈતિહાસકારના મતે ભારત-ઈરાની શાખાના લોકો છૂટા નહીં પડ્યા હોય ત્યારના સમયમાં આ દેવોનાં નામો અહીં સુધી પ્રચલિત થયાં હશે. આ દૃષ્ટિએ વેદનાં સૂક્તોનો પ્રાચીનતમ સમય ઈ. સ. પૂર્વે ૧૫૦૦ થી મોડો મૂકી શકાતો નથી.

(૪) ડૉ. આર. જી. ભાંડારકર :

અગ્રગણ્ય ભારતીય વિદ્વાનશ્રી ડૉ. આર. જી. ભાડાંરકરે બીજા એક દૃષ્ટિકોણથી વેદનો સમય નક્કી કરવા પ્રયત્ન કર્યો છે. ઈશાવાસ્યોપનિષદ્ (= યજુર્વેદના ૪૦ મા અધ્યાય)માં असुर्या नाम ते लोका: - એવા મન્ત્રમાં असुर्या શબ્દનો પ્રયોગ થયો છે. જે **Assyria** असिरिया (મેસોપોટામિયા)ને મળતો આવે છે. ઋગ્વેદમાં દેવો અને અસુરોનો સંગ્રામ વર્ણવાયો છે. ડૉ. ભાંડાકરના મતે અસિરિયા (મેસોપોટામિયા)ના લોકો જ વેદોમાં ઉલ્લેખાયેલા असुर છે. આ લોકો લગભગ ઇ. સ. પૂર્વે ૨૫૦૦ માં ભારત તરફ આવ્યા હતા. આથી એવું અનુમાન કરી શકાય કે ઇ. સ. પૂર્વે ૨૫૦૦માં યજુર્વેદની રચના થઈ ગઈ હશે; અને ઋગ્વેદની રચના તેની પણ પૂર્વેના સમયમાં એટલે કે ઇ.સ. પૂર્વે ૬૦૦૦માં થઈ હશે. સિકન્દરના આક્રમણ સમયે ગ્રીકોએ રાજવંશાવળીઓનો સંગ્રહ કર્યો છે. તદનુસાર ચન્દ્રગુપ્ત મૌર્યની પૂર્વે ૧૫૪ રાજાઓએ ૬૪૫૭ વર્ષો સુધી રાજ્ય કર્યું હતું. આ જ સમય વૈદિક સમય હશે. આ સમયથી પણ ઘણા પહેલાંનાં સમયમાં-એટલે કે ઇ.સ. પૂર્વે ૮૦૦૦ થી ઇ.સ. ૭૦૦૦માં ઋગ્વેદનાં પ્રાચીનતમ સૂક્તો રચાયાં હશે.

(૫) શ્રી બાલગંગાધર ટિળક અને જર્મન વિદ્વાન શ્રી યાકોબી (Jacobi)નો મત :

જ્યોતિષને આધારે વેદોનો સમય નક્કી કરવાનો વિચાર પૃથ્વી ઉપરના બે જુદાં જુદાં સ્થળો ઉપર; એક જ સમયે બે વિદ્વાનોને આવ્યો ! ટિળકે ભારત (ના પૂના શહેર)માં અને જર્મનીમાં બોન નગરના રહેવાસી યાકોબીએ સ્વતન્ત્ર રીતે જ (એકબીજાને મળ્યા વિના) આ સંશોધન હાથ ધર્યું અને તે બન્ને એક જ પરિણામ ઉપર પહોંચ્યા ! The Orion (or Researches into Antiquity of the Vedas (પ્રકાશક : શ્રીમતી રાધાબાઈ આત્મારામ સગૂન, મુંબઈ, ૧૮૯૩)માં પ્રકટ થયેલા લોકમાન્ય શ્રીબાલગંગાધર ટિળકના મતે સંહિતાઓનું નિબન્ધન ઇ. સ. પૂર્વે ૪૫૦૦માં થયું હશે. આ સમયની પણ ૨૦૦૦ વર્ષો પહેલાં મન્ત્રોની રચના (કે ઋષિઓને દર્શન) થઈ હશે. આ દૃષ્ટિએ પ્રાચીનતમ ઋચાઓ તો ઇ. સ. પૂર્વે ૬૪૦૦ માં મૂકવી પડે. શ્રી ટિળકનું કહેવું છે કે બ્રાહ્મણગ્રંથોના સમયમાં નક્ષત્રોની ગણના કૃત્તિકાનક્ષત્રથી શરૂ થતી હતી; વળી આ કૃત્તિકાનક્ષત્રના સમયે દિવસ અને રાતનો સમય એકસરખો રહેતો હોય છે. વર્તમાન સમયમાં ૨૧ મી માર્ચ અને ૨૩ સપ્ટેમ્બરે દિવસ અને રાત એકસરખાં હોય છે અને એ દિવસે સૂર્ય અશ્વિની નક્ષત્રમાં હોય છે. આટલું પરિવર્તન ૪૫૦૦ વર્ષોમાં જ થાય છે. આથી બ્રાહ્મણગ્રન્થોની રચના ૨૫૦૦ વર્ષો પહેલા થઈ હશે. સંહિતાના યુગમાં દિવસ અને રાત એકસરખાં થતાં હતાં કે એ સમય તે જ્યારે સૂર્ય મૃગશિરા નક્ષત્રમાં

આવ્યો હોય. આ ગણતરી કરતાં માલૂમ પડે છે કે એ સમય તે આજથી ૬૫૦૦ વર્ષ પહેલાં હતો. આથી સંહિતાઓનો રચનાકાળ ૪૫૦૦ વર્ષો ઈ. સ. પૂર્વનો હશે. ઋગ્વેદના મન્ત્રો અનુસાર જણાય છે કે મૃગશિરા નક્ષત્રમાં વસન્ત ઋતુનો સમય ચાલતો હતો અને ત્યારે દિવસરાત એકસરખાં થતાં હતાં. આ સમય આથી પણ વધારે ૨૦૦૦ વર્ષો પૂર્વેનો થાય. આથી ઋગ્વેદના મન્ત્રોનો રચનાકાળ ૬૫૦૦ ઈ. સ. પૂર્વનો હોવો જોઈએ.

જર્મન વિદ્વાન યાકોબીએ પણ ઋગ્વેદનો સમય ઈ. સ. પૂર્વે ૪૫૦૦ સાબિત કર્યો છે ! તેમણે આપણા કલ્પસૂત્રોના વિવાહ પ્રકરણમાં આવતાં ध्रुव इव स्थिरा भव ! - એ વાક્યને આધારે પોતાનું સંશોધન હાથ ધર્યું હતું. તેમનું મંતવ્ય છે કે ધ્રુવનો તારો તે (વૈદિક) સમયે વધારે તેજસ્વી અને સ્થિર રહેતો હશે. આ સ્થિતિ ઈ. સ. પૂર્વે ૨૭૦૦ વર્ષની હોવી જોઈએ. બ્રાહ્મણગ્રન્થોમાં કૃત્તિકા નક્ષત્રમાં થતા વસન્ત સમ્પાત (Vernal Equinox)નો ઉલ્લેખ છે. ગણતરી કરતાં આ સમય ઈ. સ. પૂર્વે. ૨૫૦૦નો થાય છે. આમ બ્રાહ્મણ ગ્રન્થો અને કલ્પસૂત્રોનો સમય ૨૭૦૦-૨૫૦૦ ઈ. સ. પૂર્વેનો લગભગ આવીને ઊભો રહે છે. પરિણામે એમ માનવું રહ્યું કે ઋગ્વેદ (સંહિતા) નો સમય, તેથી પણ વધારે પહેલાંનો, એટલે કે ઈ. સ. પૂર્વે ૪૫૦૦ નો હોવો જોઈએ. (તથા મન્ત્રોનો દર્શન/રચનાનો સમય ઈ. સ. પૂર્વે ૬૫૦૦ નો હશે.)

(૬) ડૉ. હોગનો મત :

આ વિદ્વાને ઐતરેય બ્રાહ્મણની પ્રસ્તાવનામાં, જ્યોતિષને આધારે જ વેદાંગ જ્યોતિષની રચનાનો સમય ૧૧૮૬ ઈ. સ. પૂર્વેનો દર્શાવ્યો છે. તેમના મતે વૈદિક સાહિત્યની કાલાનુક્રમણી નીચે મુજબ હશે :

(૧) પ્રાચીનમાં પ્રાચીન સૂક્તો - ઈ. સ. પૂર્વે ૨૪૦૦-૨૦૦૦

(૨) સંહિતાનો મોટો ભાગ - ઈ. સ. પૂર્વે ૨૦૦૦-૧૪૦૦

(૩) બ્રાહ્મણોનો સમય - ઈ. સ. પૂર્વે ૧૪૦૦-૧૨૦૦

(૪) સૂત્રોનો સમય - ઈ. સ. પૂર્વે ૧૨૦૦ પછી.

(૭) શ્રીનારાયણરાવ ભવનરાવ પારંગીનો મત :

આ વિદ્વાનશ્રીએ ભૂગર્ભશાસ્ત્રને આધારે જ અમુક તારણો કાઢ્યાં છે. તેમણે ઋગ્વેદનો સમય ૯૦૦૦ વર્ષ પૂર્વેનો નક્કી કર્યો છે. તેમના મતે ઋગ્વેદમાં અનેક ભૌગોલિક પરિસ્થિતિઓ જેવી કે - નદી, સમુદ્ર વગેરેનું વર્ણન મળે છે. ઋગ્વેદના એક મન્ત્ર (૧૦-૧૩૬-૫) માં સપ્તસૈન્ધવ પ્રદેશની બન્ને બાજુએ બે સમુદ્રોનું

વર્ણન આવે છે. તેમાંનો પશ્ચિમનો સમુદ્ર સંભવતઃ આજનો અરબી સમુદ્ર હશે. પૂર્વ સમુદ્ર વર્તમાન પંજાબની બરાબર પૂર્વમાં હશે, અને ઉત્તર પ્રદેશ, બિહાર અને બંગાળના મેદાનો તેમાં ડૂબેલા હશે. ઘણી સદીઓના સમયગાળાએ હિમાલયમાંથી નીકળતી નદીઓએ જે માટી ખેંચી આણી હશે તેનાથી તે સમુદ્ર પુરાતો ગયો હશે.

ઋગ્વેદનાં બીજા બે મન્ત્રો (૯-૩૩-૬ અને ૧૦-૪૭-૨) મુજબ સપ્તસૈન્ધવ પ્રદેશની ચારેય તરફ ચાર સમુદ્રો હતા. તેમાંથી ઉત્તરનો સમુદ્ર સંભવતઃ વર્તમાન ઈરાન અને તૂર્કસ્તાનની ઉત્તર-પશ્ચિમમાં હશે. આ સમુદ્ર ઘણાં બધાં પ્રાકૃતિક કારણોસર સુકાઈ ગયો હશે, પરંતુ તેના અવશેષરૂપે કાળો સમુદ્ર, કેસ્પિયન સાગર, અરલ ઝીલ અને બાલ્કશ ઝીલના રૂપમાં આજે પણ વિદ્યમાન છે. પશ્ચિમમાં અરબી સમુદ્ર હતો અને પૂર્વમાં તે સાગર હશે, જ્યાં આજે ઉત્તરપ્રદેશ, બિહાર અને બંગાળનાં મેદાનો છે. વર્તમાન રાજસ્થાનમાં દક્ષિણ સમુદ્ર હશે, જેમાં સરસ્વતી નદી વહેતી હશે. રાજસ્થાનમાં વિદ્યમાન ખારા મીઠાનો પ્રદેશ તથા રણપ્રદેશની ખારાશ તે પૂરવાર કરે છે કે ક્યારેક ત્યાં સમુદ્ર આવેલો હશે. જે સરસ્વતી નદીનું વર્ણન ઋગ્વેદમાં આવે છે, તે દક્ષિણ સમુદ્રમાં જઈને મળતી હશે. ભૂગર્ભશાસ્ત્રીઓના મતે આ પ્રકારની ભૌગોલિક સ્થિતિ ૯૦૦૦ વર્ષો પૂર્વેની હોવી જોઈએ. આને આધારે શ્રી પારંગી મહાશયે ઋગ્વેદનો રચનાકાળ ૯૦૦૦ વર્ષ પૂર્વેનો હશે એમ માન્યું છે.

* * *

પંજાબ સરહદે 'મોહેં-જો-ડેરો'ના ખોદકામથી જે અવશેષો અને જૂની બ્રાહ્મી લિપિની પણ પૂર્વેની લગભગ ચિત્રાત્મક એવી લિપિ મળી આવી છે, તે હજુ નિર્વિવાદ રૂપે વાંચી શકાઈ નથી. જે દિવસે આ લિપિ વાંચી શકાશે ત્યારે વૈદિકકાળ વિષે નવો પ્રકાશ મળશે.

* * *

ઉપર જોયું તે પ્રમાણે વૈદિક સાહિત્યની કાલાનુક્રમણી વિષે ઘણા વિદ્વાનોએ ભારે પરિશ્રમ કરીને વિવિધ મતો ઉચ્ચાર્યા છે. પરંતુ કોઈ વિદ્વાનનો મત સર્વસંમત બની શક્યો નથી. આ વિષયમાં હજુ પણ સંશોધન કરવાને અવકાશ છે.

વિન્ટરનિત્ઝ કહે છે તેમ આ બધામાં ડહાપણભર્યો માર્ગ તો નક્કી થયેલા વિવિધ સમયના તબક્કાઓનું સંપૂર્ણ સંશોધન કરીને ચોકસાઈ કરવાનો, અને ભયંકર રીતે પ્રાચીન સમય સુધી જવાના કે હાસ્યજનક રીતે એકદમ નજીકના સમય ઉપર આવવાના-એમ બન્ને-અંતિમ Extreme-છેડાઓનો ત્યાગ કરવામાં

રહેલો છે. આથી તેઓ એવા નિર્ણય ઉપર આવે છે કે આપણે ઋગ્વેદકાળના પ્રારંભને ઇ. સ. પૂર્વે ૨૦૦૦ થી ઇ. સ. પૂર્વે ૨૫૦૦ વર્ષો સુધી ખેંચવો જોઈએ; અને વૈદિક સાહિત્યના અંતિમ તબક્કાને ઇ. સ. પૂર્વે ૭૫૦ થી ઇ.સ. પૂર્વે ૫૦૦ વર્ષ સુધીમાં ગણવો જોઈએ. આ રીતે આપણે વિન્ટરનિત્ઝે નક્કી કરેલા સોનેરી મધ્યમ માર્ગને સ્વીકારીશું. અલબત્ત, સાથે સાથે એમ પણ કહેવું જોઈએ કે -'સોનું એટલું સારું જ, કે સાચું જ' એવું ક્યારેક નથી પણ હોતું !

૮. વેદની સુરક્ષાના ઉપાયો

વેદોને 'ઈશ્વરીય (પવિત્ર) જ્ઞાન' માનવામાં આવ્યા હોઈને, તેની સાચવણી માટે ભારતીય આર્યપ્રજાએ અસાધારણ અને અ-દ્વિતીય પુરુષાર્થ કર્યો છે. મૂળમાં તો વેદમન્ત્રોને વંશપરંપરામાં કે ગુરુ-શિષ્યોની પરંપરામાં કેવળ શ્રુતિથી (= સાંભળીને) યાદ રાખવામાં આવતા હતા. (વેદમન્ત્રોને ગ્રન્થસ્થ કરવાની પ્રવૃત્તિ તો ઘણી આધુનિક છે.) આદિકાળથી માંડીને આજદિન સુધી આ વેદમન્ત્રોને યથાવત્ સ્વરૂપે જ સાચવી રાખવામાં આવ્યા છે. તેમાં શબ્દોના પરિવર્તન કે સુધારાવધારાને તો અવકાશ નથી જ નથી; પણ તેના એકાદ અક્ષર કે ઉદાત્તાદિ સ્વરોમાં પણ ક્યાંય કશોય ફેરફાર-વિકૃતિ-થવા પામેલ નથી ! સદીઓ સુધી બ્રાહ્મણોએ એકધારી રીતે વેદમન્ત્રોને સ્મૃતિબદ્ધ કરીને સાચવી રાખવાનો જે અનુપમ પુરુષાર્થ કર્યો છે તે જોઈને આપનું મસ્તક કૃતજ્ઞતાની લાગણીથી નમી જાય છે.

આ વેદોને તેના મૂળ સ્વરૂપે જ સાચવી રાખવા માટે ઋષિઓએ જે વિવિધ ઉપાયો અમલમાં મૂક્યા છે, તે નીચે મુજબ છે : (૧) ચારેય વેદોને સસ્વર કંઠસ્થ કરવા અને કરાવવા. બ્રાહ્મણોએ તો નિષ્કારણ છ વેદાંગો સહિત ચારેય વેદોને કંઠસ્થ કરવા, તેના અર્થો સમજવા, અને આવનારી નવી પેઢીને તે કંઠસ્થ કરાવવા સુધીની જવાબદારી ઊઠાવી છે. ઋષિમુનિઓના વંશજોએ કે ગુરુ-શિષ્યોની પરંપરાએ વેદોને જુદા જુદા જૂથમાં-જુદી જુદી શાખાઓમાં-ભણવા-ભણાવવાની અદ્યાવધિ અવિરત પ્રવૃત્તિ આરંભી છે. તેમાંથી વેદની જુદી જુદી શાખાઓમાં વેદોના મન્ત્રો સચવાઈ રહ્યા છે. જેમ કે 'વ્યાકરણ મહાભાષ્ય'માં 'ઋગ્વેદની ૨૧ શાખાઓ, યજુર્વેદની ૧૦૦ શાખાઓ, સામવેદની ૧૦૦૦ શાખાઓ અને અથર્વવેદની ૯ શાખાઓ હતી'' એમ લખ્યું છે. બીજી તરફ, ''ચરણવ્યૂહ' નામના સૂત્રસમયના એક પરિશિષ્ટ ગ્રન્થમાં ૧. શાકલ, ૨. વાષ્કલ, ૩. આશ્વલાયન, ૪. શાંખાયન અને ૫. માણ્ડૂકેય- એવી ઋગ્વેદની પાંચ શાખાઓ ગણાવી છે, જેમાંથી કેવળ શાકલ ઋષિની શાખામાં સચવાયેલી 'ઋગ્વેદસંહિતા' જ આજે ઉપલબ્ધ થાય છે.

(૨) વેદોના સંહિતાપાઠને (= વેદમન્ત્રોની મૂળ પ્રકૃતિને) વધારે પ્રામાણિકપણે સાચવી રાખવા માટે કાલક્રમે જુદી જુદી 'વિકૃતિ'ઓ વિકસાવવામાં આવી છે. જેમ કે, સંહિતાપાઠમાંથી - (क) પદપાઠ, (ख) ક્રમપાઠ, (ग) જટાપાઠ અને (घ) ઘનપાઠ વગેરે આઠ પ્રકારની વિકૃતિઓ તૈયાર કરવામાં આવી છે.

जटा माला शिखा रेखा ध्वजो दण्डो रथो घनः ।
अष्टौ विकृतयः प्रोक्ताः क्रमपूर्वा महर्षिभिः ॥

(क) પદપાઠ : ઋગ્વેદના સંહિતાપાઠમાંથી સૌથી પહેલવહેલા શાકલ્યે સંહિતા (= સન્ધિ)ને છોડી નાખીને, પદોને પરસ્પરથી છૂટા પાડીને પદ-પાઠ તૈયાર કર્યો છે. વેદોને સળંગ સંહિતારૂપે કંઠસ્થ કરવા ઉપરાંત, બ્રાહ્મણો દરેક વેદમન્ત્રનો પદપાઠ પણ કંઠસ્થ કરે છે. કેમ કે સન્ધિજન્ય ધ્વન્યાત્મક વિકારોથી મુક્ત કરેલાં પદોને સ્વતન્ત્રપણે ઓળખી શકાય - સમજી શકાય - છે.

સમયની દૃષ્ટિએ વિચારીએ તો સંહિતાપાઠ તૈયાર થયા પછી જ પદપાઠ તૈયાર કરવામાં આવ્યો હશે એવું જણાય છે. આ સંદર્ભમાં પ્રો. મેકડોનલ લખે છે કે-પદપાઠ અને સંહિતાપાઠ એ બેઉ એક વખતે જ નહોતા ઘડાયા એમ માનવાનું ચોક્કસ કારણ એ છે કે પદપાઠમાં કેટલાક ખોટા અર્થ કરેલા કે કેટલીક ગેરસમજ થયેલી સ્પષ્ટ માલૂમ પડે છે. તો પણ સંહિતાપાઠ પછી થોડો વખત જ રહીને એ પદપાઠ ઘડાયો હોવો જોઈએ, કારણ કે ઐતરેય આરણ્યકના લેખકને એ પદપાઠની માહિતી હતી એવું જણાય છે. આ પદપાઠનો રચનાર શાકલ્ય છે. યાસ્ક ઋષિ આ શાકલ્યનું પ્રમાણ આપે છે; તથા શૌનકે આ પદપાઠને આધારે જ ઋગ્વેદ પ્રાતિશાખ્યની રચના કરી છે."

(ख) ક્રમપાઠ : વેદના પવિત્ર ગ્રન્થને હજી પણ વધારે ચોક્કસ રીતે જેવો ને તેવો જાળવી રાખવાને માટે, (પદપાઠની રચના થયા પછી) થોડા વખતમાં જ 'ક્રમપાઠ'નું સ્વરૂપ ઘડી કાઢવામાં આવ્યું છે. આ ક્રમપાઠનું સ્વરૂપ પણ જૂનું છે, કારણ કે ઐતરેય આરણ્યકના રચનારને મૂળથી જ જેવી રીતે પદપાઠની માહિતી હતી, તેવી જ રીતે ક્રમપાઠની પણ માહિતી છે. આ પ્રકારના ક્રમપાઠમાં પદપાઠનો દરેક શબ્દ બે વાર બોલવામાં આવે છે. એક શબ્દને આગળ આવી ગયેલા શબ્દની સાથે તેમ જ પાછળ આવતા શબ્દની સાથે પણ જોડવામાં આવે છે. ઉદા.ત., अ, ब, क, અને ड-એને આપણે ચાર શબ્દો ગણીએ તો, તે ક્રમપાઠમાં આ પ્રમાણે બોલાય છે : - अब,

बक, कड ।अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् ।होतारं रत्नधातमम् । આ મન્ત્રનો ક્રમપાઠ આ રીતે થશે : अग्निं ईळे, ईळे पुरोहितम्, पुरोहितं यज्ञस्य, यज्ञस्य देवम्, देवं ऋत्विजम् ॥ વગેરે. (બ્રાહ્મણો સંહિતાપાઠની સાથે સાથે જ અથવા ક્રમપાઠની પદ્ધતિથી પણ ઋગ્વેદના દશેય હજાર મન્ત્રોને કંઠસ્થ કરતા હતા/કરે છે.)

(ग) જટાપાઠ : વેદમન્ત્રનો એકાદ શબ્દ પણ ખોવાઈ ના જાય-વિસ્મૃત ના થઈ જાય-એની કાળજી રાખવા માટે બ્રાહ્મણજાતિના લોકોએ, ક્રમપાઠને આધારે જટાપાઠ (= ગૂંથેલો પાઠ) પણ તૈયાર કર્યો છે. તેમાં દરેક જોડકું ત્રણ ત્રણ વાર બોલાય છે; અને બીજી વાર બોલાય છે તે વિપરીત ક્રમમાં બોલાય છે. જેમ કે-માની લોકો

अग्निम् ईळे पुरोहितम् यज्ञस्य देवम् = એવા પાંચ શબ્દો છે.
તેના अ ब क ड च

જટાપાઠમાં → अब, बअ, अब/बक, कब, बक/कड, डक, कड વગેરે. દા.ત. अग्नि ईळे, ईळे अग्निं, अग्निं ईळे । ईळे पुरोहितं, पुरोहितम् ईळे, ईळे, पुरोहितं । पुरोहितं यज्ञस्य, यज्ञस्य पुरोहितम् पुरोहितं यज्ञस्य । વગેરે.

(घ) ઘનપાઠ : વેદમન્ત્રોના શબ્દોની ગૂંથણીની પરાકાષ્ઠા તો આ ઘનપાઠમાં થતી જોવા મળે છે. જેમ કે-

अब, बअ, अबक, कबअ, अबक,
बक, कब, बकड, डकब, बकड,
कड, डक, कडच, चडक, कडच વગેરે. ઉદા. તરીકે -

(१) अग्निं ईळे, ईळे अग्निं, अग्निं ईळे पुरोहितं, पुरोहितं ईळे अग्निं, अग्निं ईळे पुरोहितम् ।

(२) ईळे पुरोहितं, पुरोहितं ईळे, ईळे पुरोहितं यज्ञस्य,
यज्ञस्य पुरोहितं ईळे, ईळे पुरोहितं यज्ञस्य ।

(३) पुरोहितं यज्ञस्य, यज्ञस्य पुरोहितं, पुरोहितं यज्ञस्य देवं,
देवं यज्ञस्य पुरोहितं, पुरोहितं यज्ञस्य देवम् ॥ વગેરે

(જિજ્ઞાસુએ વેદવિકૃતિલક્ષણસંગ્રહ-સંપાદક : કે.વી. અભ્યંકર, અને જી. વી. દેવસ્થલી, ભાંડારકર ઓરિએન્ટલ રીચર્સ ઈન્સ્ટીટ્યૂટ પૂના ૧૯૭૮-પુસ્તક જોવું. જેમાં વેદમન્ત્રોની પદપાઠ વગેરે વિવિધ વિકૃતિઓની સમજણ આપવામાં આવી છે.)

(૩) ચારેય વેદોનું સસ્વર ઉચ્ચારણ કેવી રીતે કરવું ? વેદમાં વપરાયેલા છન્દોની સમજણ કેવી રીતે મેળવવી ? વેદમન્ત્રોમાં પ્રયોજાયેલા શબ્દોના અર્થો કેવી રીતે કરવા ? વગેરે પ્રશ્નો-જિજ્ઞાસા-નું સમાધાન કરવા માટે છ વેદાંગોને તૈયાર કરવામાં આવ્યા છે. આ છ વેદાંગોએ પણ વેદની રક્ષા કરવામાં બહુ મોટો ફાળો આપ્યો છે. છ વેદાંગો-

૧. શિક્ષા ૨. કલ્પ ૩. છન્દસ્ ૪.જ્યોતિષ્ ૫. વ્યાકરણ ૬. નિરુક્ત.

રૂપાત્મક રીતે જે 'વેદપુરુષ'ની કલ્પના કરવામાં આવી છે, અને તેમાં આ વેદાંગોનું જે સ્થાન છે તે આ પ્રમાણે છે :

छन्दः पादौ तु वेदस्य, हस्तौ कल्पोऽथ पठ्यते ।
ज्योतिषामयनं चक्षुर्निरुक्तं श्रोत्रमुच्यते ॥

शिक्षा घ्राणं तु वेदस्य, मुखं व्याकरणं स्मृतम् ।
तस्मात्साङ्गमधीत्यैव ब्रह्मलोके महीयते ॥

વેદપુરુષના બે પગ તે 'છન્દ' નામનું વેદાંગ છે, અને બે હાથ તે 'કલ્પ' નામનું વેદાંગ છે. જ્યોતિષ તેનું ચક્ષુઃ (આંખ) છે, અને નિરુક્ત વેદાંગ તે કાન છે. શિક્ષાવેદાંગ તે નાસિકા છે અને વ્યાકરણવેદાંગ તો મુખ જ છે. માટે આ ષડ્વેદાંગ સહિતનો વેદ ભણ્યા પછી જ-બ્રાહ્મણ-બ્રહ્મલોકમાં આનંદ કરે છે.

૧. શિક્ષા વેદાંગ તરીકે પાણિનીય શિક્ષાનો સ્વીકાર થયો છે. પરંતુ એકસોથી વધારે શિક્ષાઓ મળી આવી છે. આ શિક્ષા ગ્રન્થોમાં વેદમન્ત્રોનું શુદ્ધ અને સસ્વર ઉચ્ચારણ કેવી રીતે કરવું તેનું જ્ઞાન આપવામાં આવ્યું છે. **૨. કલ્પ વેદાંગ**માં વેદવિહિત કર્મોની ક્રમાનુસારી કલ્પના રજૂ કરવામાં આવે છે. બ્રાહ્મણગ્રન્થોમાં વર્ણવેલા યજ્ઞયાગાદિની વિવિધ ક્રિયાઓનો ક્રમ અહીં નક્કી કરી આપવામાં આવ્યો છે. કલ્પસૂત્રો મુખ્યત્વે ચતુર્વિધ હોય છે. જેમ કે, શ્રૌતસૂત્રો, ગૃહ્યસૂત્રો, ધર્મસૂત્રો અને શાલ્વસૂત્રો. દરેક વેદનાં કયાં કયાં કલ્પસૂત્રો મળે છે તેની યાદી અગાઉ આપવામાં આવી છે. **૩. છન્દસ્ વેદાંગ** તરીકે પિંગલાચાર્યના છન્દઃસૂત્ર પ્રચલિત છે. વેદમન્ત્રો મહદંશે છન્દોબદ્ધ છે. (યજુર્વેદ અને અથર્વવેદનો જ અમુક ભાગ ગદ્યાત્મક છે.) વેદની અંદર ગાયત્રી, ત્રિષ્ટુપ્, અનુષ્ટુભ્, જગતી, પંક્તિ, ઉષ્ણિક્, બૃહતી જેવા સાતેક છન્દો મોટા પ્રમાણમાં વપરાયા છે. વેદમન્ત્રોના સ્વર અને અર્થ જાણવાની સાથે જ પ્રત્યેક મન્ત્ર કયા છન્દમાં રચાયો છે ? તે અનિવાર્ય પણે જાણવું જોઈએ, નહીં તો પાપભાક્ થવાય છે એવી ભારતીય માન્યતા છે. **૪. જ્યોતિષ્ વેદાંગ** તરીકે બે ગ્રન્થો મળી આવે છે : ઋગ્વેદ સમ્બન્ધિત 'આચાર્ય જ્યોતિષ્'

અને યજુર્વેદ સમ્બન્ધિત ''યાજુષ જ્યોતિષ્''. આ જ્યોતિષ્ વિદ્યાના પુરસ્કર્તા 'લગધ' નામના ઋષિ હતા. આ વિદ્યાને આધારે અમુક યજ્ઞક્રિયા ક્યારે શરૂ કરવી ? વગેરે કાલનિર્ણય કરવામાં આવે છે. **૫. વ્યાકરણ વેદાંગ** તરીકે ઈ.સ. પૂર્વ ૬૦૦માં મહર્ષિ પાણિનિએ રચેલા अष्टाध्यायी વ્યાકરણની ગણના થાય છે. લગભગ ૪૦૦૦ સૂત્રમાં રચાયેલું આ વ્યાકરણ અનવદ્ય, સર્વાંગીણ અને છતાંય લાઘવપૂર્ણ છે. તેમાં વૈદિક સંસ્કૃત અને લૌકિક સંસ્કૃત એમ બન્ને ભાષાનું વ્યાકરણ રજૂ કરવામાં આવ્યું છે. **૬. નિરુક્ત વેદાંગ** તરીકે યાસ્કે લખેલું 'નિરુક્ત' મળી આવે છે. નિઘણ્ટુ નામના એક પ્રાચીનતમ વૈદિક શબ્દકોશની ઉપર યાસ્કે જે ભાષ્ય લખ્યું છે તેનું નામ 'નિરુક્ત' છે. આ ગ્રન્થમાં વેદમન્ત્રોમાં વપરાયેલા અઘરા શબ્દોના અર્થનું નિર્વચન કરવામાં આવ્યું છે. શબ્દોની વ્યુત્પતિ જાણવા માટેનો આ પ્રાચીનતમ ગ્રન્થ છે.

(૪) વળી, વિવિધ 'અનુક્રમણી' ગ્રન્થોએ પણ વેદના અક્ષરો, શબ્દો (પદો) પાદો, કયા છન્દમાં કેટલા મન્ત્રોના દેવતા કોણ કોણ, પાદો [સૂક્તોની સંખ્યા, મંડળ અને અનુવાકોની સંખ્યા] વેદમન્ત્રોના દ્રષ્ટા ઋષિઓનાં નામો વગેરે વિગતોની પૃથક્કરણાત્મક યાદીઓ તૈયાર કરીને સંગ્રહ કરી રાખ્યો છે. ઉપલબ્ધ વેદની સંહિતાઓમાં જોતાં આજે આ વિગતો તેની સાથે સુસંગત જણાય છે. (પરિણામે આજે મળતી વેદસંહિતાઓ મૂળમાં કોઈ જ પ્રકારના ફેરફાર, સુધારા-વધારા, કે લુપ્તાંશ વિનાની મળે છે એવું અનુમાન કરી શકાય છે.) ઋક્સર્વાનુક્રમણીના ટીકાકાર ષડ્ગુરુશિષ્યે લખ્યું છે કે કેવળ ઋગ્વેદની જ દશ અનુક્રમણી, સૂક્તાનુક્રમણી, ઋગ્વિધાન, પાદવિધાન, પ્રાતિશાખ્ય, શૌનક સ્મૃતિ અને બૃહદ્દેવતા વગેરે મળે છે.

(૫) પ્રાતિશાખ્યો વિષે : પ્રાતિશાખ્ય પ્રકારના ગ્રન્થો (કે જેમાં વેદના સ્વર, છન્દ, સન્ધિ, પદપાઠ, ઉચ્ચારણવિધિ વગેરેનું દર્શન કરવામાં આવ્યું છે. તેમણે પણ વેદરક્ષામાં બહુ મોટો ફાળો આપ્યો છે. વાસ્તવમાં તો નિરુક્ત વેદાંગ, વ્યાકરણ વેદાંગ કે શિક્ષા વેદાંગની પણ પૂર્વે વેદની દરેક શાખાનું (प्रतिशाखम्) એક એક પ્રાતિશાખ્ય હતું. આવાં પ્રાતિશાખ્યોમાંથી નીચે મુજબનાં જ પ્રાતિશાખ્યો મળ્યાં છે. ઈ.સ. પૂર્વે ૫૦૦ થી ઈ.સ. પૂર્વે ૧૫૦ સુધીમાં અનુક્રમે નીચેનાં પ્રાતિશાખ્યો રચાયાં હશે એવું ડૉ. સિદ્ધેશ્વર વર્મા માને છે :

(૧) ઋક્ પ્રાતિશાખ્ય (પ્રાચીનતમ)
(૨) A તૈત્તિરીય પ્રાતિશાખ્ય (મૂલાધાર)
(૩) (अ) વાજસનેયિ પ્રાતિશાખ્ય } લગભગ સમકાલિક
(ब) અથર્વ૦ પ્રાતિ૦ (મૂલાધાર)

-ત્યાર પછી પાણિનિ - અષ્ટાધ્યાયી વ્યાકરણની રચના-

(૨) B. તૈત્તિ૦ પ્રાતિ૦ (ઉત્તરકાલિક રૂપ.)

(૪) અથર્વ૦ પ્રાતિ૦ (ઉત્તરકાલિક રૂપ.)

(૫) ઋક્તન્ત્ર (સામવેદીય)

પ્રોફે૦ લીબીશના મતે કાલક્રમાનુસાર પાણિનિની પણ પૂર્વે કેવળ 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય' અને 'વાજસનેયિ પ્રાતિશાખ્ય' જ આવે છે. તેમના મતે બાકીનાં બધાં જ પ્રાતિશાખ્યો પાણિનિ પછીનાં છે.

(૬) વેદની સુરક્ષાના ઉપર વર્ણવેલા ત્રિવિધ ઉપાયો ઉપરાંત, સમગ્ર દર્શનસાહિત્ય (ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા = વેદાન્ત દર્શન) પણ વેદરક્ષાના હેતુથી જ પ્રેરાયેલું છે.

(૭) વેદોના ભાષ્યકારો : વેદો ઉપર ભાષ્ય કે ટીકાઓ રચીને પણ વેદરક્ષા કરવાનું કાર્ય પ્રાચીન સમયથી આરંભાયું છે.

વેદના ઉપલબ્ધ સઘળા ભાષ્યકારોમાંથી સૌથી જૂના સ્કન્દસ્વામી છે. તેમણે ૬૮૭ વિક્રમસંવતમાં ઋગ્વેદ ઉપરની ટીકા લખી હતી. જેમાંથી ઋગ્વેદના પ્રથમ અષ્ટક ઉપરની સંપૂર્ણ તથા ૨ થી ૫ અષ્ટકની ખંડિત ટીકા જ મળે છે. આ સ્કન્દસ્વામીના સહકાર્યકર તરીકે 'નારાયણ' અને 'ઉદ્ગીથ' (ઈ.સ. ૬૨૫) નામના વિદ્વાનો હતા. આ બન્ને વિદ્વાનોએ પણ ઋગ્વેદના અમુક અંશ ઉપર ભાષ્ય લખ્યું હતું.

સ્કન્દસ્વામી પછી બીજા અનેક ભાષ્યકારો થયા છે જેમાં **વેંકટ માધવ**, (૧૦૫૦ ઈ.સ.) આનન્દતીર્થ (૧૩૦૦ ઈ.સ.), આત્માનંદ (૧૬૦૦ ઈ.સ.), **મહીધર** (૧૧૦૦ ઈ.સ.), ઉવ્વટ, હલાયુધ, રાવણ, દેવસ્વામી, માધવ **સાયણ** (૧૪૦૦ ઈ.સ.) વગેરે. આ બધામાંથી સૌથી વધારે પ્રસિદ્ધિ પામેલા ભાષ્યકાર સાયણાચાર્ય છે. અર્વાચીન સમયમાં સ્વામી દયાનન્દે પણ વેદભાષ્યની રચના કરી છે.

સાયણાચાર્ય : કર્ણાટકના રાજવી બુક્કરાયે ૧૪મી સદીમાં મુસલમાની રાજાઓને સખત હાર આપીને 'વિજયનગર' નામના હિન્દુ રાજ્યની સ્થાપના કરી હતી. સાયણાચાર્ય તે બુક્કરાયના મન્ત્રી હતા, અને બુક્કરાયના જે ઉત્તરાધિકારી રાજા હરિહર હતા, તેના પણ મન્ત્રી હતા. સાયણના એક ભાઈ માધવ પણ હતા. ૭૨ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૩૮૭માં સાયણનું દેહાવસાન થયેલું. સાયણાચાર્યે જે ભાષ્યસાહિત્યની રચના કરી છે, તે નીચે મુજબ છે :

(૧) ઋગ્વેદની શાકલસંહિતા,

(૨) શુક્લ યજુર્વેદની કાણ્વસંહિતા

(૩) કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય સંહિતા,

(૪) સામવેદની કૌથુમ સંહિતા,

(૫) અથર્વવેદની શૌનક સંહિતા ઉપર ભાષ્યો લખ્યાં છે. આ ઉપરાંત-

(૬) બ્રાહ્મણો, (૭) ઐતરેય આરણ્યક અને ઉપનિષદ્, (૮) તૈત્તિરીય બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ્, તથા (૯) સામ પ્રાતિશાખ્ય ઉપર પણ ભાષ્યો લખ્યાં છે. આ ઉપરાંત સુભાષિત સુધાનિધિ વગેરે પાંચ ગ્રન્થો અને પાણિનીય ધાતુપાઠ ઉપર તેમણે 'માધવીયા ધાતુવૃત્તિ''ની રચના કરી છે.

અહીં એક રસપ્રદ હકીકત એ છે કે આટલું વિશાળ વૈદિક ભાષ્યસાહિત્ય સાયણાચાર્યે એકલાએ નહિ, પણ એક વિદ્વન્મંડલીએ ભેગા મળીને, અલબત્ત, સાયણાચાર્યની અધ્યક્ષતામાં રચ્યું હતું. સાયણની સાથે નરહરિ સોમયાજી, નારાયણ વાજપેયયાજી, પંઢરી દીક્ષિત વગેરે અનેક વિદ્વાનો વેદભાષ્યની રચના કરવામાં સહભાગી બન્યા હતા. આ સઘળું વેદભાષ્ય સાહિત્ય "સાયણભાષ્ય"ના નામે પ્રચલિત છે. અહીં એક નોંધપાત્ર હકીકત એ છે કે આધુનિક સમયમાં વેદમન્ત્રોના અર્થો સમજવામાં કે અંગ્રેજી વગેરે ભાષાઓમાં વેદમન્ત્રોનો અનુવાદ કરવામાં આ સાયણભાષ્યોએ ઘણી મોટી મદદ કરી છે. સાયણભાષ્યની મદદ વિના વેદમન્ત્રોના અર્થ સમજવા અશક્યવત્ બની રહ્યા હોત એ નિર્વિવાદ હકીકત છે.

૯. ઋગ્વેદનો કૃતિલક્ષી પરિચય

અગાઉ જણાવ્યું છે તે મુજબ 'વ્યાકરણ-મહાભાષ્ય'માં પતંજલિએ ઋગ્વેદની ૨૧ શાખાઓ હતી એવો ઉલ્લેખ કર્યો છે. તથા શૌનકના સમયમાં ઋગ્વેદ સંહિતા કુલ પાંચ શાખાઓમાં સચવાઈ રહી હતી. જેમ કે-શાકલ શાખા, બાષ્કલ શાખા આશ્વલાયન શાખા, શાંખાયન શાખા અને માંડૂકાયન શાખા. પરંતુ વર્તમાન સમયમાં તો ઋગ્વેદની કેવળ એક જ શાખા-શાકલ શાખા-મળી આવે છે.

આ શાકલ શાખામાં સચવાઈ રહેલી ઋગ્વેદ-સંહિતાનું સંગ્રથન બે પ્રકારે કરવામાં આવ્યું છે : (૧) અષ્ટક ક્રમ અને (૨) મંડલ ક્રમ.

(૧) અષ્ટક ક્રમ : ઋગ્વેદ સંહિતામાં ૧૦,૫૫૨ મન્ત્રો આવેલા છે આ બધા મન્ત્રોને લગભગ સરખા વિસ્તારવાળા 'અષ્ટક' નામના કુલ આઠ વિભાગોમાં વહેંચી કાઢવામાં આવ્યા છે. આ દરેક અષ્ટકમાં આઠ-આઠ અધ્યાયો આવેલા છે, (એટલે કે કુલ ૬૪ અધ્યાય આવેલા છે.) અને તે દરેક અધ્યાયમાં (લગભગ પાંચ-પાંચ મન્ત્રોના બનેલા એવા કુલ ૩૩ વર્ગો આવેલા હોય છે. (ક્યારેક કોઈ વર્ગમાં એક મન્ત્ર કે નવ મન્ત્રો પણ મૂકવામાં આવ્યા છે.) શાકલની આખી ઋગ્વેદ ા સંહિતામાં આવા ૨૦૨૪ વર્ગો આવેલા છે. આ અષ્ટક—વ્યવસ્થા સમગ્ર ઋગ્વેદને સ્મૃતિમાં

આરૂઢ કરવાના આશયથી જ વિચારવામાં આવી છે. તેમાં કોઈ વિષયાનુસારી પૃથક્કરણ નથી.

(૨) મંડલ ક્રમ : ઋગ્વેદ સંહિતાને આ, જે 'મંડલ ક્રમે' વિભાજિત કરવામાં આવી છે તે વ્યવસ્થા વધારે પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ જણાય છે. આ વ્યવસ્થા અનુસાર ઋગ્વેદના લગભગ દશ હજાર મન્ત્રોને દશ મંડળોમાં વિભક્ત કરવામાં આવ્યા છે. આ દશ મંડળોમાં નાના નાના ૮૫ અનુવાકો આવેલા છે, અને તે અનુવાકોમાં કુલ ૧,૦૨૮ સૂક્તો આવેલાં છે. આ સૂક્તોમાં ૧૦,૫૫૨ મન્ત્રો આવેલા છે. (શૌનકની 'અનુવાકાનુક્રમણી' અનુસાર ઋગ્વેદમાં ૧૦,૫૮૦ મન્ત્રો આવેલા હતા, અને કુલ ૧,૫૩,૮૨૬ શબ્દો હતા.)

	મંડળ	સૂક્ત	મન્ત્રસંખ્યા
(૧)	પ્રથમ	૧૯૧	૨૦૦૬
(૨)	દ્વિતીય	૪૩	૪૨૯
(૩)	તૃતીય	૬૨	૬૧૭
(૪)	ચતુર્થ	૫૮	૫૮૯
(૫)	પંચમ	૮૭	૭૨૭
(૬)	ષષ્ઠ	૭૫	૭૬૫
(૭)	સપ્તમ	૧૦૪	૮૪૧
(૮)	અષ્ટમ	૯૨ (+ ૧૧ સૂક્તો)	૧૬૩૬ + ૮૦
(૯)	નવમ	૧૧૪	૧૧૦૮
(૧૦)	દશમ	૧૯૧	૧૭૫૪
		૧,૦૧૭ સૂક્તો	૧૦,૫૫૨

+ ૧૧ વાલખિલ્ય સૂક્તો * (જે પ્રક્ષિપ્ત ગણાય છે.)

૧,૦૨૮ { દશેય મંડલના થઈને કુલ મન્ત્રો ૧૦,૫૫૨ છે.

આ મંડળ અને સૂક્તોમાં વિભાજનવાળી વ્યવસ્થા વિષયાનુસારી છે; પૃથક્ પૃથક્ દેવોની સ્તુતિ પૃથક્ સૂક્તોમાં (જ) પ્રાયઃ સંગૃહીત કરવામાં આવી છે.

પ્રાતિશાખ્યના કોઈ પણ ગ્રન્થમાં, અને યાસ્કના નિરુક્તમાં ઋગ્વેદના 'અષ્ટક ક્રમ'નો નિર્દેશ નથી. પરંતુ ઋગ્વેદ પ્રાતિશાખ્યમાં અને યાસ્કના નિરુક્તમાં તો

'ઋગ્વેદ'ને માટે દશતયી શબ્દ વપરાયો છે, જે સંભવતઃ દશ મંડળોનો નિર્દેશ કરે છે. આ દૃષ્ટિએ મંડળોના ક્રમે ઋગ્વેદનું જે વિભાજન થયેલું છે તે પ્રાચીન હશે એમ જણાય છે. જ્યારે કાત્યાયનની 'અનુક્રમણી'માં ઉપર્યુક્ત બન્ને વ્યવસ્થાઓ-અષ્ટક-ક્રમ અને મંડલ ક્રમ-નો ઉલ્લેખ છે.

૧૦. સૂક્તોના પ્રકાર

ઋગ્વેદનાં સૂક્તોની ઉત્પત્તિ કોઈ પણ પ્રકારના યજ્ઞયાગાદિ ક્રિયાકાંડથી અતિરિક્તપણે માત્ર દેવો પ્રત્યેની ભલીભોળી ભાવાભિવ્યક્તિમાંથી થઈ કે તેમની ઉત્પત્તિ કેટલાક યજ્ઞયાગાદિ ક્રિયાકાંડમાં સહાયભૂત થવા માટે પુરોહિતોએ કારીગરીપૂર્વક કરી ?-એ મુદ્દો ખૂબ જ ચર્ચાયેલો છે. એક તરફથી કેજી, અને તેમને અનુસરીને મેક્સમ્યૂલર અને રૉથ માને છે કે આ ઋગ્વેદનાં સૂક્તોમાં પ્રાચીન કવિતાના પ્રાણવાન ધબકારા સંભળાય છે. બીજી તરફ, વેબર તેમના History of Indian Literature (p. 35)માં જણાવે છે કે આ સૂક્તોમાં તે જમાનામાં પ્રચલિત એવી કેટલીક બાલિશ-ભલીભોળી-માન્યતાઓના અવશેષો મૂકવામાં આવ્યા છે. આવું ગ્રીક સાહિત્યમાં પણ જોવા મળે છે. ભારતીય સાહિત્યના પ્રતિભાશાળી અને તટસ્થ વિદ્વાન ઓલ્ડનબર્ગ માને છે-ઋગ્વેદ એ ભારતીય સાહિત્ય અને ધર્મનો પ્રાચીનમાં પ્રાચીન દસ્તાવેજ છે. તો બીજા કેટલાક વિદ્વાનો કહે છે કે ઋગ્વેદના હોતાઓ પ્રાચીન સમયથી ચાલ્યા આવતા રિવાજ મુજબ ભવ્ય સોમવલ્લીને માટે મન્ત્રો બોલતી વખતે, તેઓ ક્યા ચોક્કસ દેવની સ્તુતિ કરે છે તે કહેતા નથી. પણ તે હોતાઓ ખુશામત કરતી કલ્પનાની વાચાળતાથી જેટલાં વિશેષણો તેમને મળી આવે છે તે બધાં જ પ્રશંસાત્મક વિશેષણોથી તે દેવને માટે વાપરે છે; અને તે દેવના સ્વરૂપને ઢાંકી દે છે. ત્રીજા તરફ, ઓલ્ડનબર્ગ કહે છે તેમ આવી કવિતા માત્ર યજ્ઞકાર્યોમાં પુરોહિતોના વર્તુળોમાંથી ઉત્પન્ન થઈ હશે. આ વિધાનમાં બરગેઈન, પીશેલ, ગેલ્ડનર અને બ્લૂમફીલ્ડ તેમની સાથે સમ્મત થાય છે.

જ્યારે વિન્ટરનિત્ઝને આ બધા અભિપ્રાય અતિશયોક્તિભર્યા લાગે છે, અને તેઓ માને છે વૈદિક સાહિત્યને લગતા બધા જ ચર્ચાસ્પદ મુદ્દાની જેમ અહીં પણ સત્ય તો વચ્ચે જ (મધ્યમ માર્ગ સ્વીકારવામાં જ) રહેલું છે. એ વાતમાં શંકા નથી કે ઋગ્વેદનાં કેટલાંક સૂક્તો યજ્ઞયાગાદિ ક્રિયાકાંડોથી અતિરિક્ત, પણ સ્વતન્ત્ર રીતે જ રચાયાં છે, અને તેમાં પ્રાચીન ધાર્મિક પ્રાણ ધબકે છે. જ્યારે બીજાં પણ કેટલાંક સૂક્તો છે કે જેની રચના માત્ર યજ્ઞક્રિયા માટે જ કરવામાં આવી છે; અને તેવાં સૂક્તોને પુરોહિત કવિઓએ કારીગરીપૂર્વક રચ્યાં છે. હોપકીન્સ પણ વિન્ટરનીત્ઝના

જેવો જ અભિપ્રાય ધરાવે છે. તેમણે કહ્યું છે કે ઋગ્વેદમાં ઘણાં એવાં સૂક્તો છે કે જેમાં સાચે જ કાવ્યતત્ત્વ.પડેલું છે અને આવાં સૂક્તોમાં ક્રિયાકાંડનો થોડોકેય નિર્દેશ નથી. કેટલોક અંશ એવો જરૂર છે કે ખૂબ આગળ વધી ગયેલા ક્રિયાકાંડનો જે સમકાલિક જણાય છે, અથવા તો કેટલાક મન્ત્રો એવા પણ જોવા મળે છે કે જે તાત્કાલિક યજ્ઞયાગાદિના ક્રિયાકાંડમાંથી જ સીધા જન્મ્યા હોય. પરંતુ બીજો ઘણો મોટો ભાગ એવો પણ છે કે જેનાં સૂક્તોની રચના સ્વતન્ત્રપણે જ થઈ છે, અને તેને યજ્ઞયાગાદિ જોડે કંઈ લેવાદેવા નથી.

વિન્ટરનિત્ઝ ઋગ્વેદનાં સૂક્તોને જુદા જુદા પાંચ વિભાગોમાં વહેંચી કાઢે છે :

(૧) **ઊર્મિકાવ્યો :** ઋગ્વેદમાં કેટલાંક સુંદર ઊર્મિકાવ્યો છે. જેવાં કે - ઉષસ્, પર્જન્ય, અરણ્યાની, મરુત અને સૂર્યસૂક્ત.

(૨) **પ્રાર્થના કાવ્ય :** ઋગ્વેદનાં કેટલાંક સૂક્તોમાં દેવતાઓની સ્તુતિઓ કરવામાં આવી છે, અને તેમની પાસેથી ધન-ધાન્ય, વીરપુત્રો, શત્રુઓનો નાશ વગેરેની કામના કરવામાં આવી છે. આમાં અગ્નિસૂક્તો, ઈન્દ્રસૂક્તો અને સોમસૂક્તોને મૂકી શકાય.

(૩) **તત્ત્વજ્ઞાન વિષયક સૂક્તો :** ઋગ્વેદમાં એવાં પણ કેટલાંક સૂક્તો મળી આવે છે કે જેમને યજ્ઞની સાથે કઈ પણ સંબંધ નથી. તે કેવળ સૃષ્ટિવિષયક કલ્પનો રજૂ કરે છે; અને/અથવા તત્ત્વજ્ઞાનની શરૂઆત કરે છે.

(૪) **આખ્યાન સૂક્તો :** ઋગ્વેદમાં બે પાત્રો વચ્ચે સંવાદો થતા હોય તેવાં સૂક્તો પણ મળી આવે છે. જેમાં યમ-યમી, પુરૂરવા-ઉર્વશી, વિશ્વામિત્ર અને નદી, સરમા—પણિ, અક્ષસૂક્તો વગેરેનો સમાવેશ થઈ શકે છે. ઋગ્વેદમાંથી ઉપલબ્ધ થતા આવાં આખ્યાન-સંવાદસૂક્તમાં ઓલ્ડનબર્ગ પાછળથી રચાયેલા સંસ્કૃત નાટકોનું બીજ જુએ છે. આ મન્ત્રોને પણ યજ્ઞક્રિયા સાથે કોઈ સંબંધ નથી.

(૫) **કૂટ કાવ્યો :** આમાં ઋગ્વેદમાંથી મળી આવતી દાનસ્તુતિઓ વગેરે સૂક્તોનો સમાવેશ થાય છે. તેમને યજ્ઞક્રિયા સાથે ઉપલક દૃષ્ટિએ સંબંધ છે.

ડૉ. વી. એસ. ઘાટે ઉપરના વર્ગીકરણને ત્રણ ભાગમાં સમાવી લે છે :

(૧) ધર્મસંબંધી સૂક્તો.

(૨) તત્ત્વજ્ઞાનવિષયક સૂક્તો.

(૩) વ્યાવહારિક સૂક્તો.

આ રીતે ઋગ્વેદમાં પ્રાચીન ભારતીય કાવ્યોના નમૂનાઓ છે. કદાચ તેનો ઘણો મોટો ભાગ તો નાશ જ પામ્યો હશે, વળી આ સૂક્તોમાંથી કેટલાકમાં યજ્ઞવિષયક

કે યજ્ઞને લાગુ પાડી શકે તેવા મન્ત્રો છે. તેથી જ કદાચ તેમનો ઋગ્વેદ સંહિતામાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેમ છતાં સંગ્રહકારો માત્ર સાહિત્યિક હેતુ જ સાધતા શુદ્ધ, બિનસાંપ્રદાયિક (Secular) કાવ્યોને પણ તેમાં લેવાનું ચૂક્યા નથી.

* * *

વેદમન્ત્રોનું અર્થઘટન કરનારી વિવિધ રીતોમાંથી જે નૈરુક્ત પરંપરા છે. તદનુસાર, જો આપણે વેદમન્ત્રોમાં 'પ્રાકૃતિક ઘટનાઓનું રૂપકાત્મક આલેખન છે' એમ માનીએ તો, વેદમન્ત્રોમાં રહેલું કાવ્યતત્ત્વ જરૂર હાથ લાગશે. બીજી તરફ, ભારતીય પરંપરામાં પૂર્વમીમાંસાના વિચારકો એમ પણ માને છે કે आम्नायस्य क्रियार्थत्वात्, आनर्थक्यम् अतदर्थानाम् । 'વેદમન્ત્રો (યજ્ઞાદિ) ક્રિયાઓ માટે (જ) છે; આ સિવાયના બીજા કોઈ મન્ત્રો હોય તો તે અનર્થક છે એમ જાણવું.' એટલે કે વેદમન્ત્રોમાં કેવળ યજ્ઞયાગાદિના ક્રિયાકાંડનું જ વર્ણન છે; (એમાં કાવ્યતત્ત્વ, ઈતિહાસ વગેરે નથી.) એવું માનનારો પક્ષ પણ આપણે ત્યાં છે. અસ્તુ.

૧૧. ઋગ્વેદના દશ મંડલોનું સંગ્રથન

'વેદ' એટલે પરમજ્ઞાન; ઈશ્વરીય જ્ઞાન. આ 'વેદ' શબ્દ 'બાઈબલ' કે ત્રિપિટક' શબ્દોની માફક "કોઈ એક સમયે કરાયેલો સંખ્યાબંધ પુસ્તકોનો સંગ્રહ" એવો અર્થ સૂચવતો નથી. 'વેદ' શબ્દ તો 'એક સમગ્ર સાહિત્ય' એવો અર્થ દર્શાવે છે. જે સાહિત્ય બહુ પ્રાચીન અને લાંબા કાલખંડમાં સંખ્યાબંધ સંકલનો થયા પછી ઉત્પન્ન થયું છે; અને જે સાહિત્યનું વિતરણ/સંચરણ સદીઓ સુધી મૌખિક પરંપરાથી થતું રહ્યું છે. આ અર્થમાં જ ડૉ. વી. એસ. ઘાટે જણાવે છે કે - "ઋગ્વેદ" એક નથી. જો આપણે 'પુસ્તક' શબ્દનો અર્થ 'કોઈ એક માણસે ચોક્કસ સમયે પોતાના વિચારોનું કરેલું આલેખન' એવો કરતા હોઈએ તો, જે સ્વરૂપમાં આજે ઋગ્વેદસંહિતા આપણી પાસે આવી છે તે સ્વરૂપ ચોક્કસપણે બતાવે છે કે **તેની અંદરનાં જુદાં જુદાં સૂક્તો જે સમયે તેમાં મૂકાયાં હશે અને વ્યવસ્થિતપણે ગોઠવાયા હશે તેની પહેલાં ઘણા લાંબા સમય પૂર્વે રચાયાં હશે.**"[1]

ઋગ્વેદના દશ મંડલની અંદર ૧૦૨૮ સૂક્તોનો સમાવેશ કરેલો છે. અહીં એક જ ઋષિના, એક જ શાખાના, કે એક જ ઋષિના કુટુંબનાં સૂક્તોને એકી સાથે જ મૂકવામાં આવ્યા છે. આવાં સૂક્તોનો મોટો ભાગ ૨ થી ૭ મંડલોમાં મૂકવામાં આવ્યો છે. આ મંડલોને 'કુલમંડલ' કે 'કુટુંબમંડલ' કહેવામાં આવે છે. કારણ

---

૧. આઠમા મંડલનાં ૪૯ થી ૫૯ સૂક્તો (જેમાં ૮૦ મંત્રો છે) તે 'વાલખિલ્ય સૂક્ત' તરીકે ઓળખાય છે.

કે, પરંપરા પ્રમાણે, આ પ્રત્યેક મંડલનું કર્તૃત્વ જે જે ઋષિએ તેના અંદરનાં સૂક્તોનું દર્શન કર્યું હોય તે તે ઋષિનું ગણવામાં આવ્યું છે. આ રીતે ૨ થી ૭ મંડલોના ઋષિઓ નીચે પ્રમાણે છે :

મંડલ ક્રમાંક	ઋષિ		ઋષિ
		(૫)	અત્રિ
(૨)	ગૃત્સમદ	(૬)	ભારદ્વાજ
(૩)	વિશ્વામિત્ર	(૭)	વસિષ્ઠ
(૪)	વામદેવ	(૮)	કણ્વ અને અંગિરસ તથા તેમના વંશજો

આમ ૨ થી ૭ સુધીનાં મંડલોને કુલમંડલો કહેવામાં આવે છે. આ મંડલોને અતિપ્રાચીન ગણવામાં આવે છે; અને તેમાં સૂક્તોની ગોઠવણી એક જ જાતની જોવા મળે છે. જેમ કે-પહેલાં અગ્નિદેવતાની સ્તુતિ કરતાં સૂક્તો, પછી તરત ઈન્દ્રદેવતાની સ્તુતિ કરતાં મન્ત્રોવાળા સૂક્તો મૂકવામાં આવે છે વગેરે. આ સિવાયનાં મંડલો-પહેલું, આઠમું, નવમું અને દશમું-પાછળથી જોડવામાં આવ્યાં હશે એવું પ્રો. મેક્ડોનલ વગેરે વિદ્વાનો માને છે. આઠમા મંડલમાં કણ્વ અને અંગિરા ઋષિએ, તથા તેમના વંશજોએ 'જોયેલા' મન્ત્રોનો સંગ્રહ કરવામાં આવ્યો છે તથા 'વાલખિલ્ય' નામનાં સૂક્તોનો પણ આ મંડલમાં જ પ્રક્ષેપ કરવામાં આવ્યો છે એમ મનાય છે. નવમા મંડલનાં સૂક્તોનું દર્શન જુદા જુદા અનેક ઋષિઓએ કર્યું છે; પરંતુ તેમાં એક બીજા પ્રકારનું વૈશિષ્ટ્ય છે. જેમ કે, આ નવમા મંડલને 'પવમાન (સોમ) મંડળ' કહેવામાં આવે, કારણ કે આ મંડળમાં કેવળ 'સોમ'ને ઉદ્દેશીને રચાયેલા મન્ત્રોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ રીતે ૨ થી ૯ મંડલોની સંઘટના થયા પછી, પાછળના સમયમાં તેની આગળપાછળ એક એક મંડળ, જેમ કે પહેલું મંડળ અને દશમું મંડલ-જોડવામાં આવ્યું હશે. આ દૃષ્ટિએ પહેલું મંડળ અને દશમું મંડળ અર્વાચીન ગણાય છે. ભાષા, છંદ, વિચારો વગેરેની દૃષ્ટિએ આ દશમું મંડળ બાકીનાં મંડલો કરતાં જૂદું પડે છે.

આ દશ હજાર મન્ત્રોની સંખ્યાવાળી ઋગ્વેદ સંહિતા પૂરી થયા પછી તેની પાછળ ઋગ્વેદના બે (ઐતરેય અને કૌષીતકિ) બ્રાહ્મણો, બે આરણ્યકો-ઐતરેયારણ્યક અને કૌષીતકિ આરણ્યકો અને બે ઉપનિષદ્ ઐતરેયોપનિષદ્ અને કૌષીતકિ ઉપનિષદ્ જોડવામાં આવ્યાં છે.

* * *

૧૨. ઋગ્વેદનાં દશ મંડળોનો વિન્યાસક્રમ

ભારતીય પરંપરા મુજબ તો ચારેય વેદો ઈશ્વરનું નિઃશ્વસિત છે; તે કોઈ મનુષ્યની રચના-કૃતિ-નથી જ. પણ પાશ્ચાત્ય વિદ્વાનોએ ઋગ્વેદનાં દશેય મંડળોના સૂક્તોની સંખ્યા, સ્તુત્ય દેવતાઓનો ક્રમ, તે તે સૂક્તોના દ્રષ્ટા ઋષિઓનો, અને પ્રતિપાદ્ય વિષયાદિનો પૃથક્કરણાત્મક અભ્યાસ કરીને એવું અનુમાન ઘડ્યું છે કે આ મંડળોનું સંગ્રથન કોઈ એક કાળમાં થયું નથી. આ મતને સ્વીકારીને પ્રો. વી.એસ. ઘાટે સાહેબ પણ કહે છે કે –

It is rather a compilation of several books which can be individually distinguished from each other.

અર્થાત્ ઋગ્વેદ એ વિવિધ મંડળોનું સંકલન છે; અને તે દરેક મંડળને પરસ્પરથી જુદાં તારવી શકાય છે.

વિદ્વાનોએ ઋગ્વેદનાં આ દશ મંડળોને પાંચ ક્રમમાં સંગ્રથિત થયેલા દર્શાવ્યા છે. જેમ કે,

(क) ઋગ્વેદના પ્રાચીનતમ અંશ એવા 'કુલ મંડળો' (= પરિવાર મંડળો) (૨ થી ૭ મંડળો)નું સૌથી પહેલાં સંગ્રથન કરવામાં આવ્યું હશે. આમ માનવા માટેનાં પ્રમુખ કારણે નીચે મુજબ છે :-

(૧) આ ૨ થી ૭મા મંડળમાં કોઈ એક જ ઋષિના, કે તેના પરિવાર (ગોત્ર)માં જન્મેલા ઋષિઓએ જ જોયેલાં (દર્શન કરેલાં) સૂક્તો સંગ્રહાયાં છે.

(૨) કુલ મંડળોમાં સૂક્તોની ગોઠવણી દેવતાના નિશ્ચિત ક્રમે કરવામાં આવેલી છે. જેમકે, પહેલા અગ્નિદેવનાં સૂક્તો, પછી ઈન્દ્રદેવતાનાં સૂક્તો અને ત્યાર પછી વિશ્વદેવો, અને પછી ગૌણ દેવો જેવાં કે, ઉષા, બૃહસ્પતિ, અશ્વિનૌ, ઋભુ વગેરે.

(૩) આ કુલમંડળોમાં ક્યાંક ક્યાંક સૂક્તોમાં અમુક ધ્રુવપંક્તિ હોય છે, તે લગભગ સરખી હોય છે.

(ख) કુલમંડળોનું = ૨ થી ૭ મંડળોનું સંકલન થઈ ગયા પછી બીજા ક્રમે આઠમા મંડળનું સંગ્રથન થયું હશે. કારણ કે આંશિક રૂપે આ પણ 'કુલમંડળ' કહી શકાય એમ છે. આમાં બધાં જ નહીં, તો પણ મોટા ભાગનાં સૂક્તો કણ્વ ઋષિના પરિવારે જોયેલાં સૂક્તોનો સમૂહ છે. આ વિશેષતાને કારણ તે આઠમા મંડળને કુલમંડળોની (= સાતમા મંડળ)ની પાછળ ગોઠવવામાં આવ્યું હશે.

કુલમંડળો પછી જ આઠમા મંડળનું સંકલન થયું હશે એમ માનવા માટે બીજું પણ એક પ્રમાણ એ છે કે આ મંડળની શરૂઆત કુલમંડળોની જેમ અગ્નિસૂક્તથી

થતી નથી, પણ અહીં ઇન્દ્રાદિ દેવની સ્તુતિ પહેલાં મૂકી છે. આ મંડળની વિશેષતા રૂપે અહીં પ્રગાથ છન્દનો વિનિયોગ અધિક છે.

વળી, આ આઠમા મંડળના અમુક અંશે પ્રથમ મંડળના પૂર્વાર્દ્ધ સાથે સામ્ય પણ ધરાવે છે. જેમકે, કેટલીક ઋચાઓ બન્નેમાં શબ્દશઃ (કે ક્યારેક કેવળ અર્થની દૃષ્ટિએ) એકસરખી જોવા મળે છે અને આવી ઋચાઓના દ્રષ્ટા પણ કણ્વ ઋષિ જ છે. આ સામ્યને આધારે પણ એવું અનુમાન કરવામાં આવ્યું છે કે આઠમું મંડળ અને પ્રથમ મંડળનો પૂર્વાદ્ર્ધ-એ બન્ને કોઈ સમાનકાળે રચાયા હશે; અને આ સમય પેલા (૨ થી ૭ના) 'કુલમંડળો'ની પછીનો જ હશે.

(ગ) મંડળોના વિન્યાસક્રમમાં ત્રીજો ક્રમ આવે છે નવમા મંડળનો, આ મંડળની ગૂંથણી કેવળ સોમસૂક્તોથી કરવામાં આવી છે. એટલે કે અહીં કેવળ 'પવમાન સોમ' દેવતાની સ્તુતિ કરતા મન્ત્રો જ સંગૃહીત છે. અહીં કુલમંડળોના જ ઋષિઓએ સોમ સંબંધી જે સૂક્તો રચ્યાં હશે, તે સૌને જુદાં એકત્રિત કરીને, ૨ થી ૮ મંડળોની પાછળ ગોઠવ્યાં હશે. આમ નવમા મંડળનો વિન્યાસક્રમ ત્રીજો જણાય છે.

(ઘ) ચોથા ક્રમે, એટલે કે ૨ થી ૯ મંડળોનું ઉપર્યુક્ત ક્રમે સંકલન થઈ ગયા પછી, તેમની પૂર્વમાં પ્રથમ મંડળને જોડવામાં આવ્યું હશે. અગાઉ કહ્યું છે તેમ આ પ્રથમ મંડળના પૂવાર્દ્ધનું સામ્ય આઠમા મંડળની કેટલીક ઋચાઓ સાથે છે; તથા ૨ થી ૯ મંડળના સંકલન સમય બાદ, અને ૧૦મા મંડળની ગૂંથણી થઈ તે પૂર્વે, એટલે કે ઋગ્વેદમાં ચોથા ક્રમે આ પ્રથમ મંડળની સંકલના થઈ હોઈ એમ વિદ્વાનોને લાગ્યું છે.

(ङ) સૌથી છેલ્લા, પાંચમા ક્રમે ઋગ્વેદના દશમા મંડળની સંકલના થઈ જણાય છે. આવું માનવા માટેનાં કારણો નીચે મુજબ છે :

(૧) દશમા મંડળના એક 'વર્ગ' (એટલે કે સૂક્ત ૨૦ થી ૨૬)ની શરૂઆત अग्निमीळे० । એવાં પદોથી થાય છે; જે ઋગ્વેદના પ્રથમ મંડળ (૧-૧-૧)નું અનુકરણ છે.

(૨) પ્રથમ મંડળની કુલ સૂક્તસંખ્યા ૧૯૧ છે, તે મુજબ આ દશમા મંડળની સૂક્તસંખ્યા પણ ૧૯૧ જ રાખવામાં આવી છે.

(૩) કુલમંડળોના ઋષિઓએ રચેલાં/જોયેલાં સોમ સૂક્તોને, જુદાં તારવીને, નવમા મંડળ તરીકે સ્થાપવાની પ્રક્રિયા એવું સૂચવે છે કે ત્યાં (નવમા મંડળના અંત સાથે) ઋગ્વેદની મૂળ સંહિતા પૂરી થઈ ગઈ ગણાય. પણ એ પછી, વિવિધ પ્રકારનાં-

કેટલાક નવા દેવતાઓવાળાં-સૂક્તોના સંકલનરૂપ દશમું મંડળ એ સમયની દૃષ્ટિએ પાછળનું જ ઉમેરણ હોઈ શકે.

(૪) ઋગ્વેદના પ્રાચીનતમ અંશરૂપ ગણાયેલા કુલમંડળોમાં જે (અગ્નિ, ઈન્દ્ર, વરુણાદિ) દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે તે એક રીતે જોઈએ તો પ્રાકૃતિક શક્તિઓ/ઘટનાઓમાં દેવત્વનું આરોપણ છે અને તેમને પુરુષ વિગ્રહવાળા દેવો કલ્પીને સ્તુતિ કરવામાં આવી છે. પરંતુ આ છેલ્લા દશમા મંડળમાં તો કેટલીક સૂક્ષ્મ મનોભાવનાઓમાં દેવત્વનું આરોપણ કરીને, मनस्, सत्य, वाक्, ज्ञान, मन्यु, श्रद्धा જેવા દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે. વળી, યક્ષ્મનાશન, દુઃસ્વપ્નનાશન, અલક્ષ્મીઘ્ન અને સપત્નીઘ્ન વિષયક સૂક્તો પણ અહીં જોવા મળે છે. સામાન્ય રીતે આ પ્રકારનાં વિષયોવાળાં સૂક્તો તો અથર્વવેદમાં જ જોવા મળે છે. એ જ પ્રમાણે, ઘણાં બધાં દાર્શનિક સૂક્તો, સૃષ્ટિની ઉત્પત્તિ વર્ણવતાં, ચાર વર્ણોવાળી મનુષ્ય-પ્રજાની ઉત્પત્તિ, અન્ત્યેષ્ટિ સંસ્કારને લગતા અને સંવાદસૂક્તો પણ મહદંશે આ મંડળમાં જ જોવા મળે છે. આથી ઋગ્વેદની સંહિતામાં છેલ્લે જોડવામાં આવેલું આ દશમું મંડળ સંકલનક્રમમાં પણ છેલ્લે જ રહ્યું હશે, એમ સ્પષ્ટ દેખાઈ આવે છે.

(૪) આ ઉપરાંત, ભાષાકીય દૃષ્ટિએ જોઈએ તો અમુક પ્રકારની પદરચનાઓ અને સંધિબાહુલ્ય એ પણ આ દશમા મંડળની અર્વાચીનતા તરફ અંગુલિનિર્દેશ કરે છે, જેમકે, ઘણે સ્થળે સન્ધિ કરેલાં પદો જ વપરાયાં છે. र ધ્વનિને બદલે ल ધ્વનિ સવિશેષ વપરાય છે, પ્રથમા બહુવચનમાં आसस् પ્રત્યયવાળાં (દા.ત. जनासः) રૂપોનો વપરાશ ઘટી ગયો છે. અગાઉ અનેકવાર વપરાયેલો सीम् અવ્યય અહીં ૧૦મા મંડળમાં કેવળ એકવાર જ જોવા મળે છે.

આ ઋગ્વેદનાં દશેય મંડળોનો સંકલનક્રમ આવો માનવામાં આવ્યો છે :

(૧) ૨ થી ૭ મંડળો, (૨) ૮મું મંડળ, (૩) ૯મું મંડળ, (૪) પ્રથમ મંડળ અને (૫) સૌથી છેલ્લે ૧૦મું મંડળ ગોઠવવામાં આવ્યું હશે.

૧૩. વેદાર્થઘટનના બે પ્રમુખ માર્ગો

યાસ્ક (ઇ.સ. પૂર્વે ૬૦૦)ના 'નિરુક્ત'માં નોંધાયું છે તે મુજબ, અતિપ્રાચીન સમયથી વેદ સાહિત્યની પ્રત્યે બે પ્રકારના અભિગમ ભારતીય પરંપરામાં જ ઊભા થયા હતા : (ક) 'વેદો સાર્થક છે' એમ કહેનારા નૈરુક્તો; અને 'વેદો અનર્થક છે' એમ કહેનારા કૌત્સ જેવા આચાર્યો; તથા (ખ) વેદો અપૌરુષેય (ઈશ્વરપ્રણીત) છે; અને તેથી (અનાદિ–અનંત) છે. તથા સામે છેડે વેદો પૌરુષેય–મનુષ્યકૃત– છે, અને તેથી તેમાં ઇતિહાસ વાંચી શકાય છે, જોઈ શકાય છે. આમ, વેદ પ્રત્યેના આ બન્ને અભિગમો આપણને આધુનિક વેદાભ્યાસીઓને–વારસામાં મળ્યા છે.

હવે "વેદો સાર્થક છે" એવો પક્ષ સ્વીકારીને આગળ ચાલીએ કે તરત જ બીજો પ્રશ્ન ઊઠે છે કે વેદોને અપૌરુષેય માનવા કે પૌરુષેય ? તો યાસ્કે તો વેદોને અપૌરુષેય માનનારા યાજ્ઞિકો (= પૂર્વમીમાંસકોના પુરોગામી આચાર્યો) અને નૈરુક્તોના મત નોંધવાની સાથેને સાથે, વેદમન્ત્રોમાં ઈતિહાસ વાંચનારા ઐતિહાસિકો પણ ઉલ્લેખ્યા છે. હવે જો વેદોમાં કોઈ નિશ્ચિત સમયે, સ્થળે બનેલી ઘટનાઓ નોંધાઈ છે એમ માનો તો વેદો નિત્ય નથી; ઈશ્વરપ્રણીત નથી, પણ મનુષ્યકૃત રચના છે—પૌરુષેય છે—એમ બોલવું પડે. તો આવું માનનારા ઐતિહાસિકો પણ નિરુક્તમાં જ નોંધાયા છે.[1]

(૧)

વેદોને અપૌરુષેય માનીને, તેમાંથી આધ્યાત્મિક અર્થ તારવવાનો પ્રયાસ કરનારા પરિવ્રાજકો અને આત્મવિદો પણ નિરુક્તમાં ઉલ્લેખ પામ્યા છે. આ પરંપરાને આધુનિક સમયમાં આગળ ચલાવનારા મહર્ષિ અરવિંદ જેવા યોગીઓ પણ આપણી સામે છે. જેમણે વેદોમાં પરમ ઈશ્વરીય ગૂઢજ્ઞાન છે એવો અભિગમ સ્વીકારીને વેદાર્થઘટનના પ્રયાસ કર્યા છે. (જુઓ : "વેદોનું રહસ્ય" લે. અરવિન્દ ઘોષ). એ જ પ્રમાણે, **મહર્ષિ દયાનન્દ સરસ્વતીજી**એ પણ, મુખ્યત્વે વ્યાકરણની મદદથી **વેદમન્ત્રોમાં ઉપલક દૃષ્ટિએ દેખાતા બહુદેવતાવાદનું અને વિસંગતિઓનું ખંડન કર્યું છે.** વળી બધા દેવોનાં નામોને "પરમાત્મા" પરક સિદ્ધ કરી બતાવ્યાં છે. એ રીતે તેમણે પણ વેદો અપૌરુષેય છે એ અભિગમને જ પુરસ્કાર્યો છે.

(૨)

પરંતુ યુરોપીયન વિદ્વાનોએ જ્યારે વેદાભ્યાસ હાથ ધર્યો, ત્યારે તેમણે ઉપલક દૃષ્ટિએ જોઈએ તો નૈરુક્ત પરંપરાને અનુસરીને વેદાર્થઘટન કરવાનું શરૂ કર્યું એટલે કે બ્રહ્માણ્ડવ્યાપી જુદા જુદા પદાર્થો અને તત્ત્વો કે જે મનુષ્યજીવનને ઉપકારક અને પ્રભાવક હતાં તેમનામાં દેવત્વનું આરોપણ કરીને તેમની દેવતા રૂપે વેદોમાં સ્તુતિ કરવામાં આવી છે એમ તેમણે પણ સ્વીકાર્યું. દા.ત., તેમણે ઈન્દ્રને વૃષ્ટિનો દેવ (rain–god) માન્યો છે અથવા હિલેબ્રાન્ટના મતે ઈન્દ્ર તે સૂર્ય (sun–god) છે. અહીં દેવતાવાચક અમુક શબ્દથી પ્રકૃતિના કયા તત્ત્વની વેદમાં સ્તુતિ કરવામાં આવી છે ? – તે વિશે તે વિદ્વાનોમાં મતભેદ છે. પણ વૈદિક દેવો તે કોઈકને

---

[1] तत्को वृत्रः । (१) त्वाष्ट्रोऽसुर इति ऐतिहासिकाः । (२) मेघ इति नैरुक्ताः । अपां च ज्योतिषश्च मिश्रीभावकर्मणो वर्षकर्म जायते । तत्रोपमार्थेन युद्धवर्णा भवन्ति । अहिवत्तु खलु मन्त्रवर्णा ब्राह्मणवादाश्च । विवृद्ध्या शरीरस्य स्रोतांसि निवारयांचकार । तस्मिन् हते प्रसस्यन्दिरे आपः ॥ (निरुक्तम् २–५–१७)

કોઈક પ્રકૃતિના તત્ત્વનું જ દેવતા રૂપે કલ્પન છે કે મૂર્તીકરણ છે – એ પાયાના (નિરુક્તોક્ત) વિચારની સાથે સહમત છે. આમ, **પ્રથમ દૃષ્ટિએ યુરોપીય વિદ્વાનો પણ વેદમન્ત્રોનું, પ્રાકૃતિક તત્ત્વોના સ્તવન કરનાર સાહિત્ય રૂપે (નૈરુક્ત) અર્થઘટન કરે છે.** આને Naturalistic school of vedic interpretation કહે છે. પણ આ વિદ્વાનોએ વેદોનું નિરુક્ત પરંપરા મુજબનું અર્થઘટન કરવાનું સ્વીકાર્યું, હોવા છતાંય તેમણે વેદોને અપૌરુષેય માન્યા નથી. ! ત્યાં તેમણે વેદમન્ત્રોના કે વૈદિક દેવોના અર્થઘટનમાં ઐતિહાસિક દૃષ્ટિકોણ દાખલ કર્યો એટલે કે **વેદમન્ત્રો જુદા જુદા કાલખંડમાં** અને **જુદી જુદી ભૂગોળ ઉપર** રચાયા છે તેમ સ્વીકાર્યું.

આવું થવાનું મુખ્ય – કેન્દ્રવર્તી–કારણ એ હતું કે ૧૮મી સદીના લગભગ અન્તભાગે જે તુલનાત્મક ભાષાશાસ્ત્રનો જન્મ થયો, તેણે યુરોપીય વિદ્વાનોને એ વિચારવા પ્રેર્યા કે જગત્‌ની કેટલીક પ્રાચીન ભાષાઓમાં સામ્ય કેવી રીતે હશે ? દુનિયાના દૂર દૂરના છેડા પર રહેતી પ્રજાની ભાષાઓમાં ધ્વનિસામ્ય અને અર્થસામ્ય ત્યારે જ હોઈ શકે કે જ્યારે તેમના પૂર્વજોનાય પૂર્વજો ક્યારેક ક્યાંક સાથે રહેતા હોય.[1] યુરોપીય વિદ્વાનો ભાષાસામ્યનો અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે વેદ અને અવેસ્તાના તુલનાત્મક અભ્યાસે એ મુદ્દો પણ ઉપસાવી આપ્યો કે તે

---

[1] રૉયલ એશિયાટીક સોસાયટી ઓફ ઈન્ડિયા (કલકત્તા)ના ઉદ્‌ઘાટન અંગે ઈ.સ. ૧૭૮૬માં સર વિલિયમ જોન્સે એક પ્રવચન કર્યું હતું. તેમાં તેમણે જણાવ્યું કે ગ્રીક અને લેટિન ભાષાની સાથે ભારતીય સંસ્કૃત ભાષાનું ઘણું સામ્ય જોવા મળે છે. આવું સામ્ય કેવી રીતે હોઈ શકે તે શોધવું જોઈએ. યુરોપ ખંડ અને એશિયા ખંડની આ ભાષાઓ વચ્ચેનું સામ્ય **આકસ્મિક** ન હોઈ શકે. આથી સંભવ છે કે આ ત્રણેય ભાષાઓ, તેમની પણ પુરોગામી એવી કોઈ એક અતિ પ્રાચીન ભાષામાંથી ઉતરી આવી હોય. ગ્રીક, લેટિન અને સંસ્કૃત ઉપરાંત, જગત્‌ની બાકીની જે ભાષાઓ છે (જર્મન, ઈરાનીયન = અવેસ્તાની ભાષા વગેરે) તે પણ આ એક અતિ પ્રાચીન ભાષામાંથી જ ઊતરી આવી હશે. જગત્‌ની વર્તમાન અનેક ભાષાઓનું મૂળ જે કોઈ એક અતિ પ્રાચીન ભાષા હોય તે ભલે અત્યારે ઉપલબ્ધ ન હોય, પણ જગત્‌ની વર્તમાન ભાષાઓનો તુલનાત્મક અભ્યાસ કરીને તે અતિ પ્રાચીન ભાષાનું આપણે સંશોધન–કલ્પન–કરવું જોઈએ. આમ સર વિલિયમ જોન્સે જગત્‌ની ભાષાઓ વચ્ચેના સામ્ય તરફ જે અંગુલિ નિર્દેશ કર્યો, તેણે ૧૯મી સદીમાં 'તુલનાત્મક ભાષાશાસ્ત્ર' (Comparative philology)નો જન્મ કરાવ્યો છે.

તે ગ્રન્થોમાં સ્તુતિ પામેલા દેવતાઓનાં નામોમાં પણ સામ્ય છે ! બીજી તરફ, બોગાઝકૂઈમાંથી મળેલી મૃત્ પટ્ટિકાઓ ઉપર હિત્તી અને મિતાનીઓના રાજા વચ્ચે થયેલા કરારની નોંધોમાં ઈન્દ્ર અને વરુણ—જેવા વૈદિક દેવતાઓનાં નામો પણ વાંચવાં મળ્યાં. આથી તુલનાત્મક ભાષાશાસ્ત્રના પગલે પગલે તુલનાત્મક દેવતાશાસ્ત્ર કે તુલનાત્મક પુરાકથાશાસ્ત્ર (Comparative mythology)નો પણ જન્મ થયો ! આ બે નવા વિકસેલાં શાસ્ત્રોએ મનુષ્ય પ્રજાના આદ્ય વિચલનો—સ્થળાંતરોની ધારણાઓ જન્માવી. [જેમ કે એક મત મુજબ કાસ્પીયન સમુદ્રની ઉત્તરે યૂરાલ અને અલ્ટાઈક પર્વતોની વચ્ચે (અર્થાત્ ઉત્તરનાં કીર્ગીઝનાં મેદાનોમાં) આર્યપ્રજા નિવાસ કરતી હતી અને કાલક્રમે ત્યાંથી બે ટોળીમાં છુટી પડીને આર્યપ્રજા જગત્માં ફેલાઈ (—એક ટોળી યુરોપ તરફ આગળ વધી તો બીજી ટોળી ઈરાન થઈને ભારત તરફ આગળ વધી.) બીજા એક મત મુજબ, શ્રી બાલ ગંગાધર ટિળકના મતે આર્યો ઉત્તર ધ્રુવમાંથી મધ્ય એશિયામાં આવ્યા હતા અને પછી ઉપર્યુક્ત બે દિશામાં આગળ વધ્યા હતા.] આથી વેદાભ્યાસ કરનારા યુરોપીય વિદ્વાનો જુદા જુદા વૈદિક દેવોમાંથી કયો દેવ ભારત—યુરોપીય કાળનો હશે કે કયો દેવ ઈન્ડો—ઈરાનીયન સમગાળાનો છે અથવા તો આર્યો ભારતના સપ્ત—સિન્ધુના પ્રદેશમાં આવીને સ્થિર થયા તે પછી (ભારતમાં) નવો વિકસેલો/ઉદ્ભૂત થયેલો દેવ છે ? તેવી, દેવોના ઉદ્ભવ અંગેની પૌર્વાપર્યની વાતો પણ વિચારી. દા.ત., યુરોપીય વિદ્વાનોનો એક મત એમ કહે છે કે ઐતિહાસિક દૃષ્ટિએ વિચારીએ તો ઈન્દ્રદેવતા તે આર્યોના સપ્તસિન્ધુ પ્રદેશમાં આવ્યા પછીનો **ભારતીય સમયગાળાનો (નવો વિકસેલો) દેવ છે અને પ્રાકૃતિક અર્થઘટનની દૃષ્ટિએ તે વૃષ્ટિનો દેવ છે, કેમ કે વેદમાં ઈન્દ્રે જળ—મુક્ત કર્યાની વાતો સતત જોવા મળે છે તથા ઈન્દ્રને હંમેશા 'મરુત્વાન્' પણ કહ્યો છે.** જ્યારે બીજા મત મુજબ, ઈન્દ્ર તે સૂર્ય (sun–god) છે અને ભારત—યુરોપીય સમયગાળાનો અતિપ્રાચીન દેવ છે. આદ્ય આર્યપ્રજા જે શિયાળાનો અનુભવ કરતી હતી, જળ બરફ રૂપ બનીને વહેતા બંધ થઈ ગયા પછી વસંત સંપાત થતાં સૂર્યના આગમનથી તે પાણીને વહેતા કરતો હતો. આમ 'ઈન્દ્ર'નું સ્વરૂપ એક દેવ તરીકે નક્કી કરવા માટે યુરોપીયનોએ પ્રાકૃતિક અર્થઘટનની નિરુક્તોક્ત દિશા પકડી રાખી, પણ તે દેવ કયા સમયગાળાનો, કઈ ભૂગોળનો છે — એ ઐતિહાસિક દૃષ્ટિકોણ પણ ઉમેરી દીધો ! ટૂંકમાં યુરોપીયનોએ વૈદિક દેવોનું પ્રાકૃતિક અર્થઘટન કરવાની સાથે સાથે તેમાં ઐતિહાસિક દૃષ્ટિકોણ પણ સંમિશ્રત કર્યો. આમ ઈતિહાસાનુપ્રાણિત પ્રાકૃતિક અર્થઘટનમાં તેમણે તુલનાત્મક ભાષાશાસ્ત્ર અને તુલનાત્મક પુરાકકથાશાસ્ત્રને (તથા જરૂર પડે ત્યારે નૃવંશશાસ્ત્ર અને ઉપયોગી થાય ત્યાં ઉત્ખનનશાસ્ત્રને પણ) એક સાધન તરીકે ઉપયોગમાં લીધા છે.

આથી હવે વેદનો અભ્યાસ કરવા ઉદ્યત થનાર આધુનિક અભ્યાસીને માટે વૈદિક સંસ્કૃત ભાષાના વ્યાકરણજ્ઞાન, સ્વરજ્ઞાન કે સાયણાદિ ભાષ્યકારોનાં ભાષ્યની જાણકારી હોવી પર્યાપ્ત રહી નથી, તેણે તુલનાત્મક ભાષાશાસ્ત્ર અને તુલનાત્મક પુરાકથાશાસ્ત્રનો પણ અભ્યાસ કરવો અનિવાર્ય બન્યો છે. અલબત્ત, આ બે નવાં શાસ્ત્રોએ 'વેદો અપૌરુષેય છે' એવી સનાતની આસ્થાને બદલવી પડે તેવી એક સુદૃઢ તાર્કિક ભૂમિકા તો ઊભી કરી આપી જ છે.

અલબત્ત, બહુ ઝડપથી અને અચૂક રીતે એ વાત પણ આધુનિક વેદાભ્યાસીને કહેવી જરૂરી છે કે "આર્યો ભારતમાંથી બહાર (પશ્ચિમના દેશોમાં) ગયા છે" એવું જો સાધાર પુરવાર કરી શકાય તો યુરોપીય વિદ્વાનોએ કરેલાં સમગ્ર વૈદિક સંશોધનોને તિલાંજલિ પણ આપી દેવી પડે ! સંસ્કૃતના આજના ભારતીય વિદ્યાર્થીને આ સંશોધન માટેનું આહ્વાન છે !! બલ્કે પડકાર છે !!!

૧૪. ઋગ્વેદનાં સંવાદસૂક્તો

(૧)

ઋગ્વેદનાં ૧૦૧૭ સૂક્તોમાંથી લગભગ બાર–પંદર સૂક્તો 'સંવાદસૂક્ત' તરીકે ઓળખાય છે. સામાન્ય રીતે તો ઋષિઓ ઈન્દ્ર, અગ્નિ, સોમ, વરુણ ઈત્યાદિ દેવને ઉદ્દેશીને તેમનાં રૂપ, સ્વભાવ, પરાક્રમાદિની પ્રશંસા–સ્તુતિ–રજૂ કરતા હોય છે. આવી સ્તુતિઓમાં સાથે સાથે વિવિધ પ્રકારની માંગણીઓ–'પ્રાર્થના'ઓ–પણ ગૂંથી લીધી હોય છે. પણ ડઝનેક જેટલાં સૂક્તો એવાં મળે છે કે જેમાં ભાગ્યે જ કોઈ સ્તુતિ કે 'પ્રાર્થના' હોય છે. આ સૂક્તોમાં તો બે વ્યક્તિઓ વચ્ચેની વાતચીત–સંવાદ–ગૂંથાયેલો હોય તેમ જોવા મળે છે. આથી વિદ્વાનોએ તેવાં સૂક્તોને 'સંવાદસૂક્ત' (dialogue–hymns) તરીકે ઓળખાવેલાં છે. ઋગ્વેદમાં મળતા સંવાદસૂક્તો નીચે મુજબ છે –

	મંડળ	**સૂક્ત**	**વ્યક્તિઓ**
(૧)	૧	૧૬૫	ઈન્દ્ર અને મરુતો
(૨)	૧	૧૭૦	ઈન્દ્ર અને મરુતો
(૩)	૧	૧૭૯	અગસ્ત્ય અને લોપામુદ્રા તથા તેમનો પુત્ર
(૪)	૩	૩૩	વિશ્વામિત્ર અને વિપાટ્–શુતુદ્રી નામની નદીઓ
(૫)	૪	૪૨	ઈન્દ્ર અને વરુણ
(૬)	૭	૩૩	વસિષ્ઠ અને તેના પુત્રો
(૭)	૮	૧૦૦	ઈન્દ્ર અને નેમા ભાર્ગવ

(૮)	૧૦	૧૦	યમ અને યમી
(૯)	૧૦	૨૮	ઈન્દ્ર, વસુક અને તેની પત્ની
(૧૦)	૧૦	૫૧	દેવતાઓ અને અગ્નિ
(૧૧)	૧૦	૮૬	ઈન્દ્ર, ઈન્દ્રાણી અને વૃષાકપિ
(૧૨)	૧૦	૯૫	પુરૂરવા અને ઉર્વશી
(૧૩)	૧૦	૧૦૮	સરમા અને પણિઓ

આ ઉપરાંત – એકોક્તિ (monologue) વાળાં સૂક્તો

(૧૪)	૧૦	૩૪	'અક્ષસૂક્ત'માં જુગારીની એકોક્તિ,
(૧૫)	૧૦	૧૧૯	'ઐન્દ્ર–લબ' સૂક્તમાં સોમથી મત્ત બનેલા પક્ષી રૂપ ઈન્દ્રની ઉક્તિ, તથા
(૧૬)	૧૦	૧૨૫	વાગામ્ભૃણીય સૂક્તમાં વાક્‌દેવીની ઉક્તિ.

આમ કેવળ દશમા મંડળનાં સંવાદસૂક્તોનો વિચાર કરીએ તો તેમાં છ સંવાદસૂક્તો અને ત્રણ એકોક્તિ સ્વરૂપનાં સૂક્તો છે.

(૨)

આપણા પ્રાચીન ભાષ્યકારોએ તો આવાં સૂક્તોને 'સંવાદસૂક્ત' રૂપે ઓળખાવ્યાં છે જ. જેમકે, યમ–યમી સંવાદસૂક્ત (૧૦–૧૦)ની પ્રાસ્તાવિક નોંધમાં સાયણાચાર્ય કહે છે : अत्रास्मिन् सूक्ते वैवस्वतयोर्यमयम्योः संवादः उच्यते । अस्यामृचि यमं प्रति यमी प्रोवाच । એ જ રીતે, સરમા–પણિ (૧૦–૧૦૮) સંવાદસૂક્તના આરંભે સાયણે લખ્યું છે કે – बृहस्पतिप्रेरितेन इन्द्रेण गवाम् अन्वेषणाय सरमा नाम देवशुनी प्रेषिता । .....अथ तस्मिन्नन्तरे पणय इदं वृत्तान्तमवगच्छन्त एनां मित्रीकर्तुं संवादम् अकुर्वन् । વગેરે. પરંતુ આવાં સંવાદસૂક્તો યજ્ઞાદિ ક્રિયાકાંડમાં ક્યારે, કેવી રીતે રજૂ થતાં હશે એ વિષે મેક્સમ્યૂલરે, ઈન્દ્ર અને મરુતોના (૧–૧૬૫) સંવાદસૂક્તને ધ્યાનમાં રાખીને, એવો મત ઉચ્ચાર્યો છે કે યજ્ઞક્રિયા દરમ્યાન ઋત્વિજો બે ભાગમાં વહેંચાઈ જઈને, એક પક્ષના ઋત્વિજો (બ્રાહ્મણો) ઈન્દ્રની ઉક્તિઓ બોલતા હશે, તથા બીજા પક્ષના ઋત્વિજો મરુતોની ઉક્તિઓ બોલતા હશે.[1] આમ યજ્ઞ દરમ્યાન આવાં સંવાદસૂક્ત નાટ્યાત્મક ઢબે રજૂ થતાં હશે એવી ધારણા કરવામાં આવી છે.

---

[1] ....dialogue was repeated at sacrifices in honour of the Marutas or that possibly it was acted by two parties, one representing Indra, the other the Marutas, and their followers. – Max Muller.

(૩)

ભારતીય પરંપરા મુજબ તો સંસ્કૃત રૂપકો (= નાટકો)ની ઉત્પત્તિમાં આ સંવાદસૂક્તોએ ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો હશે. ભરત મુનિએ ‘નાટ્યશાસ્ત્ર’ (૧–૧૭)માં પ્રકટપણે જણાવ્યું છે કે –

जग्राह पाठ्यमृग्वेदात्, सामभ्यो गीतमेव च ।
यजुर्वेदादभिनयान्, रसान् आथर्वणादपि ॥

“પિતામહ બ્રહ્માએ ‘નાટ્ય’ની ઉત્પત્તિ કરવા માટે ઋગ્વેદ (= ના સંવાદસૂક્તો)માંથી પાઠ્યાંશ (= વાચિક અભિનય)નું ગ્રહણ કર્યું, સામવેદમાંથી ગીત (અને નૃત્ય)નું ગ્રહણ કર્યું તથા યજુર્વેદમાંથી (આંગિક) અભિનય લીધો અને અથર્વવેદમાંથી (શૃંગાર, હાસ્ય વગેરે) રસોનું ગ્રહણ કર્યું.” આમ સંસ્કૃત નાટ્યની ઉત્પત્તિનું બીજારોપણ વેદસાહિત્યમાં અને તેમાંય વિશેષ કરીને તેના ‘સંવાદસૂક્તો’માં થયેલું જોવા મળે છે. યુરોપીય વિદ્વાનોમાંથી પ્રોફે. સિલ્વાં લેવી, ડૉ. હર્ટેલ અને પ્રોફે. શ્રોડર વગેરેએ આ મતનું સમર્થન કરેલું છે.

(૪)

પ્રોફે. સિલ્વાં લેવી કે ડૉ. હર્ટેલ વગેરેથી જુદા પડીને, ડૉ. વિન્ટરનિત્ઝ આ સંવાદસૂક્તો (dialogue hymns)ને ‘કથાકાવ્ય’ (Ballads) કહેવાનું પસંદ કરે છે. જેમાં વીરચરિત ગાતાં મહાકાવ્યો (epic) અને નાટકના અંશોનું મિશ્રણ હશે. એમના શબ્દોમાં જોઈએ તો – most of these hymns are simply ballads of the half-epic, half dramatic type, though not real dramas. (A History of Indian Literature – by M. Winternitz; Calcutta, 1927, Vol. I, p. 101–103)

(૫)

ઓલ્ડનબર્ગ નામના વિદ્વાન્ પણ આ ‘સંવાદસૂક્તો’ વિષે જુદા પ્રકારનો અભિપ્રાય ધરાવે છે. તેમના મતે અતિ પ્રાચીન સમયના વીરચરિત મહાકાવ્યો (epic)ના કથાનકોમાં વ્યક્તિઓની ઉક્તિઓ–સંવાદો–પદ્યમાં રચાઈ હશે અને તે મૌખિક પરંપરા દ્વારા આપણા સુધી ઉતરી આવેલ છે. આવાં વીરચરિત (epic) કાવ્યોના કથાનકોનો ગદ્યભાગ આખ્યાનકારો પોતપોતાની રીતે રજૂ કરતા હશે, જે પદ્ય-ભાગ આજે વિસ્મૃત થઈ ગયો છે. આમ ઓલ્ડનબર્ગના મતે આ સૂક્તોને ‘સંવાદસૂક્ત’ કહેવાને બદલે ‘આખ્યાનસૂક્ત’ કહેવાં વધુ યોગ્ય છે.

વિચાર કરતાં એવું જણાય છે કે – ડૉ. ઓલ્ડનબર્ગનો મત રૂપિયાના સિક્કાની બીજી બાજુનું જાણે નિરૂપણ કરે છે. પ્રથમ દૃષ્ટિએ વિચારીએ તો (કેવળ મન્ત્રોનો

અર્થ તપાસીએ તો) તે એકાધિક વ્યક્તિઓ વચ્ચેની વાતચીત ઉત્તર–પ્રત્યુત્તરની ઢબે સંવાદ–હોય એવી પ્રતીતિ જન્માવે છે. આથી આ સૂક્તોને 'સંવાદસૂક્ત' કહેવા પણ યથાર્થ છે. તથા બીજી તરફથી તપાસીએ તો, આવો બે કે અધિક વ્યક્તિઓ વચ્ચેનો સંવાદ થવા પાછળ નિમિત્ત કોઈક ઘટના કે પ્રસંગ હોવો પણ અત્યંત આવશ્યક છે. યાસ્કે પોતાના 'નિરુક્ત' નામનાં વેદાંગમાં વેદમન્ત્રોનું અર્થઘટન કરનારા અનેક પ્રકારના આચાર્યોમાં એક 'ઐતિહાસિકો'નો પણ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો જ છે. આવા ઐતિહાસિકોએ જે તે 'સંવાદસૂક્ત'ની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરતાં જે વિચારો રજૂ કર્યા હશે અને પરંપરામાં તે સચવાયા હતા; તેનો યાસ્કે અનેક સ્થાનોએ હવાલો આપ્યો છે. તથા યાસ્કના આ લખાણોનો સ્વીકાર કરીને ઉદ્‌ગીથ, વેંકટમાધવ અને સાયણ જેવા ભાષ્યકારો પણ જે તે સંવાદસૂક્તની પાછળ રહેલી કોઈકને કોઈક ઐતિહાસિક ઘટના, પરિસ્થિતિને દર્શાવે છે. આમ સંવાદસૂક્તો એ મૂલતઃ 'આખ્યાન' (= કોઈક ઐતિહાસિક કથા)ના (અવશિષ્ટ પદ્ય) અંશો છે એવું ડૉ. ઓલ્ડનબર્ગનું મંતવ્ય પણ ગ્રાહ્ય છે.(કેમ કે, અગાઉ કહ્યું તેમ – આપણા નિરુક્તકાર અને ભાષ્યકારો પણ સંવાદસૂક્તની પાર્શ્વભૂમિકામાં રહેલા કોઈક ઘટનાપ્રસંગને નોંધતા જ હોય છે.)

(૬)

ઉપર્યુક્ત ચર્ચાના અનુસંધાનમાં, ઋગ્વેદ–૧૦ મંડળના ત્રણ સંવાદસૂક્તોનો અભ્યાસ કરવા જેવો છે : (૧) યમ–યમી (૧૦–૧૦), (૨) પુરૂરવા–ઉર્વશી (૧૦–૯૫) અને (૩) સરમા–પણિ (૧૦–૧૦૮) સૂક્ત. અહીં (क) મન્ત્રાર્થને, વાક્યરચનાની લઢણોને, એમાંના કાકુ અને તેમાં વપરાયેલા ઉપમા અલંકારો વગેરેને તપાસતાં તેમાંના સંવાદો કેટલા **નાટ્યાત્મક** છે એ એક તરફથી વિચારવું જોઈએ. તથા (ख) બીજી તરફથી, આ મન્ત્રો અતિ પ્રાચીન સમયમાં બનેલી કઈ ઘટનાને નિરૂપે છે એ શોધીને, આવા સંવાદો પાછળનો **ઈતિહાસ** વાંચવાનો પ્રયત્ન કરવો જોઈએ. વળી (ग) સાથે સાથે આ સંવાદોમાં અભિવ્યક્ત થયેલા વિચારો દ્વારા **વેદકાલિક ધર્મ, સમાજ** કે રૂપકાત્મક રીતે રજૂ થયેલું કોઈ **તત્ત્વદર્શન** (ફિલસૂફી) વાંચી શકાતું હોય તો તેને પણ વિચારવું જોઈએ. કારણ કે એટલું તો સ્પષ્ટ છે કે આ સંવાદસૂક્તો 'ધર્મનિરપેક્ષ' (secular subject matter વાળા) છે. આમ આ સૂક્તોના મન્ત્રોને તો યજ્ઞક્રિયામાં ભાગ્યે જ સીધા ઉપયોગમાં લઈ શકાય એવા છે; અને આથી તેમનું યાજ્ઞિક અર્થઘટન પણ પ્રાયઃ અસંભવિત છે.

(૧) યમ–યમી સંવાદસૂક્તમાં, ભાષ્યકાર સાયણ જણાવે છે તેમ વિવસ્વત્ (સૂર્ય)ના જોડકાં સંતાન એવા (વૈવસ્વાન) યમ અને યમી વચ્ચેનો સંવાદ છે. સૃષ્ટિના આરંભે જન્મેલું આ જોડકું સહોદર હોવાથી ભાઈ અને બહેનના સંબંધે જોડાયેલું હતું. પણ યમી પોતાના ભાઈ યમની સાથે પતિ-પત્નીના સંબંધે જોડાવાની–મૈથુનની ઈચ્છાથી સંવાદ કરે છે; અને યમ તેનો દઢતાપૂર્વક અસ્વીકાર કરે છે તેનું અહીં નિરૂપણ છે. યમીના કહેવા મુજબ તેઓ એકાંતમાં છે, એમને જોનાર કોઈ નથી. આથી તે ભાઈ યમને 'સખા' તરીકે (એટલે કે – સ્ત્રીપુરુષસંપર્કજનિત મિત્રતાને માટે) ઈચ્છે છે. પણ યમનો પ્રત્યુત્તર છે કે તે યમીને સખી તરીકે ઈચ્છતો નથી. તે બન્ને સલક્ષ્મા = સહોદર હોવાથી, વિષમ રૂપવાળા છે; અર્થાત્ પતિ–પત્ની બનવાને અયોગ્ય છે. વળી દ્યુલોકમાંથી અસુરના (= પ્રજાપતિના) વીરપુત્રો–અન્ય દેવો–તેમને બન્નેને જોઈ રહ્યા છે. પણ યમી કહે છે કે દેવો પણ ત્યજવા યોગ્ય પુત્રી વગેરેની કામના કરે છે, માટે યમે મારામાં મન આરોપવું જોઈએ. વળી, યમીની દલીલ મુજબ – તેમને ગર્ભમાં સહોદર બનાવીને સ્વયં વિધાતાએ તેમને 'દંપતી' બનવાની મંજૂરી આપેલી છે ! તથા આ સૃષ્ટિનો પહેલો દિવસ છે. યમ, યમી સિવાય બીજી કોઈ પ્રાણીસૃષ્ટિ હજી જન્મી જ નથી તો તેમની આ મૈથુનક્રીડાને કોણ જોવા–જાણવાનું હતું ? યમી ફરી ફરીને ઈચ્છે છે કે યમ તેની માંગણીનો સ્વીકાર કરે અને રથના બે ચક્રની જેમ તેઓ સંસાર શરૂ કરે. પણ યમ ધર્મભીરુ છે; દેવભીરુ છે. તે સ્પષ્ટ શબ્દોમાં કહી દે છે કે દેવોના જાસૂસો તો ચારે તરફ ફરતા જ હોય છે. તેઓ ક્યારેય આંખનો પલકારો પણ મારતા નથી માટે યમી મને–યમને છોડીને બીજા કોઈ પુરુષની પાસે જઈને તેને પતિ બનાવે. યમ એવી ભવિષ્યવાણી ઉચ્ચારે છે કે હવે પછી એવા યુગો આવશે કે જેમાં બહેનો પત્ની તરીકે વ્યવહાર કરશે, અધર્માચરણ કરશે. પરંતુ તે પોતે આ કર્મ કરવા માંગતો નથી. તે દઢતા અને સ્પષ્ટતાપૂર્વક કહી દે છે કે – उप बर्बृहि वृषभाय बाहुमन्यमिच्छस्व सुभगे पतिं मत् । "હે સૌભાગ્યવાળી (= યમી) તું અન્ય પુરુષનો બાહુ ઈચ્છ; મારા સિવાય બીજા કોઈ પુરુષને પતિ બનાવ." યમનો તિરસ્કાર પામેલી યમી એક સ્ત્રી તરીકે ઈર્ષ્યાથી ભભૂકી ઊઠે છે, અને યમને મહેણું મારવા ઉદ્યત થાય છે. તે કહે છે કે જેમ વૃક્ષને વેલ વીંટળાઈ વળે એમ બીજી કોઈ સ્ત્રી તને–યમને–વીંટળાઈ વળશે. યમ તો સાવ નિર્બળ પુરુષ છે. વગેરે. આમ આ સૂક્તમાં યમી પ્રેમભૂખી–કામભૂખી થઈને બહુ વેધક વચનો બોલતી જોવા મળે છે. જ્યારે યમ ધર્મબુદ્ધિથી પ્રેરાયેલો, શાંત અને સ્વસ્થચિત્તે તેની બહેનની અઘટિત માંગણીનો અસ્વીકાર કરે છે.

આ સૂક્તમાંથી વેદકાલિક સમાજમાં ડોકિયું કરવા મળે છે. અથવા તો આ સૃષ્ટિના આરંભકાળની ઘટનાનું ચિત્ર ઝીલે છે. કેમ કે સૃષ્ટિના આરંભે જે સ્ત્રી-પુરુષનું જોડું પ્રભુએ ઉત્પન્ન કર્યું હોય તે સમાન પિતાના સંતાન તરીકે ભાઈ-બહેન જ કહેવાય. પણ જો તે પતિ-પત્ની તરીકે સંલગ્ન ન થાય તો સૃષ્ટિ આગળ જ કેવી રીતે વધે ? તે જટિલ પ્રશ્ન પણ ઊભો થાય છે. પણ ધર્માચરણની વિરુદ્ધ જનારા આવાં સંવાદોનું અન્ય કોઈ અર્થઘટન પણ વિચારવું જોઈએ. એ દૃષ્ટિએ આચાર્ય વિશ્વેશ્વરે એમ કહ્યું છે કે આમાં યમી તે (સાંખ્યદર્શનની) પ્રકૃતિ છે, તથા યમ તે ‘પુરુષ’ (= જીવાત્માનું પ્રતીક) છે. પ્રકૃતિ હંમેશા ભોગેચ્છા માટે પુરુષને પોતાની તરફ આકર્ષે છે; પણ પુરુષ તેનાથી દૂર રહેવા કોશિશ કરતો રહે છે. આવી સાંખ્ય દર્શનની ફિલસૂફી પણ વાંચવી અહીં શક્ય છે.

(૨) પુરૂરવા—ઉર્વશી સંવાદસૂક્તમાં પણ પ્રેમયાચના એ જ વિષય છે. પરંતુ યમ-યમી સંવાદ સૂક્તમાં જેમ પ્રેમની યાચના સ્ત્રી (યમી)એ કરી અને પુરુષે તેને હુકરાવી દીધી; તેનાથી વિપરીત એવી પરિસ્થિતિ અહીં જોવા મળે છે. જેમ કે, અહીં પુરુષે (પુરૂરવાએ) પ્રેમની યાચના કરી છે અને સ્ત્રીએ (ઉર્વશી નામની અપ્સરાએ) તેને હુકરાવી દીધી છે. અહીં ઉર્વશી એ દૈવી અપ્સરા છે અને પુરૂરવા એ પૃથ્વીલોકનો રાજા છે. ઐતિહાસિકોએ આ બેના સંવાદ પાછળનો જે ઇતિહાસ બતાવ્યો છે તે એવો છે કે મિત્રાવરુણના શાપવશાત્ પૃથિવીલોકમાં આવેલી ઉર્વશીને જોઈને પુરૂરવા તેના તરફ પ્રેમાકર્ષણ અનુભવે છે. ઉર્વશી ‘તને પથારી સિવાય અન્યત્ર જો નગ્ન જોઈશ તો પાછી સ્વર્ગલોકમાં જતી રહીશ’ એવી શરત કરીને પરણે છે. એકવાર અકસ્માત્ આ શરતનો ભંગ થતાં ઉર્વશી સ્વર્ગમાં પાછી ચાલી જાય છે. પુરૂરવા તેને શોધતો ફરે છે. કેટલાંક વર્ષો પછી તે મળી જતાં એની સાથે જે સંવાદ કરે છે તે આ સૂક્તમાં રજૂ થયો છે.

અહીં પુરૂરવા ઉર્વશીને ઘડીક ઊભી રહેવા વિનવે છે, વાત સાંભળવા પાર્થે છે. પણ ઉર્વશી પોતાને ઉષાઓની જેમ દૂર ચાલી ગયેલી અને પવનની જેમ દુષ્પ્રાપ્ય વર્ણવે છે. પુરૂરવા પ્રેમવંચિત થવાને કારણે રાજકાર્ય પણ બરોબર કરી શકતો નથી, ધનુષ્યમાંથી બાણ છોડી શકતો નથી, વગેરે સ્થિતિ કહી સંભળાવે છે. છેવટે પોતે ઉર્વશીના વિરહમાં ક્યાંકથી પડતું મુકશે—આત્મઘાત કરશે અને એના (પુરૂરવાના) શરીરને વરુઓ ખાઈ જશે, એવી ધમકી પણ આપે છે. પરંતુ ઉર્વશી તો ચોખ્ખું જણાવે છે કે, આત્મઘાત ન કરીશ, ઘરે પાછો જા, તારું સંતાન જે મારા ઉદરમાં

ઉછરી રહ્યું છે તે તને મોકલાવીશ. સ્ત્રીઓની સાથે સખ્ય ન હોય. કારણ કે સ્ત્રીઓ તો વરુઓના જેવા હૃદયવાળી હોય છે. વગેરે. આમ વિરહી પ્રેમી પુરૂરવા અને ઉદાસીન એવી ઉર્વશી વચ્ચેનો આ સંવાદ નાટ્યાત્મક હોવાની સાથે दुरापना वात इव अहमस्मि । વગેરે આલંકારિક વાક્યોથી પણ સુશોભિત છે. તો ક્યાંક અશ્લિલ જાતીય સુખોપભોગની વાતો પણ અહીં ઉલ્લેખાઈ છે. સંભવતઃ આવા મન્ત્રોને જોઈને જ વેંકટમાધવ જેવા ભાષ્યકારે કહ્યું છે કે,

बहूनामिह मन्त्राणामर्थं नोपलभामहे ।
ततो नार्थेऽस्ति तात्पर्यम् इति कौत्सस्त्वभाषत ॥

"અહીં અમને ઘણા મન્ત્રોના અર્થ (પરંપરાથી) પ્રાપ્ત થતા નથી. આથી જ કૌત્સ જેવા આચાર્યો એમ માનવા પ્રેરાયા છે કે (વેદમંત્રોનું) અર્થ કરવામાં કશું તાત્પર્ય નથી. (= અર્થઘટન કરવું શક્ય નથી)." અથવા તો શ્રી ર. છો. પરીખ જેવા વિદ્વાનોએ મન્ત્રોનો શબ્દાર્થ કરવા જતાં સુરુચિનો ભંગ થાય છે એમ જોઈને, કેટલાક મન્ત્રો કે મન્ત્રપાદોનો અનુવાદ કરવાનું ટાળ્યું છે. તો ત્રીજી તરફ કેટલાક વિદ્વાનોએ આ સૂક્તની પાછળ કોઈ રૂપકાત્મક વાત રજૂ થતી હોય તો તેને શોધવા–વિચારવા પ્રયત્ન કર્યો છે. જેમ કે, મેક્સમ્યૂલરના મતે આ પુરૂરવા–ઉર્વશી સંવાદ સૂક્તમાં જે રોજ સવાર સાંજે કુદરતી ઘટના બને છે. ઉષાનું આગમન થયા પછી સૂર્યનું આગમન થાય અને ત્યાં જ ઉષા ચાલી જાય. આમ ઉર્વશી તે ઉષાનું પ્રતીક છે અને પુરૂરવા તે સૂર્યનું પ્રતીક છે. આ બેયનો સંયોગ ક્યારેય શક્ય નથી. એ મુદ્દાને ધ્યાનમાં લઈને આ સૂક્તનો સંવાદ રજૂ થયો છે. આમ વિદ્વાનોએ આવા સંવાદસૂક્તોનું યાજ્ઞિક અર્થઘટન શક્ય નથી એમ જોયા પછી અથવા તો અહીં ધર્મનિરપેક્ષ વિષયવસ્તુનું વર્ણન છે, એમ જોઈને તેમાં કોઈ રૂપકાત્મક નિરૂપણ કે તત્ત્વજ્ઞાન શોધવા પ્રયાસ કર્યા છે.

(૩) સરમા–પણિ સંવાદસૂક્તમાં દેવશુની (ઇન્દ્રની કૂતરી) સરમા અને વલ નામના રાક્ષસના ભટ (= સૈનિકો) એવા પણિઓની વચ્ચેની વાતચીત સંવાદ રૂપે થઈ છે. ઐતિહાસિકોના મતે અહીં બૃહસ્પતિની ગાયો પણિઓ ચોરી ગયા અને ક્યાંક ગુફામાં સંતાડી દીધી. આથી બૃહસ્પતિએ ઈન્દ્રને ફરિયાદ કરી અને ઈન્દ્રે પોતાની કુતરી સરમાને તે ગાયો શોધી લાવવા મોકલી. આ સરમા ફરતી ફરતી વલપુરમાં પહોંચે છે અને ગાયોને જોઈ લે છે. આથી પાણિઓએ પહેલાં ભેદનીતિ આચરીને સરમાને પોતાની મિત્ર બનાવી લેવા પ્રયાસ કર્યો. તેમણે સહાનુભૂતિ

દાખવતાં જાણે કહ્યું કે તેને (સરમાને) અહીં પહોંચતાં ઘણી રાત્રિઓ ભટકવું પડ્યું હશે, પૃથિવીલોકની મોટી રસા નદીને ઓળંગવી પડી હશે. ચાલ તને મિત્ર બનાવી લઈએ. વગેરે. પણ સરમા પોતાના દૂતકર્મને વિશે અડગ હતી. તેથી પણિઓ જાણે પડકાર ફેંકતા હોય તેમ પ્રશ્ન કરે છે કે તારો ઈન્દ્ર કેવો છે. એનાં શાં પરાક્રમ છે. આથી સરમા પ્રત્યુત્તર આપે છે કે ઈન્દ્ર તો ન હણી શકાય એવો છે અને શત્રુઓને હણી કાઢનારો દેવ છે. પરંતુ પણિઓ પણ પાછા પડે એવા નથી. તેઓ વળતો જવાબ આપે છે કે એમ તો કોઈ યુદ્ધ કર્યા વિના ગાયો કોણ પાછું આપતું હશે ? અમારું નગર પર્વતથી વીંટળાયેલું, રક્ષાયેલું છે. તથા અમારાં આયુધો પણ તીક્ષ્ણ છે, પણ નિર્ભીક સરમા જડબાતોડ જવાબ આપતાં કહે છે કે – સાવધાન ! અમારો ઈન્દ્ર આવશે અને તમે યુદ્ધભૂમિમાં આડા પડી ગયેલા જાણજો. હવે તમે જીવતા નહીં રહો. આમ ક્ષણાર્ધ માટે વીરરસથી વાતાવરણ જાણે ભરાઈ જાય છે. આ સંવાદ ખરેખર ખૂબ નાટ્યાત્મક છે.

(૭)

પ્રોફે. જી. કે. ભટ સાહેબે આ સંવાદસૂક્તો વિશે પુનર્વિચારણા હાથ ધરીને જણાવ્યું છે કે આ કહેવાતા સંવાદસૂક્તોમાં કોઈ નાટ્યાત્મકતા નથી, કે તે આખ્યાનસૂક્તો પણ નથી, અને કથાકાવ્ય (Ballads) સ્વરૂપનાં પણ નથી. પરંતુ યાસ્કે (નિરુક્ત–૭માં) જે ત્રિવિધ ઋચાઓની સમજૂતી આપી છે તે મુજબ જે સૂક્ત કે મન્ત્રમાં કોઈ દેવતાની ત્રીજા પુરુષ (Third person)ના ક્રિયાપદ દ્વારા વાક્યરચના કરીને સ્તુતિ કરી હોય (જેમકે, 'તે ઈન્દ્ર મહાન્ છે') તો ઋચા 'પરોક્ષકૃત મન્ત્ર' ગણાય છે. જ્યાં કોઈ દેવતાની, બીજા પુરુષ (Second person)ના ક્રિયાપદ દ્વારા વાક્યરચના કરીને સ્તુતિ કરી હોય ત્યારે તેને (દા.ત., 'હે ઈન્દ્ર ! તું મહાન છું') 'પ્રત્યક્ષકૃત મન્ત્ર' કહે છે. તથા જ્યારે કોઈ દેવ પોતે જ પોતાનાં પરાક્રમો વર્ણવે અને તેવા મન્ત્રમાં પ્રથમ પુરુષ (First person)ના ક્રિયાપદવાળી વાક્યરચના હોય (જેમકે, 'હું ઈન્દ્ર મહાન છું') ત્યારે તેને 'આધ્યાત્મિક ઋચા' ગણવામાં આવે છે. આ દૃષ્ટિને આગળ કરીને શ્રી જી. કે. ભટ કહે છે કે ઋષિઓએ ક્યારેક ધર્મનિરપેક્ષ વિષયવસ્તુનું વર્ણન કરવા માટે અભિવ્યક્તિનો પ્રકાર બદલીને, 'આધ્યાત્મિક ઋચા' પ્રકારની રચના કરી છે. આ અભિવ્યક્તિના વૈવિધ્યને જે લોકો સમજી શક્યા નહીં, તેમણે આને 'સંવાદ' રૂપે જોયા, અને પછી તેની પાછળ કોઈ ઈતિહાસ કે પ્રસંગની પણ કલ્પના કરી લીધી

છે. આથી શ્રી જી. કે. ભટના મતે આ સંવાદસૂક્તોને 'આધ્યાત્મિક ઋચાઓ' ગણવી તે વધુ ઉચિત છે.*

૧૫. ઈન્દ્રનું ઉત્ક્રાન્તિશીલ વ્યક્તિત્વ

ભૂમિકા : ઋગ્વેદના મન્ત્રોનો પ્રાથમિક દૃષ્ટિએ અભ્યાસ કરતાં તરત જ એ જણાય છે કે તેમાં અગ્નિ, ઈન્દ્ર, વરુણ, અશ્વિનૌ, મરુત્, આદિત્ય, ઉષા, દ્યાવાપૃથિવી, સોમ વગેરે અનેક દેવતાઓની સ્તુતિઓ આવેલી છે. પણ જુદાં જુદાં મંડળોના જુદા જુદા દ્રષ્ટા ઋષિઓએ જ્યારે આ દેવોની સ્તુતિ કરવા માટે જે પરાક્રમો વર્ણવ્યાં, જે વિશેષણો વાપર્યાં, જે રીતે મહત્તા ગાઈ તે ક્યાંક ક્યાંક અસ્પષ્ટ, સંદિગ્ધ, પરસ્પર વિરુદ્ધ કે અંદરોઅંદર મિશ્રિત સ્વરૂપો દર્શાવતાં હોય એવાં નિરૂપણો પણ જોવા મળે છે. આથી કોઈ એક દેવતાનું સ્વરૂપ કે કાર્ય શોધવા–અથવા કહો કે એક સળંગ વિચારની સંગતિ શોધવા–વેદાભ્યાસીઓએ અનેક પ્રકારના પ્રયત્નો કર્યા છે. "વેદો કોઈ મનુષ્યની રચના નથી, પણ તે તો ઈશ્વરપ્રણીત છે, એટલે કે તે અપૌરુષેય છે" એવું માનનારી આપણી ભારતીય પરંપરામાં વેદાર્થઘટન કરનારા અનેક પક્ષો ઊભા થયા છે. જેમ કે નૈરુક્ત, યાજ્ઞિક, પરિવ્રાજકો વગેરે. આમાંથી જે યાસ્ક જેવા નિરુક્તકારો છે, તેમણે વેદમન્ત્રોનું પ્રાકૃતિક અર્થઘટન પુરસ્કાર્યું છે. એટલે કે કુદરતમાં જે અગ્નિ, સૂર્ય, વરસાદ વગેરે જડ પદાર્થો કે ભૌતિક ઘટનાઓ છે તેમની ઉપર ચેતનત્વનું આરોપણ કરી, તેમને 'દેવ' તરીકે સ્વીકારીને વેદમન્ત્રોમાં તેમની સ્તુતિ કરવામાં આવી છે. (એને Naturalistic School of Vedic Interpretation કહે છે.) તો બીજી તરફ, યુરોપિયન વિદ્વાનોએ વેદોને અપૌરુષેય નહીં, પણ પૌરુષેય (કોઈ માનવઋષિની રચના) ગણીને વેદમન્ત્રોમાં નિરૂપિત વાતોને ઐતિહાસિક દૃષ્ટિએ તપાસવાની શરૂ કરી. અલબત્ત, વેદમાં સ્તવાયેલા વિભિન્ન દેવો તે કોઈકને કોઈક પ્રાકૃતિક પદાર્થ કે

---

* I think therefore that the so–called Samvāda Sūktas are neither ballads nor dramas, but an exhibition of a particular literary form adapted to the theme in hand. And I am inclined to characterise these hymns only by the term 'Ādhyātmikyaḥ', which Yāska has used, only so extending the connotation of the term as to include in it every variety of speech form. (See.–જુઓ : Vedic Themes, by G. K. Bhat, pub. Ajanta Publications, Delhi, 1978, pp. 47–54.)

ઘટનાનું મૂર્તિકરણ છે એવું (= નૈરુક્ત પરંપરા મુજબનું જ, વેદોનું પ્રાકૃતિક અર્થઘટન) પણ સ્વીકાર્યું ! એટલે કે પશ્ચિમના વિદ્વાનોએ ઈતિહાસાનુપ્રાણિત પ્રાકૃતિક અર્થઘટન કરવાનો નવો માર્ગ ઊભો કર્યો છે. આ દૃષ્ટિએ, અત્યાર સુધીના વેદાભ્યાસીઓએ ઋગ્વેદમાં પ્રધાનદેવ તરીકે સ્તવાયેલા ઈન્દ્રદેવતાના વ્યક્તિત્વની જે જે ઓળખ આપવા પ્રયાસો કર્યા છે અને તેમાં જે ઉત્ક્રાન્તિશીલતા જોઈ છે તેનો અહીં પરિચય આપવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે. વળી, સમગ્ર ઋગ્વેદની દૃષ્ટિએ ઈન્દ્રનું વ્યક્તિત્વ જોવાની સાથો સાથ, કેવળ ૭મા મંડળમાં ઈન્દ્રનું વ્યક્તિત્વ કેવું જોવા મળે છે તે પણ વિશેષે કરીને અહીં તપાસીશું. તથા ૭મા મંડળમાં, શ્રી ડોલરરાય માંકડને જે અમુક પ્રકારની અંતરિયાળ ભૂમિકા દેખાય છે,[1] તેના કરતાં ડૉ. દાંડેકરને એક જુદા જ પ્રકારની વચગાળાની ભૂમિકાનું સ્વરૂપ દેખાય છે; તે પણ જોઈશું.

(૧)

કેટલાક વિદ્વાનોએ શરૂઆતના તબક્કે, અનંત આકાશના દેવ તરીકે, 'દ્યૌષ્પિતર' નામના દેવની ઋગ્વેદમાં અવધારણા (Myth)[2] બાંધવામાં આવી છે એવું સ્વીકારેલું. પણ (૧) મેક્સમ્યૂલરે કહ્યું કે આકાશનો દેવ 'દ્યૌષ્પિતર' નથી, પણ ઈન્દ્ર છે. આમ ઈન્દ્રને આકાશનો દેવ (Sky–god) પહેલાં કહેવામાં આવ્યો છે. એ પછી, (૨) ઓલ્ડનબર્ગે ઋગ્વેદનાં ઈન્દ્રસૂક્તોનો અભ્યાસ કરીને કહ્યું કે ઈન્દ્ર એ તો ઝંઝાવાતનો દેવ (Storm–god) છે. વળી, (૩) મૅકડોનલે સહેજ આગળ વધીને ઈન્દ્રને 'વૃષ્ટિના દેવ' (Rain–god) તરીકે જાહેર કર્યા, તથા આર્યો સપ્તસિન્ધુના પ્રદેશમાં આવીને સ્થિર થયા તે ગાળાના, એટલે કે સંપૂર્ણ ઈન્ડો–આર્યન (ભારતીય સમય)ગાળાના દેવ ગણ્યા છે. નિરુક્તમાં પણ 'વૃત્ર' શબ્દનું નિર્વચન વૃણોતિ (વીંટળાઈ જવું) ક્રિયાપદ ઉપરથી વિચારાયું છે, અને તે

---

[1] બહુદેવતાવાદમાંથી એકદેવતાવાદ તરફ જતાં પહેલાં, માણસનું મન વચગાળામાં ઈષ્ટદેવતામાં રોકાય છે; જે, ૭મા મંડળમાં વસિષ્ઠનું વલણ છે એમ શ્રી ડોલરરાય માંકડ કહે છે.

[2] 'આકાશ' એ શબ્દથી ભૌતિક જગત્(બ્રહ્માણ્ડ)ના એક સ્થાનનો નિર્દેશ થાય છે. પણ એ અનંત આકાશની ભવ્યતાએ માણસની આંખોને આંજી દીધી, જેણે એની પાસે એ સ્થાનના એક દેવની કલ્પના કરાવડાવી અને તેનું નામ 'દ્યૌષ્પિતર' (જ્યુપીટર–દ્યુલોક–આકાશનો પિતા, જનેતા દેવ) આપ્યું. આમ કોઈક પ્રાકૃતિક ઘટના કે પદાર્થનું દેવ તરીકે જે પુરાતનકાળથી ચાલ્યું આવતું કલ્પન, તેને 'Myth' (પુરાકલ્પન) કહે છે.

મેઘ(વાદળ)નું નામ છે એમ જાહેર કર્યું છે. આથી પાણીને વીંટળાઈને રહેનાર 'વૃત્ર' નામના રાક્ષસને પોતાના વીજળી રૂપી વજ્ર આયુધથી હણનાર અને પાણીને વરસવા માટે મુક્ત કરનાર તરીકે ઇન્દ્રને 'વૃત્રઘ્ન' એવું વિશેષણ અપાયું છે. આમ ઇન્દ્ર તે વૃષ્ટિનો દેવ છે એવી માન્યતા આપણા નૈરુક્તોમાં પણ બહુ સ્પષ્ટ રીતે પ્રવર્તમાન હતી તેમ જોઈ શકાય છે.[૩] આની સાથે (૪) જર્મન વિદ્વાન હિલેબ્રાન્ટનો મત પણ અત્રે ઉલ્લેખનીય છે. તેમણે પણ આરંભે તો ઇન્દ્રને વૃષ્ટિના દેવ તરીકે સ્વીકારેલો હતો. પણ પાછળથી તેમણે પોતાનો મત બદલ્યો હતો અને ઇન્દ્ર તે તો સૂર્ય દેવ (Sun–god) છે એવો મત પ્રસ્થાપિત કરવા પ્રયાસ કર્યો હતો. તેમના સંશોધન મુજબ 'વૃત્ર' તે શિયાળાનો ઠંડીનો સમયગાળો છે, જેમાં ઉત્તરધ્રુવના પાણી બરફમાં ફેરવા ગયા હોય. આ સંદર્ભમાં, 'વૃત્ર' માટે વપરાયેલા શયાન (સૂતેલો) વિશેષણ તરફ તેઓ ધ્યાન દોરે છે અને પછી વસન્તસંપાત થતાં, ગ્રીષ્મમાં સૂર્ય ઉત્તર તરફ જતાં, તે થીજી ગયેલાં પાણી ઓગળે છે. આને માટે "ઇન્દ્રે પાણીને વહેવા માટે મુક્ત કર્યાં" – એવાં વર્ણનો વેદમાં આવેલાં છે. આથી સૂર્ય રૂપ એક ભૌતિક પદાર્થનું દૈવીકરણ કરીને તેને વેદમાં 'ઇન્દ્ર'ના નામે ઓળખાવવામાં આવ્યો છે, તેમ તેઓ કહે છે. હિલેબ્રાન્ટના મત મુજબ ઇન્દ્ર તે Sun–god હોવા ઉપરાંત, તે ભારત–યુરોપિય સમયગાળાનો (= આર્યો જ્યારે ઉત્તરધ્રુવમાંથી કે ત્યાંથી બલ્ખમાં આવીને રહ્યા હતા, તે ગાળાનો) દેવ છે. (મેક્સમ્યૂલરે પણ પાછળથી, પોતાનો પૂર્વોક્ત અભિપ્રાય બદલીને કહ્યું હતું કે – ઋગ્વેદનો ઇન્દ્ર દેવ તે આકાશનો નહીં, પણ સૂર્યનો પ્રતિનિધિ દેવ છે.) આમ મેકડોનલ અને હિલેબ્રાન્ટના મતો પરસ્પરથી તદ્દન વિરુદ્ધ અને સામસામે ઊભેલા છે ! (૫) ડૉ. હોપકિન્સે પણ એક ધ્યાનાકર્ષક વાત કરી છે, તે અત્રે સ્મરણીય છે : ઇન્દ્ર એટલો બધો ઝંઝાવાતી છે, કે તે સૂર્ય ના હોઈ શકે; એ એટલો બધો તેજસ્વી છે કે તે ઝંઝાવાતી ના હોઈ શકે; એ વર્ષાક્રિયા જોડે પણ એટલો બધો ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે કે તે સંવત્સર કે આકાશ ના હોઈ શકે ! આમ તેમના મતે ઋગ્વેદના ઇન્દ્રદેવનું સ્વરૂપ કોઈ એક નિશ્ચિત પ્રાકૃતિક ઘટના કે પદાર્થને આધારે, બિનવિવાદાસ્પદ રીતે નક્કી કરી શકાય એવું જણાતું નથી ! બર્ગેન નામના એક વિદ્વાને પણ કહ્યું છે કે – ઋગ્વેદમાં, ઇન્દ્રનો વૃષ્ટિક્રિયા જોડેનો સંબંધ અસંદિગ્ધ/પ્રકટ/પ્રત્યક્ષ રીતે દર્શાવતો હોય તેવો એક પણ મન્ત્ર નથી.

---

[૩] तत्को वृत्रः । त्वाष्ट्रोऽसुर इति ऐतिहासिकाः । मेघ इति नैरुक्ताः । अपां च ज्योतिषश्च मिश्रीभावकर्मणो वर्षकर्म जायते । तत्रोपमार्थेन युद्धवर्णा भवन्ति । अहिवत्तु खलु मन्त्रवर्णा ब्राह्मणवादाश्च । विवृद्धया शरीरस्य स्रोतांसि निवारयांचकार । तस्मिन् हते प्रसस्यन्दिरे आपः । – निरुक्तम् (२–५–१७)

આમ – (क) ઋગ્વેદના અન્ય દેવોની જેમ, ઈન્દ્ર પણ કોઈક પ્રાકૃતિક પદાર્થ કે ઘટનાનું દૈવીકરણ છે એ બાબતે યુરોપિયન વિદ્વાનોમાં એકમતિ છે; પણ તે કયા એક (જ) નિશ્ચિત પદાર્થ કે ઘટનાનું મૂર્તિકરણ કે દૈવીકરણ છે એ બાબતે એકમતિ નથી !

(ख) જો કે ઈન્દ્રના વ્યક્તિત્વ બાબતે આવા વિવિધ મતમતાન્તરો હોવા છતાંય ઈન્દ્રને વૃષ્ટિના દેવ તરીકે જોવાનું વલણ ઘણું વ્યાપક છે, એ પણ હકીકત છે. (આપણી ભારતીય નૈરુક્ત પરંપરા પણ તેમ જ માને છે એ આપણે ઉપર જોયું છે.) તેની પાછળનાં કારણો – સમર્થક પુરાવાઓ – કંઈક આવાં છે. જેમ કે,

(૧) ઈન્દ્રને ઋગ્વેદમાં ઘણે સ્થળે 'વૃત્રહા' કે 'વૃત્રઘ્ન' કહ્યો છે; અને 'વૃત્ર' (વૃણોતિ । વીંટળાઈ વળનાર, રોકી રાખનાર) શબ્દનો અર્થ, નિરુક્તકારે મેઘ (વાદળ) કર્યો છે.

(૨) ઈન્દ્રના સાથીદાર મિત્રો તરીકે મરુદ્‌ગણ (મરુત્ = પવન)નો વારંવાર નિર્દેશ છે. વૃષ્ટિક્રિયા પૂર્વેના ઝંઝાવાત, વંટોળમાં આ મરુતો (પવન) જ વધુ સક્રિય હોય છે. આમ ઈન્દ્રને 'મરુત્સખા' પણ કહ્યો છે. (૩–૩૫–૯, ૪૭, ૩–૬–૧૭). આથી ઈન્દ્ર તે વૃષ્ટિના (જ) દેવ હોય એ વધુ સંભવિત જણાય છે.

(૩) ઈન્દ્રને જે વારંવાર 'વજ્રબાજુ', 'વજ્રહસ્ત' કહ્યો છે. તેમાં 'વજ્ર' એટલે વીજળી એવો રૂપકાત્મક રીતે અર્થ સમજવાનો છે એમ ભાષ્યકારો સમજૂતી આપે છે, (तत्र उपमार्थेन युद्धवर्णा भवन्ति) નિરુક્ત–૨, પાદટીપ–૩.

ઈન્દ્રને, વેદમાં ઘણે સ્થળે वृषभ કહ્યો છે; ત્યાં ભાષ્યકારોએ એનો અર્થ वर्षिता अपाम् = વર્ષાવનાર કર્યો છે.

(૪) 'ઈન્દ્ર' શબ્દનું નિર્વચન વિચારતાં, 'ટપકવું', 'ઝરવું' અર્થવાળા इन्द કે स्यन्द ધાતુ ઉપરથી, તે શબ્દ બન્યો હશે એવી ધારણા રજૂ કરવામાં આવી છે.

આથી ઈન્દ્રનું 'વૃષ્ટિના દેવ' (Rain–god) તરીકેનું વ્યક્તિત્વ જ બહુ લોકપ્રચલિત બન્યું છે.

(ग) વળી, યુરોપિયન વિદ્વાનોએ ઈન્દ્રના વ્યક્તિત્વને આલેખતી વખતે તેમાં ત્રણ તબક્કાઓ પણ જોયાં છે. જેમ કે, (૧) કુદરતમાં નિયમિત રીતે થતી વૃષ્ટિક્રિયાના નિયન્તા દેવ તરીકે 'ઈન્દ્ર' નામના એક દેવની, પુરાતન કાળમાં અવધારણા બાંધવામાં આવી. એટલે કે ઈન્દ્ર એ પહેલે તબક્કે વૃષ્ટિ જેવી પ્રાકૃતિક ઘટનાનું દૈવીકરણ છે. (૨) બીજા તબક્કે તે દેવ ઈન્દ્રને મનુષ્યાકૃતિમાં કલ્પીને તેમને દૃઢ હાથ, દાઢી, બદામી વાળ, મૂછો વગેરે અવયવોવાળા ચિતરવામાં આવ્યા.

વળી, તેમને ખૂબ સોમરસ પીનાર કહેવાની સાથે, 'હર્યશ્વ' – હરિ નામના અશ્વો ઉપર સવાર) પણ કહેવાયા/કલ્પાયા છે. આની સાથોસાથ પાણીને ઘેરીને રહેલા વાદળને 'વૃત્ર' નામના રાક્ષસ રૂપે કલ્પીને 'ઇન્દ્ર–વૃત્રાસુર સંગ્રામ'ની કથાને રજૂ કરતી એક Myth (પુરાકલ્પન/પુરાકથા) ઘડી કાઢવામાં આવી. (૩) ત્યાર પછી, ત્રીજા તબક્કે, એટલે કે એકવાર વાદળ રૂપી વૃત્રને મારનાર, 'વૃત્રઘ્ન' તરીકે ઇન્દ્રને કલ્પ્યા પછી વૈદિક ઋષિ કવિઓએ ઇન્દ્રને યુદ્ધભૂમિ ઉપર આર્ય પ્રજાને વિજય અપાવનાર 'યુદ્ધના દેવ' (War–god) તરીકે પણ વર્ણવ્યા. જે દાસ, દસ્યુઓ, ગાયોને ચોરનાર વલ વગેરે રાક્ષસો કે યજ્ઞ નહીં કરનાર અનાર્ય શત્રુઓ હતા તે બધાને હણનાર દેવ તરીકે તેમને જોવામાં આવ્યા. વળી, તેમને કાલાન્તરમાં पुरभिद् કે पुरन्दर (નગરો, કિલ્લાઓ તોડનાર) જેવાં વિશેષણો પણ લગાડવામાં આવ્યા. (૪) આવા વૃષ્ટિના દેવને 'યુદ્ધના દેવ'માં રૂપાંતરિત કરીને, છેલ્લે ચોથા તબક્કે, સર્વોપરિ/સર્વોત્કૃષ્ટ દેવ તરીકેનું સ્થાન આપવાનો (ઋ. ૫–૩૦–૫) પણ પ્રયત્ન થયો. (જે તે દેવની સ્તુતિ કરતાં કરતાં, તે દેવને સર્વોપરિ દેવ તરીકે સ્થાપવાની ઋષિઓની મનોવૃત્તિને, મેક્સમૂલરે 'હીનોથીઝમ' Henotheism – or Kathenotheism નામ આપ્યું છે, જેને આપણે 'ઇષ્ટદેવતાવાદ' કહી શકીએ.) જેમાં ઇન્દ્ર થકી સમગ્ર સૃષ્ટિનું નિયમન અને સંરક્ષણ થઈ રહ્યું હોય તેવાં વિધાનો પણ કરવામાં આવ્યાં. જેમ કે, તમે દ્યાવાપૃથિવીને સ્થિર કર્યાં અને ઊડતા પર્વતોની પાંખો કાપીને તેમને સ્થિર કર્યા વગેરે. વસિષ્ઠે ઇન્દ્રને જગતની બધી પ્રજાઓનો રાજા કહ્યો :

इन्द्रो राजा जगतश्चर्षणीनाम् । ७–२७–३; અને
ईशानमस्य जगतः स्वद्दशमीशानमिन्द्र तस्थुषः । ७–३२–२२.

(૨)

યુરોપિયન વિદ્વાનોએ ઇન્દ્રના વ્યક્તિત્વની આવી વિકાસયાત્રા બતાવી છે. પરંતુ પ્રોફે. આર. એન. દાંડેકરે ઉપર્યુક્ત વિકાસક્રમને તદ્દન વિપરીત ક્રમે વર્ણવ્યા છે ![૪] જેમ કે, તેમના મતે ઇન્દ્રદેવ મૂળભૂત રીતે વૃષ્ટિના દેવ છે જ નહીં. તેમણે ઇન્દ્રદેવને પહેલે તબક્કે એક ઐતિહાસિક માણસ તરીકે જ સ્વીકારેલ છે. જેણે આર્યપ્રજાને ઈરાનમાંથી ભારતના સપ્તસિન્ધુના પ્રદેશ સુધીની આગેકૂચમાં સબળ નેતૃત્વ પૂરું પાડીને, પરાક્રમો કરીને અનેક વિજય અપાવ્યા હશે. આથી તેનું, બીજા તબક્કે 'યુદ્ધના દેવ' તરીકે સ્થાપન થયું હશે. એ પછી ત્રીજા તબક્કે, અન્ય દેવોની

---

[૪] જુઓ : Vṛtrahā Indra; by R. N. Dandekar., Pub. *The Annals of BORI,* Poona (Vol. 31, pp. 1–55), 1951.

હારમાળામાં તેમનો પાછળથી પ્રવેશ થયા પછી, તે ધીમે ધીમે 'સર્વોચ્ચ દેવ' તરીકે પણ સ્થાન પામ્યા; અને પછી ચોથા તબક્કે એક પ્રાકૃતિક ઘટના તરીકે વૃષ્ટિક્રિયાના નિયન્તા દેવ તરીકેનું વ્યક્તિત્વ પણ તેમના ઉપર આરોપવામાં આવ્યું અને તે 'વૃષ્ટિના દેવ' (Rain–god) બની ગયા !

(૩)

'ઈન્દ્ર એ મૂળભૂત રીતે ઝંઝાવાત કે વૃષ્ટિના દેવ છે' – એવા મેકડોનલ વગેરે યુરોપિય વિદ્વાનોના મતનું ખંડન કરવા માટે પ્રોફે. દાંડેદકરે જે દલીલો પ્રસ્તુત કરી છે તે નીચે મુજબ છે :

(૧) ઈન્દ્રે કરેલા વૃત્રવધનાં પરાક્રમોનું જ્યાં વર્ણન છે ત્યાં જે વજ્ર, પર્વત, ગાય કે દુર્ગ વગેરે શબ્દોનો ઉપયોગ થયો છે તેના, ભાષ્યકારોએ દરેક સ્થળે જુદા જુદા અર્થો કર્યા છે; એટલે કે આ શબ્દોનો કોઈ એક (જ) નિશ્ચિત અર્થ થતો નથી. આમ ઈન્દ્રનો વૃષ્ટિક્રિયા જોડે સંબંધ બતાવતો–અસંદિગ્ધ કહી શકાય એવો એક પણ મન્ત્ર નથી. આથી એવો પ્રશ્ન પૂછવાનું મન થાય છે કે આર્યપ્રજાએ પોતાના પ્રધાન દેવનું પ્રધાન કાર્ય જો વૃષ્ટિ હોય તો, તેનું પ્રકટ–સાફ સાફ શબ્દોમાં વર્ણન કેમ ના કર્યું ? અથવા એકાદ મન્ત્રમાં તો, પ્રત્યક્ષ રીતે એ વૃષ્ટિક્રિયા સાથે ઈન્દ્રને સાંકળવો જોઈતો હતો ને ? પણ આમ થયું નથી.

(૨) ઈન્દ્રનું વાદળ રૂપ વૃત્રને મારનારું–તોડનારું જે આયુધ વજ્ર છે, તે જો ભાષ્યકારો કહે છે તેમ વીજળી હોય તો, આ વજ્રાયુધને વર્ણાવતાં જે મન્ત્રો છે તેમાં ક્યાંક એને સેંકડો અણીઓવાળું અને સેંકડો સાંધાવાળું કહ્યું છે; અને ક્યાંક તેને લોઢાનું બનેલું પણ કહ્યું છે એનું શું ? આમ મન્ત્રોમાં જ વજ્રનો ઉલ્લેખ કરતા શબ્દોને ધ્યાનથી જોતાં એવું માનવું પડે છે કે 'વજ્ર' તે વીજળી રૂપ આયુધ તો નથી જ. વાસ્તવમાં તે લોખંડનું બનેલું તીક્ષ્ણ અણીઓવાળું હથિયાર જ છે.

(૩) ઋગ્વેદમાં ઈન્દ્રના વિશેષણ તરીકે 'વૃત્રઘ્ન' શબ્દને મળતો આવતો અવેસ્તાનો શબ્દ છે : 'વેરેથ્રા' (Verethra). પણ ત્યાં 'વેરે'નો અર્થ 'મેઘ રૂપ રાક્ષસ' એવો થતો નથી. તથા ઋગ્વેદના 'ઈન્દ્ર' શબ્દને મળતો આવતો એક 'અન્દ્ર' (Andra) શબ્દ પણ અવેસ્તામાં આવેલો છે; જેનો અર્થ કોઈ 'દેવ' એવો થતો નથી, પણ એક 'રાક્ષસ' એવો થાય છે, આમ ઈન્દ્રનું મૂળભૂત રીતે – ઈન્ડોઈરાનિયન કાળથી માંડીને – 'વૃષ્ટિ' સાથે સંકળાયેલા, કે એક 'દેવ' તરીકેની પ્રસિદ્ધિ પામેલું વ્યક્તિત્વ હોય તેમ જણાતું નથી.

(૪) હિલેબ્રાન્ટ કે જેમણે ઈન્દ્રને સૂર્યનો પ્રતિનિધિ દેવ કહ્યો છે, તેમના મતે ઈન્દ્રને 'વૃષ્ટિનો દેવ' કહી શકાય એમ નથી. કેમ કે જે ઈન્દ્રમન્ત્રોમાં વૃષ્ટિનો સંદર્ભ છે એમ બતાવવામાં આવે છે, તેમાં વપરાયેલાં ક્રિયાપદો (अपि + धा, ग्रस्, बाध्, रुध्, वृ, स्तभ, परि + स्था)નો અભ્યાસ કરતાં જણાય છે કે તેમાંનો એકેય ધાતુ વૃષ્ટિક્રિયાનો બોધ કરાવી શકે તેમ નથી ! હિલેબ્રાન્ટના આ સંશોધનને આગળ ધરીને શ્રી દાંડેકરજી કહે છે કે – જુઓ, ઈન્દ્ર મૂળભૂત રીતે વૃષ્ટિક્રિયા જોડે સંકળાયેલો દેવ નથી; એવું હિલેબ્રાન્ટ પણ માને છે.

(૫) ઋગ્વેદ આખામાં જોતાં વૃષ્ટિ સાથે સંકળાયેલા કુલ ત્રણ દેવો જોવા મળે છે : (૧) ત્રિત આપ્ત્ય, (૨) પર્જન્ય અને (૩) ઈન્દ્ર. આથી શ્રી દાંડેકર પ્રશ્ન પૂછે છે કે એક જ પ્રાકૃતિક ઘટના–વૃષ્ટિક્રિયા–માટે ત્રણ દેવોની શી જરૂર હોઈ શકે ? 'પર્જન્ય' અને 'ઈન્દ્ર'નો પૃથક્ ઉલ્લેખ તો એ રીતે સમજી શકાય કે સ્થૂળ વરસાદની ભૌતિક ઘટનાના નામ તરીકે 'પર્જન્ય' શબ્દ વપરાયો હશે, અને તેના નિયામક દેવ તરીકે 'ઈન્દ્ર' શબ્દ હશે. પણ 'ત્રિત આપ્ત્ય' જેવા વૃષ્ટિના એક દેવ ઋગ્વેદમાં હતા જ, તો પછી એ જ ઘટના ક્રિયા માટે બીજા (ઈન્દ્ર) દેવની શી જરૂર હતી ? વળી, અવેસ્તામાં ત્રિત આપ્ત્યને મળતા એક 'થ્રિત' (thrita) દેવનો ઉલ્લેખ છે, કે જે પણ વૃષ્ટિના દેવ તરીકે જ ત્યાં સ્તવાયેલા છે. તો ઈન્ડો–ઈરાનિયનકાળથી માંડીને એક 'થ્રિત' કે 'ત્રિતઆપ્ત્ય' દેવ હતા જ, તો પછી ઋગ્વેદમાં 'ઈન્દ્ર'ની (કલ્પના કરવાની) શી જરૂર હતી ? એવો પણ પ્રશ્ન ઊભો થાય છે. આ ચર્ચા એવું સૂચવે છે કે ઋગ્વેદના મૂળભૂત દેવતામંડળમાં 'વૃષ્ટિના દેવ' તરીકે ઈન્દ્રનો પ્રવેશ ઈન્ડો–ઈરાનિયન કાળનો જણાતો નથી.

(૬) ઋગ્વેદ (૧–૫૨–૫)માં કહ્યું છે કે – "ઈન્દ્રે ત્રિત આપ્ત્યની જેમ વૃષ્ટિને ચોરનારને જીતી લીધા." આમાંથી સીધું એવું સૂચવાય છે કે – મેઘ રૂપ રાક્ષસને જીતીને અન્તરિક્ષના જળને વરસવા માટે મુક્ત કરાવવાનું કામ તો મૂળમાં (ઈન્ડો–ઈરાનિયન કાળમાં) ત્રિત આપ્ત્યનું હતું, જે પાછળના સમયમાં, ઈન્દ્રે પોતાનું કાર્ય બનાવી દીધું !

(૭) તૈત્તિરીય બ્રાહ્મણ (૨–૨–૩, ૩; ૨–૨–૭, ૨)માં નોંધાયેલી પરંપરા મુજબ વૈદિક દેવોના સમુદાયમાં ઈન્દ્રનો પ્રવેશ ઘણો પાછળથી થયો છે. પ્રજાપતિ બ્રહ્માએ બધા દેવોનું સર્જન કર્યું' પણ ઈન્દ્રનું નહીં. ત્યાં તો ઈન્દ્રને देवानाम् अनुजावरः (બીજા. દેવોની પાછળ જન્મેલો) કહ્યો છે.

આ સમગ્ર ચર્ચા ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે ઈન્દ્રદેવ તે મૂળભૂત રીતે વૃષ્ટિના દેવ તો ન હતા, પણ પાછળથી પુરાકથાશાસ્ત્રની દૃષ્ટિએ એવો કોઈક વળાંક

આવ્યો છે કે જેથી યુદ્ધમાં વિજય મેળવનાર માનવનેતા ઉપર દેવત્વનું આરોપણ થયા પછી, તેને મેઘ રૂપ વૃત્રાસુરને મારીને વરસાદ વરસાવનાર દેવ પણ બનાવી દેવામાં આવ્યા છે.

(૪)

પ્રોફે. આર. એન. દાંડેકરે પોતાની વાતના સમર્થન માટે બીજી એક વાત એ પણ ઉપસાવી છે કે ઋગ્વેદમાં ઈન્દ્રનાં જે વર્ણનો મળે છે તેમાં ઈન્દ્રનો માનવ–આકાર અને માનવસ્વભાવ ઘણી ઝીણી વિગતો સાથે નિરૂપાયો છે. જેમકે, તેના હાથ, તેની મુઠ્ઠી, મસ્તક વિશાળ છાતી, ડોક, સુશિપ્ર–સુંદર હોઠવાળો–દાઢી મૂછવાળો વગેરે. મોહેં–જો–દડોનાં ખોદકામોમાંથી જેવા વીર પુરુષોની આકૃતિઓ મળી છે. તેને મળતાં આ વર્ણનો છે. વળી, ઈન્દ્રને માનસિક–ગુણોની દૃષ્ટિએ મઘવન્ = ધનવાળો, (લક્ષણાથી–ઉદાર ચિત્તે ઘણું ધન આપનારો) કહેવાયો છે. તેને 'મરુત્સખા' જેમ કહ્યો છે, તેમ મરુતોને પણ 'ઈન્દ્રજ્યેષ્ઠાઃ' (ઈન્દ્ર છે જ્યેષ્ઠ જે લોકોમાં) કહ્યા છે. આ મરુતો સામે ઈન્દ્રને એક ફરિયાદ કરતો બતાવ્યો છે કે – "તમે (મરુતો) યજ્ઞમાં ભાગ લેવા તૈયાર થઈ જાવ છો, પણ યુદ્ધના પ્રસંગે તમે દૂર ખસી જાવ છો." વળી, તે ઈન્દ્ર સ્ત્રીઓ, અને વિશેષે કરીને કુમારિકાઓની કાળજી લેતો, ચિંતા કરતો પણ બતાવ્યો છે. એ જ પ્રમાણે, ઈન્દ્રની સોમપ્રિયતા પણ ઘણી જગ્યાએ ફરી ફરીને કહેવાઈ છે, અને તેની મૂછો ઉપરથી સોમ બિંદુઓ ટપકતાં હોય એવું જીવંત ચિત્ર પણ બતાવ્યું છે. સોમ માટે ઈન્દ્ર લાલચુ બન્યો હોય એવું ચિત્ર એક માનવસહજ નબળાઈનું જ વર્ણન કહેવાય. આમ ઈન્દ્રએ પહેલે તબક્કે, ઐતિહાસિક માનવનેતા હોય તો જ આવાં વર્ણનો મળી રહે એવું દૃઢ થાય છે.

(૫)

તુલનાત્મક ભાષાશાસ્ત્રને આધારે (વેદ અને અવેસ્તાની ભાષાઓના ઘેરા સામ્યને કારણે) આર્યપ્રજાનાં સંક્રમણોની જે અવધારણાઓ ઘડાઈ છે, તે મુજબ આર્યો મૂળ ઉત્તરધ્રુવમાંથી આગળ વધતાં મધ્ય એશિયાના બલ્ખ વિસ્તારમાં પહેલાં આવીને વસ્યા હશે, કે જ્યાં ઈરાનિયન અને ઈન્ડિયન–આર્યોના પૂર્વજો (Prato–Aryan) રહેતાં હશે. આ ઈન્ડો–યુરોપિયન ભાષાનો સમયગાળો ગણાય છે અને તે સમયગાળામાં, વિશાળ અને અનંત આકાશને જોઈને જે દેવની કલ્પના (Myth) ઘડાઈ હશે, તે વરુણદેવ છે. બ્રહ્માણ્ડમાં જે નિયમિત રીતે સૂર્યનો ઉદય થાય છે, રાત્રિમાં ગ્રહ–નક્ષત્રોનો ઉદય થાય છે, કે નદીઓ સતત વહેતી રહે છે તે સૃષ્ટિના અફર નિયમોને 'ઋત' કહેવાય છે; અને તેના નિયન્તા દેવ તરીકે વરુણને

આર્યપ્રજાએ પોતાના ચિત્તમાં પ્રતિષ્ઠિત કર્યા હતા. આમ ઈન્ડો–યુરોપિયન સમયગાળાના દેવ તે વરુણ છે અને અવેસ્તામાં આપણે જોઈએ છીએ કે જે અહુરમઝ્દ દેવ છે તે આ વરુણ જ છે. શાંતિપ્રિય ઈન્ડો–ઈરાનિયન પ્રજાએ તેમની પ્રતિષ્ઠા પૂર્વવત્ જાળવી રાખી છે. જ્યારે, જે આર્યો મહત્ત્વાકાંક્ષી હતા અને જેમણે સપ્ત સિન્ધુના પ્રદેશ તરફ આગેકૂચ ચાલુ રાખી હશે, તેમણે પોતાના નવા યોદ્ધા ઈન્દ્રને નેતા તરીકે સ્થાપ્યો છે. (આના તરફ અણગમો દર્શાવવા જ, અવેસ્તામાં ઈન્ડો–ઈરાનિયન પ્રજાએ ઋગ્વેદના ઈન્દ્રદેવની સાથે ધ્વનિસામ્ય ધરાવતા 'એન્દ્ર' નામના એક રાક્ષસની કલ્પના પ્રસ્તુત કરી છે !) ધીમે ધીમે આ ઐતિહાસિક માનવનેતાને દેવકોટિમાં સ્થાન મળતું ગયું અને 'વૃત્ર' શબ્દથી જે કેવળ અવરોધક તત્ત્વ (અનાર્ય શત્રુઓનો) નિર્દેશ થતો હતો, તે જ શબ્દનો પ્રયોગ 'પાણીને ઘેરીને રહેતાં વાદળો' માટે પણ પાછળથી થવા લાગ્યો. (वृत्रः એવા પુલ્લિંગ શબ્દનો પ્રયોગ બહુ જ ઓછી વાર છે, પણ નપુંસકલિંગ બહુવચનમાં वृत्राणि એવા શબ્દનો પ્રયોગ અનેકવાર થયેલો જણાય છે). આમ ઈન્દ્ર સંપૂર્ણ ભારતીય દેવ જ છે અને તે યુદ્ધનો દેવ બન્યા પછી, કાલાન્તરે વૃષ્ટિનો દેવ બન્યો છે એવું શ્રી દાંડેકરનું મંતવ્ય છે.

(૬)

આ સમગ્ર ચર્ચાના ઉપસંહારમાં, નીચે મુજબના મુદ્દા ધ્યાનાસ્પદ છે : (क) ઈન્દ્રના વ્યક્તિત્વની જે વિકાસયાત્રા પ્રોફે. આર. એન. દાંડેકરે (૧૯૫૧માં) નોંધી છે તેના અનુસંધાનમાં ઋગ્વેદના ૭મા મંડળનાં ઈન્દ્રસૂક્તોમાં જોવાં મળતાં વર્ણનો કેવળ યુદ્ધવિષયક જ છે. ૭મા મંડળમાં ૧૮ થી ૩૩ સુધીમાં જે ઈન્દ્રસૂક્તો આવેલાં છે, તેમાંથી કેવળ એક–બે મન્ત્ર (૭–૨૧–૩ અને ૭–૩૩–૫)માં જ ઈન્દ્રનો વૃષ્ટિક્રિયા જોડે સંબંધ દર્શાવ્યો છે.

(શ્રી ડોલરરાય માંકડ (૧૯૬૪માં) કહે છે કે – ઈન્દ્ર પાણીને છોડાવે છે. એનો માત્ર એક જ (૭–૨૧–૩) ઉલ્લેખ છે. મને એમ લાગે છે કે વસિષ્ઠના કાળમાં ઈન્દ્ર વર્ષાનો દેવ છે તે વાત હજી ઘડાતી હતી અને તાજી જ પ્રચારમાં આવી હતી.[૫] એ સિવાયના તમામ મન્ત્રમાં ઈન્દ્રનાં યુદ્ધવિષયક પરાક્રમો અને અનુગ્રહની વાતો આવેલી છે. મુખ્યત્વે તો વસિષ્ઠના મન્ત્રો થકી ઈન્દ્રની વિશેષ કૃપા ઊતરી અને સુદાસ દશ રાજાઓની સામે જીત્યો, જેના પરિણામે ભરતોની

---

[૫] 'ઋગ્વેદમાં વસિષ્ઠ ઋષિનું દર્શન' (૧૭–૧૮ ડિસે. ૧૯૬૪) ડૉ. ડોલરરાય માંકડ, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, પૃ. ૪.

ટોળીનો સપ્તસિન્ધુમાં કાયમી નિવાસ શક્ય બન્યો. (અને, ડૉ. દાંડેકર કહે છે તે મુજબ, ત્યારથી માંડીને આ દેશ 'ભારતદેશ'ના નામે પ્રસિદ્ધ થયો.)

(ख) શ્રી ડોલરરાય માંકડને, ઋગ્વેદમાં જે બે છેડાઓની – (૧) અનેકદેવતાવાદ અને (૨) એકદેવતાવાદ–દેવસ્તુતિઓ જોવા મળે છે, તે બેની વચ્ચે એક 'ઈષ્ટદેવતાવાદ' પણ છે, તે આ ૭મા મંડળમાં ઉપસી આવતો મુદ્દો જણાય છે. તેમના શબ્દોમાં જોઈએ તો "આમ વસિષ્ઠે જુદા જુદા દેવોની સ્તુતિ કરી છે, પણ તે દરેકની સ્તુતિ કરતી વખતે જાણે કે એ જ મુખ્ય દેવ છે એવી એની વૃત્તિ થઈ જાય છે. આ વૃત્તિ, પછીથી, ઋગ્વેદમાં વ્યાપક બની છે. આ વૃત્તિ એવી છે કે એને પરિણામે દેવો જુદા જુદા છે છતાં બધાની પાછળ કોઈ એક સમાન તત્ત્વ રહ્યું છે એવું વલણ જન્મે છે. આ વલણને પરિણામે જ દીર્ઘતમાએ, છેવટે (૧૦મા મંડળમાં) ગાયું કે एकं सद्विप्रा बहुधा वदन्ति । વસિષ્ઠમાં (૭મા મંડળમાં) આ એકત્વની દૃષ્ટિ સ્પષ્ટ દેખાતી નથી, અનેક દેવમાં એ માને છે તે સ્પષ્ટ છે." ..... "આવો અનેકદેવતાવાદ વસિષ્ઠના દર્શનમાં છે. તેના વિકાસનાં બે બીજ સ્પષ્ટ વરતાય છે. એક તો, હમણાં જ કહ્યું તે, દરેક દેવમાં મહત્તા આરોપવાનું વલણ. આ વલણને મૅક્સમૂલરે 'હીનોથીઝમ' કહ્યું છે. આપણે ત્યાં પાછળથી 'ઈષ્ટદેવ'ની જે વાત વિકસી છે તે એ વૃત્તિને પરિણામે જ છે એમ મને લાગે છે..... વસિષ્ઠના ૭મા મંડળમાં અનેકદેવવાદની ભૂમિકાને વટાવીને આ ઈષ્ટદેવવાદની ભૂમિકામાં સારી પેઠે આગળ વધવાનું વલણ આપણે જોઈએ છીએ. અનેકદેવતાવાદમાંથી એકદેવવાદમાં વિકસવાની એ અંતરાળ ભૂમિકા છે." (એજન, પૃ. ૮–૯).

(ग) ડૉ. દાંડેકરને ૭મા મંડળમાં, વિસારે પડતા જૂના વરુણ–સમ્પ્રદાય અને નવા વિકસેલા ઈન્દ્રસમ્પ્રદાય વચ્ચેનો સમન્વય સાધનારી વચગાળાની ભૂમિકા જણાય છે. જેમકે, વસિષ્ઠે ૭મા મંડળમાં, યુદ્ધના દેવ તરીકે ઈન્દ્રને વર્ણવ્યા પછી એ પણ જોયું છે કે ઈન્ડો–યુરોપિયન કાળના વરુણદેવ પણ મહત્ત્વના તો છે જ. આથી ભારતમાં નવા વિકસેલા ઈન્દ્રસમ્પ્રદાય અને જૂના વરુણસમ્પ્રદાયની વચ્ચે સમાધાનકારી–સમન્વયાત્મક–વાતાવરણ ઊભું કરવું પણ જરૂરી છે. આથી તેમણે (૧) વિસારે પડી રહેલા વરુણદેવને માટે ૧/૩ જેટલાં સૂક્તો રચ્યાં છે. (ઋગ્વેદનાં કુલ ૧૨ વરુણસૂક્તોમાંથી ચાર વસિષ્ઠે રચેલાં છે.) તથા (૨) ૭–૮૩ નંબરના સૂક્તમાં 'ઈન્દ્રવરુણ'ની એક યુગલદેવતા તરીકે સહસ્તુતિ પણ કરી, અને તેમાં જાહેર કર્યું કે – वृत्राण्यन्यः समिथेषु जिघ्नते, व्रतान्यन्यो अभि रक्षते सदा । ૭–૮૩–૯ અર્થાત્ "કોઈ એક (ઈન્દ્ર જેવો) દેવ સંગ્રામોમાં શત્રુઓને હણે છે, તો બીજો એક (વરુણ જેવો) દેવ પોતાનાં વ્રતોનું (ઋતનું) રક્ષણ કરે છે (= પાલન કરાવે છે.)" આમ મનુષ્યજીવનમાં પહેલે તબક્કે શત્રુઓનો વિનાશ કરીને વિજય

મેળવવો જરૂરી છે, પણ પછી બીજે તબક્કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પણ જરૂર તો છે જ. આમ ભારતમાં નવા વિકસેલા ઈન્દ્ર દેવનો મહિમા આપણે જરૂર ગાઈએ પણ જૂના વરુણદેવને પણ આપણે ભૂલીએ નહીં ! એવું વસિષ્ઠનું 'દર્શન' છે.

૧૯. વિષ્ણુતત્ત્વ : ઓળખ અને વિકાસયાત્રા

ભૂમિકા : ભારતીય સંસ્કૃતિના ઈતિહાસ ઉપર દૃષ્ટિ નાખતાં એ વાત તરત જ ધ્યાન ઉપર આવે છે કે ભારતીય આર્યોએ સકળ બ્રહ્માણ્ડમાં વ્યાપી રહેલા અનેક દેવ–દેવીઓનું કલ્પન કરીને તેમના પરસ્પર સમન્વયનો અથાક, બલ્કે સોત્સાહ પ્રયત્ન કરે રાખ્યો છે. ઋગ્વેદ વગેરે ચાર વેદો, રામાયણ–મહાભારત જેવાં બે ઈતિહાસકાવ્યો અને અઢાર પુરાણોના પ્રત્યેક પૃષ્ઠ ઉપર હિન્દુ દેવતાશાસ્ત્રની સાથે સંકળાયેલાં અનેક મોતીઓ વિખરાયેલાં પડ્યાં છે. તેમાંથી એક કૌસ્તુભમણિનો એટલે કે વિષ્ણુતત્ત્વનો વિચાર કરવો તે પ્રસ્તુત લેખનો વિષય છે.

[૧]

ઋગ્વેદમાં આ બ્રહ્માણ્ડને ત્રણ ભાગમાં વહેંચાઈ જતું કલ્પવામાં આવ્યું છે. જેમ કે, (૧) દ્યુલોક, (૨) અન્તરિક્ષલોક અને (૩) પૃથિવીલોક. આ ત્રણેય લોકમાં અનુક્રમે સૂર્ય, ઈન્દ્ર અને અગ્નિ એ પ્રધાન દેવો રહેલા છે. પરંતુ વેદકાળ પછી, રામાયણાદિ ઈતિહાસકાવ્યો અને અઢાર પુરાણોના સમયગાળામાં બ્રહ્માણ્ડનું જે રીતે ત્રણ સ્થાનમાં વિભાજન વિચારાયું/કલ્પાયું છે તે (૧) સ્વર્ગલોક, (૨) પૃથિવીલોક અને (૩) પાતાળલોક છે. પરંતુ આ ત્રણ લોકના ત્રણ દેવની કલ્પનાને સ્થાને, બ્રહ્માણ્ડની ઉત્પત્તિ, સ્થિતિ અને લય રૂપ ત્રણ પરિસ્થિતિઓના એક–એક નિયન્તા દેવોની કલ્પના આવી. જેમાં બ્રહ્મા સૃષ્ટિની ઉત્પત્તિ કરનારા દેવ છે, સૃષ્ટિનું પાલન–પોષણ કરવાની જવાબદારી વિષ્ણુ દેવ સંભાળે છે અને આ સૃષ્ટિનો પ્રલય કરવાનું કામ મહેશ–શંકર–ને સોંપવામાં આવ્યું છે. આમ વેદના ત્રણ પ્રધાન દેવોને સ્થાને, પુરાણકાળમાં નવા જ ત્રણ દેવોએ સ્થાન લીધેલું જોવા મળે છે. અલબત્ત, એક પુરાકલ્પન (myth) રૂપે આ ત્રણ દેવોનું કલ્પન સાવ અપૂર્વ છે એવું પણ નથી. વિદ્વાનોએ આપણને જણાવેલું છે કે ઋગ્વેદમાં સ્તવાયેલા 'પ્રજાપતિ' નામના દેવ જ પુરાણકાળમાં 'બ્રહ્મા'ના નામે રૂપાંતરિત થયેલા છે; વેદના અગ્નિ અને રુદ્રનો સમન્વય થઈને પુરાણકાળના 'શિવ' બનાવ્યા છે. તથા વેદના આદિત્ય (સૂર્ય) દેવ જ પુરાણકાળમાં 'વિષ્ણુ' રૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. વળી, વેદના સર્વોપરિ ગણાયેલા ઈન્દ્ર દેવતાની ક્રમશઃ અવનતિ થતાં, તે દેવતા બ્રહ્મા–વિષ્ણુ–મહેશની કૃપા થકી જ પોતાનું ઈન્દ્રાસન–સ્વર્ગનું આધિપત્ય–ટકાવી શક્યા છે. આવી પુરાકથાઓ પુરાણોના દરેક પૃષ્ઠ ઉપર લખાયેલી વાંચવા મળે

છે. આમ ભારતીય સંસ્કૃતિમાં જુદા જુદા કાલખંડમાં જુદા જુદા દેવોનું વર્ચસ્વ કલ્પાયેલું જોવા મળે છે. પુરાણકાલિક આ દેવતાત્રિપુટીમાંથી વિષ્ણુદેવતા અને તેમના અવતાર સ્વરૂપ ગણાયેલા 'વાસુદેવ કૃષ્ણ' વિશે અહીં વિચાર રજૂ કરીશું.

[૨]

'નિરુક્ત' નામના વેદાંગમાં વેદાર્થઘટનના અનેક માર્ગો ઉલ્લેખાયા છે. પણ તેમાંથી જે નૈરુક્ત—માર્ગ (Naturalistic school of Vedic interpretation) છે તે પૂર્વના અને પશ્ચિમના વિદ્વાનોમાં મહદંશે સ્વીકાર્ય પણ બન્યો છે અને પ્રસિદ્ધિ પણ વધુ પામ્યો છે. આ નૈરુક્ત માર્ગ મુજબ વૈદિક દેવતાઓનું પ્રાકૃતિક અર્થઘટન કરવામાં આવે છે. પ્રકૃતિ (નિસર્ગ)ના સૂર્ય, અગ્નિ, આકાશ, વાયુ ઈત્યાદિ જેવા અનેક ભૌતિક પદાર્થો અને વૃષ્ટિ ઈત્યાદિની ઘટનાઓ કે જે મનુષ્યજીવનને માટે ઉપકારક અને પ્રભાવક જણાયા હશે, તે દરેકમાં દેવત્વનું આરોપણ કરીને, અર્થાત્ એક પ્રકારનું સજીવારોપણ કરીને વેદકાળના ઋષિઓએ તેમની સ્તુતિઓ કરી છે.[1] પરંતુ (૧) પ્રકૃતિના અમુક પદાર્થોને દેવો માનીને જ્યારે સ્તુતિ કરવામાં આવે છે ત્યારે તેમનું મૂર્તીકરણ ક્યારેક પૂર્ણ સ્વરૂપે, તો ક્યારેક આંશિક રીતે જ થયેલું જોવા મળે છે. દા.ત. અગ્નિને જ્વાળાઓ રૂપી દાઢીવાળો કે જ્વાળાઓ રૂપી દંષ્ટ્રાવાળો કહ્યો છે. અહીં રૂપકાત્મક રીતે જ અગ્નિ ઉપર સજીવારોપણ કરવામાં આવ્યું છે. એટલે કે જે દેવતાનું નામ પ્રાકૃતિક આધારને અનુરૂપ હોય તો તે દેવતાનું મૂર્તીકરણ પ્રાથમિક અવસ્થામાં રહેલું જોવા મળે છે. દ્યૌઃ, સૂર્ય, ઉષા, અગ્નિ, સોમ વગેરે આ પ્રકારના દેવતાઓ છે.

(૨) પરંતુ જે દેવનું નામ પ્રકૃતિના કોઈ તત્ત્વથી સાવ જુદું હોય, તો તેમાં માનવાત્વારોપણ અધિક જોવા મળે છે. જેમકે, વરુણ અને ઈન્દ્રદેવતા. આ ઉપરાંત, (૩) પ્રકૃતિના કોઈ એક જ પદાર્થનાં જેટલાં ગુણવાચક નામો હોય તે બધાંય, પાછળથી એક—એક સ્વતન્ત્ર દેવ તરીકે વિકાસ પામ્યા હોય એવું પણ જોવા મળે છે. દા.ત. આકાશસ્થિત એક જ સૂર્ય પદાર્થના 'આદિત્ય' (= જે પૃથિવીના રસોનું ગ્રહણ કરે છે તે); 'પૂષન્' (= જે અનાજ ઉગાડીને સૌનું પોષણ કરે છે તે); 'વિષ્ણુ' (= જે પોતાનાં કિરણોથી સમગ્ર બ્રહ્માણ્ડમાં વ્યાપી વળે છે તે); 'સવિતૃ' (= જે અનેક જીવોનો પ્રસવ કરે છે તે) — એવાં બધાં ગુણવાચક નામો જ હોવા છતાંય, તે દરેકને સ્વતન્ત્ર દેવ તરીકે સંબોધ્યા હોય તેવાં સૂક્તો ઋગ્વેદમાં જોવા મળે છે. આથી વિષ્ણુદેવતા કે જે વાસ્તવમાં સૂર્યદેવતાના વ્યાપનશીલ હોવાના એક ગુણને ધ્યાનમાં લઈને, એક સ્વતન્ત્ર દેવ તરીકે વેદમાં સ્તુતિ પામેલ છે. ઋગ્વેદમાં વિષ્ણુ

---

[1] જુઓ : तत्र को वृत्रः ?! मेघ इति नैरुक्ताः । त्वाष्ट्रोऽसुर इति ऐतिहासिकाः । तत्र उपमार्थेन युद्धवर्णाः भवन्ति । — **निरुक्तम्** (२—५—१७)

દેવતાની સ્તુતિ પાંચ સૂક્તોમાં જોવા મળે છે. જેમ કે, ઋગ્વેદ પ્રથમ મણ્ડળનાં (૧) ૧૫૪, (૨) ૧૫૫, (૩) ૧૫૬ સૂક્તો, તથા સાતમા મણ્ડળનાં (૪) ૯૯ અને (૫) ૧૦૦ સૂક્તમાં આ વિષ્ણુની સ્તુતિ જોવા મળે છે.

'વિષ્ણુ' શબ્દ √વિશ્ પ્રવેશને ધાતુ ઉપરથી બન્યો છે. આ નિર્વચન જોતાં જે વ્યાપનશીલ છે, બ્રહ્માણ્ડમાં જે પ્રવેશી જવાના સ્વભાવવાળો છે તે સૂર્યને જ 'વિષ્ણુ' કહ્યો છે. સૂર્ય પોતાનાં કિરણોથી બ્રહ્માણ્ડના દ્યુલોક, અન્તરિક્ષલોક અને પૃથિવીલોકને એક સામટાં આવરી લે છે; એટલે કે તે ઉદય પામવાની સાથે જ ત્રણેય લોકમાં પ્રવેશી જાય છે. આથી આ 'પ્રવેશવા'ની ક્રિયા કરતો હોવાથી સૂર્યને, 'વિષ્ણુ' કહ્યો છે. યાસ્કે 'નિરુક્ત' (અધ્યાય–૧૨)માં કહ્યું છે કે – यद् विषितो भवति तद् विष्णुर्भवति । विष्णुर्विशतेर्वा व्यश्नोतेर्वा, तस्य एषा भवति ॥ – આને સમજાવતાં 'નિરુક્ત'ના ટીકાકાર દુર્ગાચાર્યે લખ્યું છે કે –

यदा रश्मिभिरतिशयेनायं व्याप्तो भवति, व्याप्नोति वा रश्मिभिरयं सर्वम्, तदा विष्णुरादित्यो भवति ॥[२]

"જ્યારે (પોતાનાં) કિરણોથી આ (સૂર્ય) અતિશયપણે બધે વ્યાપી વળે છે; અથવા જે (પોતાનાં) કિરણોથી સૌ કોઈને વ્યાપી વળે છે માટે તે (વ્યાપનશીલ) આદિત્યને 'વિષ્ણુ' કહેવાય છે."

[૩]

ઋગ્વેદમાં વિષ્ણુ દેવતાની જે સ્તુતિઓ જોવા મળે છે, તેમાં એમના માટે કેટલાક વિશેષણો વપરાયાં છે. જેમ કે, (૧) उरुक्रमः, (૨) त्रिविक्रमः, (૩) अकुमारः (૪) शिपिविष्टः અને (૫) निषिक्तपा । – આ દરેક વિશેષણનો ગર્ભિતાર્થ વિચારી કાઢીને, પુરાણકારોએ વિષ્ણુના વામન કે વાસુદેવ કૃષ્ણ જેવા અવતારોની વિવિધ પુરાકથાઓ (mythological stories) આગળ વધારી છે. દા.ત. મૂળમાં તો સૂર્યના ત્રણ ડગલાંને ધ્યાનમાં લઈને વિષ્ણુને 'ત્રિવિક્રમ' કહ્યા છે.[૩] આ જ સંદર્ભમાં વિષ્ણુને 'ઉરુક્રમ' (ઋગ્વેદ ૧–૧૫૪–૫) અને 'ઉરુગાય' (ઋગ્વેદ ૧–૧૫૪–૩) (= વિશાળ સ્થાનોમાં સંચરણ કરનાર) પણ કહ્યા છે. વળી, ઋગ્વેદના બીજા એક મન્ત્રમાં વિષ્ણુને 'બૃહચ્છરીર' (ઋગ્વેદ :

---

२. निरुक्तम् (४ भागः) गुरुमण्डल ग्रन्थमाला–१०, इ.स. १९५३, (दुर्गस्य टीकया सहितम्) पृ. ११२०.

૩. प्र तद्विष्णुः स्तवते वीर्येण मृगो न भीमः कुचरो गिरिष्ठाः ।
यस्योरुषु त्रिषु विक्रमणेष्वधिक्षियन्ति भुवनानि विश्वा ॥
– ऋग्वेदः (१–१५४–२)

૧–૧૫૫–૬); 'યુવા' (ઋગ્વેદ ૧–૧૫૫–૬) અને 'અકુમાર' (૧–૧૫૬–૬) પણ કહ્યા છે.[૪] આ વિશેષણોમાંથી વામન અવતારની કથા ઊભી કરવામાં આવી છે. વિષ્ણુ વામન રૂપે અવતરીને, રાક્ષસરાજ બલિ પાસે જાય છે અને ત્રણ ડગલાં જમીન માંગે છે. બલિએ વચન આપ્યા પછી, વામન વામન રહેતાં નથી, તે 'યુવા' અને 'અકુમાર' બને છે. વિરાટ રૂપ ધરીને ક્ષણાર્ધમાં તેઓ ત્રિવિક્રમ પણ બને છે ! ભારતીય પરમ્પરામાં જે કહેવાયું છે કે – इतिहासपुराणाभ्याम् वेदम् समुपबृंहयेत् । અર્થાત્ "રામાયણ અને મહાભારત રૂપ ઈતિહાસગ્રંથોથી અને ભાગવતાદિ પુરાણોથી વેદમન્ત્રોમાં કહેવાયેલા શબ્દોના અર્થોનું ઉપબૃંહણ (= વિકાસ, સંવર્ધન) કરવું જોઈએ." તેનો આ એક નિદર્શ છે.

એવી જ રીતે, ઋગ્વેદમાં વિષ્ણુને માટે જે બીજાં બે વિશેષણો – (૧) 'શિપિવિષ્ટ' (ઋગ્વેદ : ૭–૧૦૦–૫, ૬) અને (૨) 'નિષિક્તપા' (ઋગ્વેદ : ૭–૩૬–૪) વપરાયાં છે, તેનું ભાગવત પુરાણમાં કેવી રીતે ઉપબૃંહણ થયું છે ? – તે જોઈએ તો, 'શિપિવિષ્ટ'નો અર્થ "પોતાનાં કિરણોથી બધે પ્રવેશી ચૂકેલો દેવ" એવો થાય છે.[૫] પરંતુ ૭–૧૦૦–૬ નંબરના ઋગ્વેદના મન્ત્રમાં ઋષિ વસિષ્ઠ દ્વારા પૂછવામાં આવ્યું છે કે – હે વિષ્ણુ ! શું તારું 'શિપિવિષ્ટ' એવું નામ જાહેરમાં કહેવા જેવું છે ખરું ? અહીં ઔપમન્યવે 'શિપિવિષ્ટ'ને કુત્સિત (નિંદનીય) નામ ગણાવ્યું છે; જેનો અર્થ થાય છે : "ઢાંક્યા વિનાના પ્રજનનદંડ જેવો, હું તેજને કારણે અનાચ્છાદિત છું."[૬] આમ વિષ્ણુદેવતા જન્મ આપવાની શક્તિ જોડે સંકળાયેલા દેવ પણ જણાય છે. અલબત્ત, આમાં આશ્ચર્ય પામવા જેવું કશુંય નથી. 'વિષ્ણુ' એ જો સૂર્ય દેવતાનું જ એક નામ હોય તો, સૂર્યની પ્રજનનશક્તિને ધ્યાનમાં લઈને અપાયેલું 'સવિતા' (પ્રસવ કરાવનાર) એવું નામ પણ અહીં બરાબર બંધ બેસી જાય છે.

---

૪. बृहच्छरीरो विमिमान् ऋक्वभिर्युवाऽकुमारः प्रत्येत्याहवम् ॥

– ऋग्वेदः (१–१५५–६)

૫. शिपयो रश्मयः । तैराविष्टो विष्णुः । – ऋग्वेदः (७–९९–७) इत्यत्र सायणभाष्यम् । 'શિપિ' એટલે રશ્મિ = કિરણ, તેનાથી જે બધે બરાબર પ્રવેશેલો છે. આમ શિપિવિષ્ટ એટલે વિષ્ણુ અર્થાત્ સૂર્ય.

૬. ऋग्वेद (૭–૧૦૦–૬) ઉપર સાયણભાષ્યમાં લખ્યું છે કે – शेप इव निर्वेष्टितस्तेजसाऽनाच्छादितो भवामीति । तद् अश्लीलार्थत्वाद् इदं नाम न प्रशस्तमित्यर्थः । तन्नाम किं परिचक्ष्यम् ? वर्जनीयं परित्याज्यम् (तत्) ॥

વસિષ્ઠ ઋષિએ ઋગ્વેદના ૭મા મંડળમાં વિષ્ણુને માટે 'શિપિવિષ્ટ' શબ્દ વાપરવાની સાથે, વિશ્વેદેવોના એક સૂક્ત (૭–૩૬–૯)માં તેમને માટે 'निषिक्तपा' એવો શબ્દ પણ વાપર્યો છે :–

अच्छायं वो मरुतः श्लोक एत्वच्छा विष्णुं निषिक्तपाम् अवोभिः ।
उत प्रजायै गृणते वयो धुर्यूयं पात स्वस्तिभिः सदा नः ॥

અહીં વપરાયેલા 'નિષિક્તપા' શબ્દનો અર્થ કરતાં સાયણ લખે છે કે – निषिक्तपां निषिक्तस्य गर्भस्य रक्षितारम् । "સિંચાયેલા ગર્ભનું રક્ષણ કરનારને નિષિક્તપા" કહેવાય છે; જે વિષ્ણુને માટે વિશેષણ રૂપે અહીં વપરાયેલ છે. [આનુષંગિક રીતે અહીં એક બીજી વાત કહેવાની પ્રાપ્ત થાય છે : વિષ્ણુના ઉપર્યુક્ત બે વિશેષણો કેવળ વસિષ્ઠ ઋષિએ જ વાપર્યાં છે; ઋગ્વેદમાં વિષ્ણુને લગતાં જે પાંચ સૂક્તો અગાઉ ઉલ્લેખ્યાં છે તેમાંથી પહેલા મંડળના ત્રણ વિષ્ણુસૂક્તો દીર્ઘતમસ્ ઋષિએ રચેલાં/જોયેલાં સૂક્તો છે. તેમાં વિષ્ણુને 'શિપિવિષ્ટ' કે 'નિષિક્તપા' કહ્યા નથી. આ બે વિશેષણો તો કેવળ વસિષ્ઠે જ વાપરેલાં છે. વેદના આરૂઢ વિદ્વાનો એ પુરાકથા (mythology)થી પરિચિત છે કે વિશ્વામિત્રે વસિષ્ઠના સંતાનોને મારી નંખાવ્યાં હતાં; અને તેથી ૭મા મંડળમાં વસિષ્ઠે અનેક જગ્યાએ પુત્રયાચના કરી છે. (જુઓ : ઋગ્વેદ ૭–૨–૯, ૭–૪–૮, ૭–૧–૧૧, ૭–૧૦૪–૧૫ વગેરે) તે સંદર્ભને સ્મરણપટમાં રાખીને વિચારીએ તો વસિષ્ઠે વિષ્ણુ માટે વાપરેલાં આ વિશેષણો બહુ સૂચક જણાશે.]

હવે, વેદમાં વિષ્ણુ માટે વપરાયેલા આ 'નિષિક્તપા' શબ્દનું શ્રીમદ્ ભાગવતપુરાણમાં કેવી રીતે ઉપબૃંહણ થયું છે તે જોઈએ તો બહુ રસપ્રદ વિગતો હાથ લાગે તેમ છે. જેમકે, વસુદેવ–દેવકીના આઠમા પુત્ર રૂપે જન્મેલા શ્રીકૃષ્ણને વિષ્ણુના અવતાર તરીકે પ્રસિદ્ધ કરવા માટે અથવા કહો કે વિષ્ણુનું 'નિષિક્તપા' હોવું યથાર્થ ઠેરવવા માટે પુરાણકારે 'વસુદેવ–દેવકીનું આઠમું સંતાન તારા મૃત્યુનું કારણ બનશે' એવી આકાશવાણી કરાવડાવીને, કંસના હાથે એક પછી એક છ સંતાનોને હણાતાં વર્ણવ્યાં છે. આમ સાતમો ગર્ભ 'સંકર્ષણ બલરામ' રૂપે જન્મ્યા પછી આઠમા પુત્ર રૂપે જન્મેલા શ્રીકૃષ્ણ કે જેના હાથે કંસ મરાય છે, તેમને વિષ્ણુના અવતાર તરીકે પ્રસિદ્ધ કરવામાં વેદના ઉપર્યુક્ત ('નિષિક્તપા' = 'સિંચાયેલા ગર્ભનું રક્ષણ કરનાર' એવા) વિશેષણની સહાયતા મળી રહે છે ! આવી જ રીતે, ઈન્દ્ર દિતિના ગર્ભના સાત ટૂકડા કરી નાંખે છે, તો પણ તે મરતા નથી. અરે ! ફરીથી તે પ્રત્યેકના સાત–સાત ટૂકડા કરી નાંખે છે, તો પણ તે મરતા નથી જ તથા 'મરુતો'ના નામે જન્મે પણ છે. તેની પાછળ પણ દિતિએ કરેલા વૈષ્ણવવ્રતનો જ

મહિમા પુરાણકારે કીધો છે. પરંતુ તે પ્રસંગમાં પણ વિષ્ણુનું 'નિષિક્તપા' હોવું એ વાત અભિવ્યક્ત થયા વિના રહેતી નથી. એક ત્રીજો પ્રસંગ છે પરીક્ષિતના જન્મ સાથે સંકળાયેલો. જેમાં કૃષ્ણે અભિમન્યુ અને ઉત્તરાના ગર્ભ રૂપે રહેલા પરીક્ષિતનું પણ રક્ષણ કરીને, પોતાનું 'નિષિક્તપા' એવું વેદોક્ત વિશેષણ ચરિતાર્થ કરી બતાવ્યું છે.

[૪]

બોપદેવ અથવા તો અજ્ઞાત નામધારી વ્યક્તિએ જ્યારે શ્રીમદ્ ભાગવત–મહાપુરાણની રચના હાથ ધરી છે ત્યારે તેણે પુરાણમાં હોવા આવશ્યક એવા સર્ગ, પ્રતિસર્ગ, મન્વન્તર કે વંશાનુચરિત જેવા મુદ્દાઓનું નિરૂપણ કરીને 'પુરાણ'ના પાંચ (કે દશ) લક્ષણોને ચરિતાર્થ કરવાની સાથે બીજા પણ લક્ષ્યાંકો પોતાની સમક્ષ રાખ્યાં જણાય છે. જેમકે, (૧) વૈદિક દેવતાઓમાંથી ઈન્દ્રનું પ્રધાનદેવત્વ છીનવી લઈને, તેને વિષ્ણુના આધિપત્ય હેઠળ લાવી મૂકવો;[૭] અને (૨) વેદકાલિક સૂર્ય સ્વરૂપ વિષ્ણુના અવતાર તરીકે વાસુદેવ કૃષ્ણની પ્રસિદ્ધિને વેગ આપવો. અહીં એ વાત પુનઃસ્મરણીય છે કે વેદની અંદર બ્રહ્માણ્ડના ત્રણ ભાગના ત્રણ અધિષ્ઠાતા દેવ આ મુજબ છે : (૧) દ્યુલોકના આદિત્ય દેવ, (૨) અન્તરિક્ષલોકના ઈન્દ્ર દેવ કે વાયુ દેવ અને (૩) પૃથિવીલોકના અગ્નિદેવ. પરંતુ પુરાણકાળમાં આ મુજબની કલ્પિત વ્યવસ્થા બદલાઈ છે. રામાયણ, મહાભારત અને પુરાણોના કાળથી માંડીને તો બ્રહ્માણ્ડના ત્રણ સ્થાનો નહીં, પણ તેની પણ અવસ્થિતિઓ મુજબના ત્રણ નવા દેવો વિચારવામાં (કલ્પવામાં) આવ્યા છે. જેમકે, સૃષ્ટિની ઉત્પત્તિ કરનારા બ્રહ્માજી, સૃષ્ટિનું પાલન–પોષણ કરનારા વિષ્ણુદેવતા અને સૃષ્ટિનો પ્રલય કરનારા મહેશ (શંકર) દેવ. આમ પુરાણોના સમયગાળામાં (સૃષ્ટિનું પાલન–પોષણ કરનારા) જે ચતુર્ભુજ વિષ્ણુદેવ કલ્પાયા છે, તે પણ વેદકાળના સર્વના પ્રસવિતા અને વ્યાપનશીલ એવા વિષ્ણુ (સૂર્ય)નું નવું રૂપાંતર જ છે. આ નવા સ્વરૂપે કલ્પાયેલા ચતુર્ભુજ વિષ્ણુ કે જેમનું મુખ્ય કામ જગત્‌નું પાલનપોષણ કરવું તે છે, તેમનો વેદોક્ત સૂર્યસ્વરૂપ વિષ્ણુ જોડે અભેદ પ્રસિદ્ધ કરવા માટે પુરાણકારે ચતુર્ભુજ વિષ્ણુના વક્ષઃસ્થળ ઉપર કૌસ્તુભમણિ મૂક્યો, જે સૂર્યતત્ત્વનો દ્યોતક છે. તેમના એક હાથમાં રહેલું સુદર્શનચક્ર પણ સંવત્સરચક્રને પ્રવર્તિત કરનાર વેદોક્ત

---

૭. આ સંદર્ભમાં મારો એક લેખ દ્રષ્ટવ્ય છે : "વાસુદેવપરક વૈદિક દેવતાસૃષ્ટિ : શ્રીમદ્ ભાગવતના પરિપ્રેક્ષ્યમાં." – પ્રકાશન : **"સ્વાધ્યાય"** (શ્રીમદ્ ભાગવત વિશેષાંક), વોલ્યુમ : ૩૬ (૧–૨), વિ.સં. ૨૦૫૫ (જૂન–૨૦૦૧); એમ. એસ. યુનિ. વડોદરા, (પૃ. ૧ થી ૧૧).

સૂર્યનું સ્મરણ કરાવવા માટે જ છે; અને તેમના બીજા હાથમાં રહેલું પદ્મ (કમળ) પણ એ વાતનું જ જ્ઞાપક છે કે પુરાણ વર્ણિત આ ચતુર્ભુજ વિષ્ણુ વેદોક્ત સૂર્યનો જ નવો અવતાર છે. કેમ કે સૂર્યોદયની સાથે જ કમળનું ખીલવું તે શાશ્વત હકીકત છે ! આમ પુરાણોમાં દેખાતી નવી દેવતા–ત્રિપુટીમાંના ચતુર્ભુજ વિષ્ણુ પહેલાં 'વેદકાલિક વિષ્ણુ' (સૂર્ય) જોડે અનુસન્ધાન પામે છે અને પછી ત્રીજા તબક્કે તે ઐતિહાસિક વ્યક્તિત્વ ધરાવતા વાસુદેવ કૃષ્ણ જોડે અનુસન્ધાન રચે છે. મહાભારતના યુદ્ધમેદાન ઉપર 'ગીતા'નું ગાન કરનારા શ્રીકૃષ્ણે विनाशाय च दुष्कृताम् । કહીને આતતાયીઓને મારવા ગદા ઉગામી છે અને संभवामि युगे युगे । કહીને અવતારવાદનો શંખ ફુંક્યો છે. આથી ચતુર્ભુજ વિષ્ણુના બે હાથમાં સુદર્શનચક્ર અને કમળ ઉપરાંત ત્રીજા–ચોથા હાથમાં ગદા અને શંખને પણ ગોઠવ્યા છે !

[૫]

પુરાણોમાં ચતુર્ભુજ વિષ્ણુની સાથે સંકળાયેલા એક 'વૈકુંઠલોક'ની કલ્પના પણ વિકસી છે. આ વૈકુંઠલોક તે વિષ્ણુનું નિવાસસ્થાન મનાય છે. સત્કૃત્ય કરનારા વિષ્ણુના ભક્તજનો મર્યા પછી, ત્યાં પોતાનો કાયમી નિવાસ થાય એમ ઝંખે છે. પણ આ વૈકુંઠલોકની કલ્પના પણ ઋગ્વેદનાં એક મન્ત્રમાંથી વિકસી છે એમ જણાય છે. ઋગ્વેદના ૧–૧૫૪ સૂક્તમાં વિષ્ણુનાં ત્રણ ડગલાંનો ઉલ્લેખ છે :– य इदं दीर्घं प्रयतं सधस्थमेको विममे त्रिभिरित् पदेभिः । ऋ. १–१५४–३. अर्थात् "જેણે (વિષ્ણુએ) એકલાએ જ ત્રણ ડગલાં વડે આ લાંબા અને દૂર સુધી પથરાયેલા માર્ગને માપી લીધો છે." ત્રિવિક્રમ, અથવા તો 'ઉરુક્રમ' (વિશાળ ડગલાંવાળા) વિષ્ણુના તૃતીય પદને પરમ પદ (પરમ ધામ) પણ કહ્યું છે અને ત્યાં મધુનું (= અમૃતનું) એક ઝરણું છે એવું પણ ઋગ્વેદ કહે છે :– उरुक्रमस्य स हि बन्धुरित्था विष्णोः पदे परमे मध्व उत्सः । – ऋग्वेद (१–१५४–५). આ મન્ત્રની વ્યાખ્યા કરતાં સાયણે લખ્યું છે કે – अत एव विष्णोः व्यापकस्य परमेश्वरस्य परमे उत्कृष्टे निरतिशयं केवलसुखात्मके पदे स्थाने मध्वः मधुरस्य परमानन्दस्य सुधारूपस्य उत्सः निष्यन्दो वर्तते ॥ अर्थात् "સર્વવ્યાપક પરમેશ્વર વિષ્ણુના ખૂબ જ અતિશય એવા કેવળ સુખથી ભરેલા પરમ ઉત્કૃષ્ટ સ્થાનમાં મધુર મધુનો, એટલે કે પરમાનંદ સ્વરૂપ એવી સુધા (= અમૃત)નું એક ઝરણું આવેલું છે."[૮] વેદના આ વાક્યોમાંથી જ પ્રેરણા લઈને પુરાણકારોએ વૈષ્ણવો માટેના વૈકુંઠ લોકની કલ્પના વિકસાવી છે.

---

૮. ऋग्वेदः (सायणभाष्यसमेतम्), भाग–१ (मण्डलं–१); वैदिक संशोधन मण्डल, पूणें, १९९५, पृ. ९३२.

[૬]

વાસુદેવ કૃષ્ણ એ વિષ્ણુના અવતાર છે એ મુદ્દાના દ્યોતક ચિહ્નો શ્રીકૃષ્ણના સુવિદિત એવા સામાન્ય સ્વરૂપમાંથી પણ આ રીતે જોઈ શકાય છે :– કૃષ્ણના મસ્તકે મુકુટ રૂપે રહેલું વિવિધરંગી મયૂરપિચ્છ અને કેડ ઉપરનું પીતામ્બર તે સપ્તરંગી સૂર્યકિરણ કે પીતવર્ણી સૂર્યમંડળનું દ્યોતક ગણી શકાય. કૃષ્ણનો 'ગોકુળ'માં ઉછેર અને ગાયોથી તેમનું પરિવેષ્ટિત રહેવું એ પણ અનેકાર્થક 'ગો' શબ્દનો એક અર્થ '(સૂર્ય) કિરણ' છે એ વાત જોડે અનુસન્ધાન કરવા પ્રેરે છે. અર્થાત્ કૃષ્ણ તે સૂર્ય અને તેમને વીંટળાઈને રહેતી ગાયો તે સૂર્યનાં કિરણો–એ મુદ્દો અનુક્રમે કૃષ્ણના પીતામ્બરથી અને ગો–પરિવેષ્ટિતત્વથી વ્યંજિત થઈ રહ્યાં છે.

ભક્ત–કવિ નરસિંહ મહેતા પણ તેમના એક 'પ્રભાતિયા'માં જ્યારે કહે છે કે –

જાગને જાદવા ! કૃષ્ણ ગોવાળિયા ! તુજ વિના ધેનમાં કોણ જાશે ?
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડો રે ગોવાળિયો કોણ થાશે ?[૯]

ત્યારે ત્યાં ૩૬૦ દિવસ એ સંવત્સરનો વાચક છે અને તે કાલચક્રના (= દિવસ–રાતના) પ્રવર્તક સૂર્યના અવતાર તરીકે જન્મેલા આ શ્રીકૃષ્ણને જ 'વડો ગોવાળિયો' કહેવાયો છે એ વાતને નિ:શંક બનાવી દે છે !

ઉપસંહાર : સૂર્યદેવતાનું વ્યક્તિત્વ સૌને માટે એક સરખું આકર્ષક બની રહ્યું છે એમ જગત્‌ના વિવિધ ધર્મોમાં ડોકિયું કરતાં જણાઈ આવે છે. પરંતુ ભારતીય પ્રજાએ સૂર્યદેવતાનું જે સ્વરૂપે ચતુર્ભુજ વિષ્ણુમાં પરિવર્તન કર્યું છે અને પછીથી તેને ઐતિહાસિક વાસુદેવ કૃષ્ણમાં જે રીતે સમરસ કરી દીધું છે તે આ આર્ય પ્રજાની સર્જકશીલતા અને કલ્પનાશીલતાનો આશ્ચર્ય અને ગૌરવ ઉપજાવે એવો પરિચય પૂરો પાડે છે. દેવતા વિષયક પુરાકલ્પન (myth) રચવાની અને એનો સમયે સમયે જીર્ણોદ્ધાર કરતા રહેવાની ક્ષમતા ઉપર જે તે પ્રજાની અસ્મિ–તા ટકી રહેતી હોય છે.

૧૭. 'રુદ્ર' દેવતા

(૧)

જગત્‌ની કોઈ પણ સંસ્કૃતિનો ઈતિહાસ તપાસવો હોય તો જે તે દેશના ધર્મનો અને તે ધર્મના દેવી–દેવતાઓનો ઈતિહાસ તપાસવો પડે. વૈવિધ્યભરી ભારતીય

---

[૯] જુઓ : **નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ;** સં. ડૉ. શિવલાલ જેસલપુરા, સાહિત્ય–સંશોધન પ્રકાશન, અમદાવાદ, ૧૯૮૧, (પૃ. ૨૬૨).

સંસ્કૃતિના તાણાવાણા ઉકેલવા હોય તો પણ (૧) વેદકાળની આર્યપ્રજાના દેવતાઓ, (૨) પ્રાગ્વૈદિક કાળની મનાતી મોહેં–જો–દડો અને હડપ્પાની સંસ્કૃતિના ઉત્ખનન દરમ્યાન મળી આવેલી દેવી–દેવતાઓની મૂર્તિઓ અને (૩) આર્યોના આગમન પૂર્વેથી ભારતમાં વસતી દ્રવિડીયન પ્રજાના દેવી–દેવતાઓ તેમના પૂજન-અર્ચન કે ક્રિયાકાંડની પદ્ધતિઓ વગેરેની પણ જાણકારી કેળવવી પડે.

(૨)

ભારતીય આર્યસંસ્કૃતિનું સ્વરૂપ જોવા–જાણવા માટે ઋગ્વેદની દેવતાસૃષ્ટિનો અભ્યાસ કરવો પડે તેમ છે. વિદ્વાનોને ઋગ્વેદમાં પ્રાધાન્યેન અનેકદેવતાવાદ જોવા મળ્યો છે; અને આ દેવતાઓ તે પ્રકૃતિના કોઈકને કોઈક એવાં તત્ત્વો છે કે જે મનુષ્યજીવનને પ્રભાવક કે ઉપકારક જણાયા છે. વેદોનું અર્થઘટન કરવા ઉદ્યત થયેલા 'નિરુક્ત' નામના વેદાંગમાં (ઈ.સ. પૂર્વે ૬૦૦માં) વેદમાં સ્તવાયેલા દેવોની ઓળખ પણ વૃષ્ટિ, વાયુ, વાદળ, સૂર્ય, આકાશ જેવાં પ્રાકૃતિક તત્ત્વો/ઘટના દ્વારા જ અપાઈ છે. આમ પ્રકૃતિપૂજા (= પ્રકૃતિસ્તવન) તે વૈદિક ધર્મનું સૌથી પ્રથમ ઉપસી આવતું લક્ષણ છે. યુરોપિયન વિદ્વાનોએ પણ ભારતમાં ઉગેલા આ નૈરુક્ત માર્ગ (= Naturalistic school of Vedic interpretation)નું જ અનુસરણ કર્યું છે; પરંતુ તેમણે તુલનાત્મક ભાષાશાસ્ત્રની મદદથી વેદાર્થઘટનમાં ઈતિહાસની દૃષ્ટિ પણ ભેળવી. જેમકે, ઉત્તર ધ્રુવમાં પહેલવહેલી જન્મેલી આર્યપ્રજાના વિચલનો થતાં તેઓ મધ્ય એશિયામાં રહેવા આવ્યા હશે, તે પછી તેમાંની એક ટોળી યુરોપ તરફ આગળ વધી હશે; અને બીજી ઈરાન તરફ આગળ વધી હશે, પછી ત્રીજે તબક્કે, આ આર્યપ્રજા અફઘાનિસ્તાનના માર્ગે આગળ વધીને સપ્તસિન્ધુના પ્રદેશમાં આવીને સ્થિર થઈ હશે. આ આર્યપ્રજાના આદિમ સહનિવાસના ગાળાને "ભારત–યુરોપીય" સમયગાળો, તે પછી બીજો 'ઈન્ડો–ઈરાનીયન' સમયગાળો અને છેલ્લો તે 'ઈન્ડો–આર્યન' સમયગાળો એવાં નામો અપાયાં. પછી તેમણે વેદમાં સ્તવાયેલા વિવિધ દેવોમાંના અમુક દેવ (દા.ત. વરુણ) ઈન્ડો–યુરોપીયન કાળના માન્યા છે; તો ઈન્દ્ર જેવા દેવને પૂરેપૂરા ઈન્ડો–આર્યન દેવતા કહ્યા છે. કેમકે આર્યો ભારતમાં પ્રવેશ્યા તે વખતે રસ્તામાં આવતાં નગરોને તોડતો, 'પુરન્દર' કે 'પુરભિદ્'નું કામ કરતો અને શત્રુઓ ઉપર વિજય અપાવતો યુદ્ધનો જે (માનવ) નેતા–ઐતિહાસિક વ્યક્તિ–ઈન્દ્ર હતો; તેનું દેવતામાં રૂપાંતર કરવામાં આવ્યું છે. આમ આર્યો સપ્તસિન્ધુના પ્રદેશમાં આવ્યા તે પછી ઈન્દ્રને દેવત્વ મળ્યું છે. આવા યુદ્ધના દેવતાનું પછી ક્રમશઃ ઈન્દ્રવૃત્રાસુર સંગ્રામની કથાના પુરાકલ્પન (Myth) દ્વારા વૃષ્ટિના દેવ તરીકે રૂપાંતર પણ થયું છે. આમ યુરોપિયન વિદ્વાનોએ વૈદિક દેવતાઓનું "ઈતિહાસાનુપ્રાણિત નૈરુક્ત (= પ્રાકૃતિક) અર્થઘટન" પુરસ્કાર્યું છે.

(૩)

વળી, વેદમંત્રોમાં સ્તવાયેલા દેવતાઓનું વ્યક્તિત્વ અનુવર્તી કાળમાં (એટલે કે વેદથી માંડીને પુરાણસાહિત્ય સુધીમાં) સતત ઉત્ક્રાંતિશીલ રહ્યું છે. એટલે કે વૈદિક દેવતાઓનાં સ્વરૂપ વગેરેમાં જરૂરી પરિવર્દ્ધન કે પરિવર્તનો પણ થતાં રહ્યાં છે તેમ જોવા મળ્યું છે. (આ સંદર્ભમાં, આ જ પુસ્તકની પ્રસ્તાવનામાં આપેલ "ઈન્દ્રનું ઉત્ક્રાંતિશીલ વ્યક્તિત્વ" જોવા અનુરોધ છે.) આથી વૈદિક રુદ્રદેવતા પ્રકૃતિના કયા મૂળભૂત તત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે ? એ પ્રશ્નથી શરૂ કરીને, આ વૈદિક રુદ્રદેવતાનું જ અનુગામી સમયગાળામાં, વૈવિધ્યસભર શિવના વ્યક્તિત્વમાં રૂપાંતર થયું છે ? કે વેદમાં વર્ણિત આ રુદ્રદેવતા તે મૂળભૂત રીતે વૈદિક સ્વરૂપનો દેવ જ નથી અને પ્રાગ્વૈદિક સમયગાળાની મનાતી મોહેં–જો–દડો અને હડપ્પાની સંસ્કૃતિમાં સુપ્રચલિત એવા શિવસમ્પ્રદાયના 'પશુપતિ' અને 'જટાધારી' સ્વરૂપના તથા સાથોસાથ લિંગપ્રતીકી એવા શિવનો વેદસાહિત્યમાં પાછળથી પરાણે સ્વીકાર કરવામાં આવ્યો છે ? એવા રસપ્રદ ઈતિહાસને તપાસવાનો ઉપક્રમ હવે હાથ ધરીશું. કારણ કે પુરાણોમાં વર્ણવાયેલા શિવ–મહાદેવ–ને જોઈએ તો તેમાં અનેક પરસ્પર વિરોધી સ્વરૂપો એકત્ર થયેલાં જોવા મળે છે. જેમકે, તે રુદ્ર (રડાવનારા) પણ છે અને શિવ (કલ્યાણકારી, મંગલમય) પણ છે. તે કૈલાસ પર્વત ઉપર રહેનાર પણ છે અને સ્મશાનવાર્સા: પણ છે. તે અન્ય દેવોને (કે દાનવોને) ઐશ્વર્ય અને સમ્પત્તિ આપનારા છે, પણ પોતે સ્મશાનની ભભૂતિ લગાડીને દિગંબર ફરનારા છે. તે લિંગના પ્રતીકથી પૂજાય છે અને છતાંય કામદેવને જીતનારા (બાળનારા) છે. તેમના ગળામાં ખોપરીઓની માળા છે અને મસ્તકે બીજનો ચન્દ્રમા મુકુટ રૂપે ઝગમગી રહ્યો છે. શરીરે સર્પો વીંટાળ્યા છે, તો જટાજૂટમાંથી ગંગાની ધારા નીકળી રહી છે. તે શિવ આશુતોષ પણ છે અને આશુરોષ પણ છે. તે 'ભવ' (સર્જનના દેવ) પણ છે અને 'સંહાર'ના 'ઉગ્ર' (મૃત્યુના દેવ) પણ છે. શિવની બાહ્ય ઉપાધિઓ જેટલી અશિવ (અમંગલ) છે, તેટલા જ તે મનથી ભોળા–શિવ છે ! શિવનું આવું વિકટ અને છતાંય વિમોહક વ્યક્તિત્વ એક રીતે તો પૂર્ણતાનું સૂચક છે એમ કહેવું જોઈએ. ઝિમર નામના વિદ્વાન તેમને "અલ્ટીમેટ પ્લેનમ" ('એક પૂર્ણ બ્રહ્માણ્ડ') કહે છે.* બીજા શબ્દોમાં કહીએ તો શિવ એ તો વિશ્વમૂર્તિ છે.

શિવના વ્યક્તિત્વની વિરાટતા અને વ્યાપકતાનો પરિચય એમની લીલામૂર્તિઓ (Playful manifestations) જોવાથી પણ મળી રહે છે. ઝિમરે શિવની અનેક પ્રતિમાઓમાંથી પ્રતિનિધિ રૂપ પાંચને પસંદ કરી છે. જેમ કે,

---

૧. Zimmer : Myths and Symbols, Page–124.

(૧) અનુગ્રહમૂર્તિ, (૨) સંહારમૂર્તિ, (૩) ભિક્ષાટનવૃત્તિ, (૪) નૃત્તમૂર્તિ (નટરાજમૂર્તિ), (૫) મહેશમૂર્તિ. આવી જ રીતે 'શિવ'ના વ્યક્તિત્વને ઓળખવા, તેમણે શિવની કેટલીક સંજ્ઞાઓ તરફ ધ્યાન દોર્યું છે. જેમકે, ચંદ્રશેખર, ગંગાધર, ગજસંહાર, સોમાસ્કન્દ (સ–ઉમા–સ્કન્દ), અર્ધનારીનટેશ્વર, શિખરેશ્વર, વૈદ્યનાથ (= વૈદરાજ), કાલસંહાર (= મહાકાલ), પશુપતિ શંકર, શિવ અને રુદ્ર. શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં 'શિવ' શબ્દને બ્રહ્મતત્ત્વનો વાચક પણ દર્શાવ્યો છે. આમ વેદસાહિત્યના સથવારે હિન્દુસંસ્કૃતિમાં 'મહાદેવ' તરીકે પ્રતિષ્ઠિત થયેલા રુદ્ર–શિવનો અભ્યાસ કરવાનું રસપ્રદ બની રહેશે.

(૪)

નૈરુક્ત દૃષ્ટિએ અન્તરિક્ષ–સ્થાનીય દેવતાઓ, જેવા કે – ઈન્દ્ર અને મરુદ્‌ગણ વગેરેની સાથે રુદ્ર–દેવતાને પણ ગણાવવામાં આવે છે. ઋગ્વેદના ત્રણ આખા સૂક્તો (૧–૧૧૪, ૨–૩૩ અને ૭–૪૬)માં રુદ્રદેવતાની સ્તુતિ જોવા મળે છે. વળી, ઋ. ૧–૪૩ના ૧ થી ૬ મન્ત્રોમાં પણ રુદ્રની આંશિક સ્તુતિ જોવા મળે છે. આ ઉપરાંત અન્યત્ર ૭૫ વાર તેમનું નામસ્મરણ કરેલું છે. એ જ પ્રમાણે, અથર્વવેદ (૧૧–૨, ૧૫–૧, ૨–૨૭)માં અને શુક્લયજુર્વેદ (અધ્યાય–૧૬)માં આ રુદ્રદેવતાની સ્તુતિ વાંચવા મળે છે.

સૌથી પહેલાં વૈદિક પુરાકથાશાસ્ત્ર (Vedic Mythology)ની દૃષ્ટિએ વિચારીએ કે આ રુદ્ર દેવતા તે કોણ ? પ્રકૃતિના કયા તત્ત્વની 'રુદ્ર' નામે સ્તુતિ કરવામાં આવી છે ? તો – (क) વેબર નામના વિદ્વાન કહે છે કે 'રુદ્ર' એ (વરસાદ પડતાં પહેલાના) ઝંઝાવાતનો (Storm–God) દેવતા છે. કારણ કે 'રુદ્ર' શબ્દનો અર્થ જ "અવાજ કરવો", "(રડવું)" એવો થાય છે. તેથી રુદ્રનો સંબંધ વર્ષાકાલિક ઝંઝાવાત જોડે જ હોય તેમ માનવાને કારણ છે.

(ख) મેકડોનલ કહે છે કે કેવળ ઝંઝાવાત નહીં, પણ ઝંઝાવાતની સાથે થતી વિજળી–આ બેના સંશ્લિષ્ટ રૂપને 'રુદ્ર' દેવ કહેવાયો છે. આ સંદર્ભે ડૉ. ગયાચરણ ત્રિપાઠી પણ કહે છે કે વૈદિક સાહિત્યમાં જે અગ્નિનું રુદ્રદેવતા સાથે સમીકરણ કરવામાં આવ્યું છે, તે અગ્નિતત્ત્વ પૃથિવીલોકનો કે દ્યુલોકનો (સૂર્યરૂપ) અગ્નિ નથી. કેમકે પૃથિવીલોકનો અગ્નિ અને દ્યુલોકનો અગ્નિ અપેક્ષાકૃત રીતે ઓછો હાનિકારક હોય છે. પણ અંતરિક્ષમાંથી પડનારી વિજળી જ પશુઓ અને માણસોને માટે જીવલેણ (ઘાતક) હોય છે (= રડાવનાર હોય છે.) આથી વેદમંત્રોમાં ઝંઝાવાત સમયની વિદ્યુત્‌ને 'રુદ્ર' નામે પ્રાર્થવામાં આવી છે. (ઋગ્વેદ ૭–૪૬–૩માં રુદ્રને તેમનું વિદ્યુત રૂપી 'હેતિ' આયુધ અન્યત્ર ફેંકવાની પ્રાર્થના

કરવામાં આવી છે.) વળી, ત્રિપાઠીજી ઉમેરે છે કે ઝંઝાવાત તથા વૃષ્ટિની સાથે રુદ્રને સાંકળવાથી રુદ્રના શિવ અથવા મંગલમય રૂપની કલ્પના ઉદ્ભૂત થઈ છે. વિદ્યુત્–ગર્જનયુક્ત સવૃષ્ટિક ઝંઝાવાતથી વાતાવરણ પૂર્ણ રૂપે શુદ્ધ થઈ જાય છે અને પર્વતો તથા મેદાનો ઉપર અનેક પ્રકારની લાભદાયક ઔષધિઓ ઊગી નીકળે છે; જેનાથી માણસો રોગમુક્ત થાય છે. આથી જ રુદ્રને "ભિષક્તમ" કેમ કહ્યા હશે ? તેનું રહસ્ય સમજી શકાય છે.[૨]

(ग) શ્રી સાતવલેકરજીએ પણ "ऋग्वेद में रुद्रदेवता"માં રુદ્રને 'દિવ્ય ભિષક્' તરીકે જોયા છે. ઘણી ઋચાઓને તેમણે રોગનિવારક અને સ્વાસ્થ્યપ્રદ અર્થમાં નિરૂપી છે. તેમણે રુદ્ર માટે વપરાયેલા जलाषभेषज (ऋ. ८–२९–५) વિશેષણનો અર્થ 'hydropathist' (જળનો/થી ઉપચાર કરનાર વૈદ્ય) કર્યો છે.[૩]

(घ) શ્રી બાલ ગંગાધર ટિળકે ચોમાસામાં દેખાતા આર્દ્રા નક્ષત્રની 'રુદ્ર' નામે સ્તુતિ થઈ છે તેમ વિચાર્યું છે. મૃગશીર્ષ (= હરણી) નક્ષત્રના જમણા ભાગે ઉપર દેખાતા તારાથી તે વ્યક્ત થાય છે. આકાશગંગા (Milky–way)ની નીચે દેખાતા આ તારાને રુદ્ર રૂપે ઓળખાવીએ તો પુરાણોમાં વાંચવા મળતી શિવ વિષયક પુરાકથાઓ (mythology)ને બરાબર સમજાવી શકાય છે. જેમકે, શિવની જટામાં ગંગા રહેલી છે અને તે રાખોડી લગાડીને સ્મશાનમાં રહેવાનું પસંદ કરે છે. વળી, તે કિરાત વેષધારી છે.[૪] (શિવમહિમ્નનો શ્લોક–૧૭ प्रजानाथं नाथ प्रसभमभिकं स्वां दुहितरं..... આ સંદર્ભે સ્મરણીય છે.)

---

[૨] જુઓ : वैदिक देवता–उद्भव और विकास, Vol. II, ले० गयाचरण त्रिपाठी, भारतीय विद्या प्रकाशन, दिल्ली, 1982, p. 479.

[૩] Proceedings of All India Oriental Conferance, I, xiii.

[૪] Several attributes in the Purānic mythology, e.g. his bearing the Ganges, in his matted hair, his fondness for the burning ground and his appearance as Kirāta or hunter, are all accounted for by placing **Rudra** just below the Milky way or the celestial Ganges at the gates of the Pitṛiyāna and figured as a hunter.

– **The Orion** (मृगशीर्ष नक्षत्र) OR = The Antiquity of the Vedas; by B. G. Tilak, Pub. Mrs. Rādhabai A. Sagoon, Bombay, 1893, page–124.

(ङ) ઉપર દર્શાવ્યું છે તેમ પ્રકૃતિનાં જુદાં જુદાં તત્ત્વો 'रुद्र' નામે સ્તવાયા છે, એમ જોઈએ ત્યારે ભૌતિક અગ્નિ જ 'रुद्र' દેવતા તરીકે પ્રાર્થના પામ્યો છે એમ કહેતા વેદમંત્રો પણ અત્રે ઉલ્લેખનીય છે. ઋગ્વેદના ઘણા મંત્રોમાં અગ્નિના વિશેષણ તરીકે 'रुद्र' શબ્દ આવેલો જોવા મળે છે. દા.ત.

त्वम् अग्ने रुद्रो असुरो महो दिवस्त्वं शर्धो मारुतं पक्ष ईशिषे ।
-- ऋ. २-१-६.

આ મન્ત્રની વ્યાખ્યા કરતાં સાયણ કહે છે કે –

रुद् दुःखं दुःखहेतुर्वा पापादिः । तस्य द्रावयिता, एतन्नामको देवो असि । रुद्रो वै एष यदग्निः इत्यादिषु (तै. सं. ५–४–३) अग्नेः रुद्रशब्देन व्यवहारात् ॥

અર્થાત્ – "रुद् એટલે દુઃખ, કે દુઃખનું કારણ બનનારાં પાપ વગેરે. આવાં દુઃખ કે પાપ વગેરેને દૂર ભગાડનાર દેવ તે અગ્નિ છે. તૈત્તિરીય સંહિતા વગેરેમાં કહ્યું છે કે આ જે અગ્નિ છે તે જ 'रुद्र' કહેવાય છે. અગ્નિનો 'रुद्र' શબ્દથી વ્યવહાર થાય છે."

આવો જ બીજો એક મન્ત્ર નીચે મુજબ છે :–

आ वो राजानमध्वरस्य रुद्रं होतारं सत्ययजं रोदस्योः ।
अग्निं पुरा स्तनयित्नोः अचित्ताद् हिरण्यरूपम् अवसे कृणुध्वम् ॥
– ऋ. ४–३–१.

અહીં અગ્નિના વિશેષણ તરીકે 'रुद्र' શબ્દનો પ્રયોગ જોવા મળે છે.

મન્ત્રસંહિતા ઉપરાંત બ્રાહ્મણગ્રન્થોમાં પણ રુદ્ર તે અગ્નિ જ છે એમ અનેકવાર કહેવાયું છે. દા.ત. શતપથ બ્રાહ્મણમાં – यो वै रुद्रः सो अग्निः । (૫–૨–૪–૧૩) એમ કહ્યું છે. આ સંદર્ભમાં ડૉ. જી. સી. ત્રિપાઠી (પ્રયાગ) કહે છે કે – 'रुद्र' શબ્દ અગ્નિના ભયંકર, પ્રચંડ તથા વિનાશકારી સ્વરૂપનો દ્યોતક છે. એક તરફ તે અગ્નિ યજ્ઞનો પુરોહિત છે; યજ્ઞમાં હોમાયેલી આહુતિને તે દેવો સુધી પહોંચાડનારો દૂત બને છે. વળી, યજ્ઞની બધી ક્રિયાઓનો આધાર બનીને યજમાનની પ્રત્યેક કામનાને મેળવી આપે છે; આવા અગ્નિને 'સ્વિષ્ટકૃત' કહ્યો છે. પરંતુ બીજી તરફ, તે અગ્નિનું સર્વભક્ષી અને વિનાશક રૂપ પણ છે. ગુસ્સે થતાં આ અગ્નિ મોટા મોટા મહેલોને ભસ્મસાત્ કરી દે છે, મોટાં જંગલોને પણ જોતજોતામાં ભસ્મીભૂત કરી દે છે અને કેટલીકવાર તો તે મનુષ્ય અને પશુઓ પણ તેના ઉગ્ર રૂપની લપટમાં આવી જાય છે. આમ, 'રુદ્ર'ની ધારણામાં અગ્નિનું આવું વિનાશક રૌદ્રરૂપ જ ઋગ્વેદના કવિઓની નજર સામે હતું.

વળી, શતપથ બ્રાહ્મણ (૬–૧–૩)માં અગ્નિનાં જે આઠ નામો દર્શાવ્યા છે – જેમ કે, ભવ, શર્વ, રુદ્ર, પશુપતિ, ઉગ્ર, અશનિ, મહાદેવ અને અગ્નિ – તેમાં એક 'રુદ્ર'ની પણ ગણતરી છે. આથી એવું લાગે છે કે વેદસાહિત્યમાં પ્રાયઃ અગ્નિની સાથે જ રુદ્રનું સમીકરણ કરવામાં આવેલું છે.

પણ, રુદ્રદેવતા પ્રકૃતિ (કુદરત)ના કયા તત્ત્વના અધિષ્ઠાતા દેવ છે ? એની વિચારણામાંથી વિદ્વાનોએ જે વિવિધ મતો દર્શાવ્યા છે તેમાં કોઈકે ઝંઝાવાતને, કોઈકે વિદ્યુત્‌ને, કોઈકે આર્દ્રા નક્ષત્રને, તો બીજી કોઇકે અગ્નિને 'રુદ્ર' નામે પ્રસિદ્ધિ પામેલો અને મન્ત્રોમાં સ્તુતિ પામેલો દેવ કહ્યો છે. આમ, વૈદિક રુદ્રદેવતાનું આધિભૌતિક સ્વરૂપ કયું હશે ? એ વિશે વિદ્વાનોમાં એકમતિ નથી એટલું સ્પષ્ટ છે.

(૫)

'રુદ્ર' શબ્દનું નિર્વચન કરતાં યાસ્કે કહ્યું છે કે – रुद्रो रौति इति सतः, रोरूयमाणो द्रवति इति वा, रोदयतेर्वा ॥ નિરુક્ત (અ. ૧૦–૫). અર્થાત્ – (૧) તે બૂમો પાડે છે માટે 'રુદ્ર' કહેવાય છે. (૨) શોરબકોર કરતો, બૂમો પાડતો તે અહીં તહીં ભટકે છે = પ્રસરે છે માટે તે 'રુદ્ર' કહેવાય છે. અથવા (૩) તે (વિદ્યુત્ પાત દ્વારા લોકોને) રડાવે છે માટે 'રુદ્ર' કહેવાય છે. આમ 'રુદ્ર' શબ્દ √रु (रौति), √रुद् (रोदति) અને √द्रव् –સરકવું, પ્રસરવું; √रुद्‌નું પ્રેરક (रोदयति) – એવા ત્રણ ધાતુ ઉપરથી સાધવામાં આવેલો શબ્દ હશે એવું યાસ્કે વિચાર્યું છે. પણ આ ત્રણેય નિર્વચનો દ્વારા રુદ્રનું જે સ્વરૂપ સૂચવાય છે તે 'અગ્નિ' કે 'વિદ્યુત્' જ હશે એમ યાસ્કનો મત જણાય છે. શૌનકે 'બૃહદ્દેવતા' (૨–૩૪)માં પણ આવી જ વાત મૂકી છે :–

अरोदीद् अन्तरिक्षे यद् विद्युद् वृष्टिं ददन्नृणाम् ।
चतुर्भिर्ऋषिभिस्तेन रुद्र इत्यभिसंज्ञितः ॥

"માણસોને વૃષ્ટિ આપતાં અન્તરિક્ષમાં વિદ્યુત્‌નો જે કડાકો બોલે છે – જે ગડગડાટ થાય છે તેને 'રુદ્ર' એવું નામ આપીને (ઋગ્વેદમાં) ચાર ઋષિઓએ તેમની પ્રાર્થના કરી છે."

ઝંઝાવાત, વિજળી અને અગ્નિની સાથે રુદ્ર–દેવતાને જોડનારા વિદ્વાનો પોતાની વાતના સમર્થનમાં 'રુદ્ર' માટે વપરાયેલાં કેટલાંક વિશેષણો તરફ અંગુલિનિર્દેશ કરે છે. જેમકે, રુદ્રને अरुष (ऋ. १–११४–५) અને बभ्रु (ऋ. २–३३–५, ८) વર્ણના કહ્યા છે. આ શબ્દોનો અર્થ અનુક્રમે 'ભૂરો રંગ' અને 'આછો રાતો રંગ' એવો થાય છે; જે સ્વાભાવિક રીતે વંટોળ, વિજળી અને અગ્નિ – એ ત્રણેયને લગાડી શકાય છે.

* * *

‘રડવું’ કે ‘રડાવવું’ ક્રિયાની સાથે સાંકળીને ‘રુદ્ર’ શબ્દને સમજાવવાની યાસ્કની દૃષ્ટિ શતપથ બ્રાહ્મણ અને તૈત્તિરીય સંહિતામાં પણ અંકિત થયેલી જોવા મળે છે. જેમકે, પ્રજાપતિએ એક કુમારને જન્માવ્યો, તેણે જન્મતાંની સાથે રડવાનું ચાલુ કર્યું અને પોતાનું નામ રાખવા પ્રજાપતિને વિનંતી કરી. પ્રજાપતિએ તેનાં આઠ નામ પાડ્યાં, એમાં એક નામ ‘રુદ્ર’ પણ હતું. કેમ કે તેણે જન્મતાંની સાથે રડવાનું ચાલુ કર્યું હતું !

.....કુમારઃ अजायत । स अरोदीत् तस्माद् ‘रुद्रः’ ॥ (श. बा. ६–१–३–८)

બીજી એક જગ્યાએ, શતપથ બ્રાહ્મણમાં જ નીચે મુજબની કથા મળે છે :–

कतमे रुद्रा इति । दश इमे पुरुषे प्राणाः । आत्मा एकादशः । ते यदा अस्मात् मर्त्यात् शरीराद् उत्क्रामन्ति, अथ रोदयन्ति । यद् रोदयन्ति तस्माद् “रुद्राः” ॥ (श. ब्रा. ११–६–३–७)

“રુદ્રો કેટલા છે ? પુરુષમાં આ જે દશ પ્રાણો રહે છે તે; તથા આત્મા એ અગિયારમો રુદ્ર છે. આ ૧૧ રુદ્રો જ્યારે મર્ત્ય શરીરમાંથી બહાર નીકળી જાય છે, ત્યારે (અન્ય કુટુંબીજનોને તે) રડાવે છે. આમ તે (અગિયાર) રડાવનારા હોવાથી “રુદ્ર” કહેવાય છે.”

આ કથા દ્વારા ‘રુદ્ર’ને મૃત્યુના દેવતા તરીકે ઉપસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

તૈત્તિરીય સંહિતા (૧–૫–૧)માં એવી કથા મળે છે કે – એકવાર દેવોને અસુરો જોડે યુદ્ધ થયું ત્યારે તેમણે પોતાનું સઘળું ધન અગ્નિને સાચવવા આપ્યું. અગ્નિને દેવોનું તે ધન લઈ લેવાનું મન થયું; આથી તે ધન લઈને ત્યાંથી જતા રહ્યા. પણ યુદ્ધ પુરું થતાં દેવોએ આવીને અગ્નિ પાસેથી બળપૂર્વક તે ધન પાછું લઈ લીધું. પરિણામે અગ્નિ રડી પડ્યો. આથી તેના રડવાને કારણે અગ્નિને જ “રુદ્ર” કહેવાયો.

આ કથા દ્વારા અગ્નિનું રુદ્રની સાથે સમીકરણ કરવાનો ઉપક્રમ દેખાઈ આવે છે.

* * *

‘રુદ્ર’ શબ્દની વ્યુત્પત્તિ બાબતે ભારતીય દૃષ્ટિકોણ કેવો છે ? તેની ઉપર ચર્ચા કરવામાં આવી છે. પરંતુ આપણી પરંપરાથી જુદા પડીને, વિદેશી વિદ્વાનોએ એવી કલ્પના કરી છે કે √रुद् ધાતુનો મૂળભૂત અર્થ ‘રડવું’ કે ‘રડાવવું’ એવો નહીં થતો હોય. પણ “ચમકવું” કે “પ્રકાશિત થવું” એવો થતો હશે; આથી ‘રુદ્ર’નો અર્થ પ્રકાશિત કે તેજસ્વી દેવતા એવો થતો હશે. આ મત ગ્રાસમેનનો છે. બીજી તરફ, રિચાર્ડ પિશેલ કહે છે કે √रुद् ધાતુનો અર્થ ‘ભૂરા રંગના થવું’ કે ‘લાલ રંગના થવું’ એવો થાય છે.

* * *

(૬)

પરંતુ પ્રોફે. આર. એન. દાંડેકર (પૂના) ઉપરની ચર્ચા જોડે કોઈ રીતે સહમત થવા તૈયાર નથી. તેઓ કહે છે કે એ વાત સાચી કે ઋગ્વેદ (૨–૧–૬)માં રુદ્રને અગ્નિ જોડે એકરૂપતા પામેલો દેવ કહ્યો છે; પણ એ જ સૂક્તમાં બીજા ઘણા દેવોને પણ અગ્નિ જોડે સમીકૃત (એકરૂપ) થયેલા જાહેર કરવામાં આવ્યા છે ! એટલે કે એક દેવ જોડે બીજા દેવનો અભેદ જાહેર કરવાની મનોવૃત્તિ તો વેદકાળના ઘણા ઋષિઓમાં ઘણી જગ્યાએ જોવા મળે છે, ખરેખર તો ઋષિએ રુદ્રદેવની ભયાનકતાને પ્રતીકાત્મક રીતે 'અગ્નિ' નામ આપ્યું હશે. (અર્થાત્ રુદ્ર અગ્નિ જેવો દાહક, વિનાશક છે એમ કહેવાનું ત્યાં તાત્પર્ય હશે.) વળી, શ્રી દાંડેકરનો મુખ્ય વાંધો તો એ છે કે જો રુદ્ર એ અગ્નિ–દેવતા જ હોય તો વૈદિક ક્રિયાકાંડમાંથી રુદ્ર દેવતાની બાદબાકી શા માટે કરવામાં આવી હશે ? (વેદોક્ત યજ્ઞયાગાદિમાં રુદ્રને આહુતિ અપાતી નથી; પણ મરણોત્તર કર્મકાંડમાં જ રુદ્રને જુદી આહુતિ/ઉચ્છિષ્ટ ભાગ અપાય છે તે સુવિદિત છે.) ત્રીજો મુદ્દો એ પણ વિચાર માંગી લે છે કે જો રુદ્રદેવતા એ અગ્નિ જ હોય તો યજુર્વેદ (અધ્યાય–૧૬)માં શા માટે તેમને છેતરપીંડી કરનારા વંચકો, તસ્કરો, સ્તેન અને લૂંટારાઓની જોડે (તે બધાના પતિ તરીકે) સાંકળવામાં આવ્યા હશે ? 'રુદ્ર' શબ્દથી ઝંઝાવાત, વિજળી કે અગ્નિ જેવા પ્રાકૃતિક તત્ત્વની સ્તુતિ કરવામાં આવી છે – એવી કોઈ પણ (નૈરુક્ત) વિચારધારાથી એ વાત સમજાવી શકાતી નથી કે વેદકાળના ધર્મમાં જે દેવ વિનાશક હોય, ભયાનક હોય, જેને યજ્ઞયાગાદિમાં ભાગ પણ ન અપાતો હોય, તથા આવા એક નાના દેવને વેદકાળના ઋષિઓએ જ્યારે પરાણે (અનિચ્છાએ) માન્યતા આપી હોય ત્યારે તે દેવને ઉત્તરવર્તીકાળના હિન્દુધર્મમાં આટલું મોટું "મહાદેવ" તરીકેનું મહત્ત્વનું સ્થાન કેવી રીતે મળ્યું હશે ? – આ સમજાવવું ખરેખર મુશ્કેલ છે. આથી એવું માનવાની ફરજ પડે છે કે અગ્નિદેવતા તો પુરોહિતોના ક્રિયાકાંડમાં જેને સબહુમાન આહુતિ દ્રવ્ય અપાય છે તેવો દેવ છે અને એનાથી સાવ જુદો બહુજનમાન્ય (લોકપ્રચલિત) એવો રુદ્ર દેવ અલગ જ હશે. ટૂંકમાં, આ બે (અગ્નિ અને રુદ્ર)ને એક માની શકાય એમ નથી.[૫]

---

[૫] જુઓ : Rudra in the Veda; by R. N. Dandekar; Journal of the University of Poona (Humanities section), 1953, pp. 94–148. Reprinted in "Vedic Mythological Tracts"; Ajanta Publication, Delhi, 1979, pp. 199–277.

(૭)

ડૉ. આર. એન. દાંડેકરે સમગ્ર વૈદિક સાહિત્યમાં મળતા સંદર્ભો તપાસીને, સૌથી પહેલાં તો રુદ્રના વ્યક્તિત્વની સર્વગ્રાહી સાચી ઓળખ ઊભી કરી આપવા પ્રયત્ન કર્યો છે. જેમકે, કેટલાક વિદ્વાનોને એવું લાગ્યું છે કે ઋગ્વેદમાં વર્ણિત રુદ્ર અને ઋગ્વેદોત્તર વૈદિક સાહિત્યમાં વર્ણિત રુદ્ર–એ બન્ને સાવ જુદા જ દેવ છે. આમાંના પહેલા (ઋગ્વેદના) રુદ્ર અન્તરિક્ષ સ્થાનીય છે, તો બીજા પૃથિવીસ્થાનીય છે. પહેલા રુદ્રના સાથીદાર મરુતો છે; તો બીજા (પાર્થિવ) રુદ્રના અનુચરો લોહીતરસ્યા ભૂત, પ્રેતાદિના ગણો છે. ડૉ. મંગલદેવ શાસ્ત્રીનો પણ મત છે કે – પુરાણોમાં શિવનું જે વર્ણન છે, તે ઋગ્વેદીય રુદ્રના વર્ણનથી ઘણું જુદું છે. ઋગ્વેદના રુદ્ર તો કેવળ અન્તરિક્ષ સ્થાનીય દેવતા છે. તેમનો યક્ષો, રાક્ષસો વગેરેની સાથે કોઈ સંબંધ નથી. (જુઓ : ભારતીય સંસ્કૃતિ કા વિકાસ, મંગલદેવ શાસ્ત્રી, પૃ. ૯, ૧૦). પણ દાંડેકરના મતે આવા બે જુદા રુદ્રદેવો છે જ નહીં. બલ્કે, એમ કહેવું વધારે સાચું છે કે મૂળ ઋગ્વેદમાં રુદ્રદેવતાનું વ્યક્તિત્વ પહેલેથી જ દ્વિવિધ વર્ણવાયું છે. રુદ્રનું ભયજનક કે વિનાશક અને મંગલકારી કે લાભદાયક એવું વ્યક્તિત્વ સાથોસાથ વર્ણવાયેલું છે :–

ઋગ્વેદના ૨–૩૩–૯, ૧૧ અને ૧૦–૧૨૬–૫ મન્ત્રોમાં રુદ્રને ભયપ્રદ અને વિનાશક કહ્યા છે. તૈત્તિરીય સંહિતા (૬–૧–૭–૮)માં કહ્યું કે – रुद्रो वै क्रूरो देवानाम् । 'રુદ્ર' (= રડાવનાર) એવું નામ પોતે જ ભયજનક છે. શતપથબ્રાહ્મણ (૯–૧–૧–૧–૬) તો એમ પણ કહે છે કે અન્ય દેવો પણ આ રુદ્રથી ગભરાય છે.

પણ બીજી તરફ, ઋગ્વેદ ૧–૧૧૪–૧માં રુદ્રને આશીર્વાદ આપનાર અને મન્ત્ર ૭ અને ૮માં "અમે રુદ્રની હંમેશા સ્તુતિ કરીએ છીએ, માટે તે અમારા માત–પિતા, પુત્રો, અશ્વો, ગાયો વગેરેનો વધ ન કરે." એવી પ્રાર્થના પણ કરી છે. ઋ. ૨–૩૩–૪માં રુદ્રને भिजषां भिषक्तमः (ભિષકોમાં સર્વોત્તમ ભિષક્) કહ્યા છે. રુદ્રનું આવું દ્વિવિધ વ્યક્તિત્વ તેમને ઋગ્વેદના અન્ય દેવોથી સાવ જુદા પાડી દે છે. ઋગ્વેદ ૮–૨૯–૫માં નામ લીધા વિના, પણ સ્પષ્ટપણે રુદ્રનું જ સ્મરણ કરાવે તેવી રીતે, રુદ્રને માટે (જ) કહ્યું છે કે એક (રુદ્ર) દેવ એવો છે કે જે 'ઉગ્ર' (= ભયજનક) પણ છે અને સાથે સાથે 'શુચિ' (પવિત્ર) પણ છે; તથા તે દેવના એક હાથમાં તિગ્મ (તીક્ષ્ણ) આયુધ છે અને બીજા હાથમાં "જલાષભેષજ" છે. (तिग्ममेको बिभर्ति हस्त आयुधं, शुचिरुग्रो जलाषभेषजः ॥)

ઋગ્વેદમાં જ મળતાં આ બધાં વર્ણનો સૂચવે છે કે રુદ્રદેવતા તે (અન્ય ઇન્દ્ર. અગ્નિ વગેરે દેવોની જેમ) બીબાઢાળ કે પરંપરાગત અને પુરાકલ્પનથી ભરેલું

પ્રકૃતિના કોઈ તત્ત્વમાંથી કલ્પેલું વ્યક્તિત્વ ધરાવતા નથી. બીજી રીતે કહીએ તો રુદ્ર તે કેવળ લાભદાયક, ઉપકારક દેવ (benevolent god) નથી; અને તે કેવળ હાનિકારક કે ઘાતક દાનવ (malevolent demon) પણ નથી.

(૮)

આ સંદર્ભમાં, શ્રી દાંડેકર પોતાને અભીષ્ટ એવા પ્રતિપાદ્ય વિચાર ઉપર આવતાં પહેલાં ઓલ્ડનબર્ગની વિચારધારાને વર્ણવે છે : રુદ્ર એ જંગલો અને પર્વતોની જોડે સંકળાયેલા દેવ છે. ઝંઝાવાત કે વિદ્યુત્‌ની જોડે રુદ્રનો જે સંબધ દેખાય છે, તેનાથી અધિક આ જંગલો અને પર્વત જોડેનો રુદ્રનો સંબંધ વધુ ગાઢ અને ઉપસી આવતો સંબંધ છે. રુદ્રને અનેકવાર गिरिशन्त, गिरित्र અને गिरिश વગેરે વિશેષણોથી ઓળખાવાયા છે. શતરુદ્રિય અધ્યાયમાં રુદ્રને वनानां पतिः, अरण्यानां पतिः, वृक्षाणां पतिः । વગેરે કહેવામાં આવ્યા છે. વળી, મૈત્રાયણી સંહિતામાં પણ કહ્યું છે કે – गिरिर्वै रुद्रस्य योनिः । (૧–૧૦–૨૦) 'પર્વત એ તો રુદ્રનું નિવાસસ્થાન છે.' તથા રુદ્ર પોતાની પત્ની રુદ્રાણી જોડે પર્વત ઉપર રહે છે. બીજું કે, રુદ્રની સામાન્ય રીતે ગામની બહાર જ પૂજા થાય છે. ગામની બહારથી આણેલી વસ્તુઓ જ રુદ્રને ચઢાવવામાં આવે છે. રુદ્રની પૂજા માટે ગૃહ્યસૂત્રોમાં બતાવેલી શૂલગવ નામની જે વિધિ થાય છે, તેમાં રુદ્રને ચઢાવેલી વસ્તુ પણ ગામમાં પાછી લવાતી નથી એવો નિયમ છે. (જુઓ : આશ્વલાયન ગૃહ્યસૂત્ર : ૪–૮–૧૨, પારસ્કરગૃહ્યસૂત્ર : ૩–૮–૩, માનવગૃહ્યસૂત્ર : ૨–૫–૨). એ જ રીતે, રુદ્રને એવી પ્રાર્થના કરવામાં આવે છે કે તે એને અર્પેલો ભાગ લઈને, પછી अहिंसन् नः शिवः परो मूजवतः अतीहि ।" "અમને કોઈને પણ માર્યા વિના માનવવસતીથી દૂર 'મૂજવત્' પર્વત ઉપર જતો રહે." (જુઓ યજુર્વેદ ૩–૬૨). વળી, કૌશિક ગૃહ્યસૂત્ર (૫૧–૭–૮) કહે છે કે સ્વસ્ત્યયન વિધિમાં બધી સામગ્રી પર્વતને ચઢાવાય છે અને ભવ, શર્વ, પશુપતિ, ઉગ્ર, રુદ્ર, મહાદેવ અને ઈશાનને ચઢાવાય છે. (જુઓ : અથર્વવેદ ૫–૬)

વળી, ઓલ્ડનબર્ગ એવું સ્પષ્ટ માને છે કે રુદ્રને પર્વતોની હારમાળાના દેવ માનીએ તો જ 'શતરુદ્રિય અધ્યાય' (યજુ. ૧૬)માં વર્ણવેલો રુદ્રનો ચોર, લૂંટારા વગેરે સાથેનો સંબંધ બરાબર સમજાવી શકાય. એ જ રીતે, રુદ્રનો સર્પો સાથેનો સંબંધ પણ રુદ્રને પર્વતોના દેવ માનીએ તો જ સુસંગત ઠરે. વધારે સૂચક મુદ્દો તો એ છે કે વૈદિક સાહિત્યમાં બીજા બધા દેવો પૂર્વ દિશામાં નિવાસ કરે છે; પણ રુદ્ર જ એક એવા દેવ છે કે જે ઉત્તર દિશામાં રહેતા હોય; અને ભારતની ઉત્તર સરહદે હિમાલયની પર્વતમાળા આવેલી છે. અથર્વવેદમાં પણ એવું કહેવાયું

છે કે પર્વત ઉપરથી આવતા આ રુદ્રદેવ માંદગી, રોગ અને મૃત્યુ જેવા પોતાના આયુધો લઈને ગામમાં માણસો અને પશુઓની વારંવાર મુલાકાત લે છે. (અથર્વવેદ ૧૧–૨–૨૨ અને ૨૬માં જ્વર, ખાંસી, ઝેર અને અગ્નિને રુદ્રના આયુધ તરીકે ગણાવ્યાં છે.) પણ બીજી તરફ, આ જ રુદ્ર પોતાના આરાધકોને–પૂજકોને–જાદુઈ શક્તિથી બધા રોગ મટાડી પણ દે છે એમ પણ કહ્યું છે. આમ રુદ્રસૂક્તોનો અભ્યાસ કરતાં, ઓલ્ડનબર્ગને લાગ્યું છે કે એક તરફથી રુદ્રના બાણ કે આયુધોથી માણસોને ડર લાગે છે; તો બીજી તરફ તેની પ્રાર્થના કરનાર માણસો અને તેમનાં પશુઓને તે બચાવે છે અને રોગમુક્ત પણ કરે છે. આથી, ઓલ્ડનબર્ગના મતે રુદ્રદેવતા તે "પર્વતોમાં વસતો કોઈ વૃદ્ધ પુરુષ" છે. (the Old man of the Mountains) આમ રુદ્રદેવને કોઈ અન્તરિક્ષસ્થાનીય વિશેષણો લગાડ્યાં વિના, "વનોમાંથી અને પર્વતો ઉપરથી રોગને લઈને આવતો વૃદ્ધ પુરુષ" કહ્યો છે. (વિન્ટરનિત્ઝ પણ ઓલ્ડનબર્ગના આ વિચાર સાથે સમ્મત થાય છે.)

ડૉ. દાંડેકર ઓલ્ડનબર્ગની વિચારણામાંથી કેટલાક મહત્ત્વના મુદ્દા ઉપસાવે છે. જેમકે, (૧) ઓલ્ડનબર્ગના મતે રુદ્ર એ અન્તરિક્ષ સ્થાનના દેવતા નથી, પણ પૃથિવીલોકના દેવતા છે અને (૨) રુદ્ર એ પ્રકૃતિના કોઈ તત્ત્વમાં દેવત્વનું આરોપણ કરીને કલ્પેલા દેવતા પણ નથી. આમ રુદ્રદેવતા વિશે જુદી જ દિશામાંથી વિચારવાનો માર્ગ ઓલ્ડનબર્ગે ખોલી આપ્યો છે તેમ કહી શકાય.

(૯)

છતાંય દાંડેકરજી ઓલ્ડનબર્ગની વાતનો પૂરેપૂરો સ્વીકાર પણ કરતા નથી. જેમકે, ઓલ્ડનબર્ગે રુદ્રને 'પર્વતોના દેવ' કહ્યા છે; તે સ્વીકાર્ય નહીં બનવાનાં કારણો નીચે મુજબ છે : (૧) જે શતરુદ્રિય અધ્યાયમાં રુદ્રને ગિરિશ, ગિરિશન્ત કે ગિરિત્ર કહ્યા છે, તે જ અધ્યાયમાં રુદ્રને કૂપ્ય, કૂલ્ય અને નાદેય પણ કહ્યા જ છે. (= રુદ્રનો વાસ કૂવા, ક્યારા–નદી કિનારા અને નદીમાં છે–એમ પણ ત્યાં કહેવાયું જ છે.) (૨) વળી, રુદ્ર ઉપરાંત વિષ્ણુ (ઋ. ૧–૧૫૪–૨, ૩) અને ઈન્દ્ર (ઋ. ૧૦–૧૮૦–૨)ને પણ ગિરિક્ષિત્, ગિરિષ્ઠા (પર્વત ઉપર નિવાસ કરનાર) કહ્યા જ છે. (૩) અરે ! "રુદ્રને મુજવત્ ઉપર જતા રહેવાની" જે પ્રાર્થના (યજુ. ૩–૬૨) કરવામાં આવી છે, તે તો એવું દર્શાવે છે કે જાણે તેને આર્યોના નિવાસથી ક્યાંક દૂર અમુક પર્વત ઉપર નિવાસ કરવા કાઢી મૂકવામાં આવી રહ્યો છે. (મુજવત્ પર્વત એ કાંઈ તેમનું કાયમી સારું નિવાસસ્થાન હોય એવી છાપ આ પ્રાર્થનામાંથી નીકળતી નથી.)

* * *

વળી, અર્બમેન (Arbman) નામના વિદ્વાને (ઓલ્ડનબર્ગની એ વાત સ્વીકાર કે રુદ્ર તે અન્તરિક્ષ સ્થાનીય ઝંઝાવાતનો દેવ નથી) પણ, કહ્યું કે આ

રુદ્ર તે પૃથિવીસ્થાનીય, રાક્ષસી પ્રકૃતિનો અને ભયજનક દેવતા લાગે છે; જે સંભવતઃ આદિકાળના માણસોએ મૃત્યુના ભયજનક ખ્યાલમાંથી ઊભો કરેલો દેવ હશે. આવો મૃત્યુસંબંધી દેવ પ્રાગ્વૈદિક સમયગાળાનો હશે.

ડૉ. દાંડેકરજી કહે છે કે હવે પ્રાગ્વૈદિકકાળથી ચાલ્યા આવતા રુદ્રને મૃત્યુના દેવ તરીકે વૈદિકકાળના ઋષિએ સ્વીકાર્યા હશે એમ જોયા પછી, તે રુદ્રનો મરુતો સાથેનો સંબંધ વિચારણીય બને છે :–

સામાન્ય રીતે મરુતોને વૃષ્ટિના દેવ ઈન્દ્રના સહાયક દેવો તરીકે જોવામાં આવે છે એવું યુરોપીય વિદ્વાનો કહે છે; (અને એ રીતે મરુતો ઝંઝાવાતના દેવ કહી શકાય એવા છે.) પણ ડૉ. દાંડેકરે ઈન્દ્રને ઐતિહાસિક માનવ યોદ્ધાનું વૃષ્ટિના દેવમાં રૂપાંતર થયું છે એવું માન્યું છે. તેથી ઈન્દ્રની સાથે મરુતોનું મૂળભૂત રૂપ પણ ઝંઝાવાત, વંટોળનું નહીં હોતાં, બીજું કશુંક હશે; જે શોધવા તરફ ડૉ. દાંડેકર પ્રેરાયા છે, દાંડેકરે બતાવ્યું છે કે મરુતોને ઈન્દ્ર સાથે તો પછીથી સાંકળવામાં આવ્યા છે, પહેલા તે રુદ્ર સાથે સંકળાયેલા હતા. આવા મરુતો તે લોકપ્રિય (રુદ્રાદિ) દેવોના સમૂહમાંથી વૈદિકદેવતાસૃષ્ટિમાં આવેલા છે. વળી, મરુતોને 'નિર્ઋતિ' (મૃત્યુનું સ્થાન) સાથે સંબંધ હતો. શતપથ બ્રાહ્મણ (૪–૫–૨૧૬)માં કહ્યું છે કે – अहुतादो वै देवानाम् मरुताः । 'મરુતો યજ્ઞમાં નહીં હોમાયેલું ખાનારા છે.' વળી, તેમને યજ્ઞ કરનારનો સ્વર્ગ તરફ જતો માર્ગ રોકનારા પણ કહ્યા છે. (ઐ. બ્રા. ૧–૧૦–૨). મરુતોને સ્વાહા શબ્દથી આહુતિ પણ અપાતી નથી. Kuhn નામના વિદ્વાન એ વાત તરફ પણ ધ્યાન દોરે છે કે मरुत् શબ્દમાં √मर् (= to die, મરી જવું) ધાતુ રહેલો છે. આમ પ્રાગ્–આર્ય સમયગાળાના મરુતોને પાછળથી, વેદકાળના ઋષિઓએ રુદ્રની સાથે સાંકળી દીધા હશે. વૈદિક ઋષિઓએ મરુતોને रुद्रीयाः, रुद्रासः અને 'રુદ્રના પુત્રો' (ઋ. ૧–૬૪–૧૨, ૪–૬૬–૧૧) પણ કહ્યા છે.

હવે રુદ્રનો 'મૃત્યુના દેવ' તરીકેનો ખ્યાલ વૈદિક ઋષિઓના મનમાં રહેલો જે જણાય છે તેના સમર્થક સંદર્ભો જોઈશું : તૈત્તિરીય સંહિતા (૨–૧–૭–૧)માં ગાયત્રીનું મસ્તક ફોડીને વષટ્કાર નીકળ્યાની એક વાત આવે છે. આ સમયે જુદા જુદા દેવોએ એ ફૂટેલા મસ્તકમાંથી જુદા જુદા રસો ગ્રહણ કર્યા, પણ રુદ્રદેવતાએ કેવળ રુધિરને ગ્રહણ કર્યું. અગ્નિહોત્રની ગાયના શરીરમાંથી લોહી નીકળે તો પણ रुद्राय स्वाहा । બોલીને दक्षिण અગ્નિમાં તેને હોમવામાં આવે છે. એ જ રીતે, અશ્વમેધ યાગમાં પણ અશ્વનું લોહી રુદ્રને આહુતિમાં અપાય છે. એ ઉપરાંત, 'શૂલગવ' યાગમાં પણ રુદ્રને 'બલિ' તરીકે લોહી સમર્પિત થાય છે. શતપથ બ્રાહ્મણ (૫–૩–૧–૧૦) પણ કહે છે કે રાજસૂય યજ્ઞમાં જે ૧૨ रत्नहवींषि અપાય છે

ત્યાં જે ગાયોનો બલિ ચઢાવાય છે તેને માટે રુદ્ર લાલચુ બન્યો હોય છે. આમ વૈદિક યજ્ઞયાગાદિ જોતાં પણ રુદ્ર મૃત્યુ સાથે, લોહી સંકળાયેલો દેવ જણાય છે.

'રુદ્ર' એવો શબ્દ પણ "લાલ દેવ" એવો અર્થ આપે છે એમ વિદ્વાનો કહે છે. આ રુદ્રને ઋગ્વેદમાં અસુર (૧–૧૧૪–૫), બભ્રુ (૨–૩૩–૫) અને તૈત્તિરીય સંહિતા ૪–૫–૧માં બભ્લુષ, તામ્ર, અરુણ, વિલોહિત અને નીલલોહિત કહ્યા છે. આદિમકાળથી લાલ રંગને મૃત્યુનો રંગ માનવામાં આવતો રહ્યો છે. બીજી તરફ, શિવ પણ મૃત્યુ સાથે સંકળાયેલા દેવ છે; અને 'શિવ' એવા શબ્દનો અર્થ પણ પહેલાં "લાલ" એવો જ થાય છે. આ શિવને સ્મશાનભૂમિ ગમે છે, તે ખોપરીઓની માળા પહેરે છે; તેમને લોહીની આહુતિ અપાતી હોય તેવા યજ્ઞો પસંદ છે. આ શિવને સર્પોની માળા પણ ગમે છે. આમ, શિવ એ તો દ્વિગુણિત રુદ્ર છે.[૬]

રુદ્ર–શિવ એ એક તરફથી મૃત્યુ અને રોગના દેવ છે, તો બીજી તરફથી તે મંગલપ્રદાતા પણ છે. આનું કારણ એ છે કે આદિમકાળના માણસોની એવી વિચારધારા રહી હશે કે જે દેવ હાનિ કરી શકે છે, તે દેવ મંગલ પણ કરી શકે છે, તે ભિષક્તમ દેવ પણ હોઈ શકે છે. જેમ તે આશીર્વાદ પણ આપી શકે, તેમ તે શાપ પણ આપી શકે; અને તે રોગનિવારણ કરી શકે, તો તમને દૂરિતનો ભોગ

---

૬. Schroeder અને Otto નામના વિદ્વાનોએ ધ્યાન દોર્યું છે કે જર્મન દેશના Odin–Wodan નામના મૃત્યુના દેવની સાથે રુદ્રનું ઘણું સામ્ય છે. જેમકે, જર્મનીના આ મૃત્યુદેવ પણ હિંસક શિકારી છે, પર્વતોમાં અને અરણ્યોમાં ફરનારા છે. વળી, આ દેવ પણ એકી સાથે ભયપ્રદ અને મંગલપ્રદ છે. તેમની સાથે હિંસક સેના છે. રુદ્રની જેમ આ Odin દેવ પણ ધારે ત્યારે ધારે એવું રૂપ લઈ શકે છે. મૃત્યુ પામેલા મૃતાત્માઓનો તે નાયક છે અને Walhall (મૃત્યુસ્થાનક) સાથે સંબદ્ધ છે. આવી જ રીતે, એક ગ્રીક દેવતા Hecate જોડે પણ રુદ્રને ઘણું સામ્ય છે. આ દેવ પણ ચાર રસ્તાઓ ઉપર રાત્રે વિચરણ કરતા રહે છે. આ ત્રણેય દેશના મૃત્યુ–દેવો વચ્ચેનું સામ્ય જોઈને શ્રોડરે માન્યું છે કે તે Indo–European કાળના આદિમ મૃત્યુદેવો છે.

પણ ડૉ. દાંડેકર આની જોડે સમ્મત થતા નથી. તેમના મતે રુદ્રને કોઈ રીતે આર્યન કે ઈન્ડો–યુરોપીયન કાળના દેવ ગણી શકાય એમ નથી, રુદ્રદેવનું વ્યક્તિત્વ તો તેમને નોન–આર્યન હોવાનું દર્શાવે છે. વિવિધ દેશોના મૃત્યુદેવોની સમાનતાનું કારણ એવું પણ હોઈ શકે કે મૃત્યુ સંબદ્ધ અમુક ખ્યાલો વિશ્વસમગ્રમાં એક સરખાં ઊભા થયા હોઈ શકે.

પણ બનાવી શકે. આમ મૃત્યુનો દેવતા હોઈને જ રુદ્ર દ્વિવિધ વ્યક્તિત્વ ધરાવે છે એમ માનવું તર્કસંગત જણાય છે.

(૧૦)

સામાન્ય રીતે તો વૈદિક દેવતાસૃષ્ટિમાં યમ—દેવતા મૃત્યુના દેવ ગણાય છે, પણ ડૉ. દાંડેકર આ વાતને સ્વીકારતા નથી. વૈદિક દેવતાઓમાંથી કોઈ એક જ નિશ્ચિત દેવ મૃત્યુ જોડે સંકળાયેલો નથી; નાના—નાના અનેક દેવો છે. પણ પરિસ્થિતિવશાત્ પાછળથી વેદકાળના ઋષિઓને મૃત્યુના એક નિશ્ચિત દેવ તરીકે 'રુદ્ર'ને કે જે પ્રાગ્વૈદિકકાળથી લોકપ્રચારમાં આવી ચૂકેલા હતા, તેમને સ્વીકારવા પડ્યા છે, પણ વૈદિક દેવતાસૃષ્ટિમાં પાછળથી દાખલ કરાયેલા રુદ્ર દેવ, બહારની (= પૂર્વેની) સંસ્કૃતિમાંથી લીધેલા દેવ હોઈને તેમનું વ્યક્તિત્વ એકરૂપતાવાળું હોવાને બદલે સતત બદલાતું રહ્યું હોય તેમ જણાય છે; તથા અન્ય વૈદિક દેવોથી તેમને સતત જુદા પાડવામાં આવતા રહ્યા છે.

પણ વેદકાળ પૂર્વેની સંસ્કૃતિના પૂરતા પ્રમાણમાં કહી શકાય એવા કોઈ પુરાવા આજે ઉપલબ્ધ નથી અને જે થોડાક પુરાવા મળ્યા છે, તે પ્રત્યક્ષ પણ નથી. આ સ્થિતિમાં વૈદિક આર્યોથી જુદા અને તેમનાય પુરોગામી એવા આદિમ ભારતીય (Proto–Indian) પ્રજાના વારસદારો તરીકે ઓસ્ટ્રીક અને દ્રવિડીયન ભાષા બોલનારી પ્રજાના ધર્મ અને માન્યતાને તપાસવા જોઈએ. અરે ! આજે હિન્દુ ધર્મનું અનુસરણ કરતો બહુજન વર્ગ જોઈએ તો તે પણ બહુશઃ તો આદિમ ભારતીય ધર્મને જેટલો અનુસરી રહ્યો છે; તેટલો તે "વૈદિક આર્યધર્મ"ને અનુસરતો નથી !

વેદકાળના આર્યોને દેવોની પૂજાવિધિ કરવાના મંદિરો જેવા જાહેર સ્થળોનો કોઈ ખ્યાલ જ નથી. વૈદિક આર્યો તો યજ્ઞશાળામાં કે પોતાના ઘરોમાં જ દેવોને આહુતિઓ આપતા હતા. જ્યારે પ્રાચીનકાળમાં દ્રવિડીયન ભાષા બોલનારા લોકો ચોક્કસ પ્રતીકો, વૃક્ષના થડિયાં, પથ્થરોની પૂજા કરતા હતા; અને મંદિર જેવી કોઈક જગ્યા પણ તેમની પાસે હતી.

વૈદિક આર્યોને તો પોતાના દેવોની આરાધના કરવા માટે **'હોમ'** (યજ્ઞવેદીમાં આહુતિ આપવાની વિધિ)નો પરિચય છે. વળી આવો હોમ અગ્નિમાં કરવામાં આવે છે. બીજી તરફ, આદિમ ભારતીયો પોતાના દેવોની આરાધના કરવા માટે **પૂજાવિધિ**નો માર્ગ અપનાવે છે. અહીં એ નોંધપાત્ર છે કે સમગ્ર ઋગ્વેદમાં, કે બીજા કોઈ પ્રાચીન વૈદિક સાહિત્યમાં પણ **√पूज्** કે **पूजयति।** જેવા ધાતુ કે ક્રિયાપદનો એક પણ વાર ઉપયોગ થયો નથી. આથી **પૂજા** જેવો શબ્દ ઇન્ડો–યુરોપીયન ભાષાકુળનો ગણાયો નથી. વિદ્વાનોએ આદિમ દ્રવિડીયન ભાષાકુળની

તમિલ ભાષામાં પૂચ્ અને કન્નડમાં પુસ્ ધાતુમાંથી પૂજા શબ્દ બન્યો હોવાની ધારણા બાંધી છે. આ ધાતુઓનો અર્થ to besmear (ચોપડવું, ખરડવું, લગાડવું) એવો થાય છે. આમ પૂજા–વિધિમાં મૂર્તિ હોવી જરૂરી બને છે. હવે, આવી 'પૂજા' પ્રાગ્વૈદિકકાળમાં પણ આખા ભારતમાં પ્રસિદ્ધ હશે; જે બહુ પાછળથી વૈદિક બ્રાહ્મણોએ પણ સ્વીકારી હશે. (યાસ્ક અને પાણિનિનાં વેદાંગોમાં જ પહેલવહેલા પૂજા શબ્દ અને મૂર્તિઓના ઉલ્લેખ આવે છે.)

આવી પૂજા લાલ રંગના કુંકુમથી થાય છે, જે લોહીના વિકલ્પે વપરાય છે. આથી આદિમ ભારતીય દેવ શિવને પણ લોહી ચઢાવવામાં આવતું હશે અને તેથી જ દ્રવિડીયન ભાષામાં 'શિવ' શબ્દનો અર્થ 'લાલ' થાય છે અને વૈદિક 'રુદ્ર' શબ્દનો પણ મૂળભૂત અર્થ 'લાલ' હશે એમ રિચાર્ડ પિશેલ દ્વારા વિચારાયું છે, (√रुद् = to be ruddy or red.)

(૧૧)

ડૉ. દાંડેકરે એવો મત બાંધ્યો છે કે આદિમ ભારતીય (Proto–Indian) દેવ, કે જે 'શિવ' (= લાલ)ના નામે પ્રસિદ્ધ હશે, તેને વૈદિક આર્યોએ 'રુદ્ર'માં રૂપાંતર કરીને સ્વીકાર્યો હશે; (અને આ 'રુદ્ર' શબ્દનો મૂળ અર્થ 'લાલ' થતો હશે.) પણ એક વર્જ્ય નામ તરીકે જ તેનો ઉલ્લેખ થતો રહ્યો છે. જેમકે, યજ્ઞમાં અન્ય દેવોનું આહ્વાન કરવામાં આવતું હોય ત્યારે તે દેવોની સાથે રુદ્રના નામનો સમાવેશ થતો નથી અને જો અમુક પ્રકારના વિધિમાં રુદ્રનો ઉલ્લેખ કરવાનો થાય તો euphemistic manner થી 'રુદ્ર' (રડાવનાર) શબ્દના તદ્દન વિરોધી અર્થવાળા બીજા કોઈ શબ્દથી (દા.ત. 'શિવ' (= કલ્યાણકારક) શબ્દથી) ઉલ્લેખ કરાતો હતો. જોકે મૂળમાં તો 'રુદ્ર' અને 'શિવ' એવા બન્ને શબ્દો 'લાલ રંગ'ના વાચક હતા, પણ વૈદિક બ્રાહ્મણોએ જ્યારે આદિમ ભારતીય કાળના (દ્રવિડીયન કુળના) શિવને સ્વીકાર્યા ત્યારે તેને નવા અર્થમાં પ્રયોજવાનું શરૂ કર્યું હતું. તથા એવી જ રીતે, 'રુદ્ર' શબ્દને તેમણે અગ્નિનો પર્યાય પણ બનાવી દીધો. (અર્થાત્ અગ્નિનાં આઠ નામોમાં 'રુદ્ર'ને પણ સમાવી લીધો.) હવે 'શિવ' કે જેનો શાબ્દિક અર્થ "લાલ રંગના દેવ" એવો થતો હતો, તેને પાછળથી કર્પૂરગૌર વર્ણના જાહેર કરવામાં આવ્યા.

(૧૨)

પ્રાગ્–વૈદિક આદિમ ભારતીય સમયગાળાના મૃત્યુના દેવ, કે જે દ્રવિડીયન ભાષામાં 'શિવ' (= લાલ) તરીકે પ્રસિદ્ધ હતા અને જેમનો વૈદિક આર્યધર્મમાં 'રુદ્ર' તરીકે નવો સ્વીકાર થયો હતો, તે શિવ મોહેં–જો–દડો અને હડપ્પાની સંસ્કૃતિના અવશેષો/ઉત્ખનનોમાંથી મળી આવ્યા છે. આ મોહેં–જો–દડોની સંસ્કૃતિ

પ્રાગ્–વૈદિક કાળની મનાય છે. આ સંસ્કૃતિમાં (દ્રવિડીયન સંસ્કૃતિની જેમ જ) મૂર્તિપૂજા થતી હશે એમ જણાય છે. કેમ કે આ સિન્ધુ ઘાટીના ઉત્ખનનો દરમ્યાન હાથી, વાઘ, મહિષ વગેરેથી વીંટળાયેલા અને યોગ–મુદ્રામાં બેઠેલા દેવની જે પ્રતિમા મળી આવી છે, તે શિવની જણાય છે.[૭] વળી આ ઉત્ખનનોમાંથી શિવલિંગોની પણ પ્રાપ્તિ થઈ છે. આથી સાબિત થાય છે કે પ્રાગ્વૈદિક કાળમાં શિવપૂજા, શિવમૂર્તિઓ હતી.

સિન્ધુઘાટીની સંસ્કૃતિના જે અવશેષો મળ્યા છે તેમાંથી એટલું ચોક્કસ તારવી શકાય છે કે વૈદિક આર્ય સંસ્કૃતિ તે 'અગ્નિમાં હોમ' કરનારી પ્રજાની સંસ્કૃતિ હતી; પણ તેની પૂર્વેની આ મોહેં–જો–દડો અને હડપ્પાની સંસ્કૃતિમાં મૂર્તિઓ હતી, પૂજા હતી અને બલિ ચઢાવવાની પ્રથા પણ હતી. શિવની જે યોગમુદ્રામાં મૂર્તિ મળે છે અને યોનિથી વીંટળાયેલ લિંગનું જે પ્રતીક પણ મળે છે; તેથી વેદસાહિત્યમાં રુદ્રદેવતાની સાથે સંકળાયેલા વ્રાત્ય (અથર્વવેદ ૧૫–૩–૧), બ્રહ્મચારિન્ (અથર્વવેદ ૧૧–૫) અને મુનિસમ્પ્રદાયો (ઋગ્વેદ ૧૦–૧૩૬) છે તેનો પણ ખુલાસો મળી રહે છે.

તથા બહારથી આવેલા રુદ્ર પ્રત્યે વૈદિક ઋષિઓએ જેમ એક વર્જ્ય દેવ તરીકેનું વર્તન કર્યું છે, તેમ રુદ્ર–શિવના ઉપાસકોને શિશ્નદેવાઃ (ઋ. ૭–૨૧–૫, ૧૦–૯૯–૩) કહીને તિરસ્કાર્યા પણ છે. મોહેં–જો–દડો અને હડપ્પામાંથી મળેલી યોગમુદ્રાસીન શિવની મૂર્તિના માથે બે શીંગડા પણ છે; તેની સંગતિ બેસાડતા ડૉ. દાંડેકર કહે છે કે દાશરાજ્ઞ–યુદ્ધનું જ્યાં ઋગ્વેદ (૭–૧૮–૭)માં વર્ણન છે ત્યાં આર્યો (ભરતો)ની ટોળીના નેતા રાજા સુદાસ્‌ના શત્રુ પક્ષમાં રહેલા અનાર્યો કે આદિવાસીઓને વિષાણિનઃ અને શિવાસઃ કહ્યા છે તે અત્રે સ્મરણીય છે. કેમકે આ પ્રાગ્વૈદિક શિવ અને તેમના અનુયાયીઓ કે જેઓ પોતાની ઓળખ તરીકે હાથમાં શિંગડા રાખતા હશે, તેમનો આર્યોના પ્રતિપક્ષીઓ તરીકે ઋગ્વેદમાં ક્યાંક ક્યાંક નિર્દેશ મળે છે.

---

૭. જિજ્ઞાસુએ – (1) Mohen–jo–daro and the Indus Civilization, by Marshall; (2) Further Excavations at Mohenjodaro, by Mackay; (3) Excavation at Harappa, by M. S. Vats; (4) Indus People and Indus Religion, by N. M. Chaudhuri, S. Śiva–His pre–Aryan Origins, by A. Ghosh જેવા ગ્રન્થો જોવા જોઈએ.

ડૉ. દાંડેકર આદિમ દ્રવિડીયન સમ્પ્રદાયના લાલ રંગના દેવ–શિવમાંથી 'વૈદિક રુદ્ર' દેવતાનો ઉદ્‌ભવ થયો હશે એવી ધારણાનું જે સમર્થન કરી રહ્યા છે; તેમાં તેઓ બીજી એક વાત પણ ઉમેરે છે. આદિમ દ્રવિડીયન પ્રજા સ્ત્રી દેવતાઓમાં પણ વિશ્વાસ કરતી હતી અને તેમની પણ પૂજા કરતી હતી. આ મુદ્દો પણ વૈદિક આર્યોના ધર્મથી જુદો પડતો મુદ્દો છે. સિન્ધુ ઘાટીના ઘણા ઉત્ખનનોમાંથી અનેક દેવીઓની મૂર્તિઓ પણ મળી આવી છે. આ દેવીપૂજાનો મુદ્દો પણ વૈદિક રુદ્રની સાથે સાંકળવો પડે તેમ છે. કેમકે ઋગ્વેદ (૭–૫૯–૧૨)માં રુદ્રને માટે त्र्यम्बक એવા વિશેષણનો પ્રયોગ થયો છે. એ જ પ્રમાણે, તૈત્તિરીયસંહિતા (૧–૮–૬) વાજસનેયી સંહિતા (૩–૫૭), શતપથ બ્રાહ્મણ (૨–૬–૨–૯)માં રુદ્રની બહેન તરીકે એક अम्बिकाનો પણ ઉલ્લેખ છે. (જુઓ : મૈત્રાયણીસંહિતા ૧–૧૦–૨૦) પણ રુદ્રને માટે વપરાયેલું આ "ત્ર્યમ્બક" વિશેષણ રુદ્રના આઠ પ્રસિદ્ધ નામો (ભવ, શર્વ, રુદ્ર, પશુપતિ, ઉગ્ર, અશનિ, અગ્નિ (અથર્વવેદ ૧૧–૨, ૧૫–૫ વગેરે)માંથી પડતું મૂકવામાં આવ્યું છે. કેમકે આ નામ પ્રાગ્‌વૈદિક હોવાથી, વૈદિક ઋષિઓએ તેનો સહજ સ્વીકાર કર્યો નથી. વળી, આ 'ત્ર્યમ્બક' શબ્દનો 'ત્રણ નેત્રવાળો' એવો અર્થ ભલે પુરાણકાળમાં પાછળથી પ્રસિદ્ધ થયો હોય, પણ તેનો સાચો અર્થ તો "જેની ત્રણ માતાઓ છે" (તેવો દેવ–રુદ્ર) એવો થાય છે. આમ સંસારનું સર્જન કરનારી દેવી अम्बा અને સર્જનહાર રુદ્રને જોડવાનો ઉપક્રમ છે. રુદ્રની બહેન તરીકે अम्बिका (= अम्बा)નો નિર્દેશ હોવાની સાથે, ક્યાંક તેની પત્ની તરીકે પણ ઉલ્લેખ છે.

આમ આપણે પ્રાગ્‌વૈદિક આદિમ ભારતીય દેવ (શિવ)ને અનેક તબક્કાઓમાંથી પસાર થયેલા દેવ તરીકે જોઈ શકીએ છીએ. જેમકે, તે આદિમ દ્રવિડિયન લાલ રંગના 'શિવ' દેવતા છે, મોહેં–જો–દડો અને હડપ્પાની સંસ્કૃતિના તે પશુપતિ–યોગેશ્વર શિવ છે; અને વૈદિક સાહિત્યમાં સ્ત્રી દેવી અમ્બિકા જોડે સમ્બદ્ધ એવા પુરુષદેવ રુદ્ર પણ તે જ છે. શ્રી દાંડેકરજી કહે છે કે –

The Vedic Rudra has inherited most of these characteristics of the personality of the proto–Indian god. Indeed, Rudra is but an Aryanised version of this proto–Indian god.

તેઓ ઉપસંહારમાં કહે છે કે –

.......in the Ṛgveda, of the original Rudra–Śiva cult and mythology, one will realise that there is an unbroken continuity of religious tradition from the proto–Śiva to the epic Śiva who is worshiped even to this day, and that Śiva must, accordingly, be regarded as having the longest continuous record of godhead–not only in India but perhaps also in the entire civilised world.[૮]

આમ, આજે પણ સમગ્ર ભારતવર્ષમાં જેની પૂજા–અર્ચના થાય છે, તે શિવ–મહાદેવ–છેક પ્રાગ્વૈદિક કાળની સિન્ધુ સંસ્કૃતિથી શરૂ કરીને વેદકાળની આર્યસંસ્કૃતિમાં થઈને, તે પછીના ત્રીજા પુરાણકાળના સમય સુધી એકધારા અવિરતપણે પૂજાતા રહેલા દેવ છે. રુદ્ર–શિવનું આ દેવત્વ–એ સૌથી લાંબામાં લાંબા સમયગાળામાં પથરાયેલું છે એમ પુરાવા સહિત કહી શકાય એમ છે.

૧૮. યજુર્વેદનો પરિચય

વૈદિક સંસ્કૃતિ એ વિવિધ દેવતાના સ્તવનની અને યજનની સંસ્કૃતિ છે. યજ્ઞવેદીમાં અગ્નિની સ્થાપના કરીને, મન્ત્રોચ્ચારપૂર્વક દેવોને આહુતિદ્રવ્ય (હવિષ્–પુરોડાશ) સમર્પિત કરવાં અને એના બદલામાં વીરપુત્રો, ધનસમ્પત્તિ, પશુઓ અને યુદ્ધમાં વિજયની કામનાથી પ્રેરાઈને દેવોને પ્રાર્થના કરવી–એ વૈદિક સાહિત્યમાંથી ઉપસી આવતું ચિત્ર છે. આવા યજ્ઞો દરમ્યાન યજ્ઞવેદીની ચારે તરફ ચાર દિશામાં જે ચાર બ્રાહ્મણો બેઠા હોય છે, તે ઋગ્વેદનો જાણકાર 'હોતા', યજુર્વેદનો જ્ઞાતા 'અધ્વર્યુ', સામવેદનો જ્ઞાતા 'ઉદ્ગાતા' અને અથર્વવેદનો જ્ઞાતા 'બ્રહ્મા'ના નામે ઓળખાવાય છે. 'ઋગ્વેદભાષ્ય ભૂમિકા'માં સાયણાચાર્ય કહે છે કે –

"अध्वर्युनामक एक ऋत्विग् यज्ञस्य स्वरूपं निष्पादयति । अध्वरं युनक्ति, अध्वरस्य नेता भवति ॥"

'અધ્વર્યુ' નામનો જે ઋત્વિજ્ હોય છે તે યજ્ઞના સ્વરૂપને નિષ્પન્ન કરે છે. અધ્વર (= જેમાં હિંસા નથી થતી તેવો યજ્ઞ)ને જે જોડી આપે, આકારિત કરી આપે તે 'અધ્વર્યુ'. યજુર્વેદના મન્ત્રોને યજ્ઞના કર્મકાંડ જોડે સીધો સંબંધ છે, તેથી યજુર્વેદને "અધ્વર્યુવેદ" એવા નામે પણ ઓળખવામાં આવે છે.

'યજુર્વેદ' એટલે 'યજુષ્'નો વેદ.

નિરુક્ત કહે છે કે यजुर्यजतेः । (૭–૧૨) જેનાથી દેવોનું યજન થાય છે, તે મન્ત્રને 'યજુષ્' કહેવાય છે. એક બીજી વ્યુત્પત્તિ મુજબ इज्यतेऽनेन इति यजुः ।

---

૮. **Vedic Mythological Tracts;** by Prof. R. N. Dandekar; Pub. Ajanta Publications, Delhi, 1979, (pp. 199–277)માં આ રુદ્રદેવતાની પુરાકથા (Myth)નો ઈતિહાસ વર્ણવાયો છે.

"જેનાથી દેવો ઉદ્દેશીને યજ્ઞ થાય છે, યજન થાય છે તે મન્ત્રને યજુષ્ કહે છે." ત્રીજી વ્યાખ્યા મુજબ – अनियताक्षरावसानो यजुः । જે મન્ત્રોમાં અક્ષર–ગણના નિશ્ચિત નથી હોતી (એટલે કે જે ગદ્યમાં રચાયેલા છે) તે મન્ત્રને 'યજુષ્' કહે છે. ક્યાંક એમ પણ કહેવાયું છે કે – एक प्रयोजनं साकांक्षं पदजातम् एकं यजुः ॥ એક પ્રયોજનને ઉદ્દેશીને, પરસ્પર સાકાંક્ષ એવા પદોનો જે સમૂહ, તેને 'યજુષ્' કહે છે."

અનેક વેદોના સમૂહમાં યજુર્વેદનું મૂલ્ય કેવા પ્રકારનું ગણી શકાય ? તે પ્રશ્નને લઈને સાયણે કહ્યું છે કે – भित्तिस्थानीयो यजुर्वेदः; चित्रस्थानीयौ इतरौ । तस्मात् कर्मसु यजुर्वेदस्यैव प्राधान्यम् ॥ (तैत्तिरीय संहितायाः सायणभाष्यभूमिकायाम्) સમગ્ર યજ્ઞનું નિર્માણ યજુર્વેદથી જ થાય છે; અને યજુર્વેદના મન્ત્રોથી જે રાજસૂય, વાજપેય, અશ્વમેધ ઈત્યાદિ યજ્ઞો થતા હોય છે, તે યજ્ઞક્રિયા દરમ્યાન વચ્ચે વચ્ચે ઋગ્વેદમાંથી અને સામવેદમાંથી લીધેલા મન્ત્રોનું ગાન થતું હોય છે. આથી યજુર્વેદ તો ભીંતના સ્થાને રહેલો વેદ ગણાશે; અને બીજા બે વેદ (ઋગ્વેદ અને સામવેદ) તે ભીંત ઉપર ચિતરેલા ચિત્રો જેવા છે.

યજુર્વેદની શાખાઓ :


યજુર્વેદ
આદિત્ય સમ્પ્રદાય
બ્રહ્મસમ્પ્રદાય
શુક્લ યજુર્વેદ
કૃષ્ણ યજુર્વેદ
વાજસનેયિ અર્થાત્ માધ્યન્દિન સંહિતા
કાણ્વ સંહિતા
તૈત્તિરીય
મૈત્રાયણી
કાઠક (= કઠ)
કપિષ્ઠલ શાખા

યાજ્ઞવલ્ક્ય ઋષિએ જે મન્ત્રસંહિતાનું 'દર્શન' કર્યું હતું, તેને જ 'શુક્લ યજુર્વેદ' કહે છે. યજ્ઞવલ્ક્યના પિતાનું નામ 'વાજસનિ' હતું, માટે યાજ્ઞવલ્ક્યને 'વાજસનેય' કહેવાય છે. આથી, વાજસનેય (યાજ્ઞવલ્ક્ય) ઋષિએ જોયેલી મન્ત્રસંહિતાને "વાજસનેયિ–સંહિતા" કહેવાય. પરંતુ અહીં પ્રશ્ન થાય કે આ જ વાજસનેયિ સંહિતાનું બીજું નામ 'માધ્યન્દિન–સંહિતા' એવું કેવી રીતે પ્રસિદ્ધ થયું છે ? તો એની પાછળ એક આખ્યાયિકા રહેલી છે. વેદવ્યાસના શિષ્ય તે 'વૈશમ્પાયન'. એ વૈશમ્પાયને એમના શિષ્ય યાજ્ઞવલ્ક્યને યજુર્વેદ શીખવ્યો હતો. એકવાર ગુરુ

વૈશમ્પાયન ગુસ્સે ભરાયા અને શિષ્ય યાજ્ઞવલ્ક્યને કહ્યું કે મારી વિદ્યા પાછી આપી દે. આથી યાજ્ઞવલ્ક્યે તે વેદવિદ્યાનું વમન કરી નાખ્યું. તે સમયે વૈશમ્પાયનના બીજા શિષ્યો, જે આસપાસમાં જ હતા, તેમણે 'તિત્તિરિ' (તેતર) પક્ષીનું રૂપ ધારણ કરીને, તે ઉલટી કરી નાખેલી વેદવિદ્યાને ચણી કાઢી (ખાઈ લીધી) ! [એટલે તે તિત્તિરિ શિષ્યોની પાસે પહોંચેલી યજુર્વેદની એ શાખા 'તૈત્તિરીય શાખા' કહેવાઈ; જે કૃષ્ણ યજુર્વેદની એક મુખ્ય શાખા ગણાઈ.] બીજી તરફ, યાજ્ઞવલ્ક્યે આદિત્ય (સૂર્ય)ની ઉગ્ર તપશ્ચર્યા કરીને, મધ્યાહ્નના સૂર્યની પાસેથી ફરીથી તે યજુર્વેદના મન્ત્રોનું 'દર્શન' કર્યું; આથી તે સંહિતાનું "માધ્યન્દિન–સંહિતા" એવું બીજું નામ પડ્યું.

જિજ્ઞાસાનો બીજો એક વિષય એ છે કે યજુર્વેદના જે બે પ્રમુખ ભેદ છે : (૧) શુક્લ યજુર્વેદ અને (૨) કૃષ્ણ યજુર્વેદ, તે નામોના ભેદનું શું કારણ છે ? તો 'શુક્લ યજુર્વેદ'માં જુદા જુદા યજ્ઞોની સાથે સંકળાયેલો શુદ્ધ મન્ત્રોનો બનેલો સમૂહ જ મૂકવામાં આવ્યો છે; તેમાં મન્ત્રોની વ્યાખ્યા કે વિવરણ આપ્યાં નથી, વળી તે મન્ત્રોનો વિનિયોગાત્મક ભાગ પણ આપ્યો નથી. આમ જે મન્ત્રસંહિતામાં શુદ્ધ (કેવળ) મન્ત્રો જ આવેલા છે; જેમાં વિવરણ કે વિનિયોગને મિશ્રિત કરેલા નથી, તે 'શુક્લ' (= સ્વચ્છ) છે; આથી તેને "શુક્લ યજુર્વેદ" કહે છે. બીજી તરફ, યાજ્ઞવલ્ક્યે ઉલટી કરીને, જે મન્ત્રો એકવાર બહાર ફેંકી દીધા હતા; અને વૈશમ્પાયનના તિત્તિરિ બનેલા અન્ય શિષ્યોએ એ મન્ત્રોને ખાઈ લીધા હતા, તે મન્ત્રોમાં તેમણે વ્યાખ્યા કે વિવરણનો અંશ પણ વચ્ચે વચ્ચે ઉમેરી દીધો; વળી એ મન્ત્રો કયા યજ્ઞમાં વાપરવાના છે ? એનું માર્ગદર્શન આપવા 'વિનિયોગ' દર્શાવતા અંશો પણ મિશ્રિત કરી દીધા, આથી તેને "કૃષ્ણ યજુર્વેદ" એવું નામ મળ્યું ! (શુક્લ યજુર્વેદનું પારાયણ કરનારા બ્રાહ્મણોને 'શુક્લ' અટક મળી અને જેઓ કૃષ્ણયજુર્વેદનું પારાયણ કરનારા હતા તેમને 'મિશ્ર' અટક મળી.)

અહીં બીજી એક વાત એ પણ નોંધપાત્ર છે કે મહાભાષ્યકાર પતંજલિના સમયમાં (ઈ.સ. પૂર્વે ૨૦૦) યજુર્વેદની એક સો શાખાઓ પ્રવર્તમાન હતી (एकशतम् अध्वर्युशाखाः—पस्पशाह्निकम्); પણ કાલક્રમે તે ઘટતી ગઈ છે. જેમકે 'ચરણવ્યૂહ'માં ૮૬ શાખાઓ નોંધાઈ છે અને આજે તેમાંથી કેવળ છ શાખાઓ જ મળે છે.

શુક્લયજુર્વેદના ૪૦ અધ્યાયોનો વિષય :

અગાઉ જણાવ્યું છે તેમ યજુર્વેદ તે અધ્વર્યુઓનો વેદ છે; તેમાં યજ્ઞવિષયક ક્રિયાકાંડના મન્ત્રો આવેલા છે. ઋગ્વેદ ૧૦–૭૧–૧૧માં 'यज्ञस्य मात्रां वि मिमीत

उत्वः ।' કહ્યું છે તેમ "યજ્ઞવેદીની માત્રાને–લંબાઈ–પહોળાઈ વગેરેને–કોઈ એક બ્રાહ્મણ (= અધ્વર્યુ) માપે છે." આમ યજુર્વેદનો જ્ઞાતા અધ્વર્યુ યજ્ઞનો સંયોજક અને નેતા કહેવાય છે.

શુક્લ યજુર્વેદમાં ૪૦ અધ્યાય અને કુલ ૧૯૭૫ મન્ત્રો આવેલા છે; જ્યારે શુક્લ યજુર્વેદ કરતાં કૃષ્ણ યજુર્વેદમાં ૧૧૧ મન્ત્રો વધારે છે. કૃષ્ણ યજુર્વેદનું વિભાજન થોડુંક જુદી રીતે કરવામાં આવ્યું છે. જેમકે, તેમાં ૪૦ અધ્યાય, ૩૨૮ અનુવાક્ અને ૨૦૮૬ મન્ત્રો છે.

શુક્લ યજુર્વેદના ૪૦ અધ્યાયોમાં નીચે મુજબનો પ્રતિપાદ્ય વિષય છે :–

અધ્યાય–૧ અને ૨માં, અમાવસ્યા પછી આવનારી પ્રતિપદાએ કરવાના 'દર્શ' નામના યાગનું અને 'પૌર્ણમાસ' (પૂર્ણિમાએ કરવાના) યાગનું વર્ણન છે. ત્યાર પછી **અધ્યાય ત્રીજામાં,** ચાર ચાર મહિને થતાં ઋતુ પરિવર્તન ઉપર કરવામાં આવતી ચાતુર્માસ્ય ઈષ્ટિઓનું વર્ણન છે. **અધ્યાય–૪ થી ૮માં,** અગ્નિષ્ટોમ અને સોમયાગનું વર્ણન છે. જ્યોતિષ્ટોમનું પરિષ્કૃત રૂપ તે જ 'અગ્નિષ્ટોમ' કહેવાય છે. આને સ્વર્ગની કામનાથી કરવામાં આવે છે; જે યજ્ઞ પાંચ દિવસનો હોય છે. બીજો જે સોમયાગ છે, તેમાં સોમરસ, વત્તા દૂધ–એ બન્ને મિશ્રિત કરીને ઈન્દ્રાદિ દેવોને આહુતિઓ અપાય છે. દિવસમાં ત્રણવાર સોમ નીચોવવા માટે પ્રાતઃસવન, માધ્યંદિન સવન અને સાયંસવન કરવામાં આવે છે. **અધ્યાય–૯ અને ૧૦માં,** વાજપેય અને રાજસૂય યાગોનું વર્ણન છે; જેમાં રાજ્યાભિષેક, રાજાના અધિકાર અને કર્તવ્યોનું નિરૂપણ પણ થયું છે.

અધ્યાય–૧૧ થી ૧૮માં, અગ્નિચયન અને જુદા જુદા પ્રકારની યજ્ઞવેદીઓનું નિર્માણ કરવા માટેના મન્ત્રો છે. **અધ્યાય–૧૬ ને 'રુદ્રાધ્યાય'** કહેવાય છે; જેમાં રુદ્રનું સર્વત્ર વ્યાપ્ત એક વિશ્વરૂપ દેવ તરીકેનું વ્યક્તિત્વ આકારિત કરવામાં આવ્યું છે. આ 'રુદ્ર' દેવ તે કોણ એ વિશે વિદ્વાનોમાં ઘણા મતમતાન્તરો છે. કોઈ તેને વૃષ્ટિપૂર્વેના ઝંઝાવાતનો દેવ માને છે, તો કોઈને વિજળીનો દેવ માને છે, ત્રીજા કોઈ તેને અગ્નિનું જ વિનાશક રૂપ કહે છે. આધુનિક સંશોધકો પ્રાગ્વૈદિકકાળની (હડપ્પા અને મોહેં–જો–દડોની) સપ્તસિન્ધુની સંસ્કૃતિમાંથી ઉતરી આવેલા અને પાછળથી વૈદિક આર્યસંસ્કૃતિના બ્રાહ્મણોએ અપનાવેલા તે રુદ્ર દેવ છે એવી વિચારધારા પણ પ્રવર્તિત કરી છે. રુદ્રોપાસનાનું મહત્ત્વ વધારવામાં ઋગ્વેદ કરતાં યજુર્વેદનું યોગદાન અસાધારણ છે.

અધ્યાય–૧૯ થી ૨૧માં, સૌત્રામણિ યાગનું વર્ણન છે. **અધ્યાય–૨૨ થી ૨૫માં,** અશ્વમેધ યાગનું નિરૂપણ છે. રાજા દ્વારા, સાર્વભૌમ આધિપત્ય મેળવવા

આ યજ્ઞ કરવામાં આવે છે. **અધ્યાય—૨૬ થી ૨૯ને** 'ખિલઅધ્યાય' કહેવાય છે. તેમાં પૂર્વોક્ત યજ્ઞમાં જોડવા માટેના કેટલાક નવા મન્ત્રો જોવા મળે છે. **ત્રીસમા અધ્યાયમાં,** પુરુષમેધ યજ્ઞનું વર્ણન જોવા મળે છે. **અધ્યાય—૩૧ થી ૩૩માં,** પુરુષસૂક્ત અને વિષ્ણુસૂક્ત મૂકવામાં આવે છે.

અધ્યાય—૩૪ને "શિવસંકલ્પસૂક્ત કે ઉપનિષદ્' કહે છે. **૩૫મા અધ્યાયમાં** પિતૃમેધ યાગનું નિરૂપણ છે. **૩૬ થી ૩૮માં** પ્રવર્ગ્ય નામક યજ્ઞોની વાત છે. **અધ્યાય—૩૯માં** અન્ત્યેષ્ટિ સંસ્કારના મંત્રો છે. છેલ્લા **૪૦મા અધ્યાયમાં** "ઈશાવાસ્યોપનિષદ્" આવેલ છે. આ મુખ્ય ઉપનિષદોમાં સર્વ પ્રથમ છે અને તેમાં અધ્યાત્મ અને દર્શનનું અપૂર્વ મિશ્રણ છે. ભગવદ્ગીતાની આદ્ય ગંગોત્રી પણ આ જ ઉપનિષદ્ છે.

યજુર્વેદનો માર્મિક પરિચય આપતાં શ્રી કપિલદેવ દ્વિવેદીજી કહે છે કે — આ યજુર્વેદમાં વર્ણવેલા કેટલાક યજ્ઞો સ્વર્ગપ્રાપ્તિ કે મોક્ષપ્રાપ્તિને ઉદ્દેશીને થાય છે. જેમકે, અગ્નિષ્ટોમ વગેરે. બીજા કેટલાક યાગ ક્ષત્રિય વર્ગના (રાજા વગેરેના) સત્તા અને શ્રીવૃદ્ધિ માટેના છે. જેમકે, અશ્વમેધ વગેરે. બ્રાહ્મણવર્ગની ઓજસ્વિતા, તેજસ્વિતા વધારવા વાજપેય જેવા યજ્ઞો પણ અહીં નિરૂપાયા છે. તો વળી, સાર્વજનિક ઉન્નતિ માટેના 'સર્વમેધ' જેવા યજ્ઞો પણ અહીં છે, તો પુરુષસૂક્ત, શિવસંકલ્પસૂક્ત અને ઈશાવાસ્યોપનિષદ્ જેવા મન્ત્રો આધ્યાત્મિક અને દાર્શનિક ચિંતનને વ્યક્ત કરનારાં પણ છે.

આ શુક્લ યજુર્વેદના અધ્યાય—૧૬ના રુદ્રસૂક્તના (૧ થી ૪૧) મન્ત્રો આપણા અભ્યાસનો વિષય છે.

૧૯. અથર્વવેદનો પરિચય

ચારેય વેદોમાં અથર્વવેદ એ કાંઈક પાછળથી ઉમેરાયેલો વેદ ગણાય છે. પશ્ચિમના વિદ્વાનો તો ખાસ એમ માને છે કે 'વેદત્રયી' શબ્દથી કેવળ ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદનો જ ઉલ્લેખ થયેલો છે; અને બહુ પાછળથી તેમાં અથર્વવેદને સંમિલિત કરવામાં આવ્યો છે. જોકે આપણે ભારતીયો તેમની વાત સ્વીકારતા નથી. કેમકે ઋગ્વેદમાં જ અથર્વા, અથર્વાણઃ જેવા શબ્દોનો પ્રયોગ મળે છે; તથા અથર્વવેદના જે અનેક મન્ત્રદ્રષ્ટા ઋષિઓ છે, તેમાંથી ઘણા ઋષિઓએ જોયેલાં સૂક્તો ઋગ્વેદમાં પણ સ્થાન પામ્યા છે. જેમકે, અથર્વવેદના ભૃગુ અને અંગિરા ઋષિઓએ ઋગ્વેદના પણ બીજા ઘણા મન્ત્રોનું દર્શન કર્યું છે. આથી અથર્વવેદની મૌલિકતા અને પ્રાચીનતા બાબતે પ્રશ્નો કે શંકાઓ કર્યા વિના જોઈએ તો અથર્વવેદ એ તો પ્રાચીનતમ ભારતની સભ્યતા, સંસ્કૃતિ અને જ્ઞાન—વિજ્ઞાનનો વિશ્વકોશ છે એમ કહેવું તે એનો સાચો પરિચય છે.

અથર્વવેદમાં એક તરફથી પ્રાચીન સમયના રીતિ–રિવાજ, પ્રથાઓ, માન્યતાઓ, કેટલીક અંધશ્રદ્ધાઓ, કૃત્યાનો પ્રયોગ, અભિચાર કર્મો, સંમોહન–વશીકરણના મંત્રો, જાદુ, જંતર–મંતર, પાપમોચન, સ્તંભન–ઉચ્ચાટન કે જડીબુટ્ટીઓના પ્રયોગ, આદિનું નિરૂપણ છે; તો બીજી તરફથી તેમાં આત્મવિદ્યા, આત્મા, બ્રહ્મવિદ્યા, મહદ્બ્રહ્મને લગતાં વિસ્તૃત વર્ણનો પણ આવેલાં છે. આથી, શ્રી કપિલદેવ શાસ્ત્રી કહે છે કે – કેવળ અથર્વવેદ જ એવો વેદ છે કે જે લૌકિક અને પારલૌકિક દૃષ્ટિએ ઉપાદેય છે.

આ સંદર્ભમાં "અથર્વ" શબ્દનો અર્થ વિચારણીય છે : (૧) નિરુક્ત કહે છે કે अथर्वाणोऽथर्वणवन्तः । थर्वतिश्चरतिकर्मा, तत् प्रतिषेधः । (નિ. ૧૧–૧૮) અર્થાત્ थर्व् ધાતુનો અર્થ ગતિ કે ચેષ્ટા થાય છે. 'અથર્વ' એટલે સ્થિર, ગતિ વગરની સ્થિતિ. એટલે કે જે વેદમાં ચિત્તવૃત્તિઓના નિરોધરૂપી યોગનો ઉપદેશ છે તે "અથર્વન્–વેદ" કહેવાય. (૨) ગોપથ બ્રાહ્મણ બીજી એક રીતે 'અથર્વવેદ' શબ્દને સમજાવે છે. જેમકે, अथ अर्वाग् एनं.....अन्विच्छेति, तद् ब्रह्म यद् अब्रवीत् अथार्वाङ्, एनमेतासु अप्सु अन्विच्छेति तदथर्वाऽभवत् ॥ (गोपथब्राह्मणम्, पृ. १–४) એટલે કે अथ अर्वाक्માંથી "અથર્વા" એવું વિકૃત શબ્દરૂપ વિકસ્યું હશે. જેનો તાત્પર્યાર્થ એવો છે કે સમીપસ્થ આત્માને પોતાની અંદર જોવાની વિદ્યા જે વેદમાં છે, તેને અથર્વવેદ કહે છે. બ્રહ્મપ્રાપ્તિની વિધિનું વિવરણ કાંડ ૧૦, સૂક્ત–૨ના ૨૬ થી ૩૩ મંત્રોમાં છે.

ગોપથ બ્રાહ્મણમાં અન્યત્ર એમ પણ કહ્યું છે કે અથર્વવેદ ચાન્દ્ર વેદ છે. તેનો ઉદ્દેશ ચંદ્રની જ્યોતિ અને શીતળતા પ્રાપ્ત કરવાનો છે. કેમકે ઋગ્વેદ તે આગ્નેય (અગ્નિ તત્ત્વપ્રધાન) વેદ ગણાય છે; અને તેના વિરોધમાં અથર્વવેદ સોમીય (સોમ તત્ત્વ પ્રધાન) વેદ છે. ઋગ્વેદથી યજમાનને ઉષ્મા, પ્રગતિ અને સ્ફૂર્તિ મળે છે, તો અથર્વવેદથી શાંતિ, સામંજસ્ય, સદ્ભાવનાના ગુણોનું આધાન થાય છે; જેના પરિણામે બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. આ સંદર્ભમાં, ડૉ. કપિલદેવ શાસ્ત્રી કહે છે કે – યજ્ઞના બે પક્ષ હોય છે : (૧) વાચિક અને (૨) માનસ. ઋગ્વેદ વગેરે ત્રણ વેદો વાચિક પક્ષને સંપન્ન કરે છે, તો અથર્વવેદ માનસિક પક્ષની પૂર્તિ કરે છે; અને ત્યાર પછી જ યજ્ઞ પરિપૂર્ણ થાય છે. યજ્ઞક્રિયામાં યજ્ઞવેદીની ચોપાસ બેસનારા જે ચાર ઋત્વિજો હોય છે, તેમાંથી ઋગ્વેદના જ્ઞાતાને 'હોતા' કહેવાય છે; યજુર્વેદના જ્ઞાતાને 'અધ્વર્યુ' કહેવાય છે અને સામવેદના જ્ઞાતાને 'ઉદ્ગાતા' કહેવાય છે. પણ જે ઋત્વિજ્ અથર્વવેદને જાણતો હોય તેને તો 'બ્રહ્મા' જ કહેવાય છે. આ વિશેષ નામકરણ દ્વારા પણ અથર્વવેદનો મહિમા પ્રસ્થાપિત થઈ જાય છે.

મહર્ષિ પતંજલિએ કહ્યું છે કે नवधाऽऽथर्वणो वेदः । અથર્વવેદની નવ શાખાઓ છે. જેમકે, સાયણ ગણાવે છે તે મુજબ (૧) પૈપ્પલાદ, (૨) તૌદ, (૩) મૌદ, (૪) શૌનકીય, (૫) જાજલ, (૬) જલદ, (૭) બ્રહ્મવેદ, (૮) દેવદર્શ, (૯) ચારણવૈદ્ય. પરંતુ હાલમાં તો આ અથર્વવેદની કેવળ બે જ શાખાઓ ઉપલબ્ધ થઈ છે : (ક) શૌનકીય શાખા; (જેમાં ૨૦ કાંડ, ૭૩૦ સૂક્ત અને ૫૯૮૭ મંત્ર છે). યજુર્વેદની જેમ જ અથર્વવેદમાં પણ ઘણે સ્થળે ગદ્ય વપરાયું છે. (ખ) બીજી તે પૈપ્પલાદ શાખા. પ્રોફે. બ્લૂમફિલ્ડે કાશ્મીરની શારદા લિપિમાં લખાયેલી એક હસ્તપ્રતને આધારે ઈ.સ. ૧૯૦૧માં તેનું પ્રકાશન કર્યું છે. જો કે આ હસ્તપ્રત અપૂર્ણ છે. પતંજલિને આ પૈપ્પલાદ શાખાનો પરિચય હતો.

અથર્વવેદને માટે બીજાં નામો પણ પ્રચલિત થયાં છે. જેમકે, આંગિરસવેદ, અથર્વાઙ્ગિરસવેદ, બ્રહ્મવેદ, ભૃગ્વંગિરોવેદ, ભૈષજ્યવેદ, મહીવેદ.

બ્લૂમફિલ્ડ અને વિન્ટરનિત્ઝના મતે આ વેદનું મૂળ નામ "અથર્વાઙ્ગિરસ વેદ" એવું જ હશે. આ વેદમાં મુખ્યત્વે બે ઋષિઓના મન્ત્રો એકઠા થયા છે, જેમાં એક છે અથર્વા અને બીજા છે અંગિરસ. અવેસ્તામાં પણ 'અથ્રવન્' શબ્દનો પ્રયોગ મળે છે, જે પુરોહિતનો વાચક છે; પણ અવેસ્તાનો આ પુરોહિત અગ્નિપૂજાની સાથે સાથે જાદૂવિદ્યા પણ જાણતો હોય તેવી માન્યતા છે. જ્યારે આંગિરસ તે પ્રાગૈતિહાસિક કાળના પુરોહિત છે; તે પણ જાદૂવિદ્યા તો જાણે જ છે. પણ આ બેમાં જે તફાવત છે તે એ છે કે અથર્વન્‌ના મન્ત્રો સુખ–શાંતિ અને ભલાઈ કરવા માટેના જાદૂ રજૂ કરે છે; (તેમાં રોગનિવારણની વાત પણ આવી જાય છે.) જ્યારે આંગિરસના મન્ત્રોમાં કૃત્યાનો પ્રયોગ, તથા અભિચાર અને શત્રુનાશન, વશીકરણ વગેરેના જાદૂનો પ્રયોગ વધારે દેખાય છે.

અથર્વવેદના કેટલાક મહત્ત્વનાં સૂક્તો આ પ્રમાણે છે :—

(૧) પૃથિવીસૂક્ત (૧૨–૧)
(૨) બ્રહ્મચર્યસૂક્ત (૧૧–૫)
(૩) કાલસૂક્ત (૧૧–૫૩, ૫૪)
(૪) વિવાહસૂક્ત (૧૪)
(૫) વ્રાત્યસૂક્ત (૧૫–૧)
(૬) મધુવિદ્યા (૯–૧)
(૭) બ્રહ્મવિદ્યા (૪–૧–૧, ૮–૯, ૧–૩૨ વગેરે).

૨૦. ऐतरेय–ब्राह्मणम्

॥ शौनः शेपाख्यानम् ॥

ગ્રન્થ–પરિચય : વેદસાહિત્યમાં સૌથી પહેલાં મન્ત્રસંહિતાઓ આવે છે અને તેની પાછળ તે મન્ત્રસંહિતાઓના 'બ્રાહ્મણ' ગ્રન્થો આવેલા છે. આ બ્રાહ્મણગ્રન્થોની પાછળ 'આરણ્યક' અને 'ઉપનિષદ્'ના ભાગ આવેલા છે.

મન્ત્રસંહિતાઓમાં સૌથી પહેલી ઋગ્વેદસંહિતાને પ્રાચીન ગણવામાં આવી છે. આ ઋગ્વેદની સાથે સમ્બદ્ધ એવા બે બ્રાહ્મણગ્રન્થો છે : (૧) ઐતરેય અને (૨) કૌષીતકિ બ્રાહ્મણ. (આ બે બ્રાહ્મણગ્રન્થોમાં બહુ કાંઈ વિશેષ નોંધપાત્ર તફાવત નથી.) ઐતરેય મહિદાસે 'ઐતરેય બ્રાહ્મણ'ની રચના કરી છે. આ ઐતરેય બ્રાહ્મણમાં આઠ પંચિકાઓ છે; (પ્રત્યેક પંચિકામાં પાંચ–પાંચ અધ્યાય છે. આમ આઠ પંચિકાઓના કુલ અધ્યાય ૪૦ થાય છે.) વળી, પ્રત્યેક અધ્યાયમાં "કંડિકા"ઓનું પણ વિભાજન વિચારાયું છે. આખા ઐતરેય બ્રાહ્મણમાં કુલ ૨૮૫ કંડિકાઓ આવેલી છે.

આ ઐતરેય બ્રાહ્મણમાં, 'હોતૃ' નામના ઋત્વિજે યજ્ઞ દરમ્યાન જે જે કાર્યો કરવાનાં હોય છે તેનું વિસ્તૃત વર્ણન કર્યું છે. જેમકે, **પહેલી** અને **બીજી** પંચિકાઓમાં અગ્નિષ્ટોમનું વર્ણન છે. આ અગ્નિષ્ટોમને આધારે જ 'સોમયાગ'ની વિધિ રચાતી હોય છે. (જોકે ઐતરેય બ્રાહ્મણમાં સોમયાગના બધાં જ વિધિ–વિધાનો મૂકવામાં આવ્યા નથી.) આ પહેલી બે પંચિકાઓમાં દીક્ષણીય, પ્રાપણીય, પ્રવર્ગ્ય અને પ્રશુઈષ્ટિનું વિવરણ જોવા મળે છે.

ત્રીજી અને **ચોથી** પંચિકામાં, પ્રાતઃસવન, માધ્યંદિન સવન અને સાયંસવનમાં વપરાતા મન્ત્રોનું વર્ણન છે. **પંચમ** પંચિકામાં દ્વાદશાહ કર્મનું નિરૂપણ છે; તથા **છઠ્ઠી** પંચિકામાં અનેક સપ્તાહો સુધી ચાલનારા સોમયાગમાં હોતા તથા એમના સહાયક અન્ય ઋત્વિજોનાં કર્મો બતાવ્યાં છે. **સપ્તમ** પંચિકામાં મુખ્યત્વે રાજસૂય–યજ્ઞનું નિરૂપણ છે; જેના અનુસંધાનમાં શુનઃશેપનું આખ્યાન મૂકવામાં આવ્યું છે. રાજાના રાજ્યાભિષેક સમયે આ શુનઃશેપનું પ્રખ્યાત આખ્યાન કહેવામાં આવે છે. છેલ્લે **આઠમી** પંચિકામાં ઐન્દ્ર–મહાભિષેકની વિધિ બતાવી છે.

આમ ઐતરેય બ્રાહ્મણની ઉપર્યુક્ત આઠ પંચિકાઓમાં અગ્નિષ્ટોમ, સોમયાગ, પ્રાતઃ સવનાદિ યજ્ઞો, રાજસૂય અને ઐન્દ્ર–મહાભિષેક જેવા યાગોનું નિરૂપણ છે; પણ આ યજ્ઞયાગાદિના સિદ્ધાન્તોને રોચક રીતે સમજાવવા અને તેવા યજ્ઞો કરવાની પ્રેરણા આપવા માટે આ બધી (આઠેય) પંચિકાઓમાં અંત ભાગે જુદા જુદા નાનાં–મોટાં આખ્યાનો પણ મૂકવામાં આવ્યાં છે. ઐતરેય બ્રાહ્મણમાં આવેલાં આ વિવિધ આખ્યાનોને શ્રીનાથૂલાલ પાઠકે ચાર પ્રકારોમાં વિભક્ત કરી બતાવ્યાં છે :–

(૧) દેવતા–સંબંધી આખ્યાનો
  (ક) સૃષ્ટિની ઉત્પત્તિ
  (ખ) દેવતા અને યજ્ઞ
  (ગ) દેવાસુરસંગ્રામ
} સંબંધિત આખ્યાનો

(૨) છન્દ સંબંધી આખ્યાન
(૩) ઈતિવૃત્તાત્મક આખ્યાંન
    (ચ) ઋષિઓ સંબંધિત
    (છ) યજ્ઞના પરિપોષક રાજાઓ સંબંધિત.
(૪) પ્રકીર્ણ આખ્યાનો.★

આપણે જે 'શુનઃશેપ'ના આખ્યાનનો અભ્યાસ કરવાના છીએ તે "યજ્ઞના પરિપોષક રાજાઓ સંબંધિત આખ્યાનો"માં ગણતરી પામે તેવું આખ્યાન છે. વળી, ઐતરેય બ્રાહ્મણમાં નાના–મોટાં જે અનેક આખ્યાનો આવેલાં છે, તેમાં (૧) સૌપર્ણ આખ્યાન અને (૨) શુનઃશેપનું આખ્યાન લાંબામાં લાંબાં આખ્યાનો છે.

આ શુનઃશેપનું આખ્યાન ઐતરેય બ્રાહ્મણમાં વાંચવા મળે છે; પણ તે ઉપરાંત શાંખાયન શ્રૌતસૂત્ર, સર્વાનુક્રમણિકા, હરિવંશ, વાયુપુરાણ, બ્રહ્મપુરાણ, ભાગવતપુરાણ અને દેવીભાગવતપુરાણમાં પણ વાંચવા મળે છે; જેમાં ક્યાંક ક્યાંક નાના મોટા પરિવર્તનો પણ કરેલાં જોવા મળે છે. પરંતુ એક વાત નિશ્ચિત છે કે ઐતરેય બ્રાહ્મણમાં જ તે આખ્યાન (કદની દૃષ્ટિએ) લાંબામાં લાંબુ આપેલું છે.

શુનઃશેપાખ્યાનની કથા અને તેની સમીક્ષા :

શુનઃશેપનું આખ્યાન છ ખંડમાં પથરાયેલું છે. **(પ્રથમખંડ)** ઈક્ષ્વાકુ વંશમાં જન્મેલા રાજા હરિશ્ચન્દ્રને એકસો પત્નીઓ હતી; છતાંય તેઓ અપુત્ર હતા. એકવાર તેમના ઘરે પર્વત અને નારદ ઋષિ રહેવા આવ્યા. તેમણે નારદને પૂછ્યું કે જ્ઞાનીઓ અને અજ્ઞાનીઓ બધાય પોતાને પુત્ર હોય એમ ઈચ્છે છે, તો પુત્ર હોવાથી શો ફાયદો એ મને કહો. નારદે આ પ્રશ્નનો ઉત્તર વિસ્તારથી આપ્યો :– "પુત્ર પિતાનું ઋણ અદા કરે છે; અને જીવતા જન્મેલા પુત્રનું મુખ જોવા પામનારો પિતા તો અમૃતત્વને પણ પામે છે. જેટલાં સુખો પૃથિવીથી, અગ્નિથી, પાણીથી કે પ્રાણીઓથી મળી શકે છે, તે બધાય કરતાં ઘણા વધારે સુખો પુત્રથી મળે છે. પુત્રના હોવાથી પિતા અંધકારને પાર કરી જાય છે. ટૂંકમાં કહીએ તો – અન્ન એ જો પ્રાણ છે, વસ્ત્ર એ જો શરીરરક્ષા માટેનું શરણ છે, હિરણ્ય એ જો રૂપ છે, પશુઓ હોય તે જો વિવાહનું કારણ બની શકતા હોય અને પત્ની એ જો ઉત્કૃષ્ટ સખા હોય તો પુત્ર તો (પિતાને માટે) પરમ વ્યોમમાં પણ જ્યોતિ બની શકે છે! અરે!

★ **ऐतरेयब्राह्मण का एक अध्ययन,** ले. श्री नाथूलाल पाठक, Ph.D. शोधप्रबन्ध, राजस्थान विश्वविद्यालय, जयपुर, प्रका० रोशनलाल जैन एण्ड सन्स, जयपुर, १९६६, पृ. १३७.

વધારે તો શું કહેવું ? પુત્ર એ તો પિતાને મળતો નવો અવતાર જ છે. આમ, પુત્ર વિના કોઈ ગતિ નથી.''

(બીજો ખંડ) આટલું કહ્યા પછી નારદે હરિશ્ચન્દ્ર રાજાને સૂચવ્યું કે તમે વરુણદેવને પ્રાર્થના કરો, પુત્ર માંગો. તેથી હરિશ્ચન્દ્રે વરુણ રાજા પાસે જઈને માંગ્યું કે મને પુત્ર થાય એવા આશીર્વાદ આપો, પછી હું તેના વડે તમારું યજન કરીશ. (तेन त्वा यजै ।) વરુણે હરિશ્ચન્દ્રની માંગણી સ્વીકારી. હરિશ્ચન્દ્રને ઘરે પુત્રનો જન્મ થયો, તેનું નામ 'રોહિત' રાખવામાં આવ્યું. હવે વરુણ હરિશ્ચન્દ્રને ઘરે આવીને ઊભો રહે છે કે – લે, તને પુત્ર થયો. હવે તું એના વડે મારું યજન કર. (અર્થાત્ તારા પુત્રનો મને બલિ ચઢાવ.) પિતા હરિશ્ચંન્દ્ર આ માંગણીથી ધ્રુજી ઊઠ્યા. પુત્રવાત્સલ્યથી પ્રેરાઈને, તે વરુણને બહાના બતાવવાના શરૂ કરે છે કે એને દાંત ફૂટવા દો, દૂધિયા દાંત પડવા દો, નવા (કાયમી) દાંત ઉગવા દો – પછી તમારું યજન કરીશ. દર વખતે વરુણ માની જાય છે અને પાછા ફરી જાય છે. નવી બતાવેલી મુદતે તે પુત્રનો ભોગ માંગવા આવીને ઊભા રહે છે. પણ હરિશ્ચન્દ્ર દર વખતે તેને નવા નવા બહાના હેઠળ ટાળી દે છે. છેવટે છઠ્ઠીવારની મુદતમાં નક્કી થયું હતું કે દીકરો ધનુષ્યધારી બને, શસ્ત્રાસ્ત્રથી સજ્જ થાય ત્યારે આવજો, તે વખતે તેનો હું તમને બલિ ચઢાવીશ. વરુણે એ વાત પણ સ્વીકારી. પણ છેવટે એ દિવસ પણ આવી ગયો. દીકરો ધનુષ્ય વગેરેથી સંનદ્ધ થઈ ગયેલો જોઈને વરુણને બારણે ઉઘરાણી કરતા આવીને ઊભા રહેલા જોઈને, હરિશ્ચન્દ્રે ન છૂટકે, વરુણની હાજરીમાં જ દીકરાને બોલાવીને ભૂતકાળમાં પોતે કરેલી પ્રતિજ્ઞા (= પુત્ર થાય એને માટે રાખેલી બાધા)ની વાત કરી. હરિશ્ચન્દ્રે જાહેર કર્યું કે હવે મારે તારાથી આ વરુણનું યજન કરવું જ પડશે.

પણ ત્યારે, દીકરો હવે એ વાત સ્વીકારતો નથી ! પિતાએ કરેલી પ્રતિજ્ઞા પિતા જાણે; પોતે શું કરવા મરવા તૈયાર થાય ? તેણે પિતાની વાતનો અસ્વીકાર કરી, ધનુષ્ય–બાણ લઈને જંગલનો રસ્તો પકડ્યો. તે ગૃહત્યાગ કરીને જતો રહ્યો; એક વર્ષ સુધી અરણ્યમાં અહીં તહીં ફરતો રહ્યો.

(તૃતીય ખંડ) બલિ ન મળવાથી ગુસ્સે ભરાયેલા વરુણદેવે હવે હરિશ્ચન્દ્રને જકડ્યો; એને જળોદરનો રોગ લાગુ પડ્યો. આ વાત અરણ્યમાં રહેલા રોહિતના સાંભળવામાં આવી. આથી તે પિતૃવાત્સલ્યથી ખેંચાઈને, ઘરે પાછો ફરવા ચાલી નીકળ્યો. આ સમયે ઈન્દ્રે એક પુરુષનું રૂપ લીધું અને તેણે રોહિતને રસ્તામાં આંતરીને કહ્યું : "અનેક પ્રકારે પરિશ્રમ કરનારને (જ) લક્ષ્મી મળે છે. બેસી રહેનારો માણસ પાપી છે અને ઈન્દ્ર તો ચાલનારનો જ સખા બને છે. માટે તું હજુ વનમાં ફર્યા જ કર."

રોહિતને ઈન્દ્રની વાતમાં શ્રદ્ધા બેઠી, તે ફરી પાછો અરણ્યમાં જતો રહ્યો. બીજું એક વર્ષ ફરતો રહ્યો. પણ પાછું પિતાના રોગનું સ્મરણ પણ થયું હશે, તેથી ઘરે પાછો ફરવા લાગ્યો. એટલે ઈન્દ્ર ફરીથી વેશપલટો કરીને રસ્તામાં આવી મળ્યો, ઈન્દ્રે કહ્યું : "ફરનારની જાંઘ પુષ્પિણી થાય છે, ફરવાથી (તીર્થાટન કરવાથી) પાપ નષ્ટ થાય છે. માટે હે રોહિત ! તું ફર્યા જ કર." રોહિત ત્રીજા વર્ષ માટે અરણ્યમાં પાછો ફરી ગયો. પુનઃ એકવાર રોહિત પિતૃસ્નેહથી આકર્ષાઈને ઘર તરફ આવવા નીકળે છે ત્યારે પહેલાંની જેમ જ ઈન્દ્ર આવીને નવા શબ્દોમાં પહેલા જેવો જ ઉપદેશ કરે છે કે બેસનારનું નસીબ બેસી રહે છે; ઊભા રહેનારું ભાગ્ય ઊભું રહે છે; પણ સતત ચાલનારનું ભાગ્ય જ ચાલે છે (આગળ ધપે છે). માટે રોહિત ! તું હજુ ફર્યા કર."

રોહિતને ત્રીજીવાર પણ ઈન્દ્રની વાતમાં શ્રદ્ધા પડી ગઈ, તે ચોથું વર્ષ અને પછી પાંચમું વર્ષ પણ ઈન્દ્રના કહેવાથી જ વનમાં ફરતો રહ્યો. ઈન્દ્રે છટ્ઠી વખત તો સૂર્યનું જ ઉદાહરણ આપ્યું : सूर्यस्य पश्य श्रेमाणं यो न तन्द्रयते चरन् । "સૂર્યના પરિશ્રમને જુવો, જે થાક્યા વિના, ઝોકું પણ ખાધા વિના સતત ફરતો રહે છે."

આમ પિતાના રોગના સમાચાર જાણ્યા પછી (પિતાની દયા આવવાથી ઘરે પાછા ફરી જવાની ઈચ્છા થઈ હોવા છતાંય), રોહિત, ઈન્દ્રના કહેવાથી પ્રેરાઈને કુલ છ વર્ષ વનમાં ફરતો રહ્યો. આ પરિભ્રમણ દરમ્યાન રોહિતના મનમાં બે ભાર હશે : (૧) પિતાનું રોગગ્રસ્ત થવું અને (૨) પોતાને માથે ફરતું મોત. આમાંથી કાંઈક રસ્તો શોધી કાઢવા, તે મનોમન મથામણ તો કરતો જ રહ્યો હશે. (જોકે ઐતરેય બ્રાહ્મણના રચયિતાએ આ મનોમંથનને સ્હેજ પણ શબ્દબદ્ધ કરેલ નથી, તે વાચકે પોતાની કલ્પનાથી વિચારી લેવાનું છે.) જેના પરિણામે, એક દિવસ તેને સુયવસનો પુત્ર, નામે અજીગર્ત મળી ગયો. આ અજીગર્ત ભૂખમરાને કારણે સખત પીડાયેલો હતો; તેના કુટુંબમાં તેની પત્ની ઉપરાંત ત્રણ પુત્રો પણ હતા : મોટો શુનઃપુચ્છ, **મધ્યમ** શુનઃશેપ અને નાનો શુનોલાંગૂલ. રોહિતે અજીગર્તની ગરીબાઈનો લાભ ઉઠાવતાં એવો પ્રસ્તાવ મૂક્યો કે – અરે ઋષિ ! તમને સો ગાયોનું જૂથ આપું, તમે એના બદલામાં તમારો એક પુત્ર મને વેચાતો આપો; (મારે તેને મારા બદલામાં યજ્ઞમાં બલિ તરીકે ચઢાવવાનો છે.) અજીગર્તને આ પ્રસ્તાવ માન્ય હતો, પણ તેને પોતાનો જ્યેષ્ઠ પુત્ર બહુ વ્હાલો હતો, તેથી 'એને નહીં આપું' એમ કહ્યું; એ સાંભળી એની પત્ની પણ બોલી ઊઠી – 'મને સૌથી નાનો વધારે વહાલો છે, એટલું હું તેને નહીં આપું !' આથી મધ્યમપુત્ર શુનઃશેપના બદલામાં સોદો મંજૂર થયો. રોહિતે, સો ગાયો પિતા પાસે અપાવવાની શરતે, શુનઃશેપને ખરીદ્યો.

પુત્રે ગોઠવેલી વ્યવસ્થા મુજબ પિતા હરિશ્ચન્દ્ર વરુણને શુનઃશેપથી યજન કરવાની વાત પ્રસ્તાવિત કરે છે. વરુણદેવને પણ લાગે છે કે – 'ક્ષત્રિય (રાજપુત્ર) કરતાં જો બ્રાહ્મણપુત્ર મળતો હોય તો તો બહુ સારું' એમ વિચારીને એ પ્રસ્તાવ માન્ય કર્યો.

(ચતુર્થ ખંડ) રાજસૂય યાગના ભાગ રૂપ એવા એક દિવસની ક્રિયાથી સંપન્ન થનારા સોમયાગમાં; કે જેને 'અભિષેચનીય' કહે છે તેમાં, ચાર દિશામાં ચાર બ્રાહ્મણો–પુરોહિતો ગોઠવાયા. જેમકે, વિશ્વામિત્ર 'હોતા'ના સ્થાને બેઠા, જમદગ્નિ ઋષિ 'અધ્વર્યુ'ના સ્થાને બેઠા, ઋષિ વસિષ્ઠ 'બ્રહ્મા'ના આસને ગોઠવાયા અને અયાસ્ય નામના ઋત્વિજ્ 'ઉદ્ગાતા' બન્યા. તેમણે મન્ત્રોચ્ચારપૂર્વક બર્હિષ (ઘાસ) સાથેની પ્લક્ષ (= ખાખરો)ની ડાળી વડે શુનઃશેપને સ્પર્શ કરીને, યજ્ઞીય પશુ તરીકે તેને 'ઉપાકૃત' કર્યો (= પસંદ કરવાની વિધિ કરી). પણ તે ઉપાકૃત કરેલા શુનઃશેપને, યજ્ઞશાળામાં રહેલા યૂપ (= પશૂબલિને બાંધવાના થાંભલા)ની સાથે બાંધવા (= નિયોજવા) કોઈ તૈયાર ન થયું. [નરબલિની અરેરાટીથી, કોઈ પણ બીજો માણસ એ કામ કરી આપવા આગળ ન આવ્યો.] હવે યજ્ઞવિધિ આગળ કેવી રીતે વધારવી ? એ પ્રશ્ન થયો. એટલે સૌયવસિ અજીગર્ત એ પરિસ્થિતિનો લાભ ઉઠાવવા આગળ આવ્યો ! એણે બીજી સો ગાયો મળે તો પોતે જ શુનઃશેપને બાંધી આપશે એવો પ્રસ્તાવ મૂક્યો. હરિશ્ચન્દ્રે તરત જ એ વાત સ્વીકારી, પિતા અજીગર્તે પોતાના દીકરાને દોરી વડે કમ્મર, માથું અને પગને બાંધીને, યૂપની જોડે 'નિયોજી' આપ્યો. તે પછી આપ્રીસૂક્તની ૧૧ ઋચાઓ વડે પ્રયાજ અને અનુયાજની વિધિઓ થઈ; એટલે તે શુનઃશેપ 'આપ્રીત' થયો. વિધિ આગળ વધી. શુનઃશેપનું પર્યગ્નિકરણ થયું. (એટલે કે દર્ભની મશાલ વડે તે યજ્ઞપશુની ત્રણ વાર પ્રદક્ષિણા કરવામાં આવી.)

હવે શુનઃશેપનો વધ કરવાનો, બલિ ચઢાવવાનો અંતિમ 'વિશસન' વિધિ આવ્યો. પણ આ કર્મ કરનાર પણ કોઈ ન મળ્યો. માણસનો બલિ ચઢાવવા કોઈ બીજો માણસ તૈયાર ન થાય એ સમજી શકાય એવું છે. આથી, લોભી બાપ એકદમ આગળ આવ્યો અને કહેવા લાગ્યો કે ત્રીજીવાર સો ગાયોનું જૂથ આપો તો આ (નર)પશુનો બલિ ચઢાવી આપવા હું તૈયાર છું ! હરિશ્ચન્દ્રે ત્રીજીવાર સો ગાયો અજીગર્તને આપી.

હવે, અજીગર્ત ખુલ્લી તલવાર લઈને શુનઃશેપનો વધ કરવા ઉદ્યત થયો, આગળ વધ્યો. શુનઃશેપે જોયું કે આ લોકો 'હું માણસ જ ન હોઉં' તેમ ખરેખર હમણાં જ મારો વધ કરી નાખશે; (મને બચાવનાર હવે કોઈ નથી); તો લાવ હું દેવતાઓને શરણે જાઉં.

શુનઃશેપે પ્રજાપતિ, કે જેઓ દેવોમાં પ્રથમ ગણાય છે તેમની સ્તુતિ શરૂ કરી (ઋ. ૧–૨૪–૧). પણ પ્રજાપતિએ અગ્નિની સ્તુતિ કરવાની ભલામણ કરી; આથી શુનઃશેપે (૧–૨૪–૨થી) અગ્નિની સ્તુતિ કરી. પણ અગ્નિએ સવિતાની સ્તુતિ કરવા સૂચવ્યું; પછી સવિતાએ વરુણની સ્તુતિ કરવા મોકલ્યો. શુનઃશેપે વરુણની પણ ૩૧ ઋચાઓથી સ્તુતિ કરી. એ વરુણે વળી ફરીથી અગ્નિની સ્તુતિ કરવા સૂચવ્યું. શુનઃશેપે બીજી ૨૨ ઋચાઓથી અગ્નિને પ્રાર્થના કરી. અગ્નિએ વિશ્વેદેવોની પ્રાર્થના કરવા કહ્યું. તેથી नमो महद्भ्यो नमो अर्भकेभ्यः (૧–૨૭–૩૩)થી વિશ્વેદેવોની પણ સ્તુતિ કરી. તેમણે ઈન્દ્રની પ્રાર્થનાનું સૂચન કર્યું. શુનઃશેપે એને માટે બીજી ૧૫ ઋચાઓ પ્રયોજી. ઈન્દ્રે મનથી શુનઃશેપને હિરણ્યરથ આપ્યો. હવે ઈન્દ્રે અશ્વિનૌની સ્તુતિ કરવા સૂચવ્યું. શુનઃશેપે એમની પણ ત્રણ ઋચાઓથી સ્તુતિ કરી. અશ્વિનૌએ છેલ્લે ઉષાઓની સ્તુતિ કરવા કહ્યું. શુનઃશેપે (કંટાળ્યા વિના) ઉષાની પણ ત્રણ ઋચાઓથી સ્તુતિ કરી. હવે આશ્ચર્ય સાથે જેમ જેમ એક એક ઋચા બોલાતી ગઈ તેમ તેમ શુનઃશેપના શરીર ઉપરથી વરુણના પાશ તૂટવા માંડ્યા; અને બીજી તરફ રાજા હરિશ્ચન્દ્રનો જલોદર રોગ શમવા લાગ્યો ! હરિશ્ચન્દ્ર એકદમ પૂરેપૂરો નીરોગી થઈ ગયો.

(પાંચમો ખંડ) આ ચમત્કાર જોઈને વિશ્વામિત્ર વગેરે ઋત્વિજોએ ઋષિ શુનઃશેપને જ આગળની યજ્ઞવિધિ કરાવવા વિનંતી કરી ! આ પ્રસંગે શુનઃશેપે અંજઃસવ (મન્ત્રો)નું ‘દર્શન’ કર્યું. ઋગ્વેદ ૧–૨૮–૫ થી ૮ મંત્રો દ્વારા શુનઃશેપે સોમ નીચોવાવડાયો. તથા ઋગ્વેદ ૪–૧–૪, ૫ અને ૫–૨–૭ મન્ત્રો વડે વિધિ પૂરી કરાવડાવી પછી, તે શુનઃશેપ તરત જ વિશ્વામિત્રના ખોળામાં બેસી ગયો.

અજીગર્તે આ જોયું. તે બોલી ઊઠ્યો : હે ઋષિ ! મને મારો પુત્ર પાછો આપો, વિશ્વામિત્રે સ્પષ્ટ ના કહી દીધી. તેમણે કહ્યું : “આ શુનઃશેપને તો દેવોએ મને આપ્યો છે. હવે, તે આજથી “દેવરાત વૈશ્વામિત્ર”ના નામે ઓળખાશે. અજીગર્તે ફરી એકવાર શુનઃશેપને પોતાના મૂળ ગોત્ર આંગિરસમાં પાછા ફરવા વિનંતી કરી. પણ શુનઃશેપ કહે છે કે મારો ભ્રમ ભાંગી ગયો છે “મેં તમને તલવાર લઈને, મારો વધ કરવા તૈયાર થયેલા જોયા છે. આવો ઘાતકી પિતા શૂદ્રોમાં પણ મળવો મુશ્કેલ છે. તમે મારા બદલામાં ત્રણસો ગાયો પણ પડાવી છે.”

અજીગર્ત કહે છે કે – “મને મારું પાપ સંતાપ આપી રહ્યું છે; હવે હું એ પાપને ત્યજવા માંગું છું; તું એ ત્રણસો ગાયો લઈ લે.” પણ શુનઃશેપ ફરીથી સ્પષ્ટ કહે છે કે જેણે એકવાર પણ પાપ કર્યું છે, તે ફરીવાર પણ પાપ કરી શકવાનો. તમે હવે શૂદ્રત્વ (હલકાપણા)માંથી બહાર નીકળી શકવાના નથી. તમે “અસંધેય”

કર્મ કર્યું છે. અર્થાત્ તમારી સાથે ફરી સગાઈ બાંધી શકાય એવું રહ્યું નથી; તમે હંમેશ માટે હવે 'અસંધેય' બની ગયા છો. આમ કહીને, શુનઃશેપે પોતાના જન્મદાતા પિતા સાથેનો સંબંધ તોડી નાખ્યો.

વિશ્વામિત્ર કહે છે કે – તેં બરોબર જ તારા પિતાને 'અસંધેય' જાહેર કર્યા છે; તું મારા પુત્ર તરીકે જ વિખ્યાતિ પામ. પણ શુનઃશેપ હોંશિયાર છે. તેણે વિશ્વામિત્રને કહ્યું કે તમારે તો એકસો એક પુત્ર છે; તેઓ મને તમારા પુત્ર તરીકે સ્વીકારે છે કે નહીં ? તે પહેલાં નક્કી કરો. વિશ્વામિત્રે પોતાના પુત્રોને શુનઃશેપનું જ્યેષ્ઠત્વ સ્વીકારવા આજ્ઞા કરી.

(છઠ્ઠો ખંડ) મધુચ્છન્દા નામના પુત્રથી જે ૫૦ મોટા છોકરાઓ હતા, તેમણે પોતાના પિતા વિશ્વામિત્રની વાત સ્વીકારી નહીં. આથી વિશ્વામિત્રે તેમને પોતાના અપુત્રો જાહેર કર્યા, તેમને અંત (છેવાડાના) ભાગોમાં ભટક્યા કરવાનો શાપ આપ્યો. મધુચ્છન્દા અને બીજા ૫૦ અનુજ પુત્રોએ વિશ્વામિત્રની વાત માની અને શુનઃશેપને પોતાના મોટા ભાઈ તરીકે સ્વીકારી લીધો. વિશ્વામિત્રે તેમને આશીર્વાદ આપ્યા અને કહ્યું : આ શુનઃશેપ તમને સત્ય ભણાવશે; એ મારા દિવ્ય વારસાનો વારસદાર બનશે. આ શુનઃશેપનું નામ હવે પછી "દેવરાત" (= દેવો જેની સમ્પત્તિ છે, તે) જાહેર થશે. આને જહ્નુઓનું આધિપત્ય મળશે તથા ગાથિનોનું દેવવિષયક જ્ઞાન પણ આપોઆપ આવી મળશે.

* * *

છેલ્લે રાજાના રાજ્યાભિષેક સમયે આ શુનઃશેપનું આખ્યાન સંભળાવવાની સલાહ અપાઈ છે; તેવી જ રીતે, જેને પુત્રની કામના હોય તેમણે પણ આ આખ્યાન કહેવડાવવું જોઈએ, સાંભળવું જોઈએ એવી ભલામણ કરવામાં આવી છે.

આમ 'ઈતરા' નામની સ્ત્રીના પુત્ર "ઐતરેય" મહિદાસે રચેલું શુનઃશેપ આખ્યાન પૂર્ણ થાય છે.

શુનઃશેપ આખ્યાનની સમીક્ષા :

શુનઃશેપનું આ આખ્યાન વાંચ્યા પછી અધ્યેતાઓને ત્રણ–ચાર મુદ્દાઓ ખાસ ધ્યાનાસ્પદ લાગ્યા છે. જેમકે,

(૧) પ્રાચીન ભારતના સામાજિક જીવનનું ચિત્ર,

(૨) પ્રાચીન ભારતમાં નરમેધ યજ્ઞો થતા હશે,

(૩) સ્વર્ગીય દેવતાઓની શ્રદ્ધાપૂર્વક કરેલી પ્રાર્થનાઓનું ફળ અ–ચૂક મળે જ છે.

(૪) ભાસને 'મધ્યમ–વ્યાયોગ' રૂપકની પ્રેરણા અહીંથી મળી છે.

(૧) મેક્સમ્યૂલરે (Ancient Sanskrit Literature માં) કહ્યું છે કે આ આખ્યાનમાં ભારતીય જીવનમાં રાજા, પુરોહિતો અને વનવાસી લોકોનું ચિત્ર જોવા મળે છે. આ યુગ કર્મકાંડપ્રધાન યુગ હતો; અને તેમાં વરુણ એક સર્વોચ્ચ દેવતા ગણાતા હશે. તે ઋત અને સત્ય (વચનપાલન) વગેરેના આગ્રહી દેવતા હશે. વચનભંગ કરનારને તે પાશથી બાંધતા હશે કે જલોદર જેવો રોગ લાગુ પાડતા હશે. અર્થાત્ મનુષ્યોને થતા રોગ કોઈક દેવતાના કોપનું પરિણામ ગણવામાં આવતું હશે. વળી, ધનથી કે પશુઓના બદલામાં દત્તક પુત્રો ખરીદી શકાતા હશે એવો સમાજ આ આખ્યાનમાં પ્રતિબિંબિત થયેલો જણાય છે.

(૨) વળી, યજ્ઞપ્રધાન એવી વૈદિક સંસ્કૃતિમાં પુરોહિતો ભેગા થઈને નરમેધ યજ્ઞો પણ કરાવતા હશે. અશ્વમેધ યજ્ઞમાં તો અશ્વનો બલિ ચઢાવવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે જ, પણ નરબલિ ચઢાવવાની વાતને પણ આ શુનઃશેપના આખ્યાનથી ઘણું સમર્થન મળે છે.

પાછળના સમયમાં રચાયેલા મહાભારતમાં પણ જરાસંધે એકસોને છ રાજાને કેદ પકડ્યા હતા અને બીજા બે રાજાને કેદ પકડીને, તે કુલ ૧૦૮ રાજાઓનો પુરુષમેધ યજ્ઞ કરવા ઈચ્છતો હતો – તેવો ઉલ્લેખ પણ વાંચવા મળે છે. આ પુરુષમેધને થતો અટકાવવા જ શ્રીકૃષ્ણે ભીમ અને અર્જુનને લઈ જઈને, જરાસંધ જોડેથી સામે ચાલીને યુદ્ધની માંગણી કરી હતી; અને પછી તેનો વધ કરાવીને કેદ થયેલા રાજાઓને છોડાવ્યા હતા.

વૈદિક આર્યસંસ્કૃતિ એ મૂળભૂત રીતે યજ્ઞીય સંસ્કૃતિ જ છે એમાં શંકા નથી પણ તે યજ્ઞોમાં જવ, તલ, પુરોડાશ, ઘી, આજ્ય જેવા આહુતિ દ્રવ્યોથી જ **'હોમ'** થતો હતો; પછી કાલક્રમે આર્યો બીજી સ્થાનિક પ્રજાઓના સંપર્કમાં આવ્યા. જેના પરિણામે તેમણે મૂર્તિપૂજા અને બલિ ચઢાવવાની પ્રથા પણ વૈદિક ક્રિયાકાંડમાં ભેળવી અને ક્રમશઃ તેનું વર્ચસ્વ વધી જતાં ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીરે તેનો સખત વિરોધ કર્યો – એ ઐતિહાસિક હકીકત છે.

યજ્ઞમાં નિર્દોષ પશુઓનો બલિ ચઢાવવાનો ભગવાન બુદ્ધે પ્રબળ વિરોધ કર્યા પછી જ, બ્રાહ્મણ સંસ્કૃતિના ગ્રન્થોમાં પણ અમુક અમુક અંશો ઉમેરીને, તે નરબલિ કે પશુયાગનાં ચિત્રોને બદલવાનાં પ્રગટ કે અપ્રગટ પ્રયત્નો પણ થયાં છે. જેમકે, મહાભારતકારે કૃષ્ણના મુખમાં નીચેનો શ્લોક મૂક્યો :

मनुष्याणां समालम्भो न च दृष्टः कदाचन ।
स कथं मानुषैर्देवं यष्टुमिच्छसि शंकरम् ॥ (મહા. ૨–૨૦–૧૦)

એ જ રીતે, પ્રસ્તુત ઐતરેય બ્રાહ્મણ (૨–૮)માં નીચે મુજબનો યજ્ઞપશુ સંક્રમણનો સંદર્ભ આપવામાં આવ્યો છે :–

"દેવોએ બલિ તરીકે પુરુષને માર્યો, ત્યારે મૃતભાગમાંથી યજ્ઞીય અંશ નીકળીને અશ્વમાં પ્રવેશી ગયો. ત્યારથી માંડીને અશ્વને યજ્ઞનો પશુ ગણવામાં આવ્યો. પછી દેવોએ અશ્વને માર્યો; પણ તેમાંથીય યજ્ઞીય પશુ નીકળીને બળદમાં પેસી ગયો; એટલે દેવોએ યજ્ઞમાં બળદને મારવાનો ચાલુ કર્યો. પણ તેમાંથીય યજ્ઞીય (યજ્ઞમાં હોમવા પાત્ર) અંશ નીકળીને ઘેટામાં પ્રવેશ્યો; અને કાલક્રમે ઘેટામાંથી નીકળી બકરામાં પ્રવેશ્યો. આ બકરામાં યજ્ઞીય અંશ લાંબા સમય સુધી રહેવા પામ્યો વગેરે."

આ ઐતરેય બ્રાહ્મણના નિરૂપણને જોઈને Indian Wisdom (p. 31)માં મોનિયર વિલીયમ્સ લખે છે કે –

This is curious as indicating that human sacrifice, if it prevailed to any extent, was superseded by the sacrifice of animals, here enumerated in the regular order of their fitness for sacrifice.......Goats are still offered to Kāli. But Buddhism tended to abolish animal sacrifice in India.

(૩) કેટલાક એમ કહે છે કે આ શુનઃશેપ આખ્યાનમાં વાતની શરૂઆત જરૂર એવી રીતે થઈ છે કે શુનઃશેપને બલિ ચઢાવવા ખરીદવામાં આવ્યો છે; પણ પછી આખું આખ્યાન પૂરું થયા પછી જુઓ તો, અંતે કાંઈ નરબલિ અપાતો હોય એવું કહેવામાં આવ્યું નથી. અંતે તો એમ જ કહેવાયું છે કે જુદા જુદા દેવોની સ્તુતિ કરવાથી વરુણે તો છેવટે શુનઃશેપની પાશમુક્તિ કરી દીધી અને જોડે જોડે હરિશ્ચન્દ્રનો જળોદર રોગ પણ મટાડી દીધો. તો આ અંતમાંથી તો એવો ઉપદેશ નીકળે છે કે માણસોએ દેવોમાં શ્રદ્ધા રાખવી જોઈએ, દેવોને કરેલી પ્રાર્થના ક્યારેય નિષ્ફળ જતી નથી વગેરે.

શુનઃશેપના આ આખ્યાનમાંથી ઉપર્યુક્ત ત્રણેક મુદ્દાઓ વિદ્વાનોને ધ્યાનાસ્પદ લાગ્યા છે; અને તે દરેકે એ ત્રણ મુદ્દાઓની આસપાસ જ પોતાની ચર્ચાને ગૂંથ્યા કરી છે. પરંતુ કોઈપણ કથા કે આખ્યાનાદિનો અભ્યાસ કરવામાં આવે ત્યારે અધ્યેતાએ અર્થઘટનના એક કેન્દ્રવર્તી સિદ્ધાન્ત તરીકે જે તે કથાના ઉપક્રમ અને ઉપસંહારને સતત સ્મરણ–પટમાં રાખવાના હોય છે. ઉપક્રમોપસંહાર ન્યાયે જો કથયિતવ્યને ન તપાસવામાં આવે તો વાર્તાકારના અભીષ્ટ આશય સુધી પહોંચી શકાતું નથી.

આ આખ્યાનના આરંભે (ઉપક્રમ પ્રસંગે) હરિશ્ચન્દ્રે નારદને પૂછ્યું છે કે જ્ઞાનીઓ અને અજ્ઞાનીઓ બન્ને પુત્રની ઈચ્છા રાખે છે. તો પુત્રની કામના કેમ કરવી જોઈએ તે મને કહો. આ જિજ્ઞાસાના ઉત્તરમાં કહેવાયું છે કે પુત્ર એ તો પરમ વ્યોમમાં પણ જ્યોતિ છે. બીજી તરફ, આખ્યાનના અંતે (ઉપસંહારમાં) કહેવાયું છે કે કોઈપણ રાજાના રાજ્યાભિષેક પ્રસંગે આ આખ્યાન કહેવું જોઈએ; અને પુત્રની કામના રાખનારાઓએ પણ આ આખ્યાન કહેવડાવવું જોઈએ.

આ 'ઉપક્રમ' અને 'ઉપસંહાર'ને ધ્યાનમાં રાખીને વિચારીએ તો આ આખ્યાનમાં ત્રણ પિતાઓ અને ત્રણ (પ્રકારના) પુત્રોની કથા રજૂ થઈ છે. જેમકે, ઈક્ષ્વાકુ વંશના રાજા હરિશ્ચન્દ્ર સો સો પત્નીઓ હોવા છતાં, અપુત્ર હતા. આ સો વિવાહોની પાછળ ગુપ્ત રીતે પુત્રૈષણા જ કામ કરતી હશે એવું વિચારી શકાય. પુત્રૈષણા હોવી તે પણ સમજી શકાય એવો મુદ્દો છે. કેમકે માણસને જો આ પૃથિવી ઉપર ટકી રહેવું હોય તો (સદેહે અમર થઈ જવાનો બીજો કોઈ ઉપાય હાથ લાગ્યો નથી ત્યાં સુધી), માણસ પુત્રના અને પુત્રીના માધ્યમથી જ – દેહાન્તરે – પૃથિવી ઉપર પોતાનું 'સાતત્ય' ટકાવી શકે એમ છે. (આથી જ પુત્ર અને પુત્રીને 'સંતતિ' કહેવાય છે.) વળી, નારદે પુત્રના હોવાના જે લાભો ગણાવ્યા તે સાંભળીને હરિશ્ચન્દ્ર વરુણની પાસે કોઈપણ ભોગે (તે પુત્રનો જ કાલક્રમે બલિ ચઢાવી દેવો પડે તો, તે રીતેય) પુત્ર માંગે છે અને મેળવે છે. આ પિતાને પુત્રૈષણા પહેલે તબક્કે અંધશ્રદ્ધાગ્રસ્ત બનાવે છે; દેવોને બલિ ચઢાવવાની 'બાધા' રાખીને તે પુત્ર મેળવે (?) છે; પછી બીજે તબક્કે, તે પિતા મોહાંધ બને છે; અને વરુણને બલિ ચઢાવવા બાબતે મુદતો પાડતો જાય છે; જુદા જુદા બહાના હેઠળ બલિ ચઢાવવાનું ટાળતો જાય છે.

બીજો પિતા તે સુયવસનો પુત્ર અજીગર્ત છે. એ બિચારો ભૂખથી પીડિત છે. એની સાથમાં, એને આશરે પડેલાં એના પત્ની અને ત્રણ પુત્રો છે. તે ભૂખના અસાધારણ અને અપરિહાર્ય સંકટમાંય એકેય પુત્ર વેચે, એના કરતાં કુટુંબના વડીલ તરીકે પોતાને જ પહેલા વેચે તે જ ન્યાયિક ગણાય. પણ 'સૌને પોતાનો જીવ જ સૌથી પહેલો વહાલો હોય છે' એ ક્રૂર સત્યને ધ્યાનમાં લઈને વિચારીએ તો **કદાચ** ત્રણમાંના એક પુત્રને વેચવાની વાત આપણે સાંખી લઈએ; તથા માત–પિતાની યુગજૂની એ નબળી માનસિકતા પણ કબુલ રાખી એ કે પિતાને જ્યેષ્ઠ પુત્ર જ વહાલો હોય અને માતાને કનિષ્ઠ પુત્ર જ વહાલો હોય, તો બિચારો મધ્યમ (તપસ્વી મધ્યમઃ —ભાસ) આવા નાજુક પ્રસંગે ભોગ બની જાય. આમ, ક્ષુધાર્ત પિતા સો

ગાયોના બદલામાં એક પુત્ર વેચે તેને કદાચ.....હા કદાચ જ.....અનિચ્છાએ ન્યાયિક ઠેરવી શકીએ. પણ એ જ પિતા પોતાના પુત્રને યજ્ઞપશુ રૂપે બાંધવા ગામમાંથી બીજું કોઈ જ તૈયાર ન હોય, ત્યારે બીજી સો ગાયો સામેથી માંગીને બાંધી આપવા ઊઠે, તેમાં લોભીવૃત્તિ સિવાય બીજું કશુંય નથી એમ કહેવું પડે. આખ્યાનકારે લોભની પરાકાષ્ઠા પણ બતાવી છે. પુત્ર શુનઃશેપને યજ્ઞપશુ રૂપે યૂપે બાંધી આપ્યા પછીય અજીગર્તે ત્રીજી સો ગાયો પણ માંગીને લીધી અને પોતાના જ દીકરાનો વધ કરવા ખુલ્લી તલવારે નીકળ્યો – તે ચિત્ર એક પિતાની વરવી ક્રૂરતાને ઉદ્‌ઘાટિત કરે છે. દર્શનશાસ્ત્રોમાં જે ષડ્‌રિપુઓ ગણાવ્યા છે :– કામ, ક્રોધ, મદ, મોહ, લોભ અને મત્સર – તેમાંથી, વળી ઉત્તર ઉત્તરનું બલવત્તરપણું માનવામાં આવ્યું છે (એટલે કે પહેલા ચાર કામાદિ કરતાં પાંચમો લોભ વધારે બળવાન ગણાશે.) એ વાત યાદ કરીને વિચારીએ તો આ બીજા પ્રકારના પિતાએ લોભગ્રસ્ત થઈને પિતૃમર્યાદાનો માત્ર ભંગ જ નથી કર્યો, તે મર્યાદાને ફગાવીને પાપમાર્ગે ક્યાંય આગળ નીકળી ગયો છે.

ત્રીજા પિતા તરીકે ઋષિ વિશ્વામિત્ર છે; જેમને એકસોને એક પુત્રો છે. એમના હોતૃપણા હેઠળ શુનઃશેપનો બલિ ચઢાવવાનો યજ્ઞ આરંભાયો હતો. તેમણે એ ઘટનાની ક્ષણે ક્ષણ પોતાની સમ્મુખ દયનીય દશામાં બંધાયેલો શુનઃશેપ યજ્ઞપશુ તરીકે જોયેલો છે; તેની મનોયાતના અને નિઃસહાયતા પણ તેમણે સતત જોયે રાખી છે. વિકટ પરિસ્થિતિમાં દેવોની ઉપાસનાનો માર્ગ પકડનારો – પોતે જ પોતાનો ઉદ્ધારક બની, મરણમાંથી છુટવા પ્રયત્નશીલ બનેલો હિંમતવાન 'શુનઃશેપ' તેમણે ચૂપચાપ બરાબર પરીક્ષ્યો છે. પ્રજાપતિ, અગ્નિ, સવિતા, વરુણ, વિશ્વેદેવો, અશ્વિનૌ, ઈન્દ્ર અને ઉષા—એ સૌ દેવતાઓના સમૂહને તે શુનઃશેપ પોતાના મન્ત્રબળથી પ્રત્યક્ષ કરે છે, એમની સાથે વાત કરે છે; આવો વિદ્યાવાન્ બ્રાહ્મણ કયા ઋષિને ન ગમી જાય ? વિશ્વામિત્રે આવા શુનઃશેપને જ પોતાનો સાચો વારસદાર બનવા હકદાર જોયો; અને પુત્ર તરીકે મનથી સ્વીકારી લીધો, વિશ્વામિત્ર પિતા તરીકે એક ગુણજ્ઞાતા વ્યક્તિ હતા. તેમણે પોતાના પહેલા ૫૦ દીકરાઓને શુનઃશેપનું જ્યેષ્ઠત્વ સ્વીકારવા કહ્યું. પણ એમના દીકરાઓને પિતાની તે આજ્ઞા માન્ય ન હતી; તેથી વિશ્વામિત્રે એમને 'અપુત્ર' જાહેર કરી દીધા – તેમને પોતાના સાચા વારસદાર તરીકે ન સ્વીકાર્યા અને મધુચ્છન્દા જે એકાવનમો પુત્ર હતો, તેને અને તેના બીજા ૫૦ અનુજ પુત્રોને કહ્યું કે તમારા જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ ભ્રાતા તરીકે આ શુનઃશેપને સ્વીકારો. તેમણે પિતા વિશ્વામિત્રની એ વાત માની. વિશ્વામિત્રે

શુનઃશેપને "देवरात" (= દેવો જ જેની રાતિ = સમ્પત્તિ, છે તે પુત્રને 'દેવરાત') નામે ઉદ્‌ઘોષિત કર્યો.*

પુત્રૈષણા રાખનારા મનુષ્યોએ પહેલાં આવા વિશ્વામિત્ર જેવા ગુણજ્ઞાતા પિતા બનવાની જરૂર છે. વિશ્વામિત્રે પોતાના ૧૦૧ પુત્રો કરતાંય વધારે શ્રેષ્ઠ પુત્ર તરીકે આ મન્ત્રદ્રષ્ટા શુનઃશેપને પોતાના પુત્ર તરીકે સ્વીકાર્યો – પસંદ કર્યો તે બહુ સૂચક છે. આવો પુત્ર મળ્યો હોય તો જ તે પેલા નારદે કહેલો "પરમ વ્યોમમાં પણ જ્યોતિ" સ્વરૂપ બનનારો પુત્ર બની શકે !

આ આખ્યાનમાં જેમ હરિશ્ચન્દ્ર, અજીગર્ત અને વિશ્વામિત્ર—એવા ત્રણ પિતાઓની તુલના આવશ્યક છે; તેવી જ રીતે ત્રણ પ્રકારના પુત્રોની પણ તુલના કરવા જેવી છે. જેમકે, પહેલો હરિશ્ચન્દ્રનો પુત્ર રોહિત પિતાના પ્રસ્તાવનો વિરોધ કરી; પ્રાણને વ્હાલા કરીને ઘર છોડી જવાનું પસંદ કરે છે. પછી પિતાને જળોદર રોગ થયો છે સાંભળી, પિતૃવાત્સલ્યથી પાછો ફરવા નિર્ણય કરે છે. પણ રસ્તામાં, (વેશપલટો કરીને મળેલા) ઈન્દ્રથી દોરવાઈ જઈને ફરી પાછો પાંચ વાર વનમાં જતો રહે છે. "ફર્યા જ કર, ફર્યા જ કર; ચાલનારાનું જ ભાગ્ય ચાલે છે; બેસનારનું ભાગ્ય બેસી રહે છે" – એવા ઈન્દ્રના ઉપદેશનું ફળ એ આવતું દેખાય છે કે તે રાજપુત્ર હોઈ લક્ષ્મીના જોરે, બલ્કે, બાપકમાઈના જોરે પોતાના બદલામાં કોઈ ગરીબનો દીકરો ખરીદી લાવવાનો રસ્તો કાઢે છે ! આ સ્વાર્થી, અનિર્ણાયક મનોબળવાળો અને બાપકમાઈનો આશરો લેનારા પહેલા પ્રકારનો પુત્ર છે.

બીજા પ્રકારના પુત્રો તે વિશ્વામિત્રના પોતાના પુત્રો છે. જેમાંના પહેલા ૫૦ પુત્રો વિશ્વામિત્ર જેવા "ऋषि" પિતાની આજ્ઞાની પણ અવહેલના કરવાનું પસંદ કરે છે; અને શાપ વહોરી લે છે. પરિણામે તેઓ સમાજમાં દસ્યુઓ જેવા હલકા થઈને ફરે છે. એકાવનમો મધુચ્છન્દા અને તેના અનુજ બીજા ૫૦ દીકરા પિતૃ-આજ્ઞાકારી નીવડ્યા છે, જે પિતાની દષ્ટિમાં વિશ્વાસ રાખીને શુનઃશેપને પોતાના જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ ભ્રાતા તરીકે સ્વીકારે છે.

ત્રીજા પ્રકારનો સ્પૃહણીય પુત્ર તે શુનઃશેપ છે. આખા આખ્યાનને વાંચ્યા પછી લાગે છે કે તે ભૂખમરાથી જરૂર પીડાતો રહ્યો હશે; પણ વિદ્યાવ્યાસંગી જરૂર હશે. કારણ કે વરુણના પાશમાંથી મુક્ત થવાના જે મન્ત્રો ઋગ્વેદના ૪થા અને ૫મા મંડળમાં આવેલા છે. તેને તે સારી રીતે જાણતો હતો; વળી ૧લા મંડળમાં

---

* પુરાણોમાં પણ આવા 'દેવરાત' કહેવાનું મન થાય તેવા – પ્રહ્લાદ અને ધ્રુવનાં ચરિત્રો અત્રે સ્મરણીય છે.

સંગ્રહાયેલા ઘણા મન્ત્રોનો તે સ્વયં રચયિતા (અથવા મન્ત્રદ્રષ્ટા) છે ! આથી જ તે ઋષિ વિશ્વામિત્રની આંખમાં વસી જાય છે; અને પોતાના ૧૦૧ પુત્ર હતા છતાંય વિશ્વામિત્ર તેને પોતાના પહેલા, જ્યેષ્ઠપુત્ર તરીકે પસંદ કરી લે છે.

વિશ્વામિત્રે આખી યજ્ઞપ્રક્રિયામાં જોયું કે શુનઃશેપ સાચે જ 'દેવરાત' છે; અગ્નિ, વરુણ, ઇન્દ્ર, વિશ્વેદેવો, અશ્વિનૌ અને ઉષા વગેરે દેવો જ એની સમ્પત્તિ (= રાતિ) હતા; અને જેના જોરે એણે પોતાની જાતને છોડાવી છે. (હરિશ્ચન્દ્રનો દીકરો રોહિત બાપકમાઈને પોતાની સમ્પત્તિ ગણી, કોઈકના ભોગે પોતાને છોડાવા નીકળ્યો હતો.)

બીજું, શુનઃશેપ એ કેવળ વિદ્યાવ્યાસંગી હોવાને નાતે અમુક મન્ત્રો જાણે છે અને નવા મન્ત્રો રચી પણ શકે છે – એટલું જ કહેવું તે પર્યાપ્ત નથી. તેણે પોતાના પિતા અજીગર્તના પાપને પણ મોંઢા–મોંઢ કહી સંભળાવ્યું છે; તે નર્યું સત્ય જોઈ શક્યો છે અને બોલી પણ શક્યો છે. આ તેની મહાનતા છે. આવું સત્ય બોલી શકવાની શક્તિ ધરાવનારાના જ પાશને વરુણ મુક્ત કરી આપો; (બીજાના નહીં). વરુણ તો સત્યના, નીતિમત્તાના દેવ છે; ઋતના પાલક છે. એથી તે સત્યનીતિના દ્રષ્ટા શુનઃશેપના પાશને છોડી જ કાઢે એ તરત જ સમજાય એવી વાત છે.

આવો સત્ય બોલી શકનારો પુત્ર જ પરમ વ્યોમમાં પણ જ્યોતિ બની શકે; અને આવા પુત્રની જ સ્પૃહા રાખવી જોઈએ.

આ આખ્યાનનું ઉપર મુજબનું નવું વિવેચન કર્યા પછી, હવે આખા આખ્યાનનો 'ઉપસંહાર' પણ બરાબર સમજાઈ જશે, કે કોઈપણ રાજાના અભિષેક પ્રસંગે આ આખ્યાન કહેવાની કેમ ભલામણ કરી છે. કેવળ જન્મથી કોઈના વારસદાર થવાતું નથી, કે કોઈનું આધિપત્ય સાંપડતું નથી. બીજું, પુત્રની ઈચ્છા રાખનારાઓએ પણ આ આખ્યાન કહેવડાવવું જોઈએ એવી પણ અંતે ભલામણ કરી છે; તે આ ઉપર દર્શાવેલા ત્રણ પ્રકારના પુત્રોને પણ બરાબર ઓળખી લેવા માટેની સૂચનારૂપ છે એમ જાણવું.

આમ આ આખ્યાનના ઉપક્રમ અને ઉપસંહાર ભાગને સ્મરણપટમાં રાખીને જો વિચારણા કરીએ, તો "વેદકાળમાં નરબલિ થતો હતો કે નહીં ?" એવી બધી ચર્ચાઓમાં દુનિયાભરના જે વિદ્વાનો આજદિન સુધી અટવાતા રહ્યા છે તે નર્યું વિષયાન્તર જ લાગશે. તથા એક તુચ્છ ચર્ચામાં સમય વીતાવ્યાનો અફસોસ થશે.

ઐતરેય બ્રાહ્મણની ઇતિકર્તવ્યતા :

વેદના બધા મન્ત્રોને યજ્ઞપરક સાબિત કરવા બ્રાહ્મણ ગ્રન્થોનું પ્રણયન કરવામાં આવ્યું છે એવી એક સામાન્ય સમજ વિદ્વત્સભામાં ફેલાયેલી છે. આ દૃષ્ટિએ

જોઈએ ઐતરેય મહિદાસે આ 'શુનઃશેપ આખ્યાન'ની રચના કરીને બે કામ કર્યાં છે :–

(૧) ઋગ્વેદમાં જ્યાં જ્યાં શુનઃશેપના નામે રચાયેલા મન્ત્રો મળી આવે છે તેનો પૂર્વાપર સંદર્ભ સ્પષ્ટ કરવા મહિદાસે આ શુનઃશેપના આખ્યાનનો (ઈતિહાસનો) માહોલ શબ્દબદ્ધ કરીને આપણા સુધી પહોંચાડ્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો શુનઃશેપે જે મન્ત્રોનું 'દર્શન' કર્યું છે તે મન્ત્રોની પાછળના ઈતિહાસને મહિદાસે અહીં આપણા માટે સુરક્ષિત કરી આપ્યો છે.

(૨) અન્ય મંડલો (વામદેવ અને અત્રિના)માં જ્યાં અગ્નિ જેવા દેવોની સ્તુતિ કરતા મન્ત્રોમાં વરુણને ઉદ્દેશીને કરાયેલી પ્રાર્થનાઓ કે જે શુનઃશેપ જાણતો હશે, તેનો પૂર્વોક્ત આખ્યાનમાં મહિદાસે મેળ બેસાડી આપ્યો છે. આમ ઋગ્વેદમાં શુનઃશેપના જોયેલા અને ક્યાંક વરુણના નામોલ્લેખવાળા અમુક મન્ત્રોની સંગતિ બેસાડવાનું શ્રેય પણ મહિદાસને ફાળે જાય છે.

★ ★ ★

॥ ऋग्वेदः ॥

[१] मण्डलम्–१, सूक्तम्–९७, (१–८ मन्त्राः)

(अग्निःसूक्तम्)

अग्निर्देवता । ऋषिः कुत्सः । गायत्री छन्दः ।

ભૂમિકા : આચાર્ય સાયણે આ સૂક્તની ભૂમિકામાં જણાવ્યું છે કે 'કુત્સ' નામના ઋષિએ જોયેલું અને ગાયત્રી–છન્દમાં રચાયેલું આ આઠ ઋચાઓ (= મન્ત્રો)વાળું સૂક્ત અગ્નિ–દેવતાની સ્તુતિ કરવા પ્રયોજાય છે. 'શુચિ–ગુણવાળા અગ્નિ' **અથવા** 'શુદ્ધ અગ્નિ–દેવતા'ની આમાં સ્તુતિ છે. 'શુચિ' અર્થાત્ અહીં "શોકને દૂર કરનાર" અગ્નિ–દેવતાની સ્તુતિ છે એમ સમજવાનું છે. આના સમર્થનમાં સાયણાચાર્યે એક આખ્યાનને નોંધ્યું છે. જેમકે, 'દીર્ઘજિહ્વી' નામની (લાંબી જીભવાળી) એક રાક્ષસી બધા યજ્ઞોમાં બાધા પહોંચાડતી હતી. ઈન્દ્રે તે રાક્ષસીને મારી નાખવા પ્રયાસ કરી જોયો તો પણ તેને હણી શક્યો નહીં. આથી હારી–થાકીને, તે કુત્સ નામના પુરોહિત–ઋષિ–ની પાસે જાય છે અને વિનંતી કરે છે કે તમે સૌના મિત્ર છો, તેથી તમારે જ આ રાક્ષસીને હણવી પડશે (અને સૌના યજ્ઞોને નિર્વિઘ્ને પૂરા થવાની અનુકૂળતા કરી આપવી પડશે). કુત્સે પણ ઈન્દ્રની વાત માની અને તે લાંબી જીભવાળી રાક્ષસીને હણી.

ત્યાં એક (અગોચર) વાણી બોલી કે – હે કુત્સ ઋષિ ! તમે આ રાક્ષસીને મારી નાખી તે અનુચિત છે; કેમ કે તમે તો સૌના મિત્ર બનેલા છો; માટે આ તમારું કર્મ ક્રૂરકર્મ જણાય છે. આ સાંભળીને ઋષિ શોકાવિષ્ટ થયા. છેવટે તેમણે આ સૂક્તના મન્ત્રોથી પોતાના શોકને દૂર કર્યો.

આ આખ્યાન 'તાણ્ડક' (૧૩–૬–૯)માં વાંચવા મળે છે. આને આધારે સાયણે લખ્યું છે કે કોઈપણ વ્યક્તિએ પોતાનો શુક્ = શોક દૂર કરવા માટે આ સૂક્તનો પાઠ કરવો જોઈએ. સૂત્રકાર ભારદ્વાજે પણ લખ્યું છે કે (કોઈ મરણ પછી) દશમે દિવસે શાંતિકર્મ કરતી વખતે (શોક દૂર કરવા) આ સૂક્તનો પાઠ કરવો જોઈએ; યજુર્વેદમાં પણ આ સૂક્તનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સાયણે આ પ્રથમ મણ્ડળના ૯૫મા સૂક્તની ભૂમિકામાં લખ્યું છે કે ૯૫ થી ૯૯ સૂક્તોમાં કેવળ શુદ્ધ અગ્નિ–દેવતાની સ્તુતિ છે; અથવા પ્રાતઃકાળે ઉષાના આગમન સાથે જે હવિર્ભાક્ અગ્નિદેવતા (= સૂર્ય) હોય છે તેની સ્તુતિ રજૂ થઈ છે એમ જાણવું.

આમાંથી એક ચર્ચાસ્પદ મુદો ઊભો થાય છે કે આમાં કયા અગ્નિની સ્તુતિ છે ? 'અગ્નિ' શબ્દ સામાન્ય રીતે પાર્થિવ અગ્નિ (= યજ્ઞવેદીમાં પ્રજ્વલિત થયેલા

અને ઘીથી સિંચાતા અગ્નિ)નો વાચક હોય છે; પણ ક્યારેક તે 'સૂર્ય'નો પણ વાચક બને છે. જેમ કે આ સૂક્તમાં પણ 'અગ્નિ' શબ્દથી સૂર્યની જ સ્તુતિ થયેલી છે. સૂર્ય એ કાલચક્ર છે, એટલે આપણા અનુભવ મુજબ જેમ દિવસો જાય છે તેમ તેમ આપણું ગમે તેવું દારુણ દુઃખ પણ વીસારે પડતું જ હોય છે. તેથી શોક દૂર કરવા બીજા કોઈને નહીં, પણ સૂર્યને જ વિનંતી કરવી તે ઉચિત છે.

* * *

વેદકાળના માણસોએ બ્રહ્માણ્ડની જે કલ્પના કરી છે તેમાં ત્રણ ભાગ આવેલા છે. બ્રહ્માણ્ડમાં સૌથી નીચે પૃથિવીલોક છે, અને સૌથી ઉપર સ્વર્ગલોક (= દ્યુલોક) આવેલ છે; તથા એ બેની વચ્ચે અન્તરિક્ષલોક છે. આ ત્રણેય લોકમાં એક જ અગ્નિતત્ત્વ–અગ્નિદેવતા–જુદા જુદા સ્વરૂપે રહેલો છે. જેમકે, પૃથિવીલોકમાં (તમારા–મારા ઘરમાં રહેલો) જે અગ્નિ છે તે **પાર્થિવાગ્નિ,** અન્તરિક્ષલોકમાં **વૈદ્યુતાગ્નિ** (વિજળી રૂપી અગ્નિ) અને છેક ઉપર દ્યુલોકમાં સૂર્યરૂપ **સૌર–અગ્નિ** રહેલો છે. દેખાવમાં આ ત્રણેય અગ્નિ જુદા હોવા છતાંય તેમાં એક સમાન જ = એક જ અગ્નિતત્ત્વ રહેલું છે.

આ વાતનું સમર્થન કરતી "બૃહદ્ દેવતા"ની ચર્ચા જોઈશું :– (ઋગ્વેદમાં જે વિવિધ દેવતાઓની સ્તુતિઓ આવેલી છે, તેની પાછળની તાત્ત્વિક ભૂમિકા સમજવા શૌનક નામના ઋષિએ રચેલો 'બૃહદ્ દેવતા' નામનો ગ્રન્થ બહુ જ ઉપયોગી છે. તેમાંથી કેટલાક શ્લોકો જોઈશું :–)

भवद् भूतस्य भव्यस्य जङ्गमस्थावरस्य च ।
अस्यैके सूर्यम् एवैकं प्रभवं प्रलयं विदुः ॥ (बृ. १–६१)

કોઈક લોકો આ જે કાંઈ સ્થાવર અને જંગમ વસ્તુઓ કે વ્યક્તિઓ છે, હતાં અને હશે તે બધાના જન્મનું (પ્રભવનું) અને પ્રલયનું સ્થાન એક 'સૂર્ય' જ છે એમ કહે છે.

असतश्च सतश्चैव योनिरेषा प्रजापतिः ।
यदक्षरं च वाच्यं च यथैतद् ब्रह्म शाश्वतम् ॥ (१–६२)

(આ બ્રહ્માણ્ડમાં) જે કાંઈ છે (સત્) અને જે કાંઈ નથી (અસત્) [પણ જે ભવિષ્યમાં થવાનું છે] તે બધાનો ઉત્પત્તિસ્રોત તો આ (સૂર્ય રૂપ) પ્રજાપતિ જ છે; જેને અક્ષર (અવિનાશી) રૂપે કહેવામાં આવે છે અને જે શાશ્વત્ બ્રહ્મ છે.

कृत्वैष हि त्रिधात्मानम् एषु लोकेषु तिष्ठति ।
देवान् यथायथं सर्वान् निवेश्य स्वेषु रश्मिषु ॥ (१–६३)

આ (સૂર્ય) પોતાને ત્રણ ભાગમાં વહેંચીને (બ્રહ્માણ્ડના) ત્રણ લોકમાં પ્રતિષ્ઠિત રહે છે. વળી, બધા દેવોને પણ પોતાનાં કિરણોમાં પ્રવેશ કરાવીને રાખે છે.

एतद् भूतेषु लोकेषु अग्निभूतं स्थितं त्रिधा ।
ऋषयो गीर्भिरर्चन्ति व्यञ्जितं नामभिस्त्रिभिः ॥ (१–६४)

જે અગ્નિના રૂપમાં બધા ભૂતોમાં અને બધા લોકમાં ત્રિધાત્મક રૂપથી રહેલો છે. ઋષિઓ ત્રણ નામો વડે વ્યક્ત થનારાના રૂપમાં (આ સૂર્યની) વાણીથી (= સ્તોત્રથી) અર્ચના કરે છે.

तिष्ठत्येष हि भूतानां जठरे जठरे ज्वलन् ।
त्रिस्थानं चैनमर्चन्ति होत्रायां वृक्तबर्हिषः ॥ (१–६५)

બધાં પ્રાણીઓના પ્રત્યેક જઠરમાં સતત પ્રજ્વલિત રૂપે આ (સૂર્ય રૂપ અગ્નિ) રહેલો છે. યજ્ઞીય કુશાસન ઉપર બેઠેલા પુરોહિતો આ "ત્રણ સ્થાનવાળા" (સૂર્ય)ની અર્ચના કરે છે.

इहैष पवमानोऽग्निर्, मध्यमोऽग्निर्वनस्पतिः ।
अमुष्मिन्नेव विप्रस्तु, लोकेऽग्निः शुचिरुच्यते ॥ (१–६६)

અહીં (પૃથિવીલોકમાં) આને "પવમાન અગ્નિ" કહેવાય છે; મધ્યમ (= અન્તરિક્ષલોક)માં આને "વનસ્પતિ અગ્નિ" કહેવાય છે અને પેલા (દ્દિવ્ય–દ્યુ)લોકમાં તેને "શુચિ અગ્નિ" કહેવાય છે.

નોંધ : આમ, એક જ અગ્નિતત્ત્વ બ્રહ્માણ્ડની અંદર આવેલા જુદા જુદા લોકમાં જુદા જુદા નામે ઓળખાય છે તેવું શૌનક કહી રહ્યા છે. પૃથિવીલોકના અગ્નિને 'પવમાન' કહે છે. કેમકે તેને સોમરસની આહુતિ અપાય છે. અન્તરિક્ષલોકમાં વૈદ્યુતાગ્નિ રહેલો છે. અન્તરિક્ષમાંથી વર્ષાઋતુમાં જે વિજળી પડે છે તે પૃથિવીલોકના વૃક્ષોના લાકડામાં સમાઈ જાય છે (એવું 'નિરુક્ત' કહે છે.) આથી અન્તરિક્ષલોકના અગ્નિતત્ત્વને 'વનસ્પતિ' (= વનનાં વૃક્ષોનો પતિ) એવું નામ અપાયું છે; તથા પેલા ઉપરના સ્વર્ગલોક = દ્યુલોકમાં રહેલા સૂર્ય રૂપ અગ્નિ "શુચિ" એવું નામ અપાયું છે. આ સૂર્ય દીપ્તિ, પ્રકાશ આપવા ઉપરાંત; પાપને, અંધકારને અને મનુષ્યોના ચિત્તમાં રહેલા શોકને દૂર કરી દે છે. માટે આ સૂક્તમાં (૧–૯૭માં) જે અગ્નિદેવતાની સ્તુતિ છે તે 'શુચિ અગ્નિ'ની સ્તુતિ છે એમ સાયણે કહ્યું છે.

* * *

ઋષિ કુત્સ : પ્રોફે. મૅકડોનલે 'વૈદિક ઈન્ડેક્સ'માં જણાવ્યું છે કે ઋગ્વેદમાં અનેક જગ્યાએ કુત્સનો એક યોદ્ધા તરીકે ઉલ્લેખ મળે છે. જો કે કાંઈ વધારે વિગતો મળતી નથી, કેમ કે ઋગ્વેદના આ મન્ત્રોની રચનાના સમયથી જ તે દૂરના અતીતનું

પાત્ર બની ગયેલ હોય તેમ જણાય છે. અનેકવાર તેને 'આર્જુનેય' (અર્જુનનો વંશજ) કહેલ છે. વળી, ઈન્દ્રે 'શુષ્ણ' નામના રાક્ષસને માર્યો ત્યારે, તથા ઈન્દ્ર સૂર્યને જીતવા નીકળે છે એવા વર્ણનો છે ત્યાં આ કુત્સને ઈન્દ્રના સાથીદાર તરીકે ઉલ્લેખવામાં આવેલ છે.

પરંતુ 'વૈદિક માયથોલોજી' નામના જર્મન ગ્રન્થમાં ડૉ. હિલેબ્રાન્ટ જણાવે છે કે વૈદિક સાહિત્યના જુદા જુદા સંદર્ભો પરથી એવું લાગે છે કે કુત્સ નામના બે વ્યક્તિઓ થયા છે. એક કુત્સ જે ઈન્દ્રના મિત્ર હશે અને બીજા કુત્સ તે ઈન્દ્રના શત્રુ હશે. આપણા પ્રસ્તુત સૂક્તના દ્રષ્ટા જે કુત્સ ઋષિ છે તે પહેલા યોદ્ધા તો હશે જ. કેમકે તેમણે દીર્ઘજિહ્વી રાક્ષસીને મારી નાખી છે તથા તે ઈન્દ્રના મિત્ર જ હશે કેમકે ઈન્દ્ર જે રાક્ષસીને ન મારી શક્યા, તેને આ કુત્સે મારી છે.

'अप नः' इति अष्टर्चं चतुर्थं सूक्तं कुत्सस्यार्षं गायत्रम् । शुचिगुणकोऽग्निः शुद्धोऽग्निर्वा देवता । तथा चानुक्रान्तम्—'अप नोऽष्टौ शुचये गायत्रम्' इति । विनियोगो लैङ्गिकः । अत्रेदमाख्यानम् । दीर्घजिह्वी नाम राक्षसी सर्वान् यज्ञान् बबाधे । तां हन्तुमिन्द्रोऽशक्तः सन् सर्वस्य मित्रभूतं कुत्समब्रवीदेषा त्वया हन्तव्येति । स चावधीत् । तं वागभ्यवदत् अनुचितमिदं त्वया चरितं यत्त्वं सर्वेषां मित्रभूतः सन् क्रूरमकार्षीरिति । तमृषिं शोकः प्राप्नोत् । स ऋषिरनेन सूक्तेनाग्निं स्तुत्वा शोकमपागमयत् । तथा च ताण्डकम्—'दीर्घजिह्वी वा इदं रक्षो यज्ञहा यज्ञानवलिहत्यचरत् तामिन्द्रः कया चन मायया हन्तुं नाशंसत् अथ ह सुमित्रः कुत्सः कल्याण आस तमब्रवीत्' (ता. १३.६.९) इत्यादि । तस्मादेतत्सूक्तं शुगपनयनाय विनियोज्यम् । अत एव हि सूत्रकारेण भारद्वाजेन दशमेऽहनि कर्तव्ये शान्तिकर्मणि यजुर्वेदे पठितमेतत्सूक्तं विनियुज्यते—'नव च स्रुवाहुतीरप नः शोशुचदघम्' इति ॥

अप॑ नः॒ शोशु॑चद॒घमग्ने॑ शुशु॒ग्ध्या र॒यिम् ।
अप॑ नः॒ शोशु॑चद॒घम् ॥ १ ॥

अप॑ । नः॒ । शोशु॑चत् । अ॒घम् । अग्ने॑ । शु॒शु॒ग्धि । आ । र॒यिम् ।
अप॑ । नः॒ । शोशु॑चत् । अ॒घम् ॥ १ ॥

हे Vअग्ने Vनः अस्माकम् Vअघं पापम् Vअप Vशोशुचत् अस्मत्तो निर्गत्यास्मदीयं शत्रुं शोचयतु । यद्वा । अस्मदीयं पापं शोशुचत् शोकग्रस्तं सद्विनश्यतु । अपि चास्माकं Vरयिं धनम् Vआ समन्तात् Vशुशुग्धि प्रकाशय । उक्तार्थमपि वाक्यमादरातिशयद्योतनाय पुनः पठ्यते । अवश्यमस्माकमघं विनश्यत्विति ॥

शोशुचत् । 'शुच शोके' । अस्मात् यङ्लुगन्तात् लेटि अडागमः । 'अदादिवच्च' इति वचनात् शपो लुक् । 'अभ्यस्तानामादिः' इत्याद्युदात्तत्वम् । अघं शोशुचच्च रयिं शुशुग्धि चेति चार्थप्रतीतेः 'चादिलोपे विभाषा' इति निघातप्रतिषेधः । शुशुग्धि । 'शुच दीप्तौ' । लोटि 'बहुलं छन्दसि' इति शपः श्लुः । 'हुझल्भ्यो हेर्धिः' । 'चोः कुः' इति कुत्वम् ॥

અનુવાદ : હે અગ્નિ ! અમારા પાપને (તમારા પ્રકાશથી) દૂર કરી દો; અમારી ધનસમ્પત્તિને પણ ચારે તરફથી ચમકાવો. (હે અગ્નિ !) અમારા પાપને (અન્ધકારને) દૂર કરી દો. (૧–૯૭–૧)

વિમર્શ : આ સૂક્તમાં શોકને દૂર કરનારા અગ્નિ (= સૂર્ય) દેવતાની સ્તુતિ છે. અહીં अप नः शोशुचद् अघम् । એવી ઉત્તરાર્ધમાં આવેલી પંક્તિ બધા જ મન્ત્રોમાં ધ્રુવપંક્તિ રૂપે જોવા મળે છે. અહીં પહેલા મન્ત્રમાં તો તે પહેલા પાદ રૂપે પણ જોવા મળે છે. આ મન્ત્ર ગાયત્રી છન્દમાં છે, જેમાં આઠ—આઠ અક્ષરના ત્રણ પાદ છે. તેમાં આ મુજબ વાક્યો આવેલાં છે :– (૧) हे अग्ने ! (त्वं) नः (= अस्माकं) अघम् अप शोशुचद् । (२) हे अग्ने ! (त्वं) (नः) रयिम् (= धनम्) आ शुशुग्धि । (३) (त्वं) नः अघम् अप शोशुचद् ॥

√शुच् शोके ધાતુનું લેટ્ લકારમાં પૌનઃપુન્યાર્થક રૂપ 'शोशुचत्' રૂપ બન્યું છે. સાયણે આ ક્રિયાપદનો અર્થ "(અમારા પાપને) શોકગ્રસ્ત બનાવીને તેનો નાશ થાવ." એવો કર્યો છે. પણ शुशुग्धि રૂપમાં √शुच् दीप्तौ (ચમકવું) એવું આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનનું રૂપ છે.

अघम् શબ્દનો ઓલ્ડનબર્ગે evil (દૂરિત) એવો અર્થ કર્યો છે, પણ Lanman (સાયણ મુજબ) **Sin** (પાપ) એવો અર્થ કરે છે. જોકે, ઓલ્ડનબર્ગ ઉમેરે છે કે अघम् એ સ્પષ્ટપણે 'પાપ' એવો જ અર્થ નથી આપતો.

सु॒क्षे॒त्रि॒या सु॑गातु॒या व॑सू॒या च॑ यजामहे ।
अप॑ न॒ः शोशु॑चद॒घम् ॥ २ ॥

सु॒ऽक्षे॒त्रि॒या । सु॒गा॒तु॒ऽया । व॒सु॒ऽया । च॒ । य॒जा॒म॒हे । अप॑ । न॒ः । शोशु॑चत् । अ॒घम् ॥ २ ॥

ᵛसुक्षेत्रिया शोभनक्षेत्रेच्छया ᵛसुगातुया शोभनमार्गेच्छया ᵛवसूया ᵛच धनेच्छया निमित्तभूतया च ᵛयजामहे अग्निं हविर्भिः पूजयामः । यद्वा सुक्षेत्रिया देवयजनलक्षणशोभनदेशसंबन्धिना हविषा अग्निं यजामहे । ᵛनः अस्माकम्

ᵛअघम् ᵛअप ᵛशोशुचत् विनश्यतु ॥ सुक्षेत्रिया । शोभनं क्षेत्रं सुक्षेत्रम् । तद्विषयेच्छा सुक्षेत्रिया । 'सुप आत्मनः क्यच्' । 'न च्छन्दस्यपुत्रस्य' इति ईत्वदीर्घयोर्निषेधः । व्यत्ययेन इत्वम् । क्यजन्तात् 'अ प्रत्ययात्' इति भावे अकारप्रत्ययः । ततः टाप् । 'सुपां सुलुक्०' इति तृतीयाया लुक् । एवमुत्तरत्रापि । यद्वा । शोभनं क्षेत्रमस्यास्तीति सुक्षेत्रम् । 'इयाडियाजीकाराणामुपसंख्यानम्' (पा. सू. ७.१.३९.१) इति तृतीयाया डियाजादेशः ॥

અનુવાદ : (હે અગ્નિ !) [અનાજથી ભરેલા] ખેતરોના હેતુથી, સારા માર્ગો મળી રહે તે હેતુથી અને ધનના હેતુથી (અમે) યજન કરી રહ્યા છીએ. (હે અગ્નિ !) તમો અમારા પાપને (તમારા પ્રકાશથી) દૂર કરી દો. (૧–૯૭–૨)

વિમર્શ : सुक्षेत्रिया, सुगातुया અને वसूया—એ ત્રણેય તૃતીયાન્ત પદોમાં 'હેતુ' અર્થમાં તૃતીયા વિભક્તિ વપરાઈ છે. દા.ત. अन्नेन मन्दिरे वसति । 'અન્નના હેતુથી (= રોજ ખાવાનું મળી રહે તે હેતુથી કોઈ વ્યક્તિ) મંદિરમાં નિવાસ કરે છે.' અમે (કુત્સ વગેરે ઋષિઓ) શા શા હેતુથી પ્રેરાઈને તમારું (અગ્નિનું) યજન કરીએ છીએ તેનું આ મન્ત્રમાં વર્ણન છે.

प्र यद्भन्दि॑ष्ठ ए॒षां प्रास्माका॑सश्च सू॒रयः॑ ।
अप॑ न॒ः शोशु॑चद॒घम् ॥ ३ ॥

प्र । यत् । भन्दि॑ष्ठः । ए॒षा॒म् । प्र । अ॒स्माका॑सः । च॒ । सू॒रयः॑ ।
अप॑ । न॒ः । शोशु॑चत् । अ॒घम् ॥ ३ ॥

ᵛयत् यथा ᵛएषां स्तोतृणां मध्येऽयं कुत्सः ᵛप्र ᵛभन्दिष्ठः प्रकर्षेण स्तोतृतमः एवम् ᵛअस्माकासः आस्माकीनाः ᵛसूरयः स्तोतारः ᵛच प्रकर्षेण स्तोतृतमा भवन्ति । अन्यत् समानम् ॥ भन्दिष्ठः । भन्दतिः स्तुतिकर्मा । 'भदि कल्याणे सुखे च' इति तु धातुः । अस्मात् तृजन्तात् 'तुश्छन्दसि' इति इष्ठन् । 'तुरिष्ठेमेयःसु' इति तृलोपः । अस्माकासः । अस्माकं संबन्धिनः आस्माकाः । 'तस्मिन्नणि च युष्माकास्माकौ' (पा. सू. ४.३.२) इति अस्माकादेशः । छान्दसोऽणप्रत्ययस्य लोपः । संज्ञापूर्वकस्य विधेरनित्यत्वात् वृद्ध्यभावः । 'आज्जसेरसुक्' । स्थानिवदादेशेऽपि मकारात् परस्य आकारस्य उदात्तत्वम् । यद्वा । षष्ठीबहुवचनेऽस्माकंशब्दस्य मध्योदात्तस्य दृष्टत्वात् स एव आचार्येण अतिदिश्यते ॥

અનુવાદ : આ (સ્તોતાઓ)ની વચ્ચે આ (કુત્સ) આગળ પડતા સ્તુતિ કરનારા છે; અને અમારા સૂરિઓ (= સ્તુતિ કરનારાઓ) [પણ આગળ પડતા છે.] તેથી (હે અગ્નિ !) અમારા પાપને (તમારા પ્રકાશથી) દૂર કરી દો. (૧–૯૭–૩)

વિમર્શ : મન્ત્ર ૩, ૪, પનો આરંભ "प्र यत्"થી થાય છે; અને તેમાં મુખ્ય વિધેયાંશ (ક્રિયાપદનો અંશ) જ ખૂટે છે. પરંતુ ઓલ્ડનબર્ગ કહે છે તેમ ધ્રુવપંક્તિમાં જે મુખ્ય માંગણી રજૂ થયેલી છે, તેની સાથે આ મન્ત્રના પૂર્વાર્ધને જોડી શકાય એમ છે. એટલે કે – "સ્તુતિ કરનારાઓમાં આ કુત્સ જ્યારે આગળ પડતો છે, અને અમારા સ્તુતિ કરનારા (સૂરિઓ) આગળ પડતા (भन्दिष्ठ) છે, ત્યારે હે અગ્નિ ! તમે અમારા પાપને/દૂરિતને દૂર ધકેલી દો." એવો વાક્યાન્વય થશે.

સાયણે भन्दिष्ठ નો અર્થ "આગળ પડતા સ્તુતિ કરનાર" કર્યો છે. સૂરિ નો અર્થ પણ 'સ્તુતિ કરનાર' થાય છે. પહેલા બે પાદનો અન્વય આમ થશે : (૧) एषां (मध्ये) (यद् (= कुत्सः) प्र भन्दिष्ठः (अस्ति); (२) अस्माकासः च (ये) सूरयः (सन्ति) [तस्मात् = તેથી] (हे अग्ने !) नः अघम् अपशोशुचद् ।

प्र यत्ते॑ अग्ने सू॒र॒यो जाये॑महि॒ प्र ते व॒यम् ।
अप॑ नः शोशु॑चद॒घम् ॥ ४ ॥

प्र । यत् । ते॒ । अ॒ग्ने॒ । सू॒रयः॑ । जाये॑महि । प्र । ते॒ । व॒यम् ।
अप॑ । न॒ः । शोशु॑चत् । अ॒घम् ।

हे ^{V}अग्ने ^{V}यत् यस्मात् ^{V}ते तव ^{V}सूरयः स्तोतारः प्रजायन्ते पुत्रपौत्रादिरूपेण बहुविधा भवन्ति ततः ^{V}वयं च ^{V}ते तव स्तोतारः सन्तः प्र जायेमहि पुत्रपौत्रादिभिरूपेता भवेम । जायेमहि । प्रार्थनायां लिङ् । श्यनि 'ज्ञाजनोर्जा' इति जादेशः । अदुपदेशात् लसार्वधातुकानुदात्तत्वे श्यनो नित्त्वादाद्युदात्तत्वम् ॥

અનુવાદ : હે અગ્નિ ! જો તમારા (અન્ય) સ્તુતિ કરનારાઓ [પુત્ર–પૌત્રાદિ રૂપે જન્મે છે] તો અમે (પણ) [પુત્ર–પૌત્રાદિથી યુક્ત થઈને] જન્મીએ. તમે અમારા પાપને દૂર કરી દો. (૧–૯૭–૪)

વિમર્શ : સાયણે यत् ને यस्मात् અર્થમાં લઈને, ततः = तस्मात् નો અધ્યાહાર લીધો છે; તથા પ્રથમ પાદમાં प्र ઉપસર્ગના સાંનિધ્યમાં जायन्ते નો પણ અધ્યાહાર લીધો છે. આમ, વાક્યનો અન્વય આ રીતે થશે : हे अग्ने ! यत् (જો = જેથી) (तव) सूरयः प्र (जायन्ते) तस्मात् (તેથી–તો) वयम् (अपि) जायेमहि । "તો અમે પણ જન્મીએ." કેવી રીતે ? એવો પ્રશ્ન થાય તો, સાયણ કહે છે કે માણસ પોતાની સંતતિના માધ્યમથી જ ફરીથી જન્મી શકે છે. એટલે કે પુત્રપૌત્રાદિ રૂપે, प्र जायेमहि–અમે જન્મીએ. (વિધ્યર્થ ઉત્તમ પુરુષ બહુવચનનું રૂપ છે.) ધ્રુવપંક્તિનો અર્થ તો પૂર્વવત્ સમજી લેવાનો છે.

प्र यद॒ग्नेः सह॑स्वतो वि॒श्वतो॒ यन्ति॑ भा॒नव॑ः ।

अप॑ न॒ः शोशु॑चद॒घम् ॥ ५ ॥

प्र । यत् । अ॒ग्नेः । सह॑स्वतः । वि॒श्वत॑ः । यन्ति॑ । भा॒नव॑ः । अप॑ । न॒ः । शोशु॑चत् । अ॒घम् ॥ ५ ॥

Vसहस्वतः सहनवतः शत्रूनभिभवतः Vअग्नेः Vभानवः दीप्तयः Vविश्वतः सर्वतः सर्वस्मादपि प्रदेशात् Vप्र Vयन्ति प्रकर्षेणोद्गच्छन्ति । Vयत् यस्मादेवं तस्मात्तेनाग्नितेजसा अस्मदीयम् Vअघं नश्यतु । यन्ति । 'इणो यण्' (पा. सू. ६.४.८१) इति यणादेशः ॥

અનુવાદ : બળવાળા (અથવા શત્રુઓને હરાવતા) અગ્નિનાં કિરણો જ્યારે ચારે તરફ ફેલાઈ રહ્યા છે ત્યારે અમારા પાપને તમે (અગ્નિ) દૂર કરી દો. (૧–૯૭–૫)

વિમર્શ : મન્ત્રનો અન્વય આમ થશે : सहस्वतः अग्नेः भानवः विश्वतः प्र यन्ति । (तदा त्वं) नः अघम् अप शोशुचद् ॥ અહીં सहस्वतः એટલે બળવાળા, અથવા શત્રુઓને હરાવતા (આ અગ્નિનું વિશેષણ છે), ભાનુ = કિરણ, તેનું પ્રથમા બહુવચન. विश्वतः = सर्वतः, ચારે તરફ, प्र यन्ति – પ્રકૃષ્ટપણે ઊંચે જાય છે, અથવા ફેલાય છે.

त्वं हि वि॑श्वतोमुख वि॒श्वत॑ः परि॒भूर॑सि ।

अप॑ न॒ः शोशु॑चद॒घम् ॥ ६ ॥

त्वम् । हि । वि॒श्व॒त॒ःऽमु॒ख । वि॒श्वत॑ः । प॒रि॒ऽभूः । असि॑ । अप॑ । न॒ः । शोशु॑चत् । अ॒घम् ॥ ६ ॥

हे अग्ने Vत्वं Vहि त्वं खलु विश्वतोमुखः सर्वतोज्वालः । तव मुखस्थानीयानां ज्वालानां न कुत्रापि प्रतिहतिरस्ति । अतो हे Vविश्वतोमुख अग्ने Vविश्वतः सर्वतः सर्वस्मादप्युपद्रवजातात् Vपरिभूरसि अस्माकं परिग्रहीता भव । रक्षको भवेत्यर्थः । अन्यत् समानम् ॥

અનુવાદ : ચારે તરફ જેનું (જ્વાળાઓ રૂપી) મુખ ફેલાયેલું છે તેવા (હે અગ્નિ) ! તમે ચારેય તરફથી રક્ષણ કરનારા બન્યા છો. (માટે હે અગ્નિ !) તમે અમારા પાપને દૂર કરી દો. (૧–૯૭–૬)

વિમર્શ : विश्वतोमुख – એ અગ્નિનું વિશેષણ છે અને સંબોધન રૂપે તે શબ્દ વપરાયો છે. परिभूः असि–તમે રક્ષણ કરનારા છો. परिभूः–સૌના સ્વામી, સર્વ સમર્થ, રક્ષક, સૌને હરાવનાર–એવા બધા તેના અર્થો થાય છે.

द्विषो॑ नो विश्वतोमु॒खाति॑ ना॒वेव॑ पारय ।
अप॑ न॒ः शोशु॑चद॒घम् ॥ ७ ॥

द्विषः॑ । न॒ः । वि॒श्व॒त॒ःऽमु॒ख॒ । अति॑ । ना॒वाऽइ॑व । पा॒र॒य॒ । अप॑ ।
न॒ः । शोशु॑चत् । अ॒घम् ॥ ७ ॥

हे ^{V}विश्वतोमुख सर्वतोमुखाग्ने ^{V}नावेव नावा नदीमिव ^{V}द्विषः शत्रून् ^{V}नः अस्मान् ^{V}अति ^{V}पारय अतिक्रमय्य शत्रुरहितं प्रदेशं प्रापय ॥ नावेव । 'सावेकाचः०' इति विभक्तेरुदात्तत्वम् । पारय । 'पार तीर कर्मसमाप्तौ' ॥

અનુવાદ : હે વિશ્વતોમુખ (અગ્નિ) ! નૌકા વડે જેમ (નદીને પાર પહોંચી શકાય તેમ) અમને અમારા શત્રુઓને પાર પહોંચાડી દે. (તમે) અમારા પાપને દૂર કરી દો. (૧–૯૭–૭)

વિમર્શ : વિશ્વતોમુખ = જેનું મુખ ચારે તરફ ફેલાયેલું છે. અગ્નિ માટેનું આ વિશેષણ છઠ્ઠા મન્ત્રમાં પણ વપરાયું છે. ત્યાં, સાયણે એનો અર્થ આ રીતે કર્યો છે : 'વિશ્વતોમુખ' સર્વ તરફ જ્વાળાવાળા. અગ્નિની જ્વાળાઓને જ રૂપકાત્મક રીતે 'મુખ' કહેવામાં આવેલ છે. પરંતુ સાયણની આ સમજૂતી પુનર્વિચારણીય છે. જેમકે, આ સૂક્તમાં જો 'અગ્નિ' શબ્દથી 'સૂર્ય' એવો અર્થ લેવાનો હોય તો, સૂર્યને પણ 'વિશ્વતોમુખ' કહી જ શકાય. બલ્કે સૂર્યને માટે જ આ વિશેષણ વધુ યથાર્થ રીતે લાગુ પાડી શકાય એમ છે. સૂર્યને ભૂગોળના કોઈપણ ભાગમાંથી જોઈ શકાય છે, તે એકી સમયે ત્રણેય ભુવનને પ્રકાશે છે. આથી "વિશ્વતોમુખ અગ્નિ" એટલે 'સૂર્ય' એવો અર્થ લઈએ તે વધુ ઉચિત–તર્કસંગત ગણાશે.

આ મન્ત્રમાં, અગ્નિને (સૂર્યને) નૌકાની ઉપમા આપી છે. નૌકાથી જેમ નદીને પેલે પાર સરળતાથી પહોંચી શકાય છે તેમ સૂર્યની મદદથી પણ દ્વેષિલા શત્રુઓની પણ પેલે પાર પહોંચી શકાય છે. વેદમન્ત્રોમાં વપરાયેલી આવી ઉપમાઓ તે વેદકાળના વિકસેલાં નૌકા જેવાં સાધનોનો પરિચય આપે છે અને દ્વેષ કરનારા શત્રુઓથી ભરેલા સમાજનો પણ પરિચય આપે છે.

स न॒ः सिन्धु॑मिव ना॒वयाति॑ पर्षा स्व॒स्तये॑ ।
अप॑ न॒ः शोशु॑चद॒घम् ॥ ८ ॥

सः । न॒ः । सिन्धु॑म्ऽइव । ना॒वया॑ । अति॑ । प॒र्ष॒ । स्व॒स्तये॑ । अप॑ ।
न॒ः । शोशु॑चत् । अ॒घम् ॥ ८ ॥

पूर्वोक्त एवार्थः पुनरपि दार्ढ्याय प्रार्थ्यते । हे अग्ने Vसः त्वं Vनः अस्मान् Vनावया नावा Vसिन्धुमिव नदीमिव Vस्वस्तये क्षेमार्थम् Vअति Vपर्ष शत्रून् अतिक्रमय्य पालय । शत्रुरहितं प्रदेशम् अस्मान् प्रापयेत्यर्थः । त्वत्प्रसादात् Vनः अस्माकम् Vअघं पापं च Vअप Vशोशुचत् अस्मत्तोऽपक्रम्यास्मच्छत्रुः शोकयुक्तो भवतु ॥ नावया । 'आङ्याजयारां चोपसंख्यानम्' (पा.म. ७.१.३९.१) इति तृतीयाया अयारादेशः । 'उपोत्तमं रिति' (पा.सू. ६.१.२१७) इति अकारस्य उदात्तत्वम् । पर्ष । पृ पालनपूरणयोः । लोटि 'बहुलं छन्दसि' इति शपः श्लोरभावः । सिब्बहुलं लेटि इति बहुलवचनात् सिप् । गुणः । द्व्यचोऽतस्तिङः इति दीर्घत्वम् ॥

અનુવાદ : (હે અગ્નિ !) તે (તમે) નદીને જેમ નૌકા વડે (તરી શકાય) તેમ અમારા શત્રુઓને ઓળંગાવડાવીને અમને કલ્યાણને માટે [સાચવો (પાલન કરો]). (તમે) અમારાં પાપને દૂર કરી દો. (૧–૯૭–૮).

વિમર્શ : સાયણે (त्वं) अप नः शोशुचद् अघम् । એવી ધ્રુવપંક્તિનો "(તમે અગ્નિદેવ) અમારા અઘ (પાપ/દુરિત)ને દૂર કરી દો (= તેનો નાશ કરો)" – એવો અર્થ કરવા ઉપરાંત એમ પણ ઉમેર્યું છે કે – અમારા (કુત્સના) શોકને દૂર કરીને, અમારા શત્રુને શોકયુક્ત બનાવો.

આ આખા સૂક્તમાં अप नः शोशुचद् अघम् એવી ધ્રુવપંક્તિમાં જે પ્રાર્થના વારંવાર પુનરુક્ત કરવામાં આવી છે; તથા ૭મા અને ૮મા મન્ત્રમાં નૌકાથી જેમ નદીને પાર કરી શકાય, તેમ અમને શોકને પાર ઉતારો એવી જે માંગણી કરવામાં આવી છે – તેને જોઈને જ સાયણે જે આખ્યાનકથાને આ સૂક્તની ભૂમિકા રૂપે ઉદ્ધૃત કરી છે તેનો કદાચ જન્મ થયો હશે.

વળી, "દુઃખનું ઓસડ દા'ડા" એવી કહેવત દ્વારા જે કહેવાયું છે કે જેમ જેમ દિવસો વીતે તેમ તેમ માણસને પ્રિય વ્યક્તિનો શોક પણ વિસારે પડતો હોય છે, તે અનુભવમૂલક વાતને ધ્યાનમાં લેતાં આ સૂક્ત 'અગ્નિ' શબ્દથી વાચ્ય એવા સૂર્યને જ સંબોધાયું હોય તેની શક્યતાને વધારી દે છે. સૂર્ય એટલે કાલચક્ર. જેમ જેમ સમય જાય તેમ જો શોક દૂર થતો જતો હોય તો આ સૂક્તમાં પણ તે જ પ્રાર્થના કરવામાં આવી છે એમ જોઈને, કહી શકાય કે અહીં જે અગ્નિદેવ –ની પ્રાર્થના કરવામાં આવી છે, તે સૂર્યદેવતા જ છે.

* * *

[२] मण्डलम्–१, सूक्तम्–१५४, (१–६ मन्त्राः)

(विष्णुसूक्तम्)

विष्णुर् देवता । ऋषिः दीर्घतमाः । छन्दः त्रिष्टुप् ॥

ભૂમિકા : ગ્રીક માઈથોલોજીની જેમ વૈદિક માઈથોલોજીમાં પણ અનેક દેવી–દેવતાઓનું કલ્પન જોવા મળે છે. પરંતુ વૈદિક માઈથોલોજીમાં જે અનેકદેવતાવાદ જોવા મળે છે, તે અનેક દેવતાઓ કોણ છે ? એનો વિચાર કરીએ તો જણાય છે કે આ દેવો કોઈકને કોઈક પ્રાકૃતિક તત્ત્વ/પદાર્થ કે ઘટનામાં દેવત્વનું આરોપણ કરીને, તેનું મૂર્તીકરણ પામેલા (સજીવારોપણ પામેલા) દેવો છે. વૈદિક દેવતાશાસ્ત્ર (Theology) મુજબ આ બ્રહ્માણ્ડ ત્રણ ભાગમાં વહેંચાઈ ગયેલું કલ્પાયું છે. જેમકે, પૃથિવીલોક, અન્તરિક્ષલોક અને દ્યુલોક. ઋગ્વેદમાં વર્ણવાયેલા અનેક દેવો આ ત્રણ લોકમાંથી કોઈ એક લોક જોડે સંકળાયેલા – ત્યાં નિવાસ કરતા – હોય એમ કહેવામાં આવ્યું છે. આ દૃષ્ટિએ વિચારતાં દ્યુલોક (સ્વર્ગલોક) જોડે સંકળાયેલા દેવો આ પ્રમાણે છે : ૧. દ્યૌષ્પિતર, ૨. વરુણ, ૩. મિત્ર, ૪. સૂર્ય, ૫. સવિતૃ, ૬. પૂષન્, ૭. વિષ્ણુ, ૮. વિવસ્વાન્, ૯. આદિત્યગણ, ૧૦. ઉષસ્ દેવી અને ૧૧. અશ્વિનૌ. આ અગિયાર દેવોનું તાત્ત્વિક દૃષ્ટિએ પૃથક્કરણ કરીએ તો ૧. દ્યૌષ્પિતર એટલે આકાશ, ૨. સૂર્ય, ૩. ઉષઃકાળ અને ૪. મિથુન રાશિના બે તારા–એમ કુલ ચાર દેવો તારવી શકાય. બીજી રીતે કહીએ તો સૂર્યના જ જુદા જુદા ગુણવાચક નામો/વિશેષણ રૂપે વપરાતા શબ્દો. દા.ત. મિત્ર, સવિતૃ, પૂષન્, વિષ્ણુ, વિવસ્વાન, અર્યમન્ અને આદિત્યગણ – એ (પાછળથી) સ્વતંત્ર દેવ તરીકે વિકસ્યા છે. આમ આ દ્યુસ્થાનીય ૧૧ દેવતાઓની યાદીમાંથી જે 'વિષ્ણુદેવતા' છે, તે પણ સૂર્યનું જ એક ગુણવાચક નામ છે.

પ્રોફે. મેકડોનલે 'વૈદિક માઈથોલોજી' નામના ગ્રન્થમાં લખ્યું છે કે આખા ઋગ્વેદમાં વિષ્ણુ–દેવતાને માટે રચાયેલાં સૂક્તોની સંખ્યા કેવળ પાંચ જ છે અને તેમના નામનો ૧૦૦ વાર જ ઉલ્લેખ થયો છે. આ સંખ્યાને આધારે તો વિષ્ણુને ચોથી શ્રેણીના જ દેવતા કહેવાય. પરંતુ અહીં જે પાંચ સૂક્તોમાં તેમના વ્યક્તિત્વનું જે વર્ણન મળે છે, તેને આધારે એવું લાગે છે કે તે મહત્ત્વના દેવતા છે.

પ્રથમ મુદ્દો તો એ નોંધનીય છે કે 'વિષ્ણુ' એ દ્યુસ્થાનીય દેવતા છે. વળી, તે સૂર્યનું જ એક ગુણવાચક નામ છે. દા.ત. સૂર્યને 'સવિતૃ' એટલા માટે કહ્યા છે કે તે જીવમાત્રનો પ્રસવ કરાવનાર છે. √सूङ् प्राणिप्रसवे ધાતુ ઉપરથી 'સવિતા' (જન્માવનાર) શબ્દ બને છે. એવી જ રીતે, જે ઉદય પામતાંની સાથે જ બધે વ્યાપી વળે છે માટે તે સૂર્યને 'વિષ્ણુ' કહેવાય છે. 'નિરુક્ત' નામના વેદાંગમાં 'વિષ્ણુ' શબ્દનું નિર્વચન કરતાં યાસ્કે લખ્યું છે કે –

यद् विषतो भवति तद्विष्णुर्भवति; विष्णुर्विशतेर्वा व्यश्नोतेर्वा । (અધ્યાય–૧૨–૭–૧૮)[1] विष्, विश् કે व्यश्नोति ગમે તે ધાતુ લો, પણ તે બધા 'વ્યાપી વળવું' અર્થ ધરાવે છે. આમાંના કોઈ એક ધાતુ ઉપરથી 'વિષ્ણુ' શબ્દનું ઘડતર થયું છે. સૂર્ય ઉદય પામતાંની સાથે જ ત્રણેય ભુવનમાં પોતાનાં કિરણોથી તત્ક્ષણ વ્યાપી વળે છે. સૂર્યના આ વ્યાપી વળવાના વિશિષ્ટ ગુણને આધારે તેનું નામ 'વિષ્ણુ' પડ્યું છે.

વિષ્ણુનું જે વર્ણન ઋગ્વેદમાં મળે છે, તે જોતાં એમ લાગે છે કે આ દેવતાનું મૂર્તીકરણ બહુ ક્ષીણ અવસ્થામાં જ રહેવા પામ્યું છે. (એટલે કે તે પૂર્ણ માનવાકૃતિ રૂપે નિરૂપાયા નથી.) વિષ્ણુ–દેવતાની સ્તુતિ માટે જે પાંચ સૂક્તો રચાયાં છે[2] તેમાં વારે વારે તેમનાં ત્રણ ડગલાંનો ઉલ્લેખ ધ્યાન ખેંચે છે. આપણે જે ૧–૧૫૪ સૂક્તનો અભ્યાસ કરવાનો છે તેમાં પણ લખ્યું છે કે –

(૧) विचक्रमाणः त्रेधा–ત્રણ પ્રકારે ડગલાં માંડનાર (મન્ત્ર–૧)

(૨) त्रिषु उरुषु विक्रमणेषु–ત્રણ વિશાળ ડગલાઓમાં (મન્ત્ર–૨)

(૩) त्री पूर्णा मधुना पदानि–મધુથી ભરેલાં ત્રણ ડગલાં (મન્ત્ર–૪)

આમ વિષ્ણુના શરીરનાં બીજાં કોઈ અવયવોનું વર્ણન વેદમંત્રોમાંથી મળતું નથી, પણ માત્ર તેમના 'ત્રણ ડગલાં' (પાદપ્રક્ષેપ, પાદક્રમણ)નો વારંવાર ઉલ્લેખ મળે છે. [જ્યારે પાછળથી રચાયેલાં પુરાણગ્રન્થોમાં આ જ વિષ્ણુ ભગવાન્ ચતુર્ભુજ–શંખ, ચક્ર, ગદા અને પદ્મધારી–સ્વરૂપે વર્ણવાયા છે.] વિષ્ણુના 'ત્રણ ડગલાં'ની સમજૂતી આપતાં નિરુક્તના ૧૨મા અધ્યાયમાં યાસ્કે બે આચાર્યોના મત ઉદ્ધૃત કર્યા છે. જેમકે, સૂર્યનાં કિરણો પૃથિવીલોકમાં, અન્તરિક્ષલોકમાં અને દ્યુલોકમાં ફેલાય છે – આ હકીકત જોઈને વેદકાલીન દીર્ઘતમસ્ ઋષિએ તે સૂર્યને 'ત્રણ ડગલાંવાળો' દેવ કહ્યો છે – એમ આચાર્ય શાકપૂણિ કહે છે. બર્ગેન અને મેકડોનલ પણ શાકપૂણિ જોડે સહમત છે. પરંતુ ઔર્ણવાભ નામના બીજા એક આચાર્ય કહે છે કે સૂર્યનાં ત્રણ ડગલાં તે દિવસ દરમ્યાનની સૂર્યની ત્રણ અવસ્થિતિને ધ્યાનમાં રાખીને સમજવાની છે. સૂર્યની ઉદય, મધ્યાહ્ન અને અસ્તની સ્થિતિ –

---

[1] આ નિરુક્તવચનને સમજાવતાં દુર્ગાચાર્યે લખ્યું છે કે – व्यश्नोतेर्वा विपूर्वस्य वाश्नोतेः, यदा रश्मिभिरतिशयेनायं व्याप्तो भवति, व्याप्नोति वा रश्मिभिरयं सर्वम्, तदा विष्णुरादित्यो भवति ॥

[2] ઋગ્વેદના પ્રથમ મંડળમાં ૧૫૪, ૧૫૫, ૧૫૬ સૂક્તો અને સાતમા મંડળમાં ૯૯ અને ૧૦૦ ક્રમાંકવાળાં સૂક્તોમાં વિષ્ણુની સ્તુતિ છે.

તે તેનાં ત્રણ ડગલાં છે. આ મત જોડે વ્હીટની મેક્સમૂલર, હોગ વગેરે સહમત છે.[૩] પરંતુ ઓલ્ડનબર્ગ નામના વિદ્વાન સાવ વિપક્ષી મત ધરાવે છે :– વિષ્ણુના ત્રણ વિશાળ ડગલાંનો સંબંધ સૂર્ય જોડે બાંધી શકાય એમ નથી. વિષ્ણુ સૌરપ્રકૃતિના દેવ નથી. તેમનાં ડગલાંની 'ત્રણ' સંખ્યાનો વારંવાર ઉલ્લેખ, એમના મતે, વેદકાળના ઋષિઓની ત્રણ સંખ્યાનો જ્યાંને ત્યાં ઉપયોગ કરવાની વૃત્તિ ઉપર નિર્ભર છે. આમ વેદના વિષ્ણુ તે સૂર્ય એમ કહી શકાય નહીં (એવું ઓલ્ડનબર્ગ કહે છે). પરંતુ ભારતીય પરંપરા તો સ્પષ્ટપણે વિષ્ણુને સૂર્યનું જ ગુણવાચક નામ ગણે છે.[૪]

(२०।१५१ – ७।३३।

ઋગ્વેદમાં વિષ્ણુને માટે જે બીજાં વિશેષણો વપરાયાં છે તે આ પ્રમાણે છે : ઉરુગાય, ઉરુક્રમ, ત્રિવિક્રમ, યુવા, અકુમાર, નિષિક્તપા અને શિપિવિષ્ટ છે. આ બધાં વિશેષણો વિષ્ણુની દ્રુતગતિતા, સક્રિયતાના જ ગુણને કહેનારા છે. છેલ્લાં બે વિશેષણો 'સિંચાયેલા રેતસ્ નું (ગર્ભસ્થ શિશુનું) રક્ષણ કરનાર' અને 'સર્જનશક્તિવાળા' એવા અર્થો ધરાવે છે (અને તે બેનો પ્રયોગ કરનાર વસિષ્ઠ ઋષિ છે.) 3

ઋગ્વેદ (૧–૧૫૫–૬)માં જ્યાં વિષ્ણુની જ સ્તુતિ છે ત્યાં "૯૦ને ૪ નામોની (= ઋતુઓની) સાથે રથના ચક્રની જેમ ઘુમાવવાની" વાત કહેવાઈ છે; જે સ્પષ્ટપણે એક વર્ષના ૩૬૦ દિવસોનો ઉલ્લેખ છે એમ વિદ્વાનોને લાગે છે. આમ સૂર્ય, કે જે સંવત્સર–ચક્ર પ્રવર્તક છે તેને જ 'વિષ્ણુ' કહ્યા છે. 2

આપણે જે વિષ્ણુ–સૂક્ત (૧–૧૫૪)નો અભ્યાસ કરવાનો છે, તેમાં વિષ્ણુના એક 'પરમ પદ' (ઉત્કૃષ્ટ નિવાસસ્થાન)ની વાત આવે છે. આ સ્થાનમાં એક 'મધુનો ઉત્સ' (= અમૃતનું ઝરણું કે કૂવો) આવેલો છે. આ ઉલ્લેખ ઉપરથી સૂચન લઈને પરવર્તીકાળમાં પુરાણકારોએ 'વિષ્ણુલોક'ની કે 'વૈકુંઠધામ'ની કલ્પના વિકસાવી છે. અહીં પુણ્યશાળી લોકોને નિત્ય સુખનો જ અનુભવ થાય છે. એવી જ રીતે, વિષ્ણુને કુચર (દુર્ગમ સ્થાનમાં ફરનાર) અને ગિરિસ્થાઃ પર્વત ઉપર રહેનાર સિંહની ઉપમા આપી છે. સંભવતઃ આમાંથી કાલક્રમે 'નૃસિંહ-અવતાર'ની કલ્પના વિકસી હશે. 1

ઋગ્વેદમાં 'સૂર્ય'ને 'વિષ્ણુ' કહેવા [અને 'દુર્ગમ સ્થાનમાં ફરનાર' અને 'પર્વત ઉપર રહેનાર સિંહ' કહેવા] ઉપરાંત તેને એક પક્ષીની પણ ઉપમા આપી છે. આને 5

---

[૩] किञ्च तद्विक्रमते विष्णुस्त्रिधा निधत्ते पदं त्रेधाभावाय पृथिव्याम् अन्तरिक्षे दिवीति शाकपूणिः, समारोहणे विष्णुपदे गयशिरसि (= अस्तंगिरौ) इति औंर्णवाभः ॥ – निरुक्तम् (१२–८)

[૪] 'વિષ્ણુસહસ્રનામસ્તોત્ર'માં પણ વિષ્ણુના પર્યાયવાચી ઘણાં નામોનો અર્થ 'સૂર્ય' જ થાય છે.

માટે ઋષિઓએ 'ગુરુત્મત્' અને 'સુપર્ણ' એવા શબ્દો વાપર્યા છે. (આમાંથી સૂચન લઈને પુરાણકારોએ વિષ્ણુના વાહન રૂપે ગરુડપક્ષીની કલ્પના વિકસાવી હશે.)

ઋગ્વેદમાં એક સ્વતન્ત્ર દેવ તરીકે 'વિષ્ણુ'ની સ્તુતિ હોવાની સાથોસાથ તે 'ઈન્દ્રના સહાયક દેવ' તરીકે તથા 'ઈન્દ્રના મિત્ર' તરીકે પણ સ્તવાયા છે. ઈન્દ્ર વૃત્ર જોડે યુદ્ધે ચઢે છે ત્યારે વિષ્ણુ સહાયક બને છે. (ઋ. ૯–૨૦–૨) અને યુગલદેવતા તરીકે પણ 'ઈન્દ્રાવિષ્ણૂ'ની ઋગ્વેદમાં સ્તુતિઓ મળે છે. વિષ્ણુ ઈન્દ્રની સાથે સોમપાનમાં ભાગ લે છે. આમ પુરાણકાળમાં 'વિષ્ણુ'ની જે 'ઉપેન્દ્ર' તરીકે પ્રસિદ્ધિ થયેલી જોવા મળે છે તેનાં બીજ પણ ઋગ્વેદમાં જોઈ શકાય છે.

આ ચર્ચાના ઉપસંહારમાં કહીશું કે ઋગ્વેદમાં વિષ્ણુની જે સ્તુતિ થઈ છે ત્યાં તે માણસોના, બલ્કે સૌ પ્રાણીઓને નિવાસસ્થાન પૂરું પાડવા માટે ત્રણ ડગલાં ભરે છે એવું કહેવાયું છે. પણ ઐતરેય કે શતપથ બ્રાહ્મણમાં દેવોને માટે અસુરો પાસેથી ચાલાકીથી જમીન પાછી મેળવવા માટે ત્રણ ડગલાં ભરે છે એવાં વર્ણનો (કથાઓ) મળે છે. (આમ વામન અવતારની કથાનાં બીજ પણ વિષ્ણુના 'ત્રિવિક્રમ' હોવામાં પડેલાં છે.) અને તેથી આગળ વધતાં, બ્રાહ્મણગ્રન્થોમાં તે વિષ્ણુ 'યજ્ઞ' જોડે સમીકરણ પામે છે. પણ પુરાણગ્રન્થો કે મહાભારતમાં જતાં સુધીમાં વેદના સૂર્ય રૂપ વિષ્ણુદેવ 'ચતુર્ભુજ વિષ્ણુ' બને છે; અને ઐતિહાસિક વાસુદેવ કૃષ્ણ જોડે પણ અભેદ રચે છે. ભારતીય સંસ્કૃતિની વિકાસયાત્રામાં આમ વિષ્ણુનું વ્યક્તિત્વ બહુ રસપ્રદ છે.

'विष्णोर्नु कम्' इति षड्ऋचं पञ्चदशं सूक्तं दैर्घतमसं त्रैष्टुभं वैष्णवम् । अत्रानुक्रमणिका–'विष्णोः षड्वैष्णवं हि' इति । अभिप्लवषडहेषूक्थ्येषु तृतीयसवने स्तोमवृद्धावच्छावाकस्य स्तोमातिशंसनार्थम् इदमादिसूक्तद्वयं विनियुक्तम् । 'स्तोमे वर्धमाने' इति खण्डे सूत्रितं–'विष्णोर्नु कमिति सूक्ते परो मात्रयेत्यच्छावाकः' (आश्व. श्रौ. ७.९) इति । तथा तृतीयसवने सोमातिरेके उत्तरोत्तरसंस्थोपगन्तव्या आतिरात्रात् ततोऽप्यतिरिक्ते तदर्थमेव शस्त्रमुपजनयितव्यम् । तत्रैतदेव सूक्तम् । 'सोमातिरेके' इति खण्डे सूत्रितं–'महाँ इन्द्रो नृवद्विष्णोर्नु कम्' (आश्व. श्रौ. ६.७) इति ॥ आग्निमारुतशस्त्रे आद्या विनियुक्ता । 'अथ यथेतम्' इति खण्डे सूत्रितं– 'विष्णोर्नु कं वीर्याणि प्र वोचं तन्तुं तन्वन्रजसो भानुमन्विहि' (आश्व. श्रौ. ५.२०) इति ॥

विष्णो॒र्नु कं॑ वी॒र्या॑णि॒ प्र वो॑चं॒ यः पार्थि॑वानि विम॒मे रजां॑सि ।
यो अस्कं॑भाय॒दुत्त॑रं स॒धस्थं॑ विचक्रमा॒णस्त्रे॒धोरु॑गा॒यः ॥ १ ॥

विष्णोः॑ । नु । क॒म् । वी॒र्या॑णि । प्र । वो॒च॒म् । यः । पार्थि॑वानि । वि॒ऽम॒मे । रजां॑सि । यः । अस्क॑भायत् । उत्ऽत॑रम् । स॒धऽस्थ॑म् । वि॒ऽच॒क्र॒मा॒णः । त्रे॒धा । उ॒रु॒ऽगा॒यः ॥ १ ॥

हे नराः Vविष्णोः व्यापनशीलस्य देवस्य Vवीर्याणि वीरकर्माणि Vनु Vकम् अतिशीघ्रं Vप्र Vवोचम् प्रब्रवीमि । अत्र यद्यपि नु कम् इति पदद्वयं तथापि यास्केन 'नवोत्तराणि पदानि' (नि. ३.१३) इत्युक्तत्वात् शाखान्तरे एकत्वेन पाठाच्च नु इत्येतस्मिन्नेवार्थे नु कम् इति पदद्वयम् । कानि तानीति तत्राह । Vयः विष्णुः Vपार्थिवानि पृथिवीसंबन्धीनि Vरजांसि रञ्जनात्मकानि क्षित्यादिलोकत्रयाभिमानीनि अग्निवाय्वादित्यरूपाणि रजांसि Vविममे विशेषेण निर्ममे । अत्र त्रयो लोका अपि पृथिवीशब्दवाच्याः । तथा च मन्त्रान्तरं–'यदिन्द्राग्नी अवमस्यां पृथिव्यां मध्यमस्यां परमस्यामुत स्थः' (ऋ. सं. १.१०८.९) इति । तैत्तिरीयेऽपि–'योऽस्यां पृथिव्यामस्यायुषा' इत्युपक्रम्य 'यो द्वितीयस्यां तृतीयस्यां पृथिव्याम्' (तै. सं. १.२.१२.१) इति । तस्मात् लोकत्रयस्य पृथिवीशब्दवाच्यत्वम् । किंच Vयः च विष्णुः Vउत्तरम् उद्गततरमतिविस्तीर्णं Vसधस्थं सहस्थानं लोकत्रयाश्रयभूतमन्तरिक्षम् Vअस्कभायत् तेषामाधारत्वेन स्तम्भितवान् निर्मितवानित्यर्थः । अनेन अन्तरिक्षाश्रितं लोकत्रयमपि सृष्टवानित्युक्तं भवति । यद्वा । यो विष्णुः पार्थिवानि पृथिवीसंबन्धीनि रजांसि पृथिव्या अधस्तनसप्तलोकान् विममे विविधं निर्मितवान् । रजःशब्दो लोकवाची, 'लोका रजांस्युच्यन्ते' इति यास्केनोक्तत्वात् । किंच यश्चोत्तरम् उद्गततरम् उत्तरभाविनं सधस्थं सहस्थानं पुण्यकृतां सहनिवासयोग्यं भूरादिलोकसप्तकम् अस्कभायत् स्कम्भितवान् सृष्टवानित्यर्थः ॥ स्कम्भेः 'स्तम्भुस्तुम्भु०' इति विहितस्य श्नः 'छन्दसि शायजपि' इति व्यत्ययेन शायजादेशः ॥ अथवा पार्थिवानि पृथिवीनिमित्तकानि रजांसि लोकान् विममे । भूरादिलोकत्रयमित्यर्थः । भूम्याम् उपार्जितकर्मभोगार्थत्वात् इतरलोकानां तत्कारणत्वम् । किंच यश्चोत्तरम् उत्कृष्टतरं सर्वेषां लोकानामुपरिभूतम् । अपुनरावृत्तेः तस्योत्कृष्टत्वम् । सधस्थम् उपासकानां सहस्थानं सत्यलोकमस्कभायत् स्कम्भितवान् ध्रुवं स्थापितवानित्यर्थः । किं कुर्वन् । Vत्रेधा Vविचक्रमाणः त्रिप्रकारं स्वसृष्टान् लोकान्विविधं क्रममाणः । विष्णोस्त्रेधा क्रमणम् 'इदं विष्णुर्वि चक्रमे' (ऋ. सं. १.२२.१७) इत्यादिश्रुतिषु प्रसिद्धम् । अत एव Vउरुगायः उरुभिः महद्भिः गीयमानः अतिप्रभूतं गीयमानो वा । य एवं कृतवान् तादृशस्य विष्णोर्वीर्याणि प्र वोचम् ॥

तृतीयसवने सोमातिरेके एव शस्त्रमुपजनयितव्यम् । तत्र 'प्र तत्' इत्ययमनुरूपस्तृचः । 'सोमातिरेके' इति खण्डे सूत्रितं–'प्र तद्विष्णुः स्तवते वीर्येणेति स्तोत्रियानुरूपौ' (आश्व. श्रौ. ६.७) इति । 'वाजपेयेनाधिपत्यकामः' इति खण्डे सूत्रितं–'प्र तत्ते अद्य शिपिविष्ट नाम प्र तद्विष्णुः स्तवते वीर्येण' (आश्व. श्रौ. ९.९) इति ॥

અનુવાદ : (હું) વિષ્ણુના પરાક્રમોને જરા ઉતાવળે કહી દઉં : ['વિષ્ણુ તો એ દેવ છે કે] જેણે પૃથિવી–સંબંધી લોકોને માપ્યા છે. (અથવા નિર્મ્યાં છે). ઘણા બધાથી જે(ની કીર્તિ)નું ગાન થઈ રહ્યું છે એવા તે (પોતે રચેલા લોકોનું) ત્રણ પ્રકારે પરિક્રમણ કરી રહ્યા છે અને જેમણે અતિવિસ્તીર્ણ એવા અન્તરિક્ષને ટેકવ્યું છે. (૧–૧૫૪–૧)

વિમર્શ : આ મન્ત્રના ચાર પાદોનો વાક્યાન્વય આમ ગોઠવ્યો છે : (अहं) विष्णोः वीर्याणि नु कं (= क्षिप्रम् = अतिशीघ्रम्) प्र वोचम् । यः पार्थिवानि रजांसि विममे । ઉત્તરાર્ધમાં, ચોથા પાદને પહેલા લઈને અન્વય આમ કર્યો છે : उरुगायः (= विष्णुः) त्रेधा विचक्रमाणः; यः उत्तरं सधस्थम् (= अन्तरिक्षम्) अस्कभायद् ॥

नु कम् એવાં બે અવ્યય પ્રકારનાં પદો છે. સામાન્ય રીતે વેદમન્ત્રોમાં આવા અવ્યયો પાદપૂરક–અવ્યય રૂપે વપરાય છે. પરંતુ અહીં તે 'ઉતાવળે', 'જલ્દીથી' એવો અર્થ આપે છે. સાયણાચાર્યે આ પદોના સ્વરભાર વિશે ચર્ચા કરતાં લખ્યું છે કે યાસ્કના મત મુજબ તથા વેદોની બીજી શાખાઓમાં જોવા મળે છે તે મુજબ 'नु' ના અર્થમાં જ ''नु कम्'' નો પ્રયોગ છે એમ સમજવાનું છે. એટલે કે, ભલે પદપાઠમાં नु । कम् । એવા સ્વરૂપે બન્નેને અલગ અલગ પદ ગણાવ્યા હોય; પરંતુ નિપાતો આદ્યુદાત્ત હોય છે. (निपाताः आद्युदात्ताः । १–१–१३६) એવા પાણિનિના નિયમ મુજબ 'नुकंम्' એવો એક શબ્દ જ ગણવાનો છે; જેમાં 'नु' આદિ અક્ષર ઉદાત્ત હશે અને कंम् ઉપર સ્વરિત હશે.

प्र + √वच् એવા ત્રીજા ગણના ધાતુનું injunctive અર્થ ધરાવતું સાદા ભૂતકાળનું ઉત્તમ પુરુષ એકવચનનું રૂપ प्र + वोचम् । 'મારે બોલવું જોઈએ, મારે કહેવું જોઈએ' એવો અર્થ તેમાં નિહિત છે.

દીર્ઘતમસ્ ઋષિને વિષ્ણુના જે પરાક્રમ (वीर्याणि) કહેવા યોગ્ય લાગ્યાં છે તે આ પ્રમાણે છે :

(૧) यः (विष्णुः) पार्थिवानि रजांसि विममे । જે વિષ્ણુએ પૃથિવી સંબંધી લોકોને (रजांसि) માપ્યાં છે. वि + √मा (ત્રીજો ગણ, આત્મનેપદ) 'માપવું'

ધાતુનું પરોક્ષ ભૂતકાળમાં પ્રથમ પુરુષ એકવચન विममे = 'તેણે માપ્યા' રૂપ થાય છે. અહીં 'પૃથિવીસંબંધી વિવિધ લોક' એટલે શું ? તેને સમજાવતાં સાયણ કહે છે કે પૃથિવી (ક્ષિતિ), અન્તરિક્ષ અને સ્વર્ગલોક અમારા છે' એવું અભિમાન ધરાવનારા અનુક્રમે અગ્નિ, વાયુ અને આદિત્ય રૂપ તેજનું આ વિષ્ણુએ નિર્માણ કર્યું છે. (અથવા તે તેજને તેમણે માપ્યા છે.)

(૨) વિષ્ણુનું બીજું પરાક્રમ તે – यः उत्तरं सधस्थम् अस्कभायद् – જેમણે ઉપરના અન્તરિક્ષ લોકને ટેકો આપ્યો છે, તેને ટેકવ્યું છે. √स्कभ् પરસ્મૈપદી ૯મા ગણનો ધાતુ, જેનો અર્થ 'ટેકો કરવો' થાય છે. તેનું નામધાતુ स्कभ બનાવીને, પછી હ્યસ્તન ભૂતકાળ પ્રથમ પુરુષ એકવચનમાં अस्कभायत् રૂપ બનાવ્યું છે. सधस्थम्—ત્રણેય લોકને આશ્રય આપનાર, અર્થાત્ અન્તરિક્ષ લોક.

(૩) મન્ત્રના છેલ્લા પાદમાં આમ તો વિષ્ણુનાં વિશેષણો જ છે, પણ તેમાંથીય વિષ્ણુના પરાક્રમો ધ્વનિત થઈ રહ્યા છે. જેમકે, જે उरुगायः છે; અર્થાત્ જે દેવ ઘણા બધાથી સ્તવાય છે; જેની કીર્તિનું ઘણા બધા ગાન કરે છે. (गो શબ્દનો એક અર્થ 'કિરણ' થાય છે, તેને આધારે કેટલાક વિદ્વાનોએ उरुगायः નો અર્થ જેનાં કિરણો લાંબે સુધી ફેલાયેલા છે તે (સૂર્ય)—એવો કર્યો છે.) પરંતુ બધા લોકો વિષ્ણુની કીર્તિનું શાને માટે ગાન કરે છે ? તો यः त्रेधा विचक्रमाणः છે. ત્રણ પ્રકારે તે બ્રહ્માણ્ડમાં ફરી વળે છે, ફરનારો છે. અહીં 'વિષ્ણુ' એ સૂર્યનું નામ છે; અને સૂર્ય ત્રણ ડગલાં ભરીને આખા આકાશને માપે છે. જેમકે – ઉદય–મધ્ય અને અસ્તકાળે. અથવા સૂર્યનાં ત્રણ ડગલાં એટલે સૂર્ય ઉગતાંની સાથે પૃથિવીલોક, અન્તરિક્ષલોક અને દ્યુલોકને વ્યાપી વળે છે. આ મન્ત્રમાં જે त्रेधा विचक्रमाणः (विष्णुः) કહ્યું છે, તેવું જ પ્રથમ મંડળના ૨૨મા સૂક્તમાં કહ્યું છે : इदं विष्णुर्वि चक्रमे त्रेधा नि दधे पदम् । (१–२२–१७)

વિષ્ણુનું—સૂર્યનું—આ ત્રીજું પરાક્રમ છે કે તે સવારથી સાંજ સુધીમાં ત્રણ ડગલાં માંડીને જ આખા બ્રહ્માણ્ડમાં ફરી વળે છે (વ્યાપી વળે છે.) આ વ્યાપી વળવાના સ્વભાવને કારણે જ તે (સૂર્ય)નું નામ "વિષ્ણુ" પડ્યું છે.

प्र तद्विष्णु॑: स्तवते वी॒र्ये॑ण मृ॒गो न भी॒मः कु॑च॒रो गि॑रि॒ष्ठाः ।
यस्यो॒रुषु॑ त्रि॒षु वि॒क्रम॑णेष्वधिक्षि॒यन्ति॒ भुव॑नानि॒ विश्वा॑ ॥ २ ॥

प्र । तत् । विष्णु॑: । स्त॒व॒ते॒ । वी॒र्ये॑ण । मृ॒गः । न । भी॒मः । कुच॒रः । गि॒रि॒ऽस्थाः । यस्य॑ । उ॒रुषु॑ । त्रि॒षु । वि॒ऽक्रम॑णेषु । अ॒धि॒ऽक्षि॒यन्ति॑ । भुव॑नानि । विश्वा॑ ॥ २ ॥

यस्येति वक्ष्यमाणत्वात् स इति अवगम्यते । स महानुभावः Vवीर्येण स्वकीयेन वीरकर्मणा पूर्वोक्तरूपेण Vस्तवते स्तूयते सर्वैः ॥ कर्मणि व्यत्ययेन शप् ॥ वीर्येण स्तूयमानत्वे दृष्टान्तः । Vमृगो Vन सिंहादिरिव । यथा स्वविरोधिनो मृगयिता सिंहः Vभीमः भीतिजनकः Vकुचरः कुत्सितहिंसादिकर्ता दुर्गमप्रदेशगन्ता वा Vगिरिष्ठाः पर्वताद्युन्नतप्रदेशस्थायी सर्वैः स्तूयते । अस्मिन्नर्थे निरुक्तं—'मृगो न भीमः कुचरो गिरिष्ठाः । मृग इव भीमः कुचरो गिरिष्ठा मृगो मार्ष्टेर्गतिकर्मणो भीमो बिभ्यत्यस्माद्भीष्मोऽप्येतस्मादेव । कुचर इति चरतिकर्म कुत्सितमथ चेद्देवताभिधानं क्वायं न चरतीति वा । गिरिष्ठा गिरिस्थायी गिरिः पर्वतः समुद्गीर्णो भवति पर्ववान् पर्वतः पर्वम् पुनः पृणातेः प्रीणातेर्वा' (निरु. १.२०) इति ॥ तद्वदयमपि मृगोऽन्वेष्टा शत्रूणां भीमो भयानकः सर्वेषां भीत्यपादानभूतः । परमेश्वराद्भीतिः 'भीषास्माद्वातः पवते' (तै. आ. ८.८.१) इत्यादिश्रुतिषु प्रसिद्धा । किंच कुचरः शत्रुवधादिकुत्सितकर्मकर्ता कुषु सर्वासु भूमिषु लोकत्रये संचारी वा तथा गिरिष्ठाः गिरिवत् उच्छ्रितलोकस्थायी । यद्वा । गिरि मन्त्रादिरूपायां वाचि सर्वदा वर्तमानः । ईदृशोऽयं स्वमहिम्ना स्तूयते । किंच Vयस्य विष्णोः Vउरुषु विस्तीर्णेषु त्रिसंख्याकेषु Vविक्रमणेषु पादप्रक्षेपेषु Vविश्वा सर्वाणि Vभुवनानि भूतजातानि Vअधिक्षियन्ति आश्रित्य निवसन्ति स विष्णुः स्तूयते ॥

અનુવાદ : તે વિષ્ણુ, કે જે ભય જન્માવનાર સિંહની જેમ ગમે તે (દુર્ગમ) સ્થાનમાં ફરનારો છે, અને જે પર્વત ઉપર રહેનારો છે; તે તેના પરાક્રમને કારણે (બધા વડે) સ્તવાય છે (= સ્તુતિ પામે છે). એમના (વિષ્ણુના) વિશાળ એવા ત્રણ ડગલાંમાં બધાં જ ભુવનો(માં રહેનારા તમામ પ્રાણીઓ) નિવાસ કરે છે. (૧–૧૫૪–૨)

વિમર્શ : બબ્બે પાદનું એક–એક વાક્ય બનાવવાનું છે. પૂર્વાર્ધનો અન્વય આમ થશે : तत् (= सः) विष्णुः भीमः मृगः न (= इव) कुचरः (अस्ति), गिरिस्थाः (अस्ति), [सः] वीर्येण [हेतुना] स्तवते (= स्तूयते) ।

भीमः = बिभेति अस्मात् જેનાથી ભય ઉપજે, તે 'ભીમ' તેવી વ્યુત્પત્તિને આધારે 'ભીમ'નો અર્થ થશે "ભય જન્માવનાર." मृगः— એટલે પ્રાણી/પશુ; પણ તેના વિશેષણ રૂપે भीमः ને મૂકવામાં આવેલ જોઈને, અહીં मृगः નો અર્થ 'સિંહ' કરવો જોઈશે. कुचरः = માં कु નો અર્થ પૃથિવી, લઈએ તો 'કુચર'નો અર્થ પૃથિવીના કોઈ પણ દુર્ગમ પ્રદેશમાં ફરનાર એમ થઈ શકે. सूर्य = વિષ્ણુ પણ સર્વત્ર ફરવાના/ફેલાવાના સામર્થ્યવાળો છે; વળી તેને गिरिस्थाः કહ્યો છે. કેમકે તે હંમેશા ઉદયાચલ પર્વત ઉપર રહેનારો છે ! અહીં વેદમાં मृगः न भीमः એમ

પદક્રમ છે, તેને ધ્યાનમાં લેવો જરૂરી છે. કોઈપણ નામની પાછળ 'न' એવો અવ્યય આવેલો હોય તો તે 'નિષેધાર્થક' બનતો નથી, પણ 'ઉપમાર્થક' ગણવામાં આવે છે એવું નિરુક્ત—વેદાંગના પ્રણેતા યાસ્ક જણાવે છે. આથી मृगः न भीमः — નો અર્થ 'ભય જન્માવનાર મૃગ = સિંહની જેમ' એવો થશે. (નામની પૂર્વે જો 'न' આવે તો જ તે નિષેધાર્થક બને છે.)

ઉત્તરાર્ધમાં અન્વય આમ ગોઠવાશે : यस्य (विष्णोः) उरुषु त्रिषु विक्रमणेषु विश्वा(नि) भुवनानि अधिक्षियन्ति । अधि + √क्षि निवासे (૨જો ગણ, પરસ્મૈપદ) ઉપરથી ક્રિયાપદ બનેલું છે. વિષ્ણુને 'ત્રિવિક્રમ' = ત્રણ ડગલાંવાળાં કહેવાય છે. વિષ્ણુ અર્થાત્ સૂર્યનું પહેલું ડગલું તે પૃથિવીલોક છે, બીજું ડગલું તે અન્તરિક્ષલોક છે અને ત્રીજું ડગલું તે દ્યુલોક = સ્વર્ગલોક છે. આ ત્રણ ડગલાં બહુ વિશાળ (उरू) છે; અને તેમાં જ બ્રહ્માણ્ડના બધાં પ્રાણીઓ अधिक्षियन्ति = નિવાસ કરે છે. આમ વિષ્ણુ સૌના પાલન-પોષણ કરનાર બને છે; તથા વિષ્ણુના જે "વિશાળ ત્રણ ડગલાં"નો ઋગ્વેદમાં વારંવાર ઉલ્લેખ આવે છે તેમાંથી જ સૂચન લઈને, પાછળથી પુરાણકારોએ વામને બલિરાજ પાસે ત્રણ ડગલાં જમીન માંગ્યાની અને વામનમાંથી ભગવાન વિરાટ બન્યા; અને તે "ત્રિવિક્રમ" કહેવાયાની કથા વિકસાવી છે. એવી જ રીતે, બીજા પાદમાં સિંહનાં જે બે વિશેષણો ('કુચર' અને 'ગિરિષ્ઠા') વાપર્યાં છે, તે શ્લિષ્ટ છે. એટલે કે તે કેવળ ઉપમાન સિંહને માટે જ નથી, પણ ઉપમેય વિષ્ણુ માટેય છે. એટલે કે વિષ્ણુ નામધારી સૂર્ય પણ બ્રહ્માણ્ડના દુર્ગમ સ્થાનોમાં ફરનાર = કુચર છે; અને પર્વત ઉપર અર્થાત્ દ્યુલોકમાં રહેનાર = ગિરિષ્ઠાઃ છે. અહીં વિષ્ણુને માટે સિંહની જે ઉપમા વાપરી છે, તેમાંથી જ કદાચ આગળ જતાં પુરાણકારોએ નૃસિંહ અવતારની કથા કલ્પી કાઢી હશે.

प्र विष्ण॑वे शू॒षमे॑तु॒ मन्म॑ गिरि॒क्षित॑ उरुगा॒याय॒ वृष्णे॑ ।
य इ॒दं दी॒र्घं प्रय॑तं स॒धस्थ॒मेको॑ विम॒मे त्रि॒भिरित्प॒देभि॑ः ॥ ३ ॥

प्र । विष्ण॑वे । शू॒षम् । ए॒तु॒ । मन्म॑ । गि॒रि॒ऽक्षिते॑ । उ॒रु॒ऽगा॒याय॑ । वृष्णे॑ । यः । इ॒दम् । दी॒र्घम् । प्रऽय॑तम् । स॒धऽस्थ॑म् । एकः॑ । वि॒ऽम॒मे । त्रि॒ऽभिः । इत् । प॒देभिः॑ ॥ ३ ॥

Vविष्णवे सर्वव्यापकाय Vशूषम् अस्मत्कृत्यादिजन्यं बलं महत्त्वं Vमन्म मननं स्तोत्रं मननीयं शूषं बलं वा विष्णुम् Vएतु प्राप्नोतु ॥ कर्मणः संप्रदानत्वात् चतुर्थी ॥ कीदृशाय । Vगिरिक्षिते वाचि गिरिवदुन्नतप्रदेशे वा तिष्ठते Vउरुगायाय

बहुभिर्गीयमानाय Vवृष्णे वर्षित्रे कामानाम् । एवंमहानुभावं शूषं प्राप्नोतु । कोऽस्य विशेष इति उच्यते । Vयः विष्णुः Vइदं प्रसिद्धं दृश्यमानं Vदीर्घम् अतिविस्तृतं Vप्रयतं नियतं Vसधस्थं सहस्थानं लोकत्रयम् Vएकः Vइत् एक एवाद्वितीयः सन् Vत्रिभिः Vपदेभिः पादैः Vविममे विशेषेण निर्मितवान् ॥

અનુવાદ : જેણે એકલાએ જ (પોતાનાં) ત્રણ ડગલાંઓથી આ લાંબા દૂર સુધી પથરાયેલા અન્તરિક્ષલોકને (અથવા, ત્રણેય લોકને) માપી લીધો છે; તે પર્વત ઉપર રહેનારા, ઘણા બધાથી સ્તુતિ પામતા અને વૃષભ જેવા વિષ્ણુને માટે આ બલવર્ધક સ્તોત્ર જઈ પહોંચજો. (૧–૧૫૪–૩)

વિમર્શ : સંસ્કૃત ભાષામાં यद् અને तद् એવાં બે સર્વનામો છે, જે સંયુક્ત–વાક્યની રચના માટે વપરાય છે. દા.ત. यः रामः अस्ति, सः सीतायाः पतिः अस्ति । 'જે રામ છે, તે સીતાના પતિ છે.' આમ यद् (यः) સર્વનામથી પહેલાં 'ઉદ્દેશ્ય'નો ઉલ્લેખ થઈ જાય છે; અને ત્યાર પછી तद् (सः) સર્વનામથી 'प्रतिनिर्देश्य' અંશનો ઉલ્લેખ કરવામાં આવે છે. આ દૃષ્ટિએ વિચારીએ તો આ ત્રીજા મન્ત્રમાં ઉત્તરાર્ધનો यः થી શરૂ થતો અંશ અનુવાદમાં પહેલો લેવાનો થાય છે; અને ત્યાર પછી તે ઉદ્દેશ્યભૂત વિષ્ણુનો જે ચતુર્થ્યન્ત પદો દ્વારા પૂર્વાર્ધમાં ઉલ્લેખ છે, તેનો અન્વય ગોઠવીને વાક્ય પૂરું કરવામાં આવ્યું છે. આમ મન્ત્રનો અન્વય આ મુજબ ગોઠવાશે :–

यः एकः त्रिभिः पदेभिः इदं दीर्घम् प्रयतम् सधस्थम् विममे, (तस्मै) गिरिक्षिते, उरुगायाय, वृष्णे विष्णवे शूषम् मन्म प्र एतु ॥

प्रयतम्–પથરાયેલા, सहस्थम् નો સાયણે પહેલા મન્ત્રમાં 'અન્તરિક્ષલોક' એવો અર્થ કર્યો છે; પણ सह અર્થમાં सध અવ્યય છે એ વાત ધ્યાનમાં લઈને વિચારીએ તો सह + स्थम्–સાથે મળવાનું સ્થાન = સભાસ્થાન, અર્થાત્ લક્ષણાથી 'આ ત્રણેય લોક' એવો અર્થ પણ થઈ શકે. वृषन् = (વૃષભ) શબ્દનું ચતુર્થી એકવચન वृष्णे થાય છે. વિષ્ણુને વૃષભની આખલાની ઉપમા તેના સામર્થ્યને ધ્યાનમાં રાખીને આપી છે. કેમકે સૂર્ય રૂપ વૃષભ દ્યુલોકના એક છેડેથી છેક સામા છેડા સુધી, દૂર સુધી પથરાયેલા માર્ગને એકલો જ માપી લે છે. शूषम्–બળવાળું, मन्म = સ્તોત્ર √मन् જાણવું, વિચારવું ધાતુ ઉપરથી मनिन् પ્રત્યય લાગીને આ શબ્દ બન્યો છે.

यस्य॒ त्री पू॒र्णा मधु॑ना प॒दान्यक्षी॑यमाणा स्व॒धया॒ मद॑न्ति ।
य उं॑ त्रि॒धातु॑ पृ॒थि॒वीमु॒त द्यामेको॑ दा॒धार॒ भुव॑नानि॒ विश्वा॑ ॥ ४ ॥

यस्य॑ । त्री । पू॒र्णा । मधु॑ना । प्र॒दानि॑ । अक्षी॑यमाणा । स्व॒धया॑ । मद॑न्ति । यः । ऊँ॒ इति॑ । त्रि॒ऽधातु॑ । पृ॒थि॒वीम् । उ॒त । द्याम् । एकः॑ । दा॒धार॑ । भुव॑नानि । विश्वा॑ ॥ ४ ॥

^{V}यस्य विष्णोः ^{V}मधुना मधुरेण दिव्येनामृतेन ^{V}पूर्णा पूर्णानि त्रीणि ^{V}पदानि पादप्रक्षेपणानि ^{V}अक्षीयमाणा अक्षीयमाणानि ^{V}स्वधया अन्नेन ^{V}मदन्ति मादयन्ति तदाश्रितजनान् । ^{V}य ^{V}उ य एव ^{V}पृथिवीं प्रख्यातां भूमिं ^{V}द्याम् ^{V}उत द्योतनात्मकमन्तरिक्षं च ^{V}विश्वा ^{V}भुवनानि सर्वाणि भूतजातानि चतुर्दश लोकांश्च । यद्वा । पृथिवीशब्देन अधोवर्तीनि अतलवितलादिसप्तभुवनान्युपात्तानि । द्युशब्देन तदवान्तररूपाणि भूरादिसप्तभुवनानि । एवं चतुर्दश लोकान् विश्वा भुवनानि सर्वाण्यपि तत्रत्यानि भूतजातानि । ^{V}त्रिधातु । त्रयाणां धातूनां समाहारस्त्रिधातु । पृथिव्यप्तेजोरूपधातुत्रयविशिष्टं यथा भवति तथा ^{V}दाधार धृतवान् ॥ तुजादित्वात् अभ्यासस्य दीर्घत्वम् ॥ उत्पादितवानित्यर्थः । छन्दोगारण्यके–'तत्तेजोऽसृजत तदन्नमसृजत ता आप ऐक्षन्त' इति भूतत्रयसृष्टिमुक्त्वा 'हन्ताहमिमास्तिस्रो देवतास्तासां त्रिवृतं त्रिवृतमेकैकां करवाणि' (छा. उ. ६.३.२–३.) इत्यादिना त्रिवृत्करणसृष्टिरुपपादिता । यद्वा । त्रिधातु कालत्रयं गुणत्रयं वा दाधारेत्यन्वयः ॥

आतिथ्यायां 'तदस्य' इत्येषा प्रधानस्य याज्या । 'अथातिथ्या' इति खण्डे सूत्रितम्–'इदं विष्णुर्वि चक्रमे तदस्य प्रियमभि पाथो अश्याम्' (आश्व. श्रौ. ४.५) इति ॥

અનુવાદ : જે (વિષ્ણુ)ના મધુથી પરિપૂર્ણ એવા અને (ક્યારેય) ક્ષીણ નહીં થનારા ત્રણ ડગલાંઓ (= ત્રણેય લોકમાં રહેનારા પ્રાણીઓ) સ્વધાથી (= અન્ન વડે) આનંદ–પ્રમોદ કરે છે. જેણે એકલાએ જ ત્રણ રીતે પૃથિવીને અને દ્યુલોકને, તથા બધાં જ ભુવનોને (અથવા બધા જ ભૂતોને) ધારણ કર્યાં છે. (૧–૧૫૪–૪)

વિમર્શ : આ મન્ત્રમાં પૂર્વાર્ધના અને ઉત્તરાર્ધના બબ્બે પાદોનો અન્વય નીચે પ્રમાણે ગોઠવવાનો છે : (૧) यस्य मधुना(नि), पूर्णा(नि), (एवं) अक्षीयमाणा(नि) त्री(णि) पदानि स्वधया मदन्ति । (૨) यः (विष्णुः) एकः त्रिधातु पृथिवीम् उत द्याम्, विश्वा(नि) भुवनानि दाधार । ઉપરનો અનુવાદ પણ આ ક્રમે જ ગોઠવ્યો છે.

स्वधा નો નિરુક્તકારે અર્થ 'અન્ન' કર્યો છે. (એ ઉપરાંત બીજા પણ તેના અર્થો થઈ શકે છે. જેમકે, જળ, સ્થાન, સુધા, વિચાર વગેરે.) પૂર્વાર્ધમાં મુખ્ય વાક્ય આમ છે :–. विष्णोः त्रीणि पदानि स्वधया (अन्नेन) मदन्ति । સાયણ

અહીં मदन्ति ક્રિયાપદને मादयन्ति એમ પ્રેરક ક્રિયાપદમાં ફેરવીને વાક્યાર્થ કાઢે છે : "વિષ્ણુના ત્રણ ડગલાંઓ અન્નથી તે ડગલાંમાં = ત્રણ લોકમાં રહેનારાને, તદાશ્રિત પ્રાણીઓને મદમસ્ત કરે છે; આનંદપ્રમોદ કરાવડાવે છે."

ઉત્તરાર્ધમાં આવેલો त्रिधातु શબ્દ અવ્યય ગણીને તેનો અર્થ 'ત્રણ પ્રકારે, ત્રણ રીતે' એવો વિદ્વાનો દ્વારા કરવામાં આવ્યો છે. √धृ 'ધારણ કરે છે' એવા ક્રિયાપદનું પરોક્ષ ભૂતકાળ પ્રથમ પુરુષ એકવચનમાં दाधार રૂપ બને છે. 'ધારણ કર્યા છે' અર્થાત્ 'ઉત્પન્ન કર્યા છે.'

विश्वा भुवनानि નો સાયણે 'બધા ભૂતો' કે '૧૪ લોક' એવો અર્થ કર્યો છે.

तद॑स्य प्रि॒यम॒भि पाथो॑ अश्यां॒ नरो॒ यत्र॑ देव॒यवो॒ मद॑न्ति ।
उ॒रु॒क्र॒मस्य॒ स हि बन्धु॑रि॒त्था विष्णो॑ः प॒दे प॑र॒मे मध्व॒ उत्स॑ः ॥ ५ ॥

तत् । अ॒स्य॒ । प्रि॒यम् । अ॒भि । पाथ॑ः । अ॒श्या॒म् । नर॑ः । यत्र॑ । दे॒व॒ऽयव॑ः । मद॑न्ति । उ॒रु॒ऽक्र॒मस्य॑ । सः । हि । बन्धु॑ः । इ॒त्था । विष्णो॑ः । प॒दे । प॒र॒मे । मध्व॑ः । उत्स॑ः ॥ ५ ॥

^{V}अस्य महतो विष्णोः ^{V}प्रियं प्रियभूतं ^{V}तत् सर्वैः सेव्यत्वेन प्रसिद्धं ^{V}पाथः । अन्तरिक्षनामैतत्, 'पाथोऽन्तरिक्षं पथा व्याख्यातम्' (निरु. ६.७) इति यास्केनोक्तत्वात् । अविनश्वरं ब्रह्मलोकमित्यर्थः । ^{V}अश्याम् व्याप्नुयाम् । तदेव विशेष्यते । ^{V}यत्र स्थाने ^{V}देवयवः देवं द्योतनस्वभावं विष्णुमात्मन इच्छन्तो यज्ञदानादिभिः प्राप्तुमिच्छन्तः ^{V}नरः ^{V}मदन्ति तृप्तिमनुभवन्ति । तदश्यामित्यन्वयः । पुनरपि तदेव विशेष्यते । ^{V}उरुक्रमस्य अत्यधिकं सर्वं जगदाक्रममाणस्य तत्तदात्मना अत एव ^{V}विष्णोः व्यापकस्य परमेश्वरस्य ^{V}परमे उत्कृष्टे निरतिशये केवलसुखात्मके ^{V}पदे स्थाने ^{V}मध्वः मधुरस्य ^{V}उत्सः निष्यन्दो वर्तते । तदश्याम् । यत्र क्षुत्तृष्णाजरामरणपुनरावृत्त्यादिभयं नास्ति संकल्पमात्रेण अमृतकुल्यादिभोगाः प्राप्यन्ते तादृशमित्यर्थः । ततोऽधिकं नास्तीत्याह । ^{V}इत्था इत्थमुक्तप्रकारेण ^{V}स ^{V}हि ^{V}बन्धुः स खलु सर्वेषां सुकृतिनां बन्धुभृतो हितकरः वा तस्य पदं प्राप्तवतां न पुनरावृत्तेः । 'न च पुनरावर्तते' इति श्रुतेस्तस्य बन्धुत्वम् । हिशब्दः सर्वश्रुतिस्मृतिपुराणादिप्रसिद्धिद्योतनार्थः ॥

અનુવાદ : જ્યાં (વિષ્ણુ) દેવની કામના કરતાં માણસો આનંદ કરે છે, તે આ (વિષ્ણુ)ના પ્રિય (અન્તરિક્ષના) માર્ગને (હું) પ્રાપ્ત કરું. વિશાળ ડગલાંવાળા

(વિષ્ણુ)નું આ પ્રકારનું તે ખરેખર બન્ધુત્વ છે. વળી, વિષ્ણુના પરમ પદમાં (ઉત્કૃષ્ટ સ્થાનમાં) મધુનું (= અમૃતનું) ઝરણું છે. (૧–૧૫૪–૫)

વિમર્શ : પૂર્વાર્ધમાં બીજા પાદનો અનુવાદ કર્યા પછી, પહેલો પાદ જોડવાનો છે. અન્વય આમ થશે : यत्र देवयवो नरः मदन्ति, तद् अस्य (विष्णोः) प्रियम् पाथः (अहम्) अभि अश्याम् (= प्राप्नुयाम्) । देव શબ્દનો અર્થ 'ચમકતો પદાર્થ/વ્યક્તિ' થાય છે. વિષ્ણુ અર્થાત્ સૂર્ય પણ દ્યોતિત થવાના સ્વભાવવાળા છે. –યુ પ્રત્યયનો અર્થ 'કામના કરવી' થાય છે, देवयु એટલે દેવની કામના કરનાર, તેનું પ્રથમા વિભક્તિ બહુવચનમાં देवयवः રૂપ થાય. આ શબ્દ ना–नरौ–नरःનું વિશેષણ છે. अभि + अश्याम् ક્રિયાપદમાં √ अश् प्राप्तौ, પાંચમો ગણ, ઉભયપદી ધાતુ છે. તેનું સાદો ભૂતકાળ વિધ્યર્થવાળું ઉત્તમ પુરુષનું રૂપ છે. 'હું પ્રાપ્ત કરું, મેળવું' એવો અર્થ છે. વિષ્ણુનો પ્રિય પાથ = માર્ગ તે અન્તરિક્ષ છે એવું યાસ્ક કહે છે.

ઉત્તરાર્ધમાં બન્ને પાદને જુદા લઈ શકાય એમ છે : उरुक्रमस्य (विष्णोः) इत्था सः बन्धुः (अस्ति) । "વિશાળ ડગલાંવાળા વિષ્ણુનું આ પ્રકારનું તે બન્ધુત્વ છે." આનો સંબંધ પૂર્વવાક્ય જોડે જોડીને સમજવું જોઈએ. છેલ્લા ચોથા પાદમાં ઋષિએ એક બહુ જ મહત્ત્વની વાત કરી છે : विष्णोः परमे पदे मध्वः[6] उत्सः (अस्ति) । વિષ્ણુના પરમ પદ અર્થાત્ છેક ઉપરના દ્યુલોકમાં = સ્વર્ગલોકમાં મધુનું ઝરણું આવેલું છે.

મધુ શબ્દનું ષષ્ઠી એકવચન मध्वः [उत्सः (= निष्यन्दः)] થાય છે. સાયણે મધુના આ ઝરણાનું સ્વરૂપ સમજાવતાં લખ્યું છે કે સુધા (અમૃત) રૂપ પરમાનંદથી ભર્યા રસનું ઝરણું વિષ્ણુના પરમ ઉત્કૃષ્ટ એવા સ્થાનમાં આવેલું છે, આ સ્થાન કેવળ સુખાત્મક છે; (ત્યાં દુઃખનો છાંટોય નથી). આ સ્થાનમાં ક્ષુધા, તૃષ્ણા, વૃદ્ધાવસ્થા, મરણ, પુનર્જન્મ વગેરેનો ભય જ નથી હોતો ! અહીં તો સંકલ્પ કરવામાત્રથી જ અમૃતકુંડ વગેરે આવી મળે છે ! ઋષિ દીર્ઘતમસ્ કહે છે કે હું આવા સ્થાનને પ્રાપ્ત કરું ! વેદકાળમાં આવું જે મધુના ઉત્સનું સ્થાન કલ્પાયું છે, તેને આધારે જ પુરાણકાળમાં 'વિષ્ણુના વૈકુંઠસ્થાન'ની કલ્પના વિકસી છે.

ता वां॒ वास्तू॑न्युश्मसि॒ गम॑ध्यै॒ यत्र॒ गावो॒ भूरि॑शृङ्गा अ॒यासः॑ ।
अत्राह॒ तदु॑रुगा॒यस्य॒ वृष्णः॑ पर॒मं प॒दमव॑ भाति॒ भूरि॑ ॥ ६ ॥

ता । वा॒म् । वास्तू॑नि । उ॒श्म॒सि॒ । गम॑ध्यै । यत्र॑ । गाव॑: । भूरि॑ऽशृङ्गाः । अ॒यास॑: । अत्र॑ । अह॑ । तत् । उ॒रु॒ऽगा॒यस्य॑ । वृष्ण॑: । प॒र॒मम् । प॒दम् । अव॑ । भा॒ति॒ । भूरि॑ ॥ ६ ॥

हे पत्नीयजमानौ Vवां युष्मदर्थं Vता तानि गन्तव्यत्वेन प्रसिद्धानि Vवास्तूनि सुखनिवासयोग्यानि स्थानानि Vगमध्यै युवयोः गमनाय Vउश्मसि कामयामहे । तदर्थं विष्णुं प्रार्थयाम इत्यर्थः । तानीत्युक्तं कानीत्याह । Vयत्र येषु वास्तुषु Vगावः रश्मयः Vभूरिशृङ्गाः अत्यन्तोन्नत्युपेता बहुभिराश्रयणीया वा Vअयासः अयना गन्तारोऽतिविस्तृताः । यद्वा । यासो गन्तारः । अतादृशाः । अत्यन्तप्रकाशयुक्ता इत्यर्थः । Vअत्राह अत्र खलु वास्त्वाधारभूतं द्युलोके Vउरुगायस्य बहुभिर्महात्मभिर्गातव्यस्य स्तुत्यस्य Vवृष्णः कामानां वर्षितुर्विष्णोस्तत्तादृशं सर्वत्र पुराणादिषु गन्तव्यत्वेन प्रसिद्धं Vपरमं निरतिशयं Vपदं स्थानं Vभूरि अतिप्रभूतम् Vअव Vभाति स्वमहिम्ना स्फुरति । अयं मन्त्रो यास्केन गोशब्दो रश्मिवाचक इति व्याचक्षाणेन व्याख्यातः–'तानि वां वास्तूनि कामयामहे गमनाय यत्र गावो भूरिशृङ्गा बहुशृङ्गा भूरीति बहुनो नामधेयं प्रभवतीति सतः शृङ्गं श्रयतेर्वा शृणातेर्वा शम्नातेर्वा शरणायोद्‌गतमिति वा शिरसो निर्गतमिति वायासोऽयनाः । तत्र तदुरुगायस्य विष्णोर्महागतेः परमं पदं परार्ध्यस्थमवभाति भूरि । पादः पद्यतेः' (निरु. २.७) इति ॥ २४ ॥

અનુવાદ : જ્યાં, (થાક્યા વિના) જઈ રહેલી અનેક શીંગડાવાળી ગાયો રહેલી છે, તે તમારા બે (= ઈન્દ્રા–વિષ્ણૂ)ના નિવાસસ્થાનોમાં (અમે) જવા માટે ઈચ્છીએ છીએ. વિશાળ સ્થાનોમાં જનાર એવા વૃષભનું પરમ પદ નીચેના ભાગમાં (એટલે કે આપણી ઉપર, પૃથિવી લોક ઉપર) પ્રકાશી રહ્યું છે. (૧–૧૫૪–૬)

વિમર્શ : પૂર્વાર્ધના બીજા પાદને પહેલા લઈને, તેનો અન્વય આમ ગોઠવવાનો છે : यत्र अयासः भूरिशृंगाः गावः (सन्ति) वां (= हे इन्द्राविष्णू) ता वास्तूनि गमध्यै उश्मसि । અહીં अयासः = अयनाः 'જનારી, જઈ રહેલી' એવો અર્થ યાસ્કે કર્યો છે. પણ રૉથે अ + यम् ઉપરથી તે શબ્દની રચના માનીને 'થાક્યા વિના (જઈ રહેલી)' એવો અર્થ સૂચવ્યો છે. ગાયોનું બીજું વિશેષણ 'भूरिशृंगाः = અનેક શીંગડાવાળી' એમ થાય છે. ઋષિ કહે છે કે અમે આવી ગાયોથી ભરેલા આવા સ્થાનમાં જવા માટે (गमध्यै–હેત્વર્થ કૃદન્તનું રૂપ) ઈચ્છીએ છીએ (उश्मसि). પણ આ સ્થાન કોનું છે ? તો वां वास्तूनि = 'તમારા બેના તે સ્થાનોમાં'–એમ મન્ત્રમાં કહ્યું છે. આથી અહીં વિચારવું પડશે કે वाम् (युष्मद्‌नुं

ષષ્ઠી દ્વિવચન) 'તમારા બેનું' શબ્દ કોને માટે વપરાયો છે ? સાયણે તેનો અર્થ "યજમાન અને તેની પત્ની" એવો લીધો છે, પણ તે પ્રસ્તુત સંદર્ભમાં બંધબેસતો નથી. એના બદલે વેંકટમાધવ નામના બીજા એક ટીકાકારે इन्द्राविष्णू – એવો અર્થ કર્યો છે તે બરાબર બંધ બેસે છે.

उश्मसि = ક્રિયાપદમાં બીજા ગણનો √वश् 'ઇચ્છા કરવી' અર્થવાળો ધાતુ રહેલો છે. તેનું વર્તમાનકાળ ઉત્તમ પુરુષ બહુવચનનું રૂપ થયું.

મન્ત્રના ઉત્તરાર્ધમાં આ પ્રમાણે વાક્યાન્વય લેવાનો છે :– उरुगायस्य वृष्णः परमं पदम् अत्र (अस्यां पृथिव्याम्) भूरि अव भाति । વિશાળ સ્થાનો (= ત્રિભુવન)માં જનાર તે વૃષભ (સ્વરૂપ વિષ્ણુ)નું પરમ પદ (= દ્યુલોક) અહીં, આ પૃથિવી ઉપર નીચેના ભાગે ચમકી રહ્યું છે, પ્રકાશી રહ્યું છે. સૂર્ય આકાશમાં સ્થિત હોય ત્યારે તે ઉપરથી નીચેના ભાગમાં પ્રકાશ ફેંકે છે એનું નિરૂપણ કરતાં અહીં 'अव भाति' (નીચે ચમકે છે) એવું ક્રિયાપદ વાપર્યું છે.

અહીં સૂર્યનાં કિરણોને જ अयासः થાક્યા વિના જનારી, બહુ શીંગડાવાળી ગાયઃ—ગાયો કહી હોય એમ જણાય છે. આમાંથી સૂચન લઈને ભાગવતપુરાણમાં જ્યારે ઐતિહાસિક વ્યક્તિત્વ ધરાવતા વાસુદેવ કૃષ્ણને વિષ્ણુના અવતાર તરીકે પ્રસિદ્ધિ આપવી હોય છે ત્યારે તે પુરાણકારે તે કૃષ્ણને "ગાયોથી વીંટળાયેલા" ચિતર્યા છે.

★ ★ ★

[३] मण्डलम्–२, सूक्तम्–१२, (१–१५ मन्त्राः)

(इन्द्रसूक्तम्)

देवता–इन्द्रः, ऋषिः–गृत्समदः, छन्दः–त्रिष्टुप् ॥

ઋગ્વેદમાં સૌથી વધારે સૂક્તો દ્વારા જે દેવતાની સ્તુતિ થઈ છે, તે ઈન્દ્રદેવતા છે. ઋગ્વેદના કુલ ૧૦૧૭ સૂક્તોમાંથી ૨૫૦ જેટલાં (એટલે કે એક ચતુર્થાંશ જેટલાં) સૂક્તોમાં ઈન્દ્રની સ્તુતિ થઈ છે. આમ ઈન્દ્ર તે ઋગ્વેદનો પ્રધાન દેવતા છે, 'નિરુક્ત' નામના વેદાંગમાં યાસ્કે અને પ્રોફે. મેકડોનલે ઈન્દ્રસૂક્તોનો અભ્યાસ કરીને ઈન્દ્રને દ્યુસ્થાનનો દેવતા કહ્યો છે. વળી, તેને ઝંઝાવાતનો અને વૃષ્ટિનો દેવતા (Rain–God) ગણાવ્યો છે. પરંતુ પ્રોફે. આર. એન. દાંડેકરના મતે ઈન્દ્ર એ પહેલે તબક્કે તો ઈરાન તરફથી સપ્તસિન્ધુના પ્રદેશમાં આર્ય પ્રજાની ટોળીઓને પોતાની સાથે લઈ આવનાર એક ઐતિહાસિક યુદ્ધનેતા છે. ઈન્દ્ર માટે વપરાયેલાં 'પુરન્દર' (નગરોને તોડનાર), પુરભિદ્, જેવાં વિશેષણો એવું સૂચવે છે કે ઈન્દ્ર તે યુદ્ધમાં પરાક્રમ કરનારો, જીતનારો; અને પરિણામે શત્રુઓના ધનથી 'મઘવન્' (ધનવાન) બનેલો માનવ–નાયક છે. ઈરાન તરફથી ભારતના સપ્તસિન્ધુના પ્રદેશમાં લાવીને આર્યોને વસાવનાર આ ઐતિહાસિક પુરુષ છે. બીજે તબક્કે, વેદકાલિક ઋષિઓએ તેને 'યુદ્ધનો દેવતા' (War–God) બનાવ્યો છે. વેદમાં એવાં વર્ણનો મળે છે કે ઈન્દ્રને યુદ્ધમાં સૌ કોઈ બોલાવે છે, મદદ કરવા એને બન્ને પક્ષની સેનાઓ પ્રાર્થે છે. ત્રીજે તબક્કે તે ઈન્દ્રને 'વૃષ્ટિનો દેવતા' બનાવવામાં આવ્યો છે. અન્તરિક્ષમાં 'વૃત્ર' નામનો દાનવ વાદળોને વીંટળાઈને રહે છે અને પાણીને વરસવા દેતો નથી, ઈન્દ્ર તેની સાથે ઘોર યુદ્ધ કરે છે અને પોતાના વિજળી રૂપી વજ્ર નામના આયુધથી તે વૃત્રને હણી કાઢે છે. જેના પરિણાસે પાણી પૃથિવી ઉપર વહેવા માટે મુક્ત થાય છે. આ પરાક્રમને કારણે ઈન્દ્રને એક 'વૃત્રઘ્ન', 'વૃત્રહન્તા' જેવું વિશેષણ પણ મળ્યું છે. તથા પાણી વર્ષાવનાર વ્યક્તિ તરીકે તેને ઠેરઠેર "વૃષભ" (अपां वर्षिता) કહ્યો છે. એ જ પ્રમાણે તેને 'વજ્રબાહુ' અને 'વજ્રહસ્ત' એવાં વિશેષણો પણ મળ્યાં છે.

ઈન્દ્રે કેવળ વૃત્રને જ નથી માર્યો, તેણે વલ, અહિ, નમુચિ, શમ્બર જેવા અન્ય દાનવોને અને દાસ, દસ્યુ જેવા આદિવાસી શત્રુઓને પણ હણ્યા છે. ઈન્દ્રમાં આવી અસુરોને હણવાની શક્તિ સોમરસનું પાન કર્યા પછી આવે છે. ઈન્દ્રને ઘણી જગ્યાએ 'સોમ'રસનો શોખીન કહ્યો છે. (જન્મતાંની સાથે જ ઈન્દ્રે સરોવર ભરીને સોમ પીધાનો પણ એકવાર ઉલ્લેખ થયો છે.) ઈન્દ્રને 'શતક્રતુ' (સો યજ્ઞ કરનાર, કે સો પરાક્રમી કર્મો કરનાર) પણ કહ્યો છે. ઈન્દ્રના સહાયક મિત્રદેવોમાં ઘણે સ્થળે મરુદ્ગણ, વિષ્ણુ, અગ્નિ અને બૃહસ્પતિના પણ ઉલ્લેખ મળે છે.

ઈન્દ્રનું સ્વરૂપ વર્ણન અને ગુણદર્શન કરાવતાં વેદના ઋષિઓ ઈન્દ્રને 'સુન્દર દાઢીવાળા', 'મજબૂત મુઠ્ઠીવાળા', દાનવીર, અશ્વારોહી, ધનુર્ધારી, વજ્રબાહુ, શત્રુઓને ધ્રુજાવનાર વગેરે કહે છે.

ઈન્દ્રને 'વૃષ્ટિના દેવ' કહ્યા પછીય, વેદના ઋષિઓ અટક્યા નથી. તેમને "સર્વોપરિ–દેવતા" બનાવવાનો પણ ઉપક્રમ તેમણે હાથ ધર્યો છે. તેમાં તેમણે ઈન્દ્રે દ્યાવાપૃથિવીને સ્થિર કર્યાં, ઉડતા પર્વતોની પાંખો કાપી નાખી, નદીઓને વહેવા માટે રસ્તો ખોદી આપ્યો, અગ્નિને જન્માવ્યો અને સૂર્યને આકાશમાં સ્થાપ્યો ઈત્યાદિ અસાધારણ કાર્યો કર્યાં એમ પણ કહ્યું છે.

વૈદિક માઈથૉલોજી (પુરાકથાશાસ્ત્ર)નો અભ્યાસ કરનારા વિદ્વાનો કહે છે કે ઈન્દ્ર પૂરેપૂરો ભારતીય દેવ છે. એટલે કે આર્યો જ્યારે અતિશય પુરાતનકાળમાં ભારત–યુરોપીય પ્રદેશમાં (મધ્ય એશિયામાં) સાથે રહેતા હતા, ત્યારે તો સર્વોપરિ દેવ તરીકેનું સ્થાન વરુણ–દેવતાનું હતું. પણ ધીમે ધીમે આર્યોનું સ્થળાંતર થતું ગયું અને તેઓ ઈરાનથી ભારત તરફ આવતા ગયા તેમ તેમ વરુણદેવ વિસ્મૃતિની ગર્તામાં સરકતા જાય છે અને ઈન્દ્ર પ્રધાન દેવતા તરીકે ઉપસતા જાય છે. ઋગ્વેદનું ૭મું મંડળ રચનાકાળની દૃષ્ટિએ સૌથી વધુ પ્રાચીન મનાયું છે. તેમાં, ડૉ. દાંડેકરના મતે વસિષ્ઠે આ વરુણ–સમ્પ્રદાય અને ઈન્દ્ર સમ્પ્રદાયની વચ્ચે સમાધાન–સમન્વય–કરાવવાનો પ્રયાસ કર્યો જણાય છે. ૭–૮૩–૯માં "ઈન્દ્રાવરુણ"ની સહસ્તુતિ કરતાં કહેવાયું છે કે वृत्राण्यन्यः समिथेषु जिघ्नते, व्रतान्यन्यो अभि रक्षते सदा। "કોઈ એક, અર્થાત્ ઈન્દ્ર, સંગ્રામમાં શત્રુઓને હણે છે, તો બીજો અર્થાત્ વરુણ હંમેશા પોતાના વ્રતોનું (કાયદા કાનુનનું) બધી રીતે રક્ષણ કરે છે." અહીં વસિષ્ઠ એમ કહેવા માંગે છે કે, આર્યોને ઈન્દ્રદેવની નવા પ્રદેશો ઉપર જીત મેળવવા એક 'યુદ્ધના દેવ' (War–God) તરીકે જરૂર છે; પણ જીત મળ્યા પછી ત્યાં કાયદો અને વ્યવસ્થાનું તન્ત્ર ઊભું કરવા (ઋતનું પાલન કરાવવા) (જૂના) વરુણ–દેવની પણ જરૂર તો પડવાની જ છે. આમ આર્યોને માટે બન્ને દેવની જરૂર છે, એમની વચ્ચે સમાધાનની જરૂર છે.

પરંતુ આપણે જે ગૃત્સમદ ઋષિનું ૨–૧૨ સૂક્ત જોવાના છીએ તેમાં તો તે ૭મા મંડળ કરતાં ઘણું પાછળથી રચાયેલું જણાય છે. ૭મા મંડળમાં ઈન્દ્રનું જે યુદ્ધના દેવ તરીકેનું વ્યક્તિત્વ ઉપસાવેલું જોવા મળે છે, એના કરતાં ઘણું પરવર્તી સમયનું ઈન્દ્રનું વ્યક્તિત્વ અને એના સકળ પરાક્રમોનું વર્ણન આ ૨–૧૨માં જોવા મળે છે. ઈન્દ્રવિષયક લગભગ બધી જ પુરાકથાઓ (Myths) પ્રચારમાં આવી ગયા પછીનું આ ગૃત્સમદનું સૂક્ત છે એમ અમને લાગે છે. આ ઋષિના સમયમાં

ઈન્દ્ર 'ઐતિહાસિક આર્યનેતા'માંથી આગળ વધતાં વધતાં એટલા દૂર નીકળી ગયા છે કે તે 'વૃષ્ટિના દેવ' તરીકે અહીં નિરૂપવામાં આવ્યા છે. ગૃત્સમદના સમયના આર્યોને માટે તો "ઈન્દ્રને વિશે શ્રદ્ધા રાખવાનું" કહેવું પડે એટલા અતીતના તે દેવ બની ચૂક્યા છે.

ક્યારેક ઈન્દ્રના હોવા વિશે શંકા ઊભી થઈ હતી, એ સમયે ગૃત્સમદ પોતાના અનુયાયીઓને ઈન્દ્રમાં વિશ્વાસ પેદા કરવા અહીં ઈન્દ્રનાં પરાક્રમો વર્ણવી બતાવે છે અને તેનામાં શ્રદ્ધા રાખવાનું કહે છે — એવો શ્રી વેલણકર સાહેબનો મત છે. પરંતુ ઉપરના પેરેગ્રાફમાં જણાવ્યું છે તેમ ઈન્દ્ર વિષયક બધી જ પુરાકથાઓ રચાઈ/પ્રચારમાં આવી ગયા પછીના સમયમાં ગૃત્સમદ ઋષિ ઊભા છે માટે આવી શ્રદ્ધા મૂકવાની વાત કરવી પડી છે તેમ જણાય છે.

અલબત્ત, પરંપરાગત ગ્રન્થો, જેવાકે બૃહદ્દેવતા (૪—૬૬ થી ૬૮) અને સાયણભાષ્ય વગેરેમાં આ સૂક્તના દર્શનની પૂર્વભૂમિકા કાંઈક નીચે મુજબ કહેવાઈ છે :—

ભૂતકાળમાં એકવાર એવું બન્યું કે વૈન્ય રાજાના યજ્ઞમાં ઈન્દ્ર વગેરે દેવો ગયા. ગૃત્સમદ ઋષિ પણ તેમાં ભાગ લેવા આવ્યા હતા. હવે ઈન્દ્રને મારી નાખવાની ઈચ્છાથી ત્યાં દૈત્યો આવી ચઢ્યા. ઈન્દ્રને આ વાતની ખબર પડી, એટલે તે ગૃત્સમદ ઋષિનું રૂપ લઈને યજ્ઞશાળામાંથી ઉતાવળે નીકળી ગયા ! હવે યજ્ઞ પૂરો થયા પછી વૈન્ય દ્વારા સત્કાર પામ્યા પછી સાચા ગૃત્સમદ ઋષિ યજ્ઞશાળામાંથી બહાર નીકળે છે, ત્યારે તે ઋષિને દૈત્યો ઘેરી વળ્યા, દૈત્યોને લાગ્યું કે પહેલા તો એક ગૃત્સમદ ઋષિ જતા રહ્યા છે. માટે આ ઈન્દ્ર જ ગૃત્સમદના વેષમાં જઈ રહ્યો છે. આથી પરિસ્થિતિ પામી ગયેલા ગૃત્સમદ આ સૂક્તના મંત્રો દ્વારા ઈન્દ્રનાં પરાક્રમો વારાફરતી વર્ણવતાં વર્ણવતાં કહે છે કે — હે માણસો ! તે ઈન્દ્ર છે; (અર્થાત્ હું ઈન્દ્ર નથી). — આવા એક ઈતિહાસની પરિકલ્પના ઊભી થવાનું કારણ એ જણાય છે કે આ સૂક્તના પ્રત્યેક મંત્રના અંતે એક ધ્રુવપંક્તિ આવેલી છે : स जनास इन्द्रः । "હે માણસો ! તે ઈન્દ્ર છે." આ ધ્રુવપંક્તિ કયા પૂર્વાપર સંદર્ભમાં બંધ બેસી શકે ? તેની વિચારણા કરતાં કદાચ ઉપર મુજબની કથા કોઈકે વિચારી કાઢી હશે.

આ સૂક્તમાં ઈન્દ્રનાં જે જે પરાક્રમો ગણાવ્યાં છે. તે નીચે મુજબ છે :—

(૧) ઈન્દ્ર જન્મતાંની સાથે બધા દેવોનો ઉપરિ બની ગયો.

(૨) ઈન્દ્રે પોતાના બળથી દ્યુલોક અને પૃથિવીલોકને ધ્રુજાવી મૂક્યા.

(૩) તેણે ધ્રુજતી પૃથિવીને દૃઢ (સ્થિર) કરી.

(૪) ઈન્દ્રે ચલાયમાન પર્વતોને શાંત કર્યા (પર્વતોની પાંખો કાપી એક સ્થાનમાં બેસાડ્યા, તેમને 'અચલ' કર્યા.)

(૫) ઈન્દ્રે આકાશ (અન્તરિક્ષ)નું નિર્માણ કર્યું/માપ્યું અને દ્યુલોકને ટેકો પૂરો પાડ્યો.

(૬) 'અહિ'ને હણીને, જેણે સાત નદીઓને વહેવા માટે છૂટી કરી.

(૭) 'વલ'ના ગૂઢ સ્થાનમાંથી ગાયોને (કિરણો કે જળ કે પશુઓ)ને બહાર કાઢ્યા.

(૮) ઈન્દ્રે વાદળોની વચ્ચે અગ્નિને (વિજળીને) જન્માવ્યો.

(૯) તે યુદ્ધમાં શત્રુઓનું ધન લૂંટી લેનારો છે.

(૧૦) ઈન્દ્રે દાસ–વર્ણના આદિવાસી લોકોને ગુફામાં–નીચેના સ્થાનમાં રહેતા કર્યા.

(૧૧) શિકારી (કે જુગારી)ની જેમ લક્ષ (દાવ)માં રહેલા ધનને તે એકઠું કરી લે છે. (૧ થી ૪ મન્ત્રમાં આટલાં પરાક્રમો ગણાવ્યાં છે.)

(૧૨) (૭મા મન્ત્રમાં ઋષિ કહે છે કે) તે ઈન્દ્રે સૂર્યને અને ઉષાને પણ જન્માવી છે.

(૧૩) જે જળનો નેતા છે. (પાણીને વહાવનારો દેવ છે).

(૧૪) ગર્જના કરતી અને સામસામે ટકરાતી બે શત્રુસેનાઓ એને મદદ માટે બૂમો પાડીને બોલાવે છે.

(૧૫) જે અચ્યુત પદાર્થોને પણ ચ્યુત કરી દેનારો છે.

(૧૬) જે દસ્યુનો હન્તા છે.

(૧૭) જેણે ચાળીસમા વર્ષે પર્વતની ગુફામાં સંતાઈને રહેતા શમ્બરને પણ શોધી કાઢ્યો હતો (અને હણી કાઢ્યો હતો.)

(૧૮) ઈન્દ્રે 'અહિ'ને હણ્યો અને સૂતેલા 'દાનુ'ને પણ હણ્યો.

(૧૯) આકાશમાં ચઢતા રૌહિણને પણ તેણે હણ્યો છે.

(૨૦) દ્યુલોક અને પૃથિવીલોક જેની આગળ નમી પડે છે.

(૨૧) ઈન્દ્રના બળથી પર્વતો પણ ધ્રુજી ઊઠે છે.

આ બધાં પરાક્રમોનું પૃથક્કરણ કરતાં જણાશે કે તેમાં યુદ્ધવિષયક પરાક્રમો છે; વૃષ્ટિવિષયક કાર્યોનો નિર્દેશ છે; દાસ, દસ્યુ, શમ્બર વગેરે દાનવો અને શત્રુઓને હણ્યાના ઉલ્લેખો છે; અને છેવટે બ્રહ્માણ્ડના દ્યુલોક, પૃથિવીલોક, સૂર્ય, ઉષા, અગ્નિ જેવાં ભવ્ય સ્થાનો અને પદાર્થોને જન્માવનાર કે ધારણ કરનાર,

ટેકવનાર તરીકે પણ ઇન્દ્રદેવને નિરૂપવામાં આવ્યા છે. આમ ગૃત્સમદે જે ઇન્દ્રની ઓળખ આપી છે તે યુદ્ધદેવ, વૃષ્ટિદેવ અને સર્વનિયન્તા—દેવ તરીકેની ઓળખ છે.

द्वितीयेऽनुवाके एकादश सूक्तानि । तत्र 'यो जातः' इति पञ्चदशर्चं प्रथमं सूक्तं गार्त्समदं त्रैष्टुभमैन्द्रम् ॥ संसवे निष्केवल्ये निविद्धानीयस्य पुरस्तात् 'यो जात एव' इति सूक्तं शंसेत् । 'यदि पर्यायान्' इति खण्डे सूत्रितं—'यो जात एवेति निष्केवल्ये' (आश्व. श्रौ. ६.६) इति । आभिप्लविके तृतीयेऽहनि निष्केवल्ये 'यो जात एव' इति निविद्धानीयम् । सूत्रितं च—'तृतीयस्य त्र्यर्यमा यो जात एवेति मध्यंदिनः' (आश्व. श्रौ. ७.७) इति । विश्वजिति माध्यंदिनसवने मैत्रावरुणः स्वशस्त्रे प्राकृतात् सूक्तात्पूर्वं 'यो जातः' इति सामसूक्तं शंसेत् । 'विश्वजितोऽग्निं नरः' इति खण्डे सूत्रितं—'सत्रा मदासो यो जात एवाभूरेक इति सामसूक्तानि' (आश्व. श्रौ. ८.७) इति । अग्निष्टुन्निष्केवल्ये निविद्धानमिदम् । 'श्येनाजिराभ्याम्' इति खण्डे सूत्रितं—'तिष्ठा हरी इति यो जात एवेति मध्यंदिनः' (आश्व. श्रौ. ९.७) इति । महाव्रते निष्केवल्ये 'यो जात एव' इति सूक्तम् । 'ऊरू' इति खण्डे सूत्रितं—'वने न वा यो न्यधायि चाकन् यो जात एव प्रथमो मनस्वान्' (ऐ. आ. ५.३.१) इति । अत्रेतिहासो बृहद्देवतायामुक्तः—'संयुज्य तपसात्मानमैन्द्रं बिभ्रन्महद्वपुः । अदृश्यत मुहूर्तेन दिवि च व्योम्नि चेह च ॥ तमिन्द्र इति मत्वा तु दैत्यौ भीमपराक्रमौ । धुनिश्च चुमुरिश्चोभौ सायुधावभिपेततुः ॥ विदित्वा स तयोर्भावमृषिः पापं चिकीर्षतोः । यो जात इति सूक्तेन कर्माण्यैन्द्राण्यकीर्तयत्' (बृहद्दे. ४.६६–६८) ॥ अन्ये त्वन्यथा वर्णयन्ति । पुरा किल इन्द्रादयो वैन्ययज्ञं समाजग्मुः । गृत्समदोऽपि तत्रागत्य सदस्यासीत् । दैत्याश्चेन्द्रजिघांसया तत्र समागमन् । तान् दृष्ट्वा निर्जगामेन्द्रो यज्ञाद्गृत्समदाकृतिः । स च गृत्समदो वैन्येन पूजितो यज्ञवाटान्निरगच्छत् । निर्गच्छन्तं तमृषिं दृष्ट्वा अयमेवेन्द्र इति मन्यमानास्तमसुराः परिवव्रुः । नाहमिन्द्रस्तुच्छः किंत्वेवंगुणोपेतः स इत्यनेन सूक्तेन तान् प्रत्युवाच ॥ अपरे त्वेवं कथयन्ति । गृत्समदस्य यज्ञे प्रविष्टमेकाकिनमिन्द्रं ज्ञात्वासुराः परिवव्रुः । स इन्द्रो गृत्समदरूपेण यज्ञवाटान्निर्गत्य स्वर्गं जगाम । ततोऽसुरा इन्द्रो विलम्बित इत्यन्तः प्रविश्य गृत्समदं दृष्ट्वा पूर्वमेव गृत्समदो गतः अयं त्विन्द्रोऽस्मद्भयात् गृत्समदरूपेणास्ते इति तं जगृहुः । स तान् नाहमिन्द्रोऽयमित्यनेन सूक्तेन प्रत्युवाच । अयमेवार्थो महाभारते प्रपञ्चितः ॥

यो जा॒त ए॒व प्र॑थ॒मो मन॑स्वान्दे॒वो दे॒वान्क्रतु॑ना प॒र्यभू॑षत् ।
यस्य॒ शुष्मा॒द्रोद॑सी॒ अभ्य॑सेतां नृ॒म्णस्य॑ म॒ह्ना स ज॑नास॒ इन्द्रः॑ ॥ १ ॥

यः । जा॒तः । ए॒व । प्र॒थ॒मः । मन॑स्वान् । दे॒वः । दे॒वान् । क्रतु॑ना । प॒रि॒ऽअभू॑षत् । यस्य॑ । शुष्मा॑त् । रोद॑सी॒ इति॑ । अभ्य॑सेताम् । नृ॒म्णस्य॑ । म॒ह्ना । सः । ज॒ना॒स॒ः । इन्द्रः॑ ॥ १ ॥

गृत्समदो ब्रूते । ^{V}जनासः जना हे असुराः यो ^{V}जात ^{V}एव जायमान एव सन् ^{V}प्रथमः देवानां प्रधानभूतः ^{V}मनस्वान् मनस्विनामग्रगण्यः ^{V}देवः द्योतमानः सन् ^{V}क्रतुना वृत्रवधादिलक्षणेन स्वकीयेन कर्मणा ^{V}देवान् सर्वान् यागदेवान् ^{V}पर्यभूषत् रक्षकत्वेन पर्यग्रहीत् ॥ 'भूष अलंकारे' । भूवादिः लङि रूपम् ॥ यद्वा सर्वानन्यान्देवान्पर्यभूषत् पर्यभवत् अत्यक्रामत् ॥ अस्मिन् पक्षे भवतेर्व्यत्ययेन क्सः । 'श्र्युकः किति' इति इट्प्रतिषेधः ॥ ^{V}यस्य इन्द्रस्य ^{V}शुष्मात् शरीरात् बलात् ^{V}रोदसी द्यावापृथिव्यौ ^{V}अभ्यसेताम् अबिभीताम् ॥ 'भ्यस भये' । अनुदात्तेत् । 'भ्यस भयवेपनयोः' (निरु. ३.२१) इति नैरुक्ताः ॥ अभ्यसेतामवेपेतां वा । तथा च मन्त्रान्तरम्–'इमे चित्तव मन्यवे वेपेते भियसा मही' (ऋ. सं. १.८०.११) इति । ^{V}नृम्णस्य सेनालक्षणस्य बलस्य ^{V}मह्ना महत्त्वेन युक्तः ^{V}सः ^{V}इन्द्रः नाहमिति ॥ अत्र निरुक्तं–'यो जायमान एव प्रथमो मनस्वी देवो देवान् क्रतुना कर्मणा पर्यभवत्पर्यगृह्णात्पर्यरक्षदत्यक्रामदिति वा यस्य बलात् द्यावापृथिव्यावप्यबिभीतां नृम्णस्य मह्ना बलस्य महत्त्वेन स जनास इन्द्र इत्यृषेर्दृष्टार्थस्य प्रीतिर्भवत्याख्यानसंयुक्ता' (निरु. १०.१०) इति ॥

અનુવાદ : જે પ્રથમ અને મનસ્વી એવા દેવે જન્મતાંની સાથે જ (પોતાના) પરાક્રમથી દેવોને ચારે તરફથી ગ્રહ્યા (= તેમના ઉપર વર્ચસ્વ જમાવ્યું). જે (ઇન્દ્ર)ના (શરીરના) બળથી દ્યુલોક અને પૃથિવીલોક ડરી ગયાં છે. વળી, જે બળના મહિમાથી યુક્ત છે; હે માણસો ! તે ઇન્દ્ર છે. [હું ગૃત્સમદ નહીં]. (૨–૧૨–૧)

વિમર્શ : પહેલા બે પાદનું એક વાક્ય બનાવવાનું છે : यः प्रथमः मनस्वान् देवः जात एव (स्वकीयेन) क्रतुना (सर्वान्) देवान् पर्यभूषत् । અહીં मनस्वान् એટલે 'મનસ્વી'. क्रतु એટલે કર્મ, પરાક્રમ, શક્તિ, પ્રજ્ઞા અને ક્યારેક યજ્ઞ. पर्यभूषत् ક્રિયાપદમાં परि + अभूषत् । હ્યસ્તન ભૂતકાળ, પ્રથમ પુરુષ એકવચનનું રૂપ છે. આ ક્રિયાપદના ઘણા અર્થો વિચારાય છે : ચારે બાજુએ ગ્રહણ કરવું, હરાવવા કે ચારેય તરફ રક્ષવા અથવા અતિક્રમવા. સાયણ કહે છે કે ઇન્દ્રે જન્મતાંની સાથે જ 'વૃત્ર'ને હણી કાઢ્યો હતો; અને તેથી તે દેવોમાં આગળ પડતો દેવ બન્યો. આમ તેણે દેવોને રક્ષણ પૂરું પાડ્યું અને તેમનો ઉપરિ બની ગયો.

ઉત્તરાર્ધમાં ત્રણ વાક્ય છે : (૧) यस्य (इन्द्रस्य) शुष्मात् रोदसी अभ्यसेताम् । જે ઈન્દ્રના (શારીરિક) બળને કારણે 'રોદસી' અર્થાત્ દ્યાવાપૃથિવી ધ્રુજી ઊઠ્યાં. અહીં रोदसी એવો શબ્દ નિત્ય દ્વિવચનાન્ત છે; અને દ્યુલોક અને પૃથિવીલોકનો (= દ્યાવાપૃથિવી)નો વાચક છે. (પદપાઠના નિયમો મુજબ જે દીર્ઘ ઈ કારાન્ત દ્વિવચનનું રૂપ હોય તેને 'પ્રગૃહ્ય' સંજ્ઞાવાળું પદ કહેવાય છે; અને તેને પદપાઠમાં इति કરણ દ્વારા દર્શાવાય છે.) √भ्यस् ભય પામવું, કંપવું અર્થવાળા ધાતુનું હ્યસ્તન ભૂતકાળ પ્રથમ પુરુષ દ્વિવચનનું રૂપ છે.

(૨) (सः) नृम्णस्य मह्ना (युक्तः) अस्ति । તે (સેના રૂપ) બળના મહિમાથી (યુક્ત છે). (૩) हे जनासः ! सः इन्द्रः अस्ति । હે માણસો ! તે ઈન્દ્ર છે. અહીં વેદની ભાષામાં जनः–जनौ–जनाः । ની સાથે પ્રથમા બહુવચનમાં વિકલ્પે એક વધારાનું जनासः । એવું રૂપ પણ બને છે. એ જ રીતે, સંબોધનમાં પણ (हे) जनासः । રૂપ બને.

આ આખા સૂક્તમાં દરેક મન્ત્રના અન્તે स जनास इन्द्रः । એવી ધ્રુવપંક્તિ આવેલી છે. બીજા મંડળના દ્રષ્ટા ઋષિ ગૃત્સમદે દરેક મન્ત્રમાં ઈન્દ્રના જુદાં જુદાં પરાક્રમોને વર્ણવ્યાં છે; અને તે પછી ઉમેર્યું છે કે – "જેણે આવાં આવાં પરાક્રમો કર્યાં છે તે ઈન્દ્ર છે; (હું નહીં)."

આ સૂક્તમાં વર્ણવેલાં જાત-જાતનાં, અને અનેક પરાક્રમો જોતાં એવું લાગે છે કે ઈન્દ્રદેવતા વિષયક ઘણાં બધાં પુરાકલ્પનો (myths) પ્રચારમાં આવી ગયાં પછી, ગૃત્સમદે આ સૂક્તની રચના કરી હશે.

ઋગ્વેદમાં ૨૫૦ જેટલાં સૂક્તોમાં ઈન્દ્રદેવતાની સ્તુતિ છે એમ મેકડોનલ કહે છે. પણ વેદના અભ્યાસીએ સૂક્ષ્મ દૃષ્ટિથી એ પણ જોવા જેવું છે કે દરેક મંડળના ઈન્દ્રસૂક્તોમાં ઈન્દ્ર દેવતાનું જે જે વર્ણન મળે છે તેમાં ઈન્દ્રનું વ્યક્તિત્વ ઉત્ક્રાંતિશીલ જણાય છે. એટલે કે ક્યાંક એવો સમયગાળો દેખાય છે કે જેમાં તે એક (ઈન્દ્ર) યુદ્ધનો વીર પરાક્રમી ઐતિહાસિક માણસ હોય, પછીથી તે ક્રમશઃ 'યુદ્ધના–દેવતા' તરીકેનું સ્થાન પામતો જાય છે; અને પછી વૃષ્ટિની પ્રાકૃતિક ઘટનાને 'ઈન્દ્ર–વૃત્રાસુર સંગ્રામ'ના નામે રૂપકાત્મક રૂપે આરોપિત કરીને ઈન્દ્રને "વૃષ્ટિના દેવતા" તરીકે આલેખવામાં આવે છે. તથા સૌથી છેલ્લા તબક્કે તે વરસાદના દેવતા ઈન્દ્રને 'સર્વોપરિ દેવતા'નું પણ સ્થાન આપવામાં આવે છે. ઈન્દ્રના વિકસતા રહેલા આવા વ્યક્તિત્વને સમજવા ઋગ્વેદનું ૭મું મંડળ વધુ ઉપકારક બની શકે તેમ છે. જ્યારે બીજા મંડળનું આ ૧૨મું સૂક્ત એવું જણાય છે કે જેમાં ઈન્દ્ર વિષયક બધા જ પ્રકારની પુરાકથાઓ (mythologies) વિકસી ગયા પછી ઈન્દ્રનું આલેખન થયું છે.

यः पृ॑थि॒वीं व्यथ॑माना॒मदृं॑ह॒द्यः पर्व॑ता॒न्प्रकु॑पिताँ॒ अर॑म्णात् ।
यो अ॒न्तरि॑क्षं विम॒मे वरी॑यो॒ यो द्याम॒स्त॑भ्ना॒त्स ज॑नास॒ इन्द्रः॑ ॥ २ ॥

यः । पृ॒थि॒वीम् । व्यथ॑मानाम् । अदृं॑हत् । यः । पर्व॑तान् । प्रऽकु॑पितान् । अर॑म्णात् । यः । अ॒न्तरि॑क्षम् । वि॒ऽम॒मे । वरी॑यः । यः । द्याम् । अस्त॑भ्नात् । सः । ज॒ना॒सः॒ । इन्द्रः॑ ॥ २ ॥

हे जनाः ^{V}यः इन्द्रः ^{V}व्यथमानां चलन्तीं ^{V}पृथिवीम् ^{V}अदृंहत् शर्करादिभिर्दृढामकरोत् ॥ 'दृह दृहि वृद्धौ' ॥ ^{V}यः च ^{V}प्रकुपितान् इतस्ततश्चलितान् पक्षयुक्तान् ^{V}पर्वतान् ^{V}अरम्णात् नियमितवान् स्वे स्वे स्थाने स्थापितवान् ॥ अरम्णात् । 'रमु क्रीडायाम्' । अन्तर्भावितण्यर्थस्य व्यत्ययेन श्नाप्रत्ययः ॥ ^{V}यः च ^{V}वरीयः उरुतमम् ^{V}अन्तरिक्षं ^{V}विममे निर्ममे विस्तीर्णं चकारेत्यर्थः । ^{V}यः च ^{V}द्यां दिवम् ^{V}अस्तभ्नात् तस्तम्भ निरुद्धामकरोत् ॥ 'स्तम्भु रोधने' इति सौत्रो धातुः ॥ ^{V}सः एव ^{V}इन्द्रः नाहमिति ॥

અનુવાદ : હે માણસો ! જેણે કંપતી પૃથિવીને દૃઢ કરી; જેણે ઉડતા પર્વતોને સ્થિર કર્યા; જેણે વિશાળ એવા અન્તરિક્ષનું નિર્માણ કર્યું; વળી, જેણે (ઉપરના) દ્યુલોકને ટેકો પૂરો પાડ્યો છે, તે ઈન્દ્ર છે ! (૨–૧૨–૨)

વિમર્શ : આ મન્ત્રના ચાર પાદમાં ચાર વાક્ય છે; અને પાંચમું વાક્ય તે ધ્રુવપંક્તિ છે. (૧) (हे) जनास ! यः व्यथमानाम् पृथिवीम् अदृंहद् । (२) यः प्रकुपितान् पर्वतान् अरम्णात् । (३) यः वरीयः (= उरुतमम्) अन्तरिक्षं विममे । (४) यः द्याम् अस्तभ्नात् । (५) सः इन्द्रः (अस्ति) ।

व्यथमानाम् = 'કંપતી' એ પૃથિવીનું વિશેષણ છે, ઈન્દ્રે તેવી પૃથિવીને अदृंहद् ક્રિયાપદમાં √दृंह् (૧લો ગણ, પરસ્મૈપદ) 'દૃઢ બનાવવું' ધાતુનું હ્યસ્તન ભૂતકાળ છે. प्रकुपितान्—અહીં તહીં ચાલતા, ઉડતા, पर्वतान्—પર્વતોને ઈન્દ્રે अरम्णात्—સંયમિત કર્યા = સ્થિર કર્યા. ઈન્દ્રના આ પરાક્રમ પાછળ એવી પુરાકથા છે કે સૃષ્ટિના આરંભે પર્વતોને પાંખો હતી અને તે બધા અહીં તહીં ઉડતા રહેતા હતા (જેથી પૃથિવી ઉપરના પ્રાણીઓ એમનાથી ભયભીત રહેતા હતા.) પણ ઈન્દ્રે તેમની પાંખો કાપી કાઢી અને તેમને પૃથિવી ઉપર બેસાડી દીધા, તેમને 'અચળ' બનાવ્યા.

જે ઈન્દ્રે वरीयः अन्तरिक्षम्—વિશાળ એવા અન્તરિક્ષને, विममे = निर्ममे—નિર્માણ કર્યું. અથવા સાયણ કહે છે તેમ यः अन्तरिक्षं वरीयः विममे । અર્થાત્ જે ઈન્દ્રે અન્તરિક્ષને विस्तीर्णं चकार—પહોળું, વિસ્તૃત કર્યું. ઈન્દ્રનું ચોથું પરાક્રમ તે — यः द्याम् अस्तभ्नात् । જેણે દ્યુલોકને સ્તંભિત કર્યું = સ્થિર કર્યું. (આદિકાળના

માણસને એવો કૌતુકભર્યો પ્રશ્ન સતત રહેતો હશે કે આપણા માથા ઉપર રહેલું આકાશ નીચે કેમ પડી જઈ શકતું નહીં હોય ? તેનો જવાબ શોધવા તેમણે આ પુરાકલ્પન (Myth) ની રચના કરી હશે કે ઈન્દ્ર દેવતાએ તેને ટેકવ્યું છે. ઈન્દ્રના ટેકાને કારણે આ વિશાળ આકાશ આપણા માથા ઉપર પડી જતું નથી.)

આ બધાં પરાક્રમો – કે વિશાળ કર્મોને ઈન્દ્રના નામે ચઢાવાયેલાં જોતાં એવું માનવું પડે છે કે ગૃત્સમદના સમયમાં ઈન્દ્રનું વ્યક્તિત્વ કેવળ વૃષ્ટિના દેવતા (Rain–God) તરીકે સીમિત રહ્યું નથી; તે એક સર્વોચ્ચ–દેવતા તરીકે ઉપસી રહ્યા છે.

यो ह॒त्वाहि॒मरि॑णा॒त्स॒प्त सिन्धू॒न्यो गा उ॒दाज॑दप॒धा व॒लस्य॑ ।
यो अश्म॑नोर॒न्तर॒ग्नि॑ ज॒जान॑ सं॒वृक्स॒मत्सु॒ स ज॑नास॒ इन्द्र॑ः ॥ ३ ॥

यः । ह॒त्वा । अहि॑म् । अरि॑णात् । स॒प्त । सिन्धू॑न् । यः । गाः । उ॒त्ऽआज॑त् । अ॒प॒ऽधा । व॒लस्य॑ । यः । अश्म॑नोः । अ॒न्तः । अ॒ग्निम् । ज॒जान॑ । स॒म्ऽवृक् । स॒मत्ऽसु॑ । सः । ज॒ना॒स॒ः । इन्द्र॑ः ॥ ३ ॥

ᵛयः ᵛअहिं मेघं ᵛहत्वा मेघहननं कृत्वा ᵛसप्त सर्पणशीलाः ᵛसिन्धून् स्यन्दनशीला अपः ᵛअरिणात् प्रैरयत् । यद्वा सप्त गङ्गायमुनाद्या मुख्या नदीररिणात् ॥ 'रीङ् स्रवणे' । क्र्यादिः ॥ ᵛयः च ᵛवलस्य वलनामकस्यासुरस्य ᵛअपधा तत्कर्तृकान्निरोधान्निरुद्धाः ᵛगाः ᵛउदाजत् निरगमयत् ॥ अपधा । अपपूर्वाद्दधातेः 'आतश्चोपसर्गे' (पा. सू. ३.३.१०६) इति भावे अङ्प्रत्ययः । 'सुपां सुलुक्०' इति पञ्चम्या आकारः ॥ ᵛयः च ᵛअश्मनोः । अश्नुते व्याप्नोत्यन्तरिक्षमित्यश्मा मेघः । अत्यन्तमृदुरूपयोर्मेघयोः ᵛअन्तः मध्ये वैद्युतम् ᵛअग्निं ᵛजजान उत्पादयामास । यश्च ᵛसमत्सु । संभक्षयन्ति योद्धृणामायूंषीति समदः संग्रामाः । तेषु ᵛसंवृक् भवति ॥ वृणक्तेर्हिंसार्थस्य क्विपि रूपम् ॥ ᵛसः ᵛइन्द्रः नाहमिति ॥

અનુવાદ : જેણે (મેઘ રૂપી) 'અહિ'ને મારીને સાત નદીઓને (વહેવા માટે) છૂટી કરી છે. જેણે 'વલ'ની ગુફામાંથી (વલના નિરોધમાંથી) ગાયોને બહાર કાઢી. જેણે બે વાદળોની મધ્યમાં (વૈદ્યુત્) અગ્નિને જન્માવ્યો છે. યુદ્ધભૂમિમાં જે (શત્રુનું ધન) એકઠું કરનાર છે; હે માણસો ! તે ઈન્દ્ર છે. (૨–૧૨–૩)

વિમર્શ : આ મન્ત્રમાં પણ ઈન્દ્રના બીજા ત્રણ પરાક્રમોનું વર્ણન કરવામાં આવ્યું છે. (૧) यः अहिम् हत्वा, सप्त सिन्धुन् अरिणात् । જેણે અહિને હણીને,

સાત નદીઓને (વહેવા માટે) છુટી કરી. अरिणात् ક્રિયાપદમાં √रि ૯મો ગણ, પરસ્મૈપદી ધાતુ છે, તેનો અર્થ 'મુક્ત કરવું' થાય છે. अरिणात् તે હ્યસ્તન ભૂતકાળનું રૂપ છે. અહીં 'અહિ' શબ્દનો એક અર્થ 'સર્પ' થાય છે; પણ અહીં તે મેઘનો = વાદળનો વાચક છે એમ સમજવાનું છે. કારણ કે ઈન્દ્રે અહિને માર્યા પછી, સાત નદીઓને વહેવા માટે છુટી કર્યાનો ઉલ્લેખ છે. ('અહિ'નો અર્થ 'સર્પ' થાય છે, તે વાતને વળગી રહીએ તો, જગત્‌ની બધી જ પુરાકથાઓમાં એ એક સામાન્ય વાત જોવા મળે છે કે દરેક દેશનો જે મુખ્ય દેવ, કે વીર યોદ્ધા હોય તેમણે દરેકે કોઈકને કોઈક સાપને માર્યાની માઈથોલોજી પ્રચલિત છે. ઈન્દ્રે જેમ અહિને માર્યો, તેમ મહાવીરે ચંડકોશિયા નામના સર્પને ઊંચકીને માર્ગમાંથી દૂર કર્યાની વાત છે, તથા શ્રીકૃષ્ણે પણ કલિયનાગ–દમન કર્યાનું આખ્યાન પુરાણોમાં પ્રચલિત છે.)

'સિન્ધુ' શબ્દ નદીમાત્રનો વાચક છે; सप्तसिन्धून् = સાત નદીઓને ઈન્દ્રે મુક્ત કર્યાની વાત છે તે સાત નદીઓ કઈ ? એવો પ્રશ્ન થાય તો સાયણ કહે છે કે ગંગા–યમુના વગેરે. પણ બીજી તરફ વિદ્વાનોને 'સાત' શબ્દ વેદકાળના ઋષિઓની એક ટેવનો ભાગ ગણે છે. જેમકે, સપ્તર્ષિ, સાત છન્દ, સાત સમુદ્રોની જેમ સાત સિન્ધુઓ. ઈરાનીઓના અવેસ્તા ગ્રન્થમાં हप्तहिन्दू શબ્દ પ્રચલિત છે. આની ઉપરથી જ 'હિંદુસ્તાન' શબ્દ વિકસ્યો છે.

મન્ત્રના બીજા પાદમાં આવું વાક્ય છે : यः वलस्य अपधा गाः उदाजद् । જે ઈન્દ્રે 'વલ' નામના રાક્ષસના નિરોધમાંથી ગાયોને છોડાવી, બહાર કાઢી, અહીં अपधा શબ્દનો અર્થ 'નિરોધ, બંધનમાંથી' એવો થાય છે. તથા આ શબ્દનો વેદમાં આ એક જગ્યાએ જ પ્રયોગ છે. गाः उदाजद् નો સાયણે અર્થ કર્યો છે :– गाः निरगमयत् ।

ઋગ્વેદમાં અહિ, વલ, વૃત્ર, શંબર, દાનુ, નમુચિ – એ બધા મેઘ (વાદળ)ના પર્યાય ગણાય છે; પણ વેદના ઋષિઓએ તેમને રાક્ષસ રૂપે વર્ણવ્યા હોય તેવો પણ ભાસ થાય છે. ઈન્દ્રના ગુરુ બૃહસ્પતિની ગાયો પણિઓ ઉઠાવી ગયા હતા, અને વલની ગુફામાં પૂરી દીધાની એક પુરાકથા પણ દશમા મંડળમાં પ્રસિદ્ધ છે.

બીજી તરફ, ગો શબ્દના પણ 'ગાય (પશુ)', ઉપરાંત નદી, પાણી, વાણી કે સૂર્યકિરણ – એવા અર્થોય થાય છે. તેથી "વલ નામના રાક્ષસની ગુફામાંથી પશુ ગાયોને મુક્ત કરાવી" એવો અર્થ પણ જેમ લઈ શકાય, તેમ "વાદળમાંથી પાણીને વહેવા માટે મુક્ત કર્યાં" એમ પણ અર્થ થઈ શકે; તથા "અંધારામાં પૂરાઈ રહેલી ઉષા–પ્રભાતનું અજવાળું–તેને પણ બહાર કાઢ્યું" એવો ત્રીજો અર્થ પણ વાંચી શકાય. 'ઈન્દ્ર'નો એક અર્થ 'સૂર્યદેવતા' લેવાનું પણ કેટલાક યુરોપીય વિદ્વાનોએ સૂચવ્યું છે. આથી ઈન્દ્રના જે અનેકવિધ પરાક્રમો ગૃત્સમદ વર્ણવી રહ્યા છે તેમાં આ ત્રણેય અર્થની સંભાવના છે.

આવી જ રીતે, મન્ત્રના ત્રીજા પાદમાં કહ્યું છે તે જોઈશું : यः (इन्द्रः) अश्मनोः अन्तः (= मध्ये) अग्निं जजान । "જે ઈન્દ્રે બે વાદળોની વચ્ચે (વિદ્યુત્ રૂપ) અગ્નિને ઉત્પન્ન કર્યો" તે ઈન્દ્રનું એક વિશેષ પરાક્રમ છે. अश्मन् એટલે 'વાદળ' એવો અર્થ કેવી રીતે થાય ? તો સાયણે વ્યુત્પત્તિ આપીને સમજાવ્યું છે : अश्नुते = व्याप्नोति अन्तरिक्षम् इति 'अश्मा' = मेघः । જે અન્તરિક્ષને વ્યાપી વળે છે, તેને 'અશ્મા' અર્થાત્ 'મેઘ' કહેવાય છે. આમ अश्मन् શબ્દમાં √अश् 'વ્યાપવું' ધાતુ રહેલો છે.

ચોથા પાદમાં બે વાક્ય છે : (१) समत्सु (= संग्रामेषु) (यः) संवृक् (अस्ति) । "સંગ્રામોમાં જે (ઈન્દ્ર શત્રુઓનું ધન) એકઠું કરી લેનારો (લૂંટારો) છે." [એકઠું કરનારો, લૂંટારો—અર્થવાળો संवृक् શબ્દ ઋગ્વેદમાં આ એક મન્ત્રમાં જ વપરાયો છે.] "જે ભૂમિમાં યોદ્ધાઓના આયુષ્યો ખવાઈ જાય છે, હોમાઈ જાય છે", તેને समत् કહે છે. તેનું સપ્તમી વિભક્ત બહુવચનમાં समत्सु રૂપ થાય.
૨. हे जनासः ! सः इन्द्रः (अस्ति) । હે માણસો ! તે ઈન્દ્ર છે.

येने॒मा विश्वा॒ च्यव॑ना कृ॒तानि॒ यो दासं॒ वर्ण॒मध॑रं॒ गुहाकः॑ ।
श्व॒घ्नीव॒ यो जि॑गी॒वां ल॒क्षमाद॑द॒र्यः पु॒ष्टानि॒ स ज॑नास॒ इन्द्रः॑ ॥ ४ ॥

येन॑ । इ॒मा । विश्वा॑ । च्यव॑ना । कृ॒तानि॑ । यः । दास॑म् । वर्ण॑म् । अध॑रम् । गुहा॑ । अक॒रित्यकः॑ । श्व॒घ्नीऽइ॑व । यः । जि॒गी॒वान् । ल॒क्षम् । आद॑त् । अ॒र्यः । पु॒ष्टानि॑ । सः । ज॒ना॒स॒ः । इन्द्रः॑ ॥ ४ ॥

ᵛयेन इन्द्रेण ᵛइमा इमानि ᵛविश्वा ᵛच्यवना नश्वराणि भुवानानि ᵛकृतानि स्थिरीकृतानि । ᵛयः च ᵛदासं ᵛवर्णं शूद्रादिकम् । यद्वा दासमुपक्षपयितारम् । ᵛअधरं निकृष्टमसुरं ᵛगुहा गुहायां गूढस्थाने नरके वा ᵛअकः अकार्षीत् ॥ करोतेर्लुङि 'मन्त्रे घस०' इत्यादिना च्लेर्लुकि रूपम् ॥ ᵛलक्षं लक्ष्यं ᵛजिगीवान् ॥ 'जि जये' । क्वसौ 'सन् लिटोर्जेः' इति अभ्यासादुत्तरस्य कुत्वम् । दीर्घश्छान्दसः ॥ जितवान् । ᵛयः ᵛअर्यः अरेः ॥ षष्ठ्येकवचने छान्दसो यणादेशः ॥ शत्रोः संबन्धीनि ᵛपुष्टानि समृद्धानि ᵛआदत् आदत्ते । तत्र दृष्टान्तः । ᵛश्वघ्नीव । श्वभिर्मृगान् हन्तीति श्वघ्नी व्याधः । यथा व्याधो जिघृक्षितं मृगं परिगृह्णाति तद्वत् ॥

અનુવાદ : જેણે આ (દુનિયાના) બધા (પદાર્થો)ને (ભયથી) ધ્રુજતા બનાવ્યા; જેણે 'દાસ' વર્ણ(ની પ્રજા)ને નીચે ગુફામાં (= ગૂઢ સ્થાનમાં) રહેતી કરી દીધી; જીતી ગયેલો જુગારી જેમ દાવમાં મૂકેલા ધનને લઈ લે તેમ જે (ઈન્દ્ર) શત્રુઓની ધનદોલતને લઈ લે છે; હે માણસો ! તે ઈન્દ્ર છે. (૨–૧૨–૪)

વિમર્શ : પૂર્વાર્ધમાં બે વાક્યો છે : (૧) येन (इन्द्रेण) इमा(नि) विश्वा(नि) च्यवना(नि) कृतानि । જેણે આ બધા (પદાર્થો)ને ધ્રુજાવી દીધાં છે (ચલાયમાન કરી દીધાં છે). અહીં (વેદમાં) નપુંસકલિંગમાં वनम्–वने–वनानि રૂપો થવાની સાથે, બહુવચનમાં વિકલ્પે 'वना' એવું રૂપ પણ બને છે. વેદના ઋષિઓ છન્દોબદ્ધ મન્ત્ર રચના કરતી વખતે મોટે ભાગે એકવાર જ वनानि જેવું રૂપ વાપરે છે, અને તેના પુરોવર્તી જે વિશેષણો હોય છે, તેમાં 'वना' જેવાં ટૂંકા રૂપો વાપરે છે. એટલે कृतानि ની પૂર્વે જે इमा, विश्वा, च्यवना એવાં રૂપો છે, તેને इमानि, विश्वानि અને च्यवनानि રૂપે વાંચવાના છે.

પૂર્વાર્ધનું બીજું વાક્ય આમ ગોઠવવાનું છે : यः (इन्द्रः) दासं वर्णम् अधरं गुहा (गुहायां, गूढस्थाने) अकः (= अकार्षीत्) । "જેણે 'દાસ' વર્ણ(ની પ્રજા)ને નીચે ગૂઢ સ્થાનમાં રહેતી કરી દીધી." વેદની ભાષામાં જેમ વૈકલ્પિક રૂપો વધારે વપરાય છે, તેમ ક્યારેક વિભક્ત્યન્ત પદોમાંથી પ્રત્યયોનો પૂરેપૂરો લોપ પણ થઈ જતો હોય છે. (પાણિનિનું તેને માટેનું સૂત્ર सुपां सुलुक्..... । છે.) આથી गुहायां એવા સપ્તમી એકવચનના રૂપમાંથી –याम् પ્રત્યયનો લોપ થઈને, કેવળ 'गुहा' શબ્દ મન્ત્રમાં વપરાયો છે.

ક્રિયાપદ તરીકે अकर् → अकः રૂપ છે. અહીં પદપાઠમાં । अकरिति अकः । એવું ઇતિં કરણ પૂર્વક એ ક્રિયાપદને પુનરાવૃત્ત પણ કર્યું છે. 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય'માં આવા પુનરાવૃત્ત કરાયેલા પદને 'ચર્ચા' કહેવામાં આવે છે. વેદમાં ક્યારેક कः એવું ક્રિયાપદ પણ વપરાય છે. ત્યાં પણ પદપાઠમાં । करिति कः । એવું ઈતિકરણ અને ચર્ચા (= પુનરાવૃત્તિ) કરવામાં આવે છે, પણ અહીં જો किम् સર્વનામનું कः–कौ–के રૂપોમાંનું 'कः' (કોણ) રૂપ હોય તો તેના પદપાઠમાં इति કરણ કે 'ચર્ચા' થતી નથી; કેવળ રેફાન્ત ક્રિયાપદનાં રૂપોના પદપાઠમાં જ આવું જોવા મળે છે.

'દાસ' વર્ણની પ્રજાને ઇન્દ્રે ગૂઢસ્થાનમાં રહેવા મોકલી દીધી – એવો જે ઉલ્લેખ છે તે 'દાસ' કોણ ? એવી જિજ્ઞાસા થાય તો, વેદમાં આર્યો, દાસો અને દસ્યુઓના ઉલ્લેખો વારંવાર મળે છે; અને એમના ધર્મમાં પણ ભેદ છે એવું જોવા મળે છે. પરંતુ આની ચર્ચા નીચે જુદી કરીશું.

મન્ત્રના ઉત્તરાર્ધમાં ઉપમાવાક્યનો પ્રયોગ છે : जिगीवान् श्वघ्नी इव लक्षम् आदत्, यः अर्यः[6] (= शत्रूणाम्) पुष्टानि आदत्; हे जनासः ! सः इन्द्रः (अस्ति) ।

"જીતી ગયેલો જુગારી (श्वघ्नी) જેમ 'લક્ષ'માં (અર્થાત્ દાવમાં) મૂકાયેલા (ધન)ને લઈ લે, તેમ જે અરિઓના = શત્રુઓના ધનદોલતને લઈ લે છે; તે ઈન્દ્ર છે."

અહીં આપણે श्वघ्नी નો અર્થ 'જુગારી' લીધો છે. પરંતુ સાયણાચાર્યે તેનો જુદો અર્થ લીધો છે. જેમ કે, श्वभिः मृगान् हन्ति इति 'श्वघ्नी'। (પાળેલાં) કુતરાંઓ વડે જે જંગલના પ્રાણીઓને ફસાવીને હણે છે તે શિકારીને श्वघ्नी કહેવાય છે. આ રીતે જો વિચારીએ તો વાક્યાર્થ આમ થશે :– "જિતી ગયેલો શિકારી જેમ (પોતાના) લક્ષ્યને પકડી લે છે તેમ જે શત્રુઓના ધનને લઈ લે છે." સાયણના અર્થ જોડે સંમત નહીં થવાને કોઈ કારણ નથી. પરંતુ श्वघ्नी ના વિશેષણ તરીકે जिगीवान् = 'જીતી ગયેલો' એવો જે શબ્દ વપરાયો છે, તે શિકારીને માટે બહુ બંધબેસતો નથી. તેથી યુરોપીય વિદ્વાનોએ, તેનો (श्वघ्नी) નો અર્થ 'દાવમાં મૂકાયેલું ધન' અર્થ લીધો છે).

દાસ : ઋગ્વેદમાં આર્ય પ્રજાની સાથોસાથ 'દાસ' અને 'દસ્યુ' નામની પ્રજાના ઉલ્લેખો મળે છે. મેકડોનલે આ બધા જ ઉલ્લેખોનો પૂર્વાપર સંદર્ભમાં અભ્યાસ કરીને તારણ કાઢ્યું છે કે 'દાસ' એ દાનવી પ્રકૃતિના શત્રુઓનો વાચક શબ્દ છે. જોકે એવા અનેક મન્ત્રો છે કે જેમાં તે (દાસો) આર્યોના માનવ–શત્રુઓ છે. (એટલે કે દાસ તે કોઈ રાક્ષસી પ્રજા નથી) આ દાસ પ્રજાનો રંગ શ્યામ વર્ણનો હતો, અને તેઓ 'દુર્ગ' અને 'પુર'માં રહેતા હતા. આ 'દાસો' તે આર્યોના દાસ, સેવક જેવા પણ જણાય છે. લુડવિગ્ નો મત છે કે આર્યોના શત્રુઓ માટે જ 'દાસ' શબ્દ વપરાયો છે. આમ ઋગ્વેદમાં 'દાસ' શબ્દથી 'સેવક' અર્થ લેવો કે 'માનવશત્રુ' અર્થ લેવો તે નિશ્ચિત થતું નથી. ત્સિમર અને મેયર નામના વિદ્વાનો કહે છે કે ઈરાનના કાસ્પીયન સમુદ્રકાંઠાના ઘાસના મેદાનમાં રહેતી "દહાએ" નામની પ્રજાને વેદમાં 'દાસ' કીધી છે.

ઋગ્વેદના દાસગણોમાં એક 'દિવોદાસ' (દિવ્ય દાસ, અથવા આકાશનો દાસ) અને તેનો પુત્ર 'સુદાસ્' – એ બે પાત્રો પણ મહત્ત્વના છે. વસિષ્ઠે સુદાસને દાશરાજ્ઞ–યુદ્ધમાં જીત અપાવી હતી; અને તે સુદાસ આર્યસંસ્કૃતિનો સમર્થક જણાય છે. ઋગ્વેદમાં બીજા કેટલાક દાસોના ઉલ્લેખ પણ મળે છે. જેમકે, ઈલીબિશ, ચુમુરિ, ધુનિ, પિપ્રુ, વર્ચિન્ અને શમ્બર. આમ 'દાસ' શબ્દથી ઋગ્વેદકાલિક આદિવાસી પ્રજા કે જે આર્યો જોડે શત્રુતા રાખતી હશે એવો એક સામાન્ય ખ્યાલ ઊભો થાય છે; કેમ કે ઈન્દ્રે શમ્બરને માર્યો છે, દાસોને ગૂઢ સ્થાનમાં રહેવા મોકલી દીધા – એવાં એવાં જે વાક્યો મળે છે તેનો ફલિતાર્થ તો એવો જ નીકળે. પણ વધુ સંશોધનને અવકાશ જરૂર છે.

‘દાસ’ની જેમ ઋગ્વેદમાં એક બીજી આદિવાસી પ્રજાને ‘દસ્યુઓ’ કહ્યા છે. તેઓ अनास् (નાસિકા વિનાના, બૂચા), मृध्रवाच् (આક્રમક ભાષા વાપરનારા) અને શિશ્નપૂજકો ગણાવાયા છે. તેઓ પણ આર્યો જોડે દુશ્મનાવટ રાખતા હશે તેમ જણાય છે. (અને એથી એમને રાક્ષસો ગણી લેવાનું વલણ દેખાય છે.)

यं स्मा॑ पृ॒च्छन्ति॒ कुह॒ सेति॑ घो॒रमु॒तेमा॑हु॒र्नैषो अ॒स्तीत्ये॑नम् ।
सो अ॒र्यः पु॒ष्टीर्विज॑ इ॒वा मि॑नाति॒ श्रद॑स्मै धत्त॒ स ज॑नास॒ इन्द्रः॑ ॥ ५ ॥

यम् । स्म॒ । पृ॒च्छन्ति॑ । कुह॑ । सः । इति॑ । घो॒रम् । उ॒त । ई॒म् । आ॒हुः॒ । न । ए॒षः । अ॒स्ति॒ । इति॑ । ए॒न॒म् । सः । अ॒र्यः । पु॒ष्टीः । विजः॑ऽइव । आ । मि॒ना॒ति॒ । श्रत् । अ॒स्मै॒ । ध॒त्त॒ । सः । ज॒ना॒सः॒ । इन्द्रः॑ ॥ ५ ॥

अपश्यन्तो जनाः ᵛघोरं शत्रूणां घातकं ᵛयं ᵛपृच्छन्ति ᵛस्म ᵛकुह ᵛसेति । स इन्द्रः कुत्र वर्तते इति ॥ सेति । ‘सोऽचि लोपे चेत्पादपूरणम्’ इति सोर्लोपे गुणः ॥ न क्वचिदसौ तिष्ठतीति मन्यमाना जनाः ᵛएनम् इन्द्रम् ᵛआहुः ᵛएषः इन्द्रः ᵛन ᵛअस्तीति । तथा च मन्त्रः–‘नेन्द्रो अस्तीति नेम उ त्व आह’ (ऋ. सं. ८.१००.३) इति । ᵛईम् इति पूरणः । ᵛसः इन्द्रः ᵛविजइव । इवशब्द एवार्थे । उद्वेजक एव सन् ᵛअर्यः अरेः संबन्धीनि ᵛपुष्टीः पोषकाणि गवाश्वादीनि धनानि ᵛआ ᵛमिनाति सर्वतो हिनस्ति ॥ ‘मीङ् हिंसायाम्’ । ‘मीनातेर्निगमे’ इति ह्रस्वः ॥ तस्मात् ᵛश्रदस्मै इन्द्राय ᵛधत्त । स इन्द्रोऽस्तीति विश्वासमत्र कुरुत । यद्यप्यसौ विशेषतोऽस्माभिर्न दृश्यते तथापि अस्तीति विश्वासं कुरुत । एवं निर्धारणीयमहिमोपेतः ᵛसः ᵛइन्द्रः नाहमिति ॥ ७ ॥

અનુવાદ : જે ઘોર (વ્યક્તિ)ને વિશે (યુદ્ધમાં લોકો) પૂછે છે કે “તે ક્યાં છે ?” અને (એ જ રીતે, બીજાઓ) એને વિશે “આવો (કોઈ ઈન્દ્ર) નથી” એમ પણ કહે છે, તે ઉદ્વેગ પહોંચાડનાર (લૂંટારા)ની જેમ શત્રુઓના ધનદોલતને બધી રીતે નષ્ટ કરી દે છે; આ (ઈન્દ્ર)ને વિશે તમે વિશ્વાસ કરો. હે માણસો ! તે ઈન્દ્ર છે. (૨–૧૨–૫)

વિમર્શ : પૂર્વાર્ધમાં બે વાક્યો છે : (૧) यं घोरम् (उद्दिश्य युद्धभूमौ जनाः) पृच्छन्ति स्म–“कुह सः (अस्ति)” इति । જે ઘોર (= શત્રુઓના ઘાતક ઈન્દ્ર)ને વિશે (યુદ્ધભૂમિમાં લોકો) પૂછે છે કે “ક્યાં છે તે (ઈન્દ્ર) ?” અહીં લૌકિક સંસ્કૃત ભાષામાં ‘ક્યાં’ એમ પૂછવા ‘कुत्र’ કે ‘क्व’ એવા બે અવ્યય વપરાય છે, તેને

માટે વેદની સંસ્કૃત ભાષામાં 'कुह' એવો અવ્યય જોવા મળે છે. (આ અવ્યય નાસદીયસૂક્તમાં પણ વપરાયો છે; અને તેમાંથી જ આગળ જતાં 'क्व' એવો અવ્યય વિકસ્યો છે.)

(૨) उत ईम् एनम् (उद्दिश्य) ''एषः न (इन्द्रः) अस्ति'' इति (अन्ये जनाः) आहुः । उत – એટલે 'અને વળી'; ईम् એ પાદપૂરક અવ્યય તરીકે વેદમાં વપરાય છે. आहुः એવા બહુવચનાન્ત ક્રિયાપદ ઉપરથી जनाः એવા કર્તાવાચક પદનો અધ્યાહાર લઈ શકાય છે.

ઉત્તરાર્ધમાં ત્રણ વાક્યો છે : (૩) सः विजः इव अर्यः पुष्टीः आ मिनाति । विजः इव એટલે ઉદ્વેજક, ઉદ્વેગ પમાડનાર (લૂંટારાની) જેમ, તે અરિ = શત્રુઓની પુષ્ટિને = ધનદોલતને પૂરેપૂરી નષ્ટ કરનારો છે. आ + मिनाति ક્રિયાપદમાં √मीङ् हिंसायाम् ધાતુ છે, પણ વેદમાં તે હ્રસ્વ इ સાથે વપરાય છે. आ मिनाति–એટલે પૂરેપૂરી નષ્ટ કરે છે.

(૪) ઋષિ હવે કહે છે કે જો કે આવો ઈન્દ્રદેવ કોઈને પ્રત્યક્ષ દેખાતો નથી, કોઈએ તેને જોયો નથી, પણ છતાંય એનામાં–એના હોવામાં–શ્રદ્ધા રાખો. अस्मै श्रद् धत्त । આને માટે (= ઈન્દ્રના હોવા વિશે) શ્રદ્ધા ધારણ કરો. અહીં 'श्रत्' ઉપસર્ગ રૂપે, धत्त આજ્ઞાર્થક ક્રિયાપદની પૂર્વે વપરાયો છે.

यूयं श्रद्धत्त । (श्रद्दधते = શ્રદ્ધા રાખે છે એવું લોકમાં ક્રિયાપદ બને છે.) (૫) हे जनास ! सः इन्द्र (अस्ति) । એ આ મન્ત્રનું પાંચમું ધ્રુવપંક્તિ રૂપ વાક્ય છે.

એક તરફ વૈદિક સાહિત્યમાં એમ કહેવાય છે કે ઋષિઓના સમુદાયમાંથી કેવળ વસિષ્ઠે જ ઈન્દ્રને સાક્ષાત્ જોયા હતા, એ એમની જોડે વાતચીત કરતા હતા અને વસિષ્ઠની ઈન્દ્રસ્તુતિઓથી પ્રસન્ન થયેલા ઈન્દ્રે દાશરાજ્ઞ યુદ્ધમાં સુદાસ રાજાને મદદ કરી હતી અને જીત અપાવી હતી. બીજી તરફ, બીજા મંડળના દ્રષ્ટા ઋષિ ગૃત્સમદ પોતાના સમયના અનુયાયીઓને કહે છે કે "ઈન્દ્રને વિશે શ્રદ્ધા ધારણ કરો." આનો અર્થ એ થયો કે વસિષ્ઠના સમય પછી, ઘણાં વર્ષો કે સદીઓ પછી ગૃત્સમદ ઈન્દ્રની સ્તુતિ કરી રહ્યા છે. એક સમયે, જ્યારે ઈન્દ્ર એક ઐતિહાસિક માનવ યોદ્ધા હતા. તે ક્રમશઃ 'યુદ્ધના દેવતા' (War-God) બનીને, પછીથી 'વૃષ્ટિના દેવતા' (Rain God) બન્યા છે; એક સાવ પુરાકથાશાસ્ત્રનું પાત્ર બની ગયા છે, ત્યારે દૂરના અતીત બની ગયેલા વીર્યશાળી પાત્ર વિશે લોકોને શ્રદ્ધા રાખવાનું કહેવામાં આવે તે સમજી શકાય એમ છે અને આથી જ આ સૂક્ત (૨–૧૨)માં ઈન્દ્રના યોદ્ધા તરીકેના પરાક્રમો પણ વાંચવા મળે છે અને 'વહેવા માટે

પાણીને છુટાં કર્યાં'ની વાત પણ વાંચવા મળે છે. દાસોને નમાવ્યા કે વલના ગૂઢસ્થાનમાંથી ગાયોને બહાર કાઢ્યાની કે અગ્નિને જન્માવ્યાની વાત પણ આવેલી છે. આમ ઇન્દ્ર વિષયક લગભગ બધી જ પુરાકથાઓ (mythologies) પ્રચારમાં આવી ગયા પછીનું આ (૨–૧૨) સૂક્ત છે એવી અમારી માન્યતા બંધાઈ છે.

यो र॒ध्रस्य॑ चोदि॒ता यः कृ॒शस्य॒ यो ब्र॒ह्मणो॒ नाध॑मानस्य की॒रेः ।
यु॒क्तग्रा॑व्णो॒ योऽवि॒ता सु॑शि॒प्रः सु॒तसो॑मस्य॒ स ज॑नास॒ इन्द्रः॑ ॥ ६ ॥

यः । र॒ध्रस्य॑ । चो॒दि॒ता । यः । कृ॒शस्य॑ । यः । ब्र॒ह्मणः॑ । नाध॑मानस्य । की॒रेः । यु॒क्तऽग्रा॑व्णः । यः । अ॒वि॒ता । सु॒ऽशि॒प्रः । सु॒तऽसो॑मस्य । सः । ज॒ना॒सः॒ । इन्द्रः॑ ॥ ६ ॥

^{V}यो ^{V}रध्रस्य ॥ 'रध हिंसासंराद्ध्योः' ॥ समृद्धस्य ^{V}चोदिता धनानां प्रेरयिता भवति । ^{V}यः च ^{V}कृशस्य च दरिद्रस्य च ^{V}यः च ^{V}नाधमानस्य । 'नाधृ णाधृ याच्ञोपतापैश्वर्याशीःषु' ॥ याचमानस्य ^{V}कीरेः ॥ करोतेः कीर्तयतेर्वा ॥ स्तोतुः ^{V}ब्रह्मणः ब्राह्मणस्य च धनानां प्रेरयिता । ^{V}यः च ^{V}सुशिप्रः शोभनहनुः सुशीर्षको वा सन् ^{V}युक्तग्राव्णः अभिषवार्थमुद्यतग्राव्णः ^{V}सुतसोमस्य अभिषुतसोमस्य यजमानस्य ^{V}अविता रक्षिता भवति ^{V}सः एव ^{V}इन्द्रः नाहमिति । ब्रह्मशब्दस्य त्वन्नपरत्वे ह्याद्युदात्तता स्यात् यथा 'ब्रह्म वन्वानो अजरं सुवीरम्' (ऋ. सं. ३.८.२) इति । अयं त्वन्तोदात्तः पठ्यत इति नान्नपरः ॥

અનુવાદ : જે ધનવાનનો પ્રેરક છે અને જે દરિદ્રનો પણ પ્રેરક છે. વળી, યાચના કરનાર અને સ્તુતિ કરનાર એવા બ્રાહ્મણનો પણ જે (પ્રેરક) છે. સુંદર હડપચીવાળો જે (ઇન્દ્ર), (સોમ નીચોવવાના) પથ્થરને પ્રયોજનારનો અને જેણે સોમરસને નીચોવ્યો છે તેવાનો રક્ષક છે, હે માણસો ! તે ઇન્દ્ર છે. (૨–૧૨–૬)

વિમર્શ : આ મન્ત્રના પૂર્વાર્ધમાં ત્રણ વાક્ય છે : (૧) यः रध्रस्य चोदिता (अस्ति) । (२) यः कृशस्य (चोदिता अस्ति) । (३) यः नाधमानस्य^{६} कीरेः^{६} ब्राह्मणः^{६} (चोदिता अस्ति) । અહીં रध्र એટલે 'ધનવાન, સમૃદ્ધ' અને कृश એટલે 'દરિદ્ર' એવા અર્થો ભાષ્યકારોએ આપેલા છે. ઉપરના ત્રણેય વાક્યમાં चोदिता अस्ति, (જે) "પ્રેરક છે" એટલો વિધેયાંશ એકસમાન છે. સાયણ અહીં એક સ્પષ્ટતા કરે છે કે ब्रह्मन् – ब्रह्मणः^{६} એવો શબ્દ જ્યારે આદ્યુદાત્ત હોય ત્યારે તેનો અર્થ "અન્ન" લેવાનો હોય છે; (જેમકે, ब्रह्म॑णः); પણ અહીં તે ब्र॒ह्मणः॒ એવા મધ્યોદાત્ત સ્વરૂપે છે; તેથી તેનો અર્થ 'બ્રાહ્મણ' એવો લેવાનો છે. તથા તેની

આગળ આવેલાં બે પદો नाधमानस्य (માંગણી કરનાર) અને कीरेः[६] (સ્તુતિ કરનાર) તે ब्र॒ह्मणः॒ ના વિશેષણો છે.

મન્ત્રના ઉત્તરાર્ધમાં અન્વય આ રીતે ગોઠવવાનો છે : सुशिप्रः यः युक्तग्राव्णः[६] सुतसोमस्य[६] अविता (= रक्षकः) (अस्ति); हे जनासः ! स इन्द्रः (अस्ति) ॥

शिप्र એટલે હનુ (દાઢીનો ભાગ, હડપચી); ઈન્દ્રના બાહ્યદેખાવમાં તેની દાઢીનો ભાગ વધુ ઉપસેલો હશે, જે સુંદર લાગતો હશે. તેથી તેને માટે આ વિશેષણ રૂપે વપરાયેલો શબ્દ છે.

ઈન્દ્ર પોતાના કેવા ભક્તનો રક્ષક છે ? તેને વર્ણવવા માટે મન્ત્રમાં બે વિશેષણ વપરાયા છે : यु॒क्त॒ग्रा॑व्णः અને सु॒त॒सो॑मस्य॒ । આ બન્ને શબ્દો બહુવ્રીહિ સમાસ છે, કેમ કે તેના પૂર્વપદમાં ઉદાત્ત સ્વર રહેલો છે. (૧) सोम ને નીચોવવા જેણે પથ્થરને પ્રયોજ્યો છે તે ભક્તને યુક્તગ્રાવણ કહે છે. (૨) सुतः सोमः येन । નીચોવ્યો છે સોમરસ જેણે તેને 'સુતસોમ' ભક્ત કહેવાય. ઈન્દ્ર આવાં લક્ષણોવાળા ભક્તનો અવિતા = રક્ષક બને છે.

यस्याश्वा॑सः प्र॒दिशि॒ यस्य॒ गावो॒ यस्य॒ ग्रामा॒ यस्य॒ विश्वे॒ रथा॑सः ।
यः सूर्यं॒ य उ॒षसं॑ ज॒जान॒ यो अ॒पां ने॒ता स ज॑नास॒ इन्द्रः॑ ॥ ७ ॥

यस्य॑ । अश्वा॑सः । प्र॒ऽदिशि॑ । यस्य॑ । गावः॑ । यस्य॑ । ग्रामाः॑ । यस्य॑ । विश्वे॑ । रथा॑सः । यः । सूर्य॑म् । यः । उ॒षस॑म् । ज॒जान॑ । यः । अ॒पाम् । ने॒ता । सः । ज॒ना॒सः॒ । इन्द्रः॑ ॥ ७ ॥

^{V}यस्य सर्वान्तर्यामितया वर्तमानस्य ^{V}प्रदिशि प्रदेशनेऽनुशासने ^{V}अश्वासः अश्वा वर्तन्ते । ^{V}यस्य अनुशासने ^{V}गावः । ^{V}यस्य अनुशासने ^{V}ग्रामाः । ग्रसन्तेऽत्रेति ग्रामा जनपदाः । ^{V}यस्य आज्ञायां ^{V}विश्वे सर्वे ^{V}रथासः रथा वर्तन्ते । ^{V}यः च वृत्रं हत्वा ^{V}सूर्यं ^{V}जनान जनयामास । ^{V}यः च ^{V}उषसम् । तथा मन्त्रः—'जजान सूर्यमुषसं सुदंसाः' (ऋ. सं. ३.३२.८) इति । ^{V}यः च मेघभेदनद्वारा ^{V}अपां ^{V}नेता प्रेरकः ^{V}सः ^{V}इन्द्रः इत्यादि प्रसिद्धम् ॥

અનુવાદ : જેની આજ્ઞામાં ઘોડાઓ રહેલા છે, જેની આજ્ઞામાં ગાયો રહેલી છે, જેની આજ્ઞામાં ગામો રહેલા છે અને જેની આજ્ઞામાં બધા રથો પણ રહેલા છે; વળી, જેણે સૂર્યને અને જેણે ઉષાને જન્મ આપ્યો છે તથા જે પાણીનો નેતા છે, હે માણસો ! તે ઈન્દ્ર છે; (૨–૧૨–૭)

વિમર્શ : આ મન્ત્ર સરળ છે. તેનો અન્વય આ રીતે ગોઠવવાનો છે : यस्य प्रदिशि (= आज्ञायाम्) अश्वासः (सन्ति), यस्य प्रदिशि गावः (सन्ति), यस्य प्रदिशि ग्रामाः (सन्ति), यस्य प्रदिशि विश्वे रथासः (सन्ति) [स इन्द्रः अस्ति ।] यः सूर्यं जजान, यः उषसं (जजान) । यः अपां नेता (अस्ति), स इन्द्रः (अस्ति); हे जनासः ॥

અહીં अश्वः–अश्वौ–अश्वाः/अश्वासः એવાં વૈકલ્પિક રૂપનો પ્રયોગ થયો છે તે નોંધવું. प्रदिशि = આજ્ઞામાં, પ્રશાસનમાં, કહ્યામાં, અનુશાસનમાં–એવા અર્થો થાય છે. આ પદને પુનરાવૃત્ત કરીને વાક્યો બનાવી લેવાં.

આ મન્ત્રમાં પણ જોઈ શકાય છે કે ઈન્દ્રને આખી દુનિયાના નિયન્તા તરીકે સાબિત કરવાનો પ્રયત્ન છે. વળી, સૂર્ય થકી ભલે આખી જીવસૃષ્ટિ ઊભી થઈ હોય, પણ આ મન્ત્રમાં તો સૂર્યને પણ ઈન્દ્રે જન્માવ્યો છે એવું કહ્યું છે. વળી, यः अपां नेता શબ્દો દ્વારા, સાયણ કહે છે તેમ ઋષિએ 'વૃત્રને મારીને વાદળમાં બંધાઈ રહેલા પાણીને વહેવા માટે મુક્ત કર્યાં' એ પુરાકથાનો પણ ઉલ્લેખ અહીં કરી દેવામાં આવ્યો છે. આમ ગૃત્સમદ ઋષિ ઈન્દ્રને સર્વોપરિ દેવતા તરીકે નિરૂપવા માંગતા હોય એવો ઉપક્રમ અહીં જણાય છે.

यं क्रन्द॑सी संय॒ती वि॒ह्वये॑ते॒ परेऽव॑र उ॒भया॑ अ॒मित्राः॑ ।
स॒मा॒नं चि॒द्रथ॑मातस्थि॒वांसा॒ नाना॑ हवे॒ते॒ स जना॑स॒ इन्द्रः॑ ॥ ८ ॥

यम् । क्रन्द॒सी॒ इति॑ । सं॒य॒ती इति॑ स॒म्ऽय॒ती । वि॒ह्वये॑ते॒ इति॑ वि॒ऽह्वये॑ते । परे॑ । अव॑रे । उ॒भयाः॑ । अ॒मित्राः॑ । स॒मा॒नम् । चि॒त् । रथ॑म् । आ॒त॒स्थि॒ऽवांसा॑ । नाना॑ । ह॒वे॒ते॒ इति॑ । सः । ज॒ना॒सः॒ । इन्द्रः॑ ॥ ८ ॥

^{V}यं ^{V}क्रन्दसी रोदसी शब्दं कुर्वाणे मानुषी दैवी च द्वे सेने वा ^{V}संयती परस्परं संगच्छन्त्यौ यमिन्द्रं ^{V}विह्वयेते स्वरक्षार्थं विविधमाह्वयतः । ^{V}परे उत्कृष्टाः ^{V}अवरे अधमाश्च ^{V}उभयाः उभयविधाः ^{V}अमित्राः शत्रवः यमाह्वयन्ति । ^{V}समानम् इन्द्ररथसदृशं ^{V}रथम् ^{V}आतस्थिवांसा आस्थितौ द्वौ रथिनौ तमेवेन्द्रं ^{V}नाना पृथक् पृथक् ^{V}हवेते आह्वयेते । यद्वा समानमेकरथमारूढाविन्द्राग्नी हवेते यज्ञार्थं यजमानैः पृथगाहूयेते तयोरन्यतरः ^{V}सः ^{V}इन्द्रः नाहमिति ॥

અનુવાદ : (યુદ્ધની) ગર્જનાઓ કરતી અને અંદરોઅંદર ટકરાતી (સેનાઓ) જેને અલગ અલગ બોલાવે છે, તથા ઉભય પક્ષના દૂરના અને આ તરફના શત્રુઓ પણ જેને અલગ અલગ બોલાવે છે; અરે ! એકસમાન રથમાં બેઠેલાઓ પણ જેને જુદી જુદી રીતે બોલાવે છે; હે માણસો ! તે ઈન્દ્ર છે. (૨–૧૨–૮)

વિમર્શ : विह्वयेते—'બે અલગ અલગ રીતે બોલાવે છે.' આ ક્રિયાપદ દેહલી–દીપક ન્યાયે પૂર્વાર્ધના બન્ને ચરણમાં જોડવાનું છે : (૧) क्रन्दसी संयती (सेने) यम् (इन्द्रम्) विह्वयेते । (૨) उभयाः परे अवरे (च) अमित्राः (= शत्रवः) (यम् इन्द्रम्) विह्वयेते ।

ઈન્દ્ર એક એવો યુદ્ધદેવતા છે કે જેની મદદ મેળવવા બન્ને પક્ષની સેનાઓ તેને બોલાવતી હોય છે ! આ બન્ને સેનાના વિશેષણ તરીકે क्रन्दसी—યુદ્ધની ગર્જનાઓ કરતી, અને संयती—સામસામે ટકરાતી (બે સેનાઓ) (सेना—सेने—सेनाः). બે પક્ષની સેના માટે વપરાયેલાં આ વિશેષણો क्रन्दसी અને संयती દ્વિવચનમાં છે, તેથી પદપાઠમાં તેને इतिं કરણ સાથે દર્શાવેલ છે. વ્યાકરણનો નિયમ છે કે—દીર્ઘ ई કારાન્ત, દીર્ઘ ऊ કારાન્ત અને ए કારાન્ત દ્વિવચનનાં રૂપોની "પ્રગૃહ્ય" સંજ્ઞા થાય છે; તથા પદપાઠમાં આવાં રૂપોની ઓળખ છતી કરવા, તેની પાછળ इतिं કરણ નવું ઉમેરવામાં આવે છે. દા.ત., क्रन्दसी इति । પરંતુ 'संयती' શબ્દ પણ દીર્ઘ ई કારાન્ત દ્વિવચનમાં હોવા છતાંય, પદપાઠમાં તેને કેવળ इतिं કરણથી દર્શાવેલ નથી, તેમાં 'ચર્ચા' (પુનરુક્તિ) પણ કરવામાં આવી છે. જેમકે, । संयती इतिं सम्ऽयती । આવું કરવાનું કારણ એ છે કે આ પદમાં सम् ઉપસર્ગની સાથે यती નો સમાસ પણ હતો, તેથી તેને અલગ દર્શાવવા આવું કરવામાં આવે છે. પદપાઠ એ વિઘટનની પ્રક્રિયા છે. તેથી બને એટલા નાનાં સાર્થક પદો (મોર્ફિમ)ને અલગ કરી કરીને દર્શાવવામાં આવે છે. (પદપાઠમાં अर्थः पदम् । એવા ઐન્દ્રપરંપરાના વ્યાકરણના સૂત્રને અનુસરવામાં આવે છે.) અહીં क्रन्दसी કે संयती જેવા દ્વિવચનના પદોને પદપાઠમાં જો इतिं કરણથી ન દર્શાવવામાં આવે તો नदी કે पार्वती જેવા દીર્ઘ ई કારાન્ત સ્ત્રીલિંગના પ્રથમા વિભક્તિ એકવચનનાં રૂપો હશે તેવી ભ્રાંતિ થાય અને અનુવાદ કરવામાં ભૂલ ઊભી થાય તેવી સંભાવના છે; તેથી દ્વિવચનનાં આ રૂપો છે તેમ પ્રકટ કરવા इतिं કરણ કરવું આવશ્યક છે. विह्वयेते । એ પણ ए કારાન્ત દ્વિવચનનું રૂપ છે અને તેમાં પણ वि ઉપસર્ગ છે – એ મુદ્દા સ્પષ્ટ કરવા इतिं કરણ અને 'ચર્ચા' (પુનરુક્તિ)ની જરૂર પડી છે તેમ પદપાઠ જોવાથી ખબર પડશે. આમ પદપાઠ એ ઋગ્વેદનું પહેલું (વ્યાકરણિક) ભાષ્ય છે એમ કહી શકાય.

મન્ત્રના ઉત્તરાર્ધમાં અન્વય આ પ્રમાણે થશે : समानं रथम् आतस्थिवांसा(सौ) (द्वौ रथिनौ) नाना हवेते, हे जनासः ! स इन्द्रः (अस्ति) ।

ઈન્દ્રને સૌ કોઈ બોલાવે છે એનું ચિત્ર ઘેરું કરવા ઋષિએ મન્ત્રના ઉત્તરાર્ધમાં ઉમેર્યું છે કે યુદ્ધ દરમ્યાન એક જ રથમાં બેઠેલા બે વ્યક્તિઓ (રથી અને સારથિ) પણ આ ઈન્દ્રને જુદી જુદી રીતે (= नाना—અવ્યય), हवेते બોલાવે છે, (= મદદ

માટે પ્રાર્થે છે). અહીં પણ હ્વેતે એ ક્રિયાપદ દ્વિવચનમાં છે, તેથી તેના પદપાઠમાં इति કરણ જોવા મળે છે.

य॒स्मा॒न्न ऋ॒ते वि॒जय॑न्ते॒ जना॑सो॒ यं युध्य॑माना॒ अव॑से॒ हव॑न्ते ।
यो विश्व॑स्य प्रति॒मानं॑ ब॒भूव॒ यो अ॑च्युत॒च्युत्स ज॑नास॒ इन्द्रः॑ ॥ ९ ॥

यस्मा॑त् । न । ऋ॒ते । वि॒ऽजय॑न्ते । जना॑सः । यम् । युध्य॑मानाः । अव॑से । हव॑न्ते । यः । विश्व॑स्य । प्र॒ति॒ऽमान॑म् । ब॒भूव॑ । यः । अ॒च्यु॒त॒ऽच्युत् । सः । ज॒ना॒सः॒ । इन्द्रः॑ ॥ ९ ॥

^{V}यस्मात् ^{V}ऋते ^{V}जनासः जनाः ^{V}न ^{V}विजयन्ते विजयं न प्राप्नुवन्ति । अतः ^{V}युध्यमानाः युद्धं कुर्वाणा जनाः ^{V}अवसे स्वरक्षणाय ^{V}यम् इन्द्रं ^{V}हवन्ते आह्वयन्ति । ^{V}यः च ^{V}विश्वस्य सर्वस्य जगतः ^{V}प्रतिमानं प्रतिनिधिः ^{V}बभूव । ^{V}यः च ^{V}अच्युतच्युत् अच्युतानां क्षयरहितानां पर्वतादीनां च्यावयिता ^{V}सः ^{V}इन्द्रः इत्यादि प्रसिद्धम् ॥

અનુવાદ : જેના વિના માણસો વિજય મેળવી શકતા નથી; યુદ્ધ કરનારાઓ (પોતાના) રક્ષણ માટે જેને (સતત) બોલાવે છે; જે આખા જગત્ નો આદર્શ બન્યો છે; અરે ! જે અચ્યુત પદાર્થોને/વ્યક્તિઓને પણ ચ્યુત કરી દે છે (= અવિનાશીનો પણ વિનાશ કરે છે) હે માણસો ! તે ઈન્દ્ર છે. (૨–૧૨–૯).

વિમર્શ : વેંકટ–માધવ નામના ભાષ્યકાર તો કહે છે કે આ ઋચા 'નિગદવ્યાખ્યાત' (ઉચ્ચારણ કરતાંની સાથે સમજાઈ જાય એવી) છે ! આમાં દરેક પાદ દીઠ એક એક વાક્ય આવેલું છે : (૧) जनासः यस्मात् ऋते न विजयन्ते । (યુદ્ધમાં) માણસો જેના વિના (= જે ઈન્દ્રની મદદ વિના) જીત મેળવી શકતા નથી (તે ઈન્દ્ર છે.) (૨) અહીં ऋते = 'વિના' અવ્યય સાથે પંચમી વિભક્તિ વપરાઈ છે.

(૨) युध्यमानाः (जनाः) अवसे (रक्षणाय) यम् (इन्द्रम्) हवन्ते । યુદ્ધ કરતા લોકો (સૈનિકો) (પોતાના) રક્ષણ માટે જે(ઈન્દ્ર)ને (સતત) બોલાવે છે. અહીં √अव् रक्षणे ધાતુને હેત્વર્થ કૃદન્તનો –असे પ્રત્યય લાગીને अवसे રૂપ બન્યું છે : 'રક્ષણ માટે'.

(૩) यः (इन्द्रः) विश्वस्य (जगतः) प्रतिमानं बभूव । 'જે (ઈન્દ્ર) આખી દુનિયાને માટે પ્રતિમાન = આદર્શ બન્યો છે.' અહીં સાયણાચાર્યે 'પ્રતિમાન'નો અર્થ 'પ્રતિનિધિ' કર્યો છે; ડૉ. એસ્તેરબહેન સોલોમને તેનો અર્થ 'સમોવડિયો બન્યો છે' તેમ કર્યો છે. પરંતુ જો આ સૂક્ત ઈન્દ્રનો મહિમા ગાવા રચાયું હોય, અને

તેને માટે જ રચાયું છે, તો 'સમોવડિયો' અર્થ કરવા કરતાં 'આદર્શ બન્યો છે' એમ કરવો વધુ ઉચિત જણાય છે. પીટર પીટરસને (૧૯૨૪માં) 'પ્રતિમાન' શબ્દના વાચ્યાર્થને ધ્યાનમાં લઈને Who is the image of this whole world એવો કર્યો છે. (અર્થાત્ ઈન્દ્ર તે આખા જગત્ ની પ્રતિકૃતિ છે.)

(૪) यः अच्युतच्च्युत (अस्ति); हे जनासः ! स इन्द्रः (अस्ति) । "જે અચ્યુત પદાર્થો કે માણસોને પણ ચ્યુત કરી દેનારો છે; હે માણસો ! તે ઈન્દ્ર છે." અગાઉ કહ્યું છે તેમ મન્ત્ર–દ્રષ્ટા ગૃત્સમદ ઋષિ ઈન્દ્રદેવતાને સર્વોપરિ દેવ તરીકે જ સ્થાપવા માંગે છે.

यः शश्व॑तो॒ मह्येनो॒ दधा॑ना॒नम॑न्यमाना॒ञ्छर्वा॑ ज॒घान॑ ।
यः शर्ध॑ते॒ नानु॒ददा॑ति शृ॒ध्यां यो दस्यो॑र्ह॒न्ता स ज॑नास॒ इन्द्र॑ः ॥ १० ॥

यः । शश्व॑तः । महि॑ । एन॑ः । दधा॑नान् । अम॑न्यमानान् । शर्वा॑ । ज॒घान॑ । यः । शर्ध॑ते । न । अ॒नु॒ऽददा॑ति । शृ॒ध्याम् । यः । दस्योः॑ । ह॒न्ता । सः । ज॒ना॒स॒ः । इन्द्र॑ः ॥ १० ॥

ᵛयः ᵛमहि महत् ᵛएनः पापं ᵛदधानान् ᵛशश्वतः बहून् ᵛअमन्यमानान् आत्मानमजानत इन्द्रमपूजयतो वा जनान् ᵛशर्वा । शृणाति शत्रूननेनेति शरुर्वज्रः । तेनायुधेन ᵛजघान ॥ हन्तेर्लिटि रूपम् ॥ ᵛयः च ᵛशर्धते उत्साहं कुर्वते अनात्मज्ञाय जनाय ᵛशृध्याम् उत्साहनीयं कर्म ᵛनानुददाति न प्रयच्छति ॥ अनुपूर्वात् 'डुदाञ् दाने' जौहोत्यादिकः । 'अभ्यस्तानामादिः' इति 'तिङि चोदात्तवति' इति गतेर्निघातः । ᵛयः च ᵛदस्योः उपक्षपयितुः शत्रोः ᵛहन्ता घातकः ᵛसः ᵛइन्द्रः इत्यादि पूर्ववत् ॥ ८ ॥

અનુવાદ : મોટું પાપ કરનારાઓ અને તે (ઈન્દ્ર)ને નહીં માનનાર (અર્થાત્ ઈન્દ્રનો અનાદર કરનારા એવા) અનેકને જે વજ્રથી હણી કાઢે છે; વળી, અભિમાન કરનારાને જે (કદાપિ) માફી આપતો નથી; જે દસ્યુને હણનારો છે; હે માણસો ! તે ઈન્દ્ર છે. (૨–૧૨–૧૦).

વિમર્શ : પૂર્વાર્ધમાં બે પાદનું એક વાક્ય છે, તેનો અન્વય આમ થશે : महि एनः (= पापं) दधानान्, (इन्द्रम्) अमन्यमानान् शश्वतः (= बहून्) यः शर्वा (= वज्रेण) जघान । સાયણે અહીં शर्वा નો અર્થ 'વજ્રથી' એવો કર્યો છે. शृणाति (√शृ ૯મો ગણ, પરસ્મૈપદી, 'હણવું') शत्रून् अनेन इति । જેનાથી શત્રુઓને હણવામાં આવે છે તે (વજ્ર)ને "શરુ" કહે છે. આ શબ્દનું તૃતીયા એકવચન शर्वा થશે.

ઉત્તરાર્ધમાં ત્રણ વાક્ય છે : (૧) शर्धते[૬] (शत्रवे) यः शृध्यां न अनुददाति । અભિમાન કરનાર (શત્રુ)ને જે (કદાપિ) માફી આપતો નથી. √शृध् ૧લો ગણ પરસ્મૈપદનું વર્તમાન કૃદન્ત ચતુર્થી એકવચનનું રૂપ शर्धते થાય છે; જેનો અર્થ "અભિમાન કરી રહેલા શત્રુને" એવો થશે. (૨) यः (इन्द्रः) दस्योः हन्ता (अस्ति), જે દસ્યુને હણનારો છે. (૩) हे जनासः स इन्द्रः (अस्ति) । હે માણસો ! તે ઇન્દ્ર છે.

यः शम्बरं पर्वतेषु क्षियन्तं चत्वारिंश्यां शरद्यन्वविन्दत् ।
ओजायमानं यो अहिं जघान दानुं शयानं स जनास इन्द्रः ॥ ११ ॥

यः । शम्बरम् । पर्वतेषु । क्षियन्तम् । चत्वारिंश्याम् । शरदि । अनुऽअविन्दत् । ओजायमानम् । यः । अहिम् । जघान । दानुम् । शयानम् । सः । जनासः । इन्द्रः ॥ ११ ॥

Vयः Vपर्वतेषु Vक्षियन्तम् इन्द्रभिया बहून् संवत्सरान् प्रच्छन्नो भूत्वा पर्वतगुहासु निवसन्तं Vशम्बरम् एतन्नामकं मायाविनमसुरं Vचत्वारिंश्यां Vशरदि चत्वारिंशे संवत्सरे Vअन्वविन्दत् अन्विष्यालभत । लब्ध्वा च Vयः Vओजायमानम् ॥ 'कर्तुः क्यङ् सलोपश्च', 'ओजसोऽप्सरसो नित्यम्' (पा. सू. ३.१.११.२) इति सकारलोपः ॥ बलमाचरन्तम् Vअहिम् आहन्तारं Vदानुं दानवं Vशयानं शम्बरमसुरं Vजघान हतवान् Vसः Vइन्द्रः नाहमिति ॥

અનુવાદ : પર્વતોમાં (સંતાઈને) રહેતા શમ્બરને જેણે પાછળ પડીને ચાલીસમી શરદ્ ઋતુમાં (= ૪૦મા વર્ષે) શોધી કાઢ્યો (અને પછી મારી કાઢ્યો); (નદીઓની અટકાવીને) સૂતેલા અને બળ કરી રહેલા અહિ નામના દાનવને જેણે મારી નાખ્યો; હે માણસો ! તે ઇન્દ્ર છે. (૨–૧૨–૧૧).

વિમર્શ : પૂર્વાર્ધમાં એક વાક્ય છે : पर्वतेषु क्षियन्तं शम्बरं चत्वारिंश्यां शरदि अनुऽअविन्दत् । √क्षि निवासे ધાતુનું વર્તમાન કૃદન્ત क्षियत्, તેનું દ્વિતીયા વિભક્તિ એકવચનનું રૂપ અને શમ્બરનું વિશેષણ क्षियन्तम् થાય છે. ઇન્દ્ર અને શમ્બર વચ્ચે શત્રુતા હતી, પણ શમ્બર પર્વતોમાં સંતાઈને રહેતો હતો. સાયણ કહે છે કે આ શમ્બર 'માયાવી અસુર' હતો. તેને ઇન્દ્રે ચાળીસમી શરદ્ ઋતુમાં (અર્થાત્ ચાલીસમા વર્ષે) શોધી કાઢ્યો.

'શમ્બર' વિશે, મેકડોનલે ઘણા સંદર્ભો ધ્યાનમાં લઈને વૈદિક ઇન્ડેક્સ (ભાગ–૨, પૃ. ૩૯૬)માં લખ્યું છે; પણ ત્યાં આ મન્ત્રનો ઉલ્લેખ બાકી રહી

ગયો છે. આ મન્ત્ર સ્પષ્ટપણે બતાવે છે કે શમ્બર એ ચોક્કસપણે પર્વતોમાં ફરનારો, રહેનારો એક એવો વાસ્તવિક શત્રુ છે કે જેને મારવા માટે ઈન્દ્રે સતત અથાક પ્રયાસ કર્યો હશે. જેને ઈન્દ્રે ચાળીસ વર્ષોની શોધ પછી પકડ્યો હતો (અને માર્યો હતો.) ઋગ્વેદના (૭–૧૮–૨૦)માં વસિષ્ઠે ઈન્દ્રના પરાક્રમ વર્ણવતાં કહ્યું છે કે ઈન્દ્રે શમ્બરને હણ્યો હતો. આમ ઈન્દ્રનો આ એક આદિવાસી માનવશત્રુ છે. પણ હિલેબ્રાન્ટ કહે છે તેમ આર્યો ભારતમાં આવ્યા, સ્થિર થયા તે પછી શમ્બરને અસુરની કોટિમાં મૂકી દેવામાં આવ્યો છે. સાયણે તો 'અહિ' અને 'દાનુ'ને શમ્બરનાં જ વિશેષણ તરીકે ઘટાવ્યા છે; અને શમ્બરને 'માયાવી અસુર' કીધો છે.

મન્ત્રના ઉત્તરાર્ધમાં આ પ્રકારનું વાક્ય છે : शयानम् ओजायमानम् अहिम् दानुम् यः (इन्द्रः) जघान; (हे) जनासः ! स इन्द्रः (अस्ति) । એવી વૈદિક પુરાકથા છે કે અહિ નામનો દાનવ નદીઓના પાણીને વહેતા અટકાવીને, રોકીને રસ્તામાં સૂતો હતો, ઈન્દ્રે તેને મારી નાખીને પાણીને વહેતા કર્યાં હતાં. આ કથાનો અહીં નિર્દેશ છે.

यः स॒प्तर॑श्मिर्वृष॒भस्तुवि॑ष्मान॒वासृ॑ज॒त्सर्त॑वे स॒प्त सिन्धू॑न् ।
यो रौ॑हि॒णमस्फु॑र॒द्वज्र॑बाहु॒र्द्या॑मा॒रोह॑न्तं॒ स ज॑नास॒ इन्द्र॑ः ॥ १२ ॥

यः । स॒प्तऽर॑श्मिः । वृ॒ष॒भः । तुवि॑ष्मान् । अ॒व॒ऽअसृ॑जत् । सर्त॑वे । स॒प्त । सिन्धू॑न् । यः । रौ॒हि॒णम् । अस्फु॑रत् । वज्र॑ऽबाहुः । द्याम् । आ॒ऽरौह॑न्तम् । सः । ज॒ना॒सः । इन्द्र॑ः ॥ १२ ॥

^{V}यः ^{V}सप्तरश्मिः सप्तसंख्याकाः पर्जन्या रश्मयो यस्य । ते च रश्मयः 'वराहवः स्वतपसो विद्युन्महसो धूपयः श्वापयो गृहमेधाश्चेत्येते ये चेमेऽशिमिविद्विषः पर्जन्याः सप्त पृथिवीमभिवर्षन्ति वृष्टिभिः' (तै. आ. १.९.४–५) इति तैत्तिरीयारण्यके ह्याम्नाताः । ^{V}वृषभः वर्षकः ^{V}तुविष्मान् वृद्धिमान् बलवान् वा ^{V}सप्त सर्पणस्वभावान् ^{V}सिन्धून् अपः ^{V}सर्तवे सरणाय ^{V}अवासृजत् अवसृष्टवान् । यद्वा गङ्गाद्याः सप्त मुख्या नदीरसृजत् । ^{V}यः च ^{V}वज्रबाहुः सन् ^{V}द्यां दिवम् ^{V}आरोहन्तं ^{V}रौहिणम् असुरम् ^{V}अस्फुरत् जघान ॥ 'स्फुर स्फुरणे' । तुदादिः ॥

અનુવાદ : જે સાત લગામો (અથવા સાત કિરણો)વાળા બળવાન વૃષભે સાત નદીઓને વહેવા માટે છુટી કરી છે. દ્યુલોકમાં ઉપર ચઢી રહેલા રૌહિણ (નામના અસુર)ને જે વજ્રબાહુએ મારી નાખ્યો છે; હે માણસો ! તે ઈન્દ્ર છે. (૨–૧૨–૧૨)

વિમર્શ : પૂર્વાર્ધમાં એક જ વાક્ય છે : यः सप्तरश्मिः तुविष्मान् वृषभः सप्त सिन्धून् सर्तवे अवासृजत् । स॒प्तर॑श्मिः સમાસના પૂર્વપદમાં ઉદાત્ત સ્વર હોવાને કારણે તે બહુવ્રીહિ છે. અહીં 'રશ્મિ' શબ્દના બે અર્થોની શક્યતા છે. (૧) કિરણ અને (૨) લગામ. (દોરી). तुविष्मान् એટલે વૃદ્ધિવાળો, બળવાળો; અને वृषभः– એટલે (રૂઢ અર્થમાં) 'આખલો', પણ યૌગિકાર્થમાં '(પાણીને) વર્ષાવનાર'. (વેદમાં પ્રાયઃ દરેક શબ્દના યૌગિક અર્થ જ બંધ બેસાડવાના હોય છે.) – આ ત્રણેય પ્રથમાન્ત પદો इन्द्रः નાં વિશેષણો છે. 'સિન્ધુ' શબ્દ 'નદી' માટેનો જાતિવાચક શબ્દ છે. सर्तवे = સરકવા માટે, વહેવા માટે √सृ ધાતુનું વૈદિક હેત્વર્થ કૃદન્તનું રૂપ છે.

ઉત્તરાર્ધમાં બીજું વાક્ય આમ છે : द्याम् आरोहन्तं रौहिणम् यः वज्रबाहुः अस्फुरत्; हे जनासः ! स इन्द्रः अस्ति ।

આમાં ઈન્દ્રને 'વજ્રબાહુ' કહ્યા છે. ઈન્દ્રને વજ્ર નામના આયુધવાળા કહ્યા છે. તે વજ્રથી તેમણે 'રૌહિણ' નામના એક રાક્ષસને હણ્યો હતો. સાયણ રૌહિણને અસુર કહે છે; પણ જર્મન વિદ્વાન હિલેબ્રાન્ટ તેને રોહિણી નક્ષત્ર જોડે સાંકળવા પ્રયાસ કરે છે. (પણ તેનું કોઈ રીતે સમર્થન થઈ શકે તેવું નથી.) ઋગ્વેદ ૧–૧૦૩–૨ અને ૨–૧૨–૧૨માં અને અથર્વવેદ (૨૦–૧૨૮–૧૩)માં પણ રૌહિણનો ઉલ્લેખ છે.

द्यावा॑ चिदस्मै पृथि॒वी न॑मेते॒ शुष्मा॑च्चिदस्य॒ पर्व॑ता भयन्ते ।
यः सो॑म॒पा नि॑चि॒तो वज्र॑बाहु॒र्यो वज्र॑हस्तः॒ स ज॑नास॒ इन्द्रः॑ ॥ १३ ॥

द्यावा॑ । चि॒त् । अ॒स्मै॒ । पृ॒थि॒वी इति॑ । न॒मे॒ते॒ इति॑ । शुष्मा॑त् । चि॒त् । अ॒स्य॒ । पर्व॑ताः । भ॒य॒न्ते॒ । यः । सो॒म॒ऽपाः । नि॒ऽचि॒तः । वज्र॑ऽबाहुः । यः । वज्र॑ऽहस्तः । सः । ज॒ना॒सः॒ । इन्द्रः॑ ॥ १३ ॥

^{V}अस्मै इन्द्राय ^{V}द्यावा ^{V}पृथिवी । इतरेतरापेक्षया द्विवचनं 'प्र मित्रयोर्वरुणयोः' (ऋ. सं. ७.६६.१) इतिवत् ॥ ^{V}नमेते स्वयमेव प्रह्वीभवतः ॥ 'णमु प्रह्वत्वे'। कर्मकर्तरि 'न दुहस्नुनमां यक्चिणौ' इति यकः प्रतिषेधः ॥ ^{V}चित् अपि च ^{V}अस्य इन्द्रस्य ^{V}शुष्मात् बलात् ^{V}पर्वताः ^{V}भयन्ते बिभ्यति । ^{V}यः ^{V}सोमपाः सोमस्य पाता ^{V}निचितः सर्वैः । यद्वा अन्येभ्योऽपि देवेभ्यो दृढाङ्गः । ^{V}वज्रबाहुः वज्रसदृशबाहुः । ^{V}यः च ^{V}वज्रहस्तः वज्रयुक्तः ^{V}सः ^{V}इन्द्रः इत्यादि प्रसिद्धम् ॥

અનુવાદ : દ્યુલોક અને પૃથિવીલોક આ (ઈન્દ્ર)ને માટે નમે છે; આ (ઈન્દ્ર)ના બળ થકી પર્વતો પણ ભય અનુભવે છે. જે સોમ–પાન કરનાર તરીકે વિખ્યાત બન્યા છે; જે વજ્ર જેવા બાહુવાળાના હાથમાં (પણ) વજ્ર છે; હે માણસો ! તે ઈન્દ્ર છે. (૨–૧૨–૧૩)

વિમર્શ : પૂર્વાર્ધમાં બે વાક્ય છે : (૧) द्यावा पृथिवी अस्मै (इन्द्राय) नमेते । દ્યુલોક અને પૃથિવીલોક આ ઈન્દ્રને માટે નમે છે. (અહીં પૃથિવી અને નમેતે એ બન્ને દ્વિવચનનાં રૂપો છે, તેથી તેના પદપાઠમાં ઇતિં કરણ થયું છે.) (૨) अस्य (इन्द्रस्य) शुष्मात् पर्वताः भयन्ते । આ (ઈન્દ્ર)ના બળ થકી પર્વતો પણ કંપે છે, ભય પામે છે. (આ વિધાનની પાછળ એવી પુરાકથા છે કે ઈન્દ્રે કોઈક જમાનામાં ઉડતા પર્વતોની પાંખો કાપી કાઢી હતી. ત્યારથી માંડીને પર્વતો ઈન્દ્રથી ડરે છે.)

ઉત્તરાર્ધમાં બે વિધાનો છે. (૧) यः सोमपाः निचितः । જે (ઈન્દ્ર) સોમ પીનાર તરીકે વિખ્યાત બન્યો છે. અથવા 'નિચિત' એટલે 'દૃઢ શરીરવાળો' બન્યો છે. (૨) यः वज्रबाहुः वज्रहस्तः (अस्ति); हे जनासः ! स इन्द्रः (अस्ति) । અહીં ઈન્દ્રને માટે વપરાયેલાં બન્ને શબ્દો બહુવ્રીહિ સમાસ છે, પરંતુ પહેલા સમાસ वज्रबाहुःનો અર્થ "વજ્રના જેવા બાહુવાળો" અને બીજા वज्रहस्तःનો અર્થ "જેના હાથમાં વજ્ર છે" તેવો કરવાનો છે. આ બન્ને સામાસિક પદોના અર્થનો ભેદ ઘણા વિદ્વાનોના ધ્યાન ઉપર આવ્યો નથી. દા.ત. ડૉ. એસ્તેરબેન સોલોમને આનો અર્થ "અને જેના બાહુમાં કે હાથમાં વજ્ર છે" એવો કર્યો છે. પરંતુ ખરેખર તો वज्रबाहुः वज्रहस्तः એવા શબ્દોથી ઋષિને એવું વ્યંજિત કરવું છે કે આ ઈન્દ્ર હાથમાં વજ્ર નામનું આયુધ ન લે તો પણ, તેનો હાથ જ વજ્ર જેવો છે; અને એવા વજ્રસદૃશ બાહુવાળો જો (તદુપરાંત પણ) વજ્ર આયુધને ધારણ કરશે તો તો પછી બાકી જ શું રહેશે ?! ઈન્દ્ર આયુધ વિનાનો પણ જો ખતરનાક બની શકે એમ છે, કેમકે તે વજ્રસદૃશ બાહુવાળો છે; તો પછી વજ્ર હાથમાં લીધા પછી તો તે કેટલી હદે ખતરનાક બની જશે એનો વિચાર કરવા જેવો છે. વેંકટમાધવના ભાષ્યમાં વળી, આ વિશેષણોને સમજાવતાં લખ્યું છે કે – सोमपाः दृढशरीरः, तस्य बाहौ कदाचिद् वज्रः, कदाचिद् हस्ते इति । અર્થાત્ "તે દૃઢ શરીરવાળા ઈન્દ્રના ક્યારેક બાહુમાં વજ્ર હોય છે, તો ક્યારેક હાથ (આંગળીઓથી માંડી હથેળી સુધીનો ભાગ)માં વજ્ર હોય છે." એટલે કે – (૧) ઈન્દ્ર ક્યાં તો આખી બાંયના ઝભ્ભામાં વજ્રને સંતાડીને રાખતા હશે; અથવા તેમના આખા બાહુમાં વજ્ર જેટલી તાકાત હશે; અને (૨) ક્યાં તો તે હાથમાં ખુલ્લું–દેખાય તેવું–વજ્ર લઈને ફરતા હશે.

પીટર પીટરસને Hymns from the Rigveda (Bombay, 1924) Page–312 ઉપર આનો અનુવાદ ".....known to us as the drinker of our soma, and the **wielder** of the thunderbolt. He, O men, is Indra." એવો કર્યો છે. જેનો અર્થ થશે : 'જેણે વજ્ર ધારણ કર્યું છે, અને જે મારવા માટે તૈયાર છે.' પરંતુ આ અનુવાદ કરતાંય ઉપર જે વ્યંગ્યાર્થપૂર્ણ અર્થ દર્શાવ્યો છે, તે 'વજ્રબાહુ' અને 'વજ્રહસ્ત'ના સ્વરભાર અને બહુવ્રીહિ પ્રકારની શબ્દરચનાને અનુસરીને છે.

यः सु॒न्वन्त॒मव॑ति॒ यः पच॑न्तं॒ यः शंस॑न्तं॒ यः श॑शमा॒नमू॒ती ।
यस्य॒ ब्रह्म॒ वर्ध॑नं॒ यस्य॒ सोमो॒ यस्ये॒दं राध॒ः स जं॑नास॒ इन्द्र॑ः ॥ १४ ॥

यः । सु॒न्वन्त॑म् । अव॑ति । यः । पच॑न्तम् । यः । शंस॑न्तम् । यः । श॒श॒मा॒नम् । ऊ॒ती । यस्य॑ । ब्रह्म॑ । वर्ध॑नम् । यस्य॑ । सोम॑ः । यस्य॑ । इ॒दम् । राध॑ः । सः । ज॒ना॒स॒ः । इन्द्र॑ः ॥ १४ ॥

^{V}यः ^{V}सुन्वन्तं सोमाभिषवं कुर्वन्तं यजमानम् ^{V}अवति रक्षति । ^{V}यः च पुरोडाशादीनि हवींषि ^{V}पचन्तं ^{V}यः च ^{V}ऊती ऊतये ॥ 'सुपां सुलुक्०' इति चतुर्थ्याः पूर्वसवर्णदीर्घः । स्वरक्षायै शस्त्राणि ^{V}शंसन्तं ^{V}यः च ^{V}शशमानम् अवति स्तोत्रं कुर्वाणं रक्षति । ^{V}ब्रह्म परिवृढं स्तोत्रं ^{V}यस्य ^{V}वर्धनं वृद्धिकरं भवति । तथा ^{V}यस्य ^{V}सोमः वृद्धिहेतुर्भवति । ^{V}यस्य च ^{V}इदम् अस्मदीयं ^{V}राधः पुरोडाशादिलक्षणमन्नं वृद्धिकरं भवति । ^{V}सः ^{V}इन्द्रः इत्यादि प्रसिद्धम् ॥

અનુવાદ : જે (ઇન્દ્ર) સામે ચાલીને (સોમ) નીચોવનારને રક્ષે છે, જે (ઇન્દ્ર) (હવિષને) પકવનારને રક્ષે છે, જે (ઇન્દ્ર) (સ્તોત્ર) ગાનારને રક્ષે છે અને જે (ઇન્દ્ર) પરિશ્રમ કરનારને રક્ષે છે. મન્ત્ર જે (ઇન્દ્ર)ની વૃદ્ધિ કરે છે અને સોમ પણ જે (ઇન્દ્ર)ની વૃદ્ધિ કરે છે. (એ જ પ્રમાણે) આ હવિ (राधः) જે (ઇન્દ્ર)ની વૃદ્ધિ કરે છે; હે માણસો ! તે ઇન્દ્ર છે. (૨–૧૨–૧૪)

વિમર્શ : પૂર્વાર્ધમાં દરેક કર્મવાચક દ્વિતીયાન્ત પદ જોડે अवति ક્રિયાપદની પુનરાવૃત્તિ કરીને વાકયાર્થ કાઢવાનો છે. જેમકે, यः (इन्द्रः) सुन्वन्तम् अवति । यः (इन्द्रः) पचन्तम् अवति । વગેરે. પણ ઇન્દ્ર શેનાથી રક્ષે છે ? તો છેલ્લે ऊती એવો શબ્દ મૂક્યો છે, તેને તૃતીયાન્ત ગણીને ऊत्या રૂપે સમજવાનું છે. ऊतिः શબ્દ 'રક્ષણ'નો વાચક (ભાવવાચક નામ) છે. વેંકટમાધવે તેનો અર્થ अभिगमनेन[3] = 'સામે ચાલીને' એવો કર્યો છે; જે અહીં બરાબર બંધ બેસી જાય છે.

√सु (सुनोति) પાંચમો ગણ, ઉભયપદી, નીચોવીને સોમરસ કાઢવો એ અર્થ દર્શાવતા ધાતુનું વર્તમાનકૃદન્ત પુંલિંગ બીજી વિભક્તિ એકવચનમાં सुन्वन्तम् રૂપ થાય. એ જ રીતે पचन्तम्, शंसन्तम् અને शशमानम् એ બધાં પણ વર્તમાનકૃદન્ત બીજી વિભક્તિ એકવચનનાં રૂપ છે. (अवति ક્રિયાપદનાં તે કર્મકારક છે.) √शम् (शाम्यति) ચોથા ગણનો 'પરિશ્રમ કરવો' અર્થવાળો ધાતુ છે, તેનું शशमानम् રૂપ છે.

ઉત્તરાર્ધમાં, (૧) ब्रह्म यस्य वर्धनं (करोति), (૨) सोमः यस्य (वर्धनं करोति) ।, (૩) इदं राधः (अन्नं) यस्य (वर्धनं करोति) । એવાં વાક્યો છે.

આખા મન્ત્રનું કથયિતવ્ય સમજવું હોય તો, ઉત્તરાર્ધને પહેલાં વાંચીને; 'માટે' "આથી" એવા પદોનો અધ્યાહાર લઈને પૂર્વાર્ધને વાંચવો જોઈએ. જેમકે, "મન્ત્રરચના જેના બળની વૃદ્ધિ કરે છે, માટે તે (ઈન્દ્ર) સ્તુતિ કરનારની રક્ષા કરે છે." "જેની વૃદ્ધિ સોમ કરે છે, માટે તે સોમ નીચોવનારની રક્ષા કરે છે." વગેરે.

यः सु॑न्व॒ते पच॑ते दु॒ध्र आ चि॒द्वाज॒ं दर्द॑र्षि॒ स कि॒ला॑सि स॒त्यः ।
व॒यं॑ तं॑ इन्द्र वि॒श्वह॑ प्रि॒यासः॑ सु॒वीरा॑सो वि॒दथ॒मा व॑देम ॥ १५ ॥

यः । सु॒न्व॒ते । पच॑ते । दु॒ध्रः । आ । चि॒त् । वाज॑म् । दर्द॑र्षि । सः । किल॑ । अ॒सि॒ । स॒त्यः । व॒यम् । ते॒ । इ॒न्द्र॒ । वि॒श्वह॑ । प्रि॒यासः॑ । सु॒ऽवीरा॑सः । वि॒दथ॑म् । आ । व॒दे॒म॒ ॥ १५ ॥

इदानीमृषिः साक्षात्कृतमिन्द्रं प्रति ब्रूते । हे ^{V}इन्द्र ^{V}यः ^{V}दुध्रः दुर्धरः सन् ^{V}सुन्वते सोमाभिषवं कुर्वते पुरोडाशादिहवींषि ^{V}पचते यजमानाय ^{V}वाजाम् अन्नं बलं वा ^{V}आ ^{V}दर्दर्षि भृशं प्रापयसि ^{V}सः तादृशस्त्वं ^{V}सत्यः यथार्थभूतः ^{V}असि न पुनर्नास्तीति बुद्धियोग्योऽसि । ^{V}किल इति प्रसिद्धौ । ^{V}ते तव ^{V}प्रियासः ^{V}सुवीरासः कल्याणपुत्रपौत्राः सन्तः ^{V}वयं ^{V}विश्वह सर्वेष्वहःसु ^{V}विदथं स्तोत्रम् ^{V}आ ^{V}वदेम ब्रूयाम ॥ ९ ॥

અનુવાદ : જે તું દુર્ધર્ષ હોઈને, (સોમ) નીચોવનારને અને હવિષને રાંધનારને ફરી ફરીને ભેટ મેળવી આપે છે; તે તું ખરેખર સત્ય છું. હે ઈન્દ્ર ! સારા વીર પુત્રોવાળા અને તને પ્રિય એવા અમે દરરોજ (તારાં) સ્તોત્રનું ગાન કરીએ છીએ. (૨–૧૨–૧૫)

વિમર્શ : પૂર્વાર્ધમાં વાક્યાન્વય આમ ગોઠવવાનો છે : यः दुध्रः (सन् त्वं) सुन्वते⁴, वाजं पचते⁴ आ चिद् दर्दर्षि सः (त्वम्) किल सत्यः असि । અહીં ત્રીજા પુરુષ રૂપે ઈન્દ્રનો ઉલ્લેખ શરૂ કરીને, પાછળથી બીજા પુરુષમાં વાક્યને ફેરવી દીધું છે. दुध्रः = दुर्धर्ष = કોઈનાથીય ન હરાવી શકાય એવો, ઈન્દ્રને કોઈ પાછો પાડી શકે તેમ નથી. दर्दर्षि–તે પૌનઃપુન્યાર્થકનું રૂપ છે, તેથી "ફરી ફરીને–વારંવાર ભેટ મેળવી આપે છે." તેવો અનુવાદ કરવાનો છે. दर्दर्षि = વર્તમાનકાળ બીજો પુરુષ એકવચનનું ક્રિયાપદ.

મન્ત્રના ઉત્તરાર્ધમાં આ પ્રમાણે અન્વય થશે : (हे) इन्द्र ! सुवीरासः ते प्रियासः वयं विश्वह (= प्रतिदिनं) (तव) विदथम् आ वदेम ॥ સાયણે विश्वहનો અર્થ सर्वेषु अहःसु । = 'દરરોજ' એમ કર્યો છે.

* * *

[४] मण्डलम्–७, सूक्तम्–१८, (१–२ मन्त्राः)

(दाशराज्ञ–युद्धम्)

इन्द्रो देवता । ऋषिर् वसिष्ठः । छन्दः त्रिष्टुप् ॥

द्वितीयेऽनुवाके षोडश सूक्तानि । तत्र 'त्वे ह यत्पितरः' इति पञ्चविंशत्यृचं प्रथमं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमिन्द्रदेवताकम् । द्वाविंशादिभिश्चतसृभिः सुदासनाम्नो राज्ञो दानं स्तूयते । अतस्तस्यास्तद्देवताकाः । अनुक्रम्यते हि–'त्वे ह यत्पञ्चाधिकैन्द्रं सुदासः पैजवनस्य चतस्रोऽन्त्या दानस्तुतिः' इति । महाव्रत आदितः पञ्चदशर्चः शंसनीयाः । तथैव पञ्चमारण्यके सूत्रितं–'त्वे ह यत्पितरश्चिन्न इन्द्रेति पञ्चदश' (ऐ. आ. ५.२.२) इति ॥

ભૂમિકા : ઋગ્વેદના 'કુલમંડળો' (૨ થી ૭)માં સામાન્ય રીતે જે રીતની સૂક્તોની ગોઠવણી જોવા મળે છે, તે મુજબ અહીં વસિષ્ઠના ૭મા મંડળમાં પણ આરંભે (૧ થી ૧૭ સૂક્તોમાં) અગ્નિસૂક્તોને ગોઠવ્યા પછી, તરત જ તેની પાછળ ૧૮ થી ૩૩ સૂક્તોમાં ઈન્દ્રદેવતા વિષયક સૂક્તો આવેલાં છે. આમ આ ૧૮મા સૂક્તથી ઈન્દ્રદેવતાની સ્તુતિઓ શરૂ થાય છે; તેથી સામાન્ય રીતે વૈદિક પુરાકથા શાસ્ત્રીય (Vedic Mythological) દૃષ્ટિકોણથી ઈન્દ્રદેવતાના સ્વરૂપાદિ વિશે ચર્ચા કરવાની પ્રાપ્ત થાય છે. તથાપિ તે ચર્ચા આપણે ૧૯મા સૂક્તના આરંભે કરીશું. કારણ કે આ ૧૮મા સૂક્તના દેવતા ઈન્દ્ર હોવા છતાંય, તેમાં પ્રાધાન્યેન "દાશરાજ્ઞ–યુદ્ધ"નું વર્ણન વિશેષે કરીને વાંચવા મળે છે.

વસિષ્ઠના સાતમા મંડળમાં જે કેટલાંક મહત્ત્વનાં સૂક્તો છે, તેમાં આ ૧૮મું સૂક્ત અતિ નોંધપાત્ર છે. આ સૂક્તને દાશરાજ્ઞ–યુદ્ધનું વર્ણન કરતું સૂક્ત મનાય છે. જેમાં ૧–૪ મન્ત્રોમાં ઈન્દ્રની સ્તુતિ છે, ૫ થી ૧૯ મન્ત્રોમાં દાશરાજ્ઞ–યુદ્ધની વિગતો છે, ૨૦ થી ૨૧મા મન્ત્રમાં ફરીથી ઈન્દ્રની સ્તુતિ છે, તથા ૨૨ થી ૨૫મા મન્ત્રોમાં વિજયી રાજા સુદાસે પોતાના પુરોહિત વસિષ્ઠ ઋષિને જે દાન કરેલું; તે દાનની પ્રશંસા કરવામાં આવી છે.

આ સૂક્તમાં આર્યો અને અનાર્યોએ ભેગા મળીને ઋષિ વિશ્વામિત્રના માર્ગદર્શન (કે પ્રેરણા) હેઠળ ભરતનો રાજા સુદાસની જોડે, પરુષ્ણી (આજની રાવી) નદીના કિનારે યુદ્ધ કરેલું. પરંતુ સુદાસના પુરોહિત એવા વસિષ્ઠ ઋષિએ ઈન્દ્રને પ્રાર્થના કરીને, ઈન્દ્રની કૃપા મેળવી આપી, જેથી સામા પક્ષના એ દશરાજાઓ (જેવા કે, ૧. પૂરુ, ૨. અનુ, ૩. દ્રુહ્યુ, ૪. તુર્વશ, ૫. યદુ(ક્ષુ), ૬. પક્થ, ૭. ભલાનસ, ૮. અલિન, ૯. વિષાણિન્ અને ૧૦. શિવાસ)નો સમૂહ હારી ગયો

અને પરુષ્ણી નદીના પાણીમાં તેઓ તણાઈ ગયા, ડૂબી મર્યા ! આ યુદ્ધમાં રાજા સુદાસને તુત્સુઓએ પણ મદદ કરી હતી. આ સૂક્તમાં અંતે, સુદાસના પિતામહ દિવોદાસ અને પિતા પિજવનનો પણ નામોલ્લેખ મળે છે. વળી, ઈન્દ્રે દેવક, શમ્બર અને યુધ્યામધિ નામના શત્રુઓને, તથા યમુનાના કિનારે થયેલા બીજા એક યુદ્ધમાં 'ભેદ' નામના દુશ્મનને હણ્યાની વાતનો પણ ઉલ્લેખ છે. આ સૂક્તને વિશે આધુનિક વિદ્વાનો, જેવા કે – એ. સી. દાસ, સી. વી. વૈદ્ય, પ્રા. વેલણકર અને ડો. આર. એન. દાંડેકર વગેરેએ ઘણું લખ્યું છે. પરંતુ પ્રા. વેલણકરનો મત પૂરી વિગતે, એમના જ શબ્દોમાં આપણે પહેલાં જોઈએ તો –

“આ મંડળમાં જે અત્યંત મહત્ત્વનો પ્રસંગ નોંધાયો છે, તે દાશરાજ્ઞ–યુદ્ધનો છે. આ પ્રસંગ કુલ ત્રણ સૂક્તો (૭–૧૮, ૩૩ અને ૮૩)માં વર્ણવાયો છે. વસિષ્ઠે પોતાના યજમાન રાજા સુદાસને માટે ઈન્દ્રદેવની સાહાય્ય માંગી અને ઈન્દ્રદેવે શત્રુસેના ઉપર જે આતંક મચાવી દીધો તેનું વિગતપૂર્ણ ચિત્ર આ સૂક્તમાં આલેખવામાં આવ્યું છે. યુદ્ધમાં મળેલા વિજય બાદ તરત જે યજ્ઞ આરંભાયો હશે, તે વખતે આ વિગતો નોંધાઈ હોય એવી છાપ આ સૂક્ત પાડે છે, જો કે બે પક્ષો વચ્ચે થયેલા યુદ્ધની કોઈ (કડીબદ્ધ) મહત્ત્વની વિગત આ સૂક્તમાંથી મળતી નથી; પણ સુદાસ્ અને ભરતો ઉપર આક્રમણ કરનાર શત્રુસેનાની નિષ્ફળતા અને વિષાદનું ચિત્ર જ આમાંથી મળે છે. વસિષ્ઠ એમના અનુયાયીઓ એવા તૃત્સુઓની સાથે સુદાસ્ ની સાથે યુદ્ધભૂમિ ઉપર ગયા હશે, અને તેમણે પોતાના રાજા સુદાસ્ને ઈન્દ્રદેવની મદદ મળી રહે તે માટે રણભૂમિ ઉપર આધ્યાત્મિક સલાહસૂચનો પૂરાં પાડ્યાં હશે.

પરિસ્થિતિ કાંઈક આમ હોય તેવું જણાય છે : રાજા સુદાસ્ પાસે, એમના અનુયાયી એવા ભરતોનું અપેક્ષાકૃત નાનું એવું સૈન્ય હતું. એકવાર તેમની ઉપર વિશાળ સૈન્યવાળા દશ રાજાઓએ આક્રમણ કર્યું. યુદ્ધ દરમ્યાન, સુદાસ્ના સૈન્યને ભારે જલપ્રવાહવાળી પરુષ્ણી નદીના એક કિનારે દશ રાજાઓની સેનાએ ઘેરી લીધું. સુદાસે પોતાના પક્ષની નિષ્ફળતા જોયા પછી નદીના બીજા કિનારે ભાગી છુટવાનું વિચાર્યું. ત્યારે વસિષ્ઠની વિનંતી–સ્તુતિ–થી દેવ ઈન્દ્રે પરુષ્ણીનાં જળને નીચે ઉતાર્યાં કે જેથી સુદાસ્ નું સૈન્ય સરળતાથી તે નદીને પેલે પાર પહોંચી ગયું.

આ ૧૮મા સૂક્તના વર્ણન ઉપરથી એવું પ્રતીત થાય છે કે દશ રાજાઓમાંના કેટલાકે પરુષ્ણી નદીમાં ઝંપલાવીને સુદાસ્નો પીછો કર્યો હતો. પરંતુ તેઓએ જેવું નદીમાં ઝુકાવ્યું કે તરત જ ઈન્દ્રની કૃપાથી નદીમાં પૂર આવ્યું અને તે દુશ્મનો પાણીમાં તણાવા લાગ્યા ! દશ રાજાઓમાંના કેટલાકે જુદી જુદી દિશામાં નહેરો

ખોદીને, પાણીના પૂરને હળવું કરવા પ્રયાસ કર્યો, પણ તેઓને તેમના સાહસમાં સફળતા ન મળી, અને તેઓ વિનાશને પામ્યા. જે બીજા કેટલાક નદીને પેલેપાર પહોંચી શક્યા, તેમને સુદાસ્ અને ભરતોએ પૂરા કર્યા. ૭–૧૮–૧૫માં કહ્યું છે કે ઇન્દ્રની પ્રેરણાથી કર્મો કરી રહેલા તૃત્સુઓ (અને તૃત્સુઓના આધ્યાત્મિક માર્ગદર્શન હેઠળ રહેલા ભરતો), જાણે મુક્ત કરવામાં આવેલા જલપ્રવાહ હોય તેમ દશ રાજાઓની સામે દોડ્યા. (અહીં કવિના મનમાં મન્ત્ર ૫, ૮, ૯માં વર્ણવેલ પૂરવાળી પરુષ્ણીનાં જળ હોઈ શકે.) અહીં એવું **અનુમાન** કરી શકાય છે કે સુદાસ્‌ના સૈનિકોએ દશ રાજાઓને હરાવી દીધા હશે. દશ રાજાઓ પોતાની માલિકીની વસ્તુઓ, વિજેતાઓને માટે મૂકીને નાસી છુટ્યા. અલબત્ત, આ તબક્કે પણ તેમણે, ભાગી છુટવા માટે નદીમાં ઝંપલાવ્યું હશે. પરંતુ તેમાં તેમને સફળતા નહીં મળી હોય. ૭–૧૮–૫, ૬, ૮, ૯, ૧૦ મન્ત્રોમાં શત્રુઓએ નદીને બેમાંથી એક તરફ ઓળંગ્યાની વાત છે. મન્ત્ર ૧૬ અને ૧૮ ઉપરથી એવું લાગે છે કે બે સેનાઓ આમને—સામને આવી ગઈ હશે અને તે સમયે ઇન્દ્રે શત્રુઓને જમીન ઉપર ઢાળી દીધા હશે. જેવી રીતે એક સિંહણને બકરી દ્વારા મરાવી કાઢે તેમ વગેરે ઉપમાઓથી આ વાત કરી છે.

મન્ત્ર—૧૧માં કહ્યું છે કે રાજાએ (સુદાસે) બે વૈકર્ણોની પ્રજાને નસાડી મૂકી હશે. આ મન્ત્રનું સ્થાન એવું સૂચવે છે કે 'વિકર્ણો' નદીના કિનારે રહેતી આ બે પ્રજાઓ દશ રાજાઓ સાથે સંમિલિત થઈ ગઈ હશે. મન્ત્ર–૧૮ ઉપરથી સૂચવાય છે કે 'ભેદ' નામનો શત્રુ અને તેના મિત્રરાજાઓ; અથવા તો અજ, શિગ્રુ અને યક્ષુના અનુયાયીઓ દાશરાજ્ઞ—યુદ્ધ થતાં પૂર્વે લડવા આવ્યા હશે અથવા એ પછીના બીજા કોઈક યુદ્ધમાં લડવા આવ્યા હશે. આ બીજું યુદ્ધ યમુના નદીના કિનારે લઢાયું હતું અને તેમાં તૃત્સુના આધ્યાત્મિક માર્ગદર્શન હેઠળ સુદાસે જીત મેળવી હતી. મન્ત્ર ૨૦ દ્વારા એવું સૂચવાય છે કે સુદાસના પિતામહ દિવોદાસના વખતમાં દેવક અને શમ્બર નામના શત્રુઓ હણાયા હશે."

આ (૭–૧૮) આખા સૂક્તમાં યુદ્ધનું વર્ણન જણાય છે, તે દશ રાજાઓ વચ્ચેનું છે; અથવા તો તે 'દાશરાજ્ઞ' નામનું યુદ્ધ છે — એવું પ્રકટપણે ૭–૧૮માં તો ક્યાંય કહ્યું જ નથી. આ ૭–૧૮નું યુદ્ધ તે 'દાશરાજ્ઞ–યુદ્ધ' હતું. તેમ ૭–૩૩–૩માં વપરાયેલા – एवेन्नु कं दाशराज्ञे सुदासं प्रावदिन्द्रो ब्रह्मणा वो वसिष्ठाः । – શબ્દો ઉપરથી સૂચવાય છે ! પ્રા. વેલણકર દાશરાજ્ઞ–યુદ્ધ શબ્દમાંના 'દશ' શબ્દ વિશે જે વિચારણા કરે છે તેમાં જણાવે છે કે – જો 'દશ રાજાઓ'માંનો 'દશ' શબ્દ ચોક્કસ સંખ્યાનો વાચક હોય તો તેમાં આર્ય અને અનાર્ય એવા બન્ને

પ્રકારના રાજાઓ સંલગ્ન હશે. આ દશ રાજાઓને ઋષિ વસિષ્ઠે (૮૩.૭માં) अयज्यवः (યજ્ઞ નહીં કરનારા), અને ૭–૧૮–૧૬માં शृतपा (હવિષ્નૂને પી જનાર) અને अनिन्द्र (ઇન્દ્રને નહીં માનનારા), કહ્યા છે. આ ૭–૧૮ સૂક્તમાં જે જે નામો ઉલ્લેખાયાં છે તે બધાંય કાંઈ રાજાઓનાં નામો નથી. (તેમાંના કેટલાંક તો પુરોહિત અને જાતિઓ, અથવા તો ટોળીઓનાં નામ છે.) મન્ત્ર ૬ અને ૧૨માં જે 'ભૃગુ' અને 'કવષ'નાં નામો છે, તે તો સ્પષ્ટપણે પુરોહિતોનાં જ નામો છે, તથા મન્ત્ર–૭માં પક્થ, ભલાનસ, અલિનાસ, વિષાણિન્ અને શિવાસ્ નાં નામો છે તે પણ પુરોહિતનાં નામ હોવાની સંભાવના છે. જ્યારે આ સિવાયનાં નામો, જેવાં કે – તુર્વશ, અનુ, દ્રુહ્યુ અને શિક્યુ – તે ક્ષત્રિય રાજાઓનાં નામ છે, તથા તેમને અનુઓ, દ્રહ્યુઓ, મત્સ્યો, પૃશ્નિગુઓ અને વૈકર્ણોનું સમર્થન મળ્યું હશે. આ અનુઓ, દ્રુહ્યુઓ, મત્સ્યો વગેરે તે તો કોઈક લડાયક જાતિ કે ટોળીઓનાં નામ જણાય છે. આમાંથી છેલ્લી ત્રણ ટોળીઓનાં રાજાઓ પણ, તેમના વિશેષ નામોથી ઉલ્લેખાયા નથી, તો પણ દશ રાજાઓની ગણતરીમાં લેવાના છે. જો 'ભેદ' અને આ ત્રણ (પૃશ્નિગુ અને બે વૈકર્ણો) જાતિઓનાં રાજાઓને પણ કુલ ગણતરીમાં લઈએ તો દશ રાજાઓની સંખ્યા ૧૧ની કે ૧૨ની થઈને ઊભી રહે. આથી એમ નક્કી થાય છે કે આ 'દશ' એવો સંખ્યાવાચક શબ્દ તે કેવળ વર્ણનાત્મક જ છે; નિશ્ચિતતાનો વાચક નથી. અહીં દશ રાજાઓનું યુદ્ધ એટલે પૂરેપૂરા દશ જ એમ સમજવાનું નથી. પણ દશેક, લગભગ દશેક જેટલા (અર્થાત્ ઘણા બધા) રાજાઓનું યુદ્ધ એમ સમજવાનું છે. ટૂંકમાં, દશથી વધારે અથવા દશથી થોડાક ઓછા એ અર્થવાળો આ 'દાશરાજ્ઞ–યુદ્ધ' શબ્દમાંનો 'દશ' શબ્દ છે.

* * *

પ્રા. વેલણકર સાહેબે, આ ૭–૧૮માં આવેલા બીજા એક બે વિશેષણો વિષે પણ એક નોંધપાત્ર વિચારણા કરી છે. જો કે, મન્ત્ર–૯માં अमित्रान् અને મન્ત્ર–૧૫માં दुर्मित्रासः શબ્દો આવેલા છે. કેટલાક વિદ્વાનોએ આ શબ્દો દ્વારા 'વિશ્વામિત્ર' અને તેમના અનુયાયીઓનો ઉલ્લેખ છે એમ વિચાર્યું છે. ભૂતકાળમાં રાજા સુદાસ્ના દરબારમાં વિશ્વામિત્ર પુરોહિત તરીકે કામ કરતા હતા, પણ વસિષ્ઠોએ તે સ્થાન છીનવી લીધું, અને પોતે (વસિષ્ઠો) સુદાસના પુરોહિત બની ગયા. આથી તે વેરની વસુલાત કરવા વિશ્વામિત્ર અને તેમના અનુયાયીઓ સામા પક્ષના દશ રાજાઓને મદદ કરવા (અથવા ચઢવણી કરવા) તેમના તરફી થઈ ગયા હશે. (આથી ૭–૧૮માં વસિષ્ઠે તે વિશ્વામિત્રનો 'दुर्मित्रास्' શબ્દથી વક્રતાપૂર્ણ નિર્દેશ કર્યો હશે, જે નામથી વિશ્વામિત્ર–વિશ્વના મિત્ર–કહેવાતા હતા તે, ખરેખર તો વસિષ્ઠના

શબ્દોમાં 'દુર્ મિત્ર' – ખરાબ મિત્ર હતા !) પણ પ્રા. વેલણકર કહે છે કે – મારા મતે अमित्रान् અને दुर्मित्रासः શબ્દો બહુવચનમાં છે, તે ઉપર્યુક્ત અનુમાનની વિરુદ્ધ જાય છે. કેમ કે વસિષ્ઠના **મનમાં** જો અમુક એક ચોક્કસ વ્યક્તિ તરફનો વિરોધ હોત તો कवष વગેરેની જેમ આ વિશેષણ પણ એકવચનમાં હોવું જોઈતું હતું. તથા कवष ને વિકૃત રીતે ચિતરવા માટે જેમ 'વૃદ્ધ' (અનુભવી) અને 'શ્રુત' (વિદ્વાન્) જેવાં વિશેષણો વાપર્યાં છે – અને એ દ્વારા સૂચવ્યું છે કે કવષ અનુભવી અને વિદ્વાન હતો તો પણ પરાજય અને વિનાશને પામ્યો – તેમ વિશ્વામિત્રનો વ્યક્તિગત નામોલ્લેખ પણ કરવો જોઈતો હતો અને તેને વિકૃત ચિતરવા બીજાં વધારે સૂચક વિશેષણો પણ વાપરવા જોઈતાં હતાં. આથી પ્રા. વેલણકર (૧૯૬૩)ના મતે કોઈ પણ રીતે દશ રાજાઓના સંઘને વિશ્વામિત્રે આધ્યાત્મિક કહી શકાય એવી કોઈ પ્રેરણા કે માર્ગદર્શન પૂરું પાડ્યું હોય એમ કહી શકાય એવું નથી. બલ્કે, વસિષ્ઠે તો ભૃગુ અને કવષની પાસે આવું પુરોહિત જેવું સ્થાન હતું તેમ કહ્યું છે, તથા તે બન્ને પુરોહિતોની પ્રત્યે ખોટા અને મૂર્ખ આશ્રયદાતા શોધવા બદલ દયા ખાધી છે ! વળી, જ્યારે ભૃગુ અને કવષ જેવા બીજાં પુરોહિતોનાં નામ સ્પષ્ટ રૂપે વાપરીને વિરોધ નોંધાવ્યો છે, ત્યારે કેવળ વિશ્વામિત્રનું જ નામ 'અમિત્ર' કે 'દુર્મિત્ર' રૂપે વક્રતાથી શા માટે વાપર્યું હશે ? માની લો કે વસિષ્ઠના કુળમાં આવી રીતે કોઈ વ્યક્તિનું નામ લઈને નિંદા કરવાનો રિવાજ ન હતો, તો પણ અનુગામી સમયમાં વસિષ્ઠકુળના જે કવિઓએ સૂક્ત–૩૩ અને સૂક્ત–૮૩ની રચના કરી હશે, તેમણે વિશ્વામિત્રની, નામ દઈને, નિંદા કરવાનું છોડ્યું જ ન હોત. પણ, પાછળથી ય (૩૩ અને ૮૩માંય) વિશ્વામિત્રનો આવો કોઈ સંદર્ભ જડતો નથી.

* * *

પ્રોફે. આર. એન. દાંડેકર (પૂના–૧૯૭૩) આ સૂક્ત (૭–૧૮)માંથી દાશરાજ્ઞ–યુદ્ધની ધૂંધળી વિગતો મળતી હોવા છતાંય, પૂરુ, અનુ વગેરે પાંચ આર્યરાજાઓ અને પક્થ, ભલાનસ વગેરે પાંચ અનાર્ય રાજાઓ (કે જાતિઓ)નો ભરતોના રાજા સુદાસના હાથે જે પરાજય થયો, તેને એ રીતે નોંધપાત્ર ગણે છે કે – આ દાશરાજ્ઞ–યુદ્ધમાં વસિષ્ઠની મદદથી જે ભરતોનો વિજય થયો ત્યારથી ભરતોનું સપ્તસિન્ધુના પ્રદેશમાં સામ્રાજ્ય સ્થપાતાં, આ દેશનું નામ "ભારત–વર્ષ" પ્રસિદ્ધિમાં આવ્યું ! (જુઓ : **Exercises in Indology,** by R. N. Dandekar, Ajanta Publication, Delhi, 1981 માં સંગૃહીત The Dāśajña (pp–94–97) લેખ.)

त्वे ह॒ यत्पि॒तर॑श्चि॒न्न इन्द्र॒ विश्वा॑ वा॒मा ज॑रि॒तारो॒ अस॑न्वन् ।
त्वे गाव॑: सु॒दुघा॒स्त्वे ह्यश्वा॒स्त्वं वसु॑ देवय॒ते वनि॑ष्ठः ॥ १ ॥

त्वे इति॑ । ह॒ । यत् । पि॒तर॑: । चि॒त् । न॒: । इन्द्र॒ । विश्वा॑ । वा॒मा । ज॒रि॒तार॑: । अस॑न्वन् । त्वे इति॑ । गाव॑: । सु॒ऽदुघा॑: । त्वे इति॑ । हि । अश्वा॑: । त्वम् । वसु॑ । दे॒व॒ऽय॒ते । वनि॑ष्ठः ॥ १ ॥

हे इन्द्र त्वे ह त्वय्येव नः अस्माकं पितरश्चित् पितरोऽपि जरितारः स्तोतारः सन्तः यत् यस्मात्कारणात् विश्वा विश्वानि वामा वामानि वननीयानि धनानि । तथा च यास्कः—'वामं वननीयं भवति' (निरु. ६.३१) इति । असन्वन् अलभन्त तस्माद्वयमपि धनकामास्त्वां स्तुमः । तद्युक्तम् । हि यस्मात् कारणात् त्वे त्वयि गावः सुदुघाः दोग्धुं सुशकाः सन्ति त्वे त्वयि अश्वाः सन्ति त्वं वसु धनं देवयते देवं त्वामिच्छते यजमानाय वनिष्ठः दातृतमो भवसि ॥

અનુવાદ : હે ઇન્દ્ર ! (તમારી) સ્તુતિ કરનારા અમારાં પિતૃઓએ પણ તમારામાં (= તમારી પાસેથી) જ પસંદ કરવા યોગ્ય સઘળાં (ધનો) મેળવ્યા હતાં; [તેથી અમે પણ તમારી સ્તુતિ કરીએ છીએ.] તમારામાં (તમારા દાનમાં) જ સારી રીતે દોહી શકાય એવી ગાયો (રહેલી છે) અને તમારામાં (તમારા દાનમાં) અશ્વો (રહેલા છે); દેવને ઇચ્છતા (યજમાન)ને માટે તમે ધન આપનારમાં ઉત્તમ છો. (૭–૧૮–૧).

નોંધ : (૧) એકથી ચાર સુધીના મન્ત્રોમાં ઇન્દ્રની સ્તુતિ છે. (૨) પૂર્વાર્ધના બે પાદનું એક વાક્ય બનાવવાનું છે : (हे) इन्द्र ! जरितारः नः पितरः चित् (= अपिः) त्वे ह (= एव) वामा विश्वा (धनानि) असन्वन् ॥ ત્યાર પછી, સાયણ કહે છે કે — तस्माद् वयमपि धनकामाः त्वां स्तुमः ॥ — એટલાનો અધ્યાહાર લેવો. આ ક્રમે અનુવાદ ગોઠવ્યો છે. (૩) ઉત્તરાર્ધમાં ત્રણ વાક્યો છે : त्वे सुदुघाः गावः (सन्ति) । त्वे अश्वाः (सन्ति) । અને देवयते त्वं वसु वनिष्ठः । (૪) શબ્દ**નોંધ :** √जॄ 'સ્તુતિ કરવી' આત્મનેપદ ૧લો ગણ, નું કર્ત્રર્થક કૃદન્ત जरितृ — સ્તુતિ કરનારો, તેનું પ્રથમા બહુવચન जरितारः √सन् (= सा) જીતવું, મેળવવું, ૮મો ગણ પરસ્મૈપદનું હ્યસ્તન ભૂતકાળ ત્રી.પુ.બ.વ. असन्वन् ॥ देवम् इच्छति ઉપરથી નામધાતુ બનાવી, તેનું વર્તમાન કૃદન્ત देवयत् કરી, તેનું ૪થી વિ. એકવચન देवयते । √वन જીતવું (૧લો, ૮મો ગુણ)નું શ્રેષ્ઠતાદર્શક તદ્ધિત રૂપ वनिष्ठः । સાયણે તેનો અર્થ 'ઉત્કૃષ્ટ દાતા' કર્યો છે. (૫) ગ્રિફીથ નોંધે છે કે આ સૂક્તમાં (તૃત્સુ) તૃત્સુઓના રાજા સુદાસના રક્ષક તરીકે ઇન્દ્રની સ્તુતિ કરવામાં

આવી છે, તથા સૂક્તના અંત ભાગે રાજકુમાર સુદાસની દાનવીરતાની પ્રસંશા કરવામાં આવી છે. (૬) त्वे નો અર્થ त्वयि–'તારામાં', અર્થાત્ **'તારા દાનમાં'** એમ લીધો છે. જ્યારે ગ્રિફીથે તેનો અર્થ **"તારી સાથે** દુધાળી ગાય દોહવી સરળ છે." કર્યો છે; અને પ્રા. વેલણકરે – "તારામાં ગાયો" એમ કહ્યું છે.

राजे॑व॒ हि जनि॑भि॒ः क्षेष्ये॒वाव॒ द्युभि॑र॒भि वि॒दुष्क॒विः सन् ।
पि॒शा गिरो॑ मघव॒न्गोभि॒रश्वै॑स्त्वाय॒तः शि॑शीहि रा॒ये अ॒स्मान् ॥ २ ॥

राजा॑ऽइव । हि । जनि॑ऽभिः । क्षेषि॑ । ए॒व । अव॑ । द्युऽभिः॑ । अ॒भि । वि॒दुः । क॒विः । सन् । पि॒शा । गिरः॑ । म॒घ॒ऽव॒न् । गोभिः॑ । अश्वैः॑ । त्वा॒ऽय॒तः । शि॒शी॒हि॒ । रा॒ये । अ॒स्मान् ॥ २ ॥

हे इन्द्र त्वं जनिभिः जायाभिः राजेव द्युभिः दीप्तिभिः सह क्षेष्येव निवसस्येव । हि इति पूरणः । किंच हे मघवन् धनवन्निन्द्र विदुः विद्वान् कविः क्रान्तकर्मा क्रान्तप्रज्ञो वा सन् गिरः स्तोतृनस्मान् पिशा रूपेण हिरण्यादिना वा गोभिः च अश्वैः च अभि अभितः रक्ष । त्वायतः त्वत्कामान् अस्मान् राये शिशीहि धनार्थं च संस्कुरु ॥

અનુવાદ : (હે ઈન્દ્ર !) તમે જાયાઓની સાથે રહેતા રાજાની જેમ દીપ્તિની સાથે નિવાસ કરો છે. હે મઘવન્ ! વિદ્વાન્ અને કવિ એવા તમે સ્તુતિ કરનારને (અમને) સુંદર રૂપથી (અથવા હિરણ્યાદિથી), ગાયોથી અને અશ્વોથી [અમને] ચારે તરફથી રક્ષ. તમારી કામનાવાળા અમને ધનને માટે તીક્ષ્ણ કર (= યોગ્ય બનાવ). (૭–૧૮–૨)

નોંધ : (૧) આ મન્ત્રના પહેલા અને ચોથા પાદમાં એક એક સ્વતન્ત્ર વાક્ય છે; પણ બીજા અને ત્રીજા પાદને ભેગા કરીને એક વાક્ય બનાવવાનું છે. જેમ કે, १. जनिभिः राजा इव (त्वं) द्युभिः क्षेषि । २. हे मघवन् ! विदुः कविः सन् (त्वं) गिरः (= स्तोतृन्) पिशा गोभिः अश्वैः अभि अव । (૨) સામાન્ય રીતે, વેદમાં पादान्तं वाक्यम् । વાળી રચનાઓ જોવા મળે છે. પણ અહીં જે બીજો અને ત્રીજો પાદ મળીને એક વાક્ય બન્યું છે તે વિરલ છે. (૩) त्वायतः अस्मान् राये शिशीहि । સાયણને અનુસરીને ઉપર જે અન્વય દર્શાવ્યો છે, તેમાં બીજા પાદના द्युभिः શબ્દને પહેલા પાદમાં લીધો છે તે पादान्तं वाक्यम् । વાળી રચના માટે અસ્વાભાવિક છે. કદાચ તેથી પ્રા. વેલણકરે द्युभिः ને બીજા પાદમાં જ સ્થિર રાખીને નીચે મુજબ અનુવાદ કર્યો છે : "રાજા જેમ પોતાની પત્નીઓ સાથે રહે તેમ, તમે (ઈન્દ્ર) નિશ્ચિત રીતે (અમારી સ્તુતિઓ સાથે) નિવાસ કરો.

હે મઘવન્ ! એક વિદ્વાન અને કવિ તરીકે (તમે), દિનપ્રતિદિન (અમારી) વાણી (= સૂક્તો)ને સુન્દર રૂપથી, ગાયોથી અને અશ્વોથી ઉપકૃત કરો. (द्युभिः દિનપ્રતિદિન). અમને સમ્પત્તિને માટે તીક્ષ્ણ કરો.'' (૪) પ્રા. વેલણકરે પહેલા પાદની ઉપમા વિશે એમ પણ નોંધ્યું છે કે વેદમાં ઘણે સ્થળે સૂક્તોને–સ્તુતિઓને જે તે દેવની પત્ની સાથે સરખાવવામાં આવેલ છે અને આવાં ઘણાં સૂક્તો રૂપી અનેક પત્નીઓ ધરાવતો દેવ પૌરુષથી ભરેલો ગણાય છે ! અહીં ઈન્દ્ર રાજાને ઘણી પત્નીઓ છે એમ કહેવાયું છે. (૫) વેંકટમાધવે पिशा નો અર્થ विशा = प्रजया કર્યો છે !

इ॒मा उ॑ त्वा पस्पृधा॒नासो॒ अत्र॑ म॒न्द्रा गिरो॑ देव॒यन्ती॒रुप॑ स्थुः ।
अ॒र्वाची॑ ते प॒थ्या॑ रा॒य ए॑तु॒ स्याम॑ ते सुम॒तावि॑न्द्र॒ शर्म॑न् ॥ ३ ॥

इ॒माः । ऊँ॒ इति॑ । त्वा॒ । प॒स्पृ॒धा॒नासः॑ । अत्र॑ । म॒न्द्राः । गिरः॑ । दे॒व॒ऽयन्तीः॑ । उप॑ । स्थुः॒ । अ॒र्वाची॑ । ते॒ । प॒थ्या॑ । रा॒यः । ए॒तु॒ । स्याम॑ । ते॒ । सु॒ऽम॒तौ । इ॒न्द्र॒ । शर्म॑न् ॥ ३ ॥

हे इन्द्र त्वा त्वाम् अत्र यज्ञे स्तोतरि वा प्रवर्तमानाः पस्पृधानासः स्पर्धमानाः मन्द्राः मोदमानाः इमाः गिरः स्तुतयः उप स्थुः उपतिष्ठन्ति । अतः ते तव रायः धनस्य पथ्या सृतिः अर्वाची अस्मदभिमुखी एतु गच्छतु । हे इन्द्र वयं च ते सुमतौ सुष्ठुतौ वर्तमानाः शर्मन् शर्मणि सुखे स्याम भूयास्म ॥

અનુવાદ : (હે ઈન્દ્ર !) પરસ્પર સ્પર્ધા કરતી અને દેવોની ઈચ્છા કરતી આ આનંદદાયક સ્તુતિઓ અહીં (યજ્ઞમાં કે સંગ્રામમાં), તમારી સામે ઉપસ્થિત થઈ છે. તમારો ધનનો માર્ગ અમારી સામે આવે; હે ઈન્દ્ર ! તમારી સુમતિ અને સુખમાં અમે રહીએ. (૭–૧૮–૩)

નોંધ : (૧) પહેલા બે પાદનું વાક્ય છે : हे इन्द्र ! पस्पृधानासः देवयन्तीः इमाः मन्द्राः गिरिः अत्र उप स्थुः । √स्पृध् (૧લો ગણ, આત્મનેપદ) 'સ્પર્ધા કરવી'નું પરોક્ષ ભૂતકૃદન્ત–પસ્પૃધાનાસ :, જે गिरः (–સ્તુતિઓ)નું વિશેષણ છે. તે જ પ્રમાણે, देवम् इच्छति या । એ અર્થમાં નામધાતુ देवयत् નું સ્ત્રીલિંગી વિશેષણ देवयन्ती છે. मन्द्राः–मुद् ધાતુ ઉપરથી સાધિત વિશેષણ છે. (૨) ते (= तव) रामः पथ्या अर्वाची एतु । અને (हे) इन्द्र ! ते (तव) सुमतौ शर्मन् (च) (वयम्) स्याम । એવાં બે વાક્યો ઉત્તરાર્ધમાં છે. વેદમાં ઘણે સ્થળે સપ્તમી, વિભક્તિ પ્રત્યય લુપ્ત થતો હોય છે, પણ પૂર્વાપર સંદર્ભ ઉપરથી તે લુપ્તાંશ સમજાઈ જતો હોય છે. જેમ કે, અહીં सुमतौ તે સપ્તમ્યન્તની સાથે આવેલ शर्मन्

પદમાં પણ शर्मणि એવો સપ્તમી વિભક્તિનો પ્રત્યય છે એમ સમજીને અર્થ કરવાનો છે.

धेनुं न त्वां सूयवंसे दुदुंक्षन्नुप ब्रह्मांणि ससृजे वसिंष्ठः ।
त्वामिन्मे गोपंतिं विश्वं आहा न इन्द्रंः सुमतिं गन्त्वच्छं ॥ ४ ॥

धेनुम् । न । त्वा । सुऽयवंसे । दुधुंक्षन् । उपं । ब्रह्मांणि । ससृजे । वसिंष्ठः । त्वाम् । इत् । मे । गोऽपंतिम् । विश्वंः । आह । आ । नः । इन्द्रंः । सुऽमतिम् । गन्तु । अच्छं ॥ ४ ॥

हे इन्द्र सुयवसे सुतृणे गोष्ठे वर्तमानां धेनुं न धेनुमिव सुहविष्के यज्ञगृहे। दृष्टान्तसामर्थ्यात् दार्ष्टान्तिकलाभः । वर्तमानं त्वां दुधुक्षन् । संहितायां व्यत्ययेन दकारः । कामान् दोग्धुमिच्छन् वसिष्ठः ब्रह्माणि वत्सस्थानीयानि स्तोत्राणि उप ससृजे उपसृजते । मे मम विश्वः सर्वः जनः त्वामित् त्वामेव गोपतिं गवां स्वामिनम् आह ब्रवीति । अथ परोक्षस्तुतिः । नः अस्माकं सुमतिं सुष्टुतिम् अच्छ अभि इन्द्रः आ गन्तु आगच्छतु ॥

અનુવાદ : સારા ઘાસવાળી જગ્યામાં રહેલી ગાયની જેમ (યજ્ઞગૃહમાં રહેલા) તને (ઇન્દ્ર)ને દોહવાની ઇચ્છાવાળા વસિષ્ઠે (પોતાનાં વાછરડાંરૂપ) સ્તોત્રો (તમારી પાસે) મોકલ્યાં છે. બધા (માણસો) એ મને, તમને ગાયોના પતિ રૂપે જ કહ્યા છે [અર્થાત્–બધાએ 'તમે ગોપતિ છો' એમ કહ્યું છે.] ઇન્દ્ર અમારી સુમતિ (અર્થાત્ સુસ્તુતિ) તરફ આવી પહોંચે. (૭–૧૮–૪)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે : सुयवसे धेनुम् न (= इव) [यज्ञगृहे] त्वाम् दुदुक्षन् वसिष्ठः ब्रह्माणि उप ससृजे । પદપાઠ જોવાથી दुदुक्षन् ને સ્થાને दुधुक्षन्, રૂપ જોવા મળશે, √दुह् 'દોહવું' ધાતુનું ઇચ્છાદર્શક કર્ત્રર્થક કૃદન્ત, 'દોહવાની ઇચ્છા કરનારો' यवस्–ઘાસ, ગોચર, ब्रह्मन्–સ્તોત્ર, न = इवार्थक અવ્યય. (૨) ઉત્તરાર્ધના બે પાદમાં એક–એક વાક્ય છે : विश्वः मे (मह्यम्) त्वाम् गोपतिम् इत् आह । इन्द्रः नः सुमतिम् अच्छ गन्तु । (૩) "દાશરાજ્ઞ–યુદ્ધ"નું વર્ણન કરતાં સૂક્ત તરીકે ઓળખાયેલા આ સૂક્તના પ્રારંભિક ચાર મન્ત્રોમાં ઇન્દ્રની સ્તુતિ આવેલી છે, જેમાં વસિષ્ઠે કહ્યું છે કે અમારા પિતૃઓએ ઇન્દ્રની સ્તુતિ કરી સુખ મેળવ્યું હતું, તેથી અમે પણ તે દેવની જ સ્તુતિ કરીએ છીએ. વળી, ઇન્દ્રની પાસે વસિષ્ઠે વિશેષ સ્તુતિઓ રચીને મોકલી છે અને ઇન્દ્રનો નિવાસ પણ ત્યાં જ હોય છે, કે જ્યાં એને માટે સ્તુતિઓ ગવાતી હોય છે. આવો ઇન્દ્ર સારી દુધાળી ગાયો, અશ્વો અને ધન આપનારો છે.

अर्णां॑सि चित्पप्रथा॒ना सु॒दास॒ इन्द्रो॑ गा॒धान्य॑कृणोत्सुपा॒रा ।
शर्ध॑न्तं शि॒म्युमु॒चथ॑स्य नव्य॒ः शापं॒ सिन्धू॑नामकृ॒णो॒दश॑स्तीः ॥ ५ ॥

अर्णां॑सि । चि॒त् । प॒प्र॒था॒ना । सु॒ऽदासे॑ । इन्द्रः॑ । गा॒धानि॑ । अ॒कृ॒णो॒त् । सु॒ऽपा॒रा । शर्ध॑न्तम् । शि॒म्युम् । उ॒चथ॑स्य । नव्यः॑ । शाप॑म् । सिन्धू॑नाम् । अ॒कृ॒णो॒त् । अश॑स्तीः ॥ ५ ॥

नव्यः स्तुत्यः इन्द्र अर्णांसि शत्रुभिर्विदारितायाः परुष्ण्याः उदकानि पप्रथाना चित् प्रथमानान्यपि सुदासे राज्ञे गाधानि सुपारा सुपाराणि पारयितुं तर्तुं योग्यानि च अकृणोत् अकरोत् । अपि च शर्धन्तम् उत्सहमानं शिम्युं बाधमानं शापं विश्वरूपोद्भवमात्मनोऽभिशापम् अशस्तीः अभिशस्तीश्च उचथस्य स्तोतुः सिन्धूनां नदीनाम् अकृणोत् अकरोत् ॥ २४ ॥

અનુવાદ : ઈન્દ્રે (પરુષ્ણી નદીના) ફેલાઈ રહેલાં જળને સુદાસને માટે સારી રીતે પાર કરી શકાય એવાં છીછરાં બનાવ્યાં. સૂક્તોથી સ્તુતિ કરવા યોગ્ય એવાએ (ઈન્દ્રે) હુમલો કરી રહેલા શિમ્યુ (નામના શત્રુ)ને નદીઓ ઉપરનો ગંદો કચરો બનાવ્યો. (૭–૧૮–૫)

નોંધ : (૧) પૂર્વાર્ધ–ઉત્તરાર્ધમાં એક એક વાક્ય છે : इन्द्रः पप्रथाना अर्णांसि सुदासे, सुपारा गाधानि अकृणोत् । √ पृथु विस्तारे 'ફેલાવું' ઉપરથી વર્તમાનકૃદન્ત પૌનઃ પુન્યાર્થક, તથા अर्णांसि નું વિશેષણ पप्रथाना (नि) – ફેલાઈ રહેલાં (જળ). એ જ પ્રમાણે सुपारा(णि)–સારી રીતે પાર કરી શકાય તેવાં गाधानि = 'છીછરાં' બનાવ્યાં. ('અગાધ' એટલે ઊંડા અને गाधानि એટલે છીછરાં.) (૨) उचथस्य नव्यः (इन्द्रः) शर्धन्तं शिम्युम्, सिन्धुनाम् अशस्तीः (= વખાણવા, પ્રશંસા યોગ્ય નહીં તેવો. અર્થાત્ ગંદો) शापम् (કચરો) अकृणोत् । આ ક્રમે જ અનુવાદ ગોઠવ્યો છે. (૩) "શિમ્યુ" એક જાતિના લોકોનું, અથવા કોઈ એક રાજાનું નામ છે. ઋગ્વેદમાં અન્યત્ર ૧–૧૦૦–૧૮ દસ્યુઓની સાથે શિમ્યુ ગણનો ઉલ્લેખ છે; તેથી ત્સિમર (Zimmer)નું માનવું છે કે તેઓ અનાર્ય હશે. પણ સેન્ટ પિટર્સબર્ગ કોશમાં તેનો અર્થ કેવળ 'શત્રુ' કર્યો છે. પ્રસ્તુત મન્ત્રમાં આ બધા જ અર્થોની શક્યતા છે. शापम्–જૂની વૈદિક ભાષામાં નદીઓમાં વહી આવેલા કચરાને માટે આ શબ્દ વપરાય છે. ગ્રિફીથ કહે છે કે આ શબ્દોના અર્થ અનિશ્ચિત છે.

पु॒रो॒ळा इत्तु॒र्वशो॒ यक्षु॑रासीद्रा॒ये मत्स्या॑सो॒ निशि॑ता॒ अपी॑व ।
श्रु॒ष्टिं च॑क्रु॒र्भृग॑वो द्रु॒ह्यव॑श्च॒ सखा॒ सखा॑यमतर॒द्विषू॑चोः ॥ ६ ॥

पु॒रो॒ळाः । इत् । तु॒र्वशः॑ । यक्षुः॑ । आ॒सी॒त् । रा॒ये । मत्स्या॑सः । निऽशि॑ताः । अपि॑ऽइव । श्रु॒ष्टिम् । च॒क्रुः॒ । भृग॑वः । द्रु॒ह्यवः॑ । च॒ । सखा॑ । सखा॑यम् । अ॒त॒र॒त् । विषू॑चोः ॥ ६ ॥

यक्षु यज्ञकुशलः ॥ यजेः सन्प्रत्ययो न तु सनन्तः । अतो न द्विर्भावः ॥ पुरोळाः पुरोगामी पुरोदाता वा । इत् इति पूरणः । तुर्वशः नाम राजासीत् । सः तुर्वशः राये धनप्राप्तये इन्द्रस्य सखायं सुदासं जगाम । मत्स्यासः इव जालनिहिता मत्स्या इव निशिताः नियन्त्रिताः अपि भृगवः द्रुह्यवश्च योधाश्च सुदासः तुर्वशस्य च श्रुष्टिम् आशुप्राप्तिं चक्रुः । विषूचोः विष्वगञ्चतोरुभयोर्मध्ये सखा सुदासश्चेन्द्रः सखायं सुदासम् अतरत् अतारयत् । तुर्वशं चावधीदित्यर्थः । यद्वा । यक्षुर्यज्ञशीलः पुरोळाः पुरोदाता तुर्वशो नाम राजासीत् । तेन मत्स्यासो मत्स्यजनपदा निशिता बाधिता आसन् । अपि च भृगवो द्रुह्यवश्च श्रुष्टिं सुखं तुर्वशस्य चक्रुः । विषूचोर्विष्वगञ्चतोरुभयोर्मध्ये सखा तुर्वशस्य सखेन्द्रः सखायं राजानमतरत् अतारयत् ॥

અનુવાદ : યજ્ઞ કરવાની ઇચ્છાવાળો તુર્વશ (નામનો રાજા) પુરોડાશ જ બની ગયો, તથા ધન માટે તીક્ષ્ણ બનેલા મત્સ્યો પણ તે (તુર્વશ)ની જેમ (પુરાડાશ બની ગયા). ભૃગુઓ અને દ્રુહ્યુઓ તેમને અનુસર્યા. સામસામે જનારાઓમાંથી એક સખાએ બીજા સખાને તાર્યો. (૭–૧૮–૬)

નોંધ : (૧) આ અનુવાદ પ્રા. વેલણકરને અનુસરીને કર્યો છે. અહીં દરેક પાદને સ્વતંત્ર એકમ તરીકે લઈને અર્થ કર્યો છે. જેમ કે, १. यक्षुः तुर्वशः पुरोळाः आसीद् । २. रायेः निशिताः मत्स्यासः अपि इव (पुरोळाः आसन्) । ३. भृगवः द्रुह्यवः च श्रुष्टिं चक्रुः । ४. विषूचोः सखा सखायम् अतरत् । (૨) પરંતુ **સાયણે** આ મન્ત્રને જુદી રીતે સમજાવ્યો છે. (क) યજ્ઞમાં કુશળ અને આગળ જનારો (અથવા–પહેલો દાતા) એવો તુર્વશ (નામનો રાજા) હતો, જે ધનપ્રાપ્તિને માટે [ઇન્દ્રના સખા સુદાસની સામે ગયો]. (જળમાં પકડાયેલા) માછલાંની જેમ નિયન્ત્રિત થયેલા ભૃગુઓ અને દ્રુહ્યુઓ પણ (સુદાસ અને તુર્વશની પાસે) જલ્દીથી પહોંચ્યા. આ સામસામે જનારાઓમાંથી સખાએ (= ઇન્દ્રે) સખાને (= સુદાસને) તાર્યો–બચાવ્યો. [અને તુર્વશને હણી કાઢ્યો]. (ख) સાયણે એક બીજી રીતે પણ અર્થ કર્યો છે :– યજ્ઞશીલ અને દાતાઓમાં અગ્રેસર એવો તુર્વશ (નામનો રાજા) હતો. તેણે મત્સ્યજનપદના લોકોને (निशिताः =) અવરોધ્યા. તથા ભૃગુઓ અને દ્રુહ્યુઓએ (તુર્વશ)ને સુખ કર્યું = મદદ કરી. સામસામે જનારાઓમાંથી (તુર્વશના) સખા ઇન્દ્રે, સખાને (રાજા તુર્વશને) તાર્યો. (૩) "યક્ષુ = યજ્ઞ કરવાની ઇચ્છાવાળો

તુર્વશ પોતે જ પુરોડાશ બની ગયો." – આ વાક્યનો શો અર્થ કરવો ? તેવી વિચારણા કરતાં વિદ્વાનોને એવું લાગ્યું છે કે "સંગ્રામ રૂપી યજ્ઞ કરવાની ઈચ્છાવાળો તુર્વશ, તે યજ્ઞનો પુરોડાશ બન્યો, અર્થાત્ યુદ્ધમાં માર્યો ગયો !" એવું કટાક્ષમય વર્ણન અહીં છે.[1] "સખાએ સખાને તાર્યો"–નો અર્થ, આખા સૂક્તના સંદર્ભમાં "ઈન્દ્રે સુદાસને તાર્યો એવો પરંપરાએ કરેલો અર્થ ઘણાએ સ્વીકાર્યો છે.

आ प॒क्थासो॑ भला॒नसो भन॒न्तालि॑नासो विषा॒णिनः॑ शि॒वासः॑ ।
आ योऽन॑यत्सध॒मा आर्य॑स्य ग॒व्या तृत्सु॑भ्यो अजगन्यु॒धा नृन् ॥ ७ ॥

आ । प॒क्थासः॑ । भ॒ला॒नसः॑ । भ॒न॒न्त । आ । अलि॑नासः । वि॒षा॒णिनः॑ । शि॒वासः॑ । आ । यः । अन॑यत् । स॒ध॒ऽमाः । आर्य॑स्य । ग॒व्या । तृत्सु॑ऽभ्यः । अ॒ज॒ग॒न् । यु॒धा । नृन् ॥ ७ ॥

पक्थासः पक्था हविषां पाचकाः भलानसः भद्रमुखाः । भलेति भद्रवाची । अलिनासः अलिनाः । तपोभि[2]प्रवृद्धा इत्यर्थः । विषाणिनः कण्डूयनार्थं कृष्णविषाणहस्ताः । दीक्षिता इत्यर्थः । शिवासः शिवाः यागादिना सर्वस्य लोकस्य शिवकराः । यागेन हि शिवं भवति लोकस्य । आ भनन्त अभिष्टुवन्ति तमिन्द्रम् । भनतिः शब्दकर्मा 'नौति भनति' इति शब्दकर्मसु पाठात् । यः इन्द्रः सधमाः । सोमपानेन सह माद्यतीति सधमादः । सधमाद एव सधमाः । आर्यस्य कर्मशीलस्य गव्या गोसंघान् तृत्सुभ्यः हिंसकेभ्यः आ अनयत् । अजगन् अजगत् स्वयं च गोसंघान् लेभे । युधा युद्धेन तान् नृन् शत्रून् जघान चेति शेषः ॥

અનુવાદ : પક્થો, ભલાનસો, અલિનાસો, વિષાણીઓ અને શિવોએ મોટેથી (ઈન્દ્રને ઉદ્દેશીને સ્તુતિનો) અવાજ (ઉચ્ચાર) કર્યો. (તેથી) આર્યના (સોમપાનની સાથે) મદમસ્ત થનારો જે (ઈન્દ્ર છે), તે તૃત્સુઓની (હિંસકોની) પાસેથી ગાયોના

---

૧. The battle is here conceived as a sort of sacrifice where an animal victim is slaughtered and is preceded by a cake offering. Indra is the sacrificer (मन्त्र–११), the enemy, the cake offering (मन्त्र–६), and the enemy's priest, the animal victim (मन्त्र–८) ....Turvaśa wanted to be a sacrificer, but became only an offering. – H. D. Velankar, Ṛgveda Maṇḍala VII, Bombay, 1963. p. 47.

૨. तपोभिः प्रवृद्धाः ।

સમુદાયને લઈ આવ્યો; (પોતે પણ ગાયોના સમુદાય) તરફ ગયો તથા યુદ્ધથી (શત્રુઓના) પુરુષોને [હણી કાઢ્યા]. (૭–૧૮–૭)

નોંધ : (૧) સાયણને અનુસરીને આ અનુવાદ કર્યો છે. તેમણે 'પક્થો' વગેરે શબ્દોના યજ્ઞપરક અર્થ કર્યા છે. જેમકે, પક્થ–હવિષ્ ને રાંધનારા ભલાનસ–ભદ્રમુખવાળા, અલિનાસ–તપથી વૃદ્ધ નહીં થયેલા (કેવળ યજ્ઞ કરવા સુધી જ વિકસેલા) [ટિળક વૈદિક શોધ સંસ્થાન, પૂનાની, ઋગ્વેદની આવૃત્તિમાં तपोभिः प्रवृद्धाः । એવું પાઠાન્તર આપ્યું છે. કદાચ તે અહીં વધારે સુસંગત લાગે છે. તે મુજબ અલિનાસ–એટલે 'તપથી વૃદ્ધ થયેલા.'] વિષાણિન્–યજ્ઞ માટે દીક્ષિત થયેલ યજમાન, કે જેના હાથમાં કાળા મૃગનું શીંગડું હોય છે; અને યજ્ઞક્રિયા દરમ્યાન શરીરે ખંજવાળ આવે તો નખથી નહીં ખંજવાળતા, આ શીંગડાની અણીથી ખંજવાળવાનું હોય છે ! શિવ–યજ્ઞાદિ દ્વારા બધા લોકનું કલ્યાણ કરનારા. આ પાંચેય જણાએ ઈન્દ્રની મોટેથી સ્તુતિ કરી. आ + भनन्त । ક્રિયાપદમાં भन ધાતુ 'અવાજ કરવો' અર્થ ધરાવે છે. સાયણે ઉત્તરાર્ધનો અન્વય આમ કર્યો છે : आर्यस्य सधमाः यः (इन्द्रः, सः) तृत्सभ्यः५ गव्या आ अनयत् । (स्वयं च गोसंघान्) अजगन् = । अजगत् । (स इन्द्रः) नृन् युधा (जघान) ॥ આમ ઉત્તરાર્ધમાં, ત્રીજા એક ક્રિયાપદ जघान નો અધ્યાહાર લઈને ત્રણ વાક્ય બનાવ્યાં છે.

(૨) આ મન્ત્રના અર્થઘટન બાબતે વિદ્વાનો ચકરાવે ચઢી ગયા છે, (જેનો પરિચય કરીશું; પણ) એ સંજોગોમાં, સાયણનો અર્થ પણ નહીં સ્વીકારવાનું કશું કારણ રહેતું નથી.

(૩) ગ્રિફીથના મતે પક્થ, ભલાનસ વગેરે પાંચ અનાર્ય જાતિઓનાં નામ છે, જે તૃત્સુની સામે થઈ હતી. પણ આર્યોના સેનાપતિ ઈન્દ્રે તૃત્સુને મદદ કરી હતી.

(૪) મેકડોનલ અને કીથ જણાવે છે કે – પક્થો, ભલાનસો વગેરે પ્રખ્યાત પાંચ જાતિઓનાં નામ છે. આ પાંચે જાતિના લોકો 'દાશરાજ્ઞ–યુદ્ધ'માં સુદાસના શત્રુપક્ષની સાથે હતા. (ત્સિમરના મતે આ પાંચ જાતિઓ કાબુલિસ્તાનના પૂર્વભાગમાં રહેતી હશે.) જુઓ : વૈદિક ઈન્ડેક્સ, ભાગ–૨, પૃ. ૧૧૦.

(૫) પ્રા. વેલણકરે આ પાંચ નામોનું સાયણે કરેલું અર્થઘટન પ્રાયઃ સ્વીકાર્ય ગણ્યું છે. પરંતુ મન્ત્રનો અનુવાદ કરતી વખતે, ઉત્તરાર્ધમાં तृत्सुभ्यः એવું જે પદ છે, તેને (સાયણે પંચમી વિભક્તિપરક લીધું છે.) પણ પ્રા. વેલણકરે તેને ચતુર્થી વિભક્તિકારક લીધું છે. તેથી અર્થ એવો કર્યો છે કે "પણ આર્યના સહાયક (ઈન્દ્રે) તૃત્સુઓને માટે ગાયો જીતી લાવવા, (તૃત્સુઓની પાસે) પહોંચ્યા અને શત્રુઓના

પુરુષો પાસે તે (ઇન્દ્ર) યુદ્ધ સાથે (યુદ્ધ લઈને) પહોંચ્યા. અર્થાત્ ઇન્દ્રે તૃત્સુઓને (કે જેઓ સુદાસ તરફી હશે,) તેમને મદદ કરી.''

(૯) જે વિદ્વાનોએ આ સૂક્તને કેવળ ઇન્દ્રની સ્તુતિ રૂપે નથી જોયું, પણ તેમાં દાશરાજ્ઞ–યુદ્ધ જેવી કોઈ ઐતિહાસિક ઘટનાનું વર્ણન છે એમ જોયું છે, તેમણે 'પક્થો', 'ભલાનસો' વગેરેથી પાંચ અનાર્ય જાતિઓનો ઉલ્લેખ જોયો છે. (તથા મન્ત્ર–૧૪માં અનુ, દ્રુહ્યુ વગેરે પાંચ રાજાઓનો ઉલ્લેખ ધ્યાનમાં લઈને, 'દશ'ની સંખ્યા સમજાવી છે.) પણ આર્ય સંસ્કૃતિમાં ચાલી આવતી માન્યતા મુજબ તો 'વેદો નિત્ય છે, અપૌરુષેય છે.' તેથી તેમાં કોઈ ઐતિહાસિક વ્યક્તિઓનો ઉલ્લેખ હોઈ ના શકે; અને તેથી સાયણે પક્થ, ભલાનસ વગેરેને ઐતિહાસિક રૂઢ નામ રૂપે લીધા નથી; પણ તેમના યૌગિકાર્થો વિચાર્યા છે.

दु॒रा॒ध्यो॒३॑ अदि॑तिं स्रे॒वय॑न्तोऽचे॒तसो॒ वि ज॑गृभ्रे॒ परु॑ष्णीम् ।
म॒ह्नावि॑व्यक्पृथि॒वीं पत्य॑मानः प॒शुष्क॒विर॑शय॒च्चाय॑मानः ॥ ८ ॥

दुः॒ऽआ॒ध्य॑ः । अदि॑तिम् । स्रे॒वय॑न्तः । अ॒चे॒तस॑ः । वि । ज॒गृ॒भे॒ । परु॑ष्णीम् । म॒ह्ना । अ॒वि॒व्य॒क् । पृ॒थि॒वीम् । पत्य॑मानः । प॒शुः । क॒विः । अ॒श॒य॒त् । चाय॑मानः ॥ ८ ॥

दुराध्यः दुष्टाभिसंधयः अचेतसः मन्दमतयः सुदासः शत्रवः अदितिम् अदीनां परुष्णीं नदीं स्रेवयन्तः वि जगृभ्रे । विग्रहः कूलभेदः । तमकुर्वन् । परुष्ण्याः कूलं बिभिदुरित्यर्थः । सः सुदासः मह्ना इन्द्रप्रसादलब्धेन महिम्ना पृथिवीम् अविव्यक् तदैव व्याप्नोत् । न पुनरुदकेनाबाध्यत । ततः सुदासः शत्रुः चायमानः चयमानस्य पुत्रः कविः कविनामा पत्यमानः पलायमानः पशुः यागे संज्ञप्तः पशुरिव अशयत् अशेत । सुदासा निहत इत्यर्थः ॥

અનુવાદ : (જળ) ઐશ્વર્યવાળી પરુષ્ણીને (અન્યત્ર) વહેવડાવવા ઇચ્છતા દુષ્ટ બુદ્ધિવાળા અજ્ઞાનીઓએ તે (પુરુષ્ણી)ના (કિનારા) તોડ્યા. [સુદાસ] (ઇન્દ્રની કૃપાથી મળેલા) મહિમાથી પૃથ્વી ઉપર વ્યાપી વળ્યો. (ત્યારે) 'કવિ' (નામનો) ચાયમાનનો પુત્ર કે જે પલાયમાન થઈ જતો હતો, તે પશુ (રૂપે રણભૂમિમાં) સૂતો. [અર્થાત્ સુદાસ વડે તે કવિ હણાયો.] (૭–૧૮–૮)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં વાક્યાન્વય આમ છે : अदितिं परुष्णीम् स्रेवयन्तः दुराध्यः अचेतसः वि जगृभ्रे । જે દીન નથી તે અદિતિ, અર્થાત્ જળના ઐશ્વર્યવાળી, પુષ્કળ પાણીથી ભરેલી (પરુષ્ણી નદી). આ સૂક્તમાં જે દાશરાજ્ઞ યુદ્ધનું વર્ણન મળે છે, તે પરુષ્ણી નદીના કિનારે થયું હતું. આ પહેલી પંક્તિનો અર્થ જોતાં લાગે

છે કે સુદાસના દુશ્મનોએ પરુષ્ણી નદીના કિનારા તોડીને, જુદી નહેરો કાઢીને બીજે વહેવડાવવા પ્રયત્ન કર્યો હશે. પણ ઈન્દ્રની કૃપાથી સુદાસને તકલીફ પહોંચી નહીં હોય. બલ્કે તે રણભૂમિ ઉપર ફરી વળ્યો. (૨) ઉત્તરાર્ધનો અર્થ દુર્બોધ છે. ગ્રિફીથે પણ લખ્યું છે કે – The second line of the stanza is obscure and the translation is conjectural. (See : Hymns of the Ṛgveda, by R.T.H. Griffith, Vol. II, p. 18) અહીં સાયણને અનુસરીને અન્વય ગોઠવ્યો છે : मह्ना पृथिवीम् अविव्यक् । कविः चायमानः पत्यमानः पशुः (इव) अशयत् । આ મુજબ, ઉપર અનુવાદ મૂક્યો છે. પ્રા. વેલણકર જણાવે છે કે ત્રીજા પાદમાં તુર્વશનો ઉલ્લેખ છે, (અર્થાત્ સુદાસ નહીં, પણ તુર્વશ પૃથિવી ઉપર વ્યાપી વળ્યો), તથા ચોથા પાદમાં 'ભૃગુ' અને 'કવશ' નામના પુરોહિતોનો 'કવિ' તરીકે ઉલ્લેખ છે, પણ તે કટાક્ષપૂર્ણ છે. રણસંગ્રામ રૂપી યજ્ઞમાં જો તુર્વશ પુરોડાશ બની ગયો, તો તેના ભૃગુ–કવશ પુરોહિતો પશુબલિ બની ગયા–એમ કટાક્ષમાં અહીં કહ્યું હોય, એમ બની શકે. ટૂંકમાં, ઉત્તરાર્ધ વિવાદાસ્પદ તો છે જ.

ई॒युरर्थं॒ न न्य॒र्थं परु॑ष्णीमा॒शुश्च॒नेद॑भिपि॒त्वं ज॑गाम ।
सु॒दास॒ इन्द्रः॑ सु॒तुकाँ॑ अ॒मित्रा॒नर॑न्धय॒न्मानु॑षे॒ वध्रि॑वाचः ॥ ९ ॥

ई॒युः । अर्थ॑म् । न । नि॒ऽअ॒र्थम् । परु॑ष्णीम् । आ॒शुः । च॒न । इत् । अ॒भि॒ऽपि॒त्वम् । ज॒गा॒म॒ । सु॒ऽदासे॑ । इन्द्रः॑ । सु॒ऽतुका॑न् । अ॒मित्रा॑न् । अर॑न्धयत् । मानु॑षे । वध्रि॑ऽवाचः ॥ ९ ॥

अथेन्द्रः परुष्ण्या विच्छिन्नानि पर्वाणि संदधे । ततः परुष्ण्या आपः यथापूर्वम् अर्थं गन्तव्यमेव प्रवणदेशं प्रति परुष्णीम् ईयुः आययां चक्रुः ॥ 'इण् गतौ' इति धातोरन्तर्भावितण्यर्थात् लिटि ईयुः इति । अतो द्विकर्मकमाख्यातम् ॥ न्यर्थम् अगन्तव्यं परुष्ण्याः पार्श्वयोः स्थितं निम्नं देशं प्रति परुष्णीं न ईयुः । आशुश्चन राज्ञः सुदासोऽश्वोऽपि अभिपित्वम् अभिप्राप्तव्यमेव जगाम । इन्द्रः च सुदासे राज्ञे मानुषे लोके वध्रिवाचः जल्पकान् अमित्रान् शत्रून् सुतुकान् सुतोकान् । 'तुक् तोकम्' इत्यपत्यनामसु पाठात् । अरन्धयत् वशमानयत् ॥

અનુવાદ : (ઈન્દ્રે) પરુષ્ણીને ગન્તવ્ય માર્ગે જ મોકલી (= વહાવી); પણ (આજુબાજુના અગન્તવ્ય) માર્ગ ઉપર ન જવા દીધી. (સુદાસનો) ઝડપી (ઘોડો) પણ યોગ્ય સ્થાને (છાવણીમાં) પહોંચ્યો. ઈન્દ્રે મનુષ્યલોકમાં સુદાસને માટે વ્યર્થ પ્રલાપ કરનારા સારા પુત્રોવાળા શત્રુઓને વશ કર્યા. (૭–૧૮–૯)

નોંધ : (૧) સાયણ કહે છે કે – √इण् गतौ (જવું) ધાતુને અન્તર્ભાવિત णिच् (પ્રેરણાર્થક) પ્રત્યય લાગીને, પરોક્ષ ભૂતકાળમાં બનેલું રૂપ ईयुः (= મોકલાવેલ) રૂપ છે, અને તેથી તે દ્વિકર્મક ક્રિયાપદ બનેલું છે.[1] જેમ કે, (इन्द्रः) परुष्णीम् अर्थम् ईयुः, न्यर्थं न (ईयुः) । સાયણ પૂર્વાપર સંદર્ભમાં આ મન્ત્રનો અર્થ વિચારે છે. આગળના આઠમા મન્ત્રમાં કહ્યું છે કે – "શત્રુઓએ પરુષ્ણી નદીના કિનારા ભાંગીને નદીના પ્રવાહને બીજી બાજુ વાળવા પ્રયત્ન કર્યો." હવે આ નવમા મન્ત્રમાં ઋષિ કહે છે કે – ઈન્દ્રે પરુષ્ણીને अर्थम् = ગન્તવ્ય માર્ગ (જવા યોગ્ય, પૂર્વનિર્ધારિત માર્ગ) ઉપર જ, ईयुः મોકલી; પણ न्यर्थं न ईयुः । નહીં જવા યોગ્ય (અર્થાત્ વિપરીત દિશામાં) માર્ગ ઉપર પરુષ્ણીને ન જવા દીધી. બીજા પાદમાં आशुः चन (= अपि) अभिपित्वं जगाम [સુદાસનો] ઝડપી (ઘોડો) પણ યોગ્ય સ્થાનમાં (= છાવણીમાં) પહોંચ્યો. (૨) સાયણે ઉત્તરાર્ધનો અન્વય આમ કર્યો છે : इन्द्रः मानुषे^{૭} (लोके) सुदासे^{૪} वध्रिवाचः सुतुकान् अमित्रान् अरन्धयत् ॥ ઉપર મૂકેલો અનુવાદ સાયણ મુજબનો છે. (૩) પરંતુ પ્રા. વેલણકરે પૂર્વાર્ધમાં इन्द्रः જે કર્તાપદ લેવાને બદલે शत्रवः નો કર્તાપદ તરીકે અધ્યાહાર વિચાર્યો છે; તથા अर्थं न व्यर्थं માં 'न' ને इव અર્થમાં લીધો છે. "તે (શત્રુ)ઓ તેમના ગન્તવ્ય સ્થાને જતા હોય તેમ પરુષ્ણી તરફ ગયા. પણ તે તેમને માટે વિનાશનો માર્ગ બની રહ્યો." વેલણકર કહે છે કે શત્રુઓ એટલા ઝડપથી પરુષ્ણીમાં જઈ પડ્યા કે તેમને ભયની કે બીજા કશાની ખબર જ ના પડી. (न्यर्थं = વિનાશનો માર્ગ). વળી, તેમણે चन નો અર્થ अपि લેવાને બદલે, નિષેધપરક લીધો છે. જેથી "(શત્રુનો) ઝડપી (ઘોડો) अभिपित्व = છાવણીમાં પહોંચી ના શક્યો" એવો બીજા પાદનો અર્થ આપ્યો છે. એ જ પ્રમાણે, તેમણે अमित्रान् ના વિશેષણ તરીકે सुतुकान् = 'સારા પુત્રોવાળા' શબ્દમાં सु ઉપસર્ગને કટાક્ષપૂર્ણ માન્યો છે; જે યોગ્ય જણાય છે. કેમ કે, અમિત્રોના બીજા એક વિશેષણ वध्रिवाचः = 'બબડાટ કરનાર'ની સાથે 'સારા પુત્રોવાળા' એવું વિશેષણ બીજી કોઈ રીતે બંધ બેસે એવું નથી. चन–અવ્યય નિષેધપરક લેવા માટે એમણે કોઈ પ્રમાણ આપ્યું નથી. (૪) પરંતુ સાયણે પૂર્વાપર (૮ અને ૯મા મન્ત્રના) સંદર્ભ કરેલો અર્થ વધુ ગ્રાહ્ય જણાય છે.

ईयुर्गावो न यवसादगोपा यथाकृतमभि मित्रं चितासः ।
पृश्निगावः पृश्निनिप्रेषितासः श्रुष्टिं चक्रुर्नियुतो रन्तयश्च ॥ १० ॥

---

[1] દા.ત. श्रीहरिः शत्रून्^{૨} स्वर्गम्^{૨} अगमयत् । શ્રીહરિએ શત્રુઓને સ્વર્ગમાં મોકલ્યા.

ई॑युः । गाव॑ः । न । यव॑सात् । अगो॑पाः । य॒था॒ऽकृ॒तम् । अ॒भि । मि॒त्रम् । चि॒तास॑ः । पृश्नि॑ऽगावः । पृश्नि॑ऽनिप्रेषितासः । श्रु॒ष्टिम् । च॒क्रुः । नि॒ऽयुत॑ः । रन्त॑यः । च॒ ॥ १० ॥

यदेन्द्रः सुदासो रक्षणार्थमागच्छति तदा पृश्निनिप्रेषितासः पृश्निनिप्रेषिताः पृश्न्या मात्रा नितरां प्रहिताः चितासः संहता जानन्तो वा पृश्निगावः । पृश्निवर्णा गावोऽश्वा येषां ते पृश्निगावः मरुतः यथाकृतम् इन्द्रस्य साहाय्यं करवामेति यथा पूर्वं समयः कृतस्तं समयमनतिक्रम्य मित्रम् इन्द्रं यवसात् । निमित्तार्थे पञ्चमी । यवसं निमित्तीकृत्य अगोपाः गोपालेनारक्षिताः गावो न गाव इव अभि ईयुः अभिजग्मुः । रन्तयः रममाणाः नियुतः मरुतामश्वाः च । श्रुष्टिं शीघ्रप्राप्तिं चक्रुः । तस्मिन् युद्धे मरुत इन्द्रं साहाय्यार्थमभ्यगच्छन्नित्यर्थः ॥ २५ ॥

અનુવાદ : ઘાસ (ખાવા)ના નિમિત્તે (આવી પહોંચેલી) ગોવાળિયા વિનાની ગાયોની જેમ; પૃશ્નિ (નામની માતા) દ્વારા મોકલવામાં આવેલા અને ભેગા મળેલા પૃશ્નિવર્ણની ગાયો અને અશ્વોવાળા (મરુતો), અગાઉ (ઈન્દ્રને મદદ કરવાનું) નક્કી કર્યા મુજબ મિત્ર (ઈન્દ્ર) તરફ પહોંચ્યા. [યુદ્ધમાં] રમમાણ એવા નિયુતો (= મરુતોના અશ્વો)એ ઉતાવળ કરી (અર્થાત્ ઈન્દ્ર પાસે ઝડપથી પહોંચ્યા.) (૭–૧૮–૧૦)

નોંધ : (૧) સાયણ કહે છે કે ઈન્દ્ર જ્યારે સુદાસનું રક્ષણ કરવા જાય છે ત્યારે 'પૃશ્નિ' નામની માતાએ પોતાના મરુત્ પુત્રોને ઈન્દ્રને મદદરૂપ થવા મોકલી આપ્યા–તેનું આ મન્ત્રમાં વર્ણન છે. (૨) પહેલા ત્રણ પાદનું એક વાક્ય બનાવ્યું છે. અલબત્ત, પહેલા પાદમાં જે ઉપમાનવાક્ય છે તેને પહેલાં લેવાનું છે : यवसात् (નિમિત્તાર્થક પંચમી) अपोगाः गावः न (= इव); पृश्निनिप्रेषितासः चितासः पृश्निगावः (પૃશ્નિવર્ણની ગાયો અને અશ્વોવાળા–આ ત્રણેય પદો 'મરુતો'નાં વિશેષણો છે.), यथाकृतम् मित्रम् (इन्द्रम्) अभि ईयुः ॥ ત્યાર પછી ચોથા પાદનું એક વાક્ય બનાવવાનું છે : रन्तयः नियुतः च श्रुष्टिं चक्रुः ॥ આમ સાયણને અનુસરીને અનુવાદ કર્યો છે. પરંપરામાં વેંકટમાધવે પણ આવો જ અર્થ કર્યો છે. (૩) પૃશ્નિગુ શબ્દ, ઋગ્વેદમાં એકવચનમાં 'પુરુકુત્સ'ની સાથે (૧–૧૧૨–૭) વપરાયો છે; અને અહીં (૭–૧૮–૧૦) બહુવચનમાં એનો પ્રયોગ થયો છે, ત્યારે તે ગેલ્ડનરના મતે, એક જાતિના લોકો માટે વપરાયો છે. પણ સાયણે તો તેનો અર્થ "પૃશ્નિવર્ણની ગાયો અને અશ્વોવાળા મરુતો" કર્યો છે. જો કે મેકડોનલ ગેલ્ડનર જોડે સમ્મત થતા નથી. (૪) પ્રા. વેલણકર આ મન્ત્રમાં હારેલા શત્રુઓનું વર્ણન જુવે છે. यथाकृतम्–થોડાક સમય માટે, યુદ્ધ પૂરતા જેમને મિત્રો બનાવ્યા હતા તેવા (સૈનિકો) તો ગોચરમાંથી કાઢી મૂકેલી ગાયોની જેમ રણભૂમિ ઉપરથી

ભાગી ગયા. પૃશ્નિએ પૃશ્નિગુઓને જમીનમાં પેસાડી દીધા. તેમના ઘોડાઓ અને સમૃદ્ધિઓ પણ તેમને અનુસરી, અર્થાત્ નાશ પામી. (૫) આખા મન્ત્રમાં વિશેષણોનો જ પ્રયોગ છે, તેથી તે ઈન્દ્ર અને મરુતોને લાગુ પડે છે કે સુદાસના શત્રુઓને લાગુ પડે છે તે વિવાદાસ્પદ જ રહે છે.

एकं च यो विंशतिं चं श्रवस्या वैकर्णयोर्जनान्राजा न्यस्तंः ।
दस्मो न सद्मन्नि शिंशाति बर्हिः शूरः सर्गमकृणोदिन्द्रं एषाम् ॥ ११ ॥

एकंम् । च । यः । विंशतिम् । च । श्रवस्या । वैकर्णयोंः । जनांन् । राजां । नि । अस्तरित्यस्तंः । दस्मः । न । सद्मंन् । नि । शिशाति । बर्हिः । शूरंः । सर्गंम् । अकृणोत् । इन्द्रंः । एषाम् ॥ ११ ॥

यः सुदासो राजा श्रवस्या यशस इच्छया अन्नेच्छया वा परुष्ण्याः पार्श्वस्थयोः वैकर्णयोः जनपदयोर्विद्यमानान् एकं च विंशतिं च जनान् न्यस्तः आत्मना अहन् सः राजा दस्मो न दर्शनीयो युवाध्वर्युरिव सद्मन् यज्ञगृहे बर्हिः यस्मिन् युद्धे सपत्नान् नि शिशाति नितरां लुनाति तस्मिन् युद्धे शूरः इन्द्रः एषां मरुतां सर्गं प्रसवम् अकृणोत् सुदासः साहाय्यार्थमकरोत् ॥

અનુવાદ : જે રાજાએ (જે સુદાસે) યશની ઈચ્છાથી (પરુષ્ણીના કિનારે) બે વૈકર્ણો (= જનપદો)ના એક અને વીસ માણસોને કાપી કાઢ્યા. દર્શનીય (યુવાન અધ્વર્યુ) જેમ યજ્ઞગૃહમાં ઘાસ કાપી કાઢે તેમ (તેણે સુદાસે શત્રુઓને કાપી કાઢ્યા). શૂરવીર ઈન્દ્રે એમનો (મરુતોનો) જન્મ કર્યો. (મરુતોના સમૂહને એકઠો કર્યો). (૭—૧૮—૧૧)

નોંધ : (૧) પહેલા બે પાદનું એક વાક્ય છે : यः राजा श्रवस्या वैकर्णयोः एकं च विंशतिं च जनान् न्यस्तः । રાજા સુદાસે જે બે વૈકર્ણોના એકવીસ માણસોને હણી કાઢ્યા તે 'વૈકર્ણ' શું હશે ? – તે સમજાવતાં સાયણ કહે છે કે પરુષ્ણીના કિનારે આવેલ બે જનપદો છે. મેકડોનલ કહે છે કે અહીં બે વૈકર્ણ રાજાઓની ૨૧ જાતિઓનો ઉલ્લેખ છે; અથવા ૨૧ પ્રજાજનો હશે. મહાભારત (૯—૨૧૦૫)માં પણ 'વિકર્ણ' જાતિનો ઉલ્લેખ છે; તથા "સેન્ટ—પીટસબર્ગ—કોશ"માં કહ્યું છે કે વિકર્ણોનો નિવાસ કાશ્મીરમાં હતો. (વૈદિક ઈન્ડેક્સ ભાગ--૨. પૃ. ૩૯૯). (૨) ઉત્તરાર્ધમાં બન્ને પાદમાં અલગ અલગ વાક્ય છે : दस्मः न (इव) सद्मन् (नि) बर्हिः निशिशाति [तथैव सुदासः शत्रून् निशिशाति]। शूरः इन्द्रः एषाम् (= मरुताम्) सर्गम् अकृणोत् । અહીં બીજા વાક્યમાં एषाम् સર્વનામથી 'મરુત'નો ઉલ્લેખ છે એમ સાયણ જુવે છે. પણ વેલણકરે તેનો અર્થ शत्रूणाम् કર્યો છે. (૩) પ્રા. વેલણકરે नि शिशाति ક્રિયાપદમાં સર્વાનુદાત્ત હોઈને, તેને મુખ્યવાક્યનું ક્રિયાપદ ગણ્યું છે; અને न्यस्तः ક્રિયાપદમાં ઉદાત્ત

હોવાથી પહેલા–બીજા પાદને ગૌણ વાક્ય ગણ્યું છે : "રાજા સુદાસે, એક કુશળ (પુરોહિત) જેમ આસન બનાવવા ઘાસ કાપે તેમ (શત્રુઓને) કાપી કાઢ્યા. જ્યારે તેણે બે વૈકર્ણોના એકવીસને, યશની ઇચ્છાથી હણ્યા ત્યારે શૂરવીર ઇન્દ્રે પણ તેમને છુટા કર્યા."

अध॑ श्रु॒तं क॒वषं॑ वृ॒द्धम॒प्स्वनु॑ द्रु॒ह्युं नि वृ॑ण॒ग्वज्र॑बाहुः ।
वृ॒णा॒ना अत्र॑ स॒ख्याय॑ स॒ख्यं त्वा॒यन्तो॒ ये अम॑द॒न्ननु॑ त्वा ॥ १२ ॥

अध॑ । श्रु॒तम् । क॒वष॑म् । वृ॒द्धम् । अ॒प्ऽसु । अनु॑ । द्रु॒ह्युम् । नि । वृ॒ण॒क् । वज्र॑ऽबाहुः । वृ॒णा॒नाः । अत्र॑ । स॒ख्याय॑ । स॒ख्यम् । त्वा॒ऽयन्तः॑ । ये । अम॑दन् । अनु॑ । त्वा॒ ॥ १२ ॥

अध अपि च वज्रबाहुः इन्द्रः श्रुतं कवपं च वृद्धं च त्रीन् तथा द्रुह्युम् अनु आनुपूर्व्येण अप्सु उदकेषु नि वृणक् न्यमज्जयदित्यर्थः । अत्र अस्मिन्नवसरे ये त्वायन्तः त्वत्कामाः त्वा त्वाम् अनु अमदन् अस्तुवन् ते सखायः सख्याय सख्यार्थं त्वां वृणानाः सख्यं लेभिर इति शेषः ॥

અનુવાદ : ત્યાર પછી વજ્રબાહુએ (= ઇન્દ્રે) શ્રુત, કવષ અને વૃદ્ધ–એ ત્રણને, અને તેમની પાછળ દ્રુહ્યુને પણ પાણીમાં ડૂબાડ્યો. અહીં (આ પ્રસંગે) તારી કામના કરતા તારી (ઇન્દ્રની) સ્તુતિ કરે છે, તે (સખાઓ) સખ્યને માટે (તને) પસંદ કરતા (અંતે) સખ્યને [મેળવે છે.]. (૭–૧૮–૧૨)

નોંધ : (૧) સાયણ મુજબ ઉપર અન્વય અને અનુવાદ ગોઠવ્યો છે : પૂર્વાર્ધમાં એક વાક્ય છે. अध वज्रबाहुः (इन्द्रः) श्रुतं कवषं वृद्धम् (च) अनु द्रुह्युं अप्सु नि वृणक् ॥ અહીં व॒ज्र॑बाहुः માં આદ્યુદાત્ત સ્વર છે, તેથી બહુવ્રીહિ સમાસ લેવાનો છે. "વ્રજ છે બાહુમાં જેની (તે ઇન્દ્ર)." દાશરાજ્ઞ યુદ્ધમાં રાજા સુદાસને મદદ કરવા વજ્રબાહુ ઇન્દ્રે શ્રુત, કવષ, વૃદ્ધુએ નામના ત્રણ શત્રુઓને, અને તે પછી એક ચોથા દ્રુહ્યુને પણ જળમાં ડૂબાડી દીધા. नि + वृणक् – ક્રિયાપદમાં नि ઉપસર્ગપૂર્વક √वृज् (૮મો ગણ) ધાતુ છે; જેનો અર્થ મારવું, વાળવું, ડૂબાડવું થાય છે; તેનું अद આગમ વિનાનું હ્યસ્તન ભૂતકાળ ત્રી.પુ.એ.વ.નું આ રૂપ છે. (૨) ઉત્તરાર્ધમાં બે પાદોને પણ સાયણે એક વાક્યમાં ગોઠવ્યા છે; કેમ કે यद् (ये) સર્વનામનો પ્રયોગ છે, તેથી ते (सखायः) એવો અધ્યાહાર લઈ શકાય એમ છે :– अत्र त्वान्यतः ये (त्वाम्) अनु अमदन्, [ते सखायः] सखायं (त्वां) वृणानाः सख्यं [लेबिरे] ॥ અહીં लेभिरे એવા ક્રિયાપદનો પણ અધ્યાહાર લઈને, સાયણે વાક્યની પૂર્તિ કરી છે. (૩) પ્રા. વેલણકરે પૂર્વાર્ધને એક વાક્ય રૂપે

લીધેલ છે, પણ સાયણથી જુદા પડીને તેમણે श्रुतं અને वृद्धम् ને સ્વતન્ત્ર શત્રુઓ રૂપે નહીં ગણતાં. कवष ના વિશેષણ તરીકે લીધાં છે : "વિદ્વાન્ અને વૃદ્ધ એવા કવષને (પરુષ્ણીના) જળમાં ડૂબાડ્યા, પછી તરત દ્રુહ્યુને પણ." ઉત્તરાર્ધના ચોથા પાદને પહેલાં લઈને (કેમકે તે यद् થી શરૂ થતો પાદ છે), પછી ત્રીજા પાદને ગોઠવ્યો છે. જેમ કે, "જે તને વફાદાર હતા (त्वायन्तः), તેઓ તારી (ઈન્દ્રની) પાછળ આનંદ પામ્યા, તથા તેમણે મિત્રતાને ખાતર મિત્રતાને પસંદ કરી." (૪) અહીં, પ્રા. વેલણકરે એવી પણ નોંધ કરી છે કે કવષ વૃદ્ધ અને વિદ્વાન્ હતો. છતાંય તેણે ઈન્દ્રની મિત્રતા ના ઈચ્છી, અને પરિણામે તે હણાયો. આના વિરોધમાં કવિ વસિષ્ઠના અનુયાયીઓ કે જેમણે ઈન્દ્રની મિત્રતા ઈચ્છી, તેઓ સુખી થયા. આનું મન્ત્રમાં નિરૂપણ છે. (૫) ઈન્દ્રે તૃત્સુઓને માટે રાજા દ્રુહ્યની સાથે કવષને હણ્યો હતો. આ 'કવષ' ત્સિમરના મતે વૈકર્ણ નામની મિશ્રજાતિનો પુરોહિત હતો, લુડવિગના મતે કવષ પાંચ જાતિઓનો પુરોહિત હતો. (૬) આ સૂક્તમાં 'દાશરાજ્ઞ–યુદ્ધ'નું વર્ણન છે એમ વિદ્વાનોનું મંતવ્ય છે, જેમાં ભરતોના રાજા સુદાસ્ અને તેમને મદદ કરવા આવેલા તૃત્સુઓ એક તરફ અને સામે પક્ષે પૂરુ, અનુ, દ્રુહ્યુ, તુર્વશ, યદ્દુ, પક્થ, ભલાનસ, અલિન, વિષાણિન્ અને શિવ એટલા દશ રાજાઓ હશે. તથા સુદાસ્ ના પક્ષે તેમના પુરોહિત તરીકે વસિષ્ઠ હાજર હશે; જેમણે પોતાની સ્તુતિથી ઈન્દ્રની કૃપા મેળવી આપી હશે અને પૂરુ, દ્રુહ્યુ વગેરે દશ રાજાઓના પુરોહિત તરીકે ભૃગુ, ન્યાયમાન, બે વિકર્ણો અને કવષ હાજર હશે. (૭) ગ્રિફીથના મતે આ મન્ત્રનો ઉત્તરાર્ધ એકદમ નિશ્ચિત થઈ શકે તેમ નથી.

वि स॒द्यो विश्वा॑ दृंहि॒तान्ये॑षा॒मिन्द्र॒ः पुर॒ः सह॑सा स॒प्त द॑र्दः ।
व्यान॑वस्य॒ तृत्स॑वे॒ गयं॑ भा॒ग्जेष्म॑ पू॒रुं वि॒दथे॑ मृ॒ध्रवा॑चम् ॥ १३ ॥

वि । स॒द्यः । विश्वा॑ । दृं॒हि॒तानि॑ । ए॒षा॒म् । इन्द्र॑ः । पुर॑ः । सह॑सा । स॒प्त । द॒र्द॒रिति॑ दर्दः । वि । आन॑वस्य । तृत्स॑वे । गय॑म् । भा॒क् । जेष्म॑ । पू॒रुम् । वि॒दथे॑ । मृ॒ध्रऽवा॑चम् ॥ १३ ॥

एषां कवषादीनां विश्वा विश्वानि दृंहितानि दृढानि दुर्गाणि पुरः नगरीश्च तद्रक्षासाधनभूतान् सप्त प्राकारांश्च इन्द्रः सहसा बलेन सद्यः एव वि दर्दः विदारयामास । अपि च आनवस्य अनोः संबन्धिनो बलस्य अनोः पुत्रस्य वा गयं गृहं धनं वा तृत्सवे तृत्सुनामकाय राज्ञे तृत्सूनां गणाय वा वि भाक् व्यभजत् । अदादित्यर्थः । इत्थमिन्द्रं स्तुवन्तो वयं विदथे युद्धे मृध्रवाचं बाधवाचं पूरुं मनुष्यं जेष्म जयेम ॥

અનુવાદ : ઇન્દ્રે આમના (કવષ વગેરે પુરોહિતોના) બધા દૃઢ (એવા કિલ્લાઓ)ને, નગરીઓને અને સાત (મોટી દિવાલો)ને બળપૂર્વક એકદમ જ તોડી કાઢી. તથા અનુસંબંધી (સૈનિકો)નું [અથવા અનુના પુત્રનું] ધન (ઇન્દ્રે) તૃત્સુ(ઓ)ને વહેંચી આપ્યું. (અમે) યુદ્ધમાં તિરસ્કાર ઉપજાવનારી વાણીવાળા પૂરુને જીતી લઈએ. (૭–૧૮–૧૩).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે : इन्द्रः एषाम् (कवषादीनाम्) विश्वा दृंहितानि, पुरः, सप्त (च) सहसा सद्यः वि दर्दः । અહીં વિશેષણના સામર્થ્યથી વિશેષ્ય ગમ્યમાન રહે છે. જોકે, दृंहितानि = 'દૃઢ' પદથી 'કિલ્લાઓ' એવું વિશેષ્ય સમજાઈ જાય છે, તથા सप्त સંખ્યાવાચક વિશેષણથી 'પ્રાકાર' (મોટી દિવાલો) એવું અધ્યાહૃત વિશેષ્ય સૂચવાઈ જાય છે. અલબત્ત, વેલણકર વગેરે આધુનિકોએ "સાત કિલ્લાઓ અને બીજાં મજબૂત સ્થાનો" એવો અર્થ લીધો છે. અર્થાત્ सप्त ને पुरः જોડે જોડ્યો છે. (૨) ઉત્તરાર્ધમાં બન્ને પાદને સ્વતન્ત્ર લેવાના છે : (इन्द्रः) आनवस्य गयं तृत्सवे वि भाग् । અને विदथे मृध्रवाचम् पूरुं (वयम्) जेष्म ॥ સાયણે विदथे નો અર્થ 'યુદ્ધમાં' કર્યો છે, પણ વેલણકરે "યજ્ઞશાળામાં (અપમાનયુક્ત શબ્દો બોલનાર પૂરુને)" કર્યો છે. (૩) આ મન્ત્રમાં શત્રુ પક્ષના કવષ વગેરે પુરોહિતોના નગરો, કિલ્લાઓ, ઇન્દ્રે તોડી નાખ્યાની વાત છે; તથા દશ રાજાઓમાંના 'અનુ'ના વંશજો કે તત્સંબંધી સૈનિકોનું ધન સુદાસના પક્ષે મદદ કરનાર તૃત્સુઓને વહેંચી આપનારની પણ વાત છે. એ જ પ્રમાણે 'પૂરુ' નામના દુશ્મન રાજાને પણ જીતી લેવાની ઇચ્છા વ્યક્ત કરી છે.

'પૂરુ' નામનો એક રાજા હતો, તેવા મતની સામે સાયણે તેનો અર્થ કેવળ 'માણસ' કર્યો છે.

नि ग॒व्यवोऽन॑वो द्रु॒ह्यव॑श्च ष॒ष्टिः श॒ता सु॑षुपु॒ः षट् स॒हस्रा॑ ।
ष॒ष्टिर्वी॒रासो॒ अधि॒ षड् दु॑वो॒यु विश्वेदिन्द्र॑स्य वी॒र्या॑ कृ॒तानि॑ ॥ १४ ॥

नि । ग॒व्यव॑ः । अन॑वः । द्रु॒ह्यव॑ः । च॒ । ष॒ष्टिः । श॒ता । सु॒सु॒पु॒ः । षट् । स॒हस्रा॑ । ष॒ष्टिः । वी॒रास॑ः । अधि॑ । षट् । दु॒व॒ःऽयुः । विश्वा॑ । इत् । इन्द्र॑स्य । वी॒र्या॑ । कृ॒तानि॑ ॥ १४ ॥

गव्यवः गोकामाः अनवः अनोः संबन्धिनः द्रुह्यवः द्रुह्योः संबन्धिनः च वीरासः वीराः षष्टिः शता शतानि । सहस्राणीत्यर्थः । षद् सहस्रा सहस्राणि च षष्टिः च अधि षट् अधिकाः षट् च दुवोयु दुवोयुवे । चतुर्थीलुक् । परिचरणकामाय सुदासे । 'नमस्यति दुवस्यति' इति परिचरणकर्मसु पाठात् ।

नि सुषुपुः नितरां शेरते । निहता इत्यर्थः । तान्येतानि विश्वा विश्वानि कृतानि कार्याणि इन्द्रस्य इत् इन्द्रस्यैव वीर्या वीर्याणीति ॥

અનુવાદ : ગાયોની કામના કરતાં અનુઓ અને દ્રુહ્યુઓ (કે જેઓ) સાઠ સો, છ હજાર, સાઠ અને વધારાના છ એવા વીરો નમસ્કાર કરતા (સુદાસ)ને માટે પૂરેપૂરા સૂઈ ગયા (= યુદ્ધભૂમિમાં હણાયા). આ બધાં જ ઈન્દ્રનાં કરેલાં પરાક્રમો છે. (૭–૧૮–૧૪).

નોંધ : (૧) સાયણે પહેલા ત્રણ પાદને એકમ તરીકે લઈને એક વાક્ય બનાવ્યું છે; તથા दुवोयु ને લુપ્ત ચતુર્થી વિભક્તિવાળું પદ ગણ્યું છે, જે સુદાસનું વિશેષણ છે : गव्यवः अनवः दुह्यवः षष्टिः शता, षट् सहस्त्रा, षष्टिः अधि षट् वीरासः दुवोयु(वे) सुदासे) नि सुसुषुः । સાયણે ચોથા પાદને સ્વતન્ત્ર લીધો છે. विश्वा इत् इन्द्रस्य ,कृतानि वीर्या ॥ આ મુજબ અનુવાદ ગોઠવ્યો છે. (૨) અનુ અને દ્રુહ્યુ જાતિના લોકોને યુદ્ધભૂમિમાં સૂવાડી દેવાની વાત છે, તેની સંખ્યા વિચિત્ર રીતે ગણાવી છે. મન્ત્રના શબ્દાર્થ મુજબ ૧૨૦૬૬ની સંખ્યા થાય છે. લુડવિગે षष्टिः शता ને બદલે षष्टिः दशा એવું પાઠાન્તર સૂચવ્યું છે ! જેથી ૬,૬૬૬ની સંખ્યા થઈને ઊભી રહેશે. સાયણે षष्टिः शता(नि) નો અર્થ ૬૦,૦૦ (સાઠ સો) એવો નહીં લેતાં, ૬૦,૦૦૦ (સાઠ હજાર) લેવો એમ સૂચવ્યું છે. તે મુજબ ૬૬૦૬૬ની સંખ્યા થશે ! (૩) પ્રા. વેલણકરે गव्यवः નો અર્થ 'લૂંટ કરવાની ઈચ્છાવાળા' કર્યો છે, તથા दुवोयु નો અર્થ in a helpful way'–મદદરૂપ થાય એ રીતે (સૂતા)–એવો કર્યો છે; જે કટાક્ષપૂર્ણ છે, તથા તેને ક્રિયાવિશેષણ રૂપે લીધું છે. વેંકટમાધવે તેને સુદાસના વિશેષણ તરીકે લીધું છે, પણ ચતુર્થ્યન્તને બદલે ષષ્ઠ્યન્ત્ પદ તરીકે લીધું છ.

इन्द्रे॑णै॒ते तृत्स॑वो॒ वेवि॑षाणा॒ आपो॒ न सृ॒ष्टा अ॑धवन्त॒ नीचीः॑ ।
दु॒र्मि॒त्रासः॑ प्रक॒लवि॒न्मिमा॑ना ज॒हुर्विश्वा॑नि॒ भोज॑ना सु॒दासे॑ ॥ १५ ॥

इन्द्रे॑ण । ए॒ते । तृत्स॑वः । वेवि॑षाणाः । आपः॑ । न । सृ॒ष्टाः । अ॒ध॒व॒न्त॒ । नीचीः॑ । दुः॒ऽमि॒त्रासः॑ । प्र॒क॒ल॒ऽवित् । मिमा॑नाः । ज॒हुः । विश्वा॑नि । भोज॑ना । सु॒ऽदासे॑ ॥ १५ ॥

कदाचिदिन्द्रेण रक्षिता अप्यन्यदा तेनैव बाध्यन्ते । एते तृत्सवः द्रुर्मित्रासः दुष्टमित्राः प्रकलवित् अजानन्तः इन्द्रेण वेविषाणाः युद्धार्थं संगताः सृष्टाः पलायनार्थमुद्युक्ताः नीचीः नीचीनाः आपो न आप इव अधवन्त अधावन्त ।

ततः मिमानाः सुदासा बाध्यमानाः विश्वानि भोजना भोग्यानि धनानि सुदासे राज्ञे जहुः ॥ २६ ॥

અનુવાદ : દુષ્ટ મિત્રો અને (કશુંય) નહીં જાણતા એવા આ તૃત્સુઓ ઇન્દ્રની સાથે યુદ્ધ કરવા એકઠા તો મળ્યા, પણ ઢોળાવ ઉપર છુટા મૂકવામાં આવેલા જળની જેમ નાઠા. પછી (સુદાસ વડે) રોકવામાં આવેલા તેઓ, સુદાસને માટે, ભોગ્ય પદાર્થોને ત્યજી ગયાં. (૭–૧૮–૧૫).

નોંધ : (૧) સાયણે તૃત્સુઓનાં વિશેષણ તરીકે, ત્રીજા પાદમાંથી दुर्मित्रासः અને प्रकलवित् ને ઉપરની પંક્તિમાં લઈને પૂર્વાર્ધનો અર્થ કર્યો છે : दुर्मित्रासः प्रकलवित् एते तृत्सवः इन्द्रेण (सह) वेविषाणाः, [પરન્તુ] नीचीः सृष्टाः आपः न (= इव) अधवन्त । અહીં સાયણ એમ જુવે છે કે ઇન્દ્રે જેમને ક્યારેક રક્ષણ પૂરું પાડ્યું હતું, તેવા તૃત્સુઓને તે રોકે પણ છે, મદદ નથી પણ કરતા – તેનું આમાં આલેખન છે. वेविषाणाः નો તેમણે "(ઇન્દ્રની સાથે) યુદ્ધ કરવા ભેગા મળેલા" અર્થ કર્યો છે. પરંતુ વેંકટમાધવે તેનો અર્થ 'વ્યાપી વળનારા' કર્યો છે. અર્થાત્ ઢોળાવ ઉપર છુટા મૂકેલા પાણીની જેમ યુદ્ધભૂમિ ઉપર તૃત્સુઓ ફરી વળ્યાં અને પછી હારી ગયેલા તે દુષ્ટ મિત્રો, ફરી ઝીણી ઝીણી વસ્તુને જાણતાં તથા मिमानाः = બધી વસ્તુને માપતા વાણિયા જેવા તૃત્સુઓ, અંતે સુદાસને માટે સાધનસામગ્રી રણભૂમિ ઉપર જ છોડી ગયા. પછી સાયણે ચોથા પાદનો અન્વય આમ ગોઠવ્યો છે :– (सुदासा) मिमानाः (तृत्सवः) विश्वानि भोजना सुदासे जहुः । પણ અહીં, તેમણે ત્રીજા પાદનો मिमानाः શબ્દ ચોથા પાદમાં લીધો છે, તે ઠીક લાગતું નથી. (સામાન્ય રીતે આખા એક પાદને એકમ લઈને અર્થ કર્યો હોય તો તે વધુ આવકાર્ય જણાય છે.) આ દૃષ્ટિએ પ્રા. વેલણકરે કરેલો અર્થ વધુ ઉચિત જણાય છે. (૨) આધુનિકોએ, પરંપરાથી જુદા પડીને, 'ભરતોના રાજા સુદાસના પક્ષમાં તૃત્સુઓ હતા' એ મુદ્દો સતત ધ્યાનમાં રાખીને આ મન્ત્રને સમજાવ્યો છે. પ્રા. વેલણકરે મન્ત્રાર્થ આવો કર્યો છે :– "(ઇન્દ્રે વૃત્રને મારી નાખ્યા પછી) છુટા મૂકેલા પાણીની જેમ ઇન્દ્રની (ની મદદ) થકી (યુદ્ધકાર્યનો) અમલ કરતાં તૃત્સુઓ (શત્રુઓ ઉપર) તૂટી પડ્યા; તથા ખરાબ મિત્રો ધરાવતા (શત્રુઓ), કે જેઓ ચીવટપૂર્વક માપનારા હતા અને કોઈને કંઈ આપે તો તે ઝીણામાં ઝીણા ભાગ (कल = कला = અંશ)ને પણ જાણનારા હતા. તેમણે (= તે શત્રુઓએ) સુદાસને માટે પોતાની બધી વસ્તુઓ ત્યજી દીધી !" આમ વેલણકરે ઇન્દ્રની મદદ પામેલા તૃત્સુઓએ શત્રુઓને મારી હઠાવ્યાનું કટાક્ષમય વર્ણન જોયું છે. તથા दुर्मित्रासः અને प्रकलवित् ને તૃત્સુઓનાં વિશેષણ તરીકે નહીં લેતાં, શત્રુઓનાં

વિશેષણ બનાવ્યાં છે. (૩) કેટલાક વિદ્વાનોએ મન્ત્ર–૯માં આવેલો अमित्रान् શબ્દ, અને આ મન્ત્ર–૧૫માં આવેલો दुर्मित्रासः શબ્દ 'વિશ્વામિત્ર'ને માટે વક્રતાપૂર્વક વપરાયો છે એમ વિચાર્યું છે, તથા દાશરાજ્ઞ–યુદ્ધના મૂળમાં વિશ્વામિત્ર કેવી રીતે જોડાયેલા હશે તેની તર્કસંગત કલ્પનાઓ કરી છે. જેમ કે, ભરતોના રાજા સુદાસે સપ્તસિન્ધુના પ્રદેશમાં પ્રવેશ્યા પછી, પોતાનું સામ્રાજ્ય સ્થાપવા માટે જોયું કે પહેલેથી જ હિન્દુસ્તાનમાં વસતા તૃત્સુઓ, (કે જેઓ પણ આર્યો જ હતા) તેમની મદદ મેળવવા તેમના પુરોહિત વસિષ્ઠને પોતાના નવા પુરોહિત તરીકે નિયુક્ત કરી લીધા અને જૂના પુરોહિત વિશ્વામિત્રને છૂટા કરી દીધા. આથી વિશ્વામિત્રે (क) પોતાના અપમાનનો બદલો લેવા અને (ख) સામ્રાજ્યવાદી ભરતો અને તેમના રાજા સુદાસ્ ને ખાળવા માટે પાંચ આર્યરાજાઓ [પૂરુ, અનુ, દ્રાહ્યુ, તુર્વશ અને યદુ (કે યક્ષુ) = પંચજનો] અને બીજી પાંચ અનાર્યજાતિઓ [પક્થ, ભલાનસ, અલિન, વિષાણિન્ અને શિવ]ને ઉશ્કેરીને સુદાસની સામે લડાવ્યાં. આ યુદ્ધ પરુષ્ણી નદીના કાંઠે થયું. પણ તેમાં વસિષ્ઠે ઈન્દ્રની સ્તુતિ કરીને તેની કૃપા મેળવી આપી તથા સુદાસને તૃત્સુઓની પણ મદદ મળી. જેથી તેનો વિજય થયો. વિશ્વામિત્રના ચઢાવેલા દશ રાજાઓનો પરાજય થયો. આમ પરાજય આપ્યા પછી, તરતના ગાળામાં વસિષ્ઠે સૂક્તની રચના કરીને વિશ્વામિત્રનો 'દુર્મિત્ર' અને 'અમિત્ર' એવાં વિશેષણોથી અહીં ઉલ્લેખ કર્યો છે. અલબત્ત, પ્રા. વેલણકર આ મત જોડે સંમત થતા નથી. આમ આ મન્ત્ર વિવાદાસ્પદ છે, કેમ કે તેના ઉપર (૧), (૨) અને (૩)માં નિર્દેશેલા ત્રણેય અર્થઘટનો પરસ્પરથી તદ્દન જુદાં પડે છે.

अ॒र्धं वी॒रस्य॑ शृ॒त॒ऽपाम॑नि॒न्द्रं परा॒ शर्ध॑न्तं नुनुदे अ॒भि क्षाम् ।
इन्द्रो॑ म॒न्युं म॑न्यु॒ऽभ्यो॑ मिमाय भे॒जे प॒थो व॑र्त॒निं पत्य॑मानः ॥ १६ ॥

अ॒र्धम् । वी॒रस्य॑ । शृ॒त॒ऽपाम् । अ॒नि॒न्द्रम् । परा॑ । शर्ध॑न्तम् । नु॒ नु॒दे । अ॒भि । क्षाम् । इन्द्र॑ः । म॒न्युम् । म॒न्यु॒ऽभ्य॑ः । मि॒मा॒य॒ । भे॒जे । प॒थः । व॒र्त॒निम् । पत्य॑मानः ॥ १६ ॥

इन्द्रः अभि क्षां भूमिमभि । भूम्यामित्यर्थः । वीरस्य वीर्ययुक्तस्य सुदासः अर्धं हिंसकम् ॥ अर्धेर्हिंसाकर्मणोऽर्धशब्दस्य निष्पत्तिः ॥ अनिन्द्रम् । यस्य बुद्धाविन्द्रो नास्त्यसावनिन्द्रः । तम् । इन्द्रमगणयन्तमित्यर्थः । शृतपां शृतस्य क्षीरादेर्हविषः पातारं शर्धन्तम् उत्सहमानं परा नुनुदे । किंच मन्युम्यः मन्युकर्तुर्मन्युना मिनतो हिंसतो वा शत्रोः मन्युं क्रोधं मिमाय बबाधे । अथ सुदासः शत्रुः पथः मार्गान् पत्यमानः गच्छन् वर्तनिं पलायनमार्गं भेजे प्राप ॥

અનુવાદ : (ઇન્દ્રે) વીરના (અર્થાત્ સુદાસના) 'અર્ધ' (અર્થાત્ હિંસક), હવિષને પી જનાર, ઇન્દ્રને નહીં માનતાં (= નહીં ગણકારતાં) એવા ઉત્સાહ (કે ઉદ્ધતાઈ) દાખવી રહેલા (શત્રુ)ને જમીન ઉપર પછાડી કાઢ્યો. ઇન્દ્રે ક્રોધ કરનારના ક્રોધને રુંધ્યો; તથા (યુદ્ધના) માર્ગો ઉપર ફરી વળેલો (શત્રુ) (પલાયનના) માર્ગે પહોંચ્યો. (૭–૧૮–૧૬).

નોંધ : (૧) સાયણે પૂર્વાર્ધને એકમ તરીકે લીધું છે અને દ્વિતીયાન્ત પદોને शत्रुम् નાં વિશેષણ ગણ્યાં છે. (शत्रुम् પદ અધ્યાહૃત છે.) (इन्द्रः) वीरस्य अर्धम्, शृतपाम्, अनिन्द्रं, शर्धन्तम्, (शत्रुम्) अभि क्षाम् परा नुनुदे । અહીં अर्ध એવા 'હિંસા કરવી' અર્થવાળા ધાતુ ઉપરથી अर्धम् = हिंसकम् શબ્દ બન્યો છે. अभि क्षाम्—માં अभि—શબ્દ કર્મપ્રવચનીય તરીકે વપરાયો છે. (૨) ઉત્તરાર્ધમાં બે જુદાં જુદાં વાક્ય છે. इन्द्रः मन्युम्यः (ષષ્ઠી વિભક્તિવાળું પદ) मन्युं मिमाय (= बबाधे) । पथः पत्यमानः (शत्रुः) वर्तनिं भेजे । આ ક્રમે અનુવાદ મૂક્યો છે. (૩) આ મન્ત્રમાં એવા અનાર્યોનું વર્ણન છે કે જેઓ ઇન્દ્રની સત્તા સ્વીકારતા ન હતા અને ઇન્દ્રને આપવામાં આવતા હવિષ્‌ને કે સોમરસને પોતે જ ખાઈ–પી જતા હતા. પણ ઇન્દ્રે તેવા અનાર્યોને વેરવિખેર કરીને પલાયનના માર્ગો ઉપર ભગાડી મૂક્યા. (૪) સાયણે वीरस्य अर्धम् નો અર્થ 'વીર સુદાસનો હિંસક' અર્થ કર્યો છે, પણ પ્રા. વેલણકરે 'જે અર્ધો જ વીર છે (તેવો શત્રુ)' અર્થ કર્યો છે. ૯–૧૧૪–૪ મન્ત્રમાં સોમરસને अभि क्षाम शृतम् हविः કહેલ છે – તે તરફ વેલણકરે ધ્યાન દોર્યું છે.

आ॒ध्रेण॑ चि॒त्तद्वेकं॑ चकार सिं॒ह्यं॑ चि॒त्पेत्वे॑ना जघान ।
अव॑ स्र॒क्तीर्वे॒श्या॑वृश्च॒दिन्द्रः॒ प्राय॑च्छ॒द्विश्वा॒ भोज॑ना सु॒दासे॑ ॥ १७ ॥

आ॒ध्रेण॑ । चि॒त् । तत् । ऊँ॒ इति॑ । एक॑म् । च॒का॒र॒ । सिं॒ह्य॑म् । चि॒त् । पेत्वे॑न । ज॒घा॒न॒ । अव॑ । स्र॒क्तीः । वे॒श्या॑ । अ॒वृ॒श्च॒त् । इन्द्रः॑ । प्र । अ॒य॒च्छ॒त् । विश्वा॑ । भोज॑ना । सु॒ऽदासे॑ ॥ १७ ॥

इन्द्रः तत् तदा आध्रेण चित् दरिद्रेणापि सुदासा एकं मुख्यं दानकर्म चकार कारयामास । सिंह्यं चित् । प्रवयाः सिंहः सिंह्यः । तमपि पेत्वेन छागेन जघान घातयामास । वेश्या । वेशी सूची । तया स्रक्तीः यूपादेरश्रीन् अव अवृश्चत् अववृक्तवान् । वेश्यादेः कृत्यं सूच्यैवाकरोदित्यर्थः । तान्येतानि त्रीणि कर्माणि असंभावितानीति नाशङ्कनीयानि इन्द्रस्य महिम्नोऽधिकत्वात् । विश्वा विश्वानि भोजना भोजनानि भोग्यानि धनानि सुदासे राज्ञे प्रायच्छत् अदाच्च ॥

અનુવાદ : તેણે દરિદ્ર એવા (સુદાસ) દ્વારા એક (મોટું દાનકર્મ) કરાવ્યું; મોટી ઉંમરના સિંહને પણ બકરી વડે મરાવડાયો. તે ઇન્દ્રે થાંભલાને સોયથી છોલી કાઢ્યો ! તેણે બધી ભોગ્ય સામગ્રી સુદાસને આપી. (૭–૧૮–૧૭)

નોંધ : (૧) આ મન્ત્રમાં ઈન્દ્રનાં પરાક્રમની, ઐશ્વર્યની વાત કરવામાં આવી છે. અસંભવિત લાગતાં કર્મો, જેવાં કે – કોઈ એક ગરીબ માણસ દાન કરી શકે, મોટી ઉંમરના સિંહને (અથવા સિંહણને) કોઈ એક બકરી હણી કાઢે ! પણ આ કર્મો ઈન્દ્રે કરાવ્યાં. સુદાસ જેવો રાજા તો બીજા દશ દશ રાજાઓની સામે ગરીબ જ કહેવાય, પણ ઈન્દ્રે સુદાસને વિજયી બનાવ્યો, શત્રુઓનું ધન તેની પાસે આવ્યું; જેથી તે દાનકાર્મ કરી શક્યો ! (૨) મન્ત્રના ચારેય પાદને સ્વતન્ત્ર વાક્ય લઈને અનુવાદ થઈ શકે છે. (૩) आध्रेण નો, સાયણે અર્થ દરિદ્ર વ્યક્ત કર્યો છે, અને સુદાસનું વિશેષણ ગણ્યો છે. પરંતુ પ્રો. વેલણકરે તેનો અર્થ 'નિર્બળ વ્યક્તિ' કર્યો છે. वेशी = સોય.

शश्व॑न्तो॒ हि शत्र॑वो रार॒धुष्टे॑ भे॒दस्य॑ चि॒च्छर्ध॑तो विन्द॒ रन्धि॑म् ।
मर्ता॒॑ एन॑ः स्तुव॒तो यः कृ॒णोति॑ ति॒ग्मं तस्मि॒न्नि ज॑हि॒ वज्र॑मिन्द्र ॥ १८ ॥

शश्व॑न्तः । हि । शत्र॑वः । र॒र॒धुः । ते॒ । भे॒दस्य॑ । चि॒त् । शर्ध॑त । वि॒न्द॒ । रन्धि॑म् । मर्ता॑न् । एन॑ः । स्तु॒व॒तः । यः कृ॒णोति॑ । ति॒ग्मम् । तस्मि॑न् । नि । ज॒हि॒ । वज्र॑म् ॥ इ॒न्द्र॒ ॥ १८ ॥

हे इन्द्र ते तव शत्रवः अरयः शश्वन्तः बहवः ररधुः वशमीयुः । चित् अपि च शर्धतः उत्सहमानस्य भेदस्य । भिनत्ति मर्यादा इति भेदो नास्तिकः । तस्य । यद्वा । भेदो नाम सुदासः शत्रुः कश्चित् । तस्येत्यर्थः । रन्धिं वशीकरं विन्द लभस्व । यः भेदः स्तुवतः त्वां स्तुवतः मर्तान् मर्त्यान् प्रति एनः पापं कृणोति करोति तस्मिन् भेदे तिग्मं निशितं योद्धारमुत्साहयन्तम् । तथा च यास्कः–'तिग्मं तेजतेरुत्साहकर्मणः' (निरु. १०.६) इति । वज्रम् । व्रजति गच्छत्येव शत्रुं न प्रतिहन्यत इति वज्रः । तम् ॥ वज्रशब्दो वजेः 'ऋज्रेन्द्राग्रवज्रविप्र०' इत्यादिना रन्प्रत्ययान्तो निपातितः ॥ तं जहि । वज्रेण भेदं प्रहरेत्यर्थः ॥

અનુવાદ : (હે ઈન્દ્ર !) ઘણા બધા શત્રુઓ તારા વશમાં આવ્યા છે. (તેથી તમે) ઉદ્ધત એવા ભેદને પણ વશમાં લો. જે (વ્યક્તિ) (તમારી) સ્તુતિ કરતાં માણસો પ્રત્યે પાપ કરે છે, તેની ઉપર તો, હે ઈન્દ્ર ! (તમે) તીક્ષ્ણ વજ્ર ફેંકો. (૭–૧૮–૧૮).

નોંધ : (૧) ચારેય પાદમાં એક–એક વાક્ય છે : (हे इन्द्रः !) शश्वन्तः शत्रवः ते ररघुः । √रघ् (૪થો ગણ) 'તાબે થવું' પરસ્મૈપદ ધાતુનું પરોક્ષ ભૂતકાળ ત્રી.પુ.બ.વ. शर्धतः भेदस्य रन्धिम् विन्द । દશ રાજાઓ ઉપરાંત એક 'ભેદ' નામના શત્રુનો પણ અહીં ઉલ્લેખ છે, કે જેને ઈન્દ્રે પોતાના વશમાં કાબુ (રન્ધિ)માં લીધો હતો; અને તે રીતે ઈન્દ્રે સુદાસ્‌ને મદદ કરી હતી. સાયણે 'ભેદ'નો અર્થ "જે મર્યાદાને ભેદી કાઢે છે, તોડી કાઢે છે, તે નાસ્તિક" એવો કર્યો છે. (૨) પ્રોફે. મેકડોનલના મતે સુદાસ્ તથા તૃત્સુ – ભરતોના શત્રુગણોમાંના એકનું નામ ભેદ છે. યમુનાના તટ ઉપર દશ રાજાઓ સાથે સુદાસને જે સીધું યુદ્ધ થયું હતું, તેની પછી જે બીજું યુદ્ધ થયું હતું, તેમાં સુદાસે આ ભેદને પરાજિત કર્યો હતો. 'ભેદ' એ જો કોઈ રાજાનું નામ હોય તો તેના નેતૃત્વ હેઠળ અજ, શિગ્રુ અને યક્ષુ વગેરે રાજાઓ ભેગા થયા હતા; અને તે બધા હારી ગયા હતા. અલબત્ત, આ 'ભેદ' નામની વ્યક્તિ, દશ રાજાઓમાંનો એક તો ન જ હતો. (૩) यः પદથી सः પદ અર્થાત્ तस्मिन् પદની સાથે જોડીને ઉત્તરાર્ધના બે પાદને સાંધવાના છે : यः स्तुवतः मर्तान् (प्रति) एनः (= पापं) कृणोत्, तस्मिन् तिग्मं वज्रम नि जहि ।

आव॒दिन्द्रं॑ य॒मुना॒ तृत्स॑वश्च॒ प्रात्र॑ भे॒दं स॒र्वता॑ता मुषायत् ।
अ॒जास॑श्च॒ शिग्र॑वो॒ यक्ष॑वश्च ब॒लिं शी॒र्षाणि॑ जभ्रु॒रश्व्या॑नि ॥ १९ ॥

आव॑त् । इन्द्र॑म् । य॒मुना॑ । तृत्स॑वः । च॒ । प्र । अत्र॑ । भे॒दम् । स॒र्वऽता॑ता । मु॒षाय॒त् । अ॒जास॑ः । च॒ । शिग्र॑वः । यक्ष॑वः । च॒ । ब॒लिम् । शी॒र्षाणि॑ । ज॒भ्रु॒ः । अश्व्या॑नि ॥ १९ ॥

अत्र अस्मिन् सर्वताता सर्वतातौ युद्धे य इन्द्रः भेदं नास्तिकं भेदनामकं वा सुदासः शत्रुं प्र मुषायत् प्रामुष्णात् । अवधीदित्यर्थः । तम् इन्द्रं यमुना आवत् अतोषयत् । तत्तीरवासी जनः सर्वोऽप्यतोषयदित्यर्थः । तृत्सवः तृत्सोः पुरुषाश्चावन् । आवत् इत्येकवचनं बहुवचनान्ततया विपरिणतं सदत्र संबध्यते । किंच अजासः अजाः जनपदाः शिग्रवः जनपदाः यक्षवश्च जनपदाः अश्व्यानि अश्वसंबन्धीनि शीर्षाणि शिरांसि । युद्धे हतानामश्वानां शिरांसीत्यर्थः । बलिम् उपहारं तस्मा इन्द्राय उप जभ्रुः उपजहुः । यद्वा । अश्व्यानि शीर्षाणि युद्धे गृहीतान् मुख्यानश्वानिन्द्राय उपहारं जहुरुत्यर्थः ॥

અનુવાદ : યમુનાએ ઈન્દ્રને સંતોષ્યો (= રાજી કર્યો), અને તૃત્સુઓએ પણ. આ સર્વતાતિ (= યુદ્ધ)માં ભેદને બધી રીતે લૂંટી લીધો. અજો, શિગ્રુ અને યક્ષુઓએ

(ભેદના) અશ્વોનાં મસ્તકો (ઇન્દ્રને) બલિ તરીકે ચઢાવ્યાં. [અથવા ભેદનાં મુખ્ય મુખ્ય ઘોડાઓને ભેટ રૂપે ઇન્દ્રને આપ્યા.] (૭–૧૮–૧૯).

નોંધ : (૧) પહેલા બે પાદનાં બે વાક્યો છે : यमुना इन्द्रं आवत्, तृत्सवः च (इन्द्रम् आवन्) । अत्र सर्वताता भेदम् प्रमुषायम् । 'સર્વતાતિ' એટલે યુદ્ધ, તેનું સપ્તમી એકવચન — सर्वतातौ, सर्वताता । (૨) ઉત્તરાર્ધમાં ત્રીજા–ચોથા પાદનું એક વાક્ય છે : अजासः शिग्रवः यक्षवः च (भेदस्य) अश्व्यानि शीर्षाणि (અથવા शीर्षाणि अश्वयोनि) (इन्द्राय) जभ्रुः ॥ અશ્વાનિ એટલે અશ્વસંબંધી, અશ્વનાં શીર્ષ – મસ્તક (રૂઢાર્થ), અથવા મુખ્ય (લક્ષણાર્થ). (૩) પ્રા. વેલણકરના મતે ભેદ રાજા યમુનાના કિનારે રાજ્ય કરતો હશે. (૪) પાંચથી ઓગણીસ સુધીના મન્ત્રોમાં દાશરાજ્ઞ–યુદ્ધની કથા પૂરી થાય છે. હવે ૨૦–૨૧ થી ઇન્દ્રની સ્તુતિ કરવામાં આવે છે અને ત્યાર પછી દાનસ્તુતિ રજૂ થાય છે.

(૪) મેકડોનલના મતે શિગ્રુ, અજ અને યક્ષુ – એ ત્રણ જાતિઓ છે, કે જેમણે કદાચ ભેદના નેતૃત્વ હેઠળ જ સુદાસ્ અને તૃત્સુઓની સામે યુદ્ધ માંડ્યું હતું, પણ તેઓ પરાજિત થયેલા. સાયણના મતે આ ત્રણેય જનપદોનાં નામ છે.

न त॑ इन्द्र सु॒मत॑यो॒ न राय॑ः सं॒चक्षे॒ पूर्वा॑ उ॒षसो॒ न नूत्ना॑ः ।
देव॑कं चिन्मान्यमा॒नं ज॑घ॒न्थाव॒ त्मना॑ बृह॒तः शम्ब॑रं भेत् ॥ २० ॥

न । ते॒ । इ॒न्द्र॒ । सु॒ऽम॒तय॑ः । न । राय॑ः । स॒म्ऽचक्षे॑ । पूर्वा॑ः । उ॒षस॑ः । न । नूत्ना॑ः । देव॑कम् । चि॒त् । मा॒न्य॒मा॒नम् । ज॒घ॒न्थ॒ । अव॑ । त्मना॑ । बृ॒ह॒तः । शम्ब॑रम् । भे॒त् ॥ २० ॥

हे इन्द्रः ते तव पूर्वाः पुरातनाः सुमतयः शोभनमतयः रायः धनानि च उषसो न उषस इव न संचक्षे संख्यातुं न शक्याः । न नूत्ना नूतनाश्च सुमतयो रायश्च न संचक्षे । किंच त्वं मान्यमानं मन्यमानस्य पुत्रं देवकं देवकनामानं शत्रुं जघन्थ अवधीः । त्मना स्वयमेव बृहतः महतः शैलात् शम्बरं च अव भेत् अवाभैत्सीरिति ॥ २७ ॥

અનુવાદ : પૂર્વેની (ભૂતકાળની) અને નૂતન (કાળ)ની ઉષાઓની જેમ, હે ઇન્દ્ર ! તારી કલ્યાણકારિણી મતિઓ ગણી શકાય એવી નથી, કે (તારી) સમ્પતિ ગણી શકાય એવી નથી. તેં મન્યમાનના પુત્ર દેવકને હણી કાઢ્યો છે, તથા (તેં) જાતે ઊંચા (પર્વત) ઉપરથી શમ્બરને પછાડી માર્યો છે. (૭–૧૮–૨૦)

નોંધ : (૧) ઇન્દ્રની સ્તુતિ કરતાં ઋષિ વસિષ્ઠ કહે છે કે જેમ સવારે ઉગતી ઉષાઓ નિત્યનવીન હોય છે, તેનાં ભૂતકાળનાં કે નવાં નવાં પ્રગટતાં રૂપોને ગણી

શકાતાં નથી તેમ ઇન્દ્રની સુમતિઓ અર્થાત્ કૃપાઓને, કે તેમની સમ્પત્તિને ગણી શકાય એવી નથી.

(૨) બીજા પાદના ઉપમાનવાક્યને પહેલાં લઈને, પછી પૂર્વાર્ધનો અન્વય ગોઠવવાનો છે : पूर्वाः नूत्नाः उषसः न (इव), (हे) इन्द्र ! ते सुमतयः न संचक्षे, न रायः (संचक्षे) ॥ ઉત્તરાર્ધમાં ત્રીજા–ચોથા પાદમાં સ્વતન્ત્ર વાક્યો છે : (त्वं) मान्यमानं देवकं जघन्थ । (त्वं) त्मना (= आत्मना) बृहतः शम्बरम् अव भेत् । √भिद् (તોડવું) ૭મો ગણ, પરસ્મૈપદ ધાતુનું अट् આગમ વિનાનું અદ્યતન ભૂતકાળનું રૂપ भेत् છે.

प्र ये गृ॒हादम॑मदुस्त्वा॒या प॑राश॒रः श॒तया॑तु॒र्वसि॑ष्ठः ।
न ते॑ भो॒जस्य॑ स॒ख्यं मृ॑ष॒न्ताधा॑ सू॒रिभ्यः॑ सु॒दिना॒ व्यु॑च्छान् ॥ २१ ॥

प्र । ये । गृ॒हात् । अम॑मदुः । त्वा॒ऽया । प॒रा॒ऽश॒रः । श॒तऽया॑तुः । वसि॑ष्ठः । न । ते॒ । भो॒जस्य॑ । स॒ख्यम् । मृ॒ष॒न्त । अध॑ । सू॒रिऽभ्यः॑ । सु॒ऽदिना॑ । वि । उ॒च्छा॒न् ॥ २१ ॥

हे इन्द्र पराशरः शतयातुः बहुरक्षाः । बहूनि रक्षांसि बाधितुं यं कामयन्ते स शतयातुः बहूनां रक्षसां शातयिता वा । शक्तिः वसिष्ठः चैवमादयः ये ऋषयः त्वाया त्वदिच्छया गृहात् गृहं प्राप्य ॥ ल्यब्लोपे द्वितीयार्थे पञ्चमी (पा. सू. २.३.२८.१) ॥ यद्वा गृहात् गृहे । सप्तम्यर्थे पञ्चमी । प्र अममदुः त्वां प्रतुष्टुवुः प्रकर्षेण तर्पितवन्तो वा ते पराशरप्रभृतयः भोजस्य भोजकस्य पालकस्य ते तव सख्यं सख्युः कर्म स्तोत्रं यजनं वा न मृषन्त न विस्मरन्ति । 'मृष मर्षे' । मर्षो मर्षणम् । तन्न कुर्वन्तीत्यर्थः । यतो न विस्मरन्ति अध अतो हेतोः सूरिभ्यः सूरीणां स्तोतॄणामेषाम् । अत्र विभक्तिव्यत्ययः । सुदिना सुदिनानि व्युच्छान् व्युच्छन्ति निवसन्ति । उपगच्छन्तीत्यर्थः ॥

અનુવાદ : (હે ઇન્દ્ર !) જે પરાશર, શતયાતુ અને વસિષ્ઠ તમારી ઇચ્છાથી ઘરને કારણે (= ઘરને મેળવીને, અથવા ઘરમાં) (તમને) મદમસ્ત કરે છે, તેઓ દાતા એવા તમારા સખ્યને ભૂલી શકતા નથી. વળી, (આ) સ્તોતાઓ તરફ સારા દિવસો આવી પહોંચે. (૭–૧૮–૨૧).

નોંધ : (૧) यद्–तद् વાળી રચના હોવાથી, પહેલા ત્રણ પાદ સાથે લેવાના છે : ये पराशरः, शतयातुः, वसिष्ठः त्वाया गृहात् प्र अममदुः, [ते (ऋषयः)] भोजस्य ते (तव) सख्यं न मृषन्त । (૨) 'વૈદિક ઇન્ડેક્ષ' (ભાગ–૧, પૃ. ૫૬૧)માં મેકડોનલે લખ્યું છે કે નિરુક્ત (૬–30) મુજબ પરાશર વસિષ્ઠના પુત્ર હતા,

પરંતુ મહાકાવ્યમાં વસિષ્ઠનો પુત્ર શક્તિ છે, અને શક્તિનો પુત્ર પરાશર છે. ગેલ્ડનરે "વેદિશે સ્ટુડિયન" (૨–૧૩૨) ગ્રન્થમાં લખ્યું છે કે પરાશરના કાકા શતયાતુ અને પિતામહ વસિષ્ઠની સાથે પરાશરે પણ ઈન્દ્રની પાસે જઈને રાજા સુદાસ્ ના વિજય માટે માંગણી કરી હતી. (૩) ચોથા પાદમાં सूरिभ्यः सुदिना व्युच्छान् । એવું વાક્ય છે. √वस् (उच्छ्) ચમકવું ૧લો ગણ, પરસ્મૈપદ ધાતુનું वि + उच्छान् તે વૈદિક સંકેતાર્થનું રૂપ છે. સાયણે 'સૂરિ'નો અર્થ, સ્તોતાઓ કર્યો છે.

સાયણે શતયાતુ શબ્દના બે અર્થ કર્યા છે : (૧) ઘણા બધા રાક્ષસો જેને મારી નાખવાની ઈચ્છા કરે છે તે અથવા (૨) ઘણા રાક્ષસોને મારી નાખનાર. આ બીજા અર્થને મનમાં રાખીને પ્રા. વેલણકર એ વાત તરફ ધ્યાન દોરે છે કે, વસિષ્ઠ જો શતયાતુના કુળમાં જન્મેલ હોય તો યાતુ–સમ્પ્રદાય (Yatu–cult)નો વિરોધ તેમને વારસામાં મળ્યો હતો. (જુઓ : ૭–૧૦૪–૧૫).

द्वे नप्तु॑र्दे॒वव॑तः श॒ते गोर्द्वा रथा॑ व॒धूम॑न्ता सु॒दास॑ः ।
अर्ह॑न्नग्ने पैजव॒नस्य॒ दानं॒ होते॑व॒ सद्म॒ पर्ये॑मि॒ रेभ॑न् ॥ २२ ॥

द्वे इति॑ । नप्तु॑ः । दे॒वऽव॑तः । श॒ते इति॑ । गोः । द्वा । रथा॑ । व॒धूऽम॑न्ता । सु॒ऽदास॑ः । अर्ह॑न् । अ॒ग्ने॒ । पै॒ज॒ऽव॒नस्य॑ । दान॑म् । होता॑ऽइव । सद्म॑ । परि॑ । ए॒मि॒ । रेभ॑न् ॥ २२ ॥

देववतः राज्ञः नप्तुः पौत्रस्य पिजवनपुत्रस्य सुदासः राज्ञः गोः गवां द्वे शते वधूमन्ता वधूसंयुक्तौ द्वा द्वौ रथा रथौ च देयं दानं दानभूतान् रेभन् इन्द्रं स्तुवन् अत एव अर्हन् योग्योऽहं वसिष्ठो हे अग्ने सद्म यज्ञगृहं होतेव वषट्कर्तेव पर्येमि । अत्राग्नेः संबोधनं सर्वदेवमुख्यत्वप्रतिपादनार्थं न तु देवतात्वज्ञापनार्थमतद्देवताकत्वादस्य सूक्तस्य ॥

અનુવાદ : યોગ્ય એવો હું (વસિષ્ઠ) [ઈન્દ્રની] સ્તુતિ કરતો કરતો, જેમ હોતા (યજ્ઞ)ગૃહની પ્રદક્ષિણા ફરે તેમ, હે અગ્નિ ! દેવવતના પૌત્ર અને પિજવનના પુત્ર એવા સુદાસના દાન – ગાયોના બે સો, તથા ઘોડીઓ સહિતના બે રથો રૂપી દાનની પ્રદક્ષિણા ફરું છું. (૭–૧૮–૨૨)

નોંધ : (૧) વસિષ્ઠે સુદાસના પુરોહિત તરીકે યુદ્ધભૂમિ ઉપર સફળ કાર્ય કર્યું; તેમની સ્તુતિથી પ્રસન્ન થયેલા ઈન્દ્રે સુદાસને જીત અપાવી છે. તેથી રાજી થયેલા સુદાસે વસિષ્ઠને જે દાન આપ્યું છે, તેની આમાં સ્તુતિ કરવામાં આવી છે. હોતા જેમ યજ્ઞવેદીની આસપાસ ફરે, તેમ વસિષ્ઠ પણ પોતાને જે બસો ગાયો અને ઘોડીઓ સાથેના બે રથો મળ્યા, તેની ચોતરફ આનંદથી ફરી રહ્યા છે !

(૨) ચારેય પાદનું એક જ વાક્ય વિચારવાનું છે : अर्हन् (अहम्) रेभन् होता इव सद्म [पर्येति], हे अग्ने ! देववतः नप्तुः, पैजवनस्य सुदासः दानं – गोः द्वे शते, द्वा वधूमन्ता स्था–पर्येमि ॥ (૩) સાયણ સ્પષ્ટતા કરે છે કે – મૂળ તો સૂક્તની પ્રધાન દેવતા ઇન્દ્ર જ છે, પણ અહીં અગ્નિને જે સંબોધન કર્યું છે, તે એવું સૂચવવા કે તે અગ્નિ જ મુખ્ય દેવતા છે. પણ કદાચ એવું હોઈ શકે કે આ મન્ત્રમાં જે ઉપમાનવાક્ય છે. (હોતા જેમ યજ્ઞવેદીની ચોતરફ ફરે છે તેમ તેણે વસિષ્ઠને અગ્નિની યાદ અપાવી દીધી હોય !

च॒त्वारो॑ मा पैजव॒नस्य॒ दाना॒ः स्मद्दि॑ष्टयः कृश॒निनो॑ निरे॒के ।
ऋ॒ज्रासो॑ मा पृथिवि॒ष्ठाः सु॒दास॑स्तो॒कं तो॒काय॒ श्रव॑से वहन्ति ॥ २३ ॥

च॒त्वार॑ः । मा॒ । पै॒ज॒ऽव॒नस्य॑ । दाना॑ः । स्मत्ऽदि॑ष्टयः । कृ॒श॒निन॑ः । नि॒रे॒के । ऋ॒ज्रास॑ः । मा॒ । पृ॒थि॒वि॒ऽस्थाः । सु॒ऽदास॑ः । तो॒कम् । तो॒काय॑ । श्रव॑से । व॒हन्ति॒ ॥ २३ ॥

पैजवनस्य पिजवनपुत्रस्य सुदासः राज्ञः स्मद्दिष्टयः प्रशस्तातिसर्जनाः श्रद्धादिदानाङ्गयुक्ताः कृशनिनः हिरण्यालंकारवन्तः निरेके दुर्गतौ सत्याम् ऋज्रासः ऋजुगामिनः पृथिविष्ठाः पृथिव्यां सुप्रतिष्ठिताः दानाः देयभूताः चत्वारः अश्वाः तोकं पुत्रवत्पालनीयं मां वसिष्ठं रथे स्थितं तोकाय तोकस्य पुत्रस्य । षष्ठ्यर्थे चतुर्थी । श्रवसे अन्नाय यशसे वा वहन्ति । पुनः मा इति पूरणः ॥

અનુવાદ : પિજવનના પુત્ર સુદાસ્‌ના (આપેલા) આ પ્રશંસનીય રીતે છુટા મૂકવામાં આવેલા (स्मद्दिष्ट्यः, અથવા સાથે તાલીમ પામેલા), સુવર્ણાલંકારવાળા, માર્ગ ખરાબ હોય ત્યારે ઋજુગામી એવા અને પૃથ્વી ઉપર સુપ્રતિષ્ઠિત એવા દાન રૂપે આપેલા ચાર (ઘોડાઓ) (ઇન્દ્રના) પુત્ર (સમાન, મને વસિષ્ઠ)ને, (મારા) પુત્રને માટે અને અન્ન (કે યશ)ને માટે વહી જાય છે. (૭–૧૮–૨૩)

નોંધ : (૧) ચારેય પાદનું એક વાક્ય બનાવવાનું છે, પણ પહેલા ત્રણ પાદોમાં કર્તૃકારક પદ चत्वारः (अश्वाः)નું જ વર્ણન છે. જેમ કે, पैजवनस्य सुदासः स्मद्दिष्ट्यः कृशनिनिः, निरेके (સાયણે, રસ્તો ખરાબ હોય ત્યારે; વેંકટ.–જવાની વેળાએ) ऋज्रासः, અને पृथिविष्ठाः એવા दानाः चत्वारः (अश्वाः નો અધ્યાહાર) [–તે કર્તૃપદ છે;] તે દાનમાં મળેલા અશ્વો, (હવે ચોથા પાદ) – तोकं मा (અર્થાત્) પુત્ર = (પુત્રની જેમ પાલનીય) એવા મને (વસિષ્ઠને) અથવા (ઇન્દ્રના પુત્ર એવા) મને (વસિષ્ઠને), [मम] तोकाय श्रवसे (च) वहन्ति ॥ (૨) અહીં પહેલીવાર આવેલા माम् અર્થવાળા मा પાદનો तोकम् જોડે અન્વય છે, પણ બીજી વખત આવેલો मा શબ્દ કેવળ પાદપૂરક છે, તેનો કશો અર્થ કરવાનો નથી એમ ભાષ્યકારો

કહે છે. (૩) वहन्ति ક્રિયાપદ દ્વિકર્મક છે; તેથી मा तोकम् અને तोकाय श्रवसे એવાં પદો સાથેની વાક્યરચના છે. (अकथितञ्च) । २–३–५१ સૂત્રથી સમ્પ્રદાનકારક तोकाय અને श्रवसे ને કર્મસંજ્ઞક બનાવી, દ્વિતીયા આપી શકાય.) स्मत्‌दिष्टय નો ઉપર જે પહેલો અર્થ છે તે સાયણનો છે અને બીજો વેલણકરનો છે. વેલણકરે निरेके ને ક્રિયાવિશેષણ ગણી, પ્રકટપણે, સ્વૈર ગતિએ એવો અર્થ કર્યો છે.

यस्य॒ श्रवो॒ रोद॑सी अ॒न्तरु॒र्वी शी॒र्ष्णेशी॑र्ष्णे विब॒भाजा॑ विभ॒क्ता ।
स॒प्तेदिन्द्रं॒ न स्र॒वतो॑ गृणन्ति॒ नि यु॑ध्याम॒धिम॑शिशा॒दभीके॑ ॥ २४ ॥

यस्य॑ । श्रव॑ः । रोद॑सी॒ इति॑ । अ॒न्तः । उ॒र्वी इति॑ । शी॒र्ष्णेऽशी॑र्ष्णे । वि॒ऽब॒भाज॑ । वि॒ऽभ॒क्ता । स॒प्त । इत् । इन्द्र॑म् । न । स्र॒वत॑ः । गृ॒ण॒न्ति॒ । नि । यु॒ध्या॒म॒धिम् । अ॒शि॒शा॒त् । अ॒भीके॑ ॥ २४ ॥

यस्य सुदासः श्रवः यशः उर्वी विस्तीर्णे रोदसी द्यावापृथिव्यौ अन्तः । विस्तीर्णयोर्द्यावापृथिव्योर्मध्ये वर्तत इत्यर्थः । यश्च सुदाः विभक्ता धनस्य प्रदाता शीर्ष्णेशीर्ष्णे श्रेष्ठाय श्रेष्ठाय विबभाज धनं प्रददौ तं सुदासं सप्तेत् सप्तैव लोकाः इन्द्रं न इन्द्रमिव गृणन्ति स्तुवन्ति । किंच स्रवन्त्यः नद्यः अभीके युद्धे युध्यामधिं युध्यामधिनामकं सपत्नं नि अशिशात् न्यहन् ॥

અનુવાદ : જે (સુદાસ)ની કીર્તિ વિસ્તીર્ણ એવા દ્યાવાપૃથિવીની વચ્ચે [ફેલાયેલી છે]; જે (ધનનો) વહેંચનાર (સુદાસ) શ્રેષ્ઠે શ્રેષ્ઠને (ધન) વહેંચી આપે છે, [તે (સુદાસ)ને] સાતેય (લોક) ઈન્દ્રની જેમ સ્તવે છે. તથા વહેતી (નદીઓ) પણ યુદ્ધમાં 'યુધ્યામધિ' (નામના શત્રુ)ને હણી કાઢે છે. (૭–૧૮–૨૪)

નોંધ : (૧) यस्य (यद् 'જે') સર્વનામ વપરાયું હોઈ, तद् સર્વનામનો અધ્યાહાર સ્વીકારીને વાક્યાન્વય ગોઠવ્યો છે : यस्य (सुदासः[६]) श्रवः उर्वी रोदसी अन्तः [वर्तते]। અહીં रोदसी નિત્ય દ્વિવચનાન્ત શબ્દ છે, અને તે દ્યાવાપૃથિવીનો વાચક છે. તેનું વિશેષણ उर्वी પણ દ્વિવચનનું રૂપ ગણવાનું છે. તેથી પદપાઠમાં તે બન્નેને इति કરણથી દર્શાવ્યા છે. (૨) विभक्ता (सुदाः) शीर्ष्णेशीर्ष्णे (धनं) विबभाज । वि + √ भज् વહેંચવું, ૧લો ગણ, પરસ્મૈપદી ધાતુનું પરોક્ષ ભૂતકાળ ત્રી.પુ.એ.વ. રૂપ છે. (૩) [तं सुदासं] सप्त (लोकाः) इन्द्रं न (इव) गृणन्ति । (૪) ત્રીજા પાદના स्रवतः પદને વચ્ચેથી ઉપાડીને સાયણે ચોથા પાદમાં અન્વિત કર્યું છે : स्रवतः (नद्यः) अभीके (યુદ્ધભૂમિમાં) 'युध्यामधिम् नि अशिशाद् । પણ पादान्तं वाक्यम् । નો સ્વાભાવિક નિયમ સ્વીકારીએ તો सप्त ની સાથે स्रवतः પદને અન્વિત કરવું જોઈએ. (૫) તેથી જ પ્રા. વેલણકરે આવો અર્થ કરી બતાવ્યો છે : "સાત નદીઓ ઈન્દ્રની જેમ (તે મોટા દાતા સુદાસ)ની કીર્તિ ગાય છે.

મહાન વિભક્તાએ (વહેંચનાર ઈન્દ્રે) તે (સુદાસ)ની કીર્તિ આ દ્યાવાપૃથ્વીની વચ્ચે દરેક મસ્તકમાં (દરેક માનવીમાં) વહેંચી આપી છે ! તેણે (ઈન્દ્રે) યુધ્યામધિને યુદ્ધમાં હણ્યો છે.” આમ પ્રા. વેલણકરે આખા મન્ત્રમાં ઈન્દ્રની પ્રશંસા જોઈ છે; જ્યારે સાયણે સુદાસની પ્રશસ્તિ જોઈ છે.

इ॒मं न॑रो मरुतः सश्च॒तानु॒ दिवो॑दासं॒ न पि॒तरं॑ सु॒दासः॑ ।
अ॒वि॒ष्टना॑ पैजव॒नस्य॒ केतं॑ दू॒णाशं॑ क्ष॒त्रम॒जरं॑ दु॒वो॒यु ॥ २५ ॥

इ॒मम् । न॒रः॒ । म॒रु॒तः॒ । स॒श्च॒त॒ । अनु॑ । दिवः॑ऽदासम् । न । पि॒तर॑म् । सु॒ऽदासः॑ । अ॒वि॒ष्टन॑ । पै॒ज॒ऽव॒नस्य॑ । केत॑म् । दु॒ःऽनश॑म् । क्ष॒त्रम् । अ॒जर॑म् । दु॒वः॒ऽयु ॥ २५ ॥

हे नरः नेतारः मरुतः इमं सुदासं राजानं सुदासः राज्ञः पितरं दिवोदासं न दिवोदासमिव । दिवोदास इति पिजवनस्यैव[१] नामान्तरम् । अनु सश्चत अनुसेवध्वम् । किंच दुवोयु परिचरणकामस्य ॥ षष्ठ्या लुक् ॥ पैजवनस्य पिजवनपुत्रस्य सुदासः केतं मन्त्रं गृहं वा अविष्टन रक्षत । अपि चास्य सुदासः क्षत्रं बलं दूणाशं दुर्नशमविनाशि अजरम् अशिथिलं चास्तु ॥ २८ ॥

અનુવાદ : હે મરુત્ નેતાઓ ! સુદાસના પિતા દિવોદાસની જેમ આ (રાજા સુદાસ્)ને (તમે) સેવો. આ પૈજવન (સુદાસ)ના ઘરનું (તમે) રક્ષણ કરો, તથા (ઈન્દ્રનું) પરિચરણ કરવાની કામનાવાળા (સુદાસ)ના ક્ષત્ર(સૈન્ય)ને નાશ ન પામે તેવું અને વાર્ધક્ય વિનાનું (બનાવો). (૭–૧૮–૨૫)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે, પણ બીજા પાદના ઉપમાનવાક્યને અન્વયમાં પહેલાં ગોઠવવું : (હે) मरुतः नरः ! (સંબોધન પદ હોઈને પદપાઠમાં સર્વાનુદાત્ત છે) सुदासः[६] पितरं दिवोदासं न (= इव) इमं (सुदासम्) अनु सश्चत । સુદાસને ‘પૈજવન’ (પિજવનનો પુત્ર) કહ્યો છે; તે પિજવનનું જ બીજું નામ તે ‘દિવોદાસ’ છે. ઈન્દ્રના સહાયક મરુત્ ગણને વસિષ્ઠ એવી વિનંતી કરે છે કે તમે જેવી રીતે દિવોદાસની સેવા (મદદ) કરતા હતા, તેવી જ રીતે, આ રાજા સુદાસ્‌ની પણ સેવા કરો. अनु ઉપસર્ગપૂર્વક सच् (પકડી રાખવું) ૧લો, ઉજો ગણ આજ્ઞાર્થ બી.પુ.બ.વ.નું રૂપ सश्चत । હે મરુતો ! આ સુદાસ્‌ને ચોંટી રહો, પકડી રાખો, અર્થાત્ તેની મદદમાં રહો. (૨) ઉત્તરાર્ધના બે પાદમાં બે વાક્ય છે : पैजवनस्य केतम् अविष्टन । અને दुवोयु (લુપ્ત ષષ્ઠયન્ત પદ) [सुदासः] क्षत्रम् दूणाशम् अजरम् (अस्तु) ।

* * *

[५] मण्डलम्—७, सूक्तम्—८६, (१–८ मन्त्राः)

(वरुण–सूक्तम्)

वरुणो देवता । ऋषिः वसिष्ठः । छन्दः त्रिष्टुप् ॥

'धीरा त्वस्य' इत्यष्टर्चं षोडशं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभं वरुणदेवत्यम्। तथा चानुक्रान्तं–'धीराष्टौ वारुणं ह' इति । गतो विनियोगः ॥

પ્રા. મેકડોનલ કહે છે કે ઇન્દ્રની જોડે જોડે, ઋગ્વેદમાં જો બીજો કોઈ મહત્ત્વનો દેવતા હોય તો તે છે વરુણ. અલબત્ત, વરુણની પ્રશંસા અને પ્રાર્થના માટે રચવામાં આવેલાં સૂક્તોની સંખ્યા, તેના ચરિત્રની મહાનતાનો નિર્ણય કરવા માટેનું પર્યાપ્ત પ્રમાણ નથી. કેમ કે વરુણને માટે સ્વતન્ત્ર રીતે રચવામાં આવેલાં સૂક્તોની સંખ્યા ઋગ્વેદમાં કેવળ બાર છે. તથા 'મિત્ર'ની સાથે વરુણની પણ જેમાં સ્તુતિ હોય (= મિત્રાવરુણૌ–એક યુગલદેવતા તરીકેની સ્તુતિ હોય) તેવાં બીજાં ૨૪ સૂક્તો છે. આમ વરુણને માટે રચાયેલાં સૂક્તોની સંખ્યાને આધારે તેમની મહત્તા નક્કી કરવાની નથી. પણ ઋગ્વેદના કવિઓએ એમને જે માન, જે આદર આપ્યાં છે; અને તેમની જે રીતે સર્વોપરિતા વર્ણવી છે, તેની દૃષ્ટિએ જોઈએ તો તે ઇન્દ્રથી પણ સર્વોત્કૃષ્ટ એવા દેવ છે. ઇન્દ્ર તો એક અજેય વિજેતા છે, યોદ્ધા છે; કે જેમનું એક વૃષ્ટિના દેવ તરીકે અને/અથવા 'વૃત્રહન્તા' દેવ તરીકે જ વર્ણન મળે છે. પરંતુ વરુણ તો આ સમગ્ર બ્રહ્માંડના સમ્રાટ્ છે. તેઓ (૧) ભૌતિક જગત્ના નિયન્તા છે અને સાથે સાથે (૨) નીતિમત્તાના શાસક દેવ પણ છે. વરુણના આ બે પાસાંનું વર્ણન કરવા માટે વેદના ઋષિઓ કહે છે કે વરુણે દ્યાવાપૃથિવીને સ્થિર કર્યાં, (આકાશને ઉપર સ્તંભિત કર્યું અને પૃથિવીને નીચે વિસ્તારી). તેમણે આકાશમાં સૂર્યને ચમકતો કર્યો અને તે માટે વિસ્તૃત માર્ગ રચ્યો. તેમણે (અન્તરિક્ષના) જળમાં અગ્નિને (વિદ્યુત્ને), આકાશમાં સૂર્યને અને પર્વતો ઉપર સોમને સ્થાપ્યો છે. તેમનો શ્વાસોચ્છ્વાસ તે અન્તરિક્ષનો વાયુ છે. તેમણે રાત્રિમાં ચન્દ્રને ચમકતો કર્યો છે અને તારાઓને પ્રકાશિત કર્યાં છે. તેમણે નદીઓનાં જળને વહેતાં કર્યાં છે ! (૧–૨૪–૧૦)

બીજી તરફથી તે નીતિમત્તાના દેવ છે. તે પાપીઓને પોતાના પાશથી બાંધે છે અને શિક્ષા કરે છે. તેમના ક્રોધથી સૌ ડરે છે અને એમની કૃપા મળે તેવી ઝંખના કરે છે. 'વરુણ' શબ્દ વૃ → વૃણોતિ । "આચ્છાદિત કરે છે" ધાતુ ઉપરથી ઉતરી આવ્યો છે. તેથી વરુણ એટલે સમગ્ર વિશ્વને વ્યાપી વળનારા દેવ, અને સૌને આધાર પૂરો પાડનારા દેવ ગણાય છે. (અર્થાત્ આકાશનું જ પ્રતીકાત્મક

રૂપ તે વરુણ હોય છે.) તેથી તે સર્વજ્ઞ (ચિકિત્વાન્) છે. તે માણસોના પાપ અને પુણ્ય – બન્નેને જાણી લે છે. પ્રસ્તુત સૂક્તમાં વસિષ્ઠ પણ પોતાના કોઈ અજ્ઞાત અપરાધને માફ કરી દેવા વરુણને વિનંતી કરી રહ્યા છે. આથી વેદના ઋષિઓએ વરુણને 'ઋત' (= સૃષ્ટિના શાશ્વત નિયમો)ના સંરક્ષક અને 'ધૃતવ્રત' (નીતિમત્તાના શાસક) કહ્યા છે.

પ્રા. મેકડોનલ કહે છે કે વરુણના વ્યક્તિત્વમાં માનવાત્વારોપણ ભૌતિક પાસાની અપેક્ષાએ, નૈતિક ક્ષેત્રમાં વધારે વિકસિત થયેલું જોવા મળે છે. તેમના શરીર કે તેમના વપરાશની સાધન-સામગ્રીનું બહુ વિસ્તૃત કે વિગતપૂર્ણ વર્ણન મળતું નથી; કેમ કે તેમનાં કાર્યો ઉપર જ સવિશેષ ભાર આપવામાં આવ્યો છે. જો કે તેમના શરીરના મોં, નેત્ર, હાથ અને પગની કલ્પનાઓ જરૂર વેદમન્ત્રમાં વાંચવા મળે છે. તેમનું મુખ અગ્નિ જેવું છે. (૭–૮૮–૨) મિત્ર અને વરુણની આંખો તે સૂર્ય જ છે. તેઓ રથ ચલાવે છે વગેરે. વરુણની સર્વજ્ઞતા વિષે વેદમાં ઘણીવાર કહેવામાં આવ્યું છે. આકાશમાં ઊડતા પક્ષીઓના, સમુદ્રમાં ફરતા વહાણોના, દૂર સુધી વિચરતા વાયુના માર્ગને એ જાણે છે. જે કંઈ છૂપી વસ્તુઓ અત્યાર સુધીમાં કરાયેલી છે અથવા હવે પછી કરાશે તે સર્વ એ જાણે છે. માણસોની સત્યતા અને અસત્યતા એ જોઈ શકે છે. એના વિના કોઈ પણ પ્રાણીથી આંખનો એક પલકારો પણ મારી શકાતો નથી. નીતિમય રાજ્ય ચલાવનાર તરીકે વરુણની પદવી બીજા કોઈ પણ દેવતાની પદવી કરતાં વધારે ચઢિયાતી છે. એના નિયમોને તોડવા એનું નામ જ પાપ છે. એ નિયમો તોડાયાથી ગુસ્સે થાય છે. એ નિયમો તોડનારને સખ્ત શિક્ષા કરે છે, જે પાશ વડે પાપી પ્રાણીઓને એ બાંધી લે છે તેનું વેદમાં ઘણીવાર કથન કરવામાં આવ્યું છે. એ અસત્યને ધિક્કારનારો અને શિક્ષા કરનાર હોવા છતાંય પશ્ચાત્તાપ કરનાર વ્યક્તિ તરફ એ રહેમની નજરથી જુએ છે. પ્રસ્તુત સૂક્તમાં કહ્યું છે કે માણસોએ પોતે જે પાપ કર્યાં હોય તે જ નહિ પણ તેના પૂર્વજોએ જે પાપ કર્યાં હોય તેમાંથી પણ એ તેને મુક્ત કરે છે. એની પ્રાર્થના કરનાર માનવીથી નિત્ય એના નિયમોનું ઉલ્લંઘન થયું હોય છતાં એ તેને જવા દે છે. ઈરાદાપૂર્વક જે પાપ ના થયું હોય તેના તરફ એ કૃપાદષ્ટિથી જુવે છે. ખરેખર, વરુણને લગતું એવું એક પણ સૂક્ત નહિ હોય કે જેમાં અપરાધની માફી માટે એની પ્રાર્થના ન કરવામાં આવી હોય. આ ઉપરાંત, પ્રા. મેકડોનલ એમ પણ કહે છે કે અન્ય દેવતાઓનાં સૂક્તોમાં જેમ સંસારી સુખનાં સાધનોની પ્રાર્થના કરવામાં આવેલી હંમેશા જોવા મળે છે તેમ વરુણનાં સૂક્તોમાં, થયેલાં પાપને માટે ક્ષમાની યાચના કરવામાં આવેલી હોય એમ પણ હંમેશા જોવા મળે છે.

વરુણનાં સૂક્તોમાં અપરાધની, પાપની લાગણીથી જે ક્ષમાયાચના અને પ્રાયશ્ચિત્તની ભાવના પ્રકટ થતી જોવા મળી છે તેને કારણે વિદ્વાનોમાં એવો મત બંધાયો છે કે બીજા દેવોનાં સૂક્તો કરતાં વરુણનાં (જ) સૂક્તોમાં નીતિમત્તાના પાલનની વાત અને ભક્તિરસની શરૂઆત જોવા મળે છે. આમ વૈદિકકાળના ધર્મનું આલેખન કરવા માટે વરુણસૂક્તોનું આગવું મહત્ત્વ છે.

વિશેષ જિજ્ઞાસુને માટે–

ઋગ્વેદમાં અનેકવિધ દેવતાઓની સ્તુતિ જોવા મળે છે. તેને આધારે વેદાધ્યયન કરનારાઓએ માત્ર ભારતમાં જ નહિ, પણ સમગ્ર વિશ્વમાં ધર્મનો ઉદ્ભવ અને વિકાસ કેવી રીતે થયો હશે ? – તે સમજવાનો, વિચારવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે[1] આ સંદર્ભે, છેક યાસ્કના ‘નિરુક્ત’થી શરૂ કરીને આધુનિક યુગના મોટા ભાગના વેદાભ્યાસીઓને એવું લાગ્યું છે કે સૃષ્ટિના આદિકાળમાં માનવજાતને પ્રકૃતિના ચમકતાં, ચમત્કારિક કે મનુષ્યજીવનને ઉપકારક લાગતાં જે જે તત્ત્વો, ઘટનાઓ, શક્તિઓ; દા.ત. આકાશ, સૂર્ય, વૃષ્ટિક્રિયા, અગ્નિ વગેરે વારંવાર જોવા મળ્યાં છે તે દરેકમાં મનુષ્યે દેવત્વનું આરોપણ કર્યું છે;[2] અને તેમને ‘પુરુષવિધ’ (મનુષ્યાકૃતિવાળા) દેવો કલ્પીને તેમની સ્તુતિઓ કરી છે, તેમની પાસેથી ભૌતિક સુખસમૃદ્ધિથી માંડીને પુત્રો, પશુઓ વગેરેની પ્રાર્થનાઓ (માંગણીઓ) કરી છે. તથા કાલક્રમે મૃત્યુમાંથી મુક્તિ અને અમૃતની પ્રાપ્તિ સુધીની (ઋ. ૭–૫૯–૧૨) પ્રાર્થનાઓ પણ કરી છે. આથી એ વિચારવાનું/જાણવાનું મન થાય કે આ વરુણદેવતા પ્રકૃતિના–કુદરતના–કયા તત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે. અર્થાત્ કુદરતના કયા પાસા ઉપર દેવત્વનું આરોપણ કરીને, વેદકાળના મનુષ્યે વરુણદેવની કલ્પનાને સાકાર કરી છે ? પ્રા. મેકડોનલ કહે છે કે સર્વને વ્યાપી વળનાર, સર્વના આચ્છાદક

---

[1] MAX MULLER believed that the true history of mankind was the history of man's religion. And he further believed that from no other source did one understand the origin and development of religion so thoroughly as from the Indian Scriptures. [See : **Exercises in Indology,** R. N. Dandekar, Ajanta Publication, Delhi, 1981. (p. 179).

[2] KUHN belived that most of the Vedic (and, therefore, Indo–European) gods were personifications of natural powers and phenomena, particularly the meteorological phenomena. [See : **Exercises in Indology,** (p. 174–175).

આકાશને જ 'વરુણ' રૂપે કલ્પવામાં આવ્યા છે. (The Original conception of Varuṇa seems to have been the encompassing sky.) યાસ્કે પણ 'વરુણ' શબ્દથી વ્યક્ત થતા વિભાવને સ્પષ્ટ કરતાં આવું જ નિર્વચન આપ્યું છે કે — वरुणो वृणोतीति सतः (नि. १०—४) "જે બધાને ઢાંકી દે, આચ્છાદિત કરી દે તે 'વરુણ' છે." આમ વરુણ તે દ્યુસ્થાનીય–દેવતા છે. "મનુષ્યનાં નેત્રોની સીમાથી પણ આગળ જઈને સુદૂર .ક્ષિતિજના છેડા સુધી વિસ્તરેલા આકાશે જ પ્રાચીન આર્યોના હૃદયમાં વરુણ જેવા સર્વદર્શી, સર્વજ્ઞ અને મનુષ્યની પ્રત્યેક ક્રિયા ઉપર દૃષ્ટિ રાખનાર, દૈવી શાસક વરુણની કલ્પનાને જન્મ આપ્યો છે. પ્રસિદ્ધ જર્મન વિદ્વાન રોથનો મત છે કે વરુણ વિશેષતઃ રાત્રિના આકાશની જોડે સંબંધિત છે. રાત્રિમાં પ્રકાશના અભાવને કારણે નેત્રોની દર્શનશક્તિ સીમિત થઈ જાય છે. ત્યારે આકાશ અંધકારને કારણે નાનું હોય તેમ પ્રતીત થાય છે. અને વરુણ તથા તેમના ઉપાસકોમાં થોડાક વધારે સામીપ્યની ભાવના જાગે છે." પ્રા. ગયાચરણ ત્રિપાઠી (પ્રયાગ) આના અનુસંધાનમાં આગળ કહે છે કે — "રોથના આ મતમાં સત્યનો થોડોક અંશ જરૂર છે. કેમ કે બ્રાહ્મણગ્રંથોમાં મિત્રાવરુણૌનો ક્રમશઃ દિવસ અને રાત્રિની સાથે વારંવાર સંબંધ બતાવ્યો છે. જેમ કે, ઐતરેય બ્રાહ્મણમાં કહ્યું છે કે — अहर्वै मित्रो रात्रिर्वरुण उभे वा एषोहोरात्रे ॥ (४—२—४) આથી, એમ પણ કહેવાયું છે કે મિત્રને માટે શ્વેત તથા વરુણને માટે કૃષ્ણપશુનું આલભન કરવું જોઈએ. સાયણે પણ ઋ. ૭—૮૭—૧ના ભાષ્યમાં લખ્યું છે કે—અસ્તંગત સૂર્ય જ 'વરુણ' કહેવાય છે. अस्तंगच्छन् सूर्य एव वरुण उच्यते ।) પરંતુ આટલું હોવા છતાંય વરુણની ક્રિયાશીલતા રાત્રિ સુધી જ સીમિત નથી, તેઓ મુખ્યત્વે તો આકાશના જ દેવતા છે." (૩) (જુઓ : वैदिकदेवता — उद्भव और विकास। — ले. गयाचरण त्रिपाठी—, भारतीय विद्या प्रकाशन, वाराणसी, १९८१, प्रथम खण्ड)

મેક્સમૂલરના મતે તારાઓથી ખચિત આકાશના કોઈ ગૂઢ સ્થાનમાં નિવાસ કરનાર દેવ તે વરુણ છે. પરંતુ રિચાર્ડ પિશેલ અને લ્યૂડર્સનો અભિપ્રાય એવો છે કે વરુણ સમુદ્રના દેવ છે. કેમ કે ૫—૬૩માં વરુણની જલવર્ષણ–શક્તિનું વર્ણન છે, ૭—૬૪—૨માં તે મિત્રાવરુણને નદીઓના અને સમુદ્રના સ્વામી કહ્યા છે. વરુણ સમુદ્રના જળમાં વિહાર કરે છે : अद्भिर्याति वरुणः समुद्रैः । ૧—૧૬૧—૧૬. એ જ પ્રમાણે, વરુણે જ સમુદ્રને ચારે તરફથી કિનારાઓ વડે બાંધ્યો છે. સાતે નદીઓ વરુણના વિશાળ મુખમાં (અર્થાત્ સમુદ્રમાં) ઠલવાય છે. વગેરે. પરંતુ મેકડોનલ કહે છે કે વરુણ એ ભારતીય નેપચ્યૂન અથવા સમુદ્રના માત્ર દેવતા

છે એવું ચિત્ર તો વૈદિકોત્તરકાળમાં વધુ સ્થિર થયેલું જોવા મળે છે. ઋગ્વેદમાં વરુણનો જળની અને સમુદ્રની સાથે જે સંબંધ જોવા મળે છે તે સાચો છે, પણ એક નીતિમત્તાના દેવ તરીકેની વરુણની જે વિશેષતાઓ મળે છે તે જ વધારે મહત્ત્વની છે. આમ તેમને સમુદ્રના દેવ કહેવા તે પર્યાપ્ત નથી.

ઓલ્ડનબર્ગની માન્યતા મુજબ વરુણ મૂલતઃ ચન્દ્રમાનું પ્રતિનિધિત્વ કરતા દેવ છે. તેઓ કહે છે કે આદિત્યોની સંખ્યા વિશેષરૂપે સાત હતી અને અવેસ્તાના 'અમેષસ્પેન્સસ્'ની સાથે તેમનું સમીકરણ એક સ્વીકૃત સત્ય છે. આથી કહી શકાય કે મિત્ર અને વરુણ તે ક્રમશઃ સૂર્ય અને ચન્દ્રમા છે. (અગાઉ રોથનો મત જોયો હતો તેમાં મિત્રાવરુણને ક્રમશઃ દિવસ અને રાત તરીકે તો જોવાયા જ છે.) બીજો નાનો આદિત્યગણ તે પાંચ ગ્રહોનું પ્રતિનિધિત્વ કરે છે. આમ તે સાતેય ભારત–યુરોપીય કાળના દેવો નથી. પરંતુ ભારત–ઈરાની કાળમાં તે સાતનો સ્વીકાર કરનારા લોકો, આર્યોની અપેક્ષાએ જ્યોતિષ્–વિજ્ઞાનમાં વધારે પ્રવીણ એવા સેમેટિક જાતિના લોકો હતા. આમ ઓલ્ડનબર્ગના મતે વરુણ તે ચન્દ્રમાની પ્રતિકૃતિ છે તથા તે ભારત–ઈરાની કાળના દેવ છે. છતાંય પ્રા. મેકડોનલના કહેવા મુજબ ઓલ્ડનબર્ગની માન્યતા સ્વીકારી શકાય એવી નથી. કેમ કે ઋગ્વેદમાં વરુણની જે ચારિત્ર્યિક વિશેષતાઓ વાંચવા મળે છે તેનું સમાધાન ચન્દ્રમાને વરુણ માનવાથી થઈ શકે એમ નથી. શ્રી ગયાચરણ ત્રિપાઠીએ બીજી એક દલીલથી પણ ઓલ્ડનબર્ગના મતને અસ્વીકાર્ય જાહેર કર્યો છે : ઓલ્ડનબર્ગનો મત મોટે ભાગે 'આદિત્યગણ' અને 'અમેશ સ્પેન્તા'ની એકાત્મતા ઉપર નિર્ભર છે. પરંતુ અહુરની આસપાસ ફરનાર ઈરાની અકમેશસ્પેન્તા તથા ભારતીય આદિત્યોમાં થોડીક પણ સમાનતા નથી. અમેશસ્પેન્તાની સંખ્યા નિશ્ચિત છે; તેઓ છ છે તથા અહુરને ઉમેરીએ તો તે સાત છે. જ્યારે વૈદિક સાહિત્યમાં આદિત્યોની સંખ્યા મોટે ભાગે તો અનિશ્ચિત જ છે. જેમ કે, છ, સાત, આઠ, અગિયાર અને બાર સુધીની છે. (જુઓ : વૈદિક દેવતા : ઉદ્ભવ ઔર વિકાસ, જી. સી. ત્રિપાઠી, પૃ. ૯૦).

વરુણ એ ભારત–ઈરાની કાળની પણ પૂર્વે ભારત–યુરોપીય કાળના દેવ હોવાની પણ એક શક્યતા તુલનાત્મક ભાષાશાસ્ત્રે અને તુલનાત્મક પુરાકથાશાસ્ત્રે ઉચ્ચારી છે. કેમ કે વેદમાં ઋતના પાલક દેવ, નીતિમત્તાના સંરક્ષક, પાપીઓને દંડ આપનારા દેવ તરીકે વરુણનું જેવું સ્થાન અને આદર છે, તેવું જ ઈરાની પ્રજાના

અવેસ્તા ગ્રંથમાં 'અહુરમજ્‌દા' નામના દેવનું સ્થાન છે[૩] પણ 'વરુણ' અને 'અહુરમજ્‌દા'ની વચ્ચે કોઈ ધ્વનિસામ્ય નથી; જ્યારે ગ્રીક ભાષાના 'ઊરાનૉસ' (* Uoruenos) સાથે, [કે જે આકાશનો દેવ છે] તેને ધ્વનિસામ્ય હોય તેવું પ્રાયઃ લાગે છે. આથી વરુણ તે ભારત–યુરોપીય કાળના દેવ હોવાની સંભાવના પણ પૂરેપૂરી નકારી શકાય તેવી નથી.[૪]

ગ્રીકભાષામાં આકાશની સાથે સંબંદ્ધ બે દેવતાઓ જોવા મળે છે : (૧) દ્યેઉસ્ (* Dyeus) અને (૨) ઊરાનૅસ (* Uoruenos). શરૂઆતમાં તો એક જ પ્રાકૃતિક તત્ત્વ (આકાશ)ને વ્યક્ત કરનારા પરસ્પર સમ્બદ્ધ એવાં આ બે વિશેષણો જ હતા અને પછી કાલાન્તરમાં તે સ્વતન્ત્ર દેવતાઓ તરીકે વિકસ્યા જણાય છે. (વેદમાં આને મળતા द्यौः અને वरुणः છે.) આમાંથી દ્યેઉસ્ તે સૂર્ય અને નક્ષત્રતારા વગેરે સાથે સંબદ્ધ છે, અને ઊરાનૅસ્ તે સર્વવ્યાપી આકાશની સાથે સંબદ્ધ છે. પણ ગ્રીક માઈથોલોજીમાં દ્યેઉસ્‌નું મહત્ત્વ ખૂબ છે; પણ 'ઊરાનૅસ્' વિશે કંઈ ખાસ માહિતી મળતી નથી. જે થોડીક વિગતો મળે છે તે મુજબ ઊરાનૅસ્‌ને દેવ અને દાનવ બન્ને જાતિઓનો મૂળ ઉત્પાદક માન્યો છે; તથા તેની પત્ની **'ગ્યા'** છે. આ શબ્દ પૃથ્વીનો વાચક છે. (અંગ્રેજીના જીઓગ્રાફી = ભૂગોળ, જીઓલોજી વગેરે સામાસિક શબ્દો આમાંથી ઉતરી આવ્યા છે.) ઊરાનૅસ્ (આકાશ) નામનો

---

૩. પારસી ધર્મના અહુરમજ્‌દના ચરિત્રમાં પણ આ પ્રકારની અનેક ધુંધળી વિશેષતાઓ સુરક્ષિત રહી છે કે જે તેનો આકાશની સાથેનો સંબંધ સૂચિત કરે છે. તે અહુરમજ્‌દા શ્વેત–દીપ્તિમાન અને દૂરદર્શી છે. સૂર્ય તેનું નેત્ર છે. આકાશની નદીઓ તેની પત્નીઓ છે. આકાશીય અગ્નિ (વિદ્યુત્) તેનો પુત્ર છે (યસ્ન – ૫૮/૮). તે એક સુંદર રત્નજડિત વસ્ત્ર (તારકિત આકાશ) ધારણ કરે છે અને એવા સ્થાનમાં રહે છે કે જેમાં હંમેશા અતુલ પ્રકાશ રહે છે (યસ્ન – ૭૫/૨૨). (જુઓ : વૈદિક દેવતા–ઉદ્‌ભવ ઔર વિકાસ, જી. સી. ત્રિપાઠી, પૃ. ૯૩)

૪. વેદ, અવેસ્તા, ગ્રીક અને લેટિન જેવી જગત્‌ની પ્રાચીન ભાષાઓમાં જોવા મળેલા ધ્વનિસામ્યે (ઈ.સ.ની ૧૯મી સદીમાં) 'તુલનાત્મક ભાષાશાસ્ત્ર' (comparative philology)ને જન્મ આપ્યો છે. તેની સાથે સાથે જ, સ્વાભાવિક રીતે જ તેણે તુલનાત્મક (દેવતાશાસ્ત્ર) (comparative mythology) પુરાકથાશાસ્ત્રને પણ જન્મ આપ્યો છે. યુરોપીય વિદ્વાનોએ છેલ્લા દોઢસો–બસો વર્ષમાં આ બે શાસ્ત્રોની મદદથી વૈદિક દેવતાના સ્વરૂપને, તેની મૂળ પ્રકૃતિને શોધવા–સમજવા પ્રયાસ કર્યો છે. તદનુસાર ઋગ્વેદના વરુણદેવતાની સાથે નીતિમત્તાના નિયમો વગેરેની બાબતમાં સામ્ય ધરાવતો દેવ, પારસીઓના અવેસ્તા ગ્રન્થમાં 'અહુરમજ્‌દા' નામનો દેવ મળી આવે છે. પણ ગ્રીક ભાષામાં જોઈએ તો આકાશનું પ્રતિનિધિત્વ કરતો એક ઊશનૅસ્ દેવ પણ મળી આવે છે, જેનું વરુણ સાથેનું સામ્ય વિદ્વાનોએ તપાસ્યું છે.

પિતા પોતાના 'ક્રોનેસ' નામના દાનવપુત્રને તિરસ્કારે છે અને ગુફામાં પૂરી દે છે. ત્યારે માતા 'ગ્યા' એક ષડયન્ત્ર રચીને પુત્ર ક્રોનેસ્ પાસે ઊરાનૅસ્‌ની હત્યા કરાવે છે. પરંતુ કાલાન્તરે આ ક્રોનેસ્ નો પુત્ર દ્યૌઉસ્ પણ પોતાના પિતા (ક્રોનેસ્)ની હત્યા કરે છે. આમ ગ્રીક દેવતાશાસ્ત્રમાં ઊરાનૅસ્ તે પિતામહ છે અને દ્યૌઉસ્ તે પૌત્ર છે. પણ મહત્તાની દૃષ્ટિએ જોઈએ તો ગ્રીકમાં ઊરાનૅસ્‌નું મહત્ત્વ ક્ષીણ થયેલું છે અને દ્યૌઉસ્ તે અત્યંત મહત્ત્વનો દેવ છે. જ્યારે વેદમાં આથી વિપરીત સ્થિતિ છે. વેદમાં દ્યૌઃ માટે એક પણ આખું સૂક્ત રચાયું નથી, તેના કેવળ છુટાછવાયા ઉલ્લેખો મળે છે. એની સામે વરુણનું ખૂબ મહત્ત્વ છે, તે સર્વજ્ઞ, સર્વનિયન્તા સમ્રાટ્‌ની સ્થિતિએ પહોંચેલા દેવ છે. આમ દ્યૌઃ (તો નિશ્ચિત રૂપે), અને વરુણ (તે સંભવતઃ) ભારત–યુરોપીય કાળના દેવ છે.

આમ તુલનાત્મક પુરાકથાશાસ્ત્રે તો વરુણ અને ઊરાનૅસ્ વચ્ચે સંબંધ શોધવા–સ્થાપવા પ્રયાસ કર્યો છે. પણ શ્રોડરે તુલનાત્મક ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ આ સંબંધને "ધ્વન્યાત્મક દૃષ્ટિએ પૂર્ણતઃ અસ્વીકાર્ય" માન્યો છે. જેમકે, બન્ને શબ્દોને મૂળ રૂપમાં એક માનવામાં સૌથી મોટી આપત્તિ એ છે કે ગ્રીક ઊરાનેસ્ શબ્દમાં 'र'ની પાછળ જે 'अ' આવે છે, તેનું 'વરુણ' શબ્દમાં કોઈ ચિહ્ન મળતું નથી. ગ્રીક 'ઊરાનૅસ્' શબ્દનું મૂળ ભારોપીય શબ્દ 'ઉઓરુ–એનૅસ્' અથવા 'ઉઓરુ – ન્નસ્' હોય તેમ લાગે છે; પણ વરુણ શબ્દનું મૂળ 'ઉઓરુ–નસ્' થાય. હવે જ્યારે બન્ને શબ્દોનું ઉદ્‌ગમબિન્દુ જ ભિન્ન છે, ત્યારે તે બન્ને શબ્દો એક જ કેવી રીતે હોઈ શકે ?" શ્રોડરના ઉપર્યુક્ત મતની સામે બ્લૂમફીલ્ડનું કહેવું છે કે ઉઓરુ–એનેસ્ તથા ઉઓરુ–ન્નસ્ એક જ શબ્દનાં ભાષાગત બે વિભિન્ન રૂપો છે. બોલીભેદને કારણે તેવાં બબ્બે રૂપ પ્રચારમાં આવ્યા હોય છે. (દા.ત. નૂતન અને નૂત્ન, પૃથિવી અને પૃથ્વી). ગ્રીકમાં પણ સ્તેગેનસ્ અને સ્તેગ્નેસ્ એવાં જે બે શબ્દો છે, તે બન્નેનો અર્થ 'આચ્છાદિત' જ થાય છે. આ સંદર્ભમાં મેકડોનલે પણ કહ્યું છે કે વરુણ અને 'ઉરોનેસ્'ના સમીકરણમાં કેટલીક ધ્વનિસંબંધી મુશ્કેલીઓ છે, પણ તે બન્નેની એકરૂપતા સંભવિત તો છે જ.

વૈદિક દેવતાઓના મૂળ સ્વરૂપને–પ્રકૃતિને–સમજવા આવી રીતે જે તુલનાત્મક ભાષાશાસ્ત્ર અને તુલનાત્મક પુરાકથાશાસ્ત્રનો યુરોપીય વિદ્વાનો ઉપયોગ કરે છે, તેની સામે બ્રેડકેનું એક વાક્ય સતત યાદ રાખવા જેવું છે :– "Mythological and etymological hypotheses can be good servants, but they are bad masters."–(P. Von Bradke.) આ બે શાસ્ત્રોની આવશ્યક/ઉપકારક મદદ લેવાય ત્યાં સુધી બરાબર છે, પણ એકાન્તિકપણે માત્ર તેનાથી જ દોરાવાઈ જવાની જરૂર નથી.

વરુણદેવ ભારત–ઈરાનીકાળના નહીં, પણ ભારત–યુરોપીય કાળના છે એની વિસ્તૃત ચર્ચા કર્યા પછી, ઉત્ખનનશાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો પણ વરુણની પ્રાચીનતા સિદ્ધ થાય છે : એશિયા માઈનોર અર્થાત્ તૂર્કસ્તાનના "બોગાઝકૂઈ" નામના સ્થળેથી ઈ.સ. ૧૯૦૭માં એક મૃતપટ્ટિકા મળી આવી હતી. આ પટ્ટિકા ઈ.સ. પૂર્વે ૧૪૦૦ની છે અને તેની ઉપર કોતરેલા અક્ષરોમાં હિટ્ટાઈટ અને મિતાની જાતિના બે રાજાઓ વચ્ચે જે સન્ધિકરાર થયો હતો તેનું વિવરણ છે. આ સન્ધિના સાક્ષીભૂત દેવો તરીકે મિતાની જાતિના દેવોની યાદીમાં ચાર વૈદિક દેવોનાં પણ નામ છે ! જેમ કે, વરુણ (उ – रए – व – नं), ઈન્દ્ર, મિત્ર અને નાસત્યા (અશ્વિનૌ). આથી પણ વરુણદેવની અતિ પ્રાચીનતા સિદ્ધ થાય છે. ઓલ્ડનબર્ગના મતે "આ દેવતા આર્ય જાતિની એક મિતાની શાખાના દેવતા છે, અને એકસમાન ભારત–યુરોપીય સ્રોતમાંથી મિતાની તથા ભારતીય આર્યોને વારસામાં મળેલા દેવો છે." (History of Indian Literature, Vol. I, p. 305 ઉપર વિન્ટરનીત્ઝે આને ઉદ્ધૃત કરેલ છે.) આથી વરુણની પ્રાચીનતા નિઃસંદિગ્ધપણે પ્રસ્થાપિત થાય છે. (વધુ વિસ્તારથી આ વિચારો જોવા ડૉ. જી.સી. ત્રિપાઠી (પ્રયાગ)નું વૈદિક દેવતા–ઉદ્ભવ ઔર વિકાસ પૃ. ૨૦–૨૨ જોવા અનુરોધ છે.)

धीरा॒ त्व॑स्य महि॒ना ज॒नूंषि॒ वि यस्त॒स्तम्भ॒ रोद॑सी चि॒दु॒र्वी ।
प्र नाक॑मृ॒ष्वं नु॑नुदे बृ॒हन्तं॑ द्वि॒ता नक्ष॑त्रं प॒प्रथ॑च्च॒ भूम॑ ॥ १ ॥

धीरा॑ । तु । अ॒स्य॒ । म॒हि॒ना । ज॒नूं॑षि । वि । यः । त॒स्तम्भ॑ । रोद॑सी॒ इति॑ । चि॒त् । उ॒र्वी इति॑ । प्र । नाक॑म् । ऋ॒ष्वम् । नु॒नु॒दे॒ । बृ॒हन्त॑म् । द्वि॒ता । नक्ष॑त्रम् । .प॒प्रथ॑त् । च॒ । भूम॑ ॥ १ ॥

अस्य वरुणस्य जनूंषि जन्मानि महिना महिम्ना[२] तु क्षिप्रं धीरा धीराणि धैर्यवन्ति भवन्ति । यः वरुणः उर्वी विस्तीर्णे रोदसी चित् द्यावापृथिव्यावपि वि तस्तम्भ विविधं स्तब्धे स्वकीये स्थाने स्थिते अकरोत् । यश्च बृहन्तं महान्तं नाकम् आदित्यं नक्षत्रं च ऋष्वं दर्शनीयं द्विता द्वैधं प्र नुनुदे प्रेरयति स्म । अहनि सूर्यं दर्शनीयं प्रेरयति रात्रौ नक्षत्रं तथेति द्विप्रकारः । भूम भूमिं च यः पप्रथत् अप्रथयत् विस्तारितवान् । तस्यास्य वरुणस्येत्यन्वयः ॥

અનુવાદ : જેણે (= જે વરુણે) વિસ્તીર્ણ એવા દ્યુલોક અને પૃથિવી લોકને જુદાં જુદાં સ્થિર કર્યાં છે, તે આ (વરુણ)ના મહિમાથી જન્મેલા સૌ (પ્રાણીઓ) પણ ધીર થયા છે. તેણે (વરુણે) મહાન્ એવા આદિત્યને અને દર્શનીય એવા નક્ષત્રને બે જુદા પ્રકારે પ્રેર્યાં છે; તથા ભૂમિને પણ વિસ્તારી છે. (૭–૮૯–૧)

નોંધ : (૧) બીજા પાદમાં यः સર્વનામથી ઉદ્દેશ્યનો નિર્દેશ કર્યો છે, તેથી તે બીજા પાદથી અન્વય શરૂ કરવાનો રહેશે :— यः (वरुणः) उर्वी^{२} रोदसी^{२} वि तस्तम्भ । रोदसी એ દ્યાવાપૃથિવીનો વાચક છે, તેથી નિત્ય દ્વિવચનાન્ત શબ્દ છે, અને તેનું વિશેષણ उर्वी પણ દ્વિવચનમાં છે. (આથી તે બન્ને પદોને इति કરણથી પદપાઠમાં દર્શાવ્યા છે.) वि નો અર્થ વિવિધ રીતે, અર્થાત્ જુદાં જુદાં; લક્ષણાથી "પોતપોતાના સ્થાનમાં" એમ થાય છે. એટલે કે દ્યુલોકને ઉપર પોતાના સ્થાનમાં સ્થિર કર્યો છે; અને પૃથિવીલોકને તેના નીચેના સ્થાનમાં સ્થિર કર્યો છે. (૨) अस्य (= वरुणस्य) महिना (= महिम्ना) जनूंषि धीरा–(णि) [भवन्ति]। "આ વરુણના મહિમાથી બધાં જન્મધારી પ્રાણીઓ ધીર થયા છે"—ને વેલણકરે "તેમની મહાનતાથી જ બુદ્ધિજીવી પ્રાણીઓ (ધીર =) ચતુર થઈ ગયા છે." એવી રીતે સમજાવેલ છે. (૩) ઉત્તરાર્ધમાં અન્વય આમ છે : [सः] बृहन्तं नाकं, ऋष्वं नक्षत्रं (च) द्विता प्र नुनुदे; भूम पप्रथत् च ॥ તેણે = વરુણે મોટા 'નાક' અર્થાત્ 'આદિત્ય'ને અને 'ऋष्व' એટલે દર્શનીય નક્ષત્રને 'द्विता' = બે પ્રકારે પ્રેર્યાં. અહીં સાયણે द्विता = 'બે પ્રકારે'ને સમજાવતાં લખ્યું છે કે વરુણ દિવસના ભાગે સૂર્યને પ્રેરે છે; અને રાત્રિના ભાગે નક્ષત્ર (= તારાઓ)ને પ્રેરે છે. (૪) આ ઉત્તરાર્ધમાં આવેલા नाक અને नक्षत्र શબ્દને પ્રા. વેલણકરે જુદા અર્થમાં લીધા છે. જેમકે, नाक = આકાશ અને नक्षत्र = સૂર્ય. કારણ કે વેદમાં 'नक्षत्र' શબ્દ જો એકવચનમાં હોય તો તે સૂર્યનો વાચક હોય છે; તથા જો બહુવચનમાં તે હોય તો "તારાઓનો સમુદાય" એવો અર્થ ધરાવે છે. વળી, તેમણે 'ऋष्व'નો અર્થ 'ઉન્નત' પણ લીધો છે. તેમના મતે ઉત્તરાર્ધનો અન્વય આમ જણાય છે : बृहन्तम् ऋष्वं नाकम् प्र नुनुदे; नक्षत्रं द्विता (नुनुदे) भूम पप्रथत् च । "વિશાળ અને ઉન્નત આકાશને ઉપર ધકેલ્યું, સૂર્યને બીજી તરફ મોકલ્યો અને પૃથિવીને વિસ્તીર્ણ કરી દીધી." આમ વરુણના ત્રણ મહાન કાર્યોને તેમણે વાંચ્યા છે. અહીં भूम (નવું) શબ્દ આદ્યુદાત્ત છે, તેથી તેનો અર્થ પૃથિવી લીધો છે; જો તે પુંલિંગ અને અન્તોદાત્ત भूम હોત તો તેનો અર્થ 'લોક'/સમૂહ એવો લેવાત.

(૫) આ ૭–૮૬–૧ને ૭–૨૮–૪ની સાથે સરખાવીએ તો ત્યાં — प्रति यच्चष्टे अनृतमनेना, अव द्विता वरुणो मायी नः सात् । "પાપને હણનારા અને પ્રજ્ઞાવાન્ વરુણ અમારામાં જે અસત્ય જુવે, તેને द्विता—બે ટૂકડામાં વહેંચી દે." (મન્ત્ર ક્રમાંક : ૨૪૨). આમ ઈન્દ્રની કૃપા મેળવવા, પહેલાં વરુણ અમારા પાપને દૂર કરી આપે તેવી પ્રાર્થના કરી હતી.

उ॒त स्वया॑ त॒न्वा॒३॒॑ सं व॑दे॒ तत्क॒दा न्व१॒॑न्तर्वरु॑णे भुवानि ।
किं मे॑ ह॒व्यमहृ॑णानो जुषेत क॒दा मृ॑ळी॒कं सु॒मना॑ अ॒भि ख्य॑म् ॥ २ ॥

उ॒त । स्वया॑ । त॒न्वा॑ । सम् । व॒दे॒ । तत् । क॒दा । नु । अ॒न्तः । वरु॑णे । भु॒वा॒नि॒ । किम् । मे॒ । ह॒व्यम् । अहृ॑णानः । जु॒षे॒त॒ । क॒दा । मृ॒ळी॒कम् । सु॒ऽमना॑ः । अ॒भि । ख्य॒म् ॥ २ ॥

वरुणं शीघ्रं दिदृक्षमाण ऋषिरनया वितर्कयति । उतेति विचिकित्सायाम् । उत किं स्वया तन्वा स्वीयेनात्मीयेन शरीरेण सं वदे सहवदनं करोमि । आहो स्वित् तत् तेन वरुणेन सह संवदे । कदा नु कदा खलु वरुणे देवे अन्तः भुवानि अन्तर्भूतो भवानि । वरुणस्य चित्ते संलग्नो भवानीत्यर्थः । अपि च मे मदीयं हव्यं स्तोत्रं हविर्वा अहृणानः अक्रुध्यन् वरुणः किं केन हेतुना जुषेत सेवेत । सुमनाः शोभनमनस्कः सन्नहं कदा कस्मिन् काले मृळीकं सुखयितारं वरुणम् अभि ख्यम् अभिपश्येयम् ॥

અનુવાદ : હું મારી જાત સાથે સંવાદ કરું છું કે હું ક્યારે વરુણમાં અન્તર્ભૂત થાઉં ? (= વરુણના અન્તઃકરણ સાથે સંલગ્ન થાઉં.) શું ગુસ્સે થયા વિનાના (તે વરુણ) મારા હવ્યને સ્વીકારશે ? આનંદી મનવાળો થઈને હું, ક્યારે તે કૃપાળુ (વરુણ)ને જોઉં ? (અથવા–(વરુણની) કૃપાને ક્યારે અનુભવું ?) (૭–૮૬–૨)

નોંધ : (૧) પ્રથમ પાદમાં– उत (अहं) स्वया तन्वा (सह) सं वदे; દ્વિતીય પાદમાં – (अहं) कदा वरुणे अन्तर् भुवानि ॥ અહીં उत–એ વિચિકિત્સા, સંદેહભર્યો પ્રશ્ન પૂછવા વપરાતો અવ્યય છે. स्वया तन्वा–મારી જાત સાથે, અર્થાત્ મનોમન બોલું છું = વિચારું છું. બૃહદ્ દેવતાને આધારે વેંકટમાધવે "હું મારા તનુ (= શરીર) = પુત્રની સાથે રહીને આ બોલું છું" એવો અર્થ વિચાર્યો છે. √ भू (૧લો ગણ) ધાતુનું અદ્યતન ભૂતકાળ ઉપરથી સાધિત વૈદિક સંકેતાર્થનું પહેલા પુરુષ એકવચનનું રૂપ भुवानि છે. (હું થાઉં). વસિષ્ઠનું ચિત્ત વરુણમય થવા ઝંખી રહ્યું છું તેનું આમાં ચિત્ર છે. પ્રા. દાંડેકરે વસિષ્ઠના વરુણસૂક્તોમાં ભક્તિનો સૂર જોયો છે.

(૨) ઉત્તરાર્ધમાં પણ બે વાક્ય છે : किं अहृणानः (= अक्रुध्यन्)–વરુણનું વિશેષણ– मे हव्यं जुषेत । કવિ વસિષ્ઠનો બીજો પ્રશ્ન છે : सुमनाः (अहं) कदा मृळीकं (= वरुणं) अभि ख्यम् । અહીં मृळीकं તે વરુણનું વિશેષણ છે એમ લઈએ તો "કૃપાળુ એવા વરુણને ક્યારે જોઉં ?" તેવો અર્થ થાય. પણ જો તેનો

અર્થ 'કૃપા' લઈએ તો "સારા મનવાળો (હું) ક્યારે (તે વરુણની) કૃપા અનુભવું ?" એવો વાક્યાર્થ લેવો પડે.

(૩) અહીં अहृणानः = ક્રોધ નહીં કરતો (વરુણ) અને मृळीकं = કૃપાળુ વરુણ એ બે શબ્દોનો વિરોધ નોંધપાત્ર છે. વરુણ ઋતના પાલક દેવ છે. તેથી તે જે કોઈ ઋતનો ભંગ કરે, નીતિમત્તાનું પાલન ના કરે તેની ઉપર ગુસ્સો કરે છે. આથી ભક્તો હંમેશા એમની કૃપાને ઝંખતા હોય છે, વરુણના કૃપાળુ સ્વરૂપને જ જોવા–અનુભવવા ઈચ્છતા હોય છે.

पृ॒च्छे तदेनो॑ वरुण दि॒दृक्षूपो॑ एमि चिकि॒तुषो॑ वि॒पृच्छ॑म् ।
स॒मा॒नमिन्मे॑ क॒वय॑श्चिदाहुर॒यं ह॒ तुभ्य॒ं वरु॑णो हृणीते ॥ ३ ॥

पृ॒च्छे । तत् । एनः॑ । व॒रु॒ण॒ । दि॒दृक्षु॑ । उपो॒ इति॑ । ए॒मि॒ । चि॒कि॒तुषः॑ । वि॒ऽपृच्छ॑म् । स॒मा॒नम् । इत् । मे॒ । क॒वयः॑ । चि॒त् । आ॒हुः॒ । अ॒यम् । ह॒ । तुभ्य॑म् । वरु॑णः । हृ॒णी॒ते ॥ ३ ॥

हे वरुण तदेनः पापं पृच्छे त्वां पृच्छामि । दिदृक्षु । छान्दसः सुलोपः । द्रष्टुमिच्छन्नहम् । येन पापेन हेतुना त्वदीयैः पाशैर्बद्धोऽस्मि पृष्टः संस्तत् पापं कथय । अहं विपृच्छं विविधं प्रष्टुं चिकितुषः विदुषो जनान् उपो एमि उपागाम् । ते कवयश्चित् क्रान्तदर्शिनो जनाश्च मे मह्यं समानमित् समानमेवैकरूपमेव आहुः अकथयन् । यदाहुस्तदाह । हे स्तोतः तुभ्यम् अयं ह अयमेव वरुणः हृणीते क्रुध्यतीति । अतः क्रोधं परित्यज्यास्मान् पाशेभ्यो मोचय ॥

અનુવાદ : હે વરુણ ! જાણવાની ઈચ્છાવાળો હું તે (મારા) પાપ વિષે પૂછું છું. પૂછવા માટે હું વિશેષ જાણનારાઓની પાસે જાઉં છું. (પણ) તે કવિઓ (= જ્ઞાનીઓ) મને એકસરખું જ કહે છે : "આ વરુણ તારા ઉપર ક્રોધે ભરાયો છે." (૭–૮૩–૩).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બે વાક્ય છે : हे वरुण ! दिदृक्षु(:) (अहं) तद् एनः पृच्छे । एनस्–પાપ. दिदृक्षु–જાણવાની ઈચ્છાવાળો. (સાયણ કહે છે કે અહીં પ્રથમા વિભક્તિનો सु > : પ્રત્યય લુપ્ત થયો છે એમ જાણવું.) विपृच्छम् (વૈદિક હેત્વર્થ કૃદન્ત = प्रष्टुम्–પૂછવા માટે) (अहं) चिकितुषः उप एमि । √चित्–कित् ज्ञाने 'જાણવું' અર્થવાળા ધાતુ ઉપરથી 'જાણનારા વ્યક્તિઓ' અર્થવાળું વર્તમાનકૃદન્ત બી.વિ.બ.વ. (૨) कवयः मे समानम् इत् (= एव) आहुः । 'કવિઓ' અર્થાત જ્ઞાનીઓ, વિદ્વાનો. ચોથા પાદમાં કવિઓનું કથન અવતરણ ચિહ્નમાં છે :– "अयं वरुणः तुभ्यं हृणीते । √हृ रोषणे लज्जायां च । એવો

૯મા ગણનો ધાતુ છે; તેનું વર્તમાનકાળ ત્રી.પુ.એ.વ. ક્રોધાર્થક ધાતુઓના યોગમાં, જેના ઉપર ગુસ્સો, દ્રોહ વિગેરે બતાવવાનો હોય તેને સમ્પ્રદાન ગણીને, ૪થી વિભક્તિમાં મૂકવામાં આવે છે : तुभ्यम् = वसिष्ठाय ।

(૩) આ એવો કયો પ્રસંગ છે કે જ્યારે વરુણ વસિષ્ઠ ઉપર ગુસ્સે થયા છે ? – તે વિષે વેદના રહસ્યવાદી મર્મજ્ઞ વિદ્વાન્ પં. મધુસૂદન ઓઝા મૈથિલ (જયપુર) જણાવે છે કે – ઈન્દ્રને માટે તૈયાર કરેલા સોમને છીનવી લઈને, અસુરેન્દ્ર વૃષાકપિ પી ગયા. તે જોઈને વસિષ્ઠે ઈન્દ્રનો પક્ષ લઈને, ફરીથી ઈન્દ્રને માટે સોમસવન કરવાનું કહ્યું. પણ વિશ્વામિત્રનો પૌત્ર હિરણ્યગર્ભ પ્રજાપતિ કહે છે કે હિરણ્યગર્ભ (બ્રહ્મતત્ત્વ)ના વશમાં જ વજ્રિન્ (ઈન્દ્ર) અને પાશી (વરુણ) છે. તેથી ઈન્દ્ર માટે સોમ તૈયાર કરવાની જરૂર નથી. છતાંય વસિષ્ઠે ઈન્દ્રને માટે સોમસવન કર્યું. (જેનો નિર્દેશ ૭–૩૨, ૭–૨૮, ૭–૨૯માં જોવા મળે છે. આથી વરુણ ગુસ્સે ભરાયા (કેમકે વસિષ્ઠ મૂળમાં (પહેલાં) તો વરુણના જ ઉપાસક હતા.) અને વસિષ્ઠને પાશથી બાંધ્યા. તે પ્રસંગે વરુણને પ્રસન્ન કરવા વસિષ્ઠે ૭–૮૬ સૂક્તની રચના કરી છે. પાશમાંથી છુટ્યા પછી, વસિષ્ઠે મેધાતિથિ અને વામદેવની સાથે મળીને ઈન્દ્ર અને વરુણની સમાનતા જાહેર કરી છે. (જેનો નિર્દેશ ૪–૪૧ અને ૭–૮૨માં જોવા મળે છે.) જિજ્ઞાસુએ पण्डित मधुसूदन ओझा विरचित: ''इन्द्रविजय:'' (= भारतवर्षीयार्योपाख्याम्) પ્રકાશક : જયનારાયણ વ્યાસ વિશ્વવિદ્યાલય, જોધપુર, ૧૯૯૭) પૃ. ૭૧–૮૪ જોવા અનુરોધ છે. આ સંદર્ભમાં ભાષ્યકાર સાયણ મૌન છે, પણ વેંકટમાધવે એક મત કહ્યો છે. પણ તે નીચે ૪થા મન્ત્રની નોંધમાં જોઈશું.

(૪) પ્રા. વેલણકર કહે છે કે બીજા મન્ત્રમાં કવિએ પોતે વિચાર કરી જોયો કે પોતે વરુણનો શો અપરાધ કર્યો છે ? અને ફરી પાછા તે વરુણના કૃપાપાત્ર ક્યારે બની શકશે ? પણ એનો કોઈ જવાબ નહીં મળતાં, આ બીજા મન્ત્રમાં તે કવિ વસિષ્ઠ ચિકિતુષ્ને અને કવિઓને મળીને પૂછી જુવે છે કે પોતાનો એવો કયો અપરાધ છે કે જેથી વરુણ મારી ઉપર ક્રોધે ભરાયા છે. પણ તેઓ ય કશું વિશેષ કારણ દર્શાવી શકાતા નથી ત્યારે આની રજૂઆત કરતો મન્ત્ર (૪) છે :–

किमागं आस वरुण ज्येष्ठं यत्स्तोतारं जिघांससि सखायम् ।
प्र तन्मे वोचो दूळभ स्वधावोऽव त्वानेना नमसा तुर इयाम् ॥ ४ ॥

किम् । आगः । आस । वरुण । ज्येष्ठम् । यत् । स्तोतारम् । जिघांससि । सखायम् । प्र । तत् । मे । वोचः । दुःऽदभ । स्वधाऽवः । अव । त्वा । अनेनाः । नमसा । तुरः । इयाम् ॥ ४ ॥

हे वरुण ज्येष्ठम् अधिकं किमाग आस कोऽपराधो मया कृतो बभूव। यत् येन आगसा सखायं मित्रभूतं सन्तं स्तोतारं जिघांससि हन्तुमिच्छसि । हे दूळभ दुर्दभान्यैर्बाधितुमशक्य स्वधावः तेजस्विन् हे वरुण तत् आगः मे मह्यं प्र वोचः प्रब्रूहि । एवं सति तस्य प्रायश्चितं कृत्वा अनेनाः अपापः सन्नहं तुरः त्वरमाणः शीघ्रः नमसा नमस्कारेण हविषा वा त्वाम् अव इयाम् उपगच्छेयम् ॥

અનુવાદ : હે વરુણ ! (મારું) એવું કયું મોટું પાપ હતું, કે જેથી (તમે) (તમારી) સ્તુતિ કરનાર એવા (તમારા) સખાને હણવા ઈચ્છો છો ? હે દુર્દભ અને સ્વનિર્ભર (એવા વરુણ) ! તે (તમે) મને મોટેથી કહો, કે જેથી પાપરહિતનો થઈને નમસ્કારપૂર્વક જલ્દીથી તમારી પાસે પહોંચું. (૭–૮૬–૪)

નોંધ : (૧) વસિષ્ઠે વરુણનું એવું કયું પાપ કર્યું છે ? તે વિશે સાયણે તો કશું કહ્યું નથી, પણ વેંકટમાધવે બૃહદ્ દેવતા (૬ : ૧૧–૧૫)ને આધારે કહ્યું છે કે – "વસિષ્ઠે રાત્રે વરુણના ઘરમાં બધાને ઉઘાડીને પ્રવેશ કર્યો. ત્યાં કુતરો વસિષ્ઠને ભસે છે અને સામે ધસે છે. ત્યારે વસિષ્ઠે તે કૂતરાને અને વરુણના અન્ય માણસોને પણ સૂવાડી દીધા. આથી વરુણ રાજાએ પોતાના પાશથી વસિષ્ઠને બાંધ્યા. ત્યારે વસિષ્ઠે પોતાના ચાર પુત્રોની સાથે धीरा त्वस्य० । (૭–૮૬) સૂક્તથી વરુણની સ્તુતિ શરૂ કરી. ત્યારે પિતા વરુણે પુત્ર વસિષ્ઠને પાશમુક્ત કર્યા."

(૨) પૂર્વાર્ધનો અન્વય આમ છે : हे वरुण ! किं ज्येष्ठम् आगः आस। (अस् ધાતુનું વેદમાં પરોક્ષ ભૂતકાળનું રૂપ, લોકમાં તો बभूव જ થાય). यत् (કે જેથી કરીને) (माम्) स्तोतारम् सखायम् (त्वं) जिघांससि । (ઈચ્છાદર્શક ક્રિયાપદ). (૩) हे दुर्दभ स्वधावः ! (વરુણનાં બે વિશેષણો : જેને છેતરી ના શકાય તેવા, તથા પોતાની શક્તિ ઉપર જ નિર્ભર રહેનાર) अनेनाः (एनस् = પાપ; अन् + एनाः–નિષ્પાપ થઈને) नमसा तुरः (જલ્દીથી) त्वा(म्) अव ईयाम्। √इण् गतौ, ૨જો ગણ, તેનું વિધ્યર્થ પહેલો પુરુષ એકવચન પણ તેની પૂર્વે अव ઉપસર્ગ છે, તેથી 'નીચો નમું, નીચો નમીને પહોંચું' એવો અર્થ પણ થાય.

(૪) પહેલા પાદમાં એક અક્ષર ખૂટે છે, તેથી ज्येष्ठम् ને બદલે, 'વ્યૂહ' કરીને (અક્ષરપૂર્તિ કરવા માટેનું ઉચ્ચારણ) जियेष्ठम् એમ બોલાય છે. જ્યારે છેલ્લા પાદમાં અગિયાર અક્ષરના ત્રૈષ્ટુભ્ પાદમાં એક અક્ષર વધારે (૧૨) છે. (तुरेयाम् હોવું જોઈએ પણ तुर इयाम् છે.) કારણ કે ત્રિષ્ટુપ્ છન્દમાં દશમો અક્ષર ગુરુ હોવો જોઈએ, પણ તેને બદલે બે લઘુ વપરાયા છે.

अव॑ द्रु॒ग्धानि॒ पित्र्या॑ सृजा॒ नोऽव॒ या व॒यं च॑कृ॒मा त॒नूभिः॑ ।
अव॑ राजन्पशु॒तृपं॒ न ता॒युं सृ॒जा व॒त्सं न दाम्नो॒ वसि॑ष्ठम् ॥ ५ ॥

अवं । द्रुग्धानिं । पित्र्यां । सृज । नः । अवं । या । वयम् । चकृम । तनूभिंः । अवं । राजन् । पशुऽतृपंम् । न । तायुम् । सृज । वत्सम् । न । दाम्नंः । वसिंष्ठम् ॥ ५ ॥

हे वरुण पित्र्या पितृतः प्राप्तानि नः अस्मदीयानि द्रुग्धानि द्रोहान् बन्धनहेतुभूतान् अव सृज विमुञ्च । अस्मत्तो विश्लेषय । वयं च या यानि द्रोहजातानि तनूभिः शरीरैः चकृम कृतवन्तः स्म तानि च अव सृज । हे राजन् राजमान वरुण पशुतृपं न तायुं स्तैन्यप्रायश्चितं कृत्वावसाने घासादिभिः पशूनां तर्पयितारं स्तेनमिव दाम्नः रज्वोः वत्सं न वत्समिव च वसिष्ठं मां बन्धकात् पापात् अव सृज विमुञ्च ॥

અનુવાદ : અમારાં પિતૃઓએ કરેલા દ્રોહમાંથી (અમને) મુક્ત કર, અમે (અમારાં) શરીરોથી જે જે (પાપ) કર્યાં હોય; તેમાંથી (અમને) મુક્ત કર. હે રાજન્ ! પશુને તૃપ્ત કરનાર ચોરને જેમ (મુક્તિ મળે) તેમ (તું અમને) મુક્ત કર. વાછરડાને જેમ દોરડેથી (છૂટું કરવામાં આવે) તેમ વસિષ્ઠને (મુક્ત કર). (૭–૮૬–૫).

નોંધ : (૧) [हे वरुण ! त्वं] नः पित्र्या द्रुग्धानि अव सृज । એવું પહેલા પાદમાં કહ્યું છે; પછી બીજા પાદમાં વસિષ્ઠે પોતે કરેલાં પાપમાંથી મુક્તિ માંગી છે : वयं तनूभिः या(नि) (द्रुग्धानि) चकृम, [तेभ्यः’] अव (सृज) । અહીં કેવળ અવ ઉપસર્ગનો જ પ્રયોગ છે, પણ તેના સામર્થ્યથી સૃજ ક્રિયાપદ ગમ્યમાન રહે છે. (૨) ઉત્તરાર્ધમાં બે ઉપમાઓ દ્વારા વસિષ્ઠે પોતાની મુક્તિ ઇચ્છી છે : हे राजन् (वरुण) ! पशुतृपं न (= इव) तायुं [माम्] अव सृज । “હે રાજા (વરુણ) ! પશુને તૃપ્ત કરનાર તાયુ = ચોરની જેમ, (મને પાપમાંથી) મુક્ત કર.” અહીં મનુસ્મૃતિનો એક શ્લોક દ્રષ્ટવ્ય છે : सत्यमुक्त्वा तु विप्रेषु विकिरेद् यवसं गवाम् । (૧૧–૧૯૬) આમાં ચોરના પ્રાયશ્ચિત્તનો વિધિ બતાવ્યો છે : બ્રાહ્મણ પાસે સાચું બોલી ગયા પછી, ચોરે ગાયોને ઘાસ નીરવાનું હોય છે. (જો ગાય તે ઘાસનો પૂળો ખાઈ જાય, તો માફી મળી છે એમ મનાતું.) આને આધારે पशुतृपं तायुम् इव = ‘પશુને તૃપ્ત કરનાર’ ચોરની જેમ–ઉપમાનવાક્ય સમજવાનું છે. સાયણે પણ આવા જ અર્થને રજૂ કર્યો છે. પરંતુ વિદેશી વિદ્વાનો તુલનાત્મક ભાષાશાસ્ત્રનો આશરો લઈને, અવેસ્તાના ચોરી કરવી અર્થવાળા तृपु ધાતુના ધ્વનિસામ્યથી દોરવાઈને, અહીં पशुतृपं નો અર્થ “પશુની ચોરી કરનાર તાયુ = ચોરની જેમ” એવો આપે છે, જે સ્વીકાર્ય જણાતો નથી. કેમ કે અહીં તો ચોરીના

દુષ્કૃત્યમાંથી છૂટવાની માંગણીનો સંદર્ભ છે. (૩) ચોથા પાદમાં પણ એક ઉપમા છે : वत्सं न (= इव) दाम्नः वसिष्ठम् [अव सृज]। વાછરડાને જેમ દોરડેથી (છૂટું કરવામાં આવે) તેમ (વરુણના પાશમાંથી) વસિષ્ઠને (પાપમાંથી મુક્ત કરો.)

न स स्वो दक्षो॑ वरुण॒ ध्रुति॒ः सा सुरा॑ म॒न्युर्वि॒भीद॑को॒ अचि॑त्तिः ।
अस्ति॒ ज्याया॒न्कनी॑यस उपा॒रे स्वप्न॑श्च॒नेदनृ॑तस्य प्रयो॒ता ॥ ६ ॥

न । सः । स्वः । दक्षः॑ । व॒रु॒ण॒ । ध्रुतिः॑ । सा । सुरा॑ । म॒न्युः । वि॒ऽभीद॑कः । अचि॑त्तिः । अस्ति॑ । ज्याया॑न् । कनी॑यसः । उ॒प॒ऽअ॒रे । स्वप्नः॑ । च॒न । इत् । अनृ॑तस्य । प्र॒ऽयो॒ता ॥ ६ ॥

हे वरुण सः स्वो दक्षः पुरुषस्य स्वभूतं तद्बलं पापप्रवृत्तौ कारणं न भवति । किं तर्हि ध्रुतिः स्थिरा उत्पत्तिसमय एव निर्मिता दैवगतिः कारणम् । 'ध्रु गतिस्थैर्ययोः' इति धातुः । सा च ध्रुतिर्वक्ष्यमाणरूपा । सुरा प्रमादकारिणी मन्युः क्रोधश्च गुर्वादिविषयः सन्नर्थहेतु । विभीदकः द्यूतसाधनोऽक्षः । स च द्यूतेषु पुरुषं प्रेरयन्ननर्थहेतुर्भवति । अचित्तिः अज्ञानमविवेककारणम् । अत ईदृशी दैवक्लृप्तिरेव पुरुषस्य पापप्रवृत्तौ कारणम् । अपि च कनीयसः अल्पस्य हीनस्य पुरुषस्य पापप्रवृत्तौ उपारे उपागते समीपे नियन्तृत्वेन स्थितः ज्यायान् अधिक ईश्वरः अस्ति । स एव तं पापे प्रवर्तयति । तथा चाम्नातम्—'एष ह्येवासाधु कर्म कारयति तं यमधो निनीषते' (कौ. उ. ३. ८) इति । एवं च सति स्वप्नश्चन स्वप्नोऽपि अनृतस्य पापस्य प्रयोता प्रकर्षेण मिश्रयिता भवति । इत् इति पूरकः । स्वप्ने कृतैरपि कर्मभिर्बहूनि पापानि जायन्ते किमु वक्तव्यं जाग्रति कृतैः कर्मभिः पापान्युत्पद्यन्त इति । अतो ममापराधो दैवागत इति हे वरुण त्वया क्षन्तव्य इति भावः ॥

અનુવાદ : હે વરુણ ! તે મારી પોતાની આવડત નથી (કે જેનાથી મેં પાપ કર્યું હોય); પણ તે તો દૈવગતિ છે (અથવા તો – ધ્રુતિ = લાલચ છે), તે સુરા છે, તે ક્રોધ છે, તે (જુગાર રમવાનો) પાસો છે, (અથવા તો) તે અજ્ઞાન છે [કે જેનાથી પાપ થયું હશે]. મોટો નાનાની પાસે હોય છે. વળી, સ્વપ્ન પણ અનૃતની સાથે જોડનાર છે. (૭–૮૬–૬).

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : हे वरुण ! सः स्वः न दक्षः (अस्ति)। (दक्ष = દક્ષતા આવડત, બુદ્ધિ કે વૃત્તિ), પણ વસિષ્ઠે પોતે જેનાથી પાપ કર્યું હશે, તે તેમના મતે ध्रुतिः છે. 'ध्रुति' એટલે, સાયણ કહે છે કે દૈવગતિ, એવું કમનસીબ–દૈવનિર્મિતિ. કોઈકે તેનો અર્થ 'લાલચ' પણ કર્યો છે. અથવા બીજાં

કારણો જોઈએ તો सा सुरा, मन्युः, विभीदकः, (પાસો), अचितिः (અજ્ઞાન)--આમાંથી કોઈ એકના કારણે અજાણતાં વસિષ્ઠ દ્વારા પાપ થયું હશે.

(૨) ત્રીજા પાદનો અન્વય સરળ છે : ज्यायान् कनीयसः उपारे (= समीपे) अस्ति । 'મોટો નાનાની પાસે હોય છે.' આ વાક્યનો તાત્પર્યાર્થ સમજીશું : સાયણ કહે છે કે – નાનાની પાપપ્રવૃત્તિમાં, નિયન્તા તરીકે તો મોટો ઈશ્વર જ સમીપમાં હોય છે. તે નિયન્તા ઈશ્વર જ તુચ્છ માનવને પાપમાં પ્રેરે છે." આમ વસિષ્ઠે જો કોઈ અપરાધ કે પાપ કર્યું હોય તો તેમાં વરુણ જેવો જ્યાયાન્ દેવ પણ જવાબદાર હશે જ ! એમ વસિષ્ઠનું કહેવું છે. સાયણે उपारे નો અર્થ समीपे કર્યો છે, પણ પ્રા. વેલણકરે તેનો અર્થ 'અપરાધ'–'પાપપ્રવૃત્તિ' એવો કર્યો છે.

(૩) ચોથા પાદનો અન્વય : स्वप्नः चन अनृतस्य प्रयोता (अस्ति) । "સ્વપ્ન પણ અનૃતની સાથે જોડનાર છે." આનો તાત્પર્યાર્થ સમજાવતાં સાયણ કહે છે કે – સ્વપ્નમાં પણ (પૂર્વજન્મમાં કરેલાં) કર્મોથી પાપ થતાં હોય છે, તો પછી જાગૃત અવસ્થાનું તો પૂછવું જ શું ? ટૂંકમાં, આથી વસિષ્ઠનું કહેવું એટલું જ છે કે મારાથી જો કોઈ પણ અપરાધ થયો હોય તો તે દૈવ–નસીબ–ને કારણે જ થયો હશે, માટે વરુણે તેને માફ કરી દેવો જોઈએ. √यु मिश्रणामिश्रणयोः । ધાતુ ઉપરથી प्रयोता નો અર્થ 'જોડનાર' કર્યો છે.

अरं॑ दा॒सो न मी॒ळ्हुषे॑ करा॒ण्य॒हं दे॒वाय॒ भूर्ण॒येऽना॑गाः ।
अचे॑तयद॒चितो॑ दे॒वो अ॒र्यो॑ गृत्सं॑ रा॒ये क॒वित॑रो जुनाति ॥ ७ ॥

अर॑म् । दा॒सः । न । मी॒ळ्हुषे॑ । क॒रा॒णि॒ । अ॒हम् । दे॒वाय॑ । भूर्ण॑ये । अना॑गाः । अचे॑तयत् । अ॒चितः॑ । दे॒वः । अ॒र्यः । गृत्स॑म् । रा॒ये । क॒वि॒ऽत॑रः । जु॒ना॒ति॒ ॥ ७ ॥

मीळ्हुषे सेक्त्रे कामानां वर्षित्रे भूर्णये जगतो भर्त्रे देवाय दानादिगुणयुक्ताय वरुणाय अनागाः तत्प्रसादादपापः सन् अहम् अरम् अलं पर्याप्तं कराणि परिचरणं करवाणि । दासो न यथा भृत्यः स्वामिने सम्यक् परिचरति तद्वत् । अर्यः स्वामी स च देवः अचितः अजानतोऽस्मान् अचेतयत् चेतयतु प्रज्ञापयतु । गृत्सं स्तोतारं च कवितरः प्राज्ञतरो देवः राये धनाय धनप्राप्त्यर्थं जुनाति जुनातु प्रेरयतु ॥

एकादशिने वारुणे पशौ 'अयम्' इति पुरोडाशस्यानुवाक्या । सूत्रितं च–'अवं सु तुभ्यं वरुण स्वधाव एवा वन्दस्व वरुणं बृहन्तम्' (आश्व. श्रौ. ३. ७) इति ॥

અનુવાદ : એક દાસની જેમ, નિષ્પાપ થયેલો હું (વસિષ્ઠ) કામનાઓ વર્ષાવનાર અને (જગતનું) ભરણપોષણ કરનાર [અથવા–ક્રોધીલા] દેવને માટે પર્યાપ્ત પરિચર્યા કરું છું. આર્ય [અથવા–સ્વામીસ્વરૂપ] દેવે અજ્ઞાનીને જ્ઞાની બનાવ્યા છે. અધિક વિદ્વાન્ (દેવ વરુણ) ધનપ્રાપ્તિને અર્થે સ્તોતાને (= ગૃત્સને) પ્રેરે છે. (૭–૮૬–૭).

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : दासो न, अनागाः अहं (वसिष्ठः) मीळ्हुषे[४] भूर्णये[४] देवाय[४] (ત્રણેય વરુણનાં વિશેષણ છે.) अरं कराणि । એક દાસ વ્યક્તિ જેમ પોતાના સ્વામીની બધી રીતે સેવાચાકરી કરે, તેમ વસિષ્ઠ કહે છે કે નિષ્પાપ થયેલો હું તમારી–વરુણની પરિચર્યા કરીશ. વરુણને માટે વપરાયેલાં मीळ्हुषे વિશેષણનો અર્થ "કામનાઓ વર્ષાવનાર, દયાળુ, ઉદાર" એવો થાય છે; (√मिह सेचने ૧લો ગણ, પરસ્મૈપદીનું પરોક્ષ ભૂતકૃદન્ત मीढ्वस्, વેદમાં मीळ्हस्, તેનું ચતુર્થી એકવચન.) પણ भूर्णये ના બે પ્રકારના અર્થ વિચારાય છે : (૧) ભર્તા = ભરણપોષણ કરનાર (સાયણ); (૨) ક્રોધ કરનાર (भूर्णि = ક્રોધીનું ચતુર્થી એકવચન).

ડૉ. એસ્તેરબહેન સોલોમન જણાવે છે કે – "અહીં मीळ्हुषे અને दास, તથા भूर्णये અને अनागाः શબ્દ સામસામે મૂકવાથી "હું કામનાઓ પુરી કરનાર દેવની દાસની જેમ, અને ગુસ્સે થનાર દેવની દોષરહિત (થઈને) સેવા કરીશ એવું તાત્પર્ય જણાય છે." (અભિનવ વૈદિક પાઠાવલી; ગુજ. યુનિ. પ્રકાશન; અમદાવાદ, ૧૯૮૫, પૃ. ૧૦૭).

(૨) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે : अर्यः देवः अचितः अचेतयद् । √चित्–कित् ज्ञाने (૧લો ગણ ઉભયપદી, અને ૨જો ગણ આત્મનેપદી) ઉપરથી अचितः = અજ્ઞાનીઓ (કર્મ) અને अचेतयद् પ્રેરક હ્યસ્તન ભૂતકાળ ત્રી.પુ.એ.વ.

(૩) **'દાસ'**ની જેમ વસિષ્ઠ વરુણની સેવા કરવા તૈયાર છે–એવી જે રજૂઆત છે તેના વિષે પ્રા. વેલણકર કહે છે કે दासो न–આ ઉપમાને આધારે એવું કહી શકાય કે ઋગ્વેદકાળમાં જીતી લીધેલા દાસોને પરિચર્યાને માટે સેવકો તરીકે રાખી લેવાતા હતા. પુરોહિતોને મળતી દક્ષિણામાં પણ ક્યારેક દાસોનો સમાવેશ થતો હતો. જુઓ : ૮–૫૬–૩ અને ૧૦–૬૨–૧૦. વળી, વસિષ્ઠે પોતાની તુલના દાસની સાથે કરી છે. તેથી એવું જણાય છે કે દાસો પ્રત્યે તિરસ્કારની લાગણી પણ ઓછી થતી ગઈ હશે.

(૪) ૪થા પાદમાં कवितरः (वरुणः) राये गृत्सं जुनाति । અધિક જ્ઞાની, પ્રાજ્ઞતર એવા વરુણદેવ ધનને માટે ગૃત્સને = સ્તોતાને પ્રેરે.

अ॒यं सु तुभ्यं॑ वरुण स्वधावो हृ॒दि स्तोम॒ उप॑श्रितश्चिदस्तु ।
शं न॒ः क्षेमे॒ शमु॒ योगे॑ नो अस्तु यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ८ ॥

अ॒यम् । सु । तुभ्य॑म् । व॒रु॒ण॒ । स्व॒धा॒ऽव॒ः । हृ॒दि । स्तोम॑ः । उप॑ऽश्रितः । चि॒त् । अ॒स्तु । शम् । न॒ः । क्षेमे॑ । शम् । ऊँ॒ इति॑ । योगे॑ । न॒ः । अ॒स्तु । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभि॑ः । सदा॑ । न॒ः ॥ ८ ॥

हे स्वधावः अन्नवन् वरुण तुभ्यं त्वदर्थं क्रियमाणः अयम् एतत्सूक्तात्मकं स्तोमः स्तोत्रं हृदि त्वदीये हृदये सु सुष्ठु उपश्रितः उपगतः समेवतः अस्तु । चित् इति पूरकः । अप्राप्तस्य प्रापणं योगः, प्राप्तस्य रक्षणं क्षेमः । नः अस्मदीये क्षेमे रक्षणे शम् उपद्रवाणां शमनम् अस्तु । योगे च नः अस्मदीये प्रापणे शमु शमनमेवास्तूपद्रवाणाम् । हे वरुणादयो देवाः नः अस्मान् सर्वदा स्वस्तिभिः अविनाशैः पात रक्षत ॥ ८ ॥

અનુવાદ : હે સ્વધાવાન્ વરુણ ! તમારા માટે (રચવામાં આવેલ) આ સ્તોમ (= સ્તોત્ર) (તમારા) હૃદયમાં આશ્રય પામો. અમારા ક્ષેમમાં (ઉપદ્રવોનું) શમન થજો, અને અમારા યોગમાં પણ (ઉપદ્રવનું) શમન થજો. તમે સૌ (વરુણાદિ દેવો) અવિનાશી મંગલોથી હંમેશાં અમારું રક્ષણ કરો. (૭–૮૩–૮)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં અન્વય આમ છે : हे स्वधावः वरुण ! तुभ्यम् अयं स्तोमः हृदि उपश्रितः अस्ति । આ ક્રમે જ અનુવાદ મૂક્યો છે. સ્વધાવાન્ નો સાયણ મુજબ 'અન્નવાન્' અર્થ થાય, પણ 'સ્વનિર્ભર', 'સ્વશક્તિમાન્' એવો અર્થ પણ થાય. સ્તોમ એટલે સ્તોત્ર. (૨) नः क्षेमे शम् अस्तु, नः योगे शम् (अस्तु)। અમારા **ક્ષેમ** (અર્થાત્ – प्राप्तस्य रक्षणम्–પ્રાપ્ત કરેલ વસ્તુના રક્ષણ)માં; અને અમારા યોગ (अप्राप्तस्य प्राप्तिः–અપ્રાપ્તની પ્રાપ્તિ)માં [ઉપદ્રવોનું] शम् = શમન થાવ. વાસ્તોષ્પતિ સૂક્ત (૭–૫૪–૩)માં પણ આ યોગ–ક્ષેમ શબ્દો વપરાયા છે. યુરોપીય વિદ્વાન ગ્રાસમેન અને લુડવીગે તેના અર્થો at rest (= ક્ષેમમાં) and at work (= યોગમાં) એવા વિચાર્યા છે. (૩) ચોથો પાદ તો વસિષ્ઠનાં ઘણાં સૂક્તોમાં ધ્રુવપંક્તિ રૂપે આપણને જોવા મળે જ છે.

વરુણ–સૂક્તોમાં ભક્તિતત્ત્વનાં બીજ જોઈ શકાય કે નહીં ?–તે વિશે વિચારણા :

ઋગ્વેદ ૭–૮૯ અને ૮૮ ક્રમાંકના વરુણસૂક્તોમાં જે પ્રાયશ્ચિત્તની લાગણી પ્રતિબિમ્બિત થઈ છે, તેને ઘણા વિદ્વાનોએ એક આરાધકની દેવ પ્રત્યેની સમર્પણની ભાવના રૂપે જોઈ છે; તથા વિશેષમાં તેને વેદકાળની ભક્તિવિષયક વિભાવના રૂપે પણ જોયેલ છે. પરંતુ પ્રા. એચ. ડી. વેલણકર (૧૯૬૩) આ મત સાથે સહમત

થતા નથી. કારણ કે, **એક** તો આ સૂક્તનો જે પ્રવક્તા છે – વસિષ્ઠ – તેને સાચા અર્થમાં અપરાધી કે પાપી વ્યક્તિ કહી શકાય એવો નથી. કેમ કે એ વસિષ્ઠને પોતે જાણતાં કે અજાણતાં કરેલા કોઈ અપરાધની માહિતી જ નથી. “મોટો નાનાની સાથે હોય છે.” (૮૬–૬) આ વિધાનથી કવિએ સૂચવ્યું છે કે જો મેં કોઈ અપરાધ કર્યો હોય તો તેમાં તમે પણ સંલગ્ન હશો જ/ગણાવ જ. આમ કહીને વસિષ્ઠે વરુણની કૃપા જ પુનઃપ્રાપ્ત કરવાનો પ્રયાસ કર્યો છે, તેમાં માફી માંગવાની વાત પ્રતિબિંબિત થતી નથી. વસિષ્ઠને જ્યારે પોતાના અપરાધની કંઈ માહિતી જ નથી, તો તે શેની માફી માંગવાના છે ? આ બે સૂક્તોમાં જો કાંઈ પણ જોવા મળતું હોય તો તે વસિષ્ઠની એક સર્વોપરિ દેવ પાસેની નિઃસહાય, લાચાર સ્થિતિ છે. આમાં પશ્ચાત્તાપની વાત નથી, પણ એક પ્રકારની મૂંઝવણનું ચિત્ર છે. **બીજું**, વસિષ્ઠની જે મનઃસ્થિતિ છે તેમાં ને તેમાં તે રહેવા માંગતા નથી, પણ તે બને એટલા જલ્દી તેમાંથી બહાર આવવા માંગે છે – આ ચિત્ર ભક્તિમાં શક્ય નથી. ભક્તિમાં તો ભક્ત હંમેશા દેવ પાસે અવનત જ રહેવા માંગે છે. અહીં તો, એથી ઉલટું સૂક્તના પ્રવક્તા વસિષ્ઠ પોતાના વરુણ સાથેના જૂના ‘સખ્ય’ના દિવસો યાદ કરે છે; અને તેને પુનઃપ્રાપ્ત કરવા ઝંખે છે. વસિષ્ઠ વરુણના ‘આપ્ય’, ‘સખ્ય’ અને ‘મૃડીક’ (દયા)ને યાચે છે. પણ અહીં તે શક્ય નથી. કેમ કે વરુણ તો નિયમપાલનની બાબતમાં કઠોર છે અને અપરાધીને શિક્ષા કર્યા વિના રહેનારા નથી. વસિષ્ઠ ભલે મિત્રાવરુણના સંતાન ગણાતા હોય, અને વરુણના સખ્યના પહેલા હકદાર હોય, તો પણ વસિષ્ઠે તો ક્ષમાયાચના કરતાં કરતાં જ વરુણ પાસે જવાનું છે. વળી, પ્રા. વેલણકર ઉમેરે છે કે વરુણ તો હંમેશાં એક પિતાની જેમ સ્વભાવે અતડા અને કઠોર છે. આથી તેનો આરાધક જ્યારે પણ વરુણને યાદ કરે ત્યારે તેના મનમાં એને માટે આદરપૂર્વકનો ભય, ધાક રહેલા જ હોય છે. વરુણને લગતું એક પણ સૂક્ત એવું નથી, કે જેમાં વરુણ તરફનો ભય વ્યક્ત ના થયો હોય; અને આરાધક તેમને ગુસ્સે ના થવા કહેતો ના હોય. આ વરુણ સૂક્તોમાં એક દાસનો–એક સેવકનો ભાવ જ વ્યક્ત થાય છે કે જેમાં તે સેવક પોતાના સ્વામીને નાપસંદ પડે એવું કામ ન થાય એની સતત ચિંતામાં જ રહેતો હોય છે. કેમકે સ્વામી ક્યાંકથી ને ક્યાંકથી (જ્યાંથી દોષ થવાની કોઈ શક્યતા જ ના હોય, ત્યાંથી પણ !) દોષ કાઢી બતાવશે જ એવો કાયમનો અનુભવ હોય છે !

આથી, પ્રા. વેલણકર કહે છે કે, આ વરુણસૂક્તોમાંથી આપણે જાણીએ છીએ એવા પ્રકારની ભક્તિનો કોઈ સૂર નીકળતો હોય એમ લાગતું નથી અને છતાંય ભક્તિતત્ત્વનાં બીજ શોધવાં જ હોય તો તે ઇન્દ્રસૂક્તોમાં શોધવાં જોઈએ. (જુઓ :

Ṛgveda–Maṇḍala–VII, by H. D. Velankar, Pub. Bharatiya Vidya Bhavan, Bombay, 1963; Introduction (i–iv).) [વેલણકરની દૃષ્ટિએ ઇન્દ્ર જ એવો દેવ છે કે જેની સાથે સખ્ય કેળવી શકાય. કેમ કે તે સ્તોતાને હંમેશા મદદ કરે છે, સુખ–સમૃદ્ધિ આપે છે અને સ્તોતા ઉપર ક્યારેય ગુસ્સે ભરાતો નથી.]

પ્રા. વેલણકરના ઉપર્યુક્ત અભિપ્રાયની તદ્દન વિરુદ્ધ પ્રોફે. આર. એન. દાંડેકરે (૧૯૭૦) કહ્યું છે કે વસિષ્ઠના વરુણ સૂક્તો (૭–૮૬–૮૮ અને ૮૯)માં ભારતીય ભક્તિસિદ્ધાન્તનાં તદ્દન આરંભકાળના, સાહિત્યિક પુરાવારૂપ, સંદર્ભો વાંચવા મળે છે. જો કોઈ એમ કહેતું હોય કે આર્યેતર પ્રજામાંથી ભક્તિસિદ્ધાન્ત લેવામાં આવ્યો છે. તો તે મત હવે સર્વથા બિનપાયાદાર અને અસ્વીકાર્ય બની ચૂક્યો છે. જોકે એ પણ ખરું કે આ વરુણસૂક્તોમાં ભક્તિસિદ્ધાન્ત એના કોઈક તાર્કિક ક્રમે કે પદ્ધતિસરનો પ્રદર્શિત થયો નથી. પ્રા. દાંડેકર કહે છે કે ભક્તિના સ્વરૂપમાં જે પાયાની એક વાત હોવી જોઈએ કે ભક્તને એની ખબર હોય કે તે પરમાત્માથી ઘણો દૂર અને ઘણો નાનો છે; અને તેથી ભક્ત અને ભગવાન વચ્ચે એક પ્રકારનું દ્વૈત હોય, જેને તે અનુભવતો હોય. અને છતાંય બીજી તરફથી, તે બે વચ્ચેના અંતર સાથે પણ તે ભગવાન જોડે સંબંધ સ્થાપવા પણ આતુર હોય. ભક્તિનું આ પ્રાથમિક લક્ષણ ૭–૮૬ સૂક્તના પહેલા બે મન્ત્રમાં સ્પષ્ટ જોવા મળે છે. આમ જોઈએ તો તે પહેલા બે મન્ત્રની વચ્ચે એકદમ કોઈ સંગતિ જોવા મળતી નથી, तु કે उत અવ્યયોનો પ્રયોગ પણ બંધબેસતો નથી. પણ તે અસંગતિ જ ભક્તના મનમાં ચાલી રહેલા સંઘર્ષને વ્યક્ત કરે છે ! વસિષ્ઠ એક સાચા ભક્ત તરીકે મથી રહ્યા છે–બહુ આશા સાથે મથી રહ્યા છે કે તેઓ વરુણ સાથે ફરી સખ્યસંબંધ ઊભો કરી શકશે. વરુણે ભલે દ્યાવાપૃથિવીને અલગ અલગ સ્થિર કર્યા હોય (અને એ રીતે તે સર્વનિયન્તા દેવ લાગતો હોય); તથાપિ પોતે (વસિષ્ઠ) ઝંખે છે કે તે વરુણના સાંનિધ્યમાં ફરી ક્યારે આવીને ઊભા રહેશે ?

બીજું, 'પોતે કંઈક અપરાધ કર્યો છે' એવી લાગણી જન્મવી તે ભક્તનું બીજું લક્ષણ છે. વસિષ્ઠ એ અપરાધની માફી ચાહે છે. વસિષ્ઠ એ પણ જણાવે છે કે તેમણે જાણતાં તો કોઈ પાપ કર્યું જ નથી, જો કર્યું હોય તો તે તેમની 'અચિતિ'–અજ્ઞાન હશે. પાપ થવાનાં બીજાં પણ કારણો છે, જેમ કે ધ્રુતિ (= દૈવગતિ), મન્યુ, સુરા, સુષુપ્તિ વગેરે..... આથી જે પાપ કે અપરાધ પોતાની ઇચ્છા કે જાણકારી બહાર થયું છે તેને તો વરુણે માફ કરવું જ જોઈએ. मा नस्तस्माद् एनसो देव रीरिषः ॥ (૮૯–૩) વસિષ્ઠ એમ પણ કહે છે કે પશુને ચોરી લેનાર ચોર,

જેમ પ્રાયશ્ચિત્ત કરે, અપરાધ કબુલી લે પછી તેને છોડી મૂકવો જોઈએ તેમ વસિષ્ઠને પણ વરુણે મુક્ત કરવો જોઈએ. વસિષ્ઠ પૂરેપૂરો નમસ્કારપૂર્વક વરુણને શરણે જાય છે. આમાં ભક્તની શરણાગતિ જોઈ શકાય છે.

વળી, વસિષ્ઠ પોતાને વરુણના સખા તરીકે ઓળખાવે છે – એ પણ એક ભક્તનું જ લક્ષણ છે. વસિષ્ઠે પોતાને એક વાછરડા સાથે સરખાવ્યો છે, કે જે વાછરડું પોતાની માતાને મળવા ઉત્સુક હોય છે. વસિષ્ઠ ૮૮મા સૂક્તમાં એ ઝંખે છે કે ક્યારે ફરી હું (વસિષ્ઠ) અને વરુણ એક જ નાવમાં બેસી સમુદ્રમાં ફરીશું ? વગેરે. આમ દયાની યાચના કરતાં પણ વસિષ્ઠ જે જોવા મળે છે, તે પ્રશિષ્ટ કાળની ભક્તિનું જ લક્ષણ છે. તથા વરુણે પણ કૃપા ઉતારીને વસિષ્ઠને ઋષિ બનાવ્યા છે (૮૮.૪ બ). આમ દાંડેકરજીના મતે ભક્તિસિદ્ધાન્તના અત્યંત મહત્ત્વના અને આવશ્યક કહી શકાય તેવાં લક્ષણો આ (૭ : ૮૬–૮૯) સૂક્તોમાં જોવા મળે છે.

ટૂંકમાં, વસિષ્ઠના આ વરુણસૂક્તમાં પ્રાયશ્ચિત્તની ભાવના, દાસ્યભાવે વરુણને નમસ્કારની ઈચ્છા, સખ્યની પુનઃપ્રાપ્તિની ઝંખના, એક વત્સ જેમ માતાને માટે ઝુરે તેવી વસિષ્ઠની વરુણ માટેની ભાવના; અને છેલ્લે ભક્ત ભગવાન પાસે જે 'યોગક્ષેમ'ની માંગણી કરે તેની પણ અહીં હાજરી (૭–૮૬–૧૦) જોતાં, વસિષ્ઠે જ ભારતીય વૈદિક ધર્મમાં આરંભકાળે જ ભક્તિનાં બીજ રોપ્યાં હતાં તેમ કહેવામાં કશી આપત્તિ નથી. આમ વૈદિક સંસ્કૃતિમાં વસિષ્ઠનું મહત્ત્વ ત્રણ રીતે નોંધપાત્ર બન્યું છે : (૧) તેમણે ભરત સુદાસને દાશરાજ્ઞ–યુદ્ધમાં વિજય અપાવીને આર્યોને અહીં સ્થિર અને સર્વોપરિ બનાવ્યા; (અને એ રીતે આ આર્યાવર્ત–દેશ–નું નામ 'ભારત' પડ્યું !) (૨) ઈન્દ્રસમ્પ્રદાય અને વરુણ સમ્પ્રદાયનો સમન્વય કર્યો (એમ તેમના इन्द्रावरुणौ सूक्तम् (૭–૮૩–૯)ને જોતાં જણાય છે); તથા (૩) ભારતીય આર્ય વૈદિક ધર્મમાં ભક્તિનાં બીજ રોપ્યાં.

★ ★ ★

[६] मण्डलम्–१०, सूक्तम्–९५, (१–१८ मन्त्राः)

(पुरूरवसुर्वश्यों संवादसूक्तम्)

देवता – ऋषिश्च एलः पुरूरवाः उर्वशी च, छन्दः त्रिष्टुप् ॥

तत्र 'हये जाये' इत्यष्टादशर्चं पञ्चमं सूक्तं त्रैष्टुभम् । अत्रानुक्रमणिका–'हये द्व्यूनोर्वशीमैळः पुरूरवाः पूर्वोषितात्कामात् पुनरासाद्यावरोद्धुमैच्छत्सा तमनिच्छन्ती प्रत्याचष्टे हय इषुर्या कदा सुदेवोऽन्तरिक्षप्रां सचेति तिस्रश्चैळवाक्यं शिष्टा उर्वश्याः' इति । 'हये जाये' 'इषुर्न श्रिये' 'या सुजूर्णिः' 'कदा सूनुः' 'सुदेवो अद्य' 'अन्तरिक्षप्रां' 'सचा यदासु जहतीषु' इत्याद्यास्तिस्रश्चेति नवर्चम् ऐळस्य पुरूरवसो वाक्यानि । अतस्तासां स ऋषिः । शिष्या नवोर्वश्या वाक्यानि । अतस्तासु सर्षिका । उभयोर्वाक्येषु योऽर्थः प्रतिपाद्यते सा देवता । गतो विनियोगः ॥

ऐळोर्वशीतिहासोऽत्र वैशद्याय प्रवर्ण्यते ।
मित्रश्च वरुणश्चोभौ दीक्षितौ प्रेक्ष्य चोर्वशीम् ॥ १ ॥
रेतः सिषिचतुः सद्यस्तत्कुम्भे न्यदधुस्तदा ।
तां शप्तवन्तौ मनुजभोग्या भूम्यां भवेति तौ ॥ २ ॥
अत्रान्तर इळो राजा मनोः पुत्रैश्च संयुतः ।
मृगयां संचरन् साश्वा देवीक्रीडं विवेश ह ॥ ३ ॥
यत्र देवं गिरिसुता सर्वैर्भावैरतोषयत् ।
अत्राविशन्पुमास्त्री स्यादित्युक्त्वा तत्र चाविशत् ॥ ४ ॥
स्त्री भूत्वा व्रीडितः सोऽगाच्छरणं शिवमञ्जसा ।
इयं प्रसाद्यतां राजन्नित्युक्तः शंभुना नृपः ॥ ५ ॥
जगाम शरणं देवीमात्मनः पुंस्त्वसिद्धये ।
अकरोत्सा नृपं देवी षण्मासात्प्राप्तपुंस्त्वकम् ॥ ६ ॥
ततः कदाचित्स्त्रीकाले बुधः सौन्दर्यमोहितः ।
अप्सरोभ्यो विशिष्टां तामिळां संगतवान् मुदा ॥ ७ ॥
तदेळायां सोमपुत्राज्जातो राजा पुरूरवाः ।
तमुर्वशी तु चकमे प्रतिष्ठानपुरे स्थितम् ॥ ८ ॥
तल्पादन्यत्र नग्नं त्वां दृष्ट्वा यामि यथागतम् ।
सुता उरणकौ त्वं च समीपं कुरु मे द्रुतम् ॥ ९ ॥
इति सा समयं कृत्वा रमयामास तं नृपम् ।
चतुरब्दे गते रात्रौ देवैरुरणकद्वयम् ॥ १० ॥

हृतं तस्य ध्वनिं श्रुत्वा नग्न एव स भूपतिः ।
उत्थाय जित्वा तावागच्छेत्येवं जल्पकोऽन्यतः ॥ ११ ॥
विद्युता दर्शितोऽस्यै स नग्न एव पुरूरवाः ।
अथ सा दृष्टसमया ह्युर्वशी तु दिवं ययौ ॥ १२ ॥
तत उन्मत्तवद्राजा दिदृक्षुस्तामितस्ततः ।
कुर्वन्नन्वेषणं तीरे सरसो मानसस्य ताम् ॥ १३ ॥
विहरन्तीमप्सरोभिः सहापश्यत्पुरूरवाः ।
पुनः स चकमे भोक्तुमुर्वशीं च पुरूरवाः ॥ १४ ॥
साश्रं सापश्यदुक्ता च प्रत्यचष्टे व्रजेति तम् ।
इत्युर्वश्यैळसंवादमिममेषोऽप्यसूचयत् ॥ १५ ॥ इति ॥

अत्र वाजसनेयकम्—'उर्वशी हाप्सराः पुरूरवसमैळं चकमे तँ ह विन्दमानोवाच त्रिः स्म माह्नो वैतसेन दण्डेन हतादकामाँ स्म मा निपद्यासै मो स्व त्वा नग्नं दर्शमेष वै न स्त्रीणामुपचार इति । सा हास्मिञ्ज्योगुवासापि हास्माद्गर्भिण्यास तावज्ज्योग्घास्मिन्नुवास ततो ह गन्धर्वाः समूदिरे ज्योग्वा इयमुर्वशी मनुष्येष्ववात्सीदुपजानीत यथेयं पुनरागच्छेदिति तस्यै हाविद्द्वयुरणा शयन उपबद्धास ततो ह गन्धर्वा अन्यतरमुरणं प्रमेथुः । सा होवाचावीर इव बत मेऽजन इव पुत्रँ हरन्तीति द्वितीयं प्रमेथुः सा ह तथैवोवाच । अथ हायमीक्षांचक्रे कथं नु तदवीरं कथमजनँ स्याद्यत्राहँ स्यामिति स नग्न एवानूत्पपात चिरं तन्मेने यद्वासः पर्यधास्यत ततो ह गन्धर्वा विद्युतं जनयांचक्रुस्तं यथा दिवैवं नग्नं ददर्श ततो हैवेयं तिरोबभूव पुनरैमीत्येत्तिरोभूताँ स आध्या जल्पन्कुरुक्षेत्रँ समया चचारान्यतःप्लक्षेति बिसवती तस्यै हाध्यन्तेन वव्राज तद्ध ता अप्सरस आयतो भूत्वा परिपुप्लुविरे । तँ हेयं ज्ञात्वोवाच अयं वै स मनुष्यो यस्मिन्नहमवात्समिति ता होचुस्तस्मै वा आविरसामेति तथेति तस्मै हाविरासुः । ताँ हायं ज्ञात्वाभिपरोवाद हये जाये मनसा' (श. ब्रा. ११.५.१) इत्यादि ॥

આ સૂક્તમાં રાજા પુરૂરવા અને ઉર્વશી નામની અપ્સરાનો સંવાદ રજૂ થયો છે. પુરૂરવા અને ઉર્વશી કોઈ એક કાળે સાથે રહ્યાં હતાં. વિખુટા પડ્યા પછી પુરૂરવા એકવાર ઉર્વશીને મળે છે અને તેને પોતાની સાથે રોકી લેવા ઇચ્છે છે. પણ ઉર્વશીને હવે સહવાસની ઇચ્છા નથી, તે પુરૂરવાની માંગણીને ઠુકરાવી દે છે. આ પ્રસંગને લગતો સંવાદ અહીં રજૂ થયો છે.

સાયણાચાર્યે આ સૂક્તની ભૂમિકા સ્પષ્ટ કરતાં કેટલાક શ્લોકો ઉદ્ધૃત કર્યા છે. તેમાં પુરૂરવા–ઉર્વશીની પ્રેમકથાનો ઇતિહાસ કાંઈક આ પ્રમાણે રજૂ કર્યો છે :

મિત્ર અને વરુણ નામના દેવોએ ઉર્વશીને જોઈને રેતસ્ નું સિંચન કર્યું, (ઉર્વશીએ) તેને કુંભમાં સ્થાપ્યું. આથી તે બંને દેવોએ ઉર્વશીને શાપ આપ્યો કે 'તું પૃથિવી ઉપર જા અને મનુજભોગ્યા બન.' હવે 'ઈળ' નામનો એક રાજા મનુના પુત્રોની સાથે શિકારે નીકળ્યો હતો. તે ફરતો—ફરતો અશ્વ સાથે 'દેવીક્રીડ' નામના વનમાં પ્રવેશ્યો. આ વનમાં ગિરિસુતા પાર્વતી દેવ શંકરનું પૂજન કરતી હતી. પણ પાર્વતીદેવીએ "આ વનમાં જે પુરુષ પ્રવેશશે, તે સ્ત્રી થઈ જશે" એવી મર્યાદા બાંધી રાખી હતી. એથી રાજા ઈળ તે વનમાં પ્રવેશતાંની સાથે સ્ત્રી બની ગયો. (ઈળમાંથી ઈળા બની ગયો !) શરમાઈને તે શિવને શરણે ગયો. તેમણે તેને પાર્વતીને પ્રસન્ન કરવા કહ્યું. ઈળ પાર્વતીના શરણે ગયો અને છ મહિના પછી તેને ફરીથી પુંસ્ત્વની પ્રાપ્તિ થઈ. આ છ મહિનાના સ્ત્રીકાળમાં—તેની 'ઈળા' રૂપ અવસ્થામાં સોમ (= ચન્દ્રમા)નો પુત્ર બુધ તે ઈળાના સૌંદર્ય ઉપર મોહિત થયો; કારણ કે ઈળા અપ્સરા કરતાંય વધુ રૂપાળી હતી. આ સમયે બુધ અને ઈળાના સમાગમથી 'પુરૂરવા'નો જન્મ થયો.

આ પુરૂરવા પ્રતિષ્ઠાનપુરનો રાજા બન્યો, અને પેલી શાપિત થઈને પૃથિવી ઉપર આવેલી ઉર્વશી પુરૂરવાની ઉપર આસક્ત થઈ. પછી તે ઉર્વશીએ પુરૂરવાની સાથે બે શરતે સહવાસ શરૂ કર્યો. જેમ કે, તને પથારી સિવાય અન્યત્ર જો નિર્વસ્ત્ર જોઈશ તો હું પાછી ચાલી જઈશ, અને તારે હંમેશા મારાં પાલ્ય બે ઘેટાંને મારી સમીપ જ રાખવાનાં. આવી બે શરતો સાથે ઉર્વશી તે પુરૂરવાની સમીપ ચાર વર્ષ સુધી રહી.

હવે, દેવોએ એક રાત્રે ઉર્વશીનાં બે ઘેટાંને ચોરી લીધાં. આ ચોરીનો અવાજ સાંભળીને રાજા પુરૂરવા નગ્નાવસ્થામાં જ દોડીને ઘેટાંને પાછાં જીતી લાવવા ગયો. ત્યારે દેવોએ વીજળી ચમકાવી અને આ રીતે ઉર્વશીને તે (પુરૂરવા)ને નગ્નસ્થિતિમાં જ બતાવી દીધો. આથી શરતભંગ થતાં ઉર્વશી ફરી પાછી સ્વર્ગલોકમાં જવા ચાલી નીકળી. એ પછી ઉન્મત્ત જેવો થયેલો રાજા તેણીને જોવા અહીં-તહીં ભટકવા લાગ્યો. તેને શોધતાં શોધતાં માનસ સરોવરને કિનારે તેને અન્ય અપ્સરાઓ સાથે જોવા પામ્યો, અને તેણે ફરીથી ઉર્વશીને મેળવવાની ઈચ્છા બતાવી, પણ ઉર્વશીએ એની માંગણી તિરસ્કારી કાઢી, અને એને ઘરે પાછો જવા કહી દીધું. આ પ્રસંગને આલેખતો ઐળ (ઈલાના પુત્ર = પુરૂરવા) અને ઉર્વશીનો સંવાદ પ્રસ્તુત સૂક્તમાં રજૂ થયો છે. (પાછળથી આ કથા શતપથ બ્રાહ્મણ, મહાભારત અને બીજાં અનેક પુરાણોમાં થોડા ફેરફાર અને ઉમેરા સાથે રજૂ થયા કરી છે.) પ્રોફે. મેકડોનલ કહે છે કે ઇન્ડોયુરોપિયન યુગની આ પ્રાચીનતમ પ્રેમકથા છે.

ભાષ્યકાર વેંકટમાધવે આ સૂક્તનો અનુવાદ શરૂ કરતાં પહેલાં કહ્યું છે કે **અહીં (૧૦—૯૫માં) ઘણા મંત્રોના અર્થ અમને પ્રાપ્ત થતા નથી;** અને આવાં સૂક્તો જોઈને જ કૌત્સ જેવા આચાર્ય એમ કહેવા પ્રેરાયા છે કે વેદમંત્રોનું અર્થ કરવામાં તાત્પર્ય નથી વગેરે. (આ પછી કૌત્સ-વિવાદને શ્લોકબદ્ધરૂપે અહીં રજૂ કર્યો છે.) એમના શબ્દોમાં જ જોઈએ તો –

'हये जाये मनसा (सा' अ)थ व्याचिख्यासति माधवः ।
अनर्थकत्वसन्देहं मन्त्रेष्वादावपानुदन् ॥ १ ॥
बहूनामिह मन्त्राणामर्थं नोपलभामहे ।
ततो नार्थेऽस्ति तात्पर्यम् इति कौत्सस्त्वभाषत ॥ २ ॥

આમ પ્રાચીન સમયથી આ સૂક્તના અર્થ બાબતે વિવાદ અને સંદિગ્ધતા રહેલી જોવા મળે છે.

* * *

આ સૂક્તમાં જે વાક્યો જોવા મળે છે તે અનુસાર એવું લાગે છે કે આ સૂક્તમાં સ્ત્રી જાતિ કેટલી બેવફા હોય છે, નિષ્ઠુર હોય છે – એનું નિરૂપણ કરવામાં આવ્યું છે ! (સાહિત્યરસિકો કહે છે કે આ નિષ્ઠુર અને બેવફા ઉર્વશીનું માયાળુ અને પ્રેમમાં સંનિષ્ઠ પાત્ર તરીકે નિરૂપણ કરીને સ્ત્રીજાતિને અપવાદમાંથી બચાવવા માટે મહાકવિ કાલિદાસે 'વિક્રમોર્વશીય' રૂપકની રચના કરી છે.) જો કે આ સૂક્તનો સંતોષકારક અનુવાદ થઈ શકતો નથી એવું વિદ્વાનોને લાગ્યું છે, તથાપિ પ્રોફે. શ્રી ર. છો. પરીખ સાહેબે આર. પીશેલ અને ગેલ્ડનરના જર્મન અનુવાદની મદદથી ગુજરાતી અનુવાદ તૈયાર કર્યો છે. તે મુજબ પહેલા મંત્રમાં પુરૂરવા બોલે છે : 'અરે જાયા ! મનથી આપણે વચનોને મિશ્ર કરીએ, હે ચણ્ડિ ! થોભો. આપણા આ મનોભાવો અનુદિત (રહેતાં) પહેલાંના દિવસોમાં સુખકર ન હતા' બીજા મંત્રમાં ઉર્વશી જવાબ આપે છે : "હું તારા વેણને શું કરું ? ઉષાઓની અગ્રેસર (ઉષા)ની જેમ હું ચાલી ગઈ. હે પુરૂરવસ્ ! ફરીથી પાછો ઘેર જા. હું પવનની જેમ દુષ્પ્રાપ છું." અહીં ઉર્વશી જાણે પુરૂરવાના પ્રેમનો સ્પષ્ટ સ્વીકાર કરતી હોય એમ લાગે છે. જેમ કે અગિયારમા મંત્રમાં ઉર્વશી કહે છે કે – "આ રીતે તું પૃથિવીનું રક્ષણ કરવા જન્મ્યો છે. હે પુરૂરવા ! મને તે ઓજસ (તેં) આપ્યું છે; તે દિવસે જાણતી હોઈ તને સમજાવ્યું હતું, મને તેં સાંભળી નહિ, હવે ભોગરહિત થયેલો તું કેમ બોલે છે ?" વળી ઉમેરે છે–"આંસુ પાડતાને આશ્વાસન આપીશ, ...તારું જે (અપત્ય) મારામાં છે તે તને મોકલાવીશ. ઘેર ચાલ્યો જા. હે ગાંડા, મને તું પ્રાપ્ત નહિ કરે." (૧૩)

પણ પુરૂરવા તો પ્રેમવિરહી બનીને જાહેર કરે છે કે–તારો વલ્લભ (એટલે કે હું, પુરૂરવા) આજે પાછો ન ફરે એમ દૂર પેલી પાર જવાને પ્રપાત કરશે; પછી એ નિર્ઋતિ (મૃત્યુ)ના ખોળામાં સૂશે; પછી એને ધસતાં વરુઓ ખાઈ જશે (૧૪). પણ ઉર્વશીના મન ઉપર કોઈ જ અસર ન થઈ ! તેણે તો ઊલટાનું ક્રૂરતાપૂર્વક કહી દીધું કે – "પુરૂરવા ! મરીશ નહીં, પ્રપાત ના કરીશ, તને જંગી વરુઓ પણ મા ખાઓ ! સ્ત્રીઓની સાથે સખ્ય ન હોય; એ (સ્ત્રીઓ) તો સાલાવૃકોના હૃદયોવાળી હોય છે !" આટલું સાંભળ્યા પછી પુરૂરવા તો પોતાની વાત દોહરાયે રાખે છે કે – "પાછી ફર, મારું હૃદય તપે છે." ત્યારે છેલ્લા મંત્રમાં સ્વર્ગમાં રહેનારી ઉર્વશી પૃથિવી ઉપર રહેનારા મર્ત્ય પુરૂરવાને કંઈક આશ્વાસન આપતી હોય તેમ કહે છે કે – તને આ દેવો આમ કહે છે : "ઐલ (ઇલાના પુત્ર), આ તું જેવો છે એ રીતે તો મૃત્યુનો બંધુ (મરણશીલ–મર્ત્ય) છે, પણ તારી પ્રજા (જ્યારે) દેવોને હવિષથી પૂજશે, (ત્યારે) તું પણ સ્વર્ગમાં આનંદ કરીશ." (૧૮)

મીમાંસકોમાં ઋગ્વેદના તમામ મંત્રો યજ્ઞાદિ ક્રિયાઓમાં વાપરવા માટે જ છે : आम्नायस्य क्रियार्थत्वात्, आनर्थक्यम् अतदर्थानाम् । એવું પરંપરાથી મનાતું આવ્યું છે. તથાપિ યમ–યમી સંવાદસૂક્ત (૧૦–૧૦), ભિક્ષુસૂક્ત (૧૦–૩૪) અને પ્રસ્તુત પુરૂરવા–ઉર્વશી સંવાદસૂક્ત (૧૦–૯૫)ના મંત્રોમાં જે સંવાદો જોવા મળે છે, તેમાંથી ભારતીય સંસ્કૃત નાટ્યની ઉત્પત્તિ થઈ હોવાની શક્યતા ઘણા વિદ્વાનોએ સ્વીકારી છે તે પણ અત્રે ઉલ્લેખનીય છે. બીજું, યાજ્ઞિક ક્રિયા દરમ્યાન અગ્નિમંથન કરવા બે અરણી = લાકડાંને ઘસવામાં આવતાં. તેમાં ઉપરના કાષ્ઠને 'ઉત્તરારણી' અને નીચેનાને 'અધરારણી' કહેવાય છે. શુક્લ યજુર્વેદ (૫–૨) અને શતપથ બ્રાહ્મણના કેટલાક સંદર્ભોને આધારે પુરૂરવા અને ઉર્વશીના સંયોગથી ઉત્પન્ન થતો કુમાર 'આયુ' તે જ બે અરણીઓને ઘસવાથી ઉત્પન્ન થતો અગ્નિ છે – એવું રૂપકાત્મક વર્ણન પણ અહીં વાંચી શકાય.

(મંત્ર ૧, ૩, ૬, ૮, ૯, ૧૦, ૧૨, ૧૪ અને ૧૭માં) ઋષિ : ઐલ પુરૂરવા અને દેવતા : ઉર્વશી; પણ મંત્ર (ક્રમાંક) ૨, ૪, ૫, ૭, ૧૧, ૧૩, ૧૫, ૧૬ અને ૧૮માં ઋષિકા : ઉર્વશી છે, તથા તે મંત્રોની દેવતા પુરૂરવા છે. છન્દ : ત્રિષ્ટુપ્)

ह॒ये जाये॒ मन॑सा॒ तिष्ठ॑ घोरे॒ वचां॑सि मि॒श्रा कृ॑णवावहै॒ नु ।
न नौ॒ मन्त्रा॒ अनु॑दितास ए॒ते मय॑स्कर॒न् पर॑तरे च॒नाह॑न् ॥ १ ॥

ह॒ये । जाये॑ । मन॑सा । तिष्ठ॑ । घो॒रे॒ । वचां॑सि । मि॒श्रा । कृ॒ण॒वा॒व॒है॒ । नु । न । नौ॒ । मन्त्राः॑ । अनु॑दितासः । ए॒ते । मयः॑ । क॒र॒न् । पर॑ऽतरे । च॒न । अह॑न् ॥ १ ॥

पुरूरवसो वाक्यम् । जायां पश्यन् वदति । ᵛहये हे ᵛघोरे । अस्माकं दुःखजनकत्वात् । घोरकारिणि ᵛजाये ᵛमनसा अस्मदुपर्यनुरागवता मनसा युक्ता सती ᵛतिष्ठ क्षणमात्रं संनिधावेव निवस । हये इत्यस्य निघाताभावश्छान्दसः । किमर्थं संस्थानमिति तत्राह । ᵛवचांसि वाक्यानि मिश्राणि उक्तिप्रत्युक्तिरूपाणि ᵛनु अद्य क्षिप्रं वा ᵛकृणवावहै करवावहै । 'कृवि हिंसाकरणयोः' । 'धिन्विकृण्व्योरच्च' इत्युप्रत्ययः । किमर्थं वचसः करणमिति चेदुच्यते । ᵛनौ आवयोः ᵛमन्त्राः रहस्यार्थाः ᵛएते विवक्षिताः ᵛअनुदितासः अव्याह्रियमाणाः परस्परमसंभाष्यमाणा गुम्फिताः सन्तः ᵛपरतरे ᵛचनाहन् । चनेति निपातसमुदायश्चार्थे । अनेकेषु दिवसेषु चरमेऽप्यहनि ᵛमयः । सुखनामैतत् । सुखं ᵛन ᵛकरन् कुर्वन्ति । अतः कृणवावहा इति ।

અનુવાદ : (પુરૂરવા) અરે જાયા ! મનથી આપણે વચનોને મિશ્ર કરીએ; (ત્યાં સુધી) હે ચણ્ડિ ! (તું) ઊભી રહે (= થોભ). આપણા આ મંત્રો = મનોભાવો અનુદિત (બોલ્યા વગરના) રહેવાથી, પહેલાંના દિવસોમાં (मयस्करन् =) સુખકર ન હતા. (૧૦–૯૫–૧)

નોંધ : અહીં तिष्ठ॑ घो॒रे॒ । પદોમાં ति ઉદાત્તસ્વરવાળું ક્રિયાપદ હોવાથી, તેને વચમાં મૂકેલું એક સ્વતંત્ર પેટાવાક્ય ગણવાનું છે. एते अनुदितासः मन्त्राः નો અર્થ, વેંકટમાધવ મુજબ–હૃદયમાં કલ્પેલા, અભિલષિત અર્થો, કે જે પરસ્પરને કહેવાયા નથી, અને परतरे चन अहन् નો અર્થ 'વીતેલા ઘણા દિવસોમાંથી જે ઉત્તમ દિવસ હતો, ત્યારે પણ (તે મનોભાવો કહેવાયા નથી)' એમ લીધો છે.

સાયણ કહે છે કે हये (= हे) એ સંબોધનાર્થક અવ્યય હોવા છતાંય તેમાં સર્વાનુદાત્ત નથી, કારણ કે તે છાન્દસ–પ્રયોગ છે. चन અવ્યય ચાર્થમાં વપરાયો છે, જેનો અર્થ "(સાથે નિવાસ કરેલા) અનેક દિવસોમાંથી જે છેલ્લો દિવસ હતો ત્યારે પણ", अनुदितासः = પરસ્પંર નહીં કહેવાયેલા मन्त्राः = રહસ્યાર્થો, मयः = સુખ, करन् = કરનારા, ना = બન્યાં નથી.

कृणवावहै નો અર્થ (લૌકિક સંસ્કૃતમાં) करवावहै છે. અહીં कृवि हिंसाकरणयोः એવો પાંચમા ગણનો ધાતુ છે. તેનું આત્મનેપદમાં ઉત્તમ પુરુષ દ્વિવચન, સંકેતાર્થક लेट् લકારનું રૂપ છે.

किमे॒ता वा॒चा कृ॑णवा॒ तवा॒हं प्राक्र॑मिषमु॒षसा॑मग्रि॒येव॑ ।
पुरू॑रव॒ः पु॒नरस्तं॒ परे॑हि दुरा॒पना वात॑इ॒वाह॑मस्मि ॥ २ ॥

किम् । ए॒ता । वा॒चा । कृ॒ण॒व॒ । तव॑ । अ॒हम् । प्र । अ॒क्र॒मि॒ष॒म् । उ॒षसा॑म् । अ॒ग्रि॒याऽइ॑व । पुरू॑रवः । पुन॑ः । अस्त॑म् । परा॑ । इ॒हि॒ । दु॒ःऽआ॒प॒ना । वात॑ःऽइव । अ॒हम् । अ॒स्मि॒ ॥ २ ॥

अनया तमुर्वशी प्रत्युवाच । ᵛएता एतया ᵛवाचा केवलया पुनःसंभोगरहितया ᵛकिं ᵛकृणव किं करवाव । ᵛअहं त्विदानीं त्वत्सकाशात् ᵛप्राक्रमिषम् अतिक्रान्तवत्यस्मि । अतिक्रमे दृष्टान्तः । ᵛउषासामग्रियेव । बह्वीनामुषसां मध्येऽग्र्याग्रे भवा पूर्वोषाः प्राक्रमीद्यथा तथाहमपीति । यस्मादेवं तस्माद्धे ᵛपुरूरवः त्वं ᵛपुनः अस्मत्सकाशात् ᵛअस्तं गृहं ᵛपरेहि परागच्छ । मा मय्यभिलाषं कार्षीः । स्वस्या दुर्ग्रहत्वमाह । ᵛअहं ᵛवातइव वायुरिव ᵛदुरापना दुष्प्रापा दुरापा वा ᵛअस्मि । 'दुरापा वा अहं त्वयैतर्ह्यस्मि पुनर्गृहानिहीति हेवैनं तदुवाच' (श. ब्रा. ११.५.१.७) इति वाजसनेयकम् ॥

અનુવાદ : (ઉર્વશી) તારી આ વાણીને હું શું કરું ? ઉષાઓની અગ્રેસર (એવી ઉષા) જેવી (હું) તો (તારી પાસેથી) ચાલી ગઈ છું. હે પુરૂરવસ્ ! (તું) ફરીથી, ઘરે પાછો ફર. હું તો પવનની જેમ દુષ્પ્રાપ્ય છું. (૧૦–૯૫–૨)

નોંધ : પુરૂરવાને ઉદ્દેશીને આ મંત્ર બોલે છે : તારી = પુરૂરવાની આ વાણીથી શું કરવાનું ? અર્થાત્ તારા બોલવાનો કશો અર્થ નથી. એનાથી કશું પરિણામ આવવાનું નથી. કેમ કે હું તો તારી પાસેથી ચાલી ગઈ છું. प्र + अक्रमिषम् अतिक्रान्तवती । હવે કેવી રીતે ચાલી ગઈ છું ? એ સ્પષ્ટ કરવા એક ઉપમા પ્રયોજી છે : ઘણી બધી વીતી ગયેલી ઉષાઓની વચ્ચે જે અગ્રેસર હોય એવી ઉષા જેવી હું છું. अग्रे भवा = अग्रया = अग्रिया (સ્વરભક્તિનું ઉદાહરણ) हे पुरूरवः સંબોધનપદ છે, પણ પાદને આરંભે હોવાથી તે પદ આદ્યુદાત્ત બન્યું છે. अस्तम् = गृहम् અને परेहि = परागच्छ = તું પાછો ફર. परं + इहि = આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચન. વળી, ઉર્વશી કહે છે કે હું પવનની જેમ दुरापना = દુષ્પ્રાપ્ય છું. આ બીજી ઉપમા પણ કાવ્યાત્મક છે. अग्रियाऽइव । અને वातःऽइव । માં इव ની સાથે નિત્યસમાસ થાય છે એવા નિયમને કારણે પાદપાઠમાં પણ એકપદત્વ ચાલુ રાખ્યું છે.

इषु॒र्न श्रि॒य इ॑षु॒धेर॑स॒ना गोषाः श॑त॒सा न रंहि॑ः ।
अ॒वीरे॒ क्रतौ॒ वि द॑विद्युत॒न्नोरा॒ न मा॒युं चि॑तयन्त॒ धुन॑यः ॥ ३ ॥

इषु॑ः । न । श्रिये । इषुऽधेः । असना । गोऽसाः । शतऽसाः । न । रंहि॑ः । अवीरे॑ । क्रतौ॑ । वि । दविद्युतत् । न । उरा॑ । न । मायुम् । चितयन्त । धुन॑यः ॥ ३ ॥

अनया पुरूरवाः स्वस्य विरहजनितं वैक्लव्यं तां प्रति ब्रूते । Vइषुधेः । इषवो धीयन्तेऽत्रेतीषुधिर्निषङ्गः । ततः सकाशात् Vइषुः Vअसना असनायै प्रक्षेप्तुं Vन भवति Vश्रिये विजयार्थम् । त्वद्विरहाद्युद्धस्य बुद्धावप्यनिधानात् । तथा Vरंहिः वेगवानहं शत्रुसकाशात् Vगोषाः तेषां शत्रूणां गवां संभक्ता Vन अभवम् । तथा शतसाः Vशतानामपरिमितानां शत्रुधनानां संभक्ता नाभवम् । किंच Vअवीरे वीरवर्जिते Vक्रतौ राजकर्मणि सति Vन Vवि Vदविद्युतत् न विद्योतते मत्सामर्थ्यम् । किंच Vधुनयः कम्पयितारोऽस्मदीया भटाः Vउरा उरौ । 'सुपां सुलुक्०' इति सप्तम्या डादेशः । विस्तीर्णे संग्रामे Vमायुम् । मीयते प्रक्षिप्यत इति मायुः शब्दः । 'कृवापाजि०' इत्यादिनोण् । सिंहनादं Vन Vचितयन्त न बुध्यन्ते । 'चिती संज्ञाने' । अस्माण्णिचि संज्ञापूर्वकस्य विधेरनित्यत्वाल्लघूपधगुणाभावः । छान्दसो लङ् ॥

અનુવાદ : (પુરૂરવાઃ) શ્રી માટે ભાથામાંથી તીર છૂટી શકતું નથી. હું વેગવાન, શત્રુઓની સેંકડો ગાયો પડાવી શકતો નથી. વીર વિનાના ક્રતુમાં પ્રકાશ થતો નથી. માણસો (= સૈનિકો) વિસ્તીર્ણ સંગ્રામમાં અવાજને જાણતા નથી. (—સાયણ મુજબ) (૧૦—૯૫—૩)

અથવા

ભાથામાંથી શ્રીને માટે છૂટતા તીરની જેમ, પશુઓને જિતતા સેંકડોને જીતતા વેગવાન (અશ્વ)ની જેમ, વીરને ન છાજે એવા ઇરાદાથી વીજળી ચમકે, એવો (ચમકારો થયો) ઘેટી જેમ અવાજોએ ઘેટા જેવો શબ્દ જણાવ્યો. (—ગેલ્ડનર મુજબ શ્રી ર. છો. પરીખે કરેલો અનુવાદ). (૧૦—૯૫—૩)

નોંધ : શ્રી ર. છો. પરીખ સાહેબ કહે છે કે 'આ ઋચાનો અર્થ ખાત્રીથી કરી શકતો નથી. આથી ગેલ્ડનરના અનુવાદમાંથી સૂચન લઈને ઉપર મુજબનો અર્થ કર્યો છે. આ બીજો અર્થ પ્રચલિત કથાવસ્તુ સાથે ઠીક બંધ બેસે છે. ગેલ્ડનરે આ મન્ત્રમાંના 'न' એવા પદને इवार्थक (ઉપમાપરક) લીધો છે; જ્યારે સાયણાચાર્યે તે न કારનો નિષેધપરક અર્થ લીધો છે. વળી, વેંકટમાધવે પણ તેમના ભાષ્યમાં 'न' નો અર્થ નિષેધ જ લીધો છે. વિચાર કરતાં આ બન્ને ભાષ્યકારોનો અર્થ સાચો લાગે છે. કેમ કે એમના કહેવા મુજબ "ઉર્વશીના ચાલ્યા ગયા પછી વિરહસંતપ્ત પુરૂરવાએ રાજકર્માદિનો ત્યાગ કર્યો હોય, અથવા તે કોઈ વીરકર્મ

કરવા શક્તિમાન જ ના રહ્યો હોય" એવી પૂર્વસ્થિતિની કલ્પના કરીએ તો આ મંત્રનો (નિષેધપરક) અર્થ સરળતાથી બંધબેસતો થઈ જાય છે. જેમ કે, (૧) श्रिये इषुधेः इषुः = बाणः न असना = असनायै = प्रक्षेप्तुम् (भवति) શ્રીને માટે ભાથામાંથી બાણ ફેંકવા માટે નીકળી શકતું નથી. (અર્થાત્ ભાથામાં જ મારું બાણ સૂઈ–પડ્યું રહે છે.) (૨) रंहिः (अहं पुरूरवाः) शतसाः गोषाः न अभवम् । (રંહ = વેગ) રંહિ = વેગવાળો. હું (પુરૂરવા) (શત્રુઓના) સેંકડો = અપરિમિત (ધન)ના साः = સંભક્તા = ભોગ કરનારો, અને (શત્રુઓની) ગાયોનો (गोषाः = गौसाः) = ઉપભોક્તા પણ નથી બની શક્યો. (૩) अवीरे न क्रतौ न विदविद्युतत् = વીર (સામર્થ્ય) વિનાના ક્રતુમાં અર્થાત્ રાજ્યકાર્યની અંદર પ્રકાશ પડતો નથી. धुनयः = કંપાવી દેનારા ભટો = સૈનિકો, उरा = उरौ = સંગ્રામમાં मायुं न चितयन्तः = (મારા પુરૂરવાના) સિંહનાદને ઓળખી શકતા નથી; (એટલો મંદ અવાજ નીકળે છે.) [ગેલ્ડનરે તદ્દન જુદી રીતે અર્થ કર્યો છે, તે અનુવાદમાંથી જોવો.]

सा वसु॒ दध॑ती॒ श्वशु॑राय॒ वय॒ उषो॒ यदि॒ वष्ट्यन्ति॑गृहात् ।
अस्तं॑ ननक्षे॒ यस्मि॑ञ्चा॒कन्दिवा॒ नक्तं॑ श्नथि॒ता वैत॒सेन॑ ॥ ४ ॥

सा । वसु॑ । दध॑ती । श्वशु॑राय । वय॑ः । उष॑ः । यदि॑ । वष्टि॑ । अन्ति॑ऽगृहात् । अस्त॑म् । न॒न॒क्षे॒ । यस्मि॑न् । चा॒कन् । दिवा॑ । नक्त॑म् । श्न॒थि॒ता । वै॒त॒सेन॑ ॥ ४ ॥

इदमुत्तरं चोर्वशीवाक्यम् । आद्येन पुरात्मना कृतमुषसे निवेदयति । हे ^{V}उषः ^{V}सा इयमुर्वशी ^{V}वसु वासकं ^{V}वयः अन्नं ^{V}श्वसुराय भर्तुः पुरूरवसः पित्रे ^{V}दधती प्रयच्छन्ती तत्र गृहे स्थिता ^{V}यदि पतिं ^{V}वष्टि कामयते तदा ^{V}अन्तिगृहात् । स्वभर्तृभोगगृहान्तिके यत् श्वसुरस्य भोजनगृहं तदन्तिगृहम् । तस्माद्गृहात्सोर्वशी ^{V}अस्तं परिगृहं ^{V}ननक्षे व्याप्नोति । ^{V}यस्मिन् गृहे ^{V}चायन् कामयत उर्वशी । सा चोर्वशी ^{V}दिवा ^{V}नक्तम् अहनि रात्रौ च ^{V}वैतसेन । 'शेपो वैतस इति पुंस्प्रजननस्य' (निरु. ३. २१) इति निरुक्तम् । पुंस्प्रजननेन ^{V}श्नथिता ताडिता च भवति । एवमुर्वश्यात्मानं परोक्षेण निर्दिदेश ॥

અનુવાદ : (ઉર્વશી) હે ઉષા ! તે (આ ઉર્વશી) સસરાને વસુ (વસ્ત્ર) અને વય (અન્ન) આપતી, જો (પતિની) કામના કરે છે તો (પોતાના પતિના ઘરની) નજીકના ઘરમાંથી (તેણી) (પતિના) ઘરમાં પ્રવેશ કરે છે. તે (ઘર)માં (તે ઉર્વશી

પતિની) કામના કરે છે. તે (ઉર્વશી) દિવસ અને રાત વૈતસથી (= પુંસ્પ્રજનનથી) આલોડિત કરવામાં આવે છે. (૧૦–૯૫–૪)

નોંધ : હવે મંત્ર–૪ અને ૫ બંને ઉર્વશીનાં વાક્યો છે. તેમાં ચોથા મંત્રથી પહેલાં ઉર્વશી ઉષાદેવીને સંબોધીને (કદાચ એક ફરિયાદ કરે) કહે છે; અને પછીના પાંચમા મંત્રથી પુરૂરવાને ઉદ્દેશીને કહે છે. ઉપરનો અનુવાદ સાયણાનુસારી છે. વેંકટ૦ પણ લગભગ આવો જ અર્થ કરે છે. જેમ કે, હે ઉષાદેવી ! તે આ ઉર્વશી સસરાને (દિવસ દરમ્યાન) વાસક = વસ્ત્રો અને અન્ન આપતી (રહે છે, અને વચ્ચે જ્યારે પતિની કામના કરે છે ત્યારે તે પતિના ઘરની નજીક આવેલા अन्तिगृहात् તે સસરાના ઘરમાંથી, પોતાના પતિના ઘરમાં પ્રવેશે છે, જ્યાં એની કામના કરતો પતિ બેસી રહ્યો હોય છે; ત્યાં એ પુરૂરવસ્ ના પ્રજનનથી દિવસ અને રાત શ્નથિત આલોડિત થાય છે.

ગેલ્ડનરને અનુસરીને શ્રી ર. છો. પરીખે उषः નો અર્થ 'કામી' કર્યો છે. આમ उषो यदि वष्टि = જો કામી ઇચ્છે તો. તેમણે ચોથા ચરણનો અનુવાદ કરવાનો ટાળ્યો છે : "સસરાને વસુ અને વય આપતી તે જો કામી ઇચ્છે તો, પાસેના ઘરમાંથી તે ઘરમાં જતી, જેમાં તેને આનંદ મળતો..... ૪." વળી, પાદટીપમાં ચર્ચા રજૂ કરી છે કે चाकन् નો અર્થ આપણે कामयते કર્યો છે, પણ આ રૂપના મૂળ વિષે સંદેહ છે, ગ્રાસમાન का માંથી સિદ્ધ કરે છે. રૉથ कन् માંથી હ્યસ્તન ભૂતકાળ બીજો કે ત્રીજો પુરુષ, મેકડોનલ વૈદિક ગ્રામરમાં કહે છે કે – The obscure form चाकन् (X–29) may be the nominative of an intensive participle with an anamalous accent for चाकनत् । I regard it as 3rd sing. perf. injunctive = चानकत् ॥

त्रिः स्म॒ माह्नः॑ श्नथयो वै॒तसे॒नोत स्म॒ मेऽव्य॑त्यै पृणासि ।
पुरू॑रवोऽनु॑ ते॒ केत॑मायं॒ राजा॑ मे वीर त॒न्व१॒॑स्तदा॑सीः ॥ ५ ॥

त्रिः । स्म॒ । मा॒ । अह्नः॑ । श्न॒थ॒य॒ः । वै॒त॒सेन॑ । उ॒त । स्म॒ । मे॒ । अव्य॑त्यै । पृ॒णा॒सि॒ । पुरू॑रवः । अनु॑ । ते॒ । केत॑म् । आ॒य॒म् । राजा॑ । मे॒ । वी॒र॒ । त॒न्व॑ः । तत् । आ॒सी॒ः ॥ ५ ॥

एतेन पुरूरवसमेव संबोध्योक्तवती । हे पुरूरवः त्वं ^{V}मा माम् ^{V}अह्नः अहनि वैतसेन दण्डेन पुंव्यञ्जनेन ^{V}त्रिः त्रिवारम् । 'द्वित्रिचतुर्भ्यः सुच्' (पा. सू. ५.४.१८) । ^{V}श्नथयः ^{V}स्म । अश्नथयः अताडयः । 'कृत्वोऽर्थप्रयोगे' (पा. सू. २.३.६४) इति कालवाचिनोऽह्नः शब्दादधिकरणे षष्ठी । ^{V}उत अपि च । ^{V}स्म

इति पूरणः । ^{V}अव्यत्यै । सपत्नीभिः सह पर्यायेण पतिमागच्छति सा व्यती । न ताद्दश्यव्यती । तस्मै ^{V}मे मह्यं ^{V}पृणासि पूरयसि । एवं बुद्ध्या हे ^{V}पुरूरवः ^{V}ते तव ^{V}केतं गृहम् ^{V}अनु ^{V}आयम् अन्वगमं पूर्वम् । हे ^{V}वीर ^{V}राजा त्वं च ^{V}मे मम ^{V}तन्वः शरीरस्य ^{V}तत् तदा आसीः अभवः । सुखयितेति शेषः । परमप्येवं मन्तव्यं किमिति कातरो भवसीत्युवाच ॥ १ ॥

અનુવાદ : (ઉર્વશી) હે પુરૂરવસ્ ! તેં મને (એક) દિવસમાં ત્રણવાર વૈતસ દંડ (પુરુષ પ્રજનન)થી આલોડિત કરી છે અને વળી, સપત્નીઓ સાથે પર્યાયથી નહીં આવનારી એવી (अव्यत्यै) મને (તેં) ભરી દીધી છે. (= મારી કામનાઓ પૂરી કરી છે.) (પૂર્વેના સમયમાં) આ રીતે તારા ઘરમાં હું આવી (ને રહી) હતી, ત્યારે હે વીર ! તું મારા શરીરનો રાજા (= સુખ આપનાર) હતો. (પણ હવે તો તારે અટકવું જોઈએને ? તું શા માટે આમ દુઃખી થાય છે ?) (૧૦–૯૫–૫)

નોંધ : त्रिः । પદમાં આવૃત્તિ અર્થમાં सुच् પ્રત્યય લાગ્યો છે, તેથી त्रिः = ત્રણવાર. श्नथयः स्म = अश्नथयः । '(તેં) આલોડિત કરી છે.' હ્યસ્તન ભૂ. કા. ત્રી. પુ. એ. વ. (અહીં વર્તમાનકાળના ક્રિયાપદને ભૂતકાળમાં ફેરવનાર स्म અવ્યયનો ઉપયોગ નોંધપાત્ર છે. એ પછીનો બીજો स्म પાદપૂરક છે.) $\overset{\times}{\text{अह्नः}}$ = अहन् શબ્દનું ષષ્ઠી એકવચન, પણ સાયણ કહે છે કે ૨–૩–૬૪ પા. સૂત્રથી અહીં કાલવાચક अहन् શબ્દને અધિકરણ અર્થમાં ષષ્ઠી લાગી છે. अह्नः = દિવસના = દિવસની અંદર = દિવસ દરમ્યાન. अव्यत्यै માં મૂળ न + व्यती શબ્દો છે. સપત્નીઓ સાથે જે પર્ય્યાયથી પતિની પાસે જાય છે તે સ્ત્રીને 'व्यती' કહેવાય. પણ ઉર્વશી તો પોતે જ (= સપત્નીઓ વિનાની) ત્રણેયવાર પતિની પાસે ગઈ છે અને પુરૂરવાએ તેની બધી કામનાઓ પૂરી કરી છે. આ મંત્ર દ્વારા ઉર્વશી કહે છે કે પુરૂરવાએ જ્યારે તેઓ સાથે રહેતાં હતાં ત્યારે પૂર્ણ ભોગ ભોગવી લીધા છે; હવે તો ઉપરામ પામવું જોઈએ. વેંકટ – मत्संभोगस्त्वया कृतः, इदानीम् उपरन्तव्यम् इति । શ્રી ર. છો. પરીખે આ મંત્રના પૂર્વર્દ્ધચ્ નો અનુવાદ કરવાનું ટાળ્યું છે. તથા केतम् નો સાયણે गृहम् અર્થ કર્યો છે, તેને બદલીને 'કામના' એવો કર્યો છે : × × × .....હે પુરૂરવ ! હું તારી કામનાને અનુસરતી હતી. હે વીર ત્યારે તું મારા શરીરનો રાજા હતો."

या सु॑जू॒र्णिः श्रेणि॑ः सु॒म्नआ॑पिर्हृ॒देच॑क्षु॒र्न ग्र॒न्थिनी॑ च॒रण्युः ।
ता अ॒ञ्जयो॑ऽरु॒णयो॒ न स॑स्रुः श्रि॒ये गावो॒ न धे॒नवो॑ऽनवन्त ॥ ६ ॥

या । सु॒ऽजू॒र्णि॑ । श्रेणि॑ । सु॒म्नेऽआ॑पिः । हृ॒देऽच॑क्षुः । न । ग्रन्थि॑नी । च॒र॒ण्युः । ताः । अ॒ञ्जयः॑ । अ॒रु॒णयः॑ । न । स॒स्रुः॒ । श्रि॒ये । गावः॑ । न । धे॒नवः॑ । अ॒न॒व॒न्त ॥ ६ ॥

पुरूरवसो वाक्यम् । Vया Vसुजूर्णिः सुजवा एतन्नामिकास्ति तथा या Vश्रेणिः या Vसुम्नआपिः या Vहृदेचक्षुः । नकारः समुच्चये । ताभिश्चतसृभिरालिभूताभिर्मानिनीभिः सहिता Vग्रन्थिनी ग्रन्थनवती संदर्भवती Vचरण्युः चरणशीलोर्वश्याजगाम । यद्वा । ग्रन्थिनीत्येतत्सखिभूताप्सरोनामधेयम् । सा सुजूर्णिः सुजवोर्वशी सा ताभिः सह जगाम । Vताः अप्सरसः अञ्जयः आभरणोपेताः Vअरुणयः अरुणवर्णाः Vन Vसस्रु पूर्ववन्न गच्छन्ति । Vश्रिये श्रयणाय Vधेनवः नवप्रसूताः Vगावो Vन गाव इव । आश्रयार्थं यथा गावः Vअनवन्त शब्दायन्ते तथा न शब्दयन्तीति व्यतिरेके दृष्टान्तः ॥

અનુવાદ : (પુરૂરવા) જે સુજૂર્ણિ, શ્રેણિ, સુમ્નઆપિ અને હૃદેચક્ષુની સાથે ગ્રંથનવાળી અને ફરવાના સ્વભાવવાળી (= ઉર્વશી) (આવી પહોંચી). [અથવા જે સુજૂર્ણિ = સારી ગતિવાળી ઉર્વશી, કે જે ફરવાના સ્વભાવવાળી છે તે શ્રેણિ, સુમ્નઆપિ, હૃદેચક્ષુ અને ગ્રંથિની – નામની બીજી અપ્સરાઓની સાથે આવી પહોંચી.] તે શણગારવાળી અને અરુણવર્ણા (અપ્સરાઓ) (પહેલાંની જેમ) જતી નથી, તથા આશ્રય મેળવવાને માટે જેમ (નવી જન્મેલી) ગાયો અવાજ કરે છે, તેમ તે (અપ્સરાઓ) અવાજ કરતી નથી. (૧૦–૯૫–૬)

નોંધ : પૂર્વર્દ્ધર્ચ્ માં વેંકટ અને સાયણે न કારને સમુચ્ચાયાર્થક લીધો છે. (અહીં જો इव અર્થમાં न કારને લઈએ તો તેનો અર્થ કોઈ રીતે બંધ બેસતો નથી.) વળી, સુજૂર્ણિ, શ્રેણિ, સુમ્નઆપિ અને (न) હૃદેચક્ષુ–એ ઉર્વશીની સખીઓનાં નામ (કે વિશેષણ ?) હોય એમ જણાય છે. અને 'ગ્રંથિની શબ્દ કદાચ ઉર્વશી માટે વપરાયો જણાય છે. 'ચરણ્યુ' શબ્દને સાયણ ઉર્વશીના વિશેષણ તરીકે લે છે, પણ વેંકટ તેને ચાર સખીઓના વિશેષણ તરીકે જુવે છે. ઉત્તરર્દ્ધર્ચ્ માં બંને न કારને નિષેધાર્થક લઈએ તો ત્રીજા–ચોથા ચરણનો ભાવ કંઈક આમ જણાય છે : પુરૂરવા કહે છે કે ઉર્વશીની સખીઓ એવી તે શણગારવાળી અને અરુણવર્ણાઓ મારી પાસે (પહેલાંની જેમ) આવતી નથી; તથા આશ્રય મેળવવા માટે જેમ ગાયો અવાજ કરે, તેમ તે અપ્સરાઓ પણ "(ઉર્વશીની સાથે સાથે) અમને પણ આશ્રય આપો" એમ હવે કહેતી નથી.

કેટલાક વિદ્વાનોએ અંજિ:–अञ्जयः = 'આંજણવાળી = શણગારવાળી' એવો શબ્દાર્થ કરે છે. તથા अरुणयः નો ગ્રિફીથે 'લાલ ગાયો' એવો અર્થ કર્યો છે. ગ્રાસમાન પણ 'લાલ ગાયો = ઉષાઓ' એવો અર્થ કરતા જણાય છે.

सम॑स्मि॒ञ्जाय॑मान आस॒त ग्ना उ॒तेम॑वर्धन्न॒द्य१॒ः स्वगू॑र्ताः ।
म॒हे यत्त्वा॑ पुरूर॒वो र॒णाया॒व॑र्धयन् दस्यु॒हत्या॑य दे॒वाः ॥ ७ ॥

सम् । अ॒स्मि॒न् । जाय॑माने । आ॒स॒त॒ । ग्नाः । उ॒त । ईम् । अ॒व॒र्ध॒न् । न॒द्यः॑ । स्वऽगू॑र्ताः । म॒हे । यत् । त्वा । पु॒रू॒र॒वः॒ । रणा॑य । अव॑र्धयन् । द॒स्यु॒ऽहत्या॑य । दे॒वाः ॥ ७ ॥

अनयैताभिः सह संसर्गत्वयानुभूत इत्युर्वशी वदति । ^{V}अस्मिन् पुरूरवसि ^{V}जायमाने सति ^{V}ग्नाः अप्सरसो देववेश्या अपि ^{V}सम् ^{V}आसत संगता अभवन् । अथवा जायमाने यज्ञार्थं प्रवर्धमाने सति ग्ना देवपत्न्योऽपि समासत समभवन् । ^{V}उत अपि च ^{V}ईम् एनं पुरूरवसं ^{V}स्वगूर्ताः स्वयंगामिन्यः ^{V}नद्यः तासामाश्रयभूता अवर्धयन् । किंच हे ^{V}पुरूरवः ^{V}यत् यस्मात् ^{V}त्वा त्वां ^{V}महे महते ^{V}रणाय रमणीयाय संग्रामाय ^{V}दस्युहत्याय दस्युहननाय ^{V}देवाः ^{V}त्वाम् ^{V}अवर्धयन् ॥

અનુવાદ : (ઉર્વશી) આ (પુરૂરવા)નો જન્મ થતાં દેવપત્ની (અથવા અપ્સરાઓ = ग्नाः) ઓ ભેગી મળી; અને સ્વયં જનારી એવી નદીઓએ એ (પુરૂરવા)ને પોષ્યો. હે પુરૂરવસ્ ! દેવોએ દસ્યુઓની હત્યા કરાવવા મોટા રણને માટે તને ઉછેર્યો છે. (૧૦–૯૫–૭)

નોંધ : વેંકટમાધવ કહે છે કે પૂર્વોક્ત સુજૂર્ણિ, શ્રેણિ વગેરેની સાથે તેં (પુરૂરવાએ) સંસર્ગ કરી જોયો છે. હવે જ્યારે પહેલાના સમયમાં આ પુરૂરવા જન્મ્યો ત્યારે (અથવા દેવકાર્યો કરવા માટે આ પુરૂરવા મોટો થયો ત્યારે) ग्नाः = અપ્સરાઓ કે દેવપત્નીઓ એકઠી મળી હતી. તથા स्वगूर्ताः = સ્વયં જનારી નદી, કે જે અપ્સરાઓના આવાસ રૂપ છે તેવી નદીઓએ પણ, उत ईम् = अपि च एनम् = આ (પુરૂરવા)ને अवर्धन् = अवर्धयन् મોટો કર્યો, ઉછેરવા લાગ્યો. હે પુરૂરવસ્ ! તને મોટા રણને માટે (महे = महते रणाय), અને તેમાં દસ્યુઓને હણવા માટે દેવોએ ઉછેર્યો છે.

આ મંત્રમાં न॒द्य१॒ः → न॒द्यः॑ । એ પદમાં 'द्य'ના अ કારમાં 'જાત્ય સ્વતન્ત્ર સ્વરિત' સ્વર વિરાજે છે. અહીં મૂળમાં न॒दी + अ॒स् એવા પ્રકૃતિપ્રત્યયના અનુક્રમે ઉદાત્ત + અનુદાત્તનું મિશ્રણ થવાથી न॒द्यः॑ । માં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો હશે. ત્યાર પછી स्व॒र्गूताः માં આદિ અક્ષર 'स्व॒' ઉદાત્ત હોવાને કારણે, પૂર્વમાં આવેલો द्यः એવા જાત્ય સ્વતંત્ર સ્વરિત કંપ અનુભવે છે. તે કંપને નોંધવા સંહિતાપાઠમાં १॒નું નિશાન મૂકવામાં આવ્યું છે. ઉર્વશી આ મંત્રમાં એવું કહેતી

જણાય છે કે પુરૂરવાએ ઉર્વશીને ફરી પાછી મેળવવા માટે પ્રયત્ન/ઇચ્છા કરવાની જરૂર નથી. કારણ કે દેવોએ, દેવપત્નીઓએ અને નદીઓએ પુરૂરવાને મોટા રણ માટે અને દસ્યૂઓને હણવા માટે ઉછેર્યો છે; નહીં કે ઉર્વશી સાથે ભોગ ભોગવવા. અગાઉ મન્ત્ર–૩માં પુરૂરવાએ કહ્યું હતું કે મને વીરક્રતુ = રાજકાર્યમાં રસ પડતો નથી, મારાથી બાણ છૂટતાં નથી વગેરે; તેના પ્રતિભાવમાં ઉર્વશી આ મંત્ર ૭ બોલી જણાય છે.

सचा॒ यदा॑सु॒ जह॑ती॒ष्वत्क॒ममा॑नुषीषु॒ मानु॑षो नि॒षेवे॑ ।
अप॑ स्म म॒त्त॒रस॑न्ती॒ न भु॒ज्युस्ता अ॑त्रसन्न॒थ॒स्पृशो॒ नाश्वाः॑ ॥ ८ ॥

सचा॑ । यत् । आ॒सु॒ । जह॑तीषु । अत्क॑म् । अमा॑नुषीषु । मानु॑षः । नि॒ऽसेवे॑ । अप॑ । स्म॒ । मत् । त॒रस॑न्ती । न । भु॒ज्युः । ताः । अ॒त्र॒स॒न् । र॒थ॒ऽस्पृशः॑ । न । अश्वाः॑ ॥ ८ ॥

इदमादित्रीण्यैळवाक्यानि । तत्रादितो द्वाभ्यामुर्वशीमन्याश्च सह स्तौति । ^{V}यत् यदा ^{V}सचा सहायभूतः पुरूरवाः ^{V}अत्कं स्वकीयं रूपम् । अत्क इति रूपनाम । ^{V}जहतीषु परित्यजन्तीषु ^{V}अमानुषीषु देवताभूतास्वप्सरः सु ^{V}मानुषः सन् ^{V}निषेवे अभिमुखं गच्छन्ति तदानीं ^{V}ताः अप्सरसः ^{V}मत् मत्तः ^{V}अप अपसृत्य ^{V}अत्रसन् । त्रसतिर्गतिकर्मा । गच्छन्ति । पलायने दृष्टान्तः । ^{V}तरसन्ती ^{V}भुज्युः ^{V}न । तरसन्नाम मृगः । तस्य स्त्री भुज्युर्भोगसाधनभूता स्त्री मृगी । सा यथा व्याधाद् भीता पलायते । किंच ^{V}रथस्पृशो ^{V}नाश्वाः रथे नियुक्ता अश्वा इव । यथा ते पलायन्ते तद्वत्पलायन्त इति । उर्वश्यानेकाभिरस्माभिः सह भोगमनुभुक्तवानसीत्युक्तः प्रत्याचष्टे ॥

અનુવાદ : (પુરૂરવા) જ્યારે સહાયભૂત એવો આ માણસ (પુરૂરવા), પોતાનું રૂપ ત્યજતી અમાનુષી = અપ્સરાઓની સામે આવીને ઊભો રહ્યો (ત્યારે), ભોગવવા યોગ્ય મૃગલીની જેમ અને રથને અડકેલી ઘોડીઓની જેમ, તે (અપ્સરા)ઓ મારી પાસેથી ભડકીને ભાગી ગઈ. (૧૦–૯૫–૮)

નોંધ : ઉર્વશીએ અગાઉના મન્ત્રોમાં કહ્યું હતું કે તેં મારી અને બીજી અનેક અપ્સરાઓ સાથે ભોગ ભોગવ્યા છે. આનો અસ્વીકાર કરતાં પુરૂરવા આ ૮મા મંત્રમાં કહે છે કે મનુષ્ય એવો પોતે અપ્સરાઓ સામે આવીને ઊભો રહ્યો હતો. ત્યારે તો તે અપ્સરાઓ ત્યાંથી ભડકીને નાસી ગઈ હતી. તો એમનો ભોગ ભોગવ્યાની વાત તો કેવી રીતે માની શકાય ? વેંકટ અને સાયણે આ મન્ત્રમાં न = इव, अत्कम् = 'પોતાનું રૂપ', तरसन्ती = 'તરસત્ નામના મૃગની સ્ત્રી';

भुज्युः = 'ભોગનું સાધન બનેલી' એવા અર્થો કર્યા છે. પણ શ્રી ર. છો. પરીખે अत्कम् નો અર્થ 'વસ્ત્ર' અને तरसन्ती भुज्युः નો અર્થ 'સરકી જતી સાપણ' [illegible] કર્યો છે. √त्रस् = ગતિ કરવી, अत्रसन् = अगच्छन् । પલાયન કરી ગઈ હતી.

यदासु मर्तो अमृतासु निस्पृक्सं क्षोणीभिः क्रतुभिर्न पृङ्क्ते ।
ता आतयो न तन्वः शुम्भत स्वा आश्वासो न क्रीळयो दन्दशानाः ॥ ९ ॥

यत् । आसु । मर्तः । अमृतासु । निऽस्पृक् । सम् । क्षोणीभिः । क्रतुऽभिः । न । पृङ्क्ते । ताः । आतयः । न । तन्वः । शुम्भत । स्वाः । अश्वासः । न । क्रीळयः । दन्दशानाः ॥ ९ ॥

^{V}यत् यदा ^{V}आसु ^{V}अमृतासु अप्सरःसु ^{V}मर्तः मनुष्यः पुरूरवाः ^{V}निस्पृक् निः शेषेण स्पृशन् ^{V} क्षोणीभिः वाग्भिः ^{V}क्रतुभिर्न कर्मभिश्च ^{V}सं ^{V}पृङ्क्ते ^{V}संपर्कं करोति । नकारः समुच्चयार्थः । ^{V}ताः अप्सरसः ^{V}आतयः आतिभूतास्तदानीं ^{V}स्वाः ^{V}तन्वः आत्मीयानि रूपाणि ^{V}न ^{V}शुम्भत न प्रकाशयन्ति । ^{V}अश्वासो ^{V}न अश्वा इव ^{V}क्रीळ्यः संक्रीडमानाः ^{V}दन्दशानाः दन्दशूका जिह्वाभिरात्मीयाः सृक्वा भक्षयन्तः । ते यथा चापल्येन धावन्तः स्वरूपं न प्रयच्छन्ति रथिकाय तद्वदिति दुःखाद्ब्रूते ॥

અનુવાદ : (પુરૂરવા) જ્યારે આ અપ્સરાઓએ મર્ત્ય (માણસ પુરૂરવા) નિઃશેષપણે સ્પર્શ કરે છે; તથા વાણીથી અને (न) કર્મોથી સંપર્ક કરે છે (ત્યારે) તે આતિઓ (અપ્સરાઓ) પોતાના શરીરને (રૂપને) પ્રકાશિત કરતી નથી; ક્રીડા કરતી અને જીભથી (પોતાના મોંઢામાંનું ચોકડું) કરડતી ઘોડીઓની જેમ. (૧૦–૯૫–૯)

નોંધ : વેંકટ અને સાયણ મુજબ ઉપર અર્થ કર્યો છે પણ ગેલ્ડનરને અનુસરીને શ્રી ર. છો. પરીખે આનો અનુવાદ નીચે મુજબ કર્યો છે :– "જ્યારે મર્ત્ય આ અમર સ્ત્રીઓ વિષે (निस्पृक् =) પ્યાર કરતો પોતાની ઈચ્છાઓ જેવી દેવાંગનાઓ (= क्षोणीभिः) સાથે સંપર્ક કરે છે ત્યારે જે હંસીઓ (आतयः न)ની જેમ ખેલતી (ચોકડું) કરડતી ઘોડીઓની જેમ, પોતાના શરીરને શોભાવે છે." ગેલ્ડનર કહે છે કે क्षोणीभिः क्रतुभिर्न० । નો અર્થ ખાત્રીથી આપી શકાતો નથી. એ જ પ્રમાણે, સાયણે क्षोणीभिः क्रतुभिर्न० । નો શબ્દાર્થ वाग्भिः કેવી રીતે આપ્યો હશે તે પણ વિચારણીય છે.

(સાયણ મુજબ) આ મંત્રમાં પુરૂરવા પોતાનું એ દુઃખ વ્યક્ત કરે છે કે જેમ ક્રીડા કરતી ઘોડીઓ ચાંચલ્યપૂર્વક દોડતી હોય છે ત્યારે પોતાનું રૂપ પ્રકટ કરતી

નથી, તેમ આ અપ્સરાઓએ પણ મને પોતાનું રૂપ = બતાવ્યું નથી; (તો એમની સાથે સંસર્ગ અનુભવવાની તો વાત જ ક્યાં રહી ?)

वि॒द्युन्न या पत॑न्ती॒ दवि॑द्यो॒द्भर॑न्ती मे॒ अप्या॒ काम्या॑नि ।
जनि॑ष्टो अ॒पो न॒र्यः सुजा॑त॒ः प्रोर्वशी॑ तिरत दी॒र्घमायु॑ः ॥ १० ॥

वि॒ऽद्युत् । न । या । पत॑न्ती । दवि॑द्योत् । भर॑न्ती । मे॒ । अप्या॑ । काम्या॑नि । जनि॑ष्टो॒ इति॑ । अ॒पः । नर्य॑ः । सुऽजा॑तः । प्र । उ॒र्वशी॑ । ति॒र॒त॒ । दी॒र्घम् । आयु॑ः ॥ १० ॥

अनयोर्वशीं स्तौति । Vया उर्वशी Vविद्युन्न विद्युदिव Vपतन्ती गच्छन्ती Vदविद्योत् द्योतते । किं कुर्वती । Vअप्या । अप इत्यन्तरिक्षनाम । तत्संबन्धीनि व्याप्तानि वा Vकाम्यानि अस्मदभिमतान्युदकानि वा Vमे मह्यं Vभरन्ती संपादयन्ती । यदा आगतायास्तस्याः सकाशात् अपः व्याप्तः कर्मसु कर्मवान् वा Vनर्यः नरेभ्यो हितः Vसुजातः सुजननः पुत्रः Vजनिष्टो अजनिष्ट उत्पद्यते तदानीं मम Vउर्वशी Vदीर्घमायुः Vप्र Vतिरत प्रवर्धयति । 'प्रजामनु प्र जायसे तदु ते मर्त्यामृतम्' (तै. ब्रा. १.५.५.६) इति हि मन्त्रः ॥ २ ॥

અનુવાદ : (પુરૂરવા) મારે માટે અન્તરિક્ષના ઉદકોને લાવી આપનારી જે (ઉર્વશી) વિદ્યુત્‌ની જેમ જઈ રહેલી શોભે છે/ચમકે છે (दविद्योत्). આ (ઉર્વશી)ની પાસેથી જો (नर्यः) માણસોનું હિત કરનારો, સારા જન્મવાળો પુત્ર ઉત્પન્ન થાય તો (આ) ઉર્વશી (મારા) લાંબા આયુષ્યને ખૂબ વધારે. (૧૦–૯૫–૧૦)

નોંધ : अप એ અન્તરિક્ષનું એક નામ છે, તેથી अप्या काम्यानि એટલે અન્તરિક્ષનાં (અમને અભિમત) ઉદકો, भरन्ती નો हरन्ती કે संपादयन्ती એવો અર્થ થાય છે. प्र तिरत એટલે प्रवर्धयति ।

ज॒ज्ञि॒ष इ॒त्था गो॒पीथ्या॑य॒ हि द॒धाथ॒ तत्पु॑रूरवो म॒ ओज॑ः ।
अशा॑सं त्वा वि॒दुषी॒ सस्मि॒न्नह॒न्न म॒ आशृ॑णो॒ः किम॒भुग्व॑दासि ॥ ११

ज॒ज्ञि॒षे । इ॒त्था । गो॒ऽपीथ्या॑य । हि । द॒धाथ॑ । तत् । पु॒रु॒र॒वः॒ । मे॒ । ओज॑ः । अशासम् । त्वा॒ । वि॒दुषी । सस्मि॑न् । अह॑न् । न । मे॒ । आ । अ॒शृ॒णो॒ः । किम् । अ॒भुक् । व॒दा॒सि॒ ॥ ११ ॥

Vइत्था इत्थं Vगोपीथ्याय । गौः पृथिवी । पीथं पालनम् । स्वार्थिकस्तद्धितः । भूमे रक्षणाय Vजज्ञिषे Vहि जातोऽसि खलु पुत्ररूपेण । 'आत्मा वै पुत्रनामा'

इति श्रुतेः । पुनस्तदेवाह । हे ^{V}पुरूरवः ^{V}मे ममोदरे मयि ^{V}ओजः अपत्योत्पादनसामर्थ्यं ^{V}दधाथ मयि निहितवानसि । ^{V}तत् तथास्तु । अथापि स्थातव्यमिति चेत् तत्राह । अहं ^{V}विदुषी भावि कार्यं जानती ^{V}सस्मिन्नहन् सर्वस्मिन्नहनि त्वया कर्तव्यं ^{V}त्वा त्वाम् ^{V}अशासं शिक्षितवत्यस्मि । त्वं ^{V}मे मम वचनं ^{V}न ^{V}आशृणोः न शृणोषि । ^{V}किं त्वम् ^{V}अभुक् अभोक्तापालयिता प्रतिज्ञातार्थमपालयन् ^{V}वदासि हये जाय इत्यादिकरूपं प्रलापम् । वदेर्लेट्यडागमः । दिवसे त्रिवारं यभस्व एडकद्वयमस्माकं पुत्रत्वेन परिल्प्य अपत्योत्पादनपर्यन्तं वसामि नग्नं त्वां यदाद्राक्षं तदा गच्छामीत्येवंरूपो मिथःसमयः 'उर्वशी हाप्सराः पुरूरवसमैळं चकमे तँ ह विन्दमानोवाच त्रिः स्म माह्नो वैतसेन दण्डेन' (श. ब्रा. ११.५.१) इत्यादि वाजसनेयकमुदाहृतम् ॥

અનુવાદ : (ઉર્વશી :) (તું) આ રીતે/અહીં (મારામાં) પૃથિવીનું પાલન કરવા માટે જન્મ્યો છે; હે પુરૂરવસ્ ! તે ઓજસ (તેં) મારામાં સ્થાપ્યું છે. તે દિવસે વિદુષી (= જાણતી) એવી મેં તને સમજાવ્યું હતું, પણ તેં મને સાંભળી નહીં. હવે નક્કી કરેલી શરતને નહીં પાળતો એવો તું (= अभुक्) [અથવા–ભોગરહિત થયેલો એવો તું] શા માટે બોલે છે ? (વિલાપ કરે છે ?) (૧૦–૯૫–૧૧)

નોંધ : आत्मा वै पुत्रनामा । ઈત્યાદિ શ્રુતિવચનોથી એવું જણાય છે કે માતાના ઉદરમાં/ગર્ભમાં પિતા જ પુત્ર રૂપે જન્મે છે. આ માન્યતાને આગળ ધરતી ઉર્વશી પુરૂરવાને સમજાવે છે કે इत्था = अमुत्र उर्वश्या અહીં મારામાં = ઉર્વશીના ગર્ભમાં તું (પુરૂરવા પુત્રરૂપે) જન્મ્યો છું; તેં મારામાં ગર્ભાધાન કર્યું છે. છતાંય હવે તું મને ફરીવાર રોકાઈ જવા કહેતો હોઉં, તો તું યાદ કર, કે તે દિવસે મેં તારી જોડે શી શરત કરી હતી ? त्वा अशासम्–મેં તારી જોડે પ્રતિજ્ઞા બાંધી હતી, પણ (त्वं) न म आशृणोः–તેં મારી (વાત) સાંભળી નહીં. आ + √शृ સાંભળવું, પાંચમો ગણ. (પાણિનીય વ્યાકરણ મુજબ તો પ્રથમ ગણ જ, વિકરણ પ્રત્યય પાંચમા ગણ જેવો હોવાથી તેને કોઈ ભૂલથી પાંચમા ગણનો મનાવા લાગ્યું છે.) હ્યસ્તન ભૂતકાળ, બી.પુ.એ.વ. आशृणोः । હવે अभुक् – પ્રતિજ્ઞાપાલન નહીં કરતો અથવા ભોગરહિત થયેલો તું किम् वदासि–કેમ બોલે છે/વિલાપ કરે છે ? √वद् ધાતુ (બોલવું)નું લેટ્ લકાર (સંકેતાર્થ) બીજો પુરુષ એકવચનનું રૂપ वदासि । √जन જન્મવું, પહેલો ગણ, આત્મનેપદ પરોક્ષ ભૂતકાળ, બીજો પુરુષ એકવચન ज॒ज्ञि॒षे । √धा મૂકવું, ત્રીજો ગણ, પરસ્મૈપદ પરોક્ષ ભૂ.કા. બીજો પુ.એ.વ. दधार्थ । √शास् આદેશ આપવો, બીજો ગણ, હ્યસ્તન ભૂત. પહેલો પુ.એ.વ. अशासम् ।

क॒दा सू॒नुः पि॒तरं॑ जा॒त इ॑च्छाच्च॒क्रन्नाश्रु॑ वर्तयद्वि॒जा॒नन् ।
को दंप॑ती॒ सम॑नसा॒ वि यू॑यो॒दध॒ यद॒ग्निः श्वशु॑रेषु॒ दीद॑यत् ॥ १२ ॥

क॒दा । सू॒नुः । पि॒तर॑म् । जा॒तः । इ॒च्छा॒त् । च॒क्रन् । न । अश्रु॑ । व॒र्त॒य॒त् । वि॒ऽजा॒नन् । कः । दंप॑ती॒ इति दम्ऽप॑ती । सऽम॑नसा । वि । यू॒यो॒त् । अध॑ । यत् । अ॒ग्निः । श्वशु॑रेषु । दीद॑यत् ॥ १२ ॥

इदं पुरूरवसो वाक्यम् । Vकदा कस्मिन् काले Vसूनुः तवोदरजातः सन् Vपितरं माम् Vइच्छात् इच्छेत् । 'इषु इच्छायाम्' । लेटि शपि 'इषुगमियमां छः' इति छादेशः । 'लेटोऽडाटौ' इत्यडागमः । कदा वा Vविजानन् पितरं मामधिगच्छन् Vचक्रन् क्रन्दमानः Vनाश्रु Vवर्तयत् । नेति चार्थे । किंच Vकः किंविधः सन् सूनुः Vसमनसा समनसौ समनस्कौ Vदंपती जायापती त्वां मां च Vवि Vयूयोत् विश्लेषयेत् । 'यु मिश्रणामिश्रणयोः' । यौतेश्छान्दसः शपः श्लुः । तुजादित्वादभ्यासस्य दीर्घः । Vअध अधुना Vयत् यदा Vअग्निः तव हृदयस्थितस्तेजोरूपो गर्भः Vश्वशुरेषु Vदीदयत् दीप्यते । दीदयतिर्दीप्तिकर्मेति नैरुक्तो धातुः ॥

અનુવાદ : (પુરૂરવાઃ) ક્યારે (તારા ઉદરમાંથી) જન્મેલો પુત્ર (મારી =) પિતાની ઇચ્છા કરશે ? અને (મને પિતા તરીકે) ઓળખતો રડતાં રડતાં આંસુ પાડશે ? [न નો અર્થ इव—ની જેમ લઈએ તો—બધું જાણતાં રડનારાની જેમ આંસુ પાડશે] કોણ (= કયો એવો પુત્ર હશે કે જે) સમાન મનવાળા પતિ—પત્નીને છુટા પાડશે ? અને હવે જ્યારે અગ્નિ (= તારા ગર્ભમાં રહેલું તેજ) શ્વશુરોની વચ્ચે (= સાસરામાં) પ્રકાશી રહ્યું છે ત્યારે. (૧૦—૯૫—૧૨)

નોંધ : √इषु ઇચ્છા કરવી, ૬ઠ્ઠા ગણનો ધાતુ, લેટ્ લકાર = સંકેતાર્થ ત્રી.પુ.એ.વ. इच्छात् । √यु મિશ્રણ—અમિશ્રણ કરવું, ૩જો ગણ, વિધ્યર્થ ત્રી.પુ.એ.વ. वि + यूयोत् । √दी—દીપ્તિમન્ત થવું, दीदयति એ 'નિરુક્ત'માં નોંધાયેલો ધાતુ છે, ૪થો ગણ. સંકેતાર્થ, ત્રી.પુ.એ.વ. दीदयत् । અહીં બીજા ચરણમાં न ને સમુચ્ચયાર્થક લેવો એમ સાયણ કહે છે. પુરૂરવા કહે છે કે પતિ—પત્નીથી સંતાન જન્મે પછી, એમનો વિયોગ થવો ઉચિત નથી. આ દૃષ્ટિએ પણ તું = ઉર્વશી મારી પાસે રહી જા.

प्रति॑ ब्रवाणि व॒र्तय॑ते॒ अश्रु॑ च॒क्रन्न क्रन्द॑द॒ाध्ये॑ शि॒वायै॑ ।
प्र तत्ते॑ हिनवा॒ यत्ते॑ अ॒स्मे परे॒ह्यस्तं॑ न॒हि मू॑र॒ माप॑ः ॥ १३ ॥

प्रति॑ । ब्र॒वा॒णि॒ । व॒र्तय॑ते । अश्रु॑ । च॒क्रन् । न । क्र॒न्द॒त् । आ॒ऽध्ये॑ । शि॒वायै॑ । प्र । तत् । ते॒ । हि॒न॒व॒ । यत् । ते॒ । अ॒स्मे इति॑ । परा॑ । इ॒हि॒ । अस्त॑म् । न॒हि । मू॒र॒ । मा॒ । आपः॑ ॥ १३ ॥

इदमुर्वशीवाक्यम् । हे पुरूरवः त्वां Vप्रति Vब्रवाणि प्रतिवच्मि । त्वदपत्यम् Vअश्रु बाष्पं Vवर्तयते वर्तयिष्यति । Vआध्ये आध्याते वस्तुनि Vशिवायै शिवे कल्याणे समुपस्थिते सति Vचक्रन् रुदन्नश्रूणि विमुञ्चन् Vन Vक्रन्दत् । नकाराश्चार्थे । रोत्स्यति चेत्यर्थः । Vतत् त्वदपत्यं Vते तुभ्यं Vहिनव प्रहिणोमि Vयत् अपत्यं Vते तव संबन्धि Vअस्मे अस्मासु निहितम् । त्वं Vपरेह्यस्तम् । अस्तमिति गृहनाम । स्वगृहं प्रतिगच्छ । हे Vमूर मूढ Vमा मां Vनहि Vआपः न प्राप्नोषि । हिनवेत्यत्र हिनोतेः 'छन्दसि लुङ्लङ्लिटः' इति भविष्यदर्थे लङि मिपोऽमादेशः । गुणः । अन्त्यलोपश्छान्दसः । बहुलवचनादडभावः । आपः । 'आप्लृ व्याप्तौ' । लिटि 'तिङां तिङो भवन्ति' इति थलो णल् ॥

અનુવાદ : (ઉર્વશી :) (હે પુરૂરવસ !) હું તને પ્રત્યુત્તર આપું છું, (તારું સંતાન) આંસુ સારશે [અથવા–આંસુ પાડનાર (= તારા સંતાન)ને હું આશ્વાસન આપીશ] અને વિચારેલી વસ્તુને વિષે કલ્યાણ ઉપસ્થિત થતાં રડનારો = આંસુ પાડતો તે રડશે. [અથવા–કલ્યાણકર ચિંતાને અર્થે = शिवायै आध्ये, તે આક્રન્દ કરનારી (न =) જેમ, આરડશે ?] તને તે (તારું સંતાન મોકલી આપીશ કે જે (સંતાન) અમારા (ગર્ભ)માં છે. માટે તું (अस्तं =) ઘરે પાછો ફર; હે મૂઢ ! (તું) મને નહીં મેળવી શકે. (૧૦–૯૫–૧૩)

નોંધ : સાયણ अश्रु वर्तयते ને अश्रु वर्तयिष्यति રૂપે લે છે; પણ ગેલ્ડનરે प्रति ब्रवाणि ના ઉદ્દેશ્ય = સમ્પ્રદાન તરીકે वर्तयते (सन्तानाय) એવું ચતુર્થી વિભક્તિનું રૂપ લીધું છે; તે મુજબનો અનુવાદ કૌંસમાં મૂક્યો છે. એ જ પ્રમાણે સાયણે અહીં आध्ये शिवायै ને સપ્તમ્યર્થે લઈને અર્થ કર્યો છે; તથા न કારને સમુચ્ચયાર્થક જાહેર કર્યો છે, પણ કૌંસમાં મૂકેલા અર્થ માટે आध्ये शिवायै ને ચતુર્થી વિભક્ત્યન્ત રૂપે જ લીધા છે, તથા न ને इवार्थक લીધો છે. યાસ્કે मूर ને मूढ એવા ધ્વનિપરિવર્તનથી સમજાવ્યો છે. તેનો સાયણે ઉપયોગ કર્યો છે. हिनव = अहिनवम् । √हि જવું–પમો ગણ, હ્યસ્તન ભૂ.કા. પહેલો પુ.એ.વ. પણ સાયણ કહે છે તે મુજબ અહીં ભવિષ્યદર્થમાં પણ लङ् લકાર = હ્યસ્તન ભૂ.કા.નું રૂપ બનાવ્યું છે; તેમાં અંતિમ म् કારનો લોપ કર્યો છે અને આદિમાં अ કાર જોડ્યો નથી. अहिनवम् → हिनव । √आप् વ્યાપવું/મેળવવું, પમો ગણ, પરોક્ષ ભૂતકાળ બી.પુ.એ.વ.

सु॒दे॒वो अ॒द्य प्र॒पते॒दना॑वृत्परा॒वतं॑ पर॒मां गन्त॒वा उ॑ ।
अधा॒ शयी॑त॒ निर्ऋ॑तेरु॒पस्थेऽधै॑नं॒ वृका॑ रभ॒सासो॑ अ॒द्युः ॥ १४ ॥

सु॒ऽदे॒वः । अ॒द्य । प्र॒ऽपते॑त् । अना॑वृत् । प॒रा॒ऽवत॑म् । प॒र॒माम् । गन्त॒वै । ऊँ॒ इति॑ । अध॑ । शयी॑त । निःऽऋ॑तेः । उ॒पऽस्थे॑ । अध॑ । ए॒न॒म् । वृका॑ः । र॒भ॒सासः॑ । अ॒द्युः ॥ १४ ॥

अथ परिदूनः पुरूरवा उवाच । Vसुदेवः त्वया सह सुक्रीडः पतिः Vअद्य Vप्रपतेत् । अत्रैव प्रपततु । अथवा Vअनावृत् अनावृत्तः सन् Vपरमां Vपरावतं दूरादपि दूरदेशं Vगन्तवै गन्तुं महाप्रस्थानगमनं कुर्यात् । Vअध अथवा यत्रकुत्रापि गन्तुमसमर्थः V निर्ऋतेः पृथिव्याः उपस्थे शयीत शयनं कुर्यात् । यद्वा । निर्ऋतिः पापदेवता । तस्या Vउपस्थे उत्संगे संनिधौ म्रियतामित्यर्थः । Vअध अथवा Vएनं Vवृकाः आरण्याः श्वानः Vरभसासः वेगवन्तः Vअद्युः भक्षयन्तु । अत्र वाजसनेयकं— 'सुदेवोऽद्योद्वा बध्नीत प्र वा पतेत्तदेनं वृका वा श्वानो वाद्युरिति हैव तदुवाच' (श. ब्रा. ११.५.१.८) इति ॥

અનુવાદ : (પુરૂરવા) આ સુદેવ (અર્થાત્ જેણે તારી સાથે ક્રીડા કરી છે એવો તારો પતિ = હું પુરૂરવા) આજે પાછો ન ફરે એ રીતે, દૂરથી પણ ઘણે દૂર એવા દેશમાં જવા માટે પ્રપાત કરે. (હું પડતું મૂકીશ) અથવા (ક્યાંય જઈ શકવા સમર્થ નહીં એવો હું તારો પતિ) નિર્ઋતિ = પૃથિવીના ખોળામાં સૂઈ જશે. [અથવા—નિર્ઋતિ = પાપદેવતા = મૃત્યુના ખોળામાં સૂઈ જાય, મરી જાય], અથવા (= પછી) આને (= મને) ધસી આવતા વરુઓ (જંગલના કૂતરાઓ) ખાઈ જાય. (૧૦–૯૫–૧૪)

નોંધ : सुदेव નો સાયણે જે અર્થ કર્યો છે તે ઉપર આપ્યો છે, પણ ગેલ્ડનરે અનેક ઉતારા આપીને તે શબ્દનો અર્થ 'વલ્લભ' કર્યો છે એમ શ્રી ર. છો. પ. કહે છે. અહીં गन्तवै એ (જવા માટે) વૈદિક હેત્વર્થ કૃદન્તનું રૂપ છે. परमां परावतं એટલે ઘણે દૂર, મહાપ્રસ્થાન = મૃત્યુની ગતિ. વળી સાયણે निर्ऋति ના (૧) પૃથિવી અને (૨) મૃત્યુ એવા બન્ને અર્થ લીધા છે. प्र + पतेत् = ૧લા ગણના √पत् ધાતુનું વિધ્યર્થ (optative) ત્રી.પુ.એ.વ.નું રૂપ √शी (સૂવું) ૨જો ગણ, આત્મનેપદ ત્રી.પુ.એ.વ. વિધ્યર્થ (optative) નું રૂપ शयीत । તથા √अद् (ખાવું) ૨જો ગણ, પરસ્મૈપદ વિધ્યર્થ (optative) ત્રી.પુ.એ.વ.નું રૂપ अद्युः ।

આ મંત્રમાં, પરૂરવા ઉર્વશીને આપઘાત કરવાની ધમકી આપતો હોય એમ કહે છે કે એક વખતનો તારો સુદેવ = પતિ, તું જો પાછી નહીં ફરે તો, ઊંચા

પર્વત ઉપરથી પડતું મૂકશે, મરીને દૂરના પ્રદેશમાં જતો રહેશે. મૃત્યુના ખોળામાં સૂઈ જશે અને પછી એને વરુઓ ખાઈ જશે. (પરંતુ ઉર્વશીના મન ઉપર આની કશી જ અસર થતી નથી. તે નીચેના મંત્રમાં નિષ્ઠુર બનીને ફરીથી એખવાર પુરૂરવાને જાકારો આપે છે.)

पुरू॑रवो॒ मा मृ॑था॒ मा प्र प॑प्तो॒ मा त्वा॒ वृका॑सो॒ अशि॑वास उ क्षन् ।
न वै स्त्रैणा॑नि स॒ख्यानि॑ सन्ति सालावृ॒काणां॒ हृद॑यान्ये॒ता ॥ १५ ॥

पुरू॑रवः । मा । मृ॒थाः । मा । प्र । प॒प्तः॒ । मा । त्वा॒ । वृका॑सः । अशि॑वासः । ऊँ॒ इति॑ । क्ष॒न् । न । वै । स्त्रैणा॑नि । स॒ख्यानि॑ । स॒न्ति॒ । सा॒ला॒वृ॒काणा॑म् । हृद॑यानि । ए॒ता ॥ १५ ॥

तमितरा प्रत्युवाच । हे ᵛपुरूरवः त्वं ᵛमा ᵛमृथाः मृतिं मा प्राप्नुहि । म्रियतेर्लुङि थासि ‘ह्रस्वादङ्गात्’ इति सिचो लोपः । तथा ᵛमा ᵛप्र ᵛपप्तः अत्रैव पतनं मा कार्षीः । पतेर्लुङि लृदित्त्वात् ‘पुषादि’ इत्यादिना च्लेरङ् । ‘पतः पुम्’ इति पुम् । तथा ᵛत्वा त्वाम् ᵛअशिवासः अशुभाः ᵛवृकासः वृकाः ᵛमा ᵛउ ᵛक्षन् । उ इत्येवकारार्थे । अक्षन् । माभ्यवहारयन्तु । किमित्येवमस्मदुपर्याग्रहं करोषि । मा कार्षीरित्यर्थः । अदेर्लुङि ‘लुङ्सनोर्घस्लृ’ (पा. सू. २.४.३७) इति घस्लादेशः । ‘मन्त्रे घस’ इति च्लेर्लुक् । ‘गमहन’ इत्यादिनोपधालोपः । ‘शासिवसि’ इत्यादिना षत्वम् । ‘खरि च’ इति चर्त्वम् । बाहुलकादडभावः । अथ स्वरनेहस्यासारतामाह । ᵛस्त्रैणानि स्त्रीणां कृतानि ᵛसख्यानि ᵛ न ᵛवै ᵛसन्ति । न सन्ति खलु । अभावे कारणमाह । ᵛएता एतानि सख्यानि ᵛसालावृकाणां ᵛहृदयानि तेषां ᵛहृदयानि यथा वत्सादीनां विश्वासापन्नानां ᵛघातुकानि तद्वत् । अत्र वाजसनेयकं–‘मैतदादृथा न वै स्त्रैणँ सख्यमस्ति पुनर्गृहानिहीति हैवैनं तदुवाच’ (श. ब्रा. ११.५.१.९) इति ॥ ३ ॥

અનુવાદ : (ઉર્વશી) હે પુરૂરવસ્ ! તું મરીશ મા, તું પ્રપાત મા કરીશ, અશુભ/જંગલી વરુઓ પણ તને મા ખાવ. સ્ત્રીઓ સાથે કરેલાં સખ્યો (સાચાં) હોતાં નથી (અથવા–સ્ત્રીઓની સાથે સખ્યો હોય નહિ); કારણ કે તે (एता = एतानि, स्त्रीणां सख्यानि) (= સ્ત્રીઓનાં સખ્યો તો) સાલાવૃકોનાં હૃદયો જેવાં (અર્થાત્ પોતાના ઉપર વિશ્વાસ રાખનારનો જ ઘાત કરનાર) હોય છે. (૧૦–૯૫–૧૫)

નોંધ : આ મંત્રમાં નિષેધાર્થક माङ् (मा = નહીં)ના યોગમાં लङ् લકારના (અદ્યતન = સાદા ભૂતકાળનાં) मृथाः, प्र पप्तेः क्षन् રૂપો વપરાયાં છે. √अद् (ખાવું) ૨જા ગુણનો ધાતુ, તેને घस्लृ આદેશ થઈને પછી अक्षन् રૂપ બને છે.

અહીં મા ના યોગમાં ભૂતકાળનો વાચક અ કાર લુપ્ત થાય છે. આ મંત્રમાં ઉર્વશીએ સ્ત્રીઓની સાથે સ્નેહસંબંધ ન બાંધવો કારણ કે એમનાં સખ્યો તો સાલાવૃકોના હૃદયો જેવાં હોય છે. એટલે કે એકવાર વિશ્વાસ પેદા કરાવીને પછી વિશ્વસ્ત વ્યક્તિનો ઘાત કરનારાં હોય છે એમ જાહેર કરે છે. સમગ્ર સ્ત્રીજાત ઉપર અપવાદ અને અવિશ્વાસ ઊભો થઈ જાય એવી ઉર્વશીની આ ઉક્તિ જોઈને જ કદાચ કવિ કાલિદાસે 'વિક્રમોર્વશીયમ્' નાટકમાં ઉર્વશીનું માનવીકરણ હાથ ધર્યું હશે એવું કેટલાક સહૃદય સાહિત્યરસિકોને લાગ્યું છે.

यद्विरू॒पाच॑रं॒ मर्त्ये॒ष्वव॑सं॒ रात्री॑ः श॒रद॒श्चत॑स्रः ।
घृ॒तस्य॑ स्तो॒कं स॒कृदह्न॑ आश्ना॒ं ता॒देवेदं ता॑तृपा॒णा च॑रामि ॥ १६ ॥

यत् । विऽरू॑पा । अच॑रम् । मर्त्ये॑षु । अव॑सम् । रात्री॑ः । श॒रद॑ः । चत॑स्रः । घृ॒तस्य॑ । स्तो॒कम् । स॒कृत् । अह्न॑ः । आ॒श्ना॒म् । तात् । ए॒व । इ॒दम् । त॒तृ॒पा॒णा । च॒रा॒मि॒ ॥ १६ ॥

^{V}यत् यदा ^{V}विरूपा मनुष्यसंपर्काद्विगतसहजभूतदेवरूपा पत्यानुकूल्येन नानारूपा वा ^{V}मर्त्येषु मनुष्येषु ^{V}अचरं तदानीं ^{V}रात्रीः प्ररमयित्रीः ^{V}चतस्रः ^{V}शरदः ^{V}अवसं न्यवसम् । अत्यन्तसंयोगे द्वितीया । तदानीं ^{V}घृतस्य ^{V}स्तोकं ^{V}सकृदह्न ^{V}आश्नाम् । ^{V}तादेव तेनैव स्तोकेनाहम् ^{V}इदं संप्रति ^{V}तातृपाणा तृप्ता सती ^{V}चरामि ॥

અનુવાદ : (ઉર્વશી) (તારા = પુરૂરવાના મનુષ્યના સંગને કારણે) વિગત (દેવ) રૂપવાળી હું મર્ત્યોમાં (= મનુષ્યલોકમાં) ફરતી હતી, અને રમણ કરાવનારી ચાર શરદો સુધી (અહીં) રહી હતી. દિવસના એકવાર હું થોડુંક ઘી ખાતી હતી અને તેટલા માત્રથી જ તૃપ્ત થયેલી હું અત્યારે પણ ફરી રહી છું. (૧૦–૯૫–૧૬)

નોંધ : વેંકટમાધવ કહે છે કે—આ મંત્ર દ્વારા 'ઉર્વશી પુરૂરવાના સુકૃતને ભૂલી નથી' એ વાત રજૂ કરવામાં આવી છે. અહીં रात्रीः શબ્દ રાત્રિનો વાચક નથી; પણ रात्रीः = रमयित्रीः એ અર્થમાં शरदः ના વિશેષણ તરીકે વપરાયેલ છે. વળી, ઉર્વશી સળંગ ચાર વર્ષ સુધી પુરૂરવા સાથે રહી હતી એમ સૂચવવા, कालाध्वनोरत्यन्तसंयोगे (द्वितीया) । पा. सू.... મુજબ रात्रीः शरदः માં દ્વિતીયા વિભક્તિ વપરાઈ છે. તથા ततृपाणा (તૃપ્ત થયેલી) √तृप् (સંતુષ્ટ થવું) પાંચમા ગણનો ધાતુ—તેનું વર્તમાન કૃદન્ત સ્ત્રી. પ્રથમા એ.વ.માં છાન્દસ દીર્ઘ થઈને (સંહિતામાં) तातृपाणा બન્યું છે તે નોંધપાત્ર છે.

अ॒न्त॒रि॒क्ष॒प्रां रज॑सो वि॒मानी॒मुप॑ शिक्षाम्यु॒र्वशीं॒ वसि॑ष्ठः ।
उप॑ त्वा रा॒तिः सु॑कृ॒तस्य॒ तिष्ठा॒न्नि व॑र्तस्व॒ हृद॑यं तप्यते मे ॥ १७ ॥

अ॒न्त॒रि॒क्ष॒ऽप्राम्॑ । रज॑सः । वि॒ऽमानी॑म् । उप॑ । शि॒क्षा॒मि॒ । उ॒र्वशी॑म् । वसि॑ष्ठः । उप॑ । त्वा॒ । रा॒तिः । सु॒ऽकृ॒तस्य॑ । तिष्ठा॑त् । नि । व॒र्त॒स्व॒ । हृद॑यम् । त॒प्य॒ते॒ । मे॒ ॥ १७ ॥

^{V}अन्तरिक्षप्रां स्वतेजसान्तरिक्षस्य पूरयित्रीं तथा ^{V}रजसः रञ्जकस्योदकस्य ^{V}विमानीं निर्मात्रीम् ^{V}उर्वशीं ^{V}वसिष्ठः समानानां मध्येऽतिशयेन वासयिताहम् ^{V}उप ^{V}शिक्षामि वशं नयामि । ^{V}सकृतस्य शोभनकर्मणः ^{V}रातिः दाता पुरूरवाः ^{V}त्वा त्वाम् ^{V}उप ^{V}तिष्ठात् उपतिष्ठतु । ^{V}मे ^{V}हृदयं ^{V}तप्यते । अतो ^{V}नि ^{V}वर्तस्व । एवं राजोवाच ॥

અનુવાદ : (પુરૂરવા) અન્તરિક્ષને ભરી દેનારી તથા ઉદકનું નિર્માણ કરનારી (અથવા—અન્તરિક્ષને માપી રહેલી) ઉર્વશીને હું વસિષ્ઠ (= પ્રિયતમ) વિનંતી કરું છું. સુકૃતને (रातिः =) આપનારો આ (પુરૂરવા) તારી પાસે (જ) રહે, તું પાછી ફર, (કેમકે) મારું હૃદય (તારા વિના) તપે છે. (૧૦–૯૫–૧૭)

નોંધ : અહીં रजकस्य विमानीम् નો અર્થ 'ઉદકનું નિર્માણ કરનારી', અથવા 'અન્તરિક્ષને માપનારી' એવો કર્યો છે. वसिष्ठः નો સાયણ અર્થ કરે છે : ઉર્વશીને રાખનારા દેવ વગેરેમાંથી પોતે પુરૂરવાએ સૌથી વધારે સમય/અથવા વધુ સારી રીતે રાખી છે. આથી वासयितृ = નિવાસ કરાવનારાઓમાંથી જે અતિશય ઉત્કૃષ્ટ તે 'વસિષ્ઠ' એવો હું, અર્થાત્ તને સૌથી વધારે ચાહનારો હું, उप शिक्षामि = વિનંતિ કરું છું. रा दाने, राति ददाति यः सः रातिः । અર્થાત્ દાતા, આપનાર उप + तिष्ठात् (તારી = ઉર્વશીની) નજીક રહે. √स्था (ઊભા રહેવું) ૧લો ગણ, સંકેતાર્થ ત્રી.પુ.એ.વ. અગાઉના મંત્રમાં ઉર્વશીએ કહ્યું છે તેમ જો પોતે પુરૂરવા ઉર્વશીને ઘી ખવડાવનાર હોય, આમ એણે કોઈ સુકૃત (= ઉપકાર) કર્યું હોય તો પુરૂરવા પોતાને (= સકૃતના દાતાને) એ (ઉર્વશી)ની પાસે રાખવા વિનંતી કરે છે.

इति॑ त्वा दे॒वा इ॒म आ॑हुरै॒ळ यथे॑मे॒तद्भव॑सि मृ॒त्युब॑न्धुः ।
प्र॒जा ते दे॒वान् ह॒विषा॑ यजाति स्व॒र्ग उ॒ त्वमपि॑ मादयासे ॥ १८ ॥

इतिं । त्वा॒ । दे॒वाः । इ॒मे । आ॒हु॒ः । ऐ॒ळ॒ । यथां । इ॒म् । ए॒तत् । भ्वंसि । मृ॒त्युऽबंन्धुः । प्र॒ऽजा । ते॒ । दे॒वान् । ह॒विषां । य॒जा॒ति॒ । स्व॒ःऽगे । ॐ॒ इतिं । त्वम् । अपिं । मा॒द॒या॒से॒ ॥ १८ ॥

हे ᵛऐळ पुरूरवः ᵛत्वा त्वाम् ᵛइमे ᵛदेवाः ᵛइति ᵛआहुः । ᵛमृत्युबन्धुः मृत्योः बन्धकः मृत्योर्बन्धुभूतो वा मृत्युवशमप्राप्नुवंस्त्वं ᵛयथे यथा ᵛएतद्भवसि भविष्यसि ᵛप्रजा प्रकर्षेण जायमानस्त्वं ᵛते तव संबन्धिनो यष्टव्यान् ᵛदेवान् ᵛहविषा ᵛयजासि यजसि । ᵛस्वर्ग ᵛउ स्वर्ग एव ᵛत्वमपि ᵛमादयासे मादयसेऽस्माभिः सह । एवमाहुरित्यर्थः । यस्मादेवं करोषि तस्मादभिलाषं हित्वा सुखी भवेति सेयं पुरूरवसं प्रत्युवाच ॥ ४ ॥

અનુવાદ : (ઉર્વશી) આ દેવો તને આમ કહે છે : હે ઈળાના પુત્ર ! આ તું જે રીતે છું તે (રીતે) તો તું મૃત્યુબન્ધુ છું. પણ તારી પ્રજા (= સંતતિ) દેવોને હવિષાન્નથી પૂજશે, ત્યારે તું પણ સ્વર્ગમાં (મારી સાથે) આનંદપ્રમોદ કરીશ. (૧૦–૯૫–૧૮)

નોંધ : પુરૂરવા 'ઐળ' કેવી રીતે કહેવાય છે ? એ વિષે આ સૂક્તની પ્રાસ્તાવિક નોંધ વાંચવી. અહીં પુરૂરવાને ઉર્વશી કાયમ માટે કેમ મળી શકે એમ નથી એ સમજાવતાં ઉર્વશી કહે છે કે હે પુરૂરવસ્ = ઐળ ! તું મર્ત્ય છું, મરણશીલ છું; (જ્યારે હું અ–મૃત છું). પણ તારા સંતાનો દેવોનું યજન કરશે અને પછી તું સ્વર્ગે આવીશ ત્યારે તું મારી સાથે પ્રમોદ કરી શકીશ. અહીં પુરૂરવાને મર્ત્ય કહેવા માટે ઉર્વશીએ मृ॒त्युबंन्धुः । એવો શબ્દ વાપર્યો છે. તે સામાસિક શબ્દના પૂર્વપદ (मृत्यु) માં ઉદાત્ત સ્વર હોવાથી, તે સમગ્ર પદ બહુવ્રીહિ સમાસ ગણાશે, અને એનો અર્થ થશે : 'મૃત્યુ છે બન્ધુ જેનો.' અર્થાત્ મૃત્યુને વશ થનારો = મરણ પામનાર.

* * *

[७] मण्डलम्–१०, सूक्तम्–१२९, (१–७ मन्त्राः)

(नासदीयं सूक्तम्)

परमात्मा देवता, ऋषिः परमेष्ठी, छन्दः त्रिष्टुप् ॥

एकादशेऽनुवाके त्रयोविंशतिसंख्याकानि सूक्तानि । तत्र 'नासदासीत्' इति सप्तर्चं प्रथमं सूक्तं त्रैष्टुभम् । परमेष्ठी नाम प्रजापतिर्ऋषिः । वियदादिभावानां सृष्टिस्थितिप्रलयादीनामत्र प्रतिपाद्यत्वात् तेषां कर्ता परमात्मा देवता । तथा चानुक्रान्तं–'नासत्सप्त प्रजापतिः परमेष्ठी भाववृत्तं तु' इति । गतो विनियोगः ॥

ઋગ્વેદમાં અનેક દાર્શનિક સૂક્તો સંગૃહીત થયા છે. પણ એમાં પ્રસ્તુત નાસદીય સૂક્તનું સ્થાન અનન્ય છે. શ્રી બાળગંગાધર તિળક લખે છે કે સૃષ્ટિનું અગમ્ય મૂલતત્ત્વ શું, અને તેમાંની આ વિવિધ દશ્યસૃષ્ટિ શી રીતે ઉત્પન્ન થઈ હશે, તે બાબતે આ સૂક્તમાં જે વિચાર બતાવેલા છે તેના જેવા સ્વતંત્ર, પ્રગલ્ભ અને મૂળમાં જઈને ખૂંપનારા, તત્ત્વજ્ઞાનના માર્મિક વિચારો બીજા કોઈ ધર્મના મૂળગ્રંથમાં જોવામાં આવતા નથી. એટલું જ નહિ પણ આવા પ્રકારના આધ્યાત્મિક વિચારથી ભરપૂર આના જેટલો પ્રાચીન લેખ પણ અદ્યાપિ કોઈ ઠેકાણે ઉપલબ્ધ થયો નથી. એટલે મનુષ્યના મનની પ્રવૃત્તિ સાહજિક રીતે જ નાશવંત નામરૂપાત્મક સૃષ્ટિની પેલી પારની નિત્ય અને અચિંત્ય બ્રહ્મશક્તિ તરફ કેવી દોડે છે તે બતાવવા માટે ધાર્મિક ઈતિહાસની દષ્ટિથી આ સૂક્ત મહત્ત્વનું સમજીને અનેક પાશ્ચાત્ય પંડિતોએ પોતપોતાની ભાષામાં તેનું ઘણા આશ્ચર્યચકિત થઈને ભાષાંતર કરેલું છે. ઋગ્વેદના દશમા મંડળનું ૧૨૯મું આ સૂક્ત એના આરંભિક શબ્દો ઉપરથી नासदीयसूक्त એવા નામે ઓળખાય છે. આ સૂક્ત તૈત્તરીય બ્રાહ્મણમાં (૨–૮–૯) લીધું છે અને મહાભારતના નારાયણીય = ભાગવતધર્મનાં પ્રકરણોમાં 'ભગવદિચ્છાથી પહેલવહેલી સૃષ્ટિનું શી રીતે નિર્માણ થયું તેનું વર્ણન કરવા માટે પણ આ સૂક્તનો જ આધાર લીધો છે.'

વળી, શ્રી ટિળક કહે છે કે "આ સૂક્તના ઋષિની બુદ્ધિએ પહેલા જ ઝપાટામાં જે અચૂક કુદકો માર્યો છે તે ઉપરથી તેમનું અંતર્જ્ઞાન કેવું તીવ્ર હતું તે સ્પષ્ટ દેખાય છે ! મૂળ આરંભમાં એટલે કે સૃષ્ટિના નાના પદાર્થો અસ્તિત્વમાં આવ્યા તેની પૂર્વે, જે કાંઈ હતું તે સત્ હતું કે અસત્ હતું, મૃત્યુ હતું કે અમર હતું, આકાશ હતું કે પાણી હતું, પ્રકાશ હતું કે અંધારું હતું ઈત્યાદિ અનેક પ્રશ્નો કરનારની સાથે વાદવિવાદ કરવા ન બેસતાં, એકદમ આ સર્વની આગળ દોડી જઈને આ ઋષિ એમ વિચાર કરે છે કે–સત્ અને અસત્, મર્ત્ય અને અમર, અંધકાર અને પ્રકાશ, આચ્છાદક અને આચ્છાદિત, સુખ આપનાર અને સુખ ભોગવનાર – એ

દ્વૈતની પરસ્પર સાક્ષેપ ભાષા જ દૃશ્યસૃષ્ટિનું નિર્માણ થયા પછીની હોવાથી સૃષ્ટિમાં આ દ્વન્દ્વો ઉત્પન્ન થયાં તે પૂર્વે, એટલે કે એક અથવા બીજો આ ભેદ જ જ્યારે ન હતો ત્યારે, કોણ કોને આચ્છાદન કરનાર હતું ? એટલે મૂળ આરંભનું જે એક રસ દ્રવ્ય હશે તેને સત્ કે અસત્ આકાશ કે પાણી, અમૃત કે મૃત્યુ, પ્રકાશ કે અંધકાર—એવું પરસ્પર સાક્ષેપ કોઈ પણ નામ આપવું તે યોગ્ય નથી. જે કાંઈ હતું તે આ પદાર્થોથી વિલક્ષણ હોઈને, તે એટલું જ એક આરંભમાં ચારે તરફ પોતાની અપરંપાર શક્તિથી સ્ફુરાયમાન હતું, અને તેની જોડીનું, તેને આચ્છાદિત કરનારું બીજું કોઈ જ ન હતું – એમ આ સૂક્તના ઋષિ નિર્ભયપણે કહે છે.

એ જ રીતે, સૂક્તના અંતે એ પણ કહે છે કે આનું (= જગત્નું–સૃષ્ટિનું) નિર્માણ કરનારને = પરમાત્માનેય ‘આ સૃષ્ટિ શેમાંથી બની છે ? એને કોણે ધારણ કરી રાખી છે ?’ એની કદાચ ખબર નહીં હોય !

પ્રોફે. એચ. ડી. વેલણકર સાહેબે આ સૂક્ત (૧૦–૧૨૯) વિષે લખ્યું છે કે ઋગ્વેદના સૃષ્ટિવિષયક સૂક્તોમાં આ નાસદીય સૂક્ત ખૂબ સુવિદિત અને મહત્ત્વપૂર્ણ છે. આનો વિષય અત્યંત જટિલ છે. સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ વર્ણવતાં તેની ત્રણ પ્રમુખ કડીઓનો અહીં નિર્દેશ કરવામાં આવ્યો છે ખરો; પણ સૂક્તના અંતમાં તેના દ્રષ્ટાઋષિએ સૂચવ્યું છે કે સૃષ્ટિનું નિર્માણ ક્યારે અને કોના વડે થયું હતું એ એક મોટું રહસ્ય જ છે; જે (રહસ્ય) દેવોને માટે પણ અગમ્ય છે. તો પછી બિચારો માણસ તો એ રહસ્યને કેવી રીતે પામી શકે જ ? છતાંય કવિઓએ પોતાની બુદ્ધિના સહારે જો એને પામવા પ્રયત્ન શરૂ કર્યો જ છે તો તે રહસ્યને પામવામાં તેઓ સફળ થઈ શકશે ખરા. આ સૂક્તની ભાષા એમના વિષયને માટે સર્વથા અનુકૂળ છે.

ઉપર્યુક્ત ત્રણ કડીઓમાંથી પહેલી કડીનું વર્ણન શરૂઆતની બે ઋચાઓમાં જ કરવામાં આવ્યું છે. આ સમયે કોઈ પણ પ્રકારની દ્વન્દ્વાત્મકતા વિદ્યમાન ન હતી; કેવળ એક જ તત્ત્વ અત્રતત્રસર્વત્ર ફેલાયેલું હતું. બીજી કડી ત્યારે ઊભી થઈ જ્યારે એ એક તત્ત્વ ‘આભુ’ અથવા ‘નિમિત્ત થતાં ફેલાઈ જનારું’ બન્યું, અને એને ચારે તરફથી પાણીને ઘેરી લીધું. મતલબ કે તે ચારે તરફથી—આપાતતઃ દબાઈ ગયું. તો પણ તે પોતાના તપના સામર્થ્યથી પ્રકટ થઈ શક્યું. બરાબર તે જ સમયે એ એક માત્ર આભુમાં સૃષ્ટિના નિર્માણનો ‘કામ’ (કામના) ઉત્પન્ન થયો. કવિઓએ આ (કામ)ને મનનું રેતસ્ કહ્યું છે; કારણ કે એમાંથી જ આગળ જતાં માનસિક સૃષ્ટિનું નિર્માણ થવાનું હતું. ત્રીજી અને ચોથી ઋચામાં આનો ઉલ્લેખ છે. ત્યાર પછી ચોથી ઋચાના ઉત્તરાર્ધમાં એવું વર્ણન છે કે મંત્રદ્રષ્ટા કવિઓએ

પોતાના હૃદયમાં શોધખોળ કરીને એ સ્પષ્ટ રૂપે ઓળખી/જાણી લીધું કે 'સત્' અર્થાત્ વ્યાકૃત નામરૂપ વિશ્વનો સંબંધ 'અસત્'ની સાથે, અર્થાત્ અવ્યાકૃત નામરૂપ एकम् आभु ના રૂપમાં, ઉપર નિર્દેશેલા માયાવચ્છિન્ન પરમાત્માની સાથે છે. આ એક માત્ર આભુમાં સૃષ્ટિના નિર્માણની અભિલાષાનો ઉદય એ જ સૃષ્ટિના ઉત્પત્તિક્રમની બીજી કડી છે; અને ઉપનિષદોના तदैक्षत, सोऽकामयत આદિ વાક્ય એ તરફ જ નિર્દેશ કરે છે.

આ પછીની ત્રીજી જે કડી છે તે આ એક તત્ત્વનું દ્વૈધીભાવમાં રૂપાંતર અર્થાત્ બે ભાગોમાં વિભાજન થવું તે છે. આ પાંચમી ઋચામાં વર્ણવાયું છે. આનો એક અંશ 'રેતોધા' અર્થાત્ પુમાન રૂપ બન્યું, અને બીજું 'મહિમા' અર્થાત્ રેતસ્ નું ગ્રહણ અને એનું સંવર્ધન કરવા માટે આવશ્યક એવો નારી રૂપ મહિમા કહેવાયો છે. આ બંનેમાં પારસ્પરિક આકર્ષણ રૂપી (કામ રૂપી) રશ્મિ અર્થાત્ સૂત્ર પણ પરોવાયું છે. પાંચમી ઋચામાં કવિએ એ બંનેમાંથી મહિમા રૂપી અંશને જ 'સ્વધા' (બીજને ધારણ કરનારી શક્તિ) તથા 'રેતોધા' રૂપી અંશને જ प्रयतिः (આગળ ફેંકનારી, અર્પણ કરનારી શક્તિ) — એવી ખૂબ યથાર્થ—ચરિતાર્થ સંજ્ઞાઓ આપી છે. આના પછીની સૃષ્ટિ કેવી રીતે થઈ તે સ્વાભાવિક અને સુવિદિત જ છે; એથી કવિએ એની ચર્ચા કરી નથી. આ માયાવચ્છિન્ન પરમાત્માનું આ પ્રકારનું દ્વિવિધ વિભાજન આગળ જતાં બૃહદારણ્યક ઉપનિષદ્ માં વધારે સ્પષ્ટરૂપે વર્ણવાયું છે.

છેલ્લી છઠ્ઠી અને સાતમી ઋચાઓમાં કવિએ આ પ્રમાણે પ્રતિપાદન કર્યું છે : સૃષ્ટિનું આ ગૂઢ (અર્થાત્ આ કોનાથી અને કેવી રીતે અર્થાત્ અનિચ્છાથી કે ઇચ્છાથી ઉત્પન્ન થઈ છે ઇત્યાદિ) રહસ્ય સૃષ્ટિનું સર્જન થઈ ગયા પછી જ ઉત્પન્ન થનારા દેવોને પણ ક્યાંથી ખબર હશે ? તેમને માટે પણ આ વિષય અગમ્ય જ છે. હા, આ બધાનું નિયંત્રણ કરનાર પરમાત્માને તો સંભવતઃ ખબર હશે જ, (કે શેમાંથી અને કેવી રીતે આ સૃષ્ટિ થઈ છે ?); અથવા એ પણ શક્ય છે કે એ પરમાત્માને આ વાત જ્ઞાત હોવા છતાંય એમને પણ એનું ભાન નહીં હોય.

દેવતા : પરમાત્મા, ઋષિ : પરમેષ્ઠી નામના પ્રજાપતિ, છન્દ : ત્રિષ્ટુપ્

नास॑दासी॒न्नो सदा॑सीत्त॒दानीं॒ नासी॒द्रजो॒ नो व्यो॑मा प॒रो यत् ।
किमाव॑रीवः॒ कुह॒ कस्य॒ शर्म॒न्नम्भः॒ किमा॑सीद्‌गह॑नं गभी॒रम् ॥ १ ॥

न । अस॑त् । आ॒सी॒त् । नो इति॑ । सत् । आ॒सी॒त् । त॒दानी॑म् । न ।
आ॒सी॒त् । रजः॑ । नो इति॑ । विऽओ॑म । प॒रः । यत् । किम् । आ ।

अ॒व॒री॒व॒रिति॑ । कुह॑ । कस्य॑ । शर्म॑न् । अम्भः॑ । किम् । आ॒सी॒त् । गह॑नम् । ग॒भी॒रम् ॥ १ ॥

‘तपसस्तन्महिनाजायतैकम्’ इत्यादिनाग्रे सृष्टिः प्रतिपादयिष्यते । अधुना ततः प्रागवस्था निरस्तसमस्तप्रपञ्चा या प्रलयावस्था सा निरूप्यते । ^{V}तदानीं प्रलयदशायामवस्थितं यदस्य जगतो मूलकारणं तत् ^{V}असत् शशविषाणवन्निरुपाख्यं ^{V}न ^{V}आसीत् । न हि तादृशात् कारणादस्य सतो जगत उत्पत्तिः संभवति । तथा ^{V}नो ^{V}सत् नैव ^{V}सदात्मवत् सत्त्वेन निर्वाच्यम् ^{V}आसीत् । यद्यपि सदसदात्मकं प्रत्येकं विलक्षणं भवति तथापि भावाभावयोः सहावस्थानमपि संभवति । कुतस्तयोः तादात्म्यमिति उभयविलक्षणमनिर्वाच्यमेवासीदित्यर्थः । ननु नो सदिति पारमार्थिकसत्त्वस्य निषेधः । तर्ह्यात्मनोऽप्यनिर्वाच्यत्वप्रसङ्गः । अथोच्येत । न। आनीदवातमिति तस्य सत्वमग्रे वक्ष्यते परिशेषान्मायाया एवात्र सत्वं निषिध्यत इति । एवमपि तदानीमिति विशेषणानर्थक्यं व्यवहारदशायामपि तस्याः पारमार्थिकसत्त्वाभावात् । अथ व्यावहारिकसतां पृथिव्यादीनां भावानां विद्यमानत्वात् कथं नो सदिति निषेधः । तत्राह । ^{V}नासीद्रज इत्यादि । ‘लोका रंजांस्युच्यन्ते’ (निरु. ४.१९) इति यास्कः । अत्र च सामान्यापेक्षामेकवचनम् । व्योम्नो वक्ष्यमाणत्वात्तस्याधस्तनाः पातालादयः पृथिव्यन्ता नासन्नित्यर्थः । तथा ^{V}व्योम अन्तरिक्षं तदपि ^{V}नो नैवासीत् । पर इति सकारान्तं परस्तादित्यर्थे वर्तते । परशब्दाच्छान्दसोऽस्तातेरर्थेऽसिप्रत्ययः । ^{V}परः व्योम्नः परस्तादुपरिदेशे द्युलोकप्रभृतिसत्यलोकान्तं ^{V}यत् अस्ति तदपि नासीदित्यर्थः । अनेन चतुर्दशभुवनगर्भं ब्रह्माण्डं स्वरूपेण निषिद्धं भवति । अथ तरावरकत्वेन पुराणेषु प्रसिद्धानि यानि वियदादिभूतानि तेषामवस्थानप्रदेशं तदावरणनिमित्तं चाक्षेपमुखेन क्रमेण निषेधयति किमावरीवरिति । ^{V} किम् आवरणीयं तत्त्वमावरकभूतजातम् ^{V}आवरीवः । अत्यन्तमावृणुयात् । आवार्याभावात् तदावरकमपि नासीदित्यर्थः ॥ वृणोतेर्यङ्लुगन्ताच्छान्दसे लङि तिपि रूपमेतत् । यद्वा । किमिति प्रथमैव । किं तत्त्वमावरकमावृणुयात् । आव्रियमाणवत्तदपि स्वरूपेण नासीदित्यर्थः । आवृण्वत् तत्तत्त्वं ^{V}कुह कुत्र देशेऽवस्थायावृणोति । आधारभूतस्तादृशो देशोऽपि नासीदित्यर्थः ॥ किंशब्दात् सप्तम्यर्थे हप्रत्ययः । ‘कु तिहोः’ (पा. सू. ७.२.१०४) इति प्रकृतेः क्वादेशः ॥ ^{V}कस्य ^{V}शर्मन् कस्य वा भोक्तुर्जीवस्य शर्मणि सुखदुःखसाक्षात्कारलक्षणे भोगे निमित्तभूते सति तदावरकं तत्त्वमावृणुयात् । जीवनामुपभोगार्था हि सृष्टिः । तस्यां हि सत्यां ब्रह्माण्डस्य भूतैरावरणं प्रलयदशायां च भोक्तारो

जीवा उपाधिविलयात् प्रलीना इति कस्य कश्चिदपि भोक्ता न संभवतीत्यावरणस्य निमित्ताभावादपि तन्न घटत इत्यर्थः । एतेन भोग्यप्रपञ्चवत् भोक्तृप्रपञ्चोऽपि तदानीं नासीदित्युक्तं भवति ॥ किंशब्दादुत्तरस्य ङसः 'सावेकाचः इति प्राप्तस्योदात्तत्वस्य 'न गोश्वन्साववर्ण' इति प्रतिषेधः । 'सुपां सुलुक्' इति शर्मणः सप्तम्या लुक् ॥ यद्यपि सावरणस्य ब्रह्माण्डस्य निषेधेन तदन्तर्गतमप्सत्त्वमपि निराकृतं तथापि 'आपो वा इदमग्रे सलिलमासीत्' (तै.सं. ७.१.५.१) इति श्रुत्या कश्चिदपां सद्भावमाशङ्केत । तं प्रत्याचष्टे अम्भः किमासीत् इति । ^{V}गहनं दुष्प्रवेशं ^{V}गभीरं दुरवस्थानमत्यगाधम् ईदृशम् ^{V}अम्भः किमासीत् । तदपि नैवासीदित्यर्थः श्रुतिसत्ववान्तरप्रलयविषया ॥

અનુવાદ : ન 'અસત્' હતું, ત્યારે; ન 'સત' હતું, ન હતું 'રજસ્' (તેનાથી) ઉપર જે વ્યોમ (= આકાશ) તે પણ ન હતું. કયું આવરણ હતું ? ક્યાં, કોનું સુખ ? (ક્યાં, કોના સુખમાં ?) શું ગહન અને ગંભીર એવું જળ હતું ? (૧૦–૧૨૯–૧)

નોંધ : (૧) આ સૂક્તની ભૂમિકામાં સાયણાચાર્ય કહે છે કે વિયદ્ = આકાશ, જળ આદિ પદાર્થોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય વગેરેનું (અને એના) અધિષ્ઠાતા કોઈ હશે કે નહીં ? તે કોણ હશે ? વગેરેનું) અહીં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અને આવા વર્ણન દ્વારા, આ બ્રહ્માંડની ઉત્પત્તિ–સ્થિતિ–લયના કર્તા તરીકે કોઈક પરમાત્માની જ સ્તુતિ કરવામાં આવી રહી છે.

(૨) न असत् आसीत् । 'અસત્' ન હતું. तदानीं नो = न सत् आसीत् । ત્યારે (= સૃષ્ટિના સર્જન પહેલાં) 'સત્' પણ ન હતું. न रजः आसीद्–'રજસ્' પણ નહોતું. परः (परस्तात्) यत् व्योम (तद्) अपि नो (= न, आसीत्) । (તેનાથી) પર જે વ્યોમ (તે પણ) ન હતું. ત્યારે आवरीवः किम् (आसीत्) = આવરણ રૂપે શું હતું ? कुह (= कुत्र) कस्य शर्मन् (= शर्मणि) = ક્યાં, કોના સુખમાં ? किम् गहनं गभीरम् अम्भः आसीत् । શું (સૃષ્ટિના આરંભે પહેલાં એકલું) ગહન અને ગંભીર એવું જળ હતું ? – આ શબ્દાર્થ છે.

(૩) સાયણે આ મંત્રને આ સમજાવ્યો છે : અત્યારે જે સૃષ્ટિ દેખાય છે, તેની ઉત્પત્તિ થતાં પૂર્વેની જે અવસ્થા (= પ્રલયદશા) હશે એનું મંત્રમાં વર્ણન કરવામાં આવ્યું છે. (મૂલ કારણ પરબ્રહ્મમાં જ્યારે આ અત્યારે દેખાતો (પશુપર્વતાદિ રૂપ) પ્રપંચ લીન થઈને રહેલો હોય ત્યારે એને પ્રલય દશા કહે છે.) આવી પ્રલયદશામાં રહેલા જગતનું જે કોઈ મૂલ કારણ હોય તે 'અસત્' (= ન હોવા પણું; કોઈ પણ વસ્તુ કે તત્ત્વના અભાવની સ્થિતિ) ન હતું. કારણ કે એવા અસત્

રૂપ કારણમાંથી આ ભાવાત્મક (= જેમાં પશુ–પર્વતાદિ નક્કર વસ્તુઓ છે તેવા) જગત્‌ની ઉત્પત્તિ થવી શક્ય નથી. (માટે સૃષ્ટિના આરંભે ‘અસત્ ન હતું’ એમ કહ્યું છે.) એ જ પ્રમાણે આત્મતત્ત્વ = ચૈતન્ય તત્ત્વ જેવું કોઈ ‘સત્’ (ભાવાત્મક) તત્ત્વ પણ ન હતું. (સૃષ્ટિના આરંભે ‘અમુક તત્ત્વ હતું’ એમ સત્ તત્ત્વ રૂપે વર્ણવી શકાય એવું કશુંય પણ ન હતું.) અત્યારના જગત્ માં તો સત્ અને અસત્ એમ બંને પ્રકારનાં તત્ત્વો/સ્થિતિઓ જોવા મળે છે. જેમકે, પશુ–પર્વતાદિ છે–સત્ તત્ત્વ છે; અને ‘સસલાના શીંગડા’, કે ‘આકાશમાં પુષ્પ’ આદિ પદાર્થો જે નથી જ, તે અસત્ તત્ત્વો છે. પણ સૃષ્ટિના આરંભે–પ્રલયાવસ્થામાં–તો અસત્ પણ ન હતું અને સત્ પણ ન હતું.

અહીં ‘नो सत् आसीत्’ નો ગર્ભિતાર્થ એવો છે કે–આ ઉક્તિ દ્વારા પારમાર્થિક સત્ તત્ત્વનો નિષેધ નથી સમજવાનો, પણ માયા રૂપ તત્ત્વનો સત્‌ભાવ–હોવાપણું એનો નિષેધ સમજવાનો છે.”

“(પૃથિવ્યાદિ) લોકોને ‘રજસ્’ કહે છે” એવા નિરુક્ત (૪–૧૯) વચનને આધારે, બીજા પાદને આરંભે આવેલા नासीद् रजः શબ્દોને સમજવાના છે. (रजः માં સામાન્યપણે એકવચન હોઈને બહુવચનપરક અર્થ લઈ શકાશે. આમ) વ્યોમની નીચે પૃથિવી, પાતાળાદિ લોકો પણ ન હતા. સાયણે અહીં न व्योम (आसीद्) પછી [न] (व्योम्नः) परः यत् (रजः) आसीत् એવું એક જુદું વાક્ય લીધું છે અને તે મુજબ ‘વ્યોમની ઉપર જે લોક દ્યુલોક = સ્વર્ગલોક, સત્યલોક વગેરે છે તે પણ ન હતાં’ એમ અર્થ કર્યો છે. આમ આ મંત્રના પહેલા બે પાદમાં પરમેષ્ઠી ઋષિ કવિએ ચૌદ ભુવનો જેના ગર્ભમાં છે એવા બ્રહ્માંડનો જ સ્વરૂપથી નિષેધ કર્યો છે.

પુરાણગ્રંથોમાં આ બ્રહ્માંડના આવરક (= ચારે તરફ વીંટળાયેલા ઢાંકણ) રૂપે આકાશ રહેલું છે એમ કહેવાયું છે. પણ પ્રલયદશામાં તો તે પણ ન હતું એમ જાહેર કરવા, હવે ત્રીજા પાદમાં પ્રશ્નમુખે બ્રહ્માંડના આવરણ રૂપ વિયદાદિ પદાર્થોનો પણ નિષેધ કરવામાં આવે છે. જેમકે, किम् आवरीवः । આ (બ્રહ્માંડ)નું આવરણ રૂપ શું હતું ? અર્થાત્ આવરણ રૂપે પણ કશું જ ન હતું. (કારણ કે આવરણ જેને વીંટળાવાનું/વીંટાળવાનું હતું તે આવાર્ય રૂપ બ્રહ્માંડ જ ન હતું; તેથી તેનું આવરક પણ ન જ હોય એમ સમજી શકાય એવું છે). किम आवरीवः ।ને સાયણે બે રીતે સમજાવ્યું છે : શું (કર્મ) વીંટળાયું હતું ?’ અથવા ‘કોણ (કર્તા) વીંટળાઈ વળ્યો હતો ?’ [–वृ वृणोति ‘વીંટળાવું ધાતુનું પૌનઃપુન્યાર્થક, હ્યસ્તન ભૂત. ત્રી.પુ.એ.વ. आवरीवः । આ ક્રિયાપદનું રૂપ મૂળમાં રેફાન્ત છે; અને સંધિ =

સંહિતાને કારણે તે રેફનો વિસર્ગ થયો છે એમ દર્શાવવા પદપાઠમાં इ॒र्तिं કારણ કરીને તે રિફિત વિસર્જનીયને પ્રકટ કર્યો છે.]

कुह = क्व અર્થવાળું અવ્યય; ક્યાં ? એવો પ્રશ્ન કરીને ઋષિ પ્રશ્ન કરે છે કે વીંટળાઈ વળનાર તત્ત્વો ક્યાં (ક્યાં પ્રદેશમાં) ઊભા રહીને એ કામ કર્યું ? એટલે કે વીંટળાવાની ક્રિયા કરવા માટે કોઈ આધાર બની શકે એવો પ્રદેશ પણ સૃષ્ટિના આરંભે ન હતો. સાયણ कस्य शर्मन् માં સપ્તમી લઈને અર્થ કરે છે : કયા ભોક્તૃ જીવના શર્મ = સુખના નિમિત્તે તે આવરક તત્ત્વ વીંટળાયું હશે ? અર્થાત્ જ્યારે સૃષ્ટિ જ ન હતી, ત્યારે એનો ઉપભોગ કરનારા જીવો તો ક્યાંથી જ હોય ? આમ આવરણનું કોઈ નિમિત્ત જ ન હોવાથી તે, તે નિમિત્તરૂપ ભોક્તાનો–જીવનો–પણ નિષેધ કહ્યો છે. ટૂંકમાં, ભોગ્યપ્રપંચની જેમ જ ભોક્તૃપ્રપંચ પણ ન હતો.

આવરણ સહિતના બ્રહ્માંડનો નિષેધ કર્યા પછી, તે બ્રહ્માંડની અંતર્ગત જળ પણ ન હતું એમ જાહેર કરવા "સત્–અસત્–લોક આદિ કશુંય ન હતું" એમ કહીને પ્રશ્ન કરે છે કે–'તો શું ગહન–ગભીર જળ હતું ?' અર્થાત્ એ પણ ન હતું. (ગહન = જેમાં પ્રવેશી ના શકાય એવું, અને ગભીર = ખૂબ ઊંડું).

(અહીં કોઈને પ્રશ્ન થાય કે आपो वा इदमग्रे सलिलमासीत् । (तै. सं. ७–१–५–१) "સૃષ્ટિના આરંભે–અમુક પ્રલય વખતે–પહેલાં કેવળ જળ હતું" એમ જે કહેવાયું છે, તેની વિરુદ્ધમાં પ્રસ્તુત મંત્રમાં તો 'જળ પણ પહેલાં ન હતું' એમ જે પ્રશ્નમુખથી કહ્યું છે તેની સંગતિ કેવી રીતે બેસાડવી ? તો સાયણ કહે છે કે આ બ્રહ્માંડમાં પ્રલયો તો અનેકવાર થયા છે અને થશે. તેથી પ્રસ્તુત મંત્રમાં 'જળ પણ ન હતું' એમ જે કહેવાયું છે તેનાથી કોઈક (મહા)પ્રલયની સ્થિતિનું વર્ણન કરે છે એમ જાણવું. જ્યારે તૈત્તિરીય સંહિતામાં 'સૌથી પહેલાં જળ હતું' એમ જે કહ્યું છે તે અવાન્તર પ્રલયની સ્થિતિ કહેનાર છે.)

(૪) આ સૂક્તની શરૂઆત नासदासीद् શબ્દોથી થાય છે; તેથી તેને "નાસદીય સૂક્ત" એવા નામથી ઓળખવામાં આવે છે.

(૫) વેંકટમાધવે 'ભાવવૃત્ત'ને આ સૂક્તના દેવતા તરીકે ઓળખાવ્યા છે. મહાપ્રલયની અવસ્થામાં (વિયદ્ આદિ) ભાવો–પદાર્થો કેવા રૂપે પડેલા હોય છે તેનું પ્રતિપાદન–વર્ણન–અહીં કરવામાં આવ્યું છે. અહીં 'અસત્' શબ્દ કારણવાચક છે અને 'સત્' શબ્દ કાર્યવાચક છે. સૃષ્ટિના આરંભે કારણસમૂહ કે કાર્યસમૂહ કશું જ ન હતું. વેંકટમાધવે વાજસનેયક બ્રાહ્મણાદિના સંદર્ભોને આગળ ધરીને 'અસત્'નો અર્થ 'પ્રાણ'; અને સત્ નો અર્થ 'અન્તરિક્ષ' પણ કર્યો છે.

(૬) 'વસંત' સામયિકના તા. ૧૩–૧૦–૧૯૧૧ના અંકમાં કોઈ "અભ્યાસી" નામના વિદ્વાને આનો પદ્યાનુવાદ આપ્યો હતો (જે શ્રી ન. દે. મહેતાના 'હિંદ તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ'માં આપ્યો છે) તે આ પ્રમાણે છે :

> નહોતું "અસત્" નવ હતું "સત્" કંઈ સમે, તે,
> ના અંતરિક્ષ, નવ વ્યોમ, હતું પરે કે;
> શું આવરે, કવણ કોણ તણા સુખાર્થે,
> ને શું હતું ગહન પાણી ગભીર આ કે.

ભારતીય તત્ત્વચિંતન પ્રમુખપણે ત્રણ ધારાઓમાં પ્રવર્ત્યું છે. **(૧) અધ્યાત્મ** (અનુભવ કરનાર આત્મા સંબંધી). **(૨) અધિદૈવ** (આ વિશ્વનો આત્મા સાથે સંબંધ કરાવનાર ઈન્દ્રિય–મન વગેરે જ્ઞાનસાધનો સંબંધી) અને **(૩) અધિભૂત** (એટલે પંચભૂતથી ઘડાયેલા આ જગત્ સંબંધી). આ અગાઉ અધ્યાત્મ–વિચારના પ્રાધાન્યવાળું 'વાગામ્ભૃણીય સૂક્ત' (૧૦–૧૨૫) આપે જોયું છે. હવે અહીં પ્રસ્તુત છે અધિભૂતભાવ–ના પ્રાધાન્યવાળું 'નાસદીય સૂક્ત' (૧૦–૧૨૭). તેમાં સૃષ્ટિના આરંભની સ્થિતિનું; તદ્વિષયક તાત્ત્વિક પ્રશ્નોનું વર્ણન છે.

(૭) શ્રી લોકમાન્ય બાળગંગાધર ટિળકે આ સૂક્તનો અનુવાદ તેમના 'ગીતારહસ્ય અથવા કર્મયોગ' ગ્રંથની પ્રસ્તાવનામાં કર્યો છે.★ ત્યાં પ્રથમ મંત્રનો અનુવાદ આમ આપ્યો છે :

"તે વખતે એટલે મૂળ આરંભ વખતે, અસત્ ન હતું ! અંતરિક્ષ ન હતું તેમ તેની પેલે પાર આવેલું આકાશ તે પણ ન હતું ! (એવી સ્થિતિમાં) કોણ (કોને) માટે છાઈને રહેલું હતું ? કોના સુખને માટે ? અગાધ અને ગહન પાણી તે વખતે કોઈ પણ ઠેકાણે હતું શું ?"

તેઓ પાદટીપમાં લખે છે કે આ ૧લી ઋચાના ચોથા ચરણમાં आसीत् किम् એવો અન્વય લઈને અમે ઉપરનો અર્થ કરેલો છે; અને તેનો ભાવાર્થ 'તે વખતે પાણી ન હતું' એવો થાય છે. (જુઓ : તૈ. બ્રા. ૨–૨–૯)

न मृत्युरा॑सीदमृतं न तर्हि न रात्र्या अह्न॑ आसीत्प्रकेतः ।
आनी॑दवातं स्वधया तदेकं तस्मा॑द्धान्यन्न परः किं चना॑स ॥ २ ॥

★ "શ્રીમદ્ભગવદ્ગીતા રહસ્ય અથવા કર્મયોગશાસ્ત્ર"–કર્તા : બાળગંગાધર ટિળક, અનુ. ઉત્તમલાલ કે. ત્રિવેદી, પ્રકા. લો. ટિળક મંદિર, ગાયકવાડવાડા, પૂના–૨, ૧૯૫૬; પૃ. ૨૫૩–૨૫૫.

न । मृ॒त्युः । आ॒सी॒त् । अ॒मृत॑म् । न । तर्हि॑ । न । रात्र्याः॑ । अह्नः॑ । आ॒सी॒त् । प्र॒ऽके॒तः । आनी॑त् । अ॒वा॒तम् । स्व॒धया॑ । तत् । एक॑म् । तस्मा॑त् । ह॒ । अ॒न्यत् । न । प॒रः । किम् । च॒न । आ॒स॒ ॥ २ ॥

ननूक्तस्य प्रतिसंहारस्य संहर्त्रपेक्षत्वात् स एव संहर्ता मृत्युर्विद्यत इत्यत आह ^{V}न ^{V}मृत्युरासीत् इति । ननु यदि स नासीत् तर्हि तदभावकृतम् ^{V}अमृतम् अमरणं प्राणिनामवस्थानं तदानीमपि स्यात् तत्राह । ^{V}अमृतं ^{V}न ^{V}तर्हि इति । तर्हि तस्मिन् प्रतिहारसमये । अयं भावः । सर्वेषां प्राणिनां परिपक्वं भोगहेतुभूतं सर्वं कर्म यदोपभुक्तमासीत् तदा भोगाभावान्निष्प्रयोजनमिदं जगदिति परमेश्वरस्य मनसि संजिहीर्षा जायते । तथैव स मृत्युः सर्वं जगत् संहरत इति किमनेन मृत्युना संहर्त्रा तदभावकृतं वा कथममरणं स्यादिति । एतदेवाभिप्रेत्य कठैराम्नायते—'यस्य ब्रह्म च क्षत्रं चोभे भवत ओदनः । मृत्युर्यस्योपसेचनं क इत्था वेद यत्र सः' (क. उ. २.२५) इति । नन्वेतस्य सर्वस्याधिकरणभूतः कालो विद्यत इत्यत आह न रात्र्या इति । ^{V}रात्र्याः ^{V}अह्नः च ^{V}प्रकेतः प्रज्ञानं ^{V}न ^{V}आसीत् । तद्धेतुभूतयोः सूर्याचन्द्रमसोरभावात् । एतेनाहोरात्रनिषेधेन तदात्मको मासर्तुसंवत्सरप्रभृतिकः सर्वः कालः प्रत्याख्यातः । कथं तर्हि नो सदासीत्तदानीमिति कालवाची प्रत्ययः । उपचारादिति ब्रूमः । यथेदानींतननिषेधस्य कालोऽवच्छेदकस्तथा मायापि तदवच्छेदहेतुरित्यच्छेदकत्वसाम्येनाकालेऽपि कालवाची प्रत्ययः । यदवादिष्म ब्रह्मणः परमार्थसत्त्वमग्रे वक्ष्यत इति तदिदानीं दर्शयत्यानीदिति । ^{V}तत् सकलवेदान्तप्रसिद्धं ब्रह्मतत्त्वम् ^{V}आनीत् प्राणितवत् । नन्वेवं प्राणनकर्तुर्जीवभावापन्नस्यैव ब्रह्मणः सत्त्वं स्यात् न विवक्षितस्य निरुपाधिकस्य ब्रह्मणः । 'अप्राणो ह्यमनाः शुद्धः' इति तस्य प्राणसंबन्धाभावात् तत्राह आनीदवातमिति । अयमाशयः । आनीदित्यत्र धात्त्वर्थक्रिया तत्कर्ता तस्य च भूतकालसंबन्ध इति त्रयोऽर्थाः प्रतीयन्ते । तत्र समुदायो न विधीयते यथाग्नेयोऽष्टाकपाल इति येन ब्रह्मणः सत्त्वं न स्यात् । किं तर्ह्यनेन कर्तृत्वमनूद्य भूतकालसत्तालक्षणो गुणो विधीयते दध्ना जुहोतीति वाक्यान्तरविहिताग्निहोत्रानुवादेन तत्र गुणविधानम् । तत्राप्यनेन कर्तृत्वविशिष्टस्य न पूर्वकालसत्ता विधीयते तन्निषेधानुपपत्तिप्रसङ्गात् अतोऽनेन कर्तृत्वेन इदानींतनेनोपलक्षितं यन्निरुपाधिकं परं ब्रह्म तस्यैव भूतकालसत्ता विधीयत इति न कश्चिद्दोष इति । नन्वीदृशस्य ब्रह्मणो मायया सह संबन्धासंभवात् सांख्याभिमता स्वतन्त्रा सद्रूपा सत्त्वरजस्तमोगुणात्मिका मूल प्रकृतिरेवाभिमतेति कथं नो सदिति निषेधः । तत्राह ^{V} स्वधया इति । स्वस्मिन् धीयते ध्रियत आश्रित्य वर्तत इति स्वधा माया । तया तद्ब्रह्मैकमविभागापन्नमासीत् । 'सहयुक्तेऽप्रधाने' (पा. सू.

२.३.१९) इति तृतीया सहशब्दयोगाभावेऽपि सहार्थयोगे भवति 'वृद्धो यूना' (पा. सू. १.२.६५) इति निपातनाल्लिङ्गात् । अत्र प्रकृतिप्रत्ययाभ्यां तस्याः स्वातन्त्र्यं निवार्यते । यद्यपि असङ्गस्य ब्रह्मणस्तया सह संबन्धो न संभवति तथापि तस्मिन्नविद्यया तत्स्वरूपमिव संबन्धोऽप्यध्यस्यते यथा शुक्तिकायां रजतस्य । एतेन सद्रूपत्वमपि तस्याः प्रत्याख्यातम् । ननु यदि माया ब्रह्मणा सहाविभागापन्न तर्हि तस्या अनिर्वाच्यत्वात् ब्रह्मणोऽपि तत्प्रसङ्ग इति कथं तस्य सत्त्वमुक्तम् आनीदवातमिति । ब्रह्मणो वा सत्त्वात्तस्या अपि सत्त्वप्रसङ्ग इति कथं नो सदासीदिति सत्त्वप्रतिषेधः । मैवम् । अयुक्तिदृष्ट्यैक्यावभासेऽपि युक्त्या विविच्य मायांशस्यानिर्वाच्यत्वं ब्रह्मणः सत्त्वं च प्रतिपादितम् । ननु दृग्दृश्याविति द्वावेव पदार्थौ आनीदवातं स्वधयेति तौ चेदङ्गीक्रियेते तत्किमपरमवशिष्यते यत् नासीद्रजः इत्यादिना प्रतिषिध्येत तत्राह तस्मादिति । Vतस्माद्ध तस्मात् खलु पूर्वोक्तान्मायासहितात् ब्रह्मणः Vअन्यत् V किं Vचन किमपि वस्तु भूतभौतिकात्मकं जगत् Vन Vआस न बभूव ॥ 'छन्दस्युभयथा' इति लिटः सार्वधातुकत्वादस्तेर्भूभावाभावः ॥ ननु तदानीमन्यस्य सत्त्वनिषेधो न शङ्क्यः । असत्त्वे चाप्रसक्तत्वान्न निषेधोपयोग इत्यत आह पर इति । Vपरः परस्तात् सृष्टेरूर्ध्वं वर्तमानमिदं जगत् तदानीं न बभूवेत्यर्थः । अन्यथा उक्तरीत्या क्वचिदपि निषेधो न स्यादिति भावः ॥

અનુવાદ : મૃત્યુ ન હતું, ત્યારે અમૃત પણ ન હતું. રાત્રિનું અને દિવસનું ભેદક/વિશેષ જ્ઞાન ન હતું. તે એક પોતાની મેળે જ/પોતાની માયાથી જ પવન વિના શ્વાસ લેતું હતું. તેનાથી પર હોય એવું બીજું કશું જ ન હતું. (૧૦–૧૨૯–૨)

નોંધ : (૧) સાયણ આ મંત્રને સમજાવતાં લખે છે કે 'સત્ પણ ન હતું અને અસત્ પણ ન હતું' એમ સાંભળ્યા પછી, કોઈને પ્રશ્ન થાય કે એવી પ્રતિસંહારની–પ્રલયની–સ્થિતિ હોય તો તેમાં સંહર્તાની–મૃત્યુની–તો અપેક્ષા રહે જ છે; આથી 'શું એ પ્રલયની સ્થિતિમાં કમસે કમ મૃત્યુ તો વિદ્યમાન હતું ને ?' તો એવા સંભવિત પ્રશ્નના ઉત્તર રૂપે આ મંત્રમાં કહ્યું છે કે તે વખતે 'મૃત્યુ પણ ન હતું.' હવે, બીજો પ્રશ્ન થશે કે જો મૃત્યુ ન હતું, તો તેના અભાવમાં અમરણ–અમૃત–અર્થાત્ પ્રાણીઓનું અવસ્થાન (હાજરી) તો હશે ને ? તો ઋષિ કવિએ એનો પણ નિષેધ કર્યો છે કે ના, અમૃત પણ તે સમયે ન હતું.

હવે કોઈને ત્રીજી શંકા થાય કે એ પ્રલયની સ્થિતિમાં સૌના અધિકરણ રૂપ કાલતત્ત્વ તો હતું કે નહીં ? તો કવિ કહે છે કે 'રાત્રિ કે દિવસનું વિશેષ જ્ઞાન

(= પ્રકેત) જ ન હતું.' કારણ કે એ પ્રલયની સ્થિતિમાં, દિવસ અને રાત્રિ – એવા કાલખંડો જન્માવનાર સૂર્ય–ચંદ્રનો પણ અભાવ હતો. (તો પછી 'नो सदासीत् तदानीं' એવા શબ્દોમાં आसीत् ભૂતકાળનું ક્રિયાપદ, અને तदानीं એવા કાળવાચક અવ્યયનો કેમ પ્રયોગ કર્યો છે ? એવો કોઈને પ્રશ્ન થાય તો એ શબ્દો તો ઉપચારથી–ગૌણ રૂપે જ વપરાયા છે એમ જાણવું.)

ત્રીજા પાદમાં એ સત્ તત્ત્વનો સ્વીકાર કરતું એક વાક્ય છે : तद् एकं स्वधया अवातम् आनीत् । તે એક તત્ત્વ; કે જે પાછળથી વેદાન્ત દર્શનમાં 'બ્રહ્મન્' રૂપે ઓળખાયું છે તે (आनीत् प्राणितवत् = अजीवद् =) શ્વાસ લેતું હતું. હવે જો એ એક શ્વાસ લેતું હતું, તો પ્રશ્ન થશે કે શું તે પ્રલયની સ્થિતિમાં વાયુ હતો (કે જેથી તે શ્વાસ લેતું હતું ?) તો કવિ એનો પણ નિષેધ કરે છે. अवातम् = પવન વિના. અથવા બીજી રીતે વિચારીએ તો आनीत् = 'શ્વસતું હતું' એમ કહો છો તો શ્વાસ લેવું એ તો જીવ ભાવનો સ્વભાવ છે, (પરબ્રહ્મનો નહીં.) કેમ કે નિરુપાધિક બ્રહ્મતત્ત્વ તો अप्राणो ह्यमनाः शुन्द्धः । એવા શ્રુતિવચનને આધારે જણાય છે કે "તે પ્રાણ (શ્વાસ) વિનાનું, મન વિનાનું શુદ્ધ (એવું આત્મતત્ત્વ) છે." તેથી તે એક શ્વાસ લેતા તત્ત્વને જીવભાવ પ્રાપ્ત ન થઈ જાય એટલા માટે ઋષિએ अवातम् પદને મૂક્યું છે.

અહીં स्वधया શબ્દનો અર્થ स्वयम् एव = 'આપમેળે જ' એમ કરવાનો છે. આની ઉપર ચર્ચા કરતાં સાયણ પણ કહે છે કે–કોઈને પ્રશ્ન થાય કે આવા બ્રહ્મનો માયાની સાથે કોઈ સંબંધ જો ન હોઈ શકે તો સાંખ્યમતવાદીઓને અભિમત છે એવી સત્ત્વ, રજસ્ અને તમો ગુણોવાળી મૂળપ્રકૃતિ, કે જે સત્ રૂપ છે તેનું જ અહીં નિરૂપણ થઈ રહ્યું છે એમ કહેવાનું પ્રાપ્ત થાય. પણ તો પછી 'સત્ ન હતું' એમ પ્રારંભે શા માટે કહ્યું છે ? એવો પ્રશ્ન તો થવાનો જ. તો આનો જવાબ આપવા કહે છે स्वधया । અહીં स्वस्मिन् धीयते ध्रियते, आश्रित्य वर्तते । એવી વ્યુત્પત્તિ અનુસાર "જે પોતાનામાં મુકાયેલી છે, કે પોતાનામાં છારણ કરે છે અથવા (પોતાને) આશ્રયે રહીને પ્રવર્તે છે" એ અર્થમાં स्वधा શબ્દનો અર્થ થશે 'માયા'. આથી તે એક (બ્રહ્મ)તત્ત્વ જે પવન વિના શ્વાસ લઈ રહ્યું છે તે स्वधया = 'પોતાની માયાથી જ' અર્થાત્ 'પોતાની મેળે જ' એમ જાણવું.

ચોથા પાદમાં तस्माद् નો અર્થ, સાયણ કહે છે–પૂર્વોક્ત માયાસહિત બ્રહ્મથી બીજું કશુંય (જેવું કે ભૂત–ભૌતિકાત્મક જગત્) न आस = न बभूव । 'હતું નહીં' (સામાન્ય રીતે લૌકિક સંસ્કૃતમાં √अस ધાતુના પરોક્ષ ભૂતકાળમાં રૂપ ચાલે ત્યારે अस् ના સ્થાનમાં √भू આદેશ થઈને बभूव વગેરે રૂપો જ બને છે

२.३.१९) इति तृतीया सहशब्दयोगाभावेऽपि सहार्थयोगे भवति 'वृद्धो यूना' (पा. सू. १.२.६५) इति निपातनाल्लिङ्गात् । अत्र प्रकृतिप्रत्ययाभ्यां तस्याः स्वातन्त्र्यं निवार्यते । यद्यपि असङ्गस्य ब्रह्मणस्तया सह संबन्धो न संभवति तथापि तस्मिन्नविद्यया तत्स्वरूपमिव संबन्धोऽप्यध्यस्यते यथा शुक्तिकायां रजतस्य । एतेन सद्रूपत्वमपि तस्याः प्रत्याख्यातम् । ननु यदि माया ब्रह्मणा सहाविभागापन्न तर्हि तस्या अनिर्वाच्यत्वात् ब्रह्मणोऽपि तत्प्रसङ्ग इति कथं तस्य सत्त्वमुक्तम् आनीदवातमिति । ब्रह्मणो वा सत्त्वात्तस्या अपि सत्त्वप्रसङ्ग इति कथं नो सदासीदिति सत्त्वप्रतिषेधः । मैवम् । अयुक्तिदृष्टयैक्यावभासेऽपि युक्त्या विविच्य मायांशस्यानिर्वाच्यत्वं ब्रह्मणः सत्त्वं च प्रतिपादितम् । ननु दृग्दृश्याविति द्वावेव पदार्थौ आनीदवातं स्वधयेति तौ चेदङ्गीक्रियेते तत्किमपरमवशिष्यते यत् नासीद्रजः इत्यादिना प्रतिषिध्येत तत्राह तस्मादिति । Vतस्माद्ध तस्मात् खलु पूर्वोक्तान्मायासहितात् ब्रह्मणः Vअन्यत् V किं Vचन किमपि वस्तु भूतभौतिकात्मकं जगत् Vन Vआस न बभूव ॥ 'छन्दस्युभयथा' इति लिटः सार्वधातुकत्वादस्तेर्भूभावाभावः ॥ ननु तदानीमन्यस्य सत्त्वनिषेधो न शङ्क्यः । असत्त्वे चाप्रसक्तत्वान्न निषेधोपयोग इत्यत आह पर इति । Vपरः परस्तात् सृष्टेरूर्ध्वं वर्तमानमिदं जगत् तदानीं न बभूवेत्यर्थः । अन्यथा उक्तरीत्या क्वचिदपि निषेधो न स्यादिति भावः ॥

અનુવાદ : મૃત્યુ ન હતું, ત્યારે અમૃત પણ ન હતું. રાત્રિનું અને દિવસનું ભેદક/વિશેષ જ્ઞાન ન હતું. તે એક પોતાની મેળે જ/પોતાની માયાથી જ પવન વિના શ્વાસ લેતું હતું. તેનાથી પર હોય એવું બીજું કશું જ ન હતું. (૧૦–૧૨૯–૨)

નોંધ : (૧) સાયણ આ મંત્રને સમજાવતાં લખે છે કે 'સત્ પણ ન હતું અને અસત્ પણ ન હતું' એમ સાંભળ્યા પછી, કોઈને પ્રશ્ન થાય કે એવી પ્રતિસંહારની—પ્રલયની—સ્થિતિ હોય તો તેમાં સંહર્તાની—મૃત્યુની—તો અપેક્ષા રહે જ છે; આથી 'શું એ પ્રલયની સ્થિતિમાં કમસે કમ મૃત્યુ તો વિદ્યમાન હતું ને ?' તો એવા સંભવિત પ્રશ્નના ઉત્તર રૂપે આ મંત્રમાં કહ્યું છે કે તે વખતે 'મૃત્યુ પણ ન હતું.' હવે, બીજો પ્રશ્ન થશે કે જો મૃત્યુ ન હતું, તો તેના અભાવમાં અમરણ—અમૃત—અર્થાત્ પ્રાણીઓનું અવસ્થાન (હાજરી) તો હશે ને ? તો ઋષિ કવિએ એનો પણ નિષેધ કર્યો છે કે ના, અમૃત પણ તે સમયે ન હતું.

હવે કોઈને ત્રીજી શંકા થાય કે એ પ્રલયની સ્થિતિમાં સૌના અધિકરણ રૂપ કાલતત્ત્વ તો હતું કે નહીં ? તો કવિ કહે છે કે 'રાત્રિ કે દિવસનું વિશેષ જ્ઞાન

(= પ્રકેત) જ ન હતું.' કારણ કે એ પ્રલયની સ્થિતિમાં, દિવસ અને રાત્રિ – એવા કાલખંડો જન્માવનાર સૂર્ય–ચંદ્રનો પણ અભાવ હતો. (તો પછી 'नो सदासीत् तदानीं' એવા શબ્દોમાં आसीत् ભૂતકાળનું ક્રિયાપદ, અને तदानीं એવા કાળવાચક અવ્યયનો કેમ પ્રયોગ કર્યો છે ? એવો કોઈને પ્રશ્ન થાય તો એ શબ્દો તો ઉપચારથી–ગૌણ રૂપે જ વપરાયા છે એમ જાણવું.)

ત્રીજા પાદમાં એ સત્ તત્ત્વનો સ્વીકાર કરતું એક વાક્ય છે : तद् एकं स्वधया अवातम् आनीत् । તે એક તત્ત્વ; કે જે પાછળથી વેદાન્ત દર્શનમાં 'બ્રહ્મન્' રૂપે ઓળખાયું છે તે (आनीत् प्राणितवत् = अजीवद् =) શ્વાસ લેતું હતું. હવે જો એ એક શ્વાસ લેતું હતું, તો પ્રશ્ન થશે કે શું તે પ્રલયની સ્થિતિમાં વાયુ હતો (કે જેથી તે શ્વાસ લેતું હતું ?) તો કવિ એનો પણ નિષેધ કરે છે. अवातम् = પવન વિના. અથવા બીજી રીતે વિચારીએ તો आनीत् = 'શ્વસતું હતું' એમ કહો છો તો શ્વાસ લેવું એ તો જીવ ભાવનો સ્વભાવ છે, (પરબ્રહ્મનો નહીં.) કેમ કે નિરુપાધિક બ્રહ્મતત્ત્વ તો अप्राणो ह्यमनाः शुद्धः । એવા શ્રુતિવચનને આધારે જણાય છે કે "તે પ્રાણ (શ્વાસ) વિનાનું, મન વિનાનું શુદ્ધ (એવું આત્મતત્ત્વ) છે." તેથી તે એક શ્વાસ લેતા તત્ત્વને જીવભાવ પ્રાપ્ત ન થઈ જાય એટલા માટે ઋષિએ अवातम् પદને મૂક્યું છે.

અહીં स्वधया શબ્દનો અર્થ स्वयम् एव = 'આપમેળે જ' એમ કરવાનો છે. આની ઉપર ચર્ચા કરતાં સાયણ પણ કહે છે કે–કોઈને પ્રશ્ન થાય કે આવા બ્રહ્મનો માયાની સાથે કોઈ સંબંધ જો ન હોઈ શકે તો સાંખ્યમતવાદીઓને અભિમત છે એવી સત્ત્વ, રજસ્ અને તમો ગુણોવાળી મૂળપ્રકૃતિ, કે જે સત્ રૂપ છે તેનું જ અહીં નિરૂપણ થઈ રહ્યું છે એમ કહેવાનું પ્રાપ્ત થાય. પણ તો પછી 'સત્ ન હતું' એમ પ્રારંભે શા માટે કહ્યું છે ? એવો પ્રશ્ન તો થવાનો જ. તો આનો જવાબ આપવા કહે છે स्वधया । અહીં स्वस्मिन् धीयते ध्रियते, आश्रित्य वर्तते । એવી વ્યુત્પત્તિ અનુસાર "જે પોતાનામાં મુકાયેલી છે, કે પોતાનામાં છારણ કરે છે અથવા (પોતાને) આશ્રયે રહીને પ્રવર્તે છે" એ અર્થમાં स्वधा શબ્દનો અર્થ થશે 'માયા'. આથી તે એક (બ્રહ્મ)તત્ત્વ જે પવન વિના શ્વાસ લઈ રહ્યું છે તે स्वधया = 'પોતાની માયાથી જ' અર્થાત્ 'પોતાની મેળે જ' એમ જાણવું.

ચોથા પાદમાં तस्माद् નો અર્થ, સાયણ કહે છે–પૂર્વોક્ત માયાસહિત બ્રહ્મથી બીજું કશુંય (જેવું કે ભૂત–ભૌતિકાત્મક જગત્) न आस = न बभूव । 'હતું નહીં' (સામાન્ય રીતે લૌકિક સંસ્કૃતમાં √अस ધાતુના પરોક્ષ ભૂતકાળમાં રૂપ ચાલે ત્યારે अस् ના સ્થાનમાં √भू આદેશ થઈને बभूव વગેરે રૂપો જ બને છે

અને જ્યાં અનુપ્રયોગ રૂપે अस् આવ્યો હોય ત્યાં જ તેના પરોક્ષ ભૂ.કા.માં રૂપો સંભળાય છે જેમ કે, कथयामास । પણ અહીં વેદમાં તો સ્વતન્ત્ર પણે વપરાયેલા √अस् ધાતુનું જ પરોક્ષ ભૂ.કા.ત્રી.પુ.એ.વ.માં आस એવું રૂપ વપરાયું છે તે નોંધપાત્ર છે.)

(૨) "અભ્યાસી"એ કરેલો આનો પદ્યાનુવાદ નીચે પ્રમાણે છે :

"નહોતું વળી મરણ ને અમૃતે નહોતું,
ના રાત કે દિવસ કાંઈ કળાય એવું,
ને શ્વાસ લેતું નિજ શક્તિથી વાયુ વીણ
તે એકલું, અવર તેથી ન કાંઈ ભિન્ન."

(૩) શ્રી બાળગંગાધર ટિળકે આ બીજા મન્ત્રનો અર્થ નીચે મુજબ કર્યો છે– "તે વખતે મૃત્યુ એટલે મૃત્યુગ્રસ્ત નાશવંત દશ્યસૃષ્ટિ ન હતી, (બીજો) અમૃત એટલે અવિનાશી નિત્ય પદાર્થ (આ ભેદ) પણ ન હતો. (તેમ જ) રાત્રિ અને દિવસનો ભેદ ઓળખાય એવું કાંઈ સાધન (= प्रकेत) પણ ન હતું. જે હતું તે એકલું જ સ્વધાથી એટલે પોતાની (શક્તિથી) એવું કંઈક ફરકતું હતું. તેના કરતાં બીજું અથવા તેનાથી પર એવું કંઈ જ ન હતું.

तम॑ आसी॒त्तम॑सा गू॒ळ्हमग्रे॑ऽप्रके॒तं स॑लि॒लं सर्व॑मा इ॒दम् ।
तु॒च्छ्येना॒भ्वपि॑हितं॒ यदासी॒त्तप॑स॒स्तन्म॑हि॒नाजा॑य॒तैक॑म् ॥ ३ ॥

तम॑ः । आसी॒त् । तम॑सा । गू॒ळ्हम् । अग्रे॑ । अ॒प्र॒ऽके॒तम् । स॒लि॒लम् । सर्व॑म् । आ॒ः । इ॒दम् । तु॒च्छ्येन॑ । आ॒भु । अपि॑ऽहितम् । यत् । आसी॑त् । तप॑सः । तत् । म॒हि॒ना । अ॒जा॒य॒त॒ । एक॑म् ॥ ३ ॥

ननूक्तप्रकारेण यदि पूर्वमिदं जगन्नासीत् कथं तर्हि तस्य जन्म । जायमानस्य जानक्रियायां कर्तृत्वेन कारकत्वात् कारकं च कारणावान्तरविशेष इति कारकस्य सतो नियतपूर्वक्षणवर्तित्वस्य अवश्यंभावात् । अथैतद्दोषपरिजिहीर्षया जनिक्रियायाः प्रागपि तद्विद्यत इत्युच्यते । कथं तस्य जन्म । अत आह तमसा गूळ्हमग्रे इति । ^{v}अग्रे सृष्टेः प्राक् प्रलयदशायां भूतभौतिकं सर्वं जगत् ^{v}तमसा ^{v}गूळ्हम् । यथा नैशं तमः सर्वपदार्थजातमावृणोति तद्वत् । आत्मतत्त्वस्यावरकत्वान्मायापरसंज्ञं भावरूपाज्ञानमत्र तम इत्युच्यते । तेन तमसा निगूढं संवृतं कारणभूतेन तेनाच्छादितं भवति । आच्छादकात् तस्मात्तमसो नामरूपाभ्यां यदाविर्भवनं तदेव तस्य जन्मेत्युच्यते । एतेन कारणावस्थायामसदेव कार्यमुत्पद्यते इत्यसद्वादिनोऽसत्कार्यवादिनो ये मन्यन्ते ते प्रत्याख्याताः । ननु कारणे तमसि तज्जगदात्मकं

कार्यं विद्यते चेत् कथं नासीद्रज इत्यादिनिषेधः । तत्राह Vतम Vआसीत् इति । तमो भावरूपाज्ञानं मूलकारणम् । तद्रूपता तदात्मनाम् । यतः सर्वं जगत् प्राक् तम आसीदतो निषिध्यत इत्यर्थः । नन्वावरकत्वादावरकं तमः कर्तृ आवार्यत्वाज्जगत्कर्म । कथं तयोः कर्मकर्त्रोस्तादात्म्यम् । तत्राह अप्रेकतमिति । Vअप्रकेतम् अप्रज्ञायमानम् । अयमर्थः । यद्यपि जगतस्तमसश्च कर्मकर्तृभावो यौक्तिको विद्यते तथापि व्यवहारदशायामिव तस्यां दशायां नामरूपाभ्यां विस्पष्टं न ज्ञायत इति तादात्म्यवर्णनम् ॥ अत एव मनुना स्मर्यते–'आसीदितं तमोभूतमप्रज्ञातमलक्षणम् । अप्रतर्क्यमनिर्देश्यं प्रसुप्तमिव सर्वतः' (मनु. १.५) इति कुतो वा न प्रज्ञायते तत्राह । Vसलिलम् । 'षल गतौ' । औणादिक इलच् । Vइदं दृश्यमानं Vसर्वं जगत् सलिलं कारणेन संगतमविभागापन्नम् Vआः आसीत् । अस्तेर्लङि तिपि 'बहुलं छन्दसि' इतीडभावे 'हल्ङ्याब्भ्यः' इति तिलोपे 'तिप्यनस्तेः' (पा. सू. ८.२.७३) इति पर्युदासाद्दकाराभावः । यद्वा सलिलमिति लुप्तोपमम् । सलिलमिव । यथा क्षीरेणाविभागापन्नं नीरं दुर्विज्ञानं तथा तमसाविभागापन्नं जगन्न शक्यविज्ञानमित्यर्थः । ननु विविधविचित्ररूपभूयसः प्रपञ्चस्य कथमतितुच्छेन तमसा क्षीरेण नीरस्येवाभिभवः । तथा तमोऽपि क्षीरवद्धलवदित्येवोच्यते । तर्हि दुर्बलस्य जगतः सर्गसमयेऽपि नोद्भवसंभव इत्यत आह तुच्छ्येन इति । आ समन्ताद्भवतीति Vआभु Vतुच्छ्येन । छान्दसो यकारोपजनः । तुच्छेन तुच्छकल्पनेन सदसद्विलक्षणेन भावरूपाज्ञानेन Vअपिहितं छादितम् Vआसीत् । दधातेः कर्मणि निष्ठा दधातेर्हि । 'गतिरनन्तरः' इति गतेः प्रकृतिस्वरत्वम् Vएकम् एकीभूतं कारणेन तमसाविभागतां प्राप्तमपि तत्कार्यजातं Vतपसः स्त्रष्टव्यपर्यालोचनरूपस्य Vमहिना माहात्म्येन Vअजायत उत्पन्नम् । तपसः स्त्रष्टव्यपर्यालोचनरूपत्वं चान्यत्राम्नायते–'यः सर्वज्ञः सर्वविद्यस्य ज्ञानमयं तपः' (मु. उ. १.१.९) इति ॥

અનુવાદ : (સૃષ્ટિની) પહેલાં અંધકારથી ગૂઢ (= વીંટળાયેલો) અંધકાર હતો. આ બધુંય અજ્ઞેય (= ન ઓળખી શકાય) એવું જળ (જ) હતું, તુચ્છ (એવા અજ્ઞાન)થી ઢંકાયેલું આભુ હતું. તે એક તપના મહિમાથી જન્મ્યું હતું. (૧૦–૧૨૯–૩)

નોંધ : (૧) સાયણ આ મન્ત્ર ઉપર લખે છે કે अग्रे એટલે સૃષ્ટિની પહેલાં અર્થાત્ પાંચ મહાભૂતોની બનનારું સર્વ ભૌતિક જગત્ (= तमः) પ્રલયદશામાં અંધકારથી ગૂઢ (तमसा गूळ्हम्) હતું. જેવી રીતે રાત્રિનો અંધકાર જગત્‌ના બધા જ પદાર્થોને વીંટળાઈ વળે છે તેમ અહીં तमसा શબ્દથી કયો અંધકાર

લેવાનો છે ? એ સમજાવતાં સાયણ કહે છે કે આત્મતત્ત્વ પોતે આવરક હોવાથી★ તે (આત્મતત્ત્વ)ને માટે तमसा શબ્દ વપરાયો છે; અને 'માયા' એ જેનું બીજું નામ છે તે ભાવરૂપ અજ્ઞાનને અહીં तमः કહ્યું છે. જે કારણ રૂપ तमसा–તમસ્‌થી આ (માયાસંજ્ઞક) तमः નિગૂઢ છે, તે આચ્છાદક એવા તમસ્‌માંથી નામ–રૂપ વડે તે (માયાસંજ્ઞક) तमः નો (= જગત્ નો) જે આવિર્ભાવ, તે 'તેનો જન્મ થયો' એમ કહેવાશે.) પહેલા પાદમાં આ પ્રકારના નિરૂપણથી અસત્ કાર્યવાદીઓનું પ્રત્યાખ્યાન (ખંડન) કરવામાં આવ્યું છે. (અસત્ કાર્યવાદીઓનું એમ કહેવું હતું કે "અસત્ એવા કારણમાંથી જ કાર્ય રૂપ આ જગત્ ની ઉત્પત્તિ થઈ છે. એટલે કે જેનું કોઈ કારણ નથી એવી આ સૃષ્ટિ છે" પણ ઉપર કહ્યું તેમ કારણ રૂપ કોઈ તમઃ તો પહેલાં હતું.) હવે પ્રશ્ન થાય કે તે કારણરૂપ તમસ્ માં જો જગદાત્મક કાર્ય રહેલું જ હતું તો नासीद् रजः '(સૃષ્ટિની પહેલાં) કોઈ લોક ન હતાં.' (મન્ત્ર–૧લા માં) એમ કેમ કહ્યું છે ? એના જવાબમાં અહીં કહ્યું છે કે 'तम आसीत्'। આ 'તમઃ' તે ભાવ રૂપ અજ્ઞાન, જે મૂલકારક છે તે.

અહીં પ્રશ્ન થશે કે આવરક હોઈને એ તમઃ ને કર્તા ગણાશે અને આવાર્ય હોવાથી જગત્ કર્મ બનશે. તો પછી, એ કર્તા–કર્મ બન્ને અંધકારમય–તમઃ હોય એમ તાદાત્મ્ય કેવી રીતે કહી શકાય ! આના જવાબમાં अप्रकेतम् કહેવાયું છે. અપ્રકેત એટલે ન જાણી શકાતું. અર્થાત્–જગત્ અને તમસનો કર્મ–કર્તૃભાવ યુક્તિસિદ્ધ છે, તો પણ વ્યવહારદશાની જેમ તે (સૃષ્ટિના આરંભની) દશામાં નામ–રૂપથી સ્પષ્ટ રૂપે ઓળખી જ શકાતું નથી, એટલે તેમની વચ્ચે તાદાત્મ્ય હોય એવી રીતે વર્ણન કર્યું છે.

આ મન્ત્રમાં જે ભાવ–વિચાર વ્યક્ત થયો છે એનો જ સાર કાઢીને 'મનુસ્મૃતિ'માં પણ કહ્યું છે કે –

आसीदिदं तमोभूतमप्रज्ञातमलक्षणम् ।
अप्रतर्क्यमनिर्देश्यं प्रसुप्तमिव सर्वतः ॥ (१–५)

હવે બીજી વખત કહે છે કે अग्रे = સૃષ્ટિના આરંભે શું હતું ? એ કેમ જાણી શકાય એમ નથી ? તો મન્ત્રકારે કહ્યું છે કે इदं सर्वं सलिलम् आः । (षल् गतौ ધાતુ ઉપરથી 'જે જાય છે' તે = 'સલિલ' એવો શબ્દ બન્યો છે) અર્થાત્ આ દશ્યમાન આખું જગત્ (સલિલ =) કારણની સાથે સંગત થયેલું, એટલે કે વિભાગ નહીં પામેલું (आः =) હતું. અથવા (અહીં લુપ્તોપમ પદ ગણીને) सलिलम् ની પાછળ इव નો અધ્યાહાર લઈશું તો અર્થ આમ થશે :

★ સાયણના आत्मतत्त्वावरकत्वात् એવા શબ્દોનો 'આત્મતત્ત્વને ઢાંકનાર હોઈને' એવો કર્મપરક અર્થ લેવો ઉચિત નથી.

દૂધથી જુદું નહીં પહેલું–ભેગું મળેલું–પાણી જેમ ઓળખવું મુશ્કેલ છે તેવી રીતે તમસ્ થી ઢંકાયેલું જગત્ જાણવું શક્ય નથી હોતું.

સાયણે ત્રીજા પાદનો અર્થ કરતી વખતે આભુ નો અર્થ आ समन्ताद् भवति । 'જે ચારે તરફ ફેલાયેલ છે' તે (જગત્)ને 'આભુ' કહેવાય છે એમ કર્યો છે. આવું 'આભું' તુચ્છ એવા [છતાંય સત્ અને અસત્ એ બન્નેથી વિલક્ષણ એવા ભાવ રૂપ] અજ્ઞાનથી અપિહિત = આચ્છાદિત થઈને રહેલું હતું.

ચોથા ચરણને માટે સાયણ કહે છે કે કારણ રૂપ તમસ્ થી છૂટું = વિભાગ નહીં પામેલું તે 'એક' અર્થાત્ એક રૂપ બનેલું કાર્યસમૂહ = (દૃશ્યમાન) જગત્ તપના મહિમાથી જન્મ્યું = ઉત્પન્ન થયું. અહીં પ્રશ્ન થાય કે આ કયું તપ ? તો "જે સર્વજ્ઞ અને સર્વવિદ્ય છે તેનું જ્ઞાનમય તપ હોય છે" એવા મુંડકોપનિષદ્‌ના વાક્યને આધારે અહીં, "સ્રષ્ટવ્ય પદાર્થોની પર્યાલોચના કરવી એને જ તપ ગણવું." એમ સમજાય છે. આથી મારે શું શું ઉત્પન્ન કરવાનું છે–સર્જવાનું છે એમ વિચારણા કરવામાં આવે તેને જ અહીં 'તપ' કહ્યું છે. આ તપના મહિમાથી જગત્ જન્મ્યું છે.

(૨) શ્રી બા. ગં. ટિળકે સાયણથી જુદા પડીને 'આભુ'નો અર્થ 'સર્વ–વ્યાપી બ્રહ્મતત્ત્વ' એવો કર્યો છે. તેમના મુજબ આનો અનુવાદ અને સમજૂતી નીચે મુજબ છે : "અંધકાર હતું (અને) આરંભમાં એ સર્વ અંધકારથી વ્યાપ્ત અને ભેદાભેદરહિત પાણી હતું; (કિંવા) આભુ એટલે સર્વવ્યાપી બ્રહ્મ (આરંભે જ) તુચ્છ એવી ખોટી માયા, તેથી આચ્છાદિત હતું–એવું જે (જે કહેવાય છે) તે મૂળ એક (બ્રહ્મ) જે તપના મહિમાએ કરીને (પાછળથી બીજે રૂપે) પ્રકટ થયેલું હતું."

"આ ત્રીજી ઋચાના પહેલાં ત્રણ ચરણોને સ્વતન્ત્ર કલ્પીને સૃષ્ટિના આરંભમાં 'અન્ધકાર, અન્ધકારથી છવાયેલું પાણી અથવા તુચ્છથી આચ્છાદિત આભુ (પોલાણ) હતાં.' એવો તેનો વિધાનાત્મક અર્થ કેટલાક કરે છે, પણ અમારા (ટિળકના) મતમાં તે ભૂલભરેલો છે. કારણ પહેલી બે ઋચામાં, મૂળ આરંભમાં કાંઈ જ ન હતું એવું જો કે સ્પષ્ટ વિધાન છે, પણ તેનાથી તદ્દન વિરુદ્ધ અંધકાર અથવા પાણી મૂળ આરંભમાં હતું, એવું તે જ સૂક્તમાં કહ્યું જાય એ શક્ય નથી. સિવાય આ પક્ષમાં ત્રીજા ચરણમાંનું 'यत्' પદ નિષ્કારણ માનવું પડે છે. એટલે ત્રીજા ચરણના यत् પદનો ચોથા ચરણમાંના तत् પદ સાથે સંબંધ જોડીને અમને ઉપર આપ્યા પ્રમાણે અર્થ લગાડવાની જરૂર પડે છે. મૂળ આરંભમાં પાણી વગેરે પદાર્થો હતા. એવું કહેનારા લોકોને ઉત્તર આપવા માટે આ ઋચા આ સૂક્તમાં આપેલી છે અને તમે કહો છો તે પ્રમાણે તમ, પાણી વગેરે પદાર્થ મૂળ ન હતાં પણ એક બ્રહ્મનો તે આગળનો વિસ્તાર જ છે એમ કહેવાનો ઋષિનો હેતુ છે.

તુચ્છ અને આભુ એ બે શબ્દો એકમેકના પ્રતિયોગી છે, તુચ્છથી ઉલટો, એટલે 'મોટું' અથવા સમર્થ એવો આભુ શબ્દનો અર્થ થાય છે અને ઋગ્વેદમાં જે બીજાં બે સ્થળોમાં આ શબ્દ આવેલો છે ત્યાં (ઋ. ૧૦–૨૭–૧, ૪) સાયણાચાર્યે આ જ અર્થ લીધેલો છે. 'પંચદશી'માં તુચ્છ આ શબ્દ માયાને લાગુ પાડવામાં આવ્યો છે. (નૃસિ. ઉત્તર–૯) અર્થાત્ 'આભુ'નો અર્થ 'પોલાણ' નહીં પણ પરબ્રહ્મ એવો જ થાય છે.

(૩) વેંકટ માધવે આ મન્ત્રનો વળી ત્રીજી રીતે અર્થ કર્યો છે : 'પ્રકૃતિ'ને ધ્યાનમાં રાખીને આ મન્ત્રના આરંભે 'તમ હતું' એમ કહ્યું છે. એ તમસ્ થી ઢંકાયેલું આ બધું, પહેલાં જાણી ન શકાય એવું = અપ્રજ્ઞાત હતું. 'આવું આવું' પહેલાં હતું એમ કહી શકાય એવું તો કશું ન હતું. મનુસ્મૃતિ (૧–૫)માં પણ આવું કહ્યું છે. ત્યાર પછી આ બધું સલિલ હતું. ક્ષોદનીય મૃત્યુથી અર્થાત્ ઉદકથી આ જે આભુ = મહાન્ બ્રહ્મ ઢંકાયેલ હતું, તે બ્રહ્મના તપના મહિમા વડે એક 'ભૂત' ઉત્પન્ન થયું. આ ('ભૂત') તે 'મન' કહેવાય છે. (૪) પ્રા. વેલણકર કહે છે કે आभु એ સૃષ્ટિનું ઉપાદાનકારણ છે. आसीत् અને अजायत શબ્દો સત્કાર્યવાદને સૂચિત કરે છે, તથા तपसः महिना (સ્વયં પોતાની તપસ્યાથી) એ શબ્દો સચેતન કારણવાદની તરફ અંગુલિનિર્દેશ કરે છે.

काम॒स्तद॒ग्रे सम॑वर्त॒ताधि॒ मन॑सो॒ रेत॑ः प्रथ॒मं यदासी॑त् ।
स॒तो बन्धु॒मस॑ति॒ निर॑विन्दन् हृ॒दि प्र॒तीष्या॑ क॒वयो॑ मनी॒षा ॥ ४ ॥

काम॑ः । तत् । अग्रे॑ । सम् । अ॒व॒र्त॒त॒ । अधि॑ । मन॑सः । रेत॑ः ।
प्र॒थ॒मम् । यत् । आसी॑त् । स॒तः । बन्धु॑म् । असति । निः । अ॒वि॒न्द॒न् ।
हृ॒दि । प्र॒ति॒ऽइष्य॑ । क॒वय॑ः । म॒नी॒षा ॥ ४ ॥

ननूक्तरीत्या यदीश्वरस्य पर्यालोचनं जगतः पुनरुत्पत्तौ कारणं तदेव किंनिबन्धनमित्यत आह कामस्तदग्र इति । ^{V}अग्रे अस्य विकारजातस्य सृष्टेः प्रागवस्थायां परमेश्वरस्य मनसि ^{V}कामः समवर्तत सम्यगजायत । सिसृक्षा जातेत्यर्थः । ईश्वरस्य सिसृक्षा वा किंहेतुकेत्यत आह मनस इति । ^{V}मनसः अन्तःकरणस्य संबन्धि वासनाशेषेण मायायां विलीनेऽन्तःकरणे समवेतम् । सामान्यापेक्षमेकवचनम् । सर्वप्राण्यन्तःकरणेषु समवेतमित्यर्थः । एतेनात्मनो गुणाधारत्वं प्रत्याख्यातम् । तादृशं ^{V}रेतः भाविनः प्रपञ्चस्य बीजभूतं ^{V}प्रथमम् अतीते कल्पे प्राणिभिः कृतं पुण्यात्मकं कर्म ^{V}यत् यतः कारणात् सृष्टिसमये ^{V}आसीत् अभवत् । भूष्णु वर्धिष्णवजायत परिपक्वं सत् फलोन्मुखमासीदित्यर्थः ।

तत्ततो हेतोः फलप्रदस्य सर्वसाक्षिणः कर्माध्यक्षस्य परमेश्वरस्य मनसि सिसृक्षा अजायतेत्यर्थः । तस्यां च जातायां स्त्रष्टव्यं पर्यालोच्य ततः सर्वं जगत् सृजति । तथा चाम्नायते—'सोऽकामयत बहुः स्यां प्रजायेयेति स तपोऽतप्यत स तपस्तप्त्वेदं सर्वमसृजत यदिदं किंच' (तै. आ. ८.६) इति श्रुतिः । आत्मनेत्थमवगमितेऽर्थे विद्वदनुभवमप्यनुग्राहकत्वेन प्रमाणयति सत इति । Vसतः सत्त्वेन इदानीमनुभूयमानस्य सर्वस्य जगतः V बन्धुं बन्धकं हेतुभूतं कल्पान्तरे प्राण्यनुष्ठितं कर्मसमूहं Vकवयः क्रान्तदर्शना अतीतानागतवर्तमानाभिज्ञा योगिनः Vहृदि हृदये निरुद्धया Vमनीषा मनीषया बुद्ध्या । 'सुपां सुलुक्' इति तृतीयाया लुक् । Vप्रतीष्य विचार्य । 'अन्येषामपि' इति साहितिको दीर्घः । Vअसति सद्विलक्षणेऽव्याकृते कारणे Vनिरविन्दन् निष्कृष्यालभन्त विविच्याजानन्नित्यर्थः ॥

અનુવાદ : (આ વિકારરૂપ સૃષ્ટિની) આગળ = પૂર્વે એ (પરમેશ્વર)ના (મનની) અંદર કામ જન્મ્યો (= સર્જન કરવાની ઇચ્છા ઊભી થઈ.) જે (આ 'કામ', તે જ) (એના) મનનું પ્રથમ રેતસ્ હતું. બુદ્ધિ વડે હૃદયમાં વિચારણા કરીને (प्रतीष्य) કવિઓએ સત્ (= વ્યક્ત) રૂપ (આ જગત્)ને બાંધનાર જે (કર્મસમૂહ) તેને અસત્‌ની અંદર (અર્થાત્ સત્‌થી વિલક્ષણ એવા અવ્યાકૃત = અવ્યક્ત કારણમાં) ઓળખ્યું. (निरविन्दन्) (૧૦—૧૨૯—૪)

નોંધ : (૧) સાયણ કહે છે કે આગળના મન્ત્રોમાં ઈશ્વરનું પર્યાલોચન કરીને, આ જગત્ ની ઉત્પત્તિની બાબતમાં એ (પરમેશ્વર) કઈ રીતે કારણરૂપ બને છે એની હવે રજૂઆત કરવામાં આવે છે. આ વિકારમાંથી જન્મેલી સૃષ્ટિની પૂર્વે પરમેશ્વરના મનમાં 'કામ' અર્થાત્ સિસૃક્ષા (= સર્જન કરવાની ઇચ્છા) જન્મી. 'પ્રથમમ્'નો અર્થ છે : અતીત = અગાઉના કલ્પમાં પ્રાણીઓ વડે કરવામાં આવેલ પુણ્યાત્મક કર્મ, જે ભવિષ્યમાં થનારા પ્રપંચનું બીજભૂત રેતસ્ છે તે આ પરમાત્માના મનમાં રહેલું હોય છે. સર્વના સાક્ષી અને સઘળાં કર્મોના અધ્યક્ષ એવા પરમેશ્વરના મનમાં એવું 'પ્રથમ રેતસ્' હોય છે; કે જેમાંથી તેમને સિસૃક્ષા થાય છે અને ત્યાર પછી તે જે કાંઈ સર્જવાનું હોય છે તેનો વિચાર કરીને જગત્‌ને ઉત્પન્ન કરે છે.

ક્રાન્તદર્શી કવિઓ પોતાની મનીષાથી હૃદયની અંદર વિચાર કરીને 'સત્ ના બન્ધુ' એવા (કર્મસમૂહ)ને અસત્ માં ઓળખે છે. અહીં 'બન્ધુ'નો અર્થ છે : બન્ધક—બાંધનાર. સત્ અર્થાત્ અત્યારે અનુભવાતું (અર્થાત્ વ્યક્ત) જગત્. તેને પ્રાણીઓએ કલ્પાન્તરમાં કરેલા કર્મોનો સમૂહ બાંધનાર છે. આવા સત્ ના બન્ધુ રૂપ કર્મસમૂહને કવિઓ અસત્ માં અર્થાત્ સત્ (રૂપ જગત)થી વિલક્ષણ = જુદા એવા અવ્યાકૃત = અવ્યક્ત કારણ (પરમેશ્વર)માં ઓળખે છે, પામે છે.

(૨) શ્રી બા. ગં. ટિળકે આનો અનુવાદ આમ કર્યો છે : "(એના) મનનું જે રેત એટલે બીજ પ્રથમ નીકળ્યું તે જ પહેલાં કામ (એટલે સૃષ્ટિ રચવાની ઇચ્છા અથવા પ્રવૃત્તિ, શક્તિ) થયું. જ્ઞાતા પુરુષોએ પોતાના હૃદયમાં પરીક્ષા કરીને પોતાની બુદ્ધિથી નક્કી કરેલું છે કે, આ જ અસત્ મધ્યે એટલે (અવ્યક્ત એવા) મૂળ પરબ્રહ્મમાં સત્ નો એટલે કે વિનાશી દશ્યસૃષ્ટિનો પ્રથમ સંબંધ છે."

ति॒र॒श्चीनो॒ वित॑तो र॒श्मिरे॑षाम॒धः स्वि॑दासी३दु॒परि॑ स्विदासी३त् ।
रे॒तो॒धा आ॑सन्महि॒मान॑ आसन्त्वस्व॒धा अ॒वस्ता॒त्प्रय॑तिः प॒रस्ता॑त् ॥ ५ ॥

ति॒र॒श्चीन॑ः । विऽत॑तः । र॒श्मिः । ए॒षा॒म् । अ॒धः । स्वि॒त् । आ॒सी३त् । उ॒परि॑ । स्वि॒त् । आ॒सी॒३त् । रे॒तः॒ऽधाः । आ॒स॒न् । म॒हि॒मान॑ः । आ॒स॒न् । स्व॒धा । अ॒वस्ता॑त् । प्र॒ऽय॑तिः । प॒रस्ता॑त् ॥ ५ ॥

एवमविद्याकामकर्माणि सृष्टेर्हेतुत्वेनोक्तानि । अधुना तेषां स्वकार्यजनने शैघ्र्यं प्रतिपाद्यते । येयं नासदासीदित्यविद्या प्रतिपादिता यश्च कामस्तदग्रे इति कामो मनसो रेतः प्रथमं यदासीदित यत्कर्म Vएषाम् अविद्याकामकर्मणां वियदादिभूतजातानि सृजतां Vरश्मिः रश्मिसदृशो यथा सूर्यरश्मिः उदयानन्तरं निमेषमात्रेण युगपत् सर्वं जगत् व्याप्नोति तथा शीघ्रं सर्वत्र व्याप्नुवन् यः कार्यवर्गः Vविततः विस्तृतः Vआसीत् । स्विदासीत् इति वक्ष्यमाणमत्रापि संबध्यते । 'विचार्यमाणानाम्' (पा.सू. ८.२.९७) इति प्लुतः । तत्रोदात्त इत्यनुवृत्तेः स चोदात्तः । Vस्वित् इति वितर्के । स कार्यवर्गः प्रथमतः किं Vतिरश्चीनः तिर्यगवस्थितो मध्ये स्थित आसीत् किंवा Vअधः अधस्तात् Vआसीत् । आहोस्वित् Vउपरि उपरिष्टात् किमासीत् । 'उपरि स्विदासीदिति च' (पा. सू. ८.२.१०२) इत्यनुदात्तः प्लुतः । 'आत्मन आकाशः संभूत आकाशाद्वायुर्वायोरग्निः' (तै.आ. ८.१) इत्यादिकया पञ्चमीश्रुत्या तत उद्गातारं ततो होतारमितिवत् क्रमप्रतिपत्तौ सत्यामपि विद्युत्प्रकाशवत् सर्गस्य शीघ्रव्यापनेन तस्य क्रमस्य दुर्लक्षणत्वादेतेषु त्रिषु स्थानेषु प्राथम्यं कुत्रेति विचार्यते । एवं नाम शीघ्रं सर्वतो दिक्षु सर्गो निष्पन्न इत्यर्थः । एतदेव विभजते । सृष्टेषु कार्येषु मध्ये केचिद्भावाः रेतोधाः Vरेतसो बीजभूतस्य कर्मणो विधातारः कर्तारो भोक्तारश्च जीवाः Vआसन् अन्ये भावाः Vमहिमानः । स्वार्थिक इमनिच् । महान्तो वियदादयो भोग्याः Vआसन् । एवं मायासहितः परमेश्वरः सर्वं जगत् सृष्ट्वा स्वयं चानुप्रविश्य भोक्तृभोग्यादिरूपेण विभागं कृतवानित्यर्थः । अयमेवार्थस्तैत्तिरीयके 'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्'

(तै. आ. ८.६) इत्यारभ्य प्रतिपाद्यते । तत्र च भोक्तृभोग्ययोर्मध्ये ^{V}स्वधा । अन्ननामैतत् । भोग्यप्रपञ्चः ^{V}अवस्तात् अवरो निकृष्ट आसीत् । ^{V}प्रयति प्रयतिता भोक्ता ^{V}परस्तात् पर उत्कृष्ट आसीत् । भोग्यप्रपञ्चं भोक्तृप्रपञ्चस्य शेषभूतं कृतवानित्यर्थः । 'विभाषा परावराभ्याम्' (पा. सू. ५.३.२९) इति प्रथमार्थे अस्तातिः । 'अस्ताति च' (पा. सू. ५.३.४०) इत्यवरशब्दस्यावादेशः अवस्तादिति संहितायाम् ईषा अध्यक्षादित्वात् प्रकृतिभावः ॥

અનુવાદ : (વિયદ્ વગેરે ભૂતસમૂહને સર્જતાં) એમનો (પરમેશ્વરનો ?) રશ્મિ (રૂપ કાર્યસમૂહ) ત્રાંસો ફેલાયો; કે પછી, તે નીચે (ગયો) હતો ? (કે ઉપરના ભાગે (ગયો/ફેલાયો) હતો ? (ત્યારે) રેતસ્ નું (બીજનું) આધાન કરનારા (= મૂકનારા) હતા. મહાન્ એવા (વિયદાદિ ભોગ્ય પદાર્થો) હતા. નીચેના ભાગે સ્વધા (= અન્ન, કે ભોગ્ય પ્રપંચ) હતી તથા ઉપરના ભાગે પ્રયતિ (= ભોક્તા) હતો. (૧૦–૧૨૯–૫)

નોંધ : (૧) एषाम् = આમનો અર્થાત્ અવિદ્યા રૂપ કામ અને અતીત કલ્પનાં કર્મો – કે જે વિયદાદિ ભૂતોને સર્જી રહ્યાં હતાં, તેમનો રશ્મિ, અર્થાત્ રશ્મિ જેવો કાર્યસમૂહ तीरश्चीनः = ત્રાંસો ફેલાયો. (૨) બીજા પાદમાં સ્વિદ્ એવો અવ્યય વાપર્યો છે. તે વિતકાર્થક છે. અર્થાત્ વ્યક્તિ જ્યારે કોઈ મૂઝવણ સાથે શંકા, તર્ક–વિતર્ક કરે ત્યારે એ વિચારણા રજૂ કરતા વાક્યમાં સ્વિદ્ અવ્યય વપરાય છે. પણ આ સંદર્ભમાં વ્યાકરણકારો કહે છે કે (વિતર્કની અવસ્થામાં) आसीत् નો 'ई' સ્વર પ્લુત = ત્રિમાત્રિક ઉચ્ચારાય છે. આથી સંહિતામાં તેની પાછળ ३ (ત્રણ સંખ્યા)નું નિશાન મૂકાય છે; જેથી સૂચિત થાય કે सीने इ ત્રિમાસિક પ્લુત ઉચ્ચારવાનો છે. (આ કોઈ સ્વતન્ત્ર સ્વરિતનું સ્વરાંકન કરતો '३' નથી.) (૩) મેકડોનલ કહે છે કે 'રેતોધા' અને 'મહિમાનઃ'–આ શબ્દો વિશ્વોત્પત્તિના પુરુષતત્ત્વના અને સ્ત્રીતત્ત્વના વાચક છે. 'પ્રયતિ' અને 'સ્વધા' યથાક્રમે આ તત્ત્વોને મળતાં આવે છે. આમાંથી સૂચન લઈને વેલણકર સાહેબે આ મન્ત્રનો અનુવાદ નીચે મુજબ આપ્યો છે : "એને જોડનાર બન્ધ તિર્યક્ બનીને સર્વત્ર ફેલાયો હતો. શું આ (પરમાત્મ તત્ત્વ) નીચે પણ, અને ઉપર પણ રહેલ હતું ? (તે હકીકતમાં બે ભાગોમાં વિભાજિત થઈ ગયો અને એની અડધી શક્તિઓ) રેતઃનું સીંચન કરનાર પુરુષતત્ત્વ બની ગઈ, અને બાકીની અડધી (શક્તિઓ) (ગર્ભધારણ–પોષણ કરવા યોગ્ય વિશાળ (સ્ત્રીતત્ત્વ) બની ગઈ. સ્વધા શક્તિ નીચે હતી અને પ્રયતિશક્તિ તેની પાર (ઉપર) હતી." વિશેષમાં તેઓ કહે છે કે – પૂર્વવર્તિની ઋચાના 'કામ'ને જ અહીં બે શક્તિઓને જોડનાર સૂત્ર કહેવામાં આવ્યું છે. કામ વાસ્તવમાં બન્ને

શક્તિઓને સાંધનાર, સંયુક્ત કરનાર સૂત્ર છે. આના અભાવમાં બન્ને શક્તિઓ પરસ્પરમાં મળીને ઉત્પાદન કાર્ય કરી શકતી નથી. બીજા પાદનો જે પ્રશ્ન છે. તેનો અપેક્ષિત ઉત્તર 'હા' જ લેવાનો છે. આભુ તો એક જ છે; આથી તે નીચે અને ઉપર અર્થાત્ બન્ને સ્થાનોમાં કેવી રીતે રહી શકશે ? એવો સંદેહ આ પ્રશ્નના ગર્ભમાં રહેલો છે. આનો ઉત્તર બૃહદારણ્યકોપનિષદ્ માં વિસ્તારથી આપ્યો છે : स (आत्मा) वै न रेमे । तस्मादेकाकी न रमते । स द्वितीयमैच्छत् । स ह एतावानास यथा स्त्रीपुमांसौ संपरिष्वक्तौ । स इममेवात्मानं द्वेधा अपातयत् । ततः पतिश्च पत्नी च अभवताम् । १–४–३ ॥ ત્રીજા પાદમાં આ બન્ને તત્ત્વો (પુંસ્ત્વ–સ્ત્રીત્વ)નો પુંલિંગ બહુવચનમાં અને, ચોથા પાદમાં સ્ત્રીલિંગ એકવચનમાં નિર્દેશ છે. स्वधा (√धा) 'પોતાનામાં ધારણ કરવાની શક્તિ', प्रयतिः (प्र + √यम्) 'પોતાની (અંદર)થી આગળ/બહાર ફેંકનારી, સમર્પિત કરનારી શક્તિ.'

૪. શ્રી બા. ગં. ટિળકે આનો અનુવાદ આમ કર્યો છે; "આ એનાં રશ્મિઓ એટલે કિરણો આડાં પડ્યાં' છે. ઉપર પણ હતાં, નીચે પણ હતાં. તેમાંના કેટલાંક બીજ નાખનારાં થયાં, અને વધીને મોટાં પણ થયાં, એની શક્તિ આ તરફ વ્યાપ્ત થઈ અને પ્રભાવ પેલી તરફ વ્યાપ્ત થયો."

૫. વેંકટમાધવે આ સૂક્ત 'ભાવવૃત્ત દેવતા'વાળું છે એ વાત કદાચ વિસારે પાડીને एषाम् નો અર્થ 'દ્યુલોકમાં રહેલા દેવો' કર્યો છે; અને रेतोधाः નો અર્થ 'જળને આપનારા દેવો' એમ કર્યો છે. આ અર્થઘટન બહુ પ્રતીતિકર બનતું નથી; તે ચિન્ત્ય છે.

को अ॒द्धा वे॑द॒ क इ॒ह प्र वो॑च॒त्कुत॒ आजा॑ता॒ कुत॑ इ॒यं विसृ॑ष्टिः ।
अ॒र्वाग्दे॒वा अ॒स्य वि॒सर्ज॑नेना॒था को वे॑द॒ यत॑ आब॒भूव॑ ॥ ६ ॥

कः । अ॒द्धा । वे॒द॒ । कः । इ॒ह । प्र । वो॒च॒त् । कुत॑ः । आऽजा॑ता । कुत॑ः । इ॒यम् । विऽसृ॑ष्टिः । अ॒र्वाक् । दे॒वाः । अ॒स्य । वि॒ऽसर्ज॑नेन । अथ॑ । कः । वे॒द॒ । यत॑ः । आ॒ऽब॒भूव॑ ॥ ६ ॥

एवं भोक्तृभोग्यरूपेण सृष्टिः संग्रहेण प्रतिपादिता । 'एतावद्वा इदमन्नं चैवान्नादश्च सोम एवान्नमग्निरन्नाद' (श. ब्रा. १.४.२.१३) इतिवत् । अथेदानीं सा सृष्टिर्दुर्विज्ञानेति न विस्तरेणाभिहितेत्याह को अद्धेति । ᵛ कः पुरुषः ᵛअद्धा पारमार्थ्येन ᵛवेद जानाति । ᵛ कः वा ᵛइह असिमँल्लोके ᵛ प्र ᵛवोचत् प्रब्रूयात् । ᵛइयं दृश्यमाना ᵛ विसृष्टिः विविधा भूतभौतिकभोक्तृभोग्यादिरूपेण बहुप्रकारा

सृष्टिः कुतः कस्मादुपादानकारणात् । ᵛकुतः कस्माच्च निमित्तकारणात् ᵛआजाता समन्ताज्जाता प्रादुर्भूता । एतदुभयं सम्यक् को वेद को वा विस्तरेण वक्तुं शक्नुयादित्यर्थः । ननु देवाः अजानन्तः । सर्वज्ञास्ते ज्ञास्यन्ति वक्तुं च शक्नुवन्तीत्यत आह अर्वागिति । ᵛदेवाः च ᵛअस्य जगतो विसर्जनेन ᵛवियदादिभूतोत्पत्त्यनन्तरं विविधं यद्भौतिकं सर्जनं सृष्टिस्तेन ᵛअर्वाक् अर्वाचीनाः कृताः । भूतसृष्टेः पश्चाज्जाता इत्यर्थः । तथाविधास्ते कथं स्वोत्पत्तेः पूर्वकालीनां सृष्टिं जानीयुः । अजानन्तो वा कथं प्रब्रूयुः । उक्तं दुर्विज्ञानत्वं निगमयति । ᵛअथ एवं सति देवा अपि न जानन्ति किल । तद्व्यतिरिक्तः ᵛकः नाम मनुष्यादिः ᵛवेद तज्जगत्कारणं जानाति ᵛयतः कारणात् कृत्स्नं जगत् ᵛआबभूव अजायत ॥

અનુવાદ : કોણ પારમાર્થિક (अद्धा) રૂપે જાણતું હશે ? અહીં (આ લોકમાં) (આ વિષે) કોણ કહેશે ? આ વિવિધ પ્રકારની સૃષ્ટિ ક્યાંથી (= કયા ઉપાદાનકારણમાંથી) ઉત્પન્ન થઈ છે ? દેવો તો આ (વિયદાદિ) વિસ્તૃત સર્જનની અપેક્ષાએ અર્વાચીન (अर्वाक्) છે; (તેથી તેમને તો કેવી રીતે ખબર હોઈ શકે ?) જેમાંથી આ બધુંય (સકળ જગત્) જન્મ્યું છે, તે વિષે (દેવો સિવાય બીજું) કોણ જાણતું હશે ? (૧૦–૧૨૯–૬)

નોંધ : (૧) સાયણ કહે છે કે સૃષ્ટિની ઉત્પત્તિ અંગે જાણવું મુશ્કેલ છે. એથી એ વિષે વિસ્તારથી શું કહેવું ? એને ટૂંકમાં જ જો કહેવું હોય તો को अद्धा० વગેરે મન્ત્ર દ્વારા કહે છે : કયો માણસ પરમાર્થપણે–પૂરેપૂરી અને સાચી રીતે–જાણતો હશે, અથવા કોણ અહીં કહેશે (કે સૃષ્ટિ શેમાંથી, કોણે, કેવી રીતે સર્જી હશે) ? આ વિવિધ પ્રકારની ભૂત–ભૌતિક–ભોક્તૃ–ભોગ્ય રૂપાદિ બહુ પ્રકારની સૃષ્ટિ કયા ઉપદાનકારણમાંથી થઈ હશે ? અથવા કયા નિમિત્તકારણમાંથી આ બધી સૃષ્ટિ થઈ હશે ? – આ બન્ને વાત કોણ જાણતું હશે અને વિસ્તારથી કહેવા શક્તિમાન હશે ? પ્રાથમિક દૃષ્ટિએ એમ લાગે કે કદાચ દેવો આ વિષે જાણતા હશે, કેમ કે દેવો તો સર્વજ્ઞ છે એથી બધું જાણતા હશે અને તે કહી પણ શકશે. તો આ સૂક્તના ઋષિ કહે છે કે દેવો તો આ જગત્ નું સર્જન થયા પછી ઉત્પન્ન થયેલા છે : विसर्जनेन अर्वाक् સર્જનથી–સર્જનની અપેક્ષાએ–અર્વાચીન છે. અર્થાત્ દેવો વિયદ્–વાયુ આદિ ભૂતસૃષ્ટિની પછી જન્મેલા છે, આથી તેઓ તેમની પણ પૂર્વે જન્મેલી સૃષ્ટિને વિષે કશુંય કેવી રીતે જાણતા હોઈ શકે ? અને જાણતા ન હોય તો તે વિષે કહી પણ કેવી રીતે શકે ? તો પછી દેવો સિવાય બીજું એવું કોણ રહ્યું કે જે આ બધું જાણતું હોય; કે આ જગત્ શેમાંથી થયું હશે ?

(૨) શ્રી બા. ગં. ટિળકે આનો અનુવાદ આમ કર્યો છે. "સત્‌નો આ વિસર્ગ એટલે વિસ્તાર શેમાંથી આવ્યો કે ક્યાંથી આવ્યો, તે (આના કરતાં) કોણ વિસ્તારથી કહી શકે તેમ છે ?" કોણ નિશ્ચયપૂર્વક જાણે છે ? દેવો પણ આ સત્ સૃષ્ટિના વિસર્ગ પછીના છે, તો તે ક્યાંથી પ્રકટ થઈ તે કોણ જાણી શકે ?

(૩) પ્રોફે. વેલણકર લખે છે કે – अस्य માં સૃજનને માટે ઉન્મુખ પેલા ત્રીજી ઋચાના आभु નો ઉલ્લેખ છે. બીજા પાદના પ્રારંભિક અંશમાં એક અક્ષર વધારે છે. એનું કારણ સંભવતઃ आजाता શબ્દના ઉપસર્ગ 'आ' નો એમાં (પાછળથી) અનુપ્રવેશ થયો હશે, જે विसृष्टि શબ્દમાંના वि ઉપસર્ગનું અનુકરણ કરવા જતાં ઉમેરાયો હશે. आबभूव ક્રિયાપદના કર્તા તરીકે विसृष्टिः અભિપ્રેત લાગે છે.

इ॒यं विसृ॑ष्टि॒र्यत॑ आब॒भूव॒ यदि॑ वा द॒धे यदि॑ वा॒ न ।
यो अ॒स्याध्य॑क्षः पर॒मे व्यो॑म॒न्त्सो अ॒ङ्ग वे॑द यदि॑ वा॒ न वे॑द ॥ ७ ॥

इ॒यम् । विऽसृ॑ष्टिः । यत॑ः । आ॒ऽब॒भूव॑ । यदि॑ । वा॒ । द॒धे । यदि॑ । वा॒ । न । यः । अ॒स्य॒ । अधि॑ऽअक्षः । प॒र॒मे । विऽओ॑मन् । सः । अ॒ङ्ग । वे॒द॒ । यदि॑ । वा॒ । न । वेद॑ ॥ ७ ॥

उक्तप्रकारेण यथेदं जगत्सर्जनं दुर्विज्ञानं एवं सृष्टं तज्जगत् दुर्धरमपीत्याह इयमिति । ^{V}यतः उपादानभूतात् परमात्मनः ^{V}इयं ^{V}विसृष्टिः विविधा गिरिनदीसमुद्रादिरूपेण विचित्रा सृष्टिः ^{V}आबभूव आजाता सोऽपि किल ^{V}यदि ^{V}वा ^{V}दधे धारयति ^{V}यदि ^{V}वा ^{V}न धारयति । एवं च को नाम अन्यो धर्तुं शक्नुयात् । यदि धारयेदीश्वर एव धारयेन्नान्य इत्यर्थः । एतेन कार्यस्य धारयितृत्वप्रतिपादनेन ब्रह्मण उपादानकारणत्वमुक्तं भवति । तथा च पारमार्षं सूत्रं–'प्रकृतिश्च प्रतिज्ञादृष्टान्तानुपरोधात्' (वे.सू. १.४.२३) इति । यद्वा । अनेनार्धर्चेन पूर्वोक्तं सृष्टेर्दुर्ज्ञानत्वमेव द्रढयति । को वेदेत्यनुवर्तते । इयं विविधा सृष्टिः यत आबभूव आ समन्तादजाययेति को वेद । न कोऽपि । नास्त्येव जगतो जन्म न कदाचिदनीदृशं जगदिति बहवो भ्रान्ता भवन्त्यपि । यतः । 'जनिकर्तुः प्रकृतिः'. (पा. सू. १.४.३०) इत्यपादानसंज्ञायां पञ्चम्यास्तसिल् । यस्मात् परमात्मन उपादानभूतादाबभूव तं परमात्मानं को वेद । न कोऽपि । प्रकृतितः परमाणुभ्यो वा जगज्जन्मेति हि बहवो भ्रान्ताः । तथा स एवोपादानभूतः परमात्मा स्वयमेव निमित्ताभूतोऽपि सन् यदि या दधे विदधे इदं जगत् ससर्ज यदि वा न ससर्ज । असंदिग्धे संदिग्धवचनमेतच्छास्त्राणि चेत्प्रमाणं स्युरिति यथा । स एव विदधे । तं को वेद । अजानन्तोऽपि बहवो जडात् प्रधानादकर्तृकमेवेदं

जगत् स्वयमजायतेति विपरीतं प्रतिपन्ना विदधतो विधानमजानन्तोऽपि । स एव उपादानभूत इत्यपि को वेद । कोऽपि । उपादानादन्यः तटस्थ एवेश्वरो विदधे इति हि बहवः प्रतिपन्नाः । देवो अपि यन्न जानन्ति तदर्वाचीनानामेषां तत्परिज्ञाने कैव कथेत्यर्थः । यद्येवं जगत्सृष्टिरत्यन्तदुरवबोधा न तर्हि सा प्रमाणपद्धतिमध्यास्त इत्याशङ्क्य तत्सद्भाव ईश्वरमेव प्रमाणयति यो अस्येति । ᵛअस्य भूतभौतिकात्मकस्य जगतः ᵛयः ᵛअध्यक्षः ईश्वरः ᵛपरमे उत्कृष्टे सत्यभूते ᵛव्योमन् व्योमन्याकाशे आकाशवन्निर्मले स्वप्रकाशे । यद्वा । अवतेस्तर्पणार्थात् ‘अन्येभ्योऽपि दृश्यन्ते’ इति मनिन् । ‘नेङ्वशि कृति’ इतीट्प्रतिषेधः । ‘ज्वरत्वर’ इत्यादिना वकारोपधयोः ऊट् । सप्तम्या लुक् । ‘न ङिसबुद्धयोः’ इति नलोपप्रतिषेधः ॥ व्योमनि विदेषेण तृप्ते । निरतिशयानन्दस्वरूपे इत्यर्थः । यद्वा । अवतिर्गत्यर्थः । व्योमनि विशेषेण गते व्याप्ते । देशकालवस्तुभिरपरिच्छिन्न इत्यर्थः । अथवा । अवतिर्ज्ञानार्थः । व्योमनि विशेषेण ज्ञातरि विशिष्टज्ञानात्मनि । ईदृशे स्वात्मनि प्रतिष्ठितः । श्रूयते हि सनत्कुमारनारदयोः संवादे–‘स भगवः कस्मिन् प्रतिष्ठित इति स्वे महिम्नि’ (छा. उ. ७.२४.१) इति । ईदृशो यः परमेश्वरः ᵛसो ᵛअङ्ग । अङ्गेति प्रसिद्धौ । सोऽपि नाम ᵛवेद जानाति । ᵛयदि ᵛवा ᵛ न ᵛवेद न जानाति । को नामे अन्यो जानीयात् । सर्वज्ञ ईश्वर एव तां सृष्टिं जानीयात् नान्य इत्यर्थः ॥ १७ ॥

અનુવાદ : જે (પરમાત્મા)માંથી આ વિવિધ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. તેણે તો આને ધારણ કરી હશે કે નહીં કરી હોય ? (અથવા–એણે એનું નિર્માણ કર્યું હશે કે નહીં ?) આ (જગત્)નો જે અધ્યક્ષ ઊંચા આકાશમાં (છે), તે પણ કદાચ જાણતો હશે કે નહીં જાણતો હોય !!! (૧૦–૧૨૯–૭)

નોંધ : (૧) સાયણ કહે છે કે જેવી રીતે આ જગત્ નું સર્જન થયું એમ જાણી શકાતું નથી તેમ તે સર્જાયેલું જગત ધારણ કરી રાખવું પણ મુશ્કેલ છે એમ આ મન્ત્રના આરંભે કહ્યું છે, यतः = જેમાંથી = ઉપાદાનકારણભૂત પરમાત્મામાંથી આ વિસૃષ્ટિ = વૈવિધ્યવાળી અર્થાત્ ગિરિ-નદી-સમુદ્ર વગેરે પદાર્થોથી બનેલી આ વિચિત્ર સૃષ્ટિ બની છે; તેણે પણ શું આ (સૃષ્ટિ)ને ધારણ કરી રાખી હશે કે નહીં ધારણ કરી હોય ? (અને એ પરમાત્માએ નહીં ધારણ કરી હોય તો બીજો તો કોણ ધારણ કરી શકવાનો હતો ?! અર્થાત્ આ વાક્યથી એમ કહેવાયું છે કે જો કોઈએ પણ સૃષ્ટિને ધારણ કરી રાખી હોય તો તે ઈશ્વરે જ ધરી રાખી હશે; બીજા કોઈનું એ કામ ન હોઈ શકે, સામર્થ્ય ન હોઈ શકે.) આમ કાર્ય રૂપ સૃષ્ટિનું ધારયિતૃત્વ ઈશ્વરમાં છે–બ્રહ્મન્ માં છે એમ કહીને, બ્રહ્મનું ઉપાદાનકારણત્વ કહ્યું છે.

અથવા આ પૂર્વ અર્ધર્ચથી, અગાઉની જેમ જ સૃષ્ટિનું દુર્જ્ઞાનત્વ–દુર્જ્ઞેયત્વ–ફરીથી દૃઢ કરે છે. જેમ કે, [એમ માનીએ કે को वेद = કોણ જાણતું હશે ? એટલો અંશ પૂર્વેના છઠ્ઠા મન્ત્રમાંથી અહીં પહેલા પાદમાં અનુવૃત્ત કરવાનો છે એટલે કે यतः इयं विसृष्टिः आबभूव (इति को वेद) એવું વાક્ય લઈએ–તો] "આ વિવિધ સૃષ્ટિ જેમાંથી આવી છે–ઉત્પન્ન થઈ છે તે કોણ જાણતું હશે ?" (અર્થાત્ કોઈ નહીં જાણતું હોય.) આ શ્રુતિવચનને આધારે જે કેટલાક ભ્રાન્તમતો ઉદ્‌ભવ્યા છે તે તરફ પણ સાયણ ધ્યાન દોરે છે. દા.ત., (૧) 'આ જગત્‌નો જન્મ થયો જ નથી; કેમ કે આ જેવું દેખાય છે એવું જગત્ છે જ નહીં.' ઘણા લોકોનો આવો ભ્રાન્ત મત છે. પણ ખરેખર અહીં यतः પદમાં અપાદાન–પંચમ્યર્થે तस् પ્રત્યય લાગ્યો છે એમ વ્યાકરણની મદદથી જાણવું. તો આનો અર્થ એમ થશે કે "જે (પરમાત્મા)માંથી આ સૃષ્ટિ જન્મી છે, તેને = તે પરમાત્માને કોણ જાણશે ?" (૨) "પ્રકૃતિ રૂપ પરમાણુઓમાંથી જ જગત્ નો જન્મ થયો હશે" એમ પણ ઘણા ભ્રાન્ત લોકો (વૈશેષિકો) માને છે, તો અહીં (પરમાણુ રૂપ) ઉપાદાનકારણ બનેલા પરમાત્માએ જ (એ પરમાણુઓના સંઘટનમાં) નિમિત્તકારણ પણ બનીને આ (જગત્)નું (वा दधे = विदधे) સર્જન કર્યું હશે કે નહીં ? એવો પ્રશ્ન થાય છે. તો કહે છે કે હા, તે પરમાત્માએ જ આને સર્જ્યું છે, પણ તેને કોણ જાણતું હશે ? અર્થાત્ કોઈ નહીં જાણતું હોય. (૩) જડ એવા 'પ્રધાન' તત્ત્વમાંથી, (એટલે કે કર્તા વિનાનું) આ જગત્ સ્વયં જ જન્મ્યું છે એમ વિપરીત માન્યતા પણ ઘણા (સાંખ્યવાદીઓ) ધરાવે છે. આવા લોકોની પ્રત્યે પણ અહીં (મન્ત્રમાં) પ્રશ્ન કરવામાં આવ્યો છે કે તે (પરમાત્મા) જ ઉપાદાન રૂપ છે એવું પણ કેટલાને ખબર હશે ? અર્થાત્ કોઈનેય ખબર નથી. (૪) અથવા–"ઉપાદાન કારણથી તદ્દન ભિન્ન–સ્વતન્ત્ર, તટસ્થ એવા ઈશ્વરે જ આ (જગત્)નું સર્જન કર્યું છે" એવું પણ ઘણા માને છે. (૫) દેવો પણ જે જાણતા નથી કેમ કે તેઓ તો સૃષ્ટિની રચનાના સમયની અપેક્ષાએ અર્વાચીન છે, તેથી તેમનેય આની ખબર ક્યાંથી હોય ?

આવા વિવિધ પક્ષો સાંભળ્યા પછી કોઈને પ્રશ્ન થાય કે જો જગત્‌ની સૃષ્ટિ = સર્જન આમ અત્યંત દુર્બોધ હોય, તો પછી તે પ્રમાણથી પણ સિદ્ધ કરી શકાશે નહીં, એવી કોઈ શંકા કરે તો મન્ત્રકાર 'આ સૃષ્ટિનો સર્જનકાર કોઈક = ઈશ્વર છે એમ પ્રમાણિત કરવા માટે ત્રીજા પાદમાં यो अस्य अध्यक्षः વગેરે શબ્દો કહે છે. यः જે अस्य આનો = જગત્‌નો અધ્યક્ષ = ઈશ્વર પરમ વ્યોમમાં (અર્થાત્ (૧) ઉત્કૃષ્ટ સત્યભૂત આકાશમાં; અથવા (૨) પરમ આનંદમાં, (૩) વિશેષ રૂપે વ્યાપી વળેલામાં, (૪) વિશિષ્ટ જ્ઞાન રૂપમાં) વિરાજમાન છે તે (अङ्ग =) ચોક્કસ

જ જાણતો હશે; અથવા કદાચ તે પણ નહીં જાણતો હોય. હવે એ અધ્યક્ષ પણ ‘આ સૃષ્ટિ ક્યાંથી/શેમાંથી જન્મી ?’ એ નહીં જાણતો હોય તો પછી બીજો કોણ જાણી શકવાનો હતો. (સાયણ આવો કાકુ લઈને ઉમેરે છે કે) આથી સર્વજ્ઞ એવો ઈશ્વર જ તે સૃષ્ટિને જાણતો હશે; બીજો કોઈ નહીં જાણતો હોય.

(૨) શ્રી બા. ગં. ટિળકે આનો અનુવાદ આમ કર્યો છે : સત્‌નો આ વિસ્તાર જ્યાંથી થયો, અથવા તે નિર્મિત થયો અથવા ન થયો, તે પરમ આકાશમાં રહેનાર આ જગત્ જે અધ્યક્ષ (હિરણ્યગર્ભ) તે જાણતા હશે અથવા ન પણ જાણતા હોય ! (તે કોણ કહી શકે ?)

(૩) વેંકટમાધવ કહે છે કે – આ વિસૃષ્ટિ જેમાંથી જન્મી છે તે જ એને જાણતો હશે. સર્જેલું આ (જગત્) જો તે સ્રષ્ટાએ જ ધારણ કરી રાખ્યું છે કે નહીં ? એ પણ તે જ જાણે છે, આ સમગ્ર જગત્ નો જ અધ્યક્ષ = અધિદ્રષ્ટા છે તે પરમ વ્યોમમાં રહેલો સૂર્ય જ આ બધું જાણતો હશે, અથવા તે નહીં પણ જાણતા હોય.

(૪) પ્રોફે. વેલણકર કહે છે કે પૂર્વાર્ધના પહેલા પાદમાં यतः શબ્દથી ઉપાદાન કારણ તરફ, અને બીજા પાદમાં दधे એવી ક્રિયાથી એના કર્તા તરફ કવિ અંગુલિનિર્દેશ કરી રહ્યા છે. અહીં બીજા પાદમાં यदि वा न ની પાછળ दधे પદ (છન્દની દૃષ્ટિએ) હોવું જરૂરી હતું; પણ એને જાણી જોઈને દૂર કરી દીધું છે, અથવા લખ્યું જ નથી, એમ લાગે છે. આના પરિણામે તે (બીજા) પાદમાં બે અક્ષર ઘટે છે; પણ તેથી પાદના અંતે આવેલા न વડે ઈપ્સિત અભાવ વધારે પ્રભાવપૂર્ણ રીતે અભિવ્યક્ત થઈ શક્યો છે.

★ ★ ★

॥ शुक्लयजुर्वेदः ॥

ભૂમિકા : યજુર્વેદના ૩૪મા અધ્યાયના આરંભે જે છ મન્ત્રો આવેલા છે તે 'શિવ–સંકલ્પ ઉપનિષદ્'ના નામે વિખ્યાત છે. કારણ કે આ મન્ત્રો દ્વારા માણસનું મન શુભ–શિવ–કલ્યાણકારી સંકલ્પવાળું થાય એવી કામના કરવામાં આવી છે. માણસનું મન નિરતિશય વેગવાળું છે. જાગતા અને સૂતેલા વ્યક્તિનું મન ઘણે દૂર જનારું હોય છે. આ તેની એક વિશિષ્ટ શક્તિ છે. તે વાયુ કરતાં પણ વધુ વેગવાળું છે. આથી તેને 'જવિષ્ઠ' કહ્યું છે. તે મનુષ્યની બાલ–યુવા–કે વૃદ્ધાવસ્થામાં એકસરખું જ તાજગીપૂર્ણ થનગનતું હોય છે. આથી તેને અજર–અમર કહ્યું છે. તે ઈન્દ્રિયોને પણ પ્રકાશ આપનાર છે. આથી આપણું મન જો પવિત્ર, કલ્યાણકારી વિચારો કરનારું થાય, સાચા સારા સંકલ્પો કરે તો વિશ્વકલ્યાણ હાથવગું જ છે એમાં શંકા નથી. આથી तन्मे मनः शिवसंकल्पमस्तु ॥ એવી પ્રાર્થના અહીં ફરી ફરીને કરવામાં આવી છે, દરેક મન્ત્રના અંતે તેને ધ્રુવ–પંક્તિ રૂપે પુનરુક્ત કરવામાં આવેલ છે. જીવનમાં કરવા જેવી આ જ એક પ્રાર્થના છે. જેણે મન જીત્યું તેણે સઘળું જીત્યું; જેના વિચારો, સંકલ્પો સારા–શિવ–શુભ તેનું જગત પણ શિવ–મંગલમય બની રહે છે. અન્યથા આ જગત્નો વિનાશ નિશ્ચિત છે.

यज्जाग्रतो दूरमुदैति दैवं तदु सुप्तस्य तथैवैति ।
दूरंगमं ज्योतिषां ज्योतिरेकं तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ १ ॥

દેવતા : મન, ઋષિ : યાજ્ઞવલ્ક્ય, છન્દ : ત્રિષ્ટુપ્

અનુવાદ : "જાગતા (વ્યક્તિ)નું જે (મન) ઘણે દૂર જાય છે, તથા સૂતેલા (વ્યક્તિ)નું એ પ્રકાશ રૂપ દૈવી (મન) પણ એ જ રીતે (ઘણે દૂર) જાય છે. દૂર જનારું એ (મન) અન્ય જ્યોતિઓ (= ઈન્દ્રિયો)નું પણ એકમાત્ર જ્યોતિ (પ્રકાશક) છે; તેવું મારું મન શુભ કલ્યાણકારી–સંકલ્પવાળું હજો." (૩૪.૧)

નોંધ : આ મન્ત્રમાં, મનુષ્યના મનની અસાધારણ વિશિષ્ટ શક્તિઓને ધ્યાનમાં લઈને, તે કલ્યાણકારી સંકલ્પવાળું–વિચારવાળું થાય એવી પ્રાર્થના કરવામાં આવી છે. जाग्रतः (पुरुषस्य) यत् (= मनः) दूरम् उदैति (= उद्गच्छति) 'જાગતા (વર્તમાન કૃદન્ત) વ્યક્તિનું જે (મન) દૂર જાય છે.' આને સમજાવતાં ઉવટ કહે છે કે – चक्षुः प्रभृतीनि अपेक्ष्य । અર્થાત્ માણસનું મન આંખ દ્વારા (ચક્ષુરિન્દ્રિયના માધ્યમ દ્વારા) ઘણે દૂર જઈ શકે છે. सुप्तस्य 'સુતેલા વ્યક્તિનું પણ મન તે જ પ્રકારે (દૂર) જાય છે.' અહીં મનને માટે दैवम् શબ્દનો પ્રયોગ

કર્યો છે. दिव् 'પ્રકાશવું', 'ચમકવું' અર્થવાળા ધાતુમાંથી દેવ શબ્દ બને છે. ઉવટ કહે છે કે – देवो विज्ञानात्मा, सोऽनेन गृह्यत इति दैवम् । દેવ એટલે જ્ઞાન સ્વરૂપ આત્મા, આવો આત્મા જેના દ્વારા ગૃહીત થાય છે તે (મન)ને 'દૈવ' કહે છે.

तदु = तद् उ । અહીં यत् થી શરૂ થયેલું વાક્ય જે મનની એક અવસ્થામાં એક પ્રકારની શક્તિ વર્ણવી રહ્યું છે, તે જ મનની બીજી અવસ્થામાં એક બીજી શક્તિ કહેનારું ઉત્તરાર્ધનું વાક્ય પણ यद् થી શરૂ થવું જોઈએ એમ ઉવટ કહે છે : तदः स्थाने यदोवृत्तिः । तथा उकारः समुच्चयार्थीयः । तदु માંના उ કારનો અર્થ 'સમુચ્ચય' ('च = અને') જેવો થાય છે.

दूरंगमम् (= दूरं गच्छति यद् इति) '–દૂર જનારું.' આને સમજાવતાં ભાષ્યકાર ઉવટ કહે છે કે – अतीतानागतवर्तमानव्यवहितविप्रकृष्टगृहीतृ (मनः) । અર્થાત્ માનવનું મન કઈ રીતે દૂર જનારું છે ? તો – જે મન ભૂતકાળ, ભવિષ્યત્કાળ અને વર્તમાનકાળની વસ્તુઓમાં જનારું હોય છે; તથા જે ભીંત વગેરે કશાક અન્તરાયની પાછળ રહેલું હોય છે, સમુદ્રને ઓળંગીને રહેલી વિદેશની ભૂમિમાં પણ જઈ આવનારું હોય છે તેને दूरंगमम् 'દૂર જનારું' કહેવાય છે.

ज्योतिषां ज्योतिः – 'ઇન્દ્રિય રૂપ પાંચ જ્યોતિઓનું પણ જ્યોતિ (= પ્રકાશ આપનારું) તે મન છે. ઉવટ કહે છે : ज्योतिषां श्रोत्रादीनां विज्ञाननेतृणां मध्ये एकम् एव ज्योतिः । આવું તે મારું મન શિવસંકલ્પવાળું થાવ. ભાષ્યકાર મહીધર જણાવે છે કે – यच्च मनो ज्योतिषां प्रकाशकानां श्रोत्रादीन्द्रियाणामेकमेव ज्योतिः प्रकाशकं प्रवर्तकमित्यर्थः । प्रवर्तितान्येव श्रोत्रादीन्द्रियाणि स्वविषये प्रवर्तन्ते । "શ્રોત્ર, ચક્ષુઃ વગેરે ઇન્દ્રિયો બાહ્ય જગત્ના પદાર્થોનું પ્રકાશન કરે છે – પણ તે ઇન્દ્રિયોને પ્રકાશ પૂરું પાડનાર જે જ્યોતિ = પ્રકાશક છે તે મન છે. મન વડે જ પ્રવર્તિત કરવામાં આવેલી શ્રોત્ર, ચક્ષુ વગેરે ઇન્દ્રિયો પોતપોતાના વિષયમાં પ્રવૃત્ત થાય છે." આને વધુ વિશદ કરતાં મહીધર ઉમેરે છે કે – आत्मा मनसा संयुज्यते मन इन्द्रियेण, इन्द्रियम् अर्थेन इति न्यायोक्तेः मनः संबन्धम् अन्तरा तेषाम् अप्रवृत्तेः । (જ્ઞાન થવાની પ્રક્રિયા આ મુજબ થતી હોય છે :–) આત્મા, (કે જે એકલું ચૈતન્ય = પ્રકાશક તત્ત્વ છે) તે મનની સાથે જોડાય છે, પછી મન ઇન્દ્રિયની સાથે જોડાય છે અને છેલ્લે ઇન્દ્રિય પોતાના વિષયની સાથે (દા.ત. આંખ રૂપ સાથે, જીહ્વા સ્વાદ જોડે વગેરે) જોડાય છે ત્યારે બાહ્ય જગત્ ના કોઈ પણ પદાર્થનું જ્ઞાન થાય છે. પણ (આત્માથી સંયુક્ત થયેલા) મનનું જ્યાં સુધી ઇન્દ્રિય સાથે સંધાન થયું હોતું નથી ત્યાં સુધી કોઈ વસ્તુનું જ્ઞાન થતું જ નથી. આંખ ખુલ્લી હોય, પણ જો આપણું મન બીજા કશાકનો વિચાર કરતું હોય તો સામેની વસ્તુનું

આપણને જ્ઞાન થતું નથી. ભાષ્યકાર ઉવટે અહીં 'શિવ–સંકલ્પવાળું'નો અર્થ शान्तसंकल्पम् કરીને, એક બહુ સંકુચિત અર્થઘટન આપ્યું છે :– तत् मे मनः शिवसंकल्पमस्तु । संकल्पः काममूलपदार्थस्य स्त्र्यादेः सुरूपताज्ञानवतः कामप्रभृति शान्तसंकल्पम् अस्तु भवतु ॥ અર્થાત્ સ્ત્રીઓ કામનું મૂળ છે, તેમની સુરૂપતાનું જ્ઞાન થતાં, જે કામના ઊભી થાય છે, તેના પ્રત્યે આપણું મન, શાંત સંકલ્પવાળું થાય એવી પ્રાર્થના છે. ઉવટે 'આવો' અર્થ આપ્યો છે પણ તેનું વ્યાકરણથી કે કોશગત શબ્દાર્થથી સમર્થન થઈ શકે એમ નથી. शिव નો અર્થ કલ્યાણકારી, મંગળકારી (જ) થાય છે; પણ शान्त (શમી ગયેલું) એવો અર્થ ચિન્ત્ય જ છે.

ગ્રીફીથે આ મન્ત્રની પહેલી પંક્તિનો જુદી રીતે અનુવાદ કર્યો છે :– That which, divine, mounts far when man is waking, that which returns to him when he is sleeping. 'એ દિવ્ય (મન) જાગતા વ્યક્તિનું જે દૂર જાય છે, અને તે વ્યક્તિ જ્યારે સુતો હોય છે ત્યારે તે તેની પાસે પાછું ફરે છે.' तन्मे मनः शिवसङ्कल्पमस्तु નો તેમણે 'may that, my mind, be moved by right intention.' 'તે મારું મન સાચા–સમ્યક્ સંકલ્પથી (કાર્યમાં) પ્રવૃત્ત થાવ.' – એવો અનુવાદ કર્યો છે.

येन॒ कर्मा॑ण्य॒पसो॑ मनी॒षिणो॑ य॒ज्ञे कृ॒ण्वन्ति॑ वि॒दथे॑षु धीरा॑: ।
यद॑पू॒र्वं य॒क्षम॒न्तः प्र॒जानां॒ तन्मे॒ मन॑: शि॒वस॑ङ्कल्पमस्तु ॥ २ ॥

અનુવાદ : "જે (મન)ના વડે કર્મશીલ મનીષીઓ યજ્ઞમાં કર્મો કરે છે, તથા વિદથોમાં અર્થાત્ યજ્ઞવિધિ–વિધાનોમાં ધીર વ્યક્તિઓ (કર્મો કરે છે). પ્રજાઓના અંતરમાં જે અપૂર્વ યક્ષ (= પૂજનીય) છે, તેવું મારું મન કલ્યાણકારી સંકલ્પવાળું થાવ." (૩૪.૨)

નોંધ : ભાષ્યકારોએ अपसः નો અર્થ अपस्विनः कर्मवतः । એવો કર્યો છે. મૂળમાં अपस् એ 'કર્મ'વાચક શબ્દ છે, તેને तद्धितनो इन् પ્રત્યય લાગીને, પછી તેનો લોપ થયો છે. આમ अपसः શબ્દ मनीषिणः નું વિશેષણ બને છે : 'કર્મવાળાં = કર્મશીલ મનીષીઓ' येन मनसा सता – જે મનના હોતાં – જેના થકી, જે મન વડે, कर्माणि यज्ञे कृण्वन्ति = कुर्वन्ति । 'યજ્ઞમાં કર્મો કરે છે.' विदथेषु ને સમજાવતાં મહીધર કહે છે કે – यज्ञसंबन्धिनां हविरादिपदार्थानां ज्ञानेषु सत्सु इत्यर्थः । (અહીં સતિસપ્તમી પરક અર્થ લીધો છે :) 'विदथेषु' એટલે યજ્ઞસંબંધી હવિષ્ વગેરે પદાર્થોનાં હોતાં (ધીર વ્યક્તિઓ યજ્ઞમાં કર્મો કરે છે.)

અહીં, મનને માટે બીજાં બે વિશેષણો વપરાયાં છે : (૧) अपूर्वम् અને (૨) यक्षम् । મન એ ઈન્દ્રિયોની પણ પૂર્વે રહેલું છે. મહીધર – यच्च मनः अपूर्वम् ! । न विद्यते पूर्वम् इन्द्रियं यस्मात् तद् अपूर्वम् ॥ જેની પૂર્વે ઈન્દ્રિય હોતી નથી – અથવા કામ કરી શકતી નથી – કારણ કે ઈન્દ્રિયની પૂર્વે મનનું સર્જન થયું છે. આથી તે મનને 'અપૂર્વ ઈન્દ્રિય' કહેવાય છે. તથા यक्षम् = पूज्यम् જે પૂજનીય છે, અથવા यष्टुं शक्तम्–યજન કરવા જે શક્તિમાન છે તે 'यक्ष' = મન.

ગ્રીફીથે પહેલી પંક્તિનો અર્થ–અન્વય બદલ્યો છે : ધીર (ડાહ્યા) અને વિદેશોમાં (સભાઓમાં) જે મનીષીઓ (વિચારશીલ) વ્યક્તિઓ છે, જેઓ યજ્ઞમાં કર્મનિષ્ઠ છે; તેઓ પોતાનાં કર્તવ્યો (कर्माणि) કરે છે.

यत्प्रज्ञानमुत चेतो धृतिश्च यज्ज्योतिरन्तरमृतं प्रजासु ।
यस्मान्न ऋते किंच न कर्म क्रियते तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ३ ॥

અનુવાદ : "જે (મન) પ્રજ્ઞાન (સ્વરૂપ) છે, ચૈતન્ય છે અને જે ધૃતિ (= ધૈર્ય રૂપ) છે; તથા પ્રજાઓની અંદર જે અમર પ્રકાશ સ્વરૂપ છે. જેના વિના કશું પણ કર્મ કરી શકાતું નથી, તે મારું મન કલ્યાણકારી સંકલ્પવાળું થાવ." (૩૪.૩)

નોંધ : આ મન્ત્રમાં મનના દિવ્ય સ્વરૂપનું વર્ણન હોવાની સાથે તેની અસાધારણ કાર્યસાધક શક્તિનું પણ કથન છે. ભાષ્યકાર ઉવટ કહે છે કે प्रज्ञान એટલે વિશેષ પ્રતિપત્તિ (= સમજૂતી) તથા चेतः એટલે 'સામાન્ય પ્રતિપત્તિ'. મહીધરના મત મુજબ 'જેના વડે વિશેષ જ્ઞાન જન્મે છે તે પ્રજ્ઞાન' તથા चेतः જે સારી રીતે ચેતિત કરે છે, તે જ્ઞાપન કરે છે તે चेतस् તથા મનમાં જ ધૈર્ય જન્મે છે, તેથી મન અને ધૈર્યનો અભેદ કરીને, અહીં મનને જ 'ધૃતિ' અર્થાત્ સ્વરૂપ કહ્યું છે.

મન આત્મરૂપ હોવાથી અમરણધર્મી–અમૃત છે. તથા જેના વિના ऋते અવ્યયના યોગે પંચમી વિભક્તિ વપરાય છે. તેથી यस्मात् मनसः ऋते = જે મનના વિના પ્રાણીઓ કશું જ કાર્ય કરી શકતા નથી. પ્રાણીઓની પ્રવૃત્તિ મનઃપૂર્વક જ થતી હોય છે. તેથી કાર્યમાં જો મનનું અનુસંધાન ન હોય તો કાર્ય થઈ શકતું જ નથી.–આવું સર્વકાર્યસાધક મન જો અશુભ–અશિવ વિચાર કે સંકલ્પ કરનારું હોય તો મનુષ્યનું કે વિશ્વનું કલ્યાણ કદાપિ શક્ય જ નથી. આથી ઋષિ પ્રાર્થે છે કે માણસનું મન શિવ–શુભ સંકલ્પવાળું હોવું અતીવ જરૂરી છે. માણસ જેવું

વિચારે—જેવો સંકલ્પ કરે તેવું વિશ્વ બને છે. આથી આ મન્ત્રો દ્વારા કરવામાં આવતી પ્રાર્થના એ સઘળી પ્રાર્થનાઓના આરંભે જ કરવી જોઈએ.

येनेदं भूतं भुवनं भविष्यत्परिगृहीतममृतेन सर्वम् ।
येन यज्ञस्तायते सप्तहोता तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ४ ॥

અનુવાદ : "એ અમૃત (મન) વડે આ ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યત્કાળ—એ બધાનું ગ્રહણ થાય છે. જેના વડે સાત હોતાઓવાળો યજ્ઞ વિસ્તારવામાં આવે છે, તે મારું મન શુભ સંકલ્પવાળું થાવ." (૩૪.૪)

નોંધ : भवति इति भुवनम् । એવી વ્યુત્પત્તિ મુજબ મહીધરે અને ઉવટે भुवनम् નો અર્થ वर्तमानकालम् કર્યો છે. सप्तहोता । એ પૂર્વપદમાં ઉદાત્ત સ્વરવાળો સામાસિક શબ્દ હોવાથી, બહુવ્રીહિ સમાસ છે; તથા यज्ञ નું તે વિશેષણ છે. ઉવટ કહે છે : अग्निष्टोमे सप्त होतारो भवन्ति । અગ્નિષ્ટોમ યજ્ઞમાં સાત હોતાઓ હોય છે : ૧. બ્રહ્મા, ૨. ઉદ્‌ગાતા, ૩. હોતા, ૪. અધ્વર્યુ, ૫. બ્રાહ્મણાચ્છંસી, ૬. મૈત્રાવરુણ અને ૭. પ્રતિસ્થાતા. આ સાતેય હોતાઓ મનથી જ યજ્ઞને વિસ્તારે છે, યજ્ઞ કરે છે : तायते = तन्यते । = विस्तार्यते ।

यस्मिन्नृचः साम यजूꣳषि यस्मिन्प्रतिष्ठिता रथनाभाविवाराः ।
यस्मिꣳश्चित्तꣳ सर्वमोतं प्रजानां तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ५ ॥

અનુવાદ : જેવી રીતે રથની નાભિમાં આરાઓ રહેલા છે તેમ જે (મન)માં ઋચાઓ, સામ મન્ત્રો અને યજુષ્ રહેલા છે. તથા જે (મન)માં પ્રજાઓનું સર્વ ચિત્ત (જ્ઞાન) ઓતપ્રોત થઈને રહેલું છે તે મારું મન કલ્યાણકારી સંકલ્પવાળું થાવ." (૩૪.૫)

નોંધ : 'મનમાં જ ઋગ્વેદની ઋચાઓ, સામવેદના સામગાન અને યજુર્વેદના યજુષો રહેલા છે'—એને સમજાવતાં ભાષ્યકાર કહે છે કે મન જો સ્વસ્થ હોય, તો તેવા મનમાં જ વેદત્રયી સ્ફુરે છે, કેમ કે મનમાં જ શબ્દમાત્રની પ્રતિષ્ઠા છે. સ્વસ્થ મનમાં જ વેદોચ્ચારણની શક્તિ હોય છે. આ રીતે મનમાં ઋચાઓ વગેરે રહેલ છે. આને સમજાવવા એક ઉપમા પ્રયોજી છે : રથની નાભિમાં જેવી રીતે આરાઓ રહેલા છે તેવી રીતે વેદની સમગ્ર શબ્દજાળ મનમાં પ્રતિષ્ઠિત છે. એ જ પ્રમાણે, પ્રજાનું ચિત્ત મનમાં જ ઓતપ્રોત છે; જેવી રીતે પટમાં તંતુઓ—તાણા-વાણારૂપે—ગુંથાયેલા હોય છે તેવી રીતે પ્રજાનું ચિત્ત = સર્વ જ્ઞાન મનમાં જ

વણાયેલું છે. મહીધર કહે છે કે – मनः स्वास्थ्ये एव ज्ञानोत्पत्तिः मनोवैयग्र्ये च ज्ञानाभावः । 'સ્વસ્થ મનમાં જ જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, તથા મન વ્યગ્ર હોય તો જ્ઞાનનો અભાવ રહે છે. આવું મારું મન શિવ સંકલ્પવાળું થાવ. = શાન્ત વ્યાપારવાળું થાવ (મહીધર).

सुषारथिरश्वांनिव यन्मंनुष्यान्नेनीयतेऽभीशुंभिर्वाजिनं इव ।
हृत्प्रतिष्ठं यदंजिरं जविष्ठं तन्मे मनः शिवसंङ्कल्पमस्तु ॥ ६ ॥

અનુવાદ : "જેવી રીતે સારો સારથિ ઘોડાઓને દોરે છે તેવી રીતે જે (મન) માણસોને અતિશયપણે દોરે છે; તથા (સારો સારથિ) જેમ લગામો વડે ઘોડાને (કાબુમાં રાખે છે તેમ જે મન માણસોને કાબુમાં રાખે છે). હૃદયમાં પ્રતિષ્ઠિત થયેલું જે મન જરારહિત છે તથા અત્યંત ઝડપથી જનારું છે તે મારું મન કલ્યાણકારી સંકલ્પવાળું થાવ." (૩૪.૬)

નોંધ : सुषारथिः = सु + सारथिः–સારો સારથિ, मनुष्यान् नेनीयते = अत्यर्थं नयति (પૌન : પુન્યાર્થક ક્રિયાપદનો યથાર્થ પ્રયોગ). મનને એક સારા સારથિની ઉપમા આપી છે, આ મન જ સઘળા મનુષ્યોને ચારે તરફ, જુદા જુદા વ્યાપારોમાં જોતરે છે, ફેરવે છે, લઈ જાય છે. માટે એકલું नयति નહીં, પણ नेनीयते । વળી, એ મન માત્ર માણસોને લઈ જવાનું જ કામ કરતું નથી, પણ તે સુ–સારથિ જેવું હોવાથી નિયંત્રણનું પણ કામ કરે છે. अभीशुभिः = લગામથી જેમ वाजिन् = ઘોડો કાબુમાં રખાય છે; તેમ મનરૂપી લગામથી માણસોને પણ કાબુમાં લેવાય છે. મહીધર કહે છે : प्रथमायां नयनं, द्वितीयायां नियमनम् । तथा मनः प्रवर्तयति नियच्छति च नरानित्यर्थः ॥ આવા મનને हृत् प्रतिष्ठ, अजिर અને जविष्ठ કહ્યું છે, મન હૃદયમાં રહેલું હોય છે, તથા બાલ્ય, યૌવન કે વૃદ્ધાવસ્થામાં મન તો એકસરખું જ હોય છે. તેથી તેમાં જીર્ણતા–વૃદ્ધાવસ્થા–આવતી નથી. આમ તે 'અજિર' = અજર છે. મનને 'અતિશય વેગવાળું' (જવિષ્ઠ) કહ્યું છે, કેમ કે તે વાયુથી પણ વધારે વેગવાન છે. આવું મન શિવ–કલ્યાણકારી સંકલ્પવાળું થાય એવી અભ્યર્થના કરવામાં આવી છે.

★ ★ ★

॥ शुक्लयजुर्वेदः ॥

॥ षोडशोऽध्यायः ॥

યજુર્વેદના પંદરમા અધ્યાયમાં અગ્નિચયનના (અગ્નિને એકઠો કરવાના, પ્રજ્વલિત કરવાના) મન્ત્રો આવેલા છે. હવે પ્રજ્વલિત થયેલા જે અગ્નિદેવતા છે; તેમની રુદ્રદેવતા તરીકે અહીં સ્તુતિ કરવામાં આવી છે. ભાષ્યકાર મહીધર કહે છે તે મુજબ આ ૧૬મા અધ્યાયના મન્ત્રોથી રુદ્રદેવતાને પ્રસન્ન કરવા માટે હોમ કરવામાં આવે છે. આમ આ અધ્યાયમાં "શત રુદ્રિમ–હોમ" માટેના મન્ત્રો આવેલા છે.

ઋગ્વેદમાં એક સાવ નાના (અપ્રધાન) દેવતા તરીકે રુદ્રદેવતાની સ્તુતિ થયેલી જોવા મળે છે. અન્તરિક્ષ સ્થાનના પ્રધાન દેવતા તો ઈન્દ્ર છે, અને એમના સહાયક દેવતાઓમાં જે મરુદ્‌ગણ છે, તે મરુતોના પિતા તરીકે રુદ્રદેવતાનો ત્યાં (ઋગ્વેદમાં) ઉલ્લેખ છે. ઋગ્વેદમાં માત્ર ત્રણ આખાં સૂક્તોમાં રુદ્રદેવતાની સ્તુતિ થયેલી જોવા મળે છે. પણ યજુર્વેદમાં તે દેવતાનું મહત્ત્વ ઘણું વધી ગયેલું જોવા મળે છે; અને વિષ્ણુની સાથે "રુદ્ર" પણ એક પ્રધાન દેવતાનું સ્થાન પામેલા જણાય છે.

વૈદિક દેવતાસૃષ્ટિના ઉદ્‌ભવ અને વિકાસનો અભ્યાસ કરનારા વિદ્વાનોને જણાયું છે કે ઋગ્વેદના મુખ્ય દેવતાઓમાંના એક એવા અગ્નિદેવતાનું ક્રમશઃ રુદ્રદેવતા સાથે સમીકરણ થતું ગયું છે. વળી, ઋગ્વેદની દૃષ્ટિએ બ્રહ્માણ્ડના ત્રણ સ્થાનોમાં ત્રણ પ્રકારના અગ્નિ રહેલા છે; જેમકે, (૧) દ્યુલોકમાં સૂર્યરૂપી અગ્નિ, (૨) અન્તરિક્ષલોકમાં વિદ્યુત્‌ રૂપી અગ્નિ અને (૩) પૃથિવીલોકમાં પાર્થિવ અગ્નિ. આ ત્રણ પ્રકારના અગ્નિમાંથી જે વૈદ્યુતાગ્નિ છે, તે જ પૃથિવીલોકની જીવસૃષ્ટિ માટે પ્રલયકારી (વિનાશક) બની શકે એમ છે. માટે વૈદ્યુતાગ્નિના જ આ રુદ્રદેવતા સાથે ક્રમશઃ અભેદ રચાયો છે. [હડપ્પા અને મોહેં–જો–દડોની પ્રાગ્‌ વૈદિક સંસ્કૃતિના શિવ અને ઋગ્વેદકાલિક ઝંઝાવાતના રુદ્રદેવતાની સાથે સમ્મિલિત થઈને ધીમે ધીમે પુરાણકાળના શિવ–મહાદેવ–શંકરનો વિકાસ કેવી રીતે થયો છે તેની વિસ્તૃત ચર્ચા પ્રસ્તાવનામાં કરી છે.]

ભાષ્યકાર મહીધરે 'રુદ્ર' શબ્દની ત્રણ રીતે વ્યાખ્યા કરી છે :–

(૧) रुत् = दुःखं द्रावयति इति रुद्रः । દુઃખને જે ઓગાળી દે છે, તે રુદ્ર.

(૨) √रु गतौ । रु ધાતુનો અર્થ 'ગતિ' થાય છે, અને જે ગત્યર્થક ધાતુ હોય, તેને જ્ઞાનાર્થક પણ માનવામાં આવે છે. આ દૃષ્ટિએ √रु ધાતુમાંથી 'રુદ્ર' શબ્દ બન્યો હશે એમ વિચારીએ તો, બીજી વ્યાખ્યા આવી થશે :–

रवणं रुत्, = ज्ञानं राति = ददाति रुद्रः ॥ એટલે કે रुत्‌નો અર્થ 'ज्ञान' થાય છે; આ 'ज्ञान'ને આપનારા જે દેવ, તે 'રુદ્ર'.

(૩) पापिनो नरान् दुःखभोगेन रोदयति इति रुद्रः । અર્થાત્ પાપી માણસોને દુઃખ ભોગવાવડાવીને જે રડાવે છે, તે દેવને "રુદ્ર" કહેવાય છે.

પરંતુ મહીધરે આપેલી આ ત્રણેય વ્યુત્પત્તિઓ પરવર્તી કાળની છે અને કૃત્રિમ પણ છે. આવી વ્યુત્પત્તિઓમાંથી રુદ્રદેવતાનું મૂળ રૂપ જરીકેય સમજી શકાય એવું નથી. આથી 'નિરુક્ત' નામના વેદાંગમાં યાસ્કે 'રુદ્ર' શબ્દનું શું/કેવું નિર્વચન આપ્યું છે તેનો અભ્યાસ કરવો જરૂરી છે :–

रुद्रो रौति इति रुतः, रोरूयमाणो द्रवति इति वा, रोदयतेः वा ।

(निरुक्तम् १०–५)

सः रौति । = (૧) તે બૂમો પાડે છે એટલે "રુદ્ર" કહેવાય છે. (૨) અથવા "તે (દેવ) ગર્જનાઓ કરતાં કરતાં અહીંતહીં ભટક્યા કરે છે (द्रवति), માટે તેને 'રુદ્ર' કહેવાય છે. આ નિર્વચનમાંથી – (૧) ભડભડ બળતો જે પાર્થિવ અગ્નિ છે તેને 'રુદ્ર' કહેવાયો હશે, અથવા (૨) વર્ષાકાળમાં ઝંઝાવાત અને વીજળીને 'રુદ્ર' કહેવાયો હશે એવો બોધ મળી રહે છે. (યાસ્કે 'રુદ્ર' શબ્દમાં બે ધાતુઓ જોડાય છે, (૧) रु > रौति, અને (૨) द्रु > द्रवति । એવું અનુમાન કર્યું છે, તે એ દેવના મૂળ (વાસ્તવિક) પ્રાકૃતિક સ્વરૂપને પ્રકટ કરનાર છે એમ સ્પષ્ટ જોઈ શકાય છે. આથી આવી વ્યુત્પત્તિ સ્વાભાવિક–અકૃત્રિમ–હોય લાગે છે. નિરુક્તની રજૂઆતનું સમર્થન કરતો એક શ્લોક 'બૃહદ્દેવતા'માં નીચે મુજબ વાંચવા મળે છે :–

अरोदीद् अन्तरिक्षे यद् विद्युद् वृष्टिं ददन् नृणाम् ।
चतुर्भिर्ऋषिभिस्तेन 'रुद्र' इत्यभिसंज्ञितः ॥ (२–३४)

માણસોને વૃષ્ટિ આપતાં આપતાં, અંતરિક્ષમાં જે વિજળી ગર્જના કરે છે (= રડે છે), તેને ચાર ઋષિઓએ 'રુદ્ર'દેવતા એવી સંજ્ઞા આપી છે. હવે આપણે યજુર્વેદના 'શતરુદ્રિય' અધ્યાયનો અભ્યાસ કરવાના છીએ તેમાં પણ જોઈશું કે અહીં 'રુદ્ર'ના અમુક વિશેષણો વર્ષાકાલીન ઝંઝાવાતને સૂચિત કરે છે, તો બીજાં કેટલાંક વિશેષણો પાર્થિવ અગ્નિને સૂચિત કરે છે.

नमस्ते रुद्र मन्यवं उतो त इषवे नमः ।
बाहुभ्यांमुत ते नमः ॥ १ ॥

ઋષિ : પરમેષ્ઠી, દેવો કે પ્રજાપતિ, **દેવતા** : રુદ્ર, **છન્દ** : ગાયત્રી.

અનુવાદ : “હે રુદ્ર ! તમારા ક્રોધને નમસ્કાર હજો, અને તમારા બાણને પણ નમસ્કાર હજો. (એ જ પ્રમાણે) તમારા બે હાથને પણ નમસ્કાર હજો.” (૧૬.૧)

વિમર્શ : આ મન્ત્રમાં ગાયત્રી છન્દ વપરાયો છે. આઠ–આઠ અક્ષરના ત્રણ પાદમાં ત્રણ વાક્યો આવેલાં છે. જેમકે, (१) हे रुद्र ! ते (तव) मन्यवे नमः । (२) उत, ते (तव) इषवे नमः । (३) उत, ते (तव) बाहुभ्याम् नमः ।

અહીં नमः અવ્યયના યોગે ચતુર્થી વિભક્તિ વપરાઈ છે. मन्यु → मन्यवे । इषु → इषवे । बाहु → बाहवे, बाहुभ्याम्, बाहुभ्यः । ભાષ્યકાર મહીધર કહે છે કે આ મન્ત્ર દ્વારા ઋષિ એવી પ્રાર્થના કરે છે કે રુદ્રના ક્રોધ, બાણ અને બે હાથ અમારા દુશ્મનો ઉપર જ પ્રસરે, પણ અમારી ઉપર કદાપિ નહીં.

રુદ્ર દેવતાના બે પ્રમુખ્ય વ્યક્તિત્વ છે : એક–તે ભયાનક છે; બીજું – તે મંગલમય (શિવ) પણ છે. પ્રસ્તુત અધ્યાયમાં રુદ્રના ભયાનક પાસાને સતત આંખ સામે રાખીને તેને વારંવાર નમસ્કાર કરવામાં આવી રહ્યા છે.

या ते॑ रुद्र शि॒वा त॒नूरघो॒राऽपा॑पकाशिनी ।
तया॑ नस्त॒न्वा॒ शन्त॑मया॒ गिरि॑शन्ता॒भि चा॑कशीहि ॥ २ ॥

ઋષિ : પરમેષ્ઠી, આર્ષી સ્વરાટ્, **છન્દ :** અનુષ્ટુપ્ અને **દેવતા :** રુદ્ર.

અન્વય : हे रुद्र ! ते (तव) शिवा अघोरा अपापकाशिनी या तनूः, तया शन्तमया तन्वा, (हे) गिरिशन्त ! नः (अस्मान्) अभि चाकशीहि ॥ (१६.२)

અનુવાદ : “હે રુદ્ર ! તમારું કલ્યાણકારી, ઘોર નહીં તેવું (અર્થાત્ સૌમ્ય) અને પાપને (અર્થાત્ અસુખને) પ્રકાશિત નહીં કરનારું એવું જે શરીર છે (= એવી જે તનૂ = દેહયષ્ટિ છે), તે અત્યંત સુખી કરનાર શરીર વડે, હે ગિરિશન્ત (= રુદ્ર) ! તમો અમને જુવો.” (૧૬.૨)

નોંધ : આ મન્ત્રમાં રુદ્રને માટે गिरिशन्त એવો એક નવો શબ્દ વપરાયો છે. આની વ્યુત્પત્તિ આપતાં ભાષ્યકાર ઉવટ કહે છે કે – ૧. गिरौ पर्वते कैलासाख्ये अवस्थितः, शं = सुखं तनोति इति गिरिशन्तः । અર્થાત્ (કૈલાસ નામના) પર્વત ઉપર રહેલા જે દેવ શમ્ ને = સુખને વિસ્તારે છે. તેને ‘ગિરિશન્ત’ કહે છે. ૨. गिरि वाचि अवस्थितः सुखं तनोति इति । ‘વાણીમાં રહેલા જે (દેવ) સુખને વિસ્તારે છે = આપે છે તેને ‘ગિરિશન્ત’ કહે છે. અથવા ૩. गिरौ मेघे अवस्थितो वृष्टिद्वारेण सुखं तनोति इति । પર્વત ઉપર રહેલા જે (દેવ) વૃષ્ટિ = વરસાદ દ્વારા લોકોના સુખનો વિસ્તાર કરે છે તેને પણ ‘ગિરિશન્ત’ કહે છે. રુદ્રદેવ આ

ત્રણેય વ્યુત્પત્તિઓ મુજબ (૧) કૈલાસ પર્વત ઉપર રહેનાર છે, (૨) વાણીના ઈશ છે અને (૩) વૃષ્ટિ આપનારા દેવ છે.

ભાષ્યકાર મહીધરે આ શબ્દની એક ચોથી વ્યુત્પત્તિ પણ આપી છે : (૪) गिरौ शेते इति गिरिशः । 'ગિરિ = પર્વત ઉપર શયન કરનાર' તે ગિરિશ છે. अम् गतौ भजने शब्दे ધાતુને કર્તરિ ભૂતકૃદન્તના અર્થમાં ત પ્રત્યય લાગે તો, अमति = गच्छति = जानाति इति । अम् + त > अंत > अन्तः । શબ્દ બને છે. (= જે જાણે છે તે.) ત્યાર પછી गिरिशश्चासौ अन्तश्च इति गिरिशन्तः । અહીં સમાસ દરમ્યાન गिरिश + अन्त । ની સ્થિતિમાં गिरिशान्त થવું જોઈએ; પણ તેમ નહીં થતાં શકન્ધ્વાદિ ગણમાં આ શબ્દનો પાઠ છે એમ માનીને 'પરરૂપ વિધિ' (पा. सू. ६–१–९४) કરીશું તો गिरिश + अन्त માંથી गिरिशन्त । બની શકે છે.

अभि + चाकशीहि । એવા ક્રિયાપદનો અર્થ अभि + पश्य । 'તમે જુવો' એવો થાય છે. નિરુક્ત (૩–૧૧–૮) મુજબ चाकशीति તે 'જોવું'–'જુવે છે' અર્થવાળું ક્રિયાપદ છે, તેનું આજ્ઞાર્થ મધ્યમ પુરુષ એકવચનનું આ રૂપ છે. અહીં शिवा, अघोरा, अपापकाशिनी–એ ત્રણેય तनूः (રુદ્રના શરીરનાં) વિશેષણો છે. ગ્રીફીથ કહે છે કે – Auspicious form : the God having two forms, one terrific and the other gental and auspicious.

यामिषु॑ गिरिशन्त॒ हस्ते॑ बि॒भर्ष्यस्त॑वे ।
शि॒वां गि॑रित्र॒ तां कु॑रु॒ मा हि॑ꣳसी॒ः पुरु॑षं॒ जग॑त् ॥ ३ ॥

अन्वय : हे गिरिशन्त ! (त्वं) हस्ते अस्तवे (= क्षेप्तुम्) याम् इषुम् बिभर्षि; ताम् (इषुम्), (हे) गिरित्र ! शिवां कुरु । (त्वं) पुरुषं जगत् (च) मा हिंसीः ॥ (१६.३)

અનુવાદ : "હે ગિરિશન્ત (રુદ્રદેવ) ! તમે હાથની અંદર જે બાણ ફેંકવા માટે ધારણ કર્યું છે; તે (બાણ)ને, હે ગિરિત્ર (= પર્વત ઉપર રહેનારા અને ભક્તોનું રક્ષણ કરનારા હે રુદ્રદેવ) ! તમે કલ્યાણકારી બનાવો. તથા (પુત્રપૌત્રાદિક) પુરુષનો અને જગત્ નો (= જંગમ, ફરનારા ગાય–અશ્વાદિકનો) તમે વધ કરશો નહીં. (૧૬.૩)

નોંધ : गिरिशन्त શબ્દની સમજૂતી ઉપરના મન્ત્રની નોંધમાં આપેલ છે. અહીં તે સંબોધનવાચક પદ રૂપે વપરાયો છે. એ જ પ્રમાણે, गिरित्र શબ્દ પણ રુદ્રનું વિશેષણ છે અને સંબોધનમાં વપરાયું છે. ઉવટ કહે છે કે – गिरौ कैलासेऽवस्थितः

त्रायते भक्तान् इति गिरित्रः । કૈલાસ પર્વત ઉપર રહેલા અને ભક્તોનું રક્ષણ કરનાર રુદ્રદેવને 'ગિરિત્ર' કહે છે.' याम् इषुम्–જે બાણને, बिभर्षि–તમે ધારણ કરો છો, अस्तवे = ફેંકવા માટે. असु क्षेपणे (= अस् 'ફેંકવું' અર્થવાળા) ધાતુને વૈદિક હેત્વર્થ કૃદન્તનો तवे પ્રત્યય લાગીને अस्तवे રૂપ બન્યું છે. જેનો અર્થ असितुं = क्षेप्तुम् થાય છે. तां (इषुं) शिवां कुरु । તે બાણને કલ્યાણકારી બનાવો. मा हिंसीः અર્થાત્ मा हिंसीः । 'તમે હિંસા ના કરશો.' નિષેધાર્થક मा અવ્યયના યોગે हन् ધાતુનું અદ્યતન ભૂતકાળ (लुङ् લકાર)માં મધ્યમ પુરુષ, એકવચનનું રૂપ છે.

ભાષ્યકાર મહીધરે 'ગિરિત્ર'નો અર્થ 'કૈલાસ ઉપર રહેલા જે દેવ ભૂતોને = પ્રાણીઓને રક્ષે છે તે' એવો કર્યો છે. તથા पुरुष નો અર્થ 'પુત્રપૌત્રાદિક', તથા जगत् નો અર્થ 'જંગમ, બીજું જે કોઈ ગવાશ્વાદિક પ્રાણીજગત્ છે તે' એવો કર્યો છે.

शिवेन वचसा त्वा गिरिशाऽच्छा वदामसि ।
यथा नः सर्वमिज्जगदयक्ष्म थ्ँ सुमना असत् ॥ ४ ॥

ऋषि : પરમેષ્ઠી, વિરાટ આર્ષી, **छन्द :** અનુષ્ટુપ્, **देवता :** રુદ્ર.

અન્વય : (हे) गिरिश ! शिवेन वचसा त्वा (त्वाम्) अच्छा (वयं) वदामसि। यथा नः सर्वं जगत् अयक्षम् सुमनाः (च) असत् ॥ (१६.४)

અનુવાદ : "હે ગિરિશ ! મંગલકારી વચનોથી તને પ્રાપ્ત કરવા માટે (અમે) બોલીએ (= પ્રાર્થીએ) છીએ. જેથી કરીને (તમે) અમારું સઘળું જગત્ (= જંગમ એવા માણસો અને પશુ વગેરે) રોગ વિનાનું અને સુન્દર મનવાળું થાય (તેમ તમે કરો.)" (૧૬.૪)

નોંધ : ૧. गिरिशः–गिरौ शेते इति । પર્વત ઉપર અર્થાત્ કૈલાસ નામના પર્વત ઉપર જે સૂતા છે–નિવાસ કરે છે તે ગિરિશ. (गिरौ + शेते > शीङ् शयने । ધાતુને વેદમાં, गिरौ डः छन्दसि । वार्त्तिकथी ड > अ પ્રત્યય લાગીને ગિરિશ શબ્દ બને છે.) ૨. अच्छा–એક અવ્યય છે. જેના વિશે ઉવટે अच्छाभेराप्तुमिति शाकपूणिः । (नि. ५/२८) એવા વચનને ઉદ્ધૃત કરીને કહ્યું છે કે – શાકપૂણિના મતે अच्छ > अच्छा અવ્યય आप्तुम् = प्राप्तुम् અર્થમાં પ્રયોજાયેલ છે. ૩. वदामः અર્થમાં वदामसि રૂપ વેદમાં થાય છે. इदन्तो मसि । पा. ૭-૧-૪૬ એવા સૂત્રથી मस् પ્રત્યયના સ્થાને मसि આદેશ થાય છે. ૪. अयक्ष्यं = રોગ વિનાનું. (यक्ष्म = રોગ. ૬. व्याधि). ૫. सुमनाः = शोभनमनस्कम् = સુન્દર ખુશમિજાજી સ્વભાવવાળું. ૬. असत्–થાવ. આશંસા અર્થમાં लेट् લકારનું રૂપ છે.

अध्य॑वोचदधिव॒क्ता प्र॑थ॒मो दैव्यो॑ भि॒षक् ।
अही॑ꣳश्च सर्वा॑न् ज॒म्भय॒न् सर्वा॑श्च यातु॒धा॒न्यो॒ऽध॒राची॒ः परा॑सुव ॥ ५ ॥

અન્વય : (सः) अधिवक्ता, दैव्यः, प्रथमः, भिषक् (माम् उद्दिश्य) अध्यवोचद् । सर्वान् अहीन् जम्भयन् (त्वं = रुद्रः) अधराचीः[२] सर्वान्[२] यातुधान्यः[२] परासुव ॥ (१६.५)

ઋષિ : પ્રજાપતિ, ભૂરિક્ આર્ષી, **છન્દ :** બૃહતી, **દેવતા :** રુદ્ર.

અનુવાદ : 'એ અધિવક્તા, દેવોને માટે હિતકારી એવા, અને પ્રથમ (અર્થાત્ મુખ્ય) વૈદ્ય (સ્વરૂપ રુદ્ર) (મને ઉદ્દેશીને) સર્વાધિક બોલે. બધા જ પ્રકારના સર્પોનો નાશ કરતાં એવા તમે અધોગતિ કરાવનારી સઘળી યાતનાઓને ધારણ કરતી (રાક્ષસી)ઓને (તમે) દૂર ફેંકી દો.' (૧૬.૫)

નોંધ : ૧. अध्यवोचत्–ક્રિયાપદમાં આવેલો अधि ઉપસર્ગ 'ઉપરિભાવ કે ઐશ્વર્ય'ને કહેનારો છે. તેનો અર્થ अधिवदतु, अधिब्रवीतु થાય છે. મહીધર : रुद्रो माम् अध्यवोचत् अधिवक्तु, मां सर्वाधिकं वदतु । ૨. अधिवक्ता–ઐશ્વર્યપૂર્વક બોલવાનું જે જાણે છે તે (ઉવટ). ૩. दैव्यः–देवेभ्यो हितः । – ને માટે હિતકારક– એ અર્થમાં देव શબ્દને તદ્ધિતનો य પ્રત્યય લાગીને दैव्य શબ્દ બન્યો છે. ૪. भिषक्–વૈદ્ય, રોગનાશક. ૫. जम्भयन् = नाशयन्–વિનાશ કરી રહેલા (વર્તમાન કૃદન્ત); जभि–जृभी गात्र–विमाने, जभ > जम्भ ધાતુ 'ગાત્રો પહોળા કરવાં' (બગાસું ખાવું) અર્થ આપે છે. ૬. अहि–સર્પ, તેનું દ્વિતીયા વિભક્તિ બહુવચન : अहीन् । ૭. यातुधान्यः–यातनाः दुःखं कष्टं तत्प्राणिषु धारयन्ति इति यातुधान्यः राक्षसीः (ઉવટ). યાતનાઓ, દુઃખ, કષ્ટને 'यातु' કહે છે. પ્રાણીઓને જે યાતુ આપે છે તે રાક્ષસીને यातुधान्यः (= यातुधानीः) કહે છે. ૮. अधराचीः = अधौऽञ्चनाः कृत्वा (ઉવટ), નીચી નમાવીને પણ મહીધર કહે છે કે अधरेऽधोदेशेऽञ्चन्ति ता अधराच्यः, ताः अधोऽधोगमनशीलाः–જે નીચેના દેશમાં જવાના સ્વભાવવાળી છે તે. (રાક્ષસીઓને), परासुव = क्षिपतु–દૂર ફેંકી દો. ગ્રીથીફે अध्यवोचत् નો અર્થ 'May be plead for us'; અને यातुधान्यः નો અર્થ female goblins કર્યો છે.

अ॒सौ यस्ता॒म्रो अ॑रु॒ण उ॒त ब॒भ्रुः सु॑म॒ङ्गलः॑ ।
ये चै॑नꣳ रु॒द्रा अ॒भितो॑ दि॒क्षु श्रि॒ताः स॑हस्र॒शोऽवै॑षा॒ꣳहेड॑ ईमहे ॥ ६

અન્વય : असौ यः (अस्ति, सः) ताम्रः, अरुणः, बभ्रुः (अस्ति, सः) सुमङ्गलः अस्ति । एनं (सूर्यम्) अभितः दिक्षु ये सहस्रशः रुद्राः श्रिताः (ते रुद्राः) एषाम् हेडः[२] (= क्रोधम्) अव ईमहे ॥ (१६.६)

ઋષિ : પ્રજાપતિ, વિરાટ્ આર્ષી, **છન્દ :** પંક્તિ, **દેવતા :** રુદ્ર.

અનુવાદ : 'આ પેલો જે (આદિત્ય રૂપ રુદ્ર) છે, તે (ઉદયકાળે) તામ્રવર્ણનો, (અસ્તસમયે) અરુણ (= રક્ત) વર્ણનો અને (મધ્યાહ્ને) બભ્રુ (= પીળા) રંગનો હોય છે તે મંગલકારી છે. આ (સૂર્ય)ની ચારે તરફ જે હજારો (કિરણો રૂપી) રુદ્રો આશ્રયણ કરીને રહેલા છે, તે રુદ્રોના (અમારા અપરાધોથી જન્મેલા) ક્રોધને અમે દૂર કરીએ છીએ.' (૧૬.૬)

નોંધ : ભાષ્યકાર ઉવટ કહે છે કે અહીં રુદ્રની આદિત્ય સ્વરૂપે સ્તુતિ કરી છે. આદિત્ય ઉદય, અસ્ત અને મધ્યાહ્ને જુદા જુદા તામ્ર, અરુણ અને બભ્રુ (કપિલ, પીળાશ પડતા) રંગનો હોય છે. તે કહ્યા પછી, તેને सुमङ्गलः 'મંગલકારી' કહ્યો છે. બીજી પંક્તિમાં रुद्राः પદથી 'સૂર્યકિરણો' એવો અર્થ લેવાનો છે. एनं (= आदित्यं) अभितः—આ આદિત્યની ચારે તરફ, (अभितः, सर्वतः અવ્યયોના યોગમાં દ્વિતીયા વિભક્તિ વપરાય છે.) सहस्रशो रुद्राः दिक्षु श्रिताः—હજારો કિરણ રૂપ રુદ્રો બધી દિશાઓમાં આશ્રયણ કરી રહ્યા છે. एषां रुद्राणां (= किरणानां, रश्मीनां) हेडः (= क्रोधम्) ईमहे = निवारयामः । આ રુદ્રોના ક્રોધને અમે (ભક્તિથી) દૂર કરીએ છીએ.

अ॒सौ यो॑ऽव॒सर्प॑ति॒ नील॑ग्रीवो॒ विलो॑हितः ।
उ॒तैनं॑ गो॒पा अ॑दृश्र॒न्नदृ॑श्रन्नुदहा॒र्यः स दृ॒ष्टो मृ॑डयाति नः ॥ ७ ॥

અન્વય : असौ यः (सूर्यः) नीलकण्ठः विलोहितः (दृश्यते, सः) अवसर्पति । उत एनं (सूर्यं) गोपाः अदृश्रन्; उदहार्यः (अपि) अदृश्रन् सः दृष्टः नः (अस्मान्) मुडयाति । (१६.७)

ઋષિ : પ્રજાપતિ, વિરાટ્ આર્ષી, **છન્દ :** પંક્તિ, **દેવતા :** રુદ્ર.

અનુવાદ : આ પેલા જે સૂર્ય (અસ્ત સમયે) નીલકંઠ તથા લાલવર્ણવાળા દેખાય છે. તે (ઉદય અને અસ્ત પામતા સતત) આવ–જા કરે છે. વળી, આ (સૂર્ય)ને ગોપાલકો જુવે છે અને જળ લાવનારી (ગોપાંગના)ઓ પણ જુવે છે; તે (સૂર્ય) જોવા માત્રથી અમને સુખી કરો. (૧૬.૭)

નોંધ : ૧. असौ—આ પેલો, यः = જે (સૂર્ય), नील॑ग्री॒वः । ના પૂર્વપદમાં (नी અક્ષરમાં) ઉદાત્તસ્વર હોવાથી આ બહુવ્રીહિ સમાસ છે. (विषधारणेन) नीला

ग्रीवा कण्ठो यस्य सः । શંકરે કંઠમાં વિષ ધારણ કર્યું હોવાથી, તેમની ગ્રીવા (= ડોક) નીલ–કાળા–રંગની થઈ છે. અહીં સૂર્ય રૂપ રુદ્રદેવ પણ, મહીધર કહે છે તેમ अस्तमये नीलकण्ठ इव लक्ष्यः । અસ્ત સમયે નીલકંઠ જેવા દેખાય છે. विलोहितः એટલે विशेषेण रक्तः । વિશેષ રૂપે લાલ રંગના (ઉદય સમયે). ૨. उत–વળી, एनं = આ (સૂર્ય)ને, गोपा अदृश्रन्–ગોપાલો જુવે છે. ઉવટ કહે છે કે સાંજના સમયે ગાયો વાડામાં પાછી ફરતી હોય છે. તેથી ગોપાલો સાંજે સૂર્યને જોતા હોય છે. એ જ રીતે, उदहार्यः = उदकहार्यः પાણીનું આહરણ કરનારી ગોપસ્ત્રીઓ, પનીહારીઓ. પણ તે સૂર્યને જુવે છે. स (सूर्यः) दृष्टः = दृष्टमात्रः नः मृडयाति = सुखयति । તે સૂર્ય જોવા માત્રથી અમને સુખી કરે (છે). અહીં 'સૂર્યમંડળમાં રહેલા રુદ્રદેવ જ પ્રકાશી રહ્યા છે, જે અમને સુખી કરો' એવી પ્રાર્થના છે.

नमो॑ऽस्तु॒ नील॑ग्रीवाय सह॒स्रा॒क्षाय॑ मी॒ढुषे॑ ।
अथो॒ ये अ॑स्य॒ सत्वा॑नो॒ऽहं तेभ्यो॑ऽकरं॒ नम॑ः ॥ ८ ॥

અન્વય : नीलग्रीवाय, सहस्राक्षाय, मीढुषे (पर्जन्यरूपाय इन्द्राय) नमः अस्तु । अथ अस्य ये सत्वानः (सन्ति), तेभ्यः अहम् नमः अकरम् ॥ (१६.८)

અનુવાદ : "નીલકંઠવાળા, હજાર આંખોવાળા અને (જળનું) સિંચન કરનારા (પર્જન્યરૂપ ઈન્દ્ર)ને નમસ્કાર હજો. અને વળી, આ (રુદ્ર)ના સત્ત્વો (= પ્રાણીઓ, સેવકો) છે, તેમને હું નમસ્કાર કરું છું." (૧૬.૮)

નોંધ : नीलग्रीवाय–શ્યામ ડોકવાળા અર્થાત્ નીલવર્ણી કંઠવાળા (શંકર), सहस्राक्षाय (= सहस्रम् अक्षीणि यस्य, तस्मै इन्द्रस्वरूपिणे)–હજાર આંખો છે જેમની તેવા ઈન્દ્રસ્વરૂપ (રુદ્ર)ને, नमः अस्तु–નમસ્કાર હજો. मीढुषे–માં मिह सेचने ધાતુ છે : मिमेहेति–'જે સિંચન કરે છે તે' = मीढ्वन् । (दाश्वान्साह्वान् मीढ्वांश्च । ૬–૧–૧૨ થી क्वसन्त નિપાત રૂપે જાહેર થયો છે.) તેનું ચતુર્થી એકવચનનું રૂપ. જળનું સિંચન કરનારને (मीढुषे = सेक्त्रे) નમસ્કાર હજો.

अथो (અવ્યય) 'અને', 'વળી', ઉવટ મુજબ પહેલી પંક્તિમાં જે સહસ્રાક્ષ નીલકંઠવાળા દેવ છે તેમના, अस्य (= નીલકંઠના) જે, सत्वान = सत्वभूताः रुद्राः (सन्ति) સત્ત્વભૂત રુદ્રો છે, तेभ्यः–તેમને માટે, सत्त्वभूताः તેમને ઉદ્દેશીને, अहम् अकरम् (= अकरवम्)–હું નમસ્કાર કરું છું. (लुङ् લકાર અદ્યતન ભૂતકાળ ઉત્તમ પુરુષ એકવચનનું રૂપ)

મહીધર મુજબ सहस्राक्षाय અને मीढुषे થી ઈન્દ્ર, પર્જન્યરૂપ ઈન્દ્ર, વૃષ્ટિ જળનું સિંચન કરનારનો ઉલ્લેખ છે પણ, મહીધર अस्य સર્વનામથી रुद्रस्य એવો અર્થ લેવાનું કહે છે. આ રુદ્રના જે सत्वानः = પ્રાણીઓ કે ભૃત્યો છે, તેમને હું નમસ્કાર કરું છું. ગ્રીફીથ અનુસાર अस्य सत्वानः—થી his spirit ministers અર્થ સમજાય છે.

प्रमु॑ञ्च॒ धन्व॑न॒स्त्वमु॒भयो॒रात्न्यो॒र्ज्याम् ।
याश्च॑ ते॒ हस्त॒ इष॑व॒ः परा॒ ता भ॑गवो वप ॥ ९ ॥

અનુવાદ : "(તમે) ધનુષ્યના બેઉ છેડાઓમાં (બાંધેલી) પણછ (= દોરી)ને છોડી કાઢો. હે ભગવાન્ ! તમારા હાથમાં જે બાણો છે, તેમને દૂર ફેંકી દો." (૧૬.૯)

નોંધ : धन्वनः = धनुषः—ધનુષ્યના उभयोः आत्न्योः—બે છેડાઓમાં (બાંધેલી), ज्याम् प्रमुञ्च—દોરીને, પણછને છોડી કાઢો. (हे) भगवः—હે ભગવન્ !, परावप = पराक्षिप = દૂર ફેંકી દો. (વેદમાં ઉપસર્ગો ક્રિયાથી દૂર, આગળ—પાછળ વપરાયેલા જોવા મળે છે. તેમ અહીં परा ઉપસર્ગની પાછળ ताः भगवः એ બે પદો આવેલાં છે, અને તેની પાછળ वप ક્રિયાપદ (આજ્ઞાર્થ) વપરાયું છે.) भगवन्—માં भग એટલે ઐશ્વર્યો, भगवान् એટલે ઐશ્વર્યવાળા. આવા ઐશ્વર્યો અનેક પ્રકારના મનાયા છે. ધર્મ, યશ, લક્ષ્મી, જ્ઞાન તથા વૈરાગ્ય.

विज्यं॒ धनु॑ः कप॒र्दिनो॒ विश॑ल्यो॒ बाण॑वाँ २ ।
उ॒त । अने॑शन्नस्य॒ या इष॑व आ॒भुर॑स्य निष॒ङ्गधिः ॥ १० ॥

અનુવાદ : જટાજૂટવાળા(રુદ્ર)નું ધનુષ્ય પણછ (= દોરી) વિનાનું (થાવ); તથા બાણવાળું (ભાથું) શલ્યરહિત (અર્થાત્ અણિયારી ધાર વિનાનું) બનો. આ (રુદ્ર)ના જે બાણો છે, તે નાશ પામો; તથા આ (રુદ્ર)ની ખડ્ગ મૂકવાની મ્યાન પણ ખાલી રહો. [અર્થાત્ રુદ્ર અમારા પ્રત્યે સર્વ શસ્ત્રોને ત્યજી દેનારા બનો.] (૧૬.૧૦)

નોંધ : આ મન્ત્રમાં રુદ્રને એમની સંહાર શક્તિ ન વાપરવા પ્રાર્થના કરવામાં આવી છે. આને માટે ચાર પાદમાં ચાર વાક્યો ગોઠવ્યાં છે : ૧. कपर्दिनः = रुद्रस्य । कपर्दो जटाजूटः अस्य अस्ति इति कपर्दी = रुद्रः, (तस्य कपर्दिनः)। 'કપર્દ' એટલે જટાજૂટ. આ જટાજૂટવાળા દેવને 'કપર્દિન્' કહેવાય છે. (રુદ્રનું વિશેષણ). धनुः विज्यम् (अस्तु)—રુદ્રનું ધનુષ્ય, 'જેમાંથી જ્યાં = પણછ છૂટી

ગઈ છે' તેવું થાવ. (विगता ज्या यस्य तत् ।) [विज्यम् + धनुः = विज्यं + धनुः = विज्यन् धनुः । એવો સન્ધિનો ક્રમ છે.] ૨. बाणवान् विशल्यः (अस्तु)—બાણોથી ભરેલું = બાણોવાળું જે તે 'બાણવાન્' અર્થાત્ ભાથું, તે શલ્ય વિનાનું થાવ. 'શલ્ય' એટલે (બાણની) અણીયાળી ધાર, લક્ષણાથી 'અણીયાળી ધારવાળા બાણો.' તેના વિનાનું ભાથુ બને. उत—અને, વળી. ૩. अस्य (रुद्रस्य) या इषवः, ताः अनेशन् = नश्यन्तु આ રુદ્રના જે બાણો છે, તે નાશ પામે. नश् अदर्शने ધાતુ (નાશ પામવું.) તેનું लुङ् લકારમાં અદ્યતન ભૂતકાળમાં च्लि ને अङ् થયા પછી. एत्व થઈને રૂપ બન્યું છે : अनेशन् । ૪. अस्य (रुद्रस्य) निषङ्गधि = आभुः (भवतु). આ રુદ્રનું (નિષંગ = ખડ્ગ જેમાં ધીમતે—મૂકવામાં આવે છે તે =) 'નિષંગધિ' અર્થાત્ 'મ્યાન' (કોશ), आभुः = रिक्तः ખાલીખમ બનો. (= મ્યાન ખડ્ગ વિનાની બનો). આમ રુદ્રનાં બધાં શસ્ત્રો (ધનુષ્ય, બાણ અને ખડ્ગ) અમારા ભક્તો ઉપર ન વપરાય તેવી ઋષિની પ્રાર્થના છે.

या ते॑ हे॒तिर्मी॑ढुष्टम॒ हस्ते॑ ब॒भूव॑ ते॒ धनुः॑ ।
त॒या॒स्मान्वि॒श्वत॒स्त्वम॑य॒क्ष्मया॒ परि॑भुज ॥ ११ ॥

અનુવાદ : "હે મીઢુષ્ટમ (= અતિશય વૃષ્ટિ કરનાર) ! તમારા હાથમાં તમારું (જે) ધનુષ્ય રૂપી આયુધ (हेतिः) છે, તેના વડે અમને ચારેય તરફથી ઉપદ્રવ વિનાના બનાવી, તે રીતે (અમારું) પરિપાલન કરો." (૧૬.૧૧)

નોંધ : मीढ्वान् (मिह सेचने) 'વૃષ્ટિ સિંચન કરનાર'. શ્રેષ્ઠતાદર્શક तम પ્રત્યય જોડીને मीढुष्टम શબ્દ બનાવાયો છે. (તેનું સંબોધન). ते हस्ते = તમારા હાથમાં, धनुः ધનુષ્ય (રૂપી) या हेतिः (સ્ત્રીલિંગ શબ્દ)—જે આયુધ बभूव = છે, तया તે હેતિ વડે = આયુધ વડે, (કેટલાક વિદ્વાનોએ 'હેતિ'નો અર્થ 'વિજળી' પણ કર્યો છે. अस्मान् विश्वतः—અમને ચારેય તરફથી, अयक्ष्मया—રોગ વિનાના, ઉપદ્રવ વિનાના બનાવી, परिभुज = परिपालय—પરિપાલન કરો. (આજ્ઞાર્થ : મધ્યમ પુરુષ એ.વ.)

परि॑ ते॒ धन्व॑नो हे॒तिर॒स्मान्वृ॑णक्तु वि॒श्वतः॑ ।
अथो॒ य इ॑षु॒धिस्तवा॒रे अ॒स्मन्नि धे॑हि॒ तम् ॥ १२ ॥

અનુવાદ : "(હે રુદ્ર !) તમારું ધનુષ્ય—સંબંધિ જે આયુધ (હેતિ) તે અમને ચારેય તરફથી છોડી દે (= લક્ષ્ય ન બનાવે). અને વળી, બાણને ધારણ કરનારું જે (ભાથું), તેને પણ અમારી પાસેથી ઘણે દૂર સ્થાપી દો." (૧૬.૧૨)

નોંધ : धन्वनः हेतिः ધનુષ્યસંબંધી આયુધ, अस्मान्—અમને विश्वतः, परि वृणक्तु = परिवर्जयतु = ચારેય તરફથી—બધી બાજુએથી, ત્યજી દે, છોડી દે. अथो—ઓ કારાન્ત નિપાત, 'અને, વળી'. इषुधिः = बाणवान् બાણવાળું ભાથું. अस्मत्—પંચમી બહુવચન—અમારી પાસેથી, आरे = दूरे ઘણે દૂર, नि धेहि—મૂકો, સ્થાપો. આ મન્ત્રમાં પણ રુદ્રના આયુધોથી છુટકારો માંગવામાં આવ્યો છે.

अवतत्य धनुष्ट्वꣳ सहस्राक्ष शतेषुधे ।
निशीर्य शल्यानां मुखां शिवो नः सुमनां भव ॥ १३ ॥

અનુવાદ : "હે હજાર નેત્રવાળા ! અને હે સેંકડો ભાથાવાળા ! (રુદ્ર !) તમો ધનુષ્ય (તેની દોરી)ને ઉતારી કાઢીને, શલ્યરૂપ બાણોના અણીયાળા મુખભાગો (= અગ્રભાગો)ને તોડી કાઢીને તમો અમારા પ્રત્યે કલ્યાણકારી અને સુન્દર મનવાળા (= કૃપાળુ) થાવ."

નોંધ : सहस्राक्ष અને शतेषुधे—સંબોધનવાચા પદો, त्वं धनुः अवतत्य = તમે ધનુષ્યને, ધનુષ્યની પણછને ઉતારી કાઢીને, शल्यानां मुखाः निशीर्य બાણોના અણીવાળા આગળના ભાગોને તોડી કાઢીને नः = अस्मान् प्रति, शिवः सुमनाः भव । અમારા પ્રત્યે શિવ = કલ્યાણકારી અને કૃપાળુ મનવાળા થાવ.

नमस्त आयुधायानातताय धृष्णवे ।
उभाभ्यामुत ते नमो बाहुभ्यां तव धन्वने ॥ १४ ॥

અનુવાદ : "(ધનુષ્ય ઉપર) નહીં ચઢાવેલા અને ઘર્ષણ કરવાના સ્વભાવવાળા તમારા આયુધ (= બાણ)ને નમસ્કાર હજો. તમારા બન્ને હાથને નમસ્કાર હજો, તથા તમારા ધનુષ્યને પણ (નમસ્કાર હજો.)" (૧૬.૧૪)

નોંધ : ते = तव आयुधाय नमः—તમારા આયુધને નમસ્કાર હજો. આયુધનાં બે વિશેષણો : ૧. अनातताय અને ૨. धृष्णवे । ધનુષ્ય ઉપર નહીં ખેંચેલા, ચઢાવેલા અને धृष्णु—ધર્ષણશીલ, શત્રુને હણવા માટે પ્રગલ્ભ બનનારા. उभाभ्याम् बाहुभ्याम्—(ચતુર્થી દ્વિવચન) બન્નેય હાથને, नमः નમસ્કાર હજો. तव धन्वने = तव धनुषे—તમારા ધનુષ્યને પણ (નમસ્કાર).

मा नो महान्तमुत मा नो अर्भकं मा न उक्षन्तमुत मा न उक्षितम् ।
मा नो वधीः पितरं मोत मातरं मा नः प्रियास्तन्वो रुद्र रीरिषः ॥ १५ ॥

અનુવાદ : "હે રુદ્ર ! અમારા વૃદ્ધોને તું હણીશ નહીં, અમારા નાનાં બાળકોને, અમારા તરુણ (યુવક)ને તથા અમારા ગર્ભસ્થ શિશુને પણ હણીશ નહીં. (તેવી જ રીતે) અમારા પિતાને તથા માતાને તું હણીશ નહીં. અમારી જે પ્રિયાઓ (સ્ત્રીઓ) છે તેમને, તથા અમારાં જે (પુત્રપૌત્રાદિ રૂપ) શરીરો છે તેમની પણ તું હિંસા ના કરીશ." (૧૬.૧૫)

નોંધ : (त्वं) नः (अस्माकं) महान्तं (वृद्धं) मा वधीः । તું અમારા મોટા વડીલોને—વૃદ્ધોને હણીશ નહીં. अर्भकं—નાનાં બાળકો, उक्षन्तम् = તરુણને, उक्षितम् (उक्ष सेचने) ગર્ભમાં સ્થપાયેલા શિશુને—मोत = मा + उत प्रियाः = वल्लभाः = પ્રિય પત્નીઓ, तन्वः—પુત્ર રૂપ શરીરો, मा रीरिषः (रिषतिः हिंसार्थः) = मा हिंसीः । તમો હિંસા ના કરશો.

मा न॑स्तो॒के तन॑ये मा न॒ आयु॑षि॒ मा नो॒ गोषु॒ मा नो॒ अश्वे॑षु रीरिषः ।
मा नो॑ वी॒रान् रु॑द्र भा॒मिनो॑ वधीर्ह॒विष्म॑न्तः सद॒मित्त्वा॑ हवामहे ॥ १६ ॥

અનુવાદ : હે રુદ્ર ! અમારા પુત્રની ઉપર, કે અમારા પૌત્રની ઉપર, અમારા આયુષ (= જીવન)ની ઉપર, કે અમારી ગાયો ઉપર તથા અમારા અશ્વોની ઉપર તું હિંસા ના આચરીશ. હે રુદ્ર ! ક્રોધવાળા હોવા છતાંય અમારા વીર પુત્રોનો તું વધ ના કરીશ. કારણ કે હંમેશા હવિષાન્ન આપનારા અમે તને બોલાવીએ છીએ." (૧૬.૧૬)

નોંધ : तोके, પુત્રની ઉપર, પુત્રને વિશે, तनये—પૌત્રની ઉપર, आयुषि = जीवने—અમારા જીવન ઉપર, मा रीरिषः = मा हिंसीः—તું હિંસા ના આચરીશ. भामिनः = क्रोधयुक्तान् वीरान् = ક્રોધયુક્ત વીર પુત્રોને કે ભૃત્યોને તું, मा वधीः— હણીશ નહીં. કારણ કે અમે હવિષ આપનાર છીએ. = हविष्मन्तः (वयम्), सद् मित् = सदा एव, (त्वां, हवामहे = आह्वयामः—તને બોલાવીએ છીએ. યજ્ઞને માટે આહ્વાન કરીએ છીએ. મહીધર કહે છે કે અમે કેવળ તારા એકની પાસે જ શરણે આવ્યા છીએ.

આ અધ્યાયના શરૂઆતના ૧ થી ૧૬ મન્ત્રો 'ઋચા' સ્વરૂપ હતા. [તેમાંના ઘણા મન્ત્રો ઋગ્વેદમાં પણ જોવા મળે છે; દા.ત. ઉપરના (યજુર્વેદ અધ્યાય—૧૬ના) ૧૫—૧૬ મન્ત્રો ઋગ્વેદના ૧—૧૧૪—૭, ૮માં પણ જોવા મળે છે.] પરંતુ હવે ૧૭ (नमो हिरण्यबाहवे)થી શરૂ કરીને, (द्रापे अन्धसपते ०।) ૪૭ સુધીના મન્ત્રો 'યજુસ્' છે; જે ગદ્યમાં આવેલા છે. આ દરેકને "કંડિકા" પણ કહેવામાં

આવે છે. આ દરેક કંડિકામાં જુદા જુદા આઠ—આઠ રુદ્રોને નમસ્કાર કરવામાં આવ્યા છે.

नमो॒ हिर॑ण्यबाहवे सेना॒न्ये॒ दि॒शाञ्च॒ पत॑ये नमो॒
नमो॑ वृ॒क्षेभ्यो॒ हरि॑केशेभ्यᳳ पशू॒नाम् पत॑ये॒ नमो॒
नम॑÷श॒ष्पिञ्ज॑राय॒ त्त्विषी॑मते, पथी॒नाम् पतये॒ नमो॒
नमो॒ हरि॑केशायोपवी॒तिने॑ पु॒ष्टाना॒म् प॑तये॒ नमः ॥ १७ ॥

અનુવાદ : નમસ્કાર હજો સુવર્ણ(ના આભરણથી અલંકૃત) બાહુવાળા એવા સેનાનીને તથા દિશાઓના પતિ (એવા રુદ્ર)ને નમસ્કાર હજો.

નમસ્કાર હજો હરિત—વર્ણનાં પાંદડાં સ્વરૂપ કેશવાળા વૃક્ષોને; તથા પશુઓના પતિને નમસ્કાર હજો.

નમસ્કાર હજો નવા અંકુરિત થયેલા ઘાસના જેવા વર્ણવાળા, દીપ્તિમન્ત (રુદ્ર)ને તથા (વનના) માર્ગોના પતિને નમસ્કાર હજો.

નમસ્કાર હજો લાલ (અથવા નીલ) વર્ણના કેશવાળા અને યજ્ઞોપવીતને ધારણ કરનારાને; તથા સમૃદ્ધ વ્યક્તિઓના પતિને નમસ્કાર હજો. (૧૬—૧૭)

વિમર્શ : ઉપરના ૧૭મા મન્ત્રમાં (= કંડિકામાં) જે આઠ રુદ્રોને નમસ્કાર છે, તે નીચે મુજબ છે :—

(१) हिरण्यबाहवे सेनान्ये नमः ।
(२) दिशां पतये नमः ।
(३) हरिकेशेभ्यः वृक्षेभ्यः नमः ।
(४) पशूनाम् पतये नमः ।
(५) शष्पिञ्जराय त्त्विषीमते नमः ।
(६) पथीनाम् पतये नमः ।
(७) हरिकेशाय उपवीतिने नमः ।
(८) पुष्टानाम् पतये नमः ।

આ દરેકની વાક્યરચનામાં આરંભે અને અંતે નમઃ જોડ્યું છે, તેથી આ રુદ્રોને ઉભયતઃ નમસ્કાર કર્યા છે એમ જાણવું. રુદ્રના આ બધાં વિશેષણો એમ સૂચવી

રહ્યા છે કે ઋગ્વેદનાં ચાર સૂક્તો★માં જે રુદ્ર દેવતાની સ્તુતિ થઈ છે, તે સ્પષ્ટપણે અંતરિક્ષસ્થાનના દેવતા છે; પણ યજુર્વેદના આ "શતરુદ્રિય (૧૬મા) અધ્યાય"માં જે રુદ્રદેવતાની સ્તુતિ જોવા મળે છે, તે પૃથિવીલોકના રુદ્રદેવતા છે.

ઉપરના મન્ત્રમાં રુદ્ર એ વનના, વનના દુર્ગમ માર્ગોના, વનસ્પતિના (વૃક્ષો, પાંદડા અને નાવાંકુરિત ઘાસના) સ્વામી છે; વળી, તે સેનાની સ્વરૂપ પણ છે. પશુઓના અને સમૃદ્ધ કે ગુણથી વધેલા વ્યક્તિઓના પણ પતિ છે.

नमो॑ बभ्लुशाय॑ व्या॒धिनेऽन्ना॑ना॒ं पत॑ये॒ नम॒ः
नमो॑ भ॒वस्य॑ हे॒त्त्यै, जग॑ता॒ं पत॑ये॒ नमो॒,
नमो॑ रु॒द्राया॑ऽतता॒यिने॒ क्षेत्रा॑णा॒ं पत॑ये॒ नमो॒,
नम॑÷सू॒ताया॑ऽहन्त्यै॒ वना॑ना॒ं पत॑ये॒ नम॒ः ॥ १८ ॥

અનુવાદ : નમસ્કાર હજો (= બભ્રુ = કપિલ) વર્ણવાળા શિકારીને, તથા અન્નના પતિને નમસ્કાર હજો. નમસ્કાર હજો ભવ (= સંસાર)ના હેતિ (= આયુધ)ને તથા જગતોના પાલકને નમસ્કાર હજો. આતતાયી એવા રુદ્રને; તથા ક્ષેત્રો (= ખેતર અથવા શરીર)ના પતિને નમસ્કાર હજો. નમસ્કાર હજો નહીં હણનાર એવા સુત (= સારથિ)ને; તથા વનોના પતિને નમસ્કાર હજો. (૧૬.૧૮)

વિમર્શ : ઉપરની કંડિકામાં જે આઠ રુદ્રોને નમસ્કાર છે, તે નીચે પ્રમાણે છે :—

(१) बभ्लुशाय व्याधिने नमः ।
(२) अन्नानां पतये नमः ।
(३) भवस्य हेत्यै नमः ।
(४) जगतां पतये नमः ।
(५) आततायिने रुद्राय नमः ।
(६) क्षेत्राणां पतये नमः ।
(७) अहन्त्यै सुताय नमः ।
(८) वनानां पतये नमः ।

★ ઋગ્વેદમાં ૧—૧૧૪, ૨—૩૩ અને ૭—૪૬ના આખા સૂક્તમાં રુદ્રની સ્તુતિ છે; તથા ૧—૪૩—૧ થી ૬માં અંશતઃ રુદ્રની સ્તુતિ છે. વળી, કુલ મળીને ૭૫ વખત રુદ્રનું નામસ્મરણ ઋગ્વેદમાં જોવા મળે છે.

ભાષ્યકાર ઉવ્વટે बभ्लुशाय નો અર્થ बभ्रुवर्णाय કર્યો છે. બભ્રુ એટલે કપિલ રંગનો, ટીકાકાર મહીધર કહે છે કે – बिभर्ति रुद्रमिति बभ्लुः = वृषभः । तस्मिन् शेते सः बभ्लुशः ॥ "રુદ્રને જે પોતાની ઉપર સવારી કરાવે છે, તે વૃષભને 'બભ્લુ' કહેવાય છે. આ બબ્લુની ઉપર જે સૂવે છે, બેસે છે તે રુદ્રને "બભ્લુશ" કહેવાય! મન્ત્રમાં बभ्लुशाय नमः । કહીને વૃષભ ઉપર આરુઢ થયેલા રુદ્રને નમસ્કાર કર્યા છે. અહીં ઉવટ મુજબ बभ्लुश શબ્દ દ્વારા રુદ્રના 'કપિલવર્ણ'નો ઉલ્લેખ છે; તો મહીધર મુજબ રુદ્રના વૃષભારૂઢ હોવા તરફ ઈશારો છે.

રુદ્રને માટે જે અનેક વિશેષણો વપરાયાં છે તેમાં એક 'ભવ' અને બીજું 'શર્વ' એ ખાસ નોંધપાત્ર છે. અહીં भवस्य हेत्यै नमः । કહ્યું છે. જેનો શાબ્દિક અર્થ થશે 'ભવ' નામના રુદ્રની 'હેતિ'ને, અર્થાત્ વીજળી રૂપી આયુધને નમસ્કાર હજો. ઉવ્વટ અને મહીધરે 'ભવ'નો રૂઢ અર્થ 'સંસાર' કર્યો છે તથા 'સંસાર–નિવર્તક રુદ્રને નમસ્કાર હજો' એવો અર્થ તારવ્યો છે. પણ રુદ્રના વિશેષણ તરીકે વપરાયેલ આ 'ભવ' અને 'શર્વ' જેવા શબ્દો કે જે લગભગ સમાનાર્થક છે તે અથર્વવેદ (૬–૯૩–૧, ૨) મુજબ તો પરસ્પરથી જુદા જ દેવ છે; અને ત્રીજા રુદ્ર પણ આ બે દેવથી સાવ જુદા જ છે! અહીં વાજસનેયિ સંહિતા (= યજુર્વેદ ૧૬–૧૮, ૨૮) મુજબ તે રુદ્રનાં જ વિશેષણ છે; પણ શાંખાયન શ્રૌતસૂત્ર (૪–૨૦) મુજબ રુદ્ર (= મહાદેવ)ના પુત્રો તરીકે 'ભવ' અને 'શર્વ'નો ઉલ્લેખ છે. પરંતુ ડૉ. આર. એન. દાંડેકર એ વાત તરફ ધ્યાન ખેંચે છે કે શતપથ બ્રાહ્મણ (૧–૭–૩–૮) મુજબ 'શર્વ'ની પૂજા પૂર્વભારતના લોકો કરતા હતા; જ્યારે 'ભવ'ની પૂજા ઉત્તરપશ્ચિમ ભારતના 'વાહીકો' = બાહ્‌લીકો કરતા હતા! વળી, શર્વ અને ભવની જેમ જ, 'પશુપતિ' નામના દેવ પણ રુદ્રથી જુદા જ એક દેવ હતા. પણ આ બધા દેવના ચરિતોની સમાનતાને કારણે, ઋગ્વેદ પછીના સમયગાળામાં તે રુદ્રની સાથે અભેદ પામ્યા અને રુદ્રનાં જ જુદાં જુદાં વિશેષણ તરીકે વપરાવા લાગ્યાં.

પાંચમા ક્રમે 'આતતાયિન્ રુદ્ર'ને નમસ્કાર કર્યા છે. ઉવ્વટ અને મહીધર લખે છે : आततेन = विस्तृतेन धनुषा सह एति (= गच्छति) इति आततायी, = उद्यतायुधाय नमः । આતત એટલે વિસ્તારેલા ધનુષ્‌ની સાથે જે જાય છે (ફરે છે) તે (ઉદ્યતાયુધ) રુદ્રને 'આતતાયિન્' કહેવાય. આવા આયુધ ઉગામેલા રુદ્રને નમસ્કાર કર્યા પછી, મન્ત્રમાં क्षेत्राणां पतये नमः । કહ્યું છે. મહીધર 'ક્ષેત્ર' શબ્દનો પ્રચલિત અર્થ 'ખેતર' નહીં લેતાં, 'શરીર' એવો દર્શનશાસ્ત્ર-પરક અર્થ લઈને देहानां पालकाय नमः । અર્થાત્ દેહના પાલક (જીવ અને શિવ)ને નમસ્કાર હજો.

આમ જીવ અને શિવનો અભેદ વિચારીને, 'શરીરના રક્ષક જીવાત્મા સ્વરૂપ રુદ્રને નમસ્કાર' એવો અર્થ કર્યો છે. પણ આખા મન્ત્રને જોઈએ તો 'અન્નના પતિ', 'જગતના પતિ', 'ક્ષેત્રના પતિ' અને 'વનોના પતિ'ને જે નમસ્કારો કર્યા છે, તે પૂર્વાપર સંદર્ભમાં 'ક્ષેત્ર'નો અર્થ 'ખેતર' જ કરવો જોઈએ એવું લાગે છે.

न हन्ति इति अहन्ति । જે હણતો નથી તે (દેવ) अहन्ति । કહેવાય. तस्मै अहन्त्रे, सुताय सारथये नमः । નહીં હણતા સારથિ સ્વરૂપ રુદ્રને નમસ્કાર હજો.

नमो॒ रोहि॑ताय स्थ॒पतये वृ॒क्षाणां॒ पत॑ये॒ नमो॒,
नमो॑ भुव॒न्तये॑ वारिवस्कृ॒तायौष॑धीनां पत॑ये॒ नमो॒,
नमो॑ म॒न्त्रिणे॑ वाणि॒जाय॒ कक्षा॑णां पत॑ये॒ नमो,
नम॑ उ॒च्चैर्घो॑षायाक्र॒न्दय॑ते पत्ती॒नां पत॑ये॒ नमः ॥ १९ ॥

અનુવાદ : નમસ્કાર હજો લાલ રંગવાળા સ્થપતિ (= ગૃહનિર્માણ કર્તા)ને, તથા વૃક્ષોના પતિને નમસ્કાર હજો. નમસ્કાર હજો ભૂ = પૃથિવીને વિસ્તારનારા અને ધન કરનાર (= આપનાર)ને તથા ઔષધિઓના સ્વામીને પણ નમસ્કાર હજો. નમસ્કાર હજો મન્ત્રણા કરનાર અને વણિક (સ્વરૂપ રુદ્ર)ને તથા કક્ષાઓના (= લતાઓના) પતિને નમસ્કાર હજો. નમસ્કાર હજો ઊંચેથી બૂમો પાડનાર અને આક્રન્દ (= રુદન) કરાવનારને; તથા (પદાતિ) સેનાઓના પતિને નમસ્કાર હજો.

વિમર્શ : ઉપરની કંડિકામાં જે આઠ રુદ્રોને નમસ્કાર કર્યા છે, તે નીચે મુજબ છે :—

(१) रोहिताय स्थपतये नमः ।
(२) वृक्षाणां पतये नमः ।
(३) भुवन्तये वारिवस्कृताय नमः ।
(४) ओषधीनां पतये नमः ।
(५) मन्त्रिणे वाणिजाय नमः ।
(६) कक्षाणां पतये नमः ।
(७) उच्चैः घोषाय आक्रन्दयते नमः ।
(८) पत्तीनां पतये नमः ।

આમાંના કેટલાક શબ્દોની ભાષ્યકારોએ નીચે મુજબ સમજૂતી આપી છે :

भुवं पृथिवीं तनोति = विस्तारयति इति भुवन्तिः । પૃથિવીને ફેલાવનાર (રુદ્રદેવ)ને 'ભુવન્તિ' કહેવાય. આ શબ્દનું ચતુર્થી એકવચન भुवन्तये (नमः) ।

वरिवस् (वरिवः) એટલે ધન. वरिवो धनं, तत्कृतं येन, सः वारिवस्कृतः । ધનને કરનાર = આપનાર. (અહીં वरिवःનું वारिवः એવું દીર્ઘ વેદની ભાષા હોવાથી થયું છે.)

આ સકળ બ્રહ્માંડમાં સર્વત્ર રુદ્ર (રડાવનારું) અને શિવ (કલ્યાણ કરનારું) તત્ત્વ વ્યાપેલું છે. આ સંદર્ભે પ્રસ્તુત મન્ત્રમાં ઋષિએ "વૃક્ષોના પતિને" અને "ઓષધિઓના પતિ"ને નમસ્કાર કર્યા છે. એવી જ રીતે, ક્યાંક वनानां पतये नमः । પણ કહ્યું છે. આથી, ડૉ. કપિલદેવ દ્વિવેદી કહે છે કે –

यजुर्वेद के अध्याय १६ में रुद्र को असंख्य बताते हुए पृथिवी, अन्तरिक्ष और द्युलोक में सर्वत्र व्याप्त बताया गया है । रुद्र को वृक्ष, वन, ओषधि आदि का स्वामी बताते हुए उसे वृक्ष–वनस्पति के रूप में प्रस्तुत किया गया है । वह कार्बन–डाई–ऑक्साइड (Carbon dioxide, Co_2) रूपी विष पीता है और ऑक्सीजन (Oxygen) रूपी अमृत छोड़ता है । यह शिव का वृक्ष के रूप में विष–पान है, और अमृत–दान है । (द्रष्टव्य – वैदिक साहित्य एवं संस्कृति, डो. कपिलदेव द्विवेदी, विश्वविद्यालय प्रकाशन, वाराणसी, २०००, पृ. ७४)

पत्तिः એટલે પદાતિ સેના. મહાભારત (૧–૨૮૯)માં પદાતિનું લક્ષણ આ મુજબ આપ્યું છે : एको रथो गजश्चाश्वास्त्रयः पञ्च पदातयः । एष सेनाविशेषोऽयं पत्तिरित्यभिधीयते ॥

એક રથ, એક હાથી અને ત્રણ ઘોડાના સમૂહને 'પદાતિ' કહેવાય છે. આવા પદાતિઓની સેનાને 'પત્તિ' કહેવાય છે.

नम॑÷कृत्स्नाय॒तया॒ धाव॑ते॒ सत्त्व॑ना॒म् पत॑ये॒ नमो॒,
नम॒ꣳसह॑मानाय निव्या॒धिन॑ आव्या॒धिनी॑ना॒ं पत॑ये॒ नमो॒
नमो॑ निष॒ङ्गिणे॑ ककुभाय॑ स्तेना॒नां पत॑ये॒ नमो॒
नमो॑ निचे॒रवे॑ परिच॒रायार॑ण्याना॒ं पत॑ये॒ नम॒ः ॥ २० ॥

અનુવાદ : નમસ્કાર હજો પૂરેપૂરા (કાન સુધી ખેંચીને) વિસ્તારેલા (ધનુષ્) સાથે દોડતા (રુદ્ર)ને તથા પ્રાણીઓના પતિને નમસ્કાર હજો. નમસ્કાર હજો બળ કરી રહેલા (કે બીજાને હરાવી રહેલા રુદ્ર)ને અને નિ:શેષપણે (શત્રુને) વીંધતા (રુદ્ર)ને; તથા ચારે તરફ (શત્રુઓને) વીંધનારી (સેનાઓ)ના પતિને નમસ્કાર હજો. નમસ્કાર હજો ખડ્ગધારીને અને કુકુભ = (મહાન) એવા (દેવ)ને, તથા (ગુપ્ત)

ચોરોના પતિને નમસ્કાર હજો. નમસ્કાર હજો નિરંતર વિચરણ કરનાર અને ચારે બાજુએ ફરનારને, તથા અરણ્યોના પતિને નમસ્કાર હજો.

વિમર્શ : આ કંડિકામાં નીચે મુજબના આઠ રુદ્રોને નમસ્કાર છે :

(૧) कृत्स्नायतया धावते नमः ।

(२) सत्वनां पतये नमः ।

(३) सहमानाय निव्याधिने नमः ।

(४) आव्याधिनीनां पतये नमः ।

(५) निषङ्गिणे ककुभाय नमः ।

(६) स्तेनानां पतये नमः ।

(७) निचेरवे परिचराय नमः ।

(८) अरण्यानां पतये नमः ।

ઉવ્વટ કહે છે કે 'कृत्स्नायतताय' એવું રૂપ થવું જોઈતું હતું, પણ આમાંથી એક 'त' કારનો લોપ થયો છે; કેમ કે વેદની ભાષા ઘણી અનિયમિતતાઓ વાળી જોવા મળે છે. कृत्स्नं च असौ आयतं च कृत्स्नायतः पूरितधनुः, तस्य भावः, कृत्स्नायतया, तया हेतुभूतया धावते आकर्णपूरितधनुषा इत्यर्थः ।

सहमानाय (रुद्राय)નો અર્થ કર્યો છે : अभिभवनशीलाय । એ જ રીતે, મહીધરે आव्याधिनीनां पतये ।નો અર્થ કર્યો છે : आ समन्ताद् विध्यन्तीत्याव्याधिन्यः शूरसेनास्तासां पालकाय नमः ।

निषङ्ग—એટલે ખડ્ગ, ककुभ—એટલે 'મહાન્'; स्तेन—ગુપ્ત રીતે ચોરી કરનારને કહે છે.

निचेरवे એ 'निचेरु' શબ્દનું ચતુર્થી એકવચન છે. अपहारबुद्ध्या निरन्तरं चरति इति । અપહરણ કરવાની બુદ્ધિથી જે નિરંતર ફરે છે તેને 'નિચેરુ' કહેવાય. એ જ રીતે, परित आपणवाटिकादौ हरणेच्छया चरतीति परिचरः, तस्मै नमः । અહીં રુદ્ર ચારે તરફ ફરનારા છે, તેથી તેને 'પરિચય' કહ્યા છે. પણ મહીધરે તે નામ એક પ્રકારના ચોરને માટે છે એમ સમજાવ્યું છે. દુકાન, બગીચા વગેરેમાં વસ્તુઓ ઉઠાવી લેવાના આશયથી જે ચોર ભટકે છે, તેને 'પરિચર' કહે છે. વળી, મહીધર ઉમેરે છે કે – रुद्रो लीलया चोरादिरूपं धत्ते । यद्वा रुद्रस्य जगदात्मकत्वात् चोरादयो रुद्रा एव ध्येयाः । રુદ્ર લીલાપૂર્વક ચોર વગેરેનું રૂપ લે છે. અથવા રુદ્ર જગદાત્મક છે એમ માનીએ તો પણ ચોર વગેરેને પણ રુદ્ર સ્વરૂપે જ જોવા જોઈએ. (જે કોઈ રડાવે તે સૌમાં રુદ્રત્વ વિલસી રહ્યું છે ! એમ જાણવું.)

ધનુષ્ ઉપર બાણ ચઢાવીને પશુઓની પાછળ ભટકતા શિકારીને 'રુદ્ર' સ્વરૂપે જોવા, કે રણસંગ્રામમાં સૌને વીંધી નાખનાર ક્રૂર સૈનિકને 'રુદ્ર' સ્વરૂપે જોવા, કે 'સ્તેન' અર્થાત્ ચોર લોકોને 'રુદ્ર' સ્વરૂપે જોવા અને તેમને નમસ્કાર કરવા એવું આ મન્ત્રમાં કહેવાયું છે. આનો આધ્યાત્મિક અર્થ સમજાવતાં ટીકાકાર મહીધર કહે છે કે –

यद्वा स्तेनादिशरीरे जीवेश्वररूपेण रुद्रो द्विधा तिष्ठति । तत्र जीवरूपं स्तेनादिशब्दवाच्यं, तद् ईश्वररुद्ररूपं लक्षयति, यथा शाखाग्रं चन्द्रस्य लक्षकम् । किं बहुना, लक्ष्यार्थविवक्षया मन्त्रेषु लौकिकाः शब्दाः प्रयुक्ताः ॥ (पृ. २९९)

અર્થાત્ સ્તેન = ચોર, શિકારી વગેરેના શરીરમાં રુદ્ર (રૂપ પરમાત્મા) બે રીતે રહેતા હોય છે : (૧) જીવાત્મા રૂપે અને (૨) ઈશ્વર રૂપે. આ બેમાંથી જે જીવાત્મા રૂપ રુદ્ર છે તેને 'ચોર', 'શિકારી' જેવા શબ્દોથી ઓળખાવ્યા છે અને એ શબ્દો ઈશ્વર = પરમાત્મા સ્વરૂપ રુદ્રને લક્ષિત (સૂચિત) કરી રહ્યા છે. આ 'શાખાચન્દ્ર–ન્યાય'થી સમજવાનું છે. જેવી રીતે રાત્રે જંગલમાં ફરતા હોઈએ ત્યારે કોઈને ચંદ્ર બતાવવો હોય તો આપણે કહીએ છીએ કે "જુઓ, પેલા ઝાડની ડાળીની ઉપર ચન્દ્ર ઉગ્યો છે." હવે જોનાર વ્યક્તિએ અમુક ચોક્કસ ડાળી તરફ નજર નાંખવી પડશે અને તો તેને ડાળીની ઉપરના ભાગે ઉગેલો ચન્દ્ર તરત જ (સરળતાથી) ધ્યાન ઉપર આવી જશે. (અહીં ચન્દ્ર દેખાઈ ગયા પછી વ્યક્તિએ ડાળીને ભૂલી જવાની હોય છે, અને કેવળ ચન્દ્રદર્શનનો જ લ્હાવો લેવાનો હોય છે.) એવી રીતે, આ મન્ત્રમાં જ્યારે કહેવાય છે કે "ચોરોના પતિને નમસ્કાર" ત્યારે ચોર એ તો ડાળી જેવો છે, એ ચોર રૂપ જીવાત્માની બાજુમાં ઊભેલા ઈશ્વરને = પરમાત્મા સ્વરૂપ રુદ્રને જોવા તે ખરું લક્ષ્ય છે. અહીં એકવાર સ્તેનમાં છુપાયેલા રુદ્રતત્ત્વના દર્શન થઈ જાય, તે પછી સ્તેન (ચોર)ને ભૂલી જઈને, તેનામાં બેઠેલા પરમાત્મા રૂપ રુદ્ર તરફ જ ધ્યાન કેન્દ્રિત કરવાનું હોય છે, તે રુદ્ર રૂપના દર્શનનો જ લ્હાવો લેવાનો હોય છે.

स्तेनानां पतये नमः । નું આવું દાર્શનિક અર્થઘટન ટીકાકાર મહીધરે આપ્યું છે. પણ વૈદિક દેવતાશાસ્ત્રનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ અભ્યાસ કરનારા વિદ્વાનો કહે છે કે ઋગ્વેદકાલીન રુદ્ર–દેવતાનો સ્વાભાવિક વિકાસ થઈને, તેમાંથી જ સીધા પૌરાણિક શિવનો ઉદ્ભવ થયો નથી. પણ વૈદિક રુદ્રદેવતાની વિભાવના એવી છે કે 'રુદ્ર' એક અન્તરિક્ષસ્થાનના દેવતા છે; અને ઝંઝાવાત (Storm), કે વીજળીનું જ તે પ્રતીકાત્મક નામ છે. આ ત્રણેય તત્ત્વો ભયજનક પણ છે અને માણસને ઉપકારક પણ છે (મંગલમય પણ છે). પણ કાલક્રમે તેમાં (= રુદ્રની

આવી દ્વિમુખી વિભાવનામાં) અનેક લોકવિશ્વાસોનું મિશ્રણ થયું જણાય છે. કેમ કે (પુરાણકાલીન) "બ્રહ્મા–વિષ્ણુ અને મહેશ"ની મનોરમ ત્રિપુટીમાં સ્થાન પામતા પહેલાં, વૈદિક રુદ્રને વનો અને વન્ય પશુઓના અધિપતિ કહ્યા છે; સ્તેન, તસ્કર, તાયુઓના અધિપતિ કહ્યા છે; ધનુષબાણ લઈને અરણ્યમાં વિચરણ કરનારા એક શિકારી (વ્યાધ) પણ કહ્યા છે. આની સંગતિ પણ વિચારવી જોઈએ.

વિદ્વાનોની દૃષ્ટિએ, પહેલા ઋગ્વેદની રચના થઈ છે, જેમાં બ્રાહ્મણો, પુરોહિતોના એક અભિજાત વર્ગની યજ્ઞપરક કર્મકાંડની વ્યવસ્થા પ્રતિબિંબિત થઈ છે. તે પછી બીજા ક્રમે આવે છે : 'અથર્વવેદ'. આમાં સમાજના નીચલા વર્ગના અનેક લૌકિક વિશ્વાસો (માન્યતાઓ)નું પ્રતિબિંબ પડેલું છે. આ પછી, ત્રીજા ક્રમે યજુર્વેદની રચના આવે છે. તેથી આ 'શતરુદ્રિય–હોમ' નામે ઓળખાતા અધ્યાયમાં 'રુદ્ર'ના જે વૈવિધ્ય અને વૈચિત્ર્યભર્યાં વિશેષણો વાંચવા મળે છે તેમાં તત્કાલીન અનેક આર્ય–અનાર્ય, સુર–અસુર, દાસ–દસ્યુ, રાક્ષસ અને વ્રાત્ય આદિ પ્રજાઓના જુદા જુદા વિશ્વાસોનું–માન્યતાઓનું આ શિવ સંસ્કૃતિમાં મિશ્રણ થયું હોય તેમ જોઈ શકાય છે.

नमो॒ व्वञ्च॑ते परि॒वञ्च॑ते स्तायू॒नां पत॑ये॒ नमो॒,
नमो॑ निष॒ङ्गिण॑ इषुधि॒मते॒ तस्क॑राणां॒ पत॑ये॒ नमो॒,
नम॑ः सृक्का॒यिब्भ्यो॒ जिघा॑ꣳसद्भ्यो मुष्णतां॑ पत॑ये॒ नमो॒
नमो॑ सि॒मद्भ्यो नक्तं॒चर॑द्भ्यो विकृ॒न्तानां पत॑ये नम॑ः ॥ २१ ॥

અનુવાદ : નમસ્કાર હજો[1] છેતરનારને અને બધી રીતે છેતરનારને તથા સ્તાયુ (એક પ્રકારનો ચોટ જ)ઓના સ્વામીને પણ નમસ્કાર હજો.[2] નમસ્કાર હજો[3] ખડ્ગધારીને અને બાણનું ભાથુ ધારણ કરનારને, તથા તસ્કરો (બીજા એક પ્રકારના ચોર)ના પતિને નમસ્કાર હજો.[4] નમસ્કાર હજો[5] સૃક (અંકુશ કે ત્રિશુળ)ની સાથે ફરનારને અને (શત્રુઓને) હણવાની ઈચ્છા રાખનારને, તથા (ખેતરમાંના ધાન્યાદિને) ચોરનારાઓના અધિપતિને નમસ્કાર હજો.[6] નમસ્કાર હજો[7] ખડ્ગની સાથે ફરનાર અને રાત્રિમાં ફરનારને, તથા ઉતરડીને–ઝૂંટવીને–લઈ જનારાઓના પતિને નમસ્કાર હજો.[8] (૧૬–૨૧)

વિમર્શ : આ કંડિકામાં પણ આઠ રુદ્રોને નમસ્કાર કરવામાં આવ્યા છે. અહીં वञ्चति = प्रतारयति જે છેતરે છે તે વંચક, પરિવંચક, સ્તાયુ, તસ્કર અને મૂષક જેવા વિવિધ પ્રકારના ચોર કે ચોરોના સ્વામીને નમસ્કાર કર્યા છે.

नम॑ उष्णी॒षिणे॑ गिरिच॒राय॑ कुलु॒ञ्चाना॒ं पत॑ये॒ नमो॒,
नम॑ इषुमद्भ्यो॑ धन्वा॒यिभ्य॑श्च वो॒ नमो॒,
नम॑ आतन्वा॒नेभ्य॑ः प्रति॒दधा॑नेभ्यश्च वो॒ नमो॒
नम॑ आ॒यच्छ॒द्भ्योऽस्यद्भ्यश्च वो॒ नम॒ः ॥ २२ ॥

અનુવાદ : નમસ્કાર હજો પાઘડી બાંધેલા અને પર્વત ઉપર ફરનારા તથા કુત્સિત રીતે (અથવા કુળોને) લૂંટનારાઓના પતિને નમસ્કાર હજો. નમસ્કાર હજો બાણવાળા અને ધનુષ્ સાથે ફરનારા (હે રુદ્રો !), તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો જેમણે પણછ ઊંચી ખેંચી છે તેવાને અને સંધાન કરનારા (= ધનુષ્ ચઢાવનારા) એવા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો લઈ લેનારા અને (બાણોને) ફેંકનારા એવા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. (૧૬.૨૨)

વિમર્શ : માથે પાઘડી બાંધી, મોંઢા ઉપર કપડાં વીંટીને (પોતાની જાતને છુપાવીને) ગામમાં લૂંટ ચલાવનાર; પર્વતિયાળ પ્રદેશમાં ભટકતા રહીને ડાકુગીરી કરનાર, ગામના ખેતરોમાં ઊભા પાકને લૂંટી જનારા (કુલુંચો) અને બાણધારી એવા વ્યક્તિઓને રુદ્ર રૂપે જોઈને, તેમને નમસ્કાર કરવામાં આવ્યા છે.

અહીં इषुमद्भ्यो धन्वायिभ्यश्च वः (= युष्मभ्यं) नमः । (हे रुद्राः ! इषुमद्भ्यः युष्मभ्यं नमः) એવો, (હવે પછી) અન્વય ગોઠવવાનો થશે.

नमो विसृ॒जद्भ्यो॒ विध्यद्भ्यश्च वो॒ नमो॒,
नम॑ः स्व॒पद्भ्यो॒ जाग्र॑द्भ्यश्च वो॒ नमो॒,
नम॑ः शया॑नेभ्य॒ आसी॑नेभ्यश्च वो॒ नमो॒
नम॒स्तिष्ठ॑द्भ्यो॒ धाव॑द्भ्यश्च वो॒ नम॑ः ॥ २३ ॥

અનુવાદ : નમસ્કાર હજો (યોદ્ધાઓ ઉપર બાણ) છોડનાર અને (શત્રુઓને) વીંધનાર એવા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો સૂતેલા અને જાગ્રત એવા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો શયન કરનાર અને બેસી રહેનાર એવા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો ઊભેલાને અને દોડનાર એવા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો.

नम॑ः स॒भाभ्य॑ः स॒भाप॑तिभ्यश्च वो नमो॒,
नमोश्वेभ्योश्व॑पतिभ्यश्च वो॒ नमो॒,

नम॑ आव्या॒धिनी॑भ्यो विविध्य॑न्तीभ्यश्च वो॒ नमो॒,
नम॒ उग॑णाभ्यस्तृꣳह॒तीभ्य॑श्च वो॒ नम॒ः ॥ २४ ॥

અનુવાદ : નમસ્કાર હજો સભાઓ અને સભાપતિઓ સ્વરૂપે રહેલા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો અશ્વો અને અશ્વપતિઓ સ્વરૂપે રહેલા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો ચારે તરફ વીંધનાર અને વિશેષ રૂપે વીંધનારી સેનાઓ રૂપી (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો ઉત્કૃષ્ટ ગણો અને હિંસા કરનારી (સેના)ઓ સ્વરૂપ (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો.

વિમર્શ : उगणाभ्यश्च नमः । નો મહીધરે આ રીતે અર્થ કર્યો છે – उत्कृष्टा गणाः भृत्यसमूहा यासां ता उगणाः । ઉત્કૃષ્ટ નોકરોના સમૂહ–ગણો–જેની પાસે છે તેવી સેનાઓને उगणा કહેવાય. અહીં उद् ઉપસર્ગના અંતિમ વર્ણ (द्)નો લોપ થયો છે, (પૃષોદરાદિ ગણને કારણે) એમ જાણવું. तृंहन्ति = घ्नन्ति इति तृंहत्यः । એવો શબ્દ બને છે. અહીં √तृहि हिंसायाम् ધાતુ રહેલો છે. મહીધરે "હિંસા કરવા જે સમર્થ છે તેવી દુર્ગા વગેરે દેવીઓ" એવો અર્થ વિચાર્યો છે. પણ પૂર્વાપર સંદર્ભમાં તેને કેવળ 'સેના'ના વિશેષણ તરીકે જ લેવા પર્યાપ્ત છે.

नमो॑ ग॒णेभ्यो॑ ग॒णप॑तिभ्यश्च वो॒ नमो॒,
नमो॒ व्राते॑भ्यो॒ व्रात॑पतिभ्यश्च वो॒ नमो॒,
नमो॒ गृत्से॑भ्यो॒ गृत्स॑पतिभ्यश्च वो॒ नमो॒,
नमो॒ विरू॑पेभ्योवि॒श्वरू॑पेभ्यश्च वो॒ नम॒ः ॥ २५ ॥

અનુવાદ : નમસ્કાર હજો (રુદ્રોના) ગણને અને ગણોના પતિ એવા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો વ્રાતોને અને વ્રાતપતિ એવા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો ગૃત્સોને અને ગૃત્સપતિ એવા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો વિરૂપવાળાઓને અને વિશ્વરૂપવાળા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો.

વિમર્શ : મહીધર આ મન્ત્રને સમજાવતાં કહે છે કે – દેવોના અનુચર એવા જે ભૂતવિશેષો તેમને 'ગણ' કહે છે; તેવા ગણોને નમસ્કાર કર્યા છે. 'વ્રાત' વિવિધ પ્રકારની જાતિઓના સંઘને કહે છે. આવા વ્રાતોને અને વ્રાતના જે પતિ (= પાલકો) છે, તેમને નમસ્કાર કર્યા છે.

ઉવ્વટે 'ગૃત્સ'નો અર્થ 'મેધાવી' કર્યો છે; પણ મહીધરે વિષયલંપટ વ્યક્તિને 'ગૃત્સ' કહ્યો છે. 'વિરૂપ' એટલે વિકૃત રૂપવાળા, નગ્ન, મુંડનવાળા કે જટાધારીઓને "વિરૂપ" કહેવાય. વળી, ઘોડો, હાથી વગેરેના જેવા મુખવાળા વિશ્વરૂપધારી રુદ્રોને નમસ્કાર કર્યા છે.

ભાષ્યકારોએ જે અર્થદર્શન કરાવ્યું છે, તે ઉપર મુજબનું છે. પરંતુ ડૉ. આર. એન. દાંડેકર (પૂના) જેવા આધુનિક વેદજ્ઞ વિદ્વાનો કહે છે કે અષ્ટમૂર્તિ શિવની પુરાણકાળમાં જે કલ્પના ઉદ્ભવી છે, તે મૂળભૂત રીતે વેદકાલિક અગ્નિદેવતાનાં જ વિવિધ સ્વરૂપો છે. જેમકે, (૧) શર્વ, (૨) ભવ, (૩) રુદ્ર, (૪) પશુપતિ, (૫) ઉગ્ર, (૬) અશનિ, (૭) મહાદેવ અને (૮) અગ્નિ. આમ ઋગ્વેદના અગ્નિ દેવતાનું જ અન્તરિક્ષસ્થાનીય રુદ્ર દેવતાની સાથે સમીકરણ થયું છે. આ શતરુદ્રિય અધ્યાયના આરંભે પણ ઉવટ અને મહીધર જેવા ટીકાકારોએ કહ્યું છે કે પ્રજ્વલિત થયેલો અગ્નિ જ 'રુદ્ર' એવા નામે અહીં સ્તવાયો છે.

વળી, પ્રાચીન સમયમાં પ્રચલિત એવા 'મુનિ', 'બ્રહ્મચારી' અને 'વ્રાત્ય' નામના જુદા જુદા સમ્પ્રદાયો સાથે આ રુદ્રદેવતાનો કોઈક વિશેષ સંબંધ રહેલો છે એવું પણ જણાય છે. (મુનિસૂક્ત ઋગ્વેદ ૧૦–૧૩૬; બ્રહ્મચારી સૂક્ત અથર્વવેદ ૧૧.૫ અને વ્રાત્ય સૂક્ત અથર્વવેદ ૧૫–૧, ૧૫–૩ તથા પંચવિંશ બ્રાહ્મણમાં ઉલ્લેખાયેલા છે.)

'વ્રાત્ય' શબ્દ 'વ્રત' (= vow) અથવા 'વ્રાત' (= tribes, hosts) ઉપરથી વ્યુત્પન્ન થયો હશે એવી પણ ધારણા વિચારાઈ છે. પ્રાચીનકાળના આવા વિવિધ સમ્પ્રદાયો સાથે રુદ્રનો સંબંધ બંધાતા, રુદ્રનું એક દેવતા તરીકેનું સ્વરૂપ બીજા બધા દેવો કરતાં કંઈક જુદા જ પ્રકારનું ઊભું થતું ગયું છે.

नम॒ः सेना॑भ्यः सेना॒निभ्य॑श्च व॒ो नम॒ो,
नमो॑ र॒थिभ्यो॑ अर॒थेभ्य॑श्च व॒ो नम॒ो,
नम॑ः क्ष॒त्तृभ्य॑ः सङ्ग्रही॒तृभ्य॑श्च व॒ो नम॒ो,
नमो॑ म॒हद्भ्यो॑ अर्भ॒केभ्य॑श्च वो नम॑ः ॥ २६ ॥

અનુવાદ : નમસ્કાર હજો સેનાઓ અને સેનાપતિઓ એવા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો રથમાં બેઠેલાઓ અને રથ વિનાના એવા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો રથના અધિષ્ઠાતા અને સારી રીતે ગ્રહણ કરનારા (= સારથિ)ઓ એવા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો

મહાન એવાઓ અને નાનાં (બાળ સ્વરૂપોવાળા)ઓ એવા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો.

વિમર્શ : क्षत्तृभ्यः नमः । ને સમજાવતાં મહીધર કહે છે કે છઠ્ઠા तुदादि ગણનો क्षि निवासगत्योः । ધાતુ છે; તેના ઉપરથી क्षियन्ति निवसन्ति रथेष्विति क्षत्तारः । રથમાં રહેનાર, અધિષ્ઠાતાને 'क्षत्तृ' કહે છે. એ જ રીતે, संगृह्णन्ति अश्वान् इति संग्रहीतारः । (= सारथयः) એવો અર્થ થાય છે. महद्भ्यः नमः । ને માટે મહીધર કહે છે કે – જાતિ (જન્મ) કે વિદ્યા વગેરેથી ઉત્કૃષ્ટ બનેલાને 'મહાન' કહેવાય છે. અહીં તેમને નમસ્કાર કર્યા છે.

नम॒स्तक्ष॑भ्यो रथका॒रेभ्य॑श्च वो॒ नमो॒,
नम॒ꣳ कुलालेभ्य॑ꣳ क॒र्म्मारे॑भ्यश्च वो॒ नमो॒,
नमो॑ नि॒षादे॑भ्यः पु॒ञ्जिष्ठे॑भ्यश्च वो॒ नमो॒,
नमः॑ श्व॒निभ्यो॑ मृग॒युभ्य॑श्च वो॒ नम॒ः ॥ २७ ॥

અનુવાદ : નમસ્કાર હજો શિલ્પીઓને અને રથ બનાવનારાઓ (સુથારો) એવા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો કુંભારોને અને લુહારો એવા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો ભીલોને અને (પક્ષી) પકડનારાઓને નમસ્કાર હજો. વળી, નમસ્કાર હજો કૂતરા પાળનારને અને મૃગને શોધનાર, ઈચ્છનારા (શિકારી)ઓને નમસ્કાર હજો.

વિમર્શ : तक्षभ्यः नमः । શિલ્પીઓને નમસ્કાર હજો. कर्मारः लोहकराः = લુહારો. निषाद એટલે ભીલ, પર્વત ઉપર ભટકનારા, पुञ्जिष्ठेभ्यः એટલે પક્ષિઓના ઢગલાને મારી નાખનાર श्वनिभ्यः—કૂતરાઓની ટોળીનો ઉપયોગ કરી શિકાર કરનારા, मृगयु—મૃગને ઈચ્છનાર, શોધનાર શિકારીનું નામ છે.

नम॒ꣳ श्वभ्य॒ꣳ श्वप॑तिभ्यश्च वो॒ नमो॒,
नमो॑ भ॒वाय॑ च रु॒द्राय॑ च॒,
नमः॑ श॒र्वाय॑ च पशु॒पत॑ये च॒,
नमो नील॑ग्रीवाय च शिति॒कण्ठा॑य च॒ नमः॑ ॥ २८ ॥

અનુવાદ : નમસ્કાર હજો શ્વાનોને અને શ્વાનોના પતિઓ એવા (હે રુદ્રો !) તમોને નમસ્કાર હજો. નમસ્કાર હજો 'ભવ'ને તથા 'રુદ્ર'ને; નમસ્કાર હજો 'શર્વ'ને

અને 'પશુપતિ'ને. નમસ્કાર હજો નીલ ગ્રીવા વાળા (= નીલકંઠ)ને અને શ્વેતકંઠવાળાને પણ. (૧૬.૨૮)

વિમર્શ : મહીધરે શ્વપતિનો અર્થ "કિરાત વેષધારી રુદ્રના અનુચરો" એવો કર્યાં છે. વળી, ઉવટ અને મહીધર કહે છે કે કંડિકા–૨૨ नमः इषुमद्भ्यः–થી શરૂ કરીને જે 'वः' એવા પદનો ઉપયોગ થયો છે, તે પૂજાવાચક છે. હવે ઉભયતઃ નમસ્કાર કરનારા મન્ત્રો પૂરા થાય છે.

હવે 'રુદ્ર'નાં વિવિધ નામોનો ઉલ્લેખ શરૂ થાય છે : (૧) ભવ, (૨) શર્વ, (૩) પશુપતિ, (૪) નીલગ્રીવ (કૃષ્ણગ્રીવાવાળા, કાળા કંઠવાળા) અને (૫) शितिकण्ठ = શ્વેત કંઠવાળા. આ બધાં નામોના અર્થ કરતાં મહીધર કહે છે કે –

(૧) भवन्ति उत्पद्यन्ते जन्तवोऽस्मादिति भवः; तस्मै नमः । જે (પરમાત્મા)માંથી બધા જંતુઓ ઉત્પન્ન થાય છે, તેને "ભવ" કહેવાય છે.

(૨) रुत् दुःखं द्रावयति = नाशयति इति रुद्रः, तस्मै नमः । 'रुत्' એટલે દુ:ખ, તે દુ:ખને જે દ્રવાવી દે, નાશ કરે તે દેવને 'રુદ્ર' કહેવાય. આવા રુદ્રને નમસ્કાર હજો.

(૩) शृणाति हिनस्ति पापमिति शर्वः । જે પાપને હણી કાઢે તેને 'શર્વ' કહેવાય.

(૪) पशून् अज्ञान् पाति = रक्षति इति पशुपतिः । પશુઓને (એટલે અજ્ઞાનીઓને) જે રક્ષે છે, તે દેવ 'પશુપતિ' કહેવાય.

(૫) विषभक्षणेन नीला नीलवर्णा ग्रीवा कण्ठदेशो यस्य सः नीलग्रीवः। વિષભક્ષણ કરવાથી જેમની ડોક કાળી પડી ગઈ છે, તે દેવને 'નીલગ્રીવ' કહેવાય છે. 'શિતિકંઠ' એટલે શ્વેતકંઠવાળા.

રુદ્રનાં જે ઉગ્ર, ભીમ, અગ્નિ, પશુપતિ, શર્વ, ભવ વગેરે નામો યજુર્વેદમાં વપરાયાં છે, તે બધાં જ અન્તરિક્ષસ્થાનીય ભયજનક વિજળીનાં જ દ્યોતક છે. રુદ્ર એ, ઋગ્વેદમાં અન્તરિક્ષસ્થાનીય ઝંઝાવાતનો દેવ (Storm–God) છે. વીજળી રૂપી અગ્નિ જો પૃથિવી ઉપર ત્રાટકે છે, તો જમીન ઉપર ફરતા પશુઓને તે મારી નાખે છે, આથી તેને 'પશુપતિ' એવું નામ અપાયું છે; અથવા વીજળીની પાછળ પાછળ વરસાદ વરસે છે અને ઘાસચારો ઉગી નીકળે છે, તેથી વૈદ્યુતાગ્નિને જ રુદ્ર કહેવાય છે. ડૉ. જી. સી. ત્રિપાઠી કહે છે કે ઋગ્વેદના અન્ય દેવોની તુલનામાં 'રુદ્ર'ના સ્વરૂપની જે વિશેષતાઓ છે, તે એમને અન્ય દેવોથી અલગ પાડી દે છે.

જેમ કે, રુદ્રનું જે ભયાનક અને ઉગ્ર રૂપ છે તે મનુષ્યો અને પશુઓનો નાશ કરનારું છે. આ વીજળીના વિનાશક રૂપને 'રુદ્ર' કહે છે.

શતપથ બ્રાહ્મણ (૫–૨–૪–૧૩)માં અનેક જગ્યાએ અગ્નિને જ રુદ્ર કહેલ છે : यो वै रुद्रः सो अग्निः । અથવા अग्निर्वै रुद्रः । (૫–૩–૧–૧૦). આ અગ્નિનાં જ બીજાં બે નામો છે : (૧) શર્વ અને (૨) ભવ. પૂર્વ ભારતના લોકો રુદ્રને 'શર્વ' કહે છે; પણ ઉત્તરપશ્ચિમના લોકો રુદ્રને 'ભવ' કહે છે. [અગ્નિના શાંત રૂપને માટે વેદોમાં स्विष्टकृत् શબ્દ વપરાયો છે; જેનો અર્થ "મંગલમય, અભીષ્ટની પ્રાપ્તિ કરાવનાર" થાય છે.] જેમ કે –

अग्निर्वै स देवः । तस्यैतानि नामानि शर्व इति यथा प्राच्या आचक्षते । भव इति यथा वाहीकाः । पशूनां पती रुद्रः अग्निरिति । तानि अशान्तानि एव इतराणि नामानि । अग्निरित्येव शान्ततमम् । तस्माद् अग्नयः इति क्रियते "स्विष्टकृत्" इति ॥ – शतपथब्राह्मणम् (१–७–३–८). પણ અહીં ખાસ નોંધપાત્ર મુદ્દો એ છે કે અગ્નિને રુદ્ર માનવાની ધારણા બ્રાહ્મણ ગ્રંથોમાં સ્વતન્ત્ર રૂપે વિકસી નથી. આનાં બીજ તો ઋગ્વેદમાં જ પડેલાં હતાં. જેમ કે,

त्वमग्ने रुद्रो असुरो महो दिवस्त्वं शर्धो मारुतं पृक्ष ईशिषे ॥

– ऋग्वेदः (२–१–६)

તથા–

आ वो राजानम् अध्वरस्य रुद्रं–होतारं सत्ययजं रोदस्योः ।
अग्निं पुरा स्तनयित्नोः अचित्ताद् हिरण्यरूपम् अवसे कृणुध्वम् ॥

– ऋग्वेदः (४–३–१)

અહીં અગ્નિના વિશેષણ તરીકે 'રુદ્ર' શબ્દ વપરાયો છે.

नम॑÷कप॒र्दिने॑ च व्यु॒प्त॒केशाय च॒
नम॑÷सह॒स्रा॒क्षाय॑ च श॒तध॑न्वने च॒
नमो॑ गिरिशा॒य॑ च शिपिवि॒ष्टाय॑ च॒
नमो॑ मीढुष्ट॑माय॒ चेषु॑मते च॒ ॥ २९ ॥

અનુવાદ : જટાજૂટ ધારણ કરનારે અને જેણે મુંડન કરાવી દીધું છે તેવા (રુદ્ર)ને નમસ્કાર હજો.

હજારો નેત્રવાળા અને સેંકડો ધનુષ્યવાળા (રુદ્ર)ને નમસ્કાર હજો. પર્વત ઉપર શયન કરનાર અને કિરણોથી (પ્રાણીઓમાં) પ્રવેશેલા (પ્રાણીઓના અન્તર્યામી)ને

નમસ્કાર હજો. (મેઘરૂપે) અતિશય સિંચન કરનાર અને બાણવાળા (રુદ્ર)ને પણ નમસ્કાર હજો.

વિમર્શ : कपर्दो = जटाजूटः अस्य अस्ति इति कपर्दी । જટાજૂટ રાખનારને 'કપર્દી' કહેવાય. ઉવટ કહે છે કે કપર્દી એટલે "જટા અને મુકુટને ધારણ કરનાર." વ્યુપ્તકેશ—એટલે મુંડિત કેશવાળો (જેના વાળ ઉખડી ગયા છે, કઢાવી નાખ્યા છે તે.) રુદ્રના સ્વરૂપવર્ણનમાં મોટે ભાગે આવા પરસ્પર વિરોધી વિશેષણો વપરાયેલાં જોવા મળે છે. જેમકે, ઉપરના મન્ત્રમાં પણ કહ્યું કે તે (રુદ્ર) 'ભવ' (જન્મ આપનાર) પણ છે અને 'રુદ્ર' (રડાવનાર) પણ છે, અથવા તો, તે 'નીલકંઠ' પણ છે અને 'શિતિકંઠ' પણ છે. આવું કેમ ? એનો જો જવાબ વિચારીએ તો તે એવો છે કે વૈદિક રુદ્ર-દેવતા એ મૂળભૂત રીતે જો ઝંઝાવાતના, વૈદ્યુતાગ્નિ તત્ત્વના દેવતા હોય તો વીજળી (અને તદનુગામી વરસાદ)માં વિનાશક અને ઉપકારક એવા પરસ્પર વિરોધી એવાં બન્ને લક્ષણો રહેલાં છે; તેનો જ વિસ્તાર કરીને રુદ્રના સ્વરૂપવર્ણનમાં પણ 'જટાજૂટધારી' અને 'મુંડિત કેશવાળા' એવાં વિરોધી ચિત્રો આપવામાં આવી રહ્યાં છે.

नमो॑ ह्र॒स्वाय॑ च वाम॒नाय॑ च॒,
नमो॑ बृहते च॒ वर्षी॑यसे च॒,
नमो॑ वृ॒द्धाय॑ च स॒वृधे॑ च॒,
नमोग्र्या॑य च प्र॒थ॒माय॑ च॒ ॥ ३० ॥

અનુવાદ : નાના (શરીરવાળા)ને અને ઠીંગણાને નમસ્કાર હજો. મોટા (શરીરવાળા)ને અને પુખ્ત ઉંમરવાળા (વર્ષોવાળા)ને નમસ્કાર હજો. વૃદ્ધને અને સમાન ઉંમરવાળાને નમસ્કાર હજો. આગળ જન્મેલાને અને જે પ્રથમ હોય તેમને પણ નમસ્કાર હજો.

વિમર્શ : આ મન્ત્રમાં જુદા જુદા આકાર/કદવાળા અને નાની મોટી ઉંમરવાળા રુદ્રને નમસ્કાર કરવામાં આવ્યા છે. ઉવટે 'વૃદ્ધઃ'નો અર્થ 'પ્રસિદ્ધ' અને સવૃધઃ નો અર્થ 'સમાન વયવાળા' લીધો છે. વળી, अग्रे भवोऽग्र्यः । આગળ જન્મેલાને 'અગ્ર્ય' કહેવાય છે.

ટીકાકાર મહીધરે 'વૃદ્ધ' વિદ્યા-વિનયાદિ ગુણથી વધેલા પંડિતને કહ્યો છે.

नम॑ आ॒शवे॑ चाजि॒राय॑ च॒,
नम॒ꣳ शीघ्र्या॑य च॒ शीभ्या॑य च॒,

नम॒ ऊर्म्या॑य चावस्व॒न्या॒य च॒,
नमो॑ नादे॒याय॑ च॒ द्वीप्या॑य च ॥ ३१ ॥

અનુવાદ : બધે વ્યાપી વળનાર અને ગતિશીલને નમસ્કાર હજો. વેગવાળી વસ્તુમાં જન્મનાર અને આત્મશ્લાઘી (= શીભ)ની વચ્ચે જન્મનારને નમસ્કાર હજો. જલતરંગોમાં જન્મનાર અને ધ્વનિ વગરના સ્થિર જળમાં રહેનારને નમસ્કાર હજો. નદીમાં રહેનાર (કે જન્મનાર) અને દ્વીપપ્રદેશમાં જન્મનારને નમસ્કાર હજો.

વિમર્શ : अश्नुते, जगद्व्याप्नोति इति आशुः । तस्मै आशवे नमः । જગત્‌માં બધે વ્યાપી વળનાર (રુદ્ર)ને નમસ્કાર. એ જ રીતે, अजति गच्छति इति अजिरः । અર્થાત્ ગતિશીલ, तस्मै नमः । તેવાને નમસ્કાર, ઉવટ 'શીઘ્ર' અને 'શીભ' એ ક્ષિદ્ર (ઉતાવળા) અર્થના વાચક શબ્દો છે એમ કહે છે. પરંતુ મહીધરે 'શીભ'ના જુદા જ બે અર્થો કર્યા છે : (૧) शीभृ कत्थने, शीभते कथ्यते इति शीभः आत्मश्लाघी, तत्र भवः शीभ्यः । (૨) અથવા शीभो जलप्रवाहो वा । शीभः क्षिप्रः वा, तत्र भवाय नमः । એવી જ રીતે, ऊर्मिः = જલતરંગ, તેમાં જન્મેલાને ऊर्म्यः કહેવાય છે. अवस्वन्याय नमः । ને સમજાવતાં ટીકાકારો કહે છે કે – अवगतः स्वनो यस्मात् (જેમાંથી અવાજ નીકળી ગયો છે, તે સ્થિર જળને) अवस्वन કહેવાય. અથવા – यदा अव नीचैः गर्तादौ स्वनोऽवस्वनः, तत्र भवाय ॥ ઊંડા ખાડામાં જેનો અવાજ સંભળાતો હોય તેને પણ 'અવસ્વન' કહેવાય. એવી જ રીતે, નદીમાં જન્મે તે 'નાદેય' અને દ્વીપમાં જન્મે તે 'દ્વીપ્ય' કહેવાય. આમ રુદ્રદેવતાની હાજરી વિવિધ સ્થાનોમાં અને વિવિધ રૂપમાં કલ્પીને, તેમને નમસ્કાર કરવામાં આવ્યા છે.

नमो॑ ज्ये॒ष्ठाय॑ च कनि॒ष्ठाय॑ च॒,
नमः॑ पूर्व॒जाय॑ चापर॒जाय॑ च॒,
नमो॑ मेध्या॒य॑ चाप्रग॒ल्भाय॑ च॒,
नमो॑ जघ॒न्या॒य च बु॒ध्न्याय च॒ नम॒ꣳ ॥ ३२ ॥

અનુવાદ : જ્યેષ્ઠને અને કનિષ્ઠને નમસ્કાર હજો. પૂર્વે જન્મેલા અને પછીથી જન્મેલાને નમસ્કાર હજો. (મેધ્ય એટલે) મધ્યમાં જન્મેલા અને અપ્રગલ્ભ (= અણવિકસિત)ને નમસ્કાર હજો. (પશુની પાછળના) જઘન્ય ભાગેથી જન્મનાર અને (વૃક્ષના) મૂળિયાંના ભાગેથી જન્મનારને નમસ્કાર હજો.

વિમર્શ : ટીકાકાર મહીધર કહે છે કે જુદી જુદી વય—અવસ્થાના વાચક શબ્દોથી રુદ્રને નમસ્કાર કરવામાં આવ્યા છે. જેમ કે, જ્યેષ્ઠ વ્યક્તિને અને કનિષ્ઠ

વ્યક્તિને (સૌથી મોટી અને સૌથી નાની ઉંમરની વ્યક્તિને) નમસ્કાર ('પ્રશસ્ય' શબ્દને इष्ठन् પ્રત્યય લાગે ત્યારે 'ज्य' આદેશ થઈને 'જયેષ્ઠ' શબ્દ બને છે. તથા 'અત્યંત યુવન્' અર્થમાં कन् આદેશ થઈને, इष्ठन् પ્રત્યય લાગે તો 'કનિષ્ઠ' શબ્દ બને છે.)

જગત્‌ની આદિમાં હિરણ્યગર્ભ રૂપે ઉત્પન્ન થયેલા પરમાત્માને 'પૂર્વજ' કહેવાય છે અને પછી પ્રલયકાળમાં કાલાગ્નિ રૂપે જન્મેલા પરમાત્માને 'અપરજ' કહેવાય છે. 'મેધ્ય'ને સમજાવતાં મહીધર કહે છે કે – સૃષ્ટિ અને સંહારની વચ્ચે યજ્ઞાદિ રૂપે જન્મેલો જે દેવ તે મેધ્ય = મધ્યમ. અપ્રગલ્ભ એટલે જેમાંથી ધૃષ્ટતા જતી રહી છે તે; અથવા અવ્યુત્પન્ન ઈન્દ્રિયવાળો. ગાય વગેરે પશુઓની પાછળના ભાગને 'જઘન' કહે છે. તેમાંથી ઉત્પન્ન થયેલાને 'જઘન્ય' કહે છે. તથા વૃક્ષાદિના મૂળિયાના ભાગને 'બુધ્ન' કહે છે; તેમાંથી જન્મેલાને 'બુધ્ન્ય' કહે છે.

नम॒ः सोभ्या॑य च प्रति॒सर्या॒य च॒,
नमो॒ याम्या॑य च॒ क्षेम्या॑य च॒,
नम॒ः श्लोक्या॑य चावसा॒न्या॒य च॒,
नम॑उर्व॒र्या॒य च॒ खल्या॑य च॒ ॥ ३३ ॥

અનુવાદ : ગંધર્વોના નગર (= સોભ)માં જન્મનારને તથા વિવાહોચિત મંગલસૂત્ર (= પ્રતિસર)ને ધારણ કરનારને નમસ્કાર હજો. નિયમનમાં રાખનારને અને ક્ષેમકુશળ આપનારને નમસ્કાર હજો. વેદમન્ત્રથી સ્તુત્ય (= શ્લોક્ય) [અથવા યશસ્વી] અને અવસાન સમયે પણ જે બાકી રહી જનાર હોય તેવા (રુદ્ર)ને નમસ્કાર હજો. ચાસ પાડેલી જમીનમાં અને (ખેતરના) ખળામાં રહેનાર (રુદ્ર)ને નમસ્કાર હજો.

नमो॒ वन्या॑य च॒ कक्ष्या॑य च॒,
नम॑ः श्र॒वाय॑ च प्रति॒श्र॒वाय॑ च॒,
नम॑ आ॒शुषे॑णाय चा॒शुर॑थाय च,
नम॒ः शूरा॑य चावभे॒दिने॑ च॒ ॥ ३४ ॥

અનુવાદ : વનમાં વૃક્ષાદિ રૂપે ઉગેલા અને (નદી)કિનારા રૂપ (કે પર્વતની તળેટી રૂપ) એવા (રુદ્ર)ને નમસ્કાર હજો. અવાજરૂપ, અને (અવાજના) પડઘા-

રૂપ (રુદ્ર)ને નમસ્કાર હજો. ઝડપી સેનાવાળા અને ઝડપી રથવાળા (રુદ્ર)ને નમસ્કાર હજો. શૂરવીરને અને ભેદી કાઢવાના સ્વભાવવાળા (રુદ્ર)ને નમસ્કાર હજો.

વિમર્શ : વનમાં ઉગેલા વૃક્ષસમૂહને 'વન્ય' કહેવાય. कक्ष–નદીકિનારો કે પર્વતની તળેટીનો ભાગ. श्रव–અવાજ અને प्रतिश्रव = પડઘો. आशुषेण–એટલે आशुसेनः–જેની સેના ઝડપી છે તેવા રુદ્ર. એવી જ રીતે आशुरथः શબ્દ પણ બહુવ્રીહિ સમાસ થશે.

नमो॑ बि॒ल्मिने॑ च कव॒चिने॑ च॒,
नमो॑ व॒र्म्मिणे॑ च वरू॒थिने॑ च॒,
नम॑ः श्रु॒ताय॑ च श्रुतसे॒नाय॑ च॒,
नमो॑ दुन्दु॒भ्या॒य चाहन॒न्या॒य च॒ ॥ ३५ ॥

અનુવાદ : (મસ્તકે લોઢાના) ટોપાવાળા અને શરીરે કવચ પહેરનારને નમસ્કાર હજો. (છાતીએ લોખંડી) બખ્તરવાળાને અને ઢાંકણવાળી (હાથીની) અંબાડીવાળાને નમસ્કાર હજો. સુપ્રસિદ્ધ (વીર)ને અને પ્રસિદ્ધિ મેળવેલી સેનાને નમરકાર હજો. (ફુંકવા પડે તેવા) દુન્દુભિવાળા અને (પીટવા પડે તેવા) ઢોલનગારા-વાળાને નમસ્કાર હજો.

વિમર્શ : बिल्म + इन् = बिल्मिन् = શિરસ્ત્રાણવાળા, कवचिने–કવચ (કપાસ = રૂ ભરેલું જાડું વસ્ત્ર) પહેનારને નમસ્કાર. वर्म्मिन्–છાતીએ લોખંડી બખ્તર પહેરનાર, वरुथ–હાથીની ઉપર ઢાંકણવાળી અંબાડી, અથવા રથમાં શરીરને ઢાંકનારી કોટડી.

नमो॑ धृ॒ष्णवे॑ च प्रमृ॒शाय॑ च॒,
नमो॑ निष॒ङ्गिणे॑ चेषुधि॒मते॑ च॒,
नमस्ती॒क्ष्णेष॑वे चायु॒धिने॑ च॒,
नम॑ः स्वायु॒धाय॑ च सु॒धन्वि॑ने च ॥ ३६ ॥

અનુવાદ : ધૃષ્ણુ (પ્રગલ્ભ)ને અને વિચારશીલને નમસ્કાર હજો. ખડ્ગવાળાને અને (બાણ મૂકવાના) ભાથાવાળાને નમસ્કાર હજો. તીક્ષ્ણ બાણવાળાને અને આયુધોને ધારણ કરનારને નમસ્કાર હજો. (ત્રિશૂળરૂપી) સુંદર આયુધવાળા અને (પિનાક રૂપી) સુંદર ધનુષ્વાળાને નમસ્કાર હજો.

વિમર્શ : વૈદિક રુદ્રદેવતાને પૌરાણિક શંકર સાથે અભિન્ન વિચારીને ટીકાકાર મહીધરે સ્વાયુધાય અને સુધન્વિને નો અર્થ 'સુંદર ત્રિશૂળ રૂપી આયુધવાળા' અને 'સુંદર પિનાક ધનુષવાળા' એવો કર્યો છે.

नम॒ꣳ स्रुत्या॑य च॒ पथ्या॑य च॒,
नम॒ꣳ काट्या॑य च॒ नीप्या॑य च॒,
नम॒ꣳ कुल्या॑य च सर॒स्या॒य च॒,
नमो॑ नादेया॒य॑ च वैश॒न्ताय॑ च॒ ॥ ३७ ॥

અનુવાદ : (નદીના) નાળામાં વહેનાર અને (રથાશ્વાદિને યોગ્ય એવા) પથ ઉપર ફરનારને નમસ્કાર હજો. વિષમમાર્ગ (કાટ)માં રહેનાર અને તળેટીના ભાગમાં રહેનારને નમસ્કાર હજો. નહેરમાં રહેનાર અને સરોવરમાં ફરનારને નમસ્કાર હજો. (એ જ રીતે) નદીમાં ફરનાર અને નાના તળાવડામાં ફરનાર (રુદ્ર)ને નમસ્કાર હજો.

વિમર્શ : स्त्रुति–એટલે નદીમાંથી નીકળીને એક જ દિશામાં વહેતું નાળું, पथ्याय–મોટા માર્ગ ઉપર જન્મેલાને 'પથ્ય' કહે છે, તેને નમસ્કાર અથવા પથ ઉપર ફરનારને 'પથ્ય' કહે છે. कुत्सितम् अटति जनो यत्र, स काटो विषममार्गः। જ્યાં તકલીફ સાથે ફરી શકાય તે વિષમ માર્ગને 'કાટ' કહે છે. नीपो = गिरेः अधो भागः। તળેટીનો ભાગ, कुल्या એટલે 'નહેર'. वेशन्तोऽल्पसरः। તળાવડીને 'વેશન્ત' કહે છે, તેમાં ફરનારને 'વૈશન્ત' કહે છે.

नम॒ꣳ कूप्या॑य चाव॒ट्या॒य च॒,
नमो॒ वीध्र्या॑य च चात॒प्या॒य च॒,
नमो॒ मेघ्या॑य च विद्यु॒त्या॒य च॒,
नमो॒ वर्ष्या॑य चाव॒र्ष्याय॑ च॒ ॥ ३८ ॥

અનુવાદ : કૂવામાં રહેનાર અને ખાડામાં પડેલા (રુદ્ર)ને નમસ્કાર હજો. વાદળ ઘેર્યા સ્થળમાં રહેનાર અને તડકામાં ફરનારને નમસ્કાર હજો. મેઘમાં જન્મનાર અને વિદ્યુતમાં જન્મનાર (રુદ્ર)ને નમસ્કાર હજો. વરસાદમાં જન્મનાર અને દુકાળમાં જન્મનારને નમસ્કાર હજો.

વિમર્શ : कृपे भवः कूप्यः–કૂવામાં જન્મનાર, રહેનાર (રુદ્ર)ને 'કૂપ્ય' કહે છે. अवट એટલ 'ઊંડો ખાડો.' જેમાંથી પ્રકાશ જતો રહે તેને वीध्रः। કહે છે.

વાદળોના આગમનનો સમયગાળો (ચોમાસુ). પણ મહીધર 'શરદ ઋતુનો ગાળો' એમ કહે છે. मेघ्याय–મેઘમાં જન્મનાર, वार्ष्य–એટલે વર્ષામાં જન્મનાર અને अवर्ष्याय એટલે વર્ષા વિનાનો (દુકાળનો સમય)ગાળો, તેમાં જન્મનાર રુદ્રને નમસ્કાર હજો.

'રુદ્ર' એ નૈરુક્ત પરંપરા મુજબ જો અન્તરિક્ષસ્થાનીય દેવતા હોય તો તે વરસાદ, વંટોળ, વાદળ ઉમટવા, વીજળીઓ ચમકવી – ઇત્યાદિ સ્વરૂપના ભયપ્રદ દેવતા હોવા જોઈએ એવું સૂચિત થાય છે.

नमो॒ वात्या॑य च॒ रेष्म्या॑य च॒,
नमो॑ वास्त॒व्या॒य च वास्तु॒पाय॑ च॒,
नम॒ꣳ सोमा॑य च रु॒द्राय॑ च॒,
नम॑स्ता॒म्राय॑ चारु॒णाय॑ च॒ ॥ ३९ ॥

અનુવાદ : (વાત =) વાયુ રૂપમાં વિદ્યમાન અને (પ્રલયકાલિક) હિંસક (વાયુ) રૂપમાં વિદ્યમાન (એવા રુદ્ર)ને નમસ્કાર હજો. ઘરમાં રહેનાર અને ઘરનું પાલન કરનારને નમસ્કાર હજો. ઉમાસહિતના(અથવા સોમ = ચન્દ્રમાસ્વરૂપ રુદ્ર)ને અને રુદ્રને નમસ્કાર હજો. તામ્ર વર્ણવાળા અને અરુણ વર્ણવાળા (રુદ્ર)ને નમસ્કાર હજો.

વિમર્શ : वाते भवो वात्यः । વાત = વાયુમાં ઉત્પન્ન થયેલા, તેમાં રહેલાને 'વાત્ય' કહેવાય છે. रिषति । એ હિંસાર્થક ક્રિયાપદ છે. રેષ્મ (હિંસા), તેમાં રહેલાને 'રેષ્મ્ય' કહેવાય. અર્થાત્ પ્રલયકાળમાં રહેલા વાયુને 'રેષ્મ્ય' કહેવાય, તેવા રુદ્રરૂપ દેવને નમસ્કાર હજો. वास्तुनि गृहभुवि भवो वास्तव्यः, तस्मै । ઘરમાં જન્મેલાને 'વાસ્તવ્ય' કહેવાય. અને वास्तुं गृहभुवं पाति इति वास्तुपः । ઘરનું પાલન, રક્ષણ કરનાર રુદ્રને 'વાસ્તુપ' કહેવાય, તેમને નમસ્કાર.

सोमाय नमः ।નો ઉવટે અર્થ 'સોમને નમસ્કાર' (સોમ = ચન્દ્રમા) એવો જ કર્યો છે. પણ મહીધરે उमया सहितः, इति सोमः, तस्मै । એવો કર્યો છે. એટલે કે ઉમા સહિતના રુદ્રને 'સોમ' કહેવાય, તેમને નમસ્કાર. તામ્રવર્ણના (રુદ્ર) એટલે લાલ રંગના ઉદય પામતા સૂર્ય, અને સહેજ લાલ રંગના (અરુણ રંગના) સૂર્યને નમસ્કાર હજો.

नम॑ः श॒ङ्गवे॑ च पशु॒पत॑ये च॒,
नमऽउ॒ग्राय॑ च भी॒माय॑ च॒,
नमो॑ऽग्रेव॒धाय॑ च दूरेव॒धाय॑ च॒,

नमो॑ ह॒न्त्रे च॒ हनी॑यसे च॒,
नमो॑ वृ॒क्षेभ्यो॒ हरि॑केशेभ्यो॒ नम॑स्ता॒राय॑ ॥ ४० ॥

અનુવાદ : સુખ પહોંચાડનાર અને પશુઓના પતિને નમસ્કાર હજો. ઉગ્ર અને ભયંકર (રુદ્ર)ને નમસ્કાર હજો. આગળ (= સામે) રહેલા વધ કરનારને અને દૂર ઊભેલા વધ કરનારને નમસ્કાર હજો. હનન કરનાર અને અતિશય નાશ કરનારને નમસ્કાર હજો. વૃક્ષો અને લીલાં પાંદડાંવાળા (રુદ્ર)ને નમસ્કાર હજો; તથા (સંસારમાંથી) તારનારને નમસ્કાર હજો.

વિમર્શ : शं सुखं गमयति इति शंगुः । સુખ આપનાર (રુદ્ર)ને 'શંગુ' કહેવાય. અથવા, મહીધર કહે છે કે शं सुखरूपा गावो वाचो वेदरूपा यस्येति वा, तस्मै ॥ સુખરૂપ વાણી (વેદરૂપ વાણી) જેની છે તે (રુદ્ર)ને પણ 'શંગુ' કહેવાય, તેમને નમસ્કાર હજો.

अतिशयेन हन्ता ને हनीयस् કહે છે. वृक्षेभ्यः—એટલે કલ્પવૃક્ષ રૂપ રુદ્રને, हरिकेशेभ्यः લીલાં પાંદડાંવાળા વૃક્ષરૂપ રુદ્રને નમસ્કાર હજો, तारयति संसारम् इति तारः । જે સંસારને તારી આપે તે રુદ્ર દેવને તાર(ક) દેવ કહેવાય, તેમને નમસ્કાર.

नम॑ः शम्भ॒वाय॑ च मयोभ॒वाय॑ च॒,
नम॑ः शङ्क॒राय॑ च मयस्क॒राय॑ च॒,
नम॑ः शि॒वाय॑ च शि॒वत॑राय च ॥ ४१ ॥

અનુવાદ : જેનાથી (શં =) સુખ જન્મે છે અને મય (અર્થાત્ સુખ) જેનાથી જન્મે છે તે (રુદ્ર)ને નમસ્કાર હજો. શંકર (= લૌકિક સુખ કરનાર) અને (મોક્ષરૂપ) સુખ કરનારને નમસ્કાર હજો. કલ્યાણકારી (શિવ)ને અને અતિશય કલ્યાણકારી (રુદ્ર)ને નમસ્કાર હજો.

વિમર્શ : शं भवति अस्माद् इति शंभवः । જેનાથી સુખ જન્મે છે, તે (રુદ્ર)ને 'શંભવ' કહે છે. मयः શબ્દ પણ સુખનો જ વાચક છે.

* * *

अथर्ववेदः

॥ पृथिवीसूक्तम् ॥

द्वादशं काण्डम्

પશ્ચિમના વિદ્વાનોએ એવો મત ઉચ્ચાર્યો છે કે શરૂઆતમાં તો ત્રણ જ વેદો હતા : (૧) ઋગ્વેદ, (૨) યજુર્વેદ અને (૩) સામવેદ. કેમ કે ઘણે સ્થળે જે વેદત્રયી શબ્દનો ઉપયોગ થયો છે, તેમાં ઉપર મુજબના ત્રણ વેદો હોવાનું અભિપ્રેત છે. પરંતુ વિદેશી વિદ્વાનોનો આ મત ગ્રાહ્ય રાખી શકાય એવો નથી, કારણ કે પૂર્વમીમાંસા (૨–૧–૩૫, ૩૬, ૩૭) શાસ્ત્ર કહે છે તેમ પદ્યાત્મક મન્ત્રોને 'ઋક્' કહે છે; ગદ્યાત્મક મન્ત્રોને 'યજુસ્' કહે છે; તથા ગીતિને 'સામન્' કહે છે. મન્ત્રરચનાની આ ત્રણ પદ્ધતિઓ છે અને અથર્વવેદના મન્ત્રોની રચનાપદ્ધતિ પણ આ ત્રણમાં સમાવિષ્ટ થઈ જાય છે, માટે તેનો જુદો સ્વતન્ત્ર નિર્દેશ નથી મળતો. આમ, 'વેદત્રયી' શબ્દમાં અથર્વવેદનો ઉલ્લેખ સમાવિષ્ટ થઈ જ ગયો છે એમ જાણવું. બીજું કે, અથર્વવેદની રચના ઋગ્વેદની પછી અને યજુર્વેદની પૂર્વે થયેલી છે.

વૈદિક પુરાકથાશાસ્ત્ર (mythology)ની દૃષ્ટિએ, પૃથિવીને દેવતા માનીને વેદના ઋષિઓએ તેની સ્તુતિ ઋગ્વેદથી માંડીને કરેલી છે. ઋગ્વેદના ૫–૮૪ સૂક્તમાં ત્રણ મન્ત્રો દ્વારા પૃથિવીની દેવતા તરીકે પ્રાર્થના કરવામાં આવી છે. એવી જ રીતે, આ અથર્વવેદના ૧૨મા કાંડમાં કુલ ૬૩ મન્ત્રો દ્વારા પૃથિવીની સ્તુતિ કરવામાં આવી છે. અલબત્ત, પૃથિવીનું મનુષ્યાકાર રૂપે કલ્પન કરીને આ સ્તવન થયું નથી. પૃથિવી જેવી ચારે તરફ ફેલાઈને પડી છે, તેવી રીતે જ અર્થાત્ તેના પ્રવર્તમાન ભૌતિક સ્વરૂપમાં જ તેની સ્તુતિ થયેલી છે.

'પૃથિવી' શબ્દનો અર્થ "વિસ્તૃત એવી જગ્યા"; "ચારે તરફ ફેલાયેલું સ્થાન" એવો જ થાય છે. પ્રથન ક્રિયા ઉપરથી 'પૃથિવી' શબ્દ બન્યો છે એમ યાસ્કે પણ જણાવ્યું છે. ઋગ્વેદના ગૃત્સમદ ઋષિએ (૨–૧૫–૨)માં કહ્યું છે કે ઇન્દ્રે પૃથિવીને ઉપાડીને ચારે તરફ ફેલાવી છે. [स धांरयत्पृथिवीं प्रपथंच्च सोमंस्य ता मद इन्द्रंश्चकार ।]

આવી પૃથિવીને અથર્વવેદમાં માતૃ સ્વરૂપે વર્ણવવામાં આવી છે. ઋષિ પોતાને ભૂમિનો 'પુત્ર' કહે છે, અને પૃથિવીને (ભૂમિને) પોતાની 'માતા' કહે છે. माता भूमिः, पुत्रो अहं पृथिव्याः । (अथर्व० १२–१–१२) આમ પૃથિવી અને માણસ વચ્ચે મા–દીકરાનો સંબંધ સ્થાપિત કરવો તે એક મહત્ત્વની ભાવના છે. આમાં પૃથિવીને પાલનપોષણ કરનારી માતા કહીને, તેના પ્રત્યે પૂજ્યભાવ તો દર્શાવાયો

જ છે; પણ એ પોષણ કરનારી માનું સંરક્ષણ કરવાની જવાબદારી પણ પુત્ર રૂપ માણસજાત ઉપર મૂકવામાં આવી છે એમ વ્યંજિત થાય છે.

પૃથિવી એ અનાજ પકવીને અને જળનો સંગ્રહ કરીને માણસોનું જીવન ટકાવી રાખવામાં તો પરમ ઉપકારક—માતૃ સ્વરૂપાસિદ્ધ થાય છે; પણ તે ઉપરાંત એના પેટાળમાં રત્નો, સોનું, ખનીજ તેલ, ગેસ, કોલસો વગેરે રૂપ 'વસુ' (= ધન)ને પણ તે ધારણ કરી રાખે છે. આથી ભાષામાં તેને માટે "વસુન્ધરા" એવો શબ્દ પણ પ્રચલિત થયો છે. આવી પૃથિવીનું પર્યાવરણની દૃષ્ટિએ સંરક્ષણ કરવાની આપણા સૌની ફરજ બની રહે છે. કેમ કે આ પૃથિવી વિશ્વ સમગ્રનું ભરણપોષણ કરે છે; પૃથિવીને આ માતૃકર્મ કરતી વેળાએ કોઈ રાષ્ટ્રભેદ, ધર્મભેદ કે જાતિ–રંગના ભેદો નડતા નથી. તે કાળા–ધોળા કે પાપી–પુણ્યશાળીના ભેદભાવ વિના સૌનું એકસરખું જ પાલનપોષણ કરે છે.

આ સૂક્તના અભ્યાસ પછી જો આ દિવ્ય દૃષ્ટિ વિકસે તો, સ્વાભાવિક રીતે જ वसुधैव कुटुम्बकम् ।નો–વિશ્વશાંતિનો મન્ત્ર હાથ લાગે એમાં શંકા નથી.

અથર્વવેદ (૧૨મો કાણ્ડ)

દેવતા : ભૂમિ, ઋષિ : અથર્વા, છન્દ : ત્રિષ્ટુપ્.

सत्यं बृहदृतमुग्रं दीक्षा तपो ब्रह्म यज्ञः पृथिवीं धारयन्ति ।
सा नो भूतस्य भव्यस्य पत्न्युरुं लोकं पृथिवी नः कृणोतु ॥ १ ॥

અન્વય : बृहत् सत्यं, उग्रम् ऋतम्, दीक्षा, तपः, ब्रह्म, यज्ञः (च) पृथिवीं धारयन्ति । सा भूतस्य भव्यस्य (च) नः पत्नी (अस्ति) । पृथिवी नः लोकम् उरुम् कृणोतु ॥

અનુવાદ : વિશાળ સત્ય, ઉગ્ર ઋત, દીક્ષા, તપ, બ્રહ્મ અને યજ્ઞ (જેવાં તત્ત્વો) પૃથિવીને ધારણ કરી રાખે છે. તે જન્મી ચૂકેલાં અને ભવિષ્યમાં જન્મનારા એવા અમારી પત્ની (= પોષણ કરનારી, અથવા સ્વામિની) છે. પૃથિવી અમારા માટે આ લોકને વિશાળ કરે. (૧૨–૧)

વિમર્શ : પૃથિવી સૂક્તના આરંભે જ અથર્વા ઋષિએ મુખ્ય પ્રશ્ન એ ઉઠાવ્યો છે કે આ પૃથિવીને કોણે ધારણ કરી રાખી છે ? તો પહેલી પંક્તિમાં તેનો જવાબ આપ્યો છે કે મોટા સત્યે, ઉગ્ર ઋત (અવિનાશી શાશ્વત નિયમ), દીક્ષા, તપ, બ્રહ્મતત્ત્વ અને યજ્ઞે (= સમર્પણની ભાવનાએ) પૃથિવીને ધારણ કરી રાખી છે. ત્રીજા પાદમાં આ પૃથિવીને ભૂત (જન્મી ચૂકેલા) અને ભવ્ય (ભવિષ્યમાં જન્મનારા)

જીવોની "પત્ની" કહી છે. અહીં તે 'વધૂ' (wife) અર્થમાં નથી; પણ 'પતિ'નો અર્થ જો 'માલિક', 'સ્વામી' થતો હોય તો, તેના અનુસંધાને 'પત્ની'નો અર્થ પણ 'સ્વામિની', નિયન્ત્રણ કરનારી વ્યક્તિ એવો જ કરવો જોઈએ.

अ॒सं॒बा॒धं म॑ध्य॒तो मा॑न॒वानां॒ यस्या॑ं उ॒द्वतः॑ प्र॒वतः॑ स॒मं ब॒हु ।
नाना॑वीर्या॒ ओष॑धी॒र्या बिभ॑र्ति पृथि॒वी नः॑ प्रथतां॒ राध्य॑तां नः ॥ २ ॥

અન્વય : मानवानां मध्यतो असंबाधं (भवतु) । यस्याः उद्वतः प्रवतः बहु समम् (अस्ति) । या नानावीर्या ओषधीः बिभर्ति । (सा) पृथिवी नः प्रथताम्; नः (= अस्माकं कृते) राध्यताम् (च) ॥

અનુવાદ : માણસોની વચ્ચે મોકળાશ (હજો); જે (પૃથિવી)ના ઊંચાણવાળા અને નીચાણવાળા ઘણા પ્રદેશો સમાન છે. જે (પૃથિવી) વિવિધ પ્રકારની શક્તિશાળી ઓષધિઓને ધારણ કરે છે; તે પૃથિવી અમારા માટે વિસ્તરો, (અને) અમારા માટે (વધુ) સમૃદ્ધ બનો. (૧૨–૨)

यस्या॑ं समु॒द्र उ॒त सिन्धु॒रापो॒ यस्या॒मन्नं॑ कृ॒ष्टयः॑ संब॒भू॒वुः ।
यस्या॑मि॒दं जिन्व॑ति प्रा॒णदे॒जत् सा नो॒ भूमिः॑ पूर्व॒पेये॑ दधातु ॥ ३

અન્વય : यस्यां (पृथिव्यां) समुद्रः, सिन्धुः उत आपः (सन्ति) । यस्याम् अन्नं कृष्टयः संबभूवुः । यस्यां इदं प्राणत् एजत् जिन्वति । सा भूमिः नः पूर्वपेये दधातु ॥

અનુવાદ : જે (પૃથિવી)માં સમુદ્ર, નદી અને જળ છે; જેમાં અન્ન અને ખેડાણો થાય છે; જેમાં આ શ્વાસ લેતા (જીવો) અને હલન–ચલન કરતા (જીવો) ફરી રહ્યા છે; તે ભૂમિ અમને પાણી પીનારાઓમાં પહેલા (અગ્રેસર) બનાવે. (૧૨–૩)

વિમર્શ : પૃથિવી ઉપર સમુદ્રો છે, નદીઓ છે; અરે ! (ત્રણ ભાગમાં) સર્વત્ર પાણી છે. વળી, સાથે સાથે તેમાં कृष्टिः = ખેડાણ કરેલાં ખેતરો (અથવા મનુષ્યો) છે; અને પછી તેમાં ઉગેલાં અન્ન પણ છે. આવી પૃથિવી ઉપર प्राणत् = પ્રાણ લેતાં, एजत्–હલનચલન કરતાં, जिन्वति = ફરી રહ્યા છે, તેવી તે પૃથિવી = ભૂમિને ઋષિ પ્રાર્થે છે કે અમને 'પૂર્વપેય' (= પાણી પીનારાઓમાં પહેલા) બનાવજે.

કોઈ પણ જીવને જીવવા હવા, પાણી અને ખોરાકની જરૂર હોય છે, તો માતા પૃથિવી સર્વત્ર પાણી અને અન્નથી ભરેલી છે એનો આ મન્ત્રમાં નિર્દેશ છે.

यस्या॒श्चत॑स्रः प्र॒दिशः॑ पृथि॒व्या यस्या॒मन्नं॑ कृ॒ष्टयः॑ संब॒भू॒वुः ।
या बिभ॑र्ति ब॒हुधा प्रा॒णदे॒जत् सा नो॒ भूमि॒र्गोष्वप्यन्ने॑ दधातु ॥

अन्वय : यस्याः पृथिव्याः चतस्रः प्रदिशः (सन्ति) । यस्याम् अन्नं कृष्टयः संबभूवुः । या प्राणद् एजत् बहुधा बिभर्ति । सा भूमिः नः अन्ने गोषु अपि दधातु ॥

અનુવાદ : જે પૃથિવીની (આસપાસ) ચાર દિશાઓ છે; જેમાં અન્ન અને ખેડાણો થાય છે; જે (પૃથિવી) શ્વાસ લેનાર અને હલનચલન કરનારા (જીવો)ને અનેક રીતે ધારણ કરી રહી છે. તે ભૂમિ અમને અન્નમાં અને ગાયોમાં પણ સ્થાપે. (૧૨–૪)

यस्यां॒ पूर्वे॑ पूर्वज॒ना वि॑चक्रि॒रे यस्यां॑ दे॒वा असु॑रान॒भ्यव॑र्तयन् ।
गवा॒मश्वा॑नां॒ वय॑सश्च वि॒ष्ठा भगं॒ वर्च॑ः पृथि॒वी नो॑ दधातु ॥ ५

अन्वय : यस्यां पूर्वे पूर्वजनाः विचक्रिरे । यस्यां देवाः असुरान् अभ्यवर्तयन् । गवाम् अश्वानाम् वयसः च विष्ठा (वि + स्था) इयं पृथिवी नः भगं वर्चः दधातु ॥

અનુવાદ : જેની ઉપર પૂર્વે(ના સમય)માં પૂર્વજનોએ (= પૂર્વજોએ) વિશિષ્ટ કર્મો કર્યાં છે. જેમાં દેવોએ અુસરોને હરાવ્યા છે. ગાયોના, ઘોડાઓના, પક્ષીઓના નિવાસસ્થાન (विष्ठा) રૂપ આ પૃથિવી અમોને ઐશ્વર્ય અને વર્ચસ્ આપે. (૧૨–૫)

વિમર્શ : આ મન્ત્રમાં પૃથિવી ઉપર ભૂતકાળમાં શું શું થઈ ગયું છે ? તે તરફ ધ્યાન આકૃષ્ટ કરતાં કહેવાયું છે કે આ પૃથિવીની ઉપર અનેક બુદ્ધિશાળી માણસોએ ઘણાં વિશિષ્ટ કર્મો કર્યાં છે તથા દેવો અને અસુરો વચ્ચે સંગ્રામ પણ થયો છે, જેમાં દેવોએ અસુરોને હરાવ્યા છે. (અહીં અસુર શબ્દનો 'પ્રાણવાન્, શક્તિશાળી' એવો (ઋગ્વેદમાં પ્રસિદ્ધ એવો) અર્થ લેવાનો નથી; અથર્વવેદમાં આ શબ્દનો અર્થ 'દાનવ' બની ચૂક્યો જણાય છે.)

વિષ્ઠા એટલે વિશેષસ્થાન, નિવાસસ્થાન, પૃથિવી એ માણસો ઉપરાંત ગાયો, અશ્વો અને પક્ષીઓ ઈત્યાદિનું પણ નિવાસસ્થાન છે – એવું ઋષિ કહી રહ્યા છે.

वि॒श्वं॒भ॒रा व॑सु॒धानी॑ प्रति॒ष्ठा हिर॑ण्यवक्षा॒ जग॑तो नि॒वेश॑नी ।
वै॒श्वा॒न॒रं बिभ्र॑ती॒ भूमि॑र॒ग्निमिन्द्र॑ऋषभा॒ द्रवि॑णे नो दधातु ॥ ६

अन्वय : विश्वंभरा, वसुधानी, प्रतिष्ठा, हिरण्यवक्षा, जगतः निवेशनी, वैश्वानरम् अग्निं बिभ्रती (इयं) भूमिः इन्द्रऋषभा (अस्ति); (सा) नः द्रविणे दधातु ॥

અનુવાદ : વિશ્વનું ભરણપોષણ કરનારી, (અનેક ખનીજ) વસુઓને ધારણ કરતી, (જગત્‌નો) આધાર બનતી, સુવર્ણયુક્ત વક્ષઃસ્થલવાળી, જગત્‌ને પોતાનામાં સમાવતી, વૈશ્વાનર અગ્નિને ધારણ કરતી કરતી એવી આ ભૂમિ ઇન્દ્ર રૂપી ઋષભ (= સ્વામી)વાળી છે; કે જે અમને ધનને વિશે સ્થાપે. (૧૨–૬)

વિમર્શ : આ મન્ત્રમાં પૃથિવી માટે ઋષિએ અનેક વિશેષણો વાપર્યાં છે, જે સર્વથા યથાર્થ છે. આ પૃથિવી जगतः निवेशनी જંગમ (હાલતાં–ચાલતાં) બધા જીવોને પોતાનામાં પ્રવેશ કરાવે છે, નિવાસ કરાવડાવે છે. તથા 'વૈશ્વાનર' નામના અગ્નિને ધારણ કરે છે. યાસ્કે શાકપૂણિ આચાર્યનો મત ટાંકીને 'વૈશ્વાનર અગ્નિ' એટલે સૂર્યમાંથી ઉત્પન્ન કરેલો કે વિદ્યુત્‌માંથી કાષ્ઠના માધ્યમથી પ્રકટતો 'પાર્થિવ અગ્નિ' – એવો અર્થ કર્યો છે. તે જ અર્થમાં આ મન્ત્રમાં "પૃથિવી વૈશ્વાનર અર્થાત્ ભૌતિક–પાર્થિવ–અગ્નિને ધારણ કરે છે" એમ કહ્યું છે.

इ॒न्द्र॑ऋषभा એવો શબ્દ સ્વરની દૃષ્ટિએ બહુવ્રીહિ સમાસનો સ્વર ધરાવે છે, તેથી "ઇન્દ્ર છે ઋષભ = સ્વામી જેનો" એવો અર્થ લેવો પડશે. ઇન્દ્ર રૂપી ઋષભ દ્વારા જળસિંચન રૂપી રેતસ્‌થી પૃથિવીમાં વનસ્પતિઓના બીજ અંકુરિત થતાં હોય છે; તેનો અહીં ઇશારો હોય તેમ લાગે છે, (પં. સાતવલેકરજીએ કરેલો અર્થ વ્યાકરણ સંમત નથી.)

यां रक्ष॑न्त्यस्व॒प्ना वि॑श्व॒दानीं॑ दे॒वा भूमिं॑ पृथि॒वीमप्र॑मादम् ।
सा नो॒ मधु॑ प्रि॒यं दु॑हा॒मथो॑ उक्षतु॒ वर्च॑सा ॥ ७ ॥

અન્વય : विश्वदानीम् अस्वप्नाः देवाः याम् भूमिं पृथिवीम् अप्रमादम् रक्षन्ति । सा (पृथिवी) नः प्रियं मधु दुहाम्; अथो (सा) वर्चसा (नः) उक्षतु ॥

અનુવાદ : હરહંમેશ ઊંઘ્યા પણ વિના દેવો જે વિશાળ પૃથિવીનું (કોઈ પણ પ્રકારનો) પ્રમાદ કર્યા વિના રક્ષણ કરી રહ્યા છે, તે (પૃથિવી) અમને પ્રિય એવા મધનું દોહન કરાવી આપે; તથા (અમુક પ્રકારનો) વર્ચસ્‌નો (અમારી ઉપર) છંટકાવ કરો. (૧૨–૭)

વિમર્શ : विश्वदानीम्–सर्वदा = હરહંમેશ, (इदानीम् જેવો અવ્યય); अप्रमादम् તે रक्षन्ति નું ક્રિયાવિશેષણ બનીને આવ્યો છે. પૃથિવી સ્થિર રહેવાનું કારણ એ જ છે કે દેવો પ્રમાદ વિના અને अस्वप्नाः = ઊંઘ્યા વિના તેનું સતત રક્ષણ કરે છે.

ગ્રીક માઈથોલોજીમાં પૃથિવીને હરક્યુલીસ નામના એક સશક્ત દેવે પોતાના ખભા ઉપર ઊંચકી છે; તેથી તે સ્થિર છે તેવી માન્યતા પ્રવર્તે છે. પુરાણકાળમાં

પૃથિવીની નીચેના પાતાળ લોકમાં સહસ્ર ફેણવાળો શેષનાગ છે, તેણે પોતાની હજારો ફણા ઉપર પૃથિવીને ટેકવી છે, તેથી તે સ્થિર છે એવી માન્યતા, બલ્કે, એવું એક પુરાકલ્પન (Myth) છે. પણ અથર્વવેદના ઉપરના મન્ત્રને જોતાં જણાય છે કે આ વેદની રચનાના સમયે પૃથિવીની દઢતા, સ્થિરતા માટે દેવોને કારણભૂત માનવામાં આવી રહ્યા છે.

यार्ण॒वेधि॑ सलि॒लमग्र॒ आसी॒त् यां मा॒याभि॑र॒न्वच॑रन् मनी॒षिण॑ः ।
यस्या॒ हृद॑यं पर॒मे व्यो॑ऽमन्त्स॒त्येनावृ॑तम॒मृत॑ं पृथि॒व्याः ।
सा नो॒ भूमि॒स्त्विषि॒ं बल॑ं रा॒ष्ट्रे द॑धातू॒त्तमे ॥ ८ ॥

અન્વય : या (पृथिवी) अग्रे अर्णवे अधि सलिलम् आसीत् । याम् (पृथिवीम्) मनीषिणः मायाभिः अन्वचरन् । यस्याः (पृथिव्याः) हृदयं परमे व्योमन् (अस्ति) । पृथिव्याः अमृतं सत्येन आवृतम् । सा भूमिः नः उत्तमे राष्ट्रे त्विषिम् बलम् (च) दधातु ॥

અનુવાદ : જે (પૃથિવી) પહેલાના સમયમાં, સમુદ્રના પાણીમાં (સૂતી) હતી; જે (પૃથિવી)ની ઉપર મનીષીઓ માયાઓ વડે ફર્યા હતા. જે (પૃથિવી)નું હૃદય પરમ વ્યોમમાં રહેલું છે તથા પૃથિવીનું અમૃત સત્યથી ઢંકાયેલું છે. આવી તે ભૂમિ અમારા ઉત્તમ રાષ્ટ્રમાં તેજ અને બળ મૂકજો. (૧૨–૮)

વિમર્શ : ઋગ્વેદના નાસદીયસૂક્ત (૧૦–૧૨૯) અને હિરણ્યગર્ભસૂક્ત (૧૦–૧૨૧)માં અને બાઈબલના જીનેસીસ પ્રકરણમાં એવું વર્ણન મળે છે કે સૃષ્ટિના આરંભે પૃથિવી સમુદ્રના પાણીમાં સૂતી હતી. अंभः किमासीद् गहनं गभीरम् । (૧૦–૧૨૯–૧)

यस्या॒माप॑ः परि॒चरा॑ः स॑मा॒नीर॑होरा॒त्रे अप्र॑मा॒दं क्षर॑न्ति ।
सा नो॒ भूमि॒र्भूरि॑धारा॒ पयो॑ दु॒हामथो॑ उक्षतु॒ वर्च॑सा ॥ ९ ॥

અન્વય : यस्यां परिचराः आपः समानीः अहोरात्रे अप्रमादं क्षरन्ति । सा भूरिधारा भूमिः नः (= अस्मभ्यं) पयः दुहाम् । अथो वर्चसा (नः) उक्षतु ॥

અનુવાદ : જે (પૃથિવી)ની ઉપર ફરતાં પાણી એકસમાન રીતે દિવસ–રાત પ્રમાદ વિના ઝરી રહ્યાં છે; તે બહુ (જલ)ધારાઓવાળી ભૂમિ અમારે માટે (હવે) દૂધ દૂઝો; અને વર્ચસ્‌થી (અમને) સિંચો. (= અમારી ઉપર છંટકાવ કરો). (૧૨–૯)

या॒म॒श्वि॒ना॒वमिंमा॒तां विष्णु॒र्यस्यां॑ विच॒क्र॒मे ।
इन्द्रो॒ यां च॒क्र आ॒त्मनैंनामि॒त्रां शची॒पतिंः ।
सा नो॒ भूमि॒र्वि सृंजतां मा॒ता पु॒त्रायं मे॒ पयंः ॥ १० ॥

અન્વય : याम् (पृथिवीम्) अश्विनौ अमिमाताम् । यस्याम् विष्णुः विचक्रमे । शचीपतिः इन्द्रः आत्मने याम् (पृथिवीं) अनमित्राम् (अकरोत्) । सा नः माता भूमिः पुत्राय मे पयः विसृजताम् ॥

અનુવાદ : જે (પૃથિવી)ને બે અશ્વિનૌએ માપી હતી, જે (પૃથિવી)ની ઉપર વિષ્ણુએ (ત્રણ) ડગલાં ભર્યાં હતાં; શચીપતિ ઈન્દ્રે પોતાને માટે જે (પૃથિવી)ને શત્રુ વિનાની બનાવી છે; તે અમારી માતા સ્વરૂપ ભૂમિ પુત્ર એવા મારા માટે દૂધને વિસર્જિત કરો. (૧૨–૧૦)

વિમર્શ : આ મન્ત્રમાં પૃથિવીની સાથે સંકળાયેલા કેટલાંક ઋગ્વેદકાલિક પુરાકલ્પનો (Myths)નો નિર્દેશ કરવામાં આવ્યો છે. જેમકે, (૧) (બ્રહ્માંડમાં) પૃથિવીનો જન્મ થયા પછી, સૌથી પહેલાં બે અશ્વિનૌએ તેને માપી હતી. (૨) વિષ્ણુએ અર્થાત્ સૂર્યે પૃથિવી ઉપર ઉદયાચલ, મધ્યાહ્ન અને અસ્તાચળ ઉપર ત્રણ ડગલાં માંડ્યા. (૩) વળી, આ મન્ત્રમાં ઈન્દ્રનું જે વ્યક્તિત્વ નોંધાયું છે તે 'વૃષ્ટિના દેવ' તરીકેનું નથી; પણ 'યુદ્ધના દેવ' (War–God) તરીકેનું વ્યક્તિત્વ ઉલ્લેખાયું છે.

गि॒रयं॑स्ते॒ पर्व॑ता हि॒मव॒न्तोऽरंण्यं ते पृथिवि स्यो॒नमंस्तु ।
ब॒भ्रुं कृ॒ष्णां रोहिंणीं वि॒श्वरूंपां ध्रु॒वां भूमिं पृथि॒वीमिन्द्रंगुप्ताम् ।
अजी॒तोहं॑तो॒ अक्ष॒तोध्यंष्ठां पृथि॒वीम॒हम् ॥ ११ ॥

અન્વય : हे पृथिवि ! ते गिरयः हिमवन्तः पर्वताः अरण्यम् (च) स्योनम् अस्तु । बभ्रुं कृष्णां रोहिणीं विश्वरूपां ध्रुवां इन्द्रगुप्ताम् भूमिं पृथिवीम् अधि; अजीतः अहतः अक्षतः अहम् अस्थाम् ॥

અનુવાદ : હે પૃથિવિ ! તારા ગિરિઓ અને હિમવાન્ પર્વતો તથા તારું અરણ્ય મંગલમય બનજો. ભૂખરી, કાળી, રાતી, અનેક રૂપવાળી, સ્થિર અને ઈન્દ્રથી રક્ષાયેલી આ વિશાળ પૃથિવીની ઉપર કોઈથી નહીં જીતાયેલો, નહીં હણાયેલો અને ઘવાયા વિનાનો હું ઊભો રહું. (૧૨–૧૧)

વિમર્શ : આ મન્ત્રમાં પણ, ઈન્દ્ર પૃથિવીનું રક્ષણ કરનારો છે એમ કહેવાયું છે. વળી, પૃથિવીના જુદા જુદા ભૂખંડોમાં જુદા જુદા રંગની જમીન જોવા મળે છે, તેથી તેને ભૂખરી, કાળી, રાતી વગેરે વર્ણોવાળી પણ અહીં કહી છે.

यत् ते॒ मध्यं॑ पृथिवि॒ यच्च॒ नभ्यं॒ यास्त॒ ऊर्ज॑स्त॒न्वऽः संबभू॒वुः ।
तासु॑ नो धेह्य॒भि न॑ः पवस्व मा॒ता भूमि॑ः पु॒त्रो अ॒हं पृ॑थि॒व्याः ।
प॒र्जन्य॑ः पि॒ता स उ॑ नः पिपर्तु ॥ १२ ॥

અન્વય : हे पृथिवि ! ते (= तव) यत् मध्यम्, (ते) यत् च नभ्यम् (अस्ति), याः ते तन्वः ऊर्जः संबभूवुः, तासु नो धेहि । नः (अस्मान्) अभि पयस्व । भूमिः माता (अस्ति), अहं पृथिव्याः पुत्रः (अस्मि) । पर्जन्यः पिता (अस्ति); सः नः पिपर्तु ॥

અનુવાદ : હે પૃથિવિ ! તારું જે મધ્ય છે, તારી જે નાભિ છે, તારા શરીરમાંથી જે પોષક–બળ ઉત્પન્ન થયાં છે, તેમાં (તું) અમને સ્થાપ. (તું) અમને પવિત્ર કર. આ ભૂમિ તે માતા છે અને હું પૃથિવીનો પુત્ર છું. વળી, પર્જન્ય (અમારા) પિતા છે, તે અમારું પોષણ કરે. (૧૨–૧૨)

વિમર્શ : આ મન્ત્રમાં પૃથિવીના પેટાળ તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે. જેમ કે પૃથિવીનું જે મધ્ય છે, જે નાભિ છે (અર્થાત્ અંદરનો જે ભાગ છે) તેમાંથી ऊर्जः संबभूवुः–પોષક બળ ઉત્પન્ન થયાં છે. અર્થાત્ એમાંથી રસ–કટાક્ષ ભરેલાં અનાજ, ફળો, ઔષધિઓ ઉત્પન્ન થયાં છે, જે અનેક જીવોનું પોષણ કરે છે. પૃથિવીના પેટાળમાં પડેલાં આ પોષણકારી બળને આપણામાં સ્થાપવાની પ્રાર્થના કરવામાં આવી છે.

બીજી એક અતિ મહત્ત્વની વાત પણ આ મન્ત્રમાં કહેવાઈ છે; જે વાત આખા સૂક્તની કેન્દ્રવર્તી વાત છે અને જે વાત આખા અથર્વવેદની કેટલીક યાદગાર પંક્તિઓમાંની એક છે :– माता भूमिः, पुत्रो अहम् पृथिव्याः । "આ ભૂમિ તે અમારી માતા છે; અને હું પૃથિવીનો પુત્ર છું." વેદકાળના ઋષિઓ વિચારશીલ હોવા ઉપરાંત સંવેદનશીલ હતા, તેમણે જોયું કે આ ભૂમિ એ કેવળ આપણને હરવા ફરવાની, કે નિવાસ કરવાની, સૂવા–બેસવાની જગ્યા જ પૂરી પાડે છે એવું નથી. ખરેખર તો તે આપણી સાચી માતાની જેમ જ આપણું પોષણ કરે છે, સંવર્દ્ધન અને સંરક્ષણ કરે છે. આવી પૃથિવીનો હું માલિક નથી; પણ હું તેનો પુત્ર છું. જડ દેખાતી પૃથિવીમાં જો જીવો પ્રત્યે વાત્સલ્ય ના હોત, તો તે તેના ગર્ભ (પેટાળ)માંથી ફુલ–ફળ, અનાજને પેદા જ કેવી રીતે કરત ? આમ જન્મ લેતાં

સૌ જીવોને તે આધાર પૂરો પાડવા, (ધારણ કરી રાખવા) ઉપરાંત પોષણ કરવાનું કામ પણ સતત કરે છે. આમ વેદના ઋષિઓએ પૃથિવીનો આપણા તરફનો ભાવ યથાર્થ રીતે અહીં શબ્દબદ્ધ કરી આપ્યો છે. પૃથિવીને દેવી–દેવતા ગણો કે ના ગણો, પણ તે તમારી માતા છે એમાં તો બે મત છે જ નહીં. વૈદિક ઋષિઓનું આ 'દર્શન' સદાકાળ માટેનું સત્ય છે.

આ મન્ત્રની ત્રીજી એક વાત પણ ધ્યાનાસ્પદ છે. જેમ કે, અહીં પર્જન્ય એટલે કે વરસાદને પિતા કહ્યો છે. સામાન્ય રીતે તો ઋગ્વેદમાં 'દ્યાવાપૃથિવી' શબ્દથી જે યુગલદેવતાની સ્તુતિ થઈ છે, તેમાં દ્યુલોકને પિતા અને પૃથિવીલોકને માતા કહેલ છે. द्यौष्पित्तरः એવો બીજો શબ્દ પણ છે, જે પણ દ્યુલોકને પિતા તરીકે વર્ણવે છે. પણ અથર્વવેદના આ મન્ત્રમાં દ્યુલોકને પિતા નહીં કહેતાં, પર્જન્યને પિતા કહેલ છે. જે માતા પૃથિવીના પેટાળમાંથી વિવિધ વનસ્પતિઓ–અનાજ વગેરે ઉગે છે, તે પર્જન્ય (વરસાદ)ને આભારી છે. પર્જન્ય જાણે પોતાના જલબિન્દુઓથી પૃથિવીમાં ગર્ભાધાન કરે છે. એવાં ચિત્રો ઋગ્વેદના પર્જન્યસૂક્ત (૫.૮૩.૪)માં અપાયેલાં છે.

અહીં આનુષંગિક રીતે, પણ જરૂરી રીતે એ વાત તરફ પણ ધ્યાન જવું જોઈએ કે ઋગ્વેદમાં વરસાદ સાથે ત્રણ દેવોને સાંકળવામાં આવ્યા છે : (૧) અપાં નપાત્, (૨) પર્જન્ય અને (૩) ઈન્દ્ર. પણ અથર્વવેદમાં વૃષ્ટિક્રિયા જોડે ઈન્દ્રને નહીં સાંકળતા, પર્જન્યનો જ ઉલ્લેખ છે. ઉપરના ૧૧મા મન્ત્રમાં 'ભૂમિ' શબ્દ 'પૃથિવી'ના વિશેષણ તરીકે વપરાયેલો જોવા મળે છે. પણ મન્ત્ર–૧૨માં 'ભૂમિ' અને 'પૃથિવી' શબ્દ એકબીજાના પર્યાય તરીકે વપરાયા હોય એમ લાગે છે. પણ સૂક્ષ્મતાથી વિચારીએ તો કોઈ પણ શબ્દ બીજા કોઈનો પણ પૂરેપૂરો પર્ય્યાય હોતો નથી. જેમ કે, ભૂમિ શબ્દમાં √ભૂ જન્મવું, થવું અર્થવાળો ધાતુ સંકળાયેલો છે; એની વ્યુત્પત્તિ મુજબ भवन्ति अस्मिन् भूतानि इति भूमिः । જેમાં ભૂતો (= પ્રાણીઓ) જન્મે છે, તે 'ભૂમિ'. આ વ્યુત્પત્તિ મુજબ પણ 'ભૂમિ'ને માતા (જન્મદાત્રી) કહેવી ઉચિત છે; અને "પૃથિવીનો હું પુત્ર છું" એમ કહેવામાં 'પ' વર્ણની પુનરાવૃત્તિ કર્ણપ્રિય બનવા ઉપરાંત, પૃથિવી શબ્દનો प्रथनात् पृथिवीत्याहुः । (યાસ્ક) "ફેલાયેલી હોવાને કારણે તે પૃથિવી કહેવાય છે" – એવો જે અર્થ દર્શાવાયો છે, તે પણ ધ્યાનાસ્પદ બને છે. આમ દરેક શબ્દની અર્થચ્છાયા થોડીક જુદી, થોડીક વિશેષ હોય છે જ. આથી વૈયાકરણો માને છે કે કોઈ શબ્દ કોઈ શબ્દનો પર્ય્યાય હોતો નથી.

यस्यां वेदिं परिगृह्णन्ति भूम्यां यस्यां यज्ञं तन्वते विश्वकर्माणः ।
यस्यां मीयन्ते स्वरवः पृथिव्यामूर्ध्वाः शुक्रा आहुत्याः पुरस्तात् ।
सा नो भूमिर्वर्धयद् वर्धमाना ॥ १३ ॥

अन्वय : यस्यां भूम्यां वेदिं परिगृह्णन्ति । यस्यां विश्वकर्माणः यज्ञं तन्वते । यस्यां पृथिव्याम् आहुत्याः पुरस्तात् ऊर्ध्वाः शुक्राः स्वरवः मीयन्ते । सा वर्धमाना भूमिः नः वर्धयद् ॥

અનુવાદ : જે ભૂમિ ઉપર (યજ્ઞ)વેદિને રચવામાં આવે છે, જે (ભૂમિ)ની ઉપર વિશ્વકર્માઓ યજ્ઞને વિસ્તારે છે, જે પૃથિવી ઉપર આહુતિઓની પૂર્વમાં ઊંચા તેજસ્વી સ્વરુઓને માપવામાં આવે છે, તે (સતત) વધતી રહેલી ભૂમિ અમને પણ વધારે. (૧૨–૧૩)

વિમર્શ : 'સ્વરુ' એટલે યજ્ઞશાળામાં પશુબલિને બાંધવાનો યૂપ. આ મન્ત્રમાં ભૂમિનો એક ધાર્મિક ઉપયોગ દર્શાવવામાં આવ્યો છે કે આ એક જગ્યા એવી છે કે જેની ઉપર યજ્ઞવેદિઓ રચાય છે અને યજ્ઞો કરવામાં આવે છે.

'યજ્ઞ'નો મૂળભૂત અર્થ 'સ્વાર્પણ', એટલે કે न मम । ની ભાવનાનું પ્રદર્શન. તો આ ઋષિના મતે પૃથિવી જો યજ્ઞક્રિયા કરવા માટેનું સ્થાન હોય તો તે આપણને, પૃથિવી ઉપરના નિવાસનો હેતુ પણ વ્યંજિત કરે છે !

यो नो द्वेषत् पृथिवि यः पृतन्याद् योऽभिदासान्मनसा यो वधेन ।
तं नो भूमे रन्धय पूर्वकृत्वरि ॥ १४ ॥

अन्वय : हे पृथिवि ! यः नः द्वेषत्, यः (नः) पृतन्यात्, यः मनसा अभिदासात् यः वधेन (आयुधेन) [अभिदासात्], तम् (हे) पूर्वकृत्वरि भूमे ! नः रन्धय ॥

અનુવાદ : હે પૃથિવિ ! જે (વ્યક્તિ) અમારો દ્વેષ કરે, જે (અમારી ઉપર) ચઢાઈ કરે, જે મન વડે (અમારી) હિંસા કરે, અથવા જે કોઈક આયુધથી (અમારી હિંસા કરે); તેને હે પહેલેથી (અમારું રક્ષણ) કરનારી ભૂમિ ! તું અમારા વશમાં લાવી દે. (૧૨–૧૪)

વિમર્શ : यः पृतन्यात्–જે (અમારી સાથે) યુદ્ધે ચઢે, ચઢાઈ કરે; अभि दासात् એટલે उपक्षपयेत्–હિંસા કરે, નાશ કરે तं (शत्रुं) नः रन्धय–એટલે तं शत्रुं अस्मद्वशगं कुरु–તે શત્રુને અમારા વશમાં લાવી દો.

त्वज्जा॒तास्त्वयि॑ चरन्ति॒ मर्त्या॒स्त्वं बि॑भर्षि द्वि॒पद॒स्त्वं चतु॑ष्पदः ।
तवे॒मे पृ॑थिवि॒ पञ्च॑ मान॒वा येभ्यो॒ ज्योति॑र॒मृतं॒ मर्त्ये॑भ्य
उ॒द्यन्त्सूर्यो॑र॒श्मिभि॑रात॒नोति॑ ॥ १५ ॥

અન્વય : (हे पृथिवि !) त्वत् जाताः मर्त्याः त्वयि चरन्ति । त्वं द्विपदः, त्वं चतुष्पदः बिभर्षि । (हे) पृथिवि ! इमे पञ्च मानवाः तव (सन्ति) । अमृतं ज्योतिः उद्यन् सूर्यः येभ्यः मर्त्येभ्यः रश्मिभिः (प्रकाशम्) आतनोति ॥

અનુવાદ : (હે પૃથિવિ !) તારી ઉપર જન્મેલા મર્ત્ય જીવો તારી ઉપર ફરે છે; તું બે પગવાળા અને ચાર પગવાળાં પશુઓને ધારણ કરે છે. હે પૃથિવિ ! આ પાંચ માણસો તારા છે. અમર જ્યોતિ સ્વરૂપ ઉગતો આ સૂર્ય જે મર્ત્યોને માટે કિરણો વડે (પ્રકાશ) ફેલાવે છે. (૧૨–૧૫)

વિમર્શ : પંડિત સાતવલેકરજી – हे पृथिवि ! इमे पञ्च मानवाः तव । પદોની પછી "सेवां कर्तुम् इच्छन्ति ।" એવા પદોનો અધ્યાહાર લે છે. તથા આ "પાંચ માનવો" એટલે કોણ ? તેના જવાબમાં પાંચ પ્રકારના માણસો, જેવા કે – (૧) વિદ્વાન્, (૨) શૂરવીર, (૩) વેપારી, (૪) કારીગર અને (૫) સેવાવૃત્તિવાળા એવી સ્પષ્ટતા ઉમેરે છે.★

ता नः॑ प्र॒जाः सं दु॑ह्रतां सम॒ग्रा वा॒चो मधु॑ पृथिवि धेहि॒ मह्य॑म् ॥

અન્વય : ताः समग्राः प्रजाः नः संदुह्रताम् । हे पृथिवि ! मह्यम् वाचः मधु धेहि ॥

અનુવાદ : તે સઘળી પ્રજાઓ અમારે માટે દુઝો. હે પૃથિવિ ! મને વાણીનું માધુર્ય આપો. (૧૨–૧૬)

वि॒श्व॒स्वं॑ऽमा॒तर॒मोष॑धीनां ध्रु॒वां भूमिं॑ पृथि॒वीं धर्म॑णा धृ॒ताम् ।
शि॒वां स्यो॒नाम॑नु चरेम वि॒श्वहा॑ ॥ १७ ॥

અન્વય : विश्वस्वं, ओषधीनां मातरम्, ध्रुवां, धर्मणा धृताम्, पृथिवीं, शिवां, स्योनाम् भूमिं विश्वहा (= सदैव) [वयं] अनु चरेम ।

★ **અથર્વવેદનો સુબોધ અનુવાદ;** (ભાગ–૨), "માતૃભૂમિ અને સ્વરાજ્ય શાસન", લેખક : શ્રીપાદ દામોદર સાતવલેકર, પારડી સ્વાધ્યાય મંડળ, પારડી, જી. વલસાડ, (પૃ. ૬).

અનુવાદ : સૌને પ્રસવતી, ઔષધિઓની માતા, સ્થિર, ધર્મથી ધારણ કરાયેલી અને ચારે તરફ ફેલાયેલી (= પૃથિવી) એવી કલ્યાણકારિણી મંગલમયી ભૂમિની (અમે) સદૈવ પરિચર્યા કરીએ. (૧૨–૧૭)

महत् सधस्थं महती बंभूविथ महान् वेगं एजथुंर्वेपथुंष्टे ।
महांस्त्वेन्द्रों रक्षत्यप्रंमादम् ।
सा नों भूमे प्र रोंचय हिरंण्यस्येव संदृशि मा नों द्विक्षत
कश्चन ॥ १८ ॥

अन्वय : सधस्थं महत् (अस्ति), (त्वं) महती बभूविथ । ते (= तव) वेगः, एजथुः, वेपथुः महान् (अस्ति) । महान् इन्द्रः त्वा अप्रमादं रक्षति । सा (त्वं हे) भूमे ! हिरण्यस्य इव नः प्ररोचय । संदृशि कश्चन नः मा द्विक्षत ॥

અનુવાદ : સાથે રહેવાનું સ્થાન મહાન્ છે, તું મહાન છે. તારો વેગ, તારા કંપનો, તારી ધ્રુજારી પણ મહાન્ છે. મહાન્ એવો ઈન્દ્ર તને પ્રમાદ કર્યા વિના રક્ષે છે. તેવી હે ભૂમિ ! અમને સુવર્ણની જેમ ચમકાવ. (અમારી) દૃષ્ટિએ ચડતો કોઈપણ વ્યક્તિ અમારો દ્વેષ ના કરે. (૧૨–૧૮)

વિમર્શ : પાણિનિએ નોંધ્યું છે કે વેદોની ભાષામાં लिट् લકાર (= પરોક્ષ ભૂતકાળ)નાં રૂપો "સાર્વકાલિક" માનવામાં આવે છે. અર્થાત્ बभूविथ નો અર્થ अस्ति લેવાનો છે. सधस्थम्–સહનિવાસસ્થાન.

अग्निर्भूम्यामोषंधीष्वग्निमापों बिभ्रत्यग्निरश्मंसु ।
अग्निरन्तः पुरुंषेषु गोष्वश्वेंष्वग्नयंः ॥ १९ ॥

अन्वय : अग्निः भूम्याम् (अस्ति) । ओषधीषु अग्निः (अस्ति) । आपः (अग्निम्) बिभ्रति । अश्मसु अग्निः (अस्ति) । पुरुषेषु अन्तः अग्निः (अस्ति) । गोषु अश्वेषु अग्नयः (सन्ति) ।

અનુવાદ : અગ્નિ ભૂમિમાં છે, ઔષધિઓમાં પણ છે, જળ (અગ્નિને) ધારણ કરે છે, તથા પથ્થરોમાં પણ અગ્નિ છે. પુરુષોની અંદર અગ્નિ છે. એ જ રીતે, ગાયોમાં અને અશ્વોમાં પણ અગ્નિઓ રહેલા છે. (૧૨–૧૯)

વિમર્શ : શ્રી સાતવલેકરજી આ મન્ત્રને સમજાવતાં કહે છે કે જમીનમાં (લાવારસ રૂપે) અગ્નિ હોય છે, અમુક વનસ્પતિના સેવનથી માણસની ભૂખ પ્રદીપ્ત થાય છે, વાદળોના પાણીમાં પણ વિદ્યુત્રૂપી અગ્નિ રહેલો હોય છે. પથ્થરોમાં

ચકમક રૂપે અગ્નિ હોય છે. અને પુરુષો, ગાયો કે અશ્વોમાં જઠરાગ્નિ રૂપે અગ્નિ નિવાસ કરતો હોય છે.

શ્રી ર. છો. પરીખ કહે છે કે એક અગ્નિ દેવતા જ એવો છે કે જે પૃથિવીલોક સંબંધી છે. તેથી અગ્નિની સ્તુતિ કરતા આ ત્રણ મન્ત્રો (૧૯–૨૦–૨૧) અહીં આવેલા છે.

अग्निर्दिव आ तपत्यग्नेर्देवस्योर्व१न्तरिक्षम् ।
अग्निं मर्तास इन्धते हव्यवाहं घृतप्रियम् ॥ २० ॥

અન્વય : अग्निः दिवः आ तपति । देवस्य अग्नेः अन्तरिक्षम् उरु (अस्ति) । मर्तासः हव्यवाहं घृतप्रियम् अग्निम् इन्धते ॥

અનુવાદ : અગ્નિ દ્યુલોકમાંથી ચારે તરફ તપે છે. આ દેવ અગ્નિનું અન્તરિક્ષ વિશાળ છે. માણસો હવ્યનું વહન કરનાર અને ઘીને વ્હાલા એવા અગ્નિને પ્રકટાવે છે. (૧૨–૨૦)

अग्निवासाः पृथिव्यऽसितज्ञूस्त्विषीमन्तं संशितं मा कृणोतु ॥

અન્વય : अग्निवासाः असितज्ञूः पृथिवी मा (माम्) त्विषीमन्तं संशितम् कृणोतु ॥

અનુવાદ : અગ્નિ રૂપી વસ્ત્રવાળી અને કાળા ઘૂંટણવાળી આ પૃથિવી મને ચમકતો અને તીક્ષ્ણ બનાવે. (૧૨–૨૧)

વિમર્શ : આ પૃથિવીસૂક્તમાં, અગ્નિની સ્તુતિ કરતા આ ત્રણ (૧૯, ૨૦, ૨૧) મન્ત્રો સુસંગત જણાતા નથી – એવું અમેરિકન વિદ્વાન્ બ્લૂમફિલ્ડ કહે છે.

भूम्यां देवेभ्यो ददति यज्ञं हव्यमरंकृतम् ।
भूम्यां मनुष्याऽ जीवन्ति स्वधयान्नेन मर्त्याः ।
सा नो भूमिः प्राणमायुर्दधातु जरदष्टिं मा पृथिवी कृणोतु ॥

અન્વય : भूम्यां यज्ञं अरंकृतं हव्यं देवेभ्यो (मनुष्याः) ददति । भूम्यां मर्त्याः मनुष्याः स्वधया अन्नेन जीवन्ति । सा भूमिः नः (= अस्मभ्यं) प्राणम् आयुः दधातु ॥ पृथिवी मा (माम्) जरदष्टिं (= दीर्घायुषं) कृणोतु ॥

અનુવાદ : ભૂમિ ઉપર યજ્ઞ અને અલંકૃત એવું હવ્ય દેવોને (માણસો) આપે છે. ભૂમિ ઉપર મરણશીલ મનુષ્યો સ્વધાથી અને અન્નથી જીવે છે. તે

ભૂમિ અમને પ્રાણ અને આયુષ્ આપો. પૃથિવી મને ઘડપણ સુધી પહોંચું એવો બનાવે. (૧૨–૨૨)

यस्ते॑ ग॒न्धः पृ॑थिवि सं॑ब॒भूव॒ यं बिभ्र॒त्योष॑धयो॒ यमाप॑ः ।
यं ग॑न्ध॒र्वा अ॑प्स॒रस॑श्च भेजि॒रे तेन॑ मा सुर॒भिं कृ॑णु॒ मा नो॑
द्विक्षत॒ कश्च॒न ॥ २३ ॥

અન્વય : हे पृथिवि ! यः ते (= त्वयि) गन्धः संबभूव, यं (गन्धं) ओषधयः बिभ्रति, यं (गन्धं) आपः (बिभ्रति), गन्धर्वाः अप्सरसः च भेजिरे; तेन (गन्धेन) मा (माम्) सुरभिं कृणु । (यतः) कश्चन नो मा द्विक्षत ॥

અનુવાદ : હે પૃથિવિ ! તારામાં જે ગન્ધ ઉત્પન્ન થયો છે, જે (ગન્ધ)ને ઓષધિઓ ધારણ કરે છે અને જળ પણ જે (ગન્ધ)ને ધારણ કરે છે તથા જે (ગન્ધ)ને ગન્ધર્વોએ અને અપ્સરાઓએ પણ સેવ્યો છે; તે (ગન્ધ)ના વડે [હે પૃથિવિ !] તું મને સુવાસિત બનાવ; કે જેથી કોઈ પણ વ્યક્તિ અમારો દ્વેષ ના કરે. (૧૨–૨૩)

વિમર્શ : આ મન્ત્રની સમજૂતીમાં ત્રણ મુદ્દાઓ ધ્યાનાસ્પદ છે : (૧) 'પૃથિવીમાં ગન્ધ ઉત્પન્ન થયો છે' એ પહેલું વાક્ય ખૂબ મહત્ત્વનું છે. આ 'દર્શન'ને આધારે જ પૃથિવીનું ''गन्धवती पृथिवी'' એવું લક્ષણ ન્યાયવૈશેષિક દર્શને સ્વીકાર્યું છે. (૨) ગ્રીફીથ કહે છે કે 'ગન્ધ'ની જોડે ગન્ધર્વોનો અને અપ્સરાઓનો સંબંધ જોડ્યો છે તે પણ ધ્યાનાસ્પદ છે. (૩) છેલ્લા ચરણમાં, तेन मा सुरभिं कृणु; અને मा नो द्विक्षत कश्चन । – આ બન્ને વાક્યોમાં પહેલો मा શબ્દ અનુદાત્ત છે અને माम्‌નું તે વૈકલ્પિક રૂપ છે. પરંતુ બીજો मा શબ્દ ઉદાત્ત સ્વરવાળો છે. તેથી નિષેધાર્થક છે.

यस्ते॑ ग॒न्धः पुष्क॑रमावि॒वेश॒ यं सं॑ज॒भ्रुः सू॒र्याया॑ वि॒वाहे ।
अम॑र्त्याः पृथिवि ग॒न्धम॒ग्रे तेन॑ मा सुर॒भिं कृ॑णु॒ मा नो॑ द्विक्षत॒
कश्च॒न ॥ २४ ॥

અન્વય : ते (तव) यः गन्धः पुष्करम् आविवेश, यं (गन्धं) सूर्यायाः विवाहे अग्रे अमर्त्याः संजभ्रुः, हे पृथिवि ! तेन (गन्धेन) (त्वं) मा (= माम् सुरभिं कृणु । (यतः) कश्चन नः (अस्मभ्यं) मा द्विक्षत ॥

અનુવાદ : તારો જે ગન્ધ પુષ્કરમાં પ્રવેશ્યો, જે ગન્ધને સૂર્યા (= ઉષા)ના વિવાહ પ્રસંગે પહેલા અમર્ત્યો (= દેવો) લાવ્યા; હે પૃથિવિ ! તે (ગન્ધ)ના

વડે (તું) મને સુવાસિત કર કે જેથી કોઈપણ વ્યક્તિ અમારો દ્વેષ ના કરે. (૧૨–૨૪)

यस्ते॑ ग॒न्धः पुरु॑षेषु स्त्री॒षु पुं॒सु भगो॒ रुचिः॑ ।
यो अश्वे॑षु वी॒रेषु॒ यो मृ॒गेषू॒त ह॒स्तिषु॑ ।
क॒न्याऽ॒यां व॒र्चो॑ यद् भू॑मे॒ तेना॒स्माँ अपि॒ सं सृ॑ज॒ मा नो॑ द्विक्षत॒
कश्च॒न ॥ २५ ॥

અન્વય : ते यः गन्धः पुरुषेषु (अस्ति), स्त्रीषु पुंसु भगः रुचिः (अस्ति); यः (गन्धः) अश्वेषु वीरेषु (अस्ति), यः मृगेषु हस्तिषु (अस्ति); हे भूमे ! कन्यायां यद् वर्चः तेन (गन्धेन सह) अस्मान् अपि संसृज; (यतः) कश्चन नः (अस्मभ्यं) मा द्विक्षत ॥

અનુવાદ : તારો જે ગન્ધ માણસોમાં રહ્યો છે; વળી સ્ત્રીઓમાં અને પુરુષોમાં સૌભાગ્ય રૂપ તેજ રૂપે (રહેલું છે); જે (ગન્ધ) ઘોડાઓમાં, વીરોમાં, કે જે (ગન્ધ) મૃગોમાં અને હાથીઓમાં (રહેલ છે); તથા હે ભૂમિ ! કન્યામાં જે વર્ચસ્ રૂપે (ગન્ધ) રહેલ છે, તે (ગન્ધ)ની સાથે અમારો પણ સંસર્ગ કરાવ કે જેથી કોઈપણ વ્યક્તિ અમારો દ્વેષ ના કરે. (૧૨–૨૫)

शि॒ला भू॒मिरश्मा॑ पां॒सुः सा भू॒मिः संधृ॑ता धृ॒ता ।
तस्यै॒ हिर॑ण्यवक्षसे पृथि॒व्या अ॑क॒रं नमः॑ ॥ २६ ॥

અન્વય : शिला अश्मा पांसुः (एभिः रचिता) भूमिः (अस्ति)। सा भूमिः संधृता धृता । तस्यै हिरण्यवक्षसे पृथिव्यै (अहं) नमः अकरम् ॥

અનુવાદ : શિલા, પથ્થરો અને રેતી(થી બનેલી) આ ભૂમિ છે; તે ભૂમિ સારી રીતે ધારણ કરાયેલી છે. સુવર્ણથી ભરેલા વક્ષઃસ્થળવાળી તે પૃથિવીને મેં નમસ્કાર કર્યા છે. (૧૨–૨૬)

વિમર્શ : અહીં પ્રશિષ્ટ સંસ્કૃત વ્યાકરણના નિયમ મુજબ તો पृथिव्यै नमः। એટલું જ પર્યાપ્ત છે; તેમાં अकरम् એવા ક્રિયાપદને ઉમેરવાની જરૂર નથી. પણ આ વૈદિક ભાષા હોઈને नमः અવ્યય ઉપરાંત, તેની સાથે अकरम् ક્રિયાપદને પણ ઉમેર્યું છે; વાપર્યું છે, તેથી અહીં 'नमः'નો અર્થ 'નમસ્કાર' એટલો જ કરવો; "નમસ્કાર હજો" એવો સમુદિત અર્થ કાઢવો નહીં. વળી, पृथिव्यै + अकरम्ની વચ્ચ સન્ધિ થવાથી पृथिव्या अकरम् । બન્યું છે.

यस्यां॑ वृ॒क्षा वा॑नस्प॒त्या ध्रु॒वास्तिष्ठ॑न्ति वि॒श्वहा॑ ।
पृ॒थि॒वीं वि॒श्वधा॑यसं धृ॒ताम॒च्छाव॑दामसि ॥ २७ ॥

અન્વય : यस्यां वानस्पत्याः वृक्षाः विश्वहा (= सदैव) ध्रुवाः तिष्ठन्ति । विश्वधायसं धृताम् (च) पृथिवीं अच्छआवदामसि ॥

અનુવાદ : જેમાં વાનસ્પત્ય વૃક્ષો હંમેશા સ્થિર ઊભા રહે છે; વિશ્વને ધારણ કરનારી અને સારી રીતે ધારણ કરાયેલી આ પૃથિવીને અમે બોલાવીએ (સંબોધીએ) છીએ. (૧૨–૨૭)

उ॒दीरा॑णा उ॒तासी॑ना॒स्तिष्ठ॑न्तः प्र॒क्राम॑न्तः ।
प॒द्भ्यां द॑क्षिणस॒व्याभ्यां॒ मा व्य॑थिष्महि॒ भूम्या॑म् ॥ २८ ॥

અન્વય : भूम्याम् उदीराणाः, उत आसीनाः, तिष्ठन्तः, प्रक्रामन्तः, दक्षिण–सव्याभ्यां पद्भ्यां (वयं) मा व्यथिष्महि ॥

અનુવાદ : ભૂમિ ઉપર ઉદ્યોગ કરતાં, બેસતાં, ઊભા રહેતા કે ફરતાં; અથવા જમણે કે ડાબે પગે ચાલતાં (અમે) વ્યથા ન પામીએ. (૧૨–૨૮)

वि॒मृग्व॑रीं पृथि॒वीमा व॑दामि क्ष॒मा भूमि॒ं ब्रह्म॑णा वावृ॒धा॒नाम् ।
ऊर्ज॑म् पु॒ष्टं बिभ्र॑तीमन्नभा॒गं घृ॒तं त्वा॒भि नि षी॑देम भूमे ॥ २९

અન્વય : क्षमां, ब्रह्मणा वावृधानाम्, भूमिं, विमृग्वरीं पृथिवीम् आ वदामि । ऊर्जम्, पुष्टम्, अन्नभागं, घृतम् बिभ्रतीम् (तादृशीं) त्वा (त्वाम्) हे भूमे ! (वयम्) अभिनिषीदेम ॥

અનુવાદ : નિવાસ કરવા યોગ્ય, બ્રહ્મથી વૃદ્ધિ પામતી, ભૂતોને જન્માવતી અને શુદ્ધ કરનારી, તથા ચો'પાસ ફેલાયેલી (પૃથિવી)ને હું બોલાવું છું. બળને, પોષણને, અન્નભાગને અને ઘીને ધારણ કરતી એવી હે ભૂમિ ! તારા ઉપર (અમે) બેસીએ. (૧૨–૨૯)

વિમર્શ : અન્વયના ક્રમે જ અનુવાદ મૂક્યો છે. અહીં પૃથિવીના પર્યાયવાચી क्षमा વગેરે શબ્દોનો વ્યાકરણનિષ્ઠ અર્થ અનુવાદમાં આપ્યો છે.

शु॒द्धा न॒ आप॑स्त॒न्वे ऽ क्षर॑न्तु॒ यो न॒ः सेदु॒रप्रि॑ये॒ तं नि द॑ध्मः ।
प॒वित्रे॑ण पृथि॒वि मोत् पु॑नामि ॥ ३० ॥

अन्वय : नः तन्वे शुद्धा आप क्षरन्तु । यः नः सेदुः, तं (जनं) अप्रिये निदध्मः । हे पृथिवि ! पवित्रेण मा (माम्), (अहं) पुनामि ।

અનુવાદ : (હે પૃથિવિ !) અમારા શરીરને માટે (તારું) શુદ્ધ જળ નિર્ઝરે. જે (વ્યક્તિ) અમારો વિનાશ કરે; તે (વ્યક્તિ)ને (અમે) અપ્રિય (સ્થિતિ)માં મૂકીએ છીએ. હે પૃથિવિ ! પવિત્ર (ચીજ કે કર્તવ્ય) વડે (હું) મને પવિત્ર કરું છું. (૧૨–૩૦)

यास्ते॒ प्राची॑: प्र॒दिशो॒ या उदी॑ची॒र्यास्ते॑ भूमे अ॒धराद् याश्च॑
प॒श्चात् ॥

स्यो॒नास्ता मह्यं॒ चर॑ते भवन्तु॒ मा नि प॑प्तं॒ भुव॑ने शिश्रिया॒णः ॥

अन्वय : ते (तव) याः प्राचीः प्रदिशः, याः उदीचीः, (हे) भूमे ! याः ते अधराद् (प्रदिशः) याः पश्चात् (प्रदिशः सन्ति); ताः (प्रदिशः) चरते मह्यं स्योनाः भवन्तु ॥ भुवने शिश्रियाणः (अहं) मा नि पप्तम् ॥

અનુવાદ : તારી જે પૂર્વની પ્રદિશાઓ છે, તારી જે ઉત્તરની (પ્રદિશાઓ) છે, હે ભૂમિ ! તારી જે નીચેની અને પાછળની તારી જે (પ્રદિશાઓ) છે, તે (બધી દિશાઓ) ચારે તરફ ફરતા એવા મને મંગલકારી બનો. ભુવનમાં આશ્રયણ લઈ રહેલો હું (ક્યાંક) પડી ના જાઉં. (૧૨–૩૧)

मा नः प॒श्चान्मा पु॒रस्ता॑न्नुदिष्ठा॒ मोत्त॒राद॑ध॒रादुत ।
स्व॒स्ति भू॑मे नो भव॒ मा वि॑दन् परिप॒न्थिनो॒ वरी॑यो यावया
व॒धम् ॥ ३२ ॥

अन्वय : नः (अस्मान्) पश्चात् मा (नुदिष्ठाः) (नः) पुरस्तात् मा (नुदिष्ठाः) । (नः) उत्तरात् अधराद् उत मा (नुदिष्ठाः) । हे भूमे ! नः स्वस्ति भव । (वयं) परिपन्थिनः[२] मा विदन् । वधम् (आयुधं) वरीयः यावय ॥

અનુવાદ : અમને પાછળથી કે આગળથી; અથવા ઉપરથી કે નીચેથી (તું) હાંકી કાઢીશ નહીં. હે ભૂમિ ! અમારું કલ્યાણ થાવ. (અમારા) માર્ગને રૂંધનારા ના મળશો. વધ કરનારા આયુધને (અમારાથી) દૂર રાખો. (૧૨–૩૨)

વિમર્શ : वरीयो यावय वधम् । 'નો અર્થ જો वधम् आयुधं, वरीयः दूरतरं यथा स्यात् तथा, यावय पृथक्कुरु । કરવાનો હોય તો ઉપર મુજબનો અનુવાદ મૂકવાનો થાય. પણ શ્રી સાતવલેકરજીએ આનો અર્થ – "તે શત્રુઓના વધ માટે જે અમારામાં (वरीयः) સર્વશ્રેષ્ઠ હોય તે જાય (यावय)" એવો કર્યો છે.

અહીં હે भूमे ! नः स्वस्ति भव । એવો પ્રયોગ ધ્યાનાસ્પદ છે. પ્રશિષ્ટ સંસ્કૃત ભાષામાં अस्मभ्यं = नः स्वस्ति । એવો स्वस्ति અવ્યયના યોગે ચતુર્થીનો પ્રયોગ જ પર્ય્યાપ્ત છે; પણ અથર્વવેદની ભાષામાં नमः કે स्वस्ति જેવા અવ્યયના યોગની સાથોસાથ તિઙન્ત = ક્રિયાપદનાં રૂપો પણ વપરાયાં છે; એ ઋગ્વેદ પછીની ભાષાનું અને પ્રશિષ્ટ સંસ્કૃત ભાષાની પૂર્વેનું સ્વરૂપ હોય તેમ લાગે છે. [કેમ કે ઋગ્વેદમાં स्वस्ति જેવા અવ્યયોના રૂપો પણ ચાલે છે – (દા.ત. स्वस्तिभिः)].

यावंत् तेऽभि विपश्यांमि भूमे सूर्येण मेदिनां ।
तावंन्मे चक्षुर्मा मेष्टोत्तंरामुत्तरां समांम् ॥ ३३ ॥

અન્વય : हे भूमे ! यावत् सूर्येण मेदिना (त्वयि भूमौ विचरन्) अहं अभि विपश्यामि; तावत् उत्तराम् उत्तराम् समाम् (= संवत्सरं) मे चक्षुः मा मेष्ट ॥ (मा विनश्यतु)

અનુવાદ : હે ભૂમિ ! જ્યાં સુધી સૂર્ય રૂપ સાથીદારની સાથે (તારી ઉપર ફરતો) હું જોઉં છું; ત્યાં સુધી પછી પછીના વર્ષોમાં મારું ચક્ષુ હણાય નહીં (= શિથિલ ન થાય). (૧૨–૩૩)

વિમર્શ : ઋગ્વેદમાં પ્રાયઃ પ્રકૃતિના જુદાં જુદાં તત્ત્વોમાં દેવત્વનું આરોપણ કરીને, ઇન્દ્રાદિ દેવોની સ્તુતિઓ કરવામાં આવી છે અને માણસ યાચકની ભૂમિકાએ જ ઊભેલો દેખાય છે. વળી, તેની યાચનાઓમાં ઘૃત, અન્ન, વીર પુત્ર, શત્રુ ઉપર વિજય જેવા મુદ્દાઓ જ દેખાય છે. પણ અહીં અથર્વવેદમાં માણસ પોતાના ચક્ષુ અમુક ઉંમર વીત્યા પછી (બેંતાલા ચશ્માની જરૂર પડે તેવા) શિથિલ થતા નેત્રોથી પણ સભાન થયેલો જણાય છે. એટલે કે અથર્વવેદમાં માણસ પોતાના વિશે વધુ જાગૃત થયેલો, વિચારતો થયો હોય તેમ જણાય છે.

यच्छयांनः पर्यावर्ते दक्षिणं सव्यमभि भूमे पार्श्वम् ।
उत्तानास्त्वां प्रतीचीं यत् पृष्टीभिंरधिशेमंहे ।
मा हिंसीस्तत्र नो भूमे सर्वस्य प्रतिशीवरि ॥ ३४ ॥

અન્વય : हे भूमे ! यत् (यस्यां) शयानः (अहं) दक्षिणं सव्यम् अभि पर्यावर्ते; [तथा] प्रतीचीं त्वा(म्) उत्तानाः (ऊर्ध्वमुखाः) पृष्ठीभिः [यदा] अधिशेमहे; [तदा] सर्वस्य प्रतिशीवरि (हे) भूमे ! तत्र (त्वं) नः (अस्मान्) मा हिंसीः ॥

અનુવાદ : હે ભૂમિ ! જેની ઉપર સૂઈ રહેલો હું જમણા અને ડાબા પડખાને વારાફરતી ફેરવું છું; તથા (અમારી) સામે આવતી એવી તારા ઉપર ઊર્ધ્વમુખવાળા (અમે) જ્યારે પીઠ વડે શયન કરીએ છીએ ત્યારે સર્વને આધાર આપનારી હે ભૂમિ ! ત્યાં તું અમને હણીશ નહીં. (૧૨–૩૪)

यत् ते॑ भूमे वि॒खना॑मि क्षि॒प्रं तदपि॑ रोहतु ।
मा ते॒ मर्म॑ विमृग्वरि॒ मा ते॒ हृद॑यमर्पिपम् ॥ ३५ ॥

अन्वय : हे भूमे ! ते यत् विखनामि, तद् अपि क्षिप्रं रोहतु । हे विमृग्वरि ! मा ते मर्म (अर्पिपम्); ते हृदयम् मा अर्पिपम् (= हिंस्याम्) ॥

અનુવાદ : હે ભૂમિ ! તારો (જે ભાગ) હું ખોદું છું [અને એમાં કંઈક વાવું છું]; તે જલ્દીથી ઊગી નીકળો. (અથવા, હે ભૂમિ ! તારામાંથી જે વસ્તુ મેળવવાની ઈચ્છાથી ખોદું, તે જલ્દીથી–થોડી ઊંડાઈએથી જ–મળી આવો.) [પણ એમ કરતાં], હે પાવનકારી (ભૂમિ) ! તારું મર્મસ્થાન, કે તારું હૃદય અમે ન ભેદી બેસીએ. (૧૨–૩૫)

ग्री॒ष्मस्ते॑ भूमे व॒र्षाणि॑ श॒रद्धे॑म॒न्तः शिशि॑रो वस॒न्तः ।
ऋ॒तव॑स्ते॒ विहि॑ता हाय॒नीर॑होरा॒त्रे पृ॑थिवि नो दुहाताम् ॥ ३६ ॥

अन्वय : हे भूमे ! ते (तव) ग्रीष्मः, वर्षाणि, शरद्, हेमन्तः, शिशिरः, वसन्तः (च) ते ऋतवः [त्वया] विहिताः हायनीः, अहोरात्रे (च); हे पृथिवि ! नः दुहाताम् ॥

અનુવાદ : હે ભૂમિ ! તારી ગ્રીષ્મ, વર્ષા, શરદ્, હેમન્ત, શિશિર અને વસન્ત જેવી તારી ઋતુઓ; અને (તેં) નક્કી કરેલાં (આયુષ્યનાં) વર્ષો તથા દિવસ–રાત તે (સૌ), હે પૃથિવી ! અમને દુઝો. (૧૨–૩૬)

याप॑ स॒र्पं वि॒जमा॑ना वि॒मृग्व॑री यस्या॒मास॑न्न॒ग्नयो॒ ये अ॒प्स्व॑१॒न्तः ।
परा॒ दस्यू॒न् दद॑ती देवपी॒यूनिन्द्रं॑ वृणा॒ना पृ॑थि॒वी न वृ॒त्रम् ।
श॒क्राय॑ दध्रे वृष॒भाय॒ वृष्णे॑ ॥ ३७ ॥

अन्वय : या सर्पं विजमाना, विमृग्वरी (अस्ति), यस्याम् अग्नयः आसन्, (यस्याः) अप्सु ये (अग्नयः) [आसन्], (सा) पृथिवी, देवपीयून् दस्यून् परा ददती; (सा) वृत्रम् न, (किन्तु) इन्द्रम् वृणाना (अस्ति) । सा वृष्णे वृषभाय शक्राय दध्रे ॥

અનુવાદ : જે સર્પને ધ્રુજાવનારી છે, શુદ્ધ કરનારી છે, જેમાં અગ્નિઓ હતા, જેના પાણીની અંદર જે અગ્નિઓ હતા તે પૃથિવી દેવોને ધિક્કારનારા દસ્યુઓને દૂર ધકેલી દે છે. તે વૃત્રને નહીં, પણ ઈન્દ્રને વરે છે (પસંદ કરે છે). [એટલે કે] બળવાન વૃષભ સ્વરૂપ શક્ર (= ઈન્દ્ર)ને માટે તે (પૃથિવી) પોતાને ધારણ કરે છે. (૧૨–૩૭)

વિમર્શ : પૌરાણિક સમયગાળામાં પૃથિવીને વિષ્ણુની પત્ની કહી છે. પૃથિવી એ રાજાની બીજી પત્ની પણ ગણાય છે; પરંતુ અથર્વવેદમાં, અહીં, તેને ઈન્દ્રનું વરણ કરતી કહી છે તે સૂચક છે. આમાં પરિવર્તનો આવીને પાછળથી તેને વિષ્ણુની કે રાજાની પત્ની તરીકે ઓળખાવાઈ છે.

यस्यां॑ सदोहविर्धा॒ने यूपो॒ यस्यां॑ निमी॒यते॑ ।
ब्र॒ह्माणो॒ यस्या॒मर्च॑न्त्यृ॒ग्भिः साम्नां यजु॒र्विदः॑ ।
यु॒ज्यन्ते॒ यस्मा॑मृ॒त्विजः॒ सोम॒मिन्द्रा॑य॒ पात॑वे ॥ ३८ ॥

અન્વય : यस्यां (भूम्यां) सदो–हविर्धाने (स्तः) यस्यां (भूम्यां) यूपः निमीयते । यस्याम् यजुर्विदः ब्रह्माणो ऋग्भिः साम्ना अर्चन्ति । यस्यां ऋत्विजः इन्द्राय सोमं पातवे युज्यन्ते ॥

અનુવાદ : જે (ભૂમિ)માં 'સદસ્' (= ઘર) અને 'હવિર્ધાન' છે; જેમાં યૂપ ખોડવામાં આવે છે, જેમાં યજુષ્‌ને જાણનારા બ્રાહ્મણો (ઋગ્વેદની) ઋચાઓ વડે અને (સામવેદના) સામન્ મન્ત્રો વડે અર્ચના કરે છે; તથા જેમાં ઋત્વિજો ઈન્દ્રને સોમ પીવડાવવા માટે ભેગા મળે છે. (તેવી આ ભૂમિ છે.) (૧૨–૩૮)

વિમર્શ : અથર્વવેદના આ મન્ત્રમાં ઋગ્વેદની ઋચાઓ, સામવેદના સામન્ અને યજુર્વેદના યજુષ્‌નો સ્પષ્ટ ઉલ્લેખ છે. તેથી બે પ્રકારની વિચારણા કરવાનું મન થાય છે : (૧) એવી જે માન્યતા છે કે ઋગ્વેદ પછી અથર્વવેદની રચના થઈ છે, અને ત્રીજે તબક્કે યજુર્વેદની રચના થઈ છે – તે આ ૧૨.૩૮ મંત્રને જોતાં ખોટી જણાય છે. અથવા (૨) જો ઉપરની માન્યતા અન્ય પ્રમાણોને આધારે સાચી લાગતી હોય તો એવું કહેવું પડે કે આ ૧૨.૩૮ મન્ત્ર/કે કાણ્ડ પાછળથી અથર્વવેદમાં ઉમેરાયા હશે !

અહીં 'સદસ્' એટલે ઘર, અને 'હવિર્ધાન' એટલે જેમાં સોમલતા મૂકવામાં આવે છે તેવી આચ્છાદનવાળી ગાડી.

यस्या॒ं पूर्वे॑ भूत॒कृत॒ ऋष॑यो॒ गा उ॑दानृ॒चुः ।
स॒प्त स॒त्रेण॑ वे॒धसो॑ य॒ज्ञेन॒ तप॑सा स॒ह ॥ ३९ ॥

अन्वय : यस्यां भूतकृत पूर्वे ऋषयः गाः उदानृचुः; सप्त वेधसः सत्रेण यज्ञेन, तपसा सह (गाः उदानृचुः ।)

અનુવાદ : જે (ભૂમિ)ની ઉપર ભૂતકાળને ઘડનારા પૂર્વેના ઋષિઓએ વાણીને ઉચ્ચારી હતી; તથા સાત વેધસો (ઋષિઓ)એ સત્રની સાથે, યજ્ઞની અને તપની સાથે (વાણી ઉચ્ચારી હતી). (૧૨–૩૯)

सा नो॒ भूमि॒रा दि॑शतु॒ यद्धन॑ं का॒मया॑महे ।
भगो॑ अनु॒प्रयु॑ङ्क्ता॒मिन्द्र॑ एतु पुरोग॒वः ॥ ४० ॥

अन्वय : सा भूमिः, यद् धनं (वयं) कामयामहे, (तद् धनं) नः दिशतु । भगः अनुप्रयुङ्क्ताम् । इन्द्रः पुरोगव एतु ॥

અનુવાદ : તે ભૂમિ અમે જે ધનની કામના કરીએ, તે (ધન) અમને આપે. સૌભાગ્ય એની પાછળ–પાછળ આવો. ઈન્દ્ર (એમાં) અગ્રેસર થઈને આવે. (૧૨–૪૦)

यस्या॒ं गाय॑न्ति॒ नृत्य॑न्ति॒ भूम्या॒ं मर्त्या॒ व्यै॑ऽलबाः ।
यु॒ध्यन्ते॒ यस्या॑मा॒क्रन्दो॒ यस्या॒ं वद॑ति दु॒न्दु॒भिः ।
सा नो॒ भूमिः॒ प्र णु॑दतां स॒पत्ना॑नसप॒त्नं मा॑ं पृथि॒वी कृ॑णोतु ॥

अन्वय : यस्यां भूम्यां व्यैलबाः (?) गायन्ति, नृत्यन्ति, युध्यन्ते । यस्याम् आक्रन्दो, यस्यां दुन्दुभिः वदति । सा भूमिः नः सपत्नान् प्रणुदताम् । पृथिवी मा(म्) असपत्नं कृणोतु ॥

અનુવાદ : જે ભૂમિ ઉપર મર્ત્યો શોરબકોર કરતાં (व्यैलबाः–?) ગાય છે, નૃત્ય કરે છે; યુદ્ધ કરે છે તથા જેની ઉપર આક્રન્દ થાય છે, અને જેમાં દુન્દુભિ પણ વાગી રહ્યા છે; તે ભૂમિ અમારા શત્રુઓને દૂર ધકેલી દે; તથા પૃથિવી મને શત્રુ વિનાનો બનાવે. (૧૨–૪૧)

વિમર્શ : व्यैलबाः શબ્દનો ચોક્કસ અર્થ સમજાતો નથી–એમ શ્રી ર. છો. પરીખ કહે છે. પણ ભાષ્યકાર वि + ऐलबाः विगतः ऐलबः चक्षूरोगः येषां ते । જેમનો ચક્ષુરોગ દૂર થયો છે, તેવા માણસો (નૃત્ય કરે છે, ગાન કરે છે) – એવો અર્થ આપે છે. સાતવલેકરે 'વીર' અર્થ લીધો છે.

यस्यामन्नं व्रीहियवौ यस्यां इमाः पञ्च कृष्टयः ।
भूम्यै पर्जन्यपत्न्यै नमोऽस्तु वर्षमेदसे ॥ ४२ ॥

अन्वय : यस्याम् व्रीहियवौ अन्नं (उत्पद्यते); यस्याः इमाः पञ्च कृष्टयः (सन्ति) । वर्षमेदसे पर्जन्यपत्न्यै भूम्यै नमोऽस्तु ॥

અનુવાદ : જેમાં ડાંગર અને જવ જેવા અનાજ થાય છે, જે (ભૂમિ)ની આ પાંચ કૃષ્ટિઓ (ખેતરો અથવા પ્રજા) છે. વર્ષાથી પુષ્ટ થતી અને પર્જન્યની પત્ની એવી ભૂમિને નમસ્કાર હજો. (૧૨–૪૨)

વિમર્શ : આ મન્ત્રમાં ભૂમિ માટે વપરાયેલાં બે વિશેષણો – (૧) पर्जन्यपत्न्यै અને (૨) वर्षमेदसे નોંધપાત્ર છે. વર્ષા પછી પૃથિવી મેદસ્વી થતી હોય છે, કેમ કે, પૃથિવીમાં વિવિધ વનસ્પતિ ઉગી નીકળે તથા ખાડાઓમાં પાણી ભરાઈ જાય, તથા નદીઓમાં પૂર આવે; વગેરે દૃશ્યોને જોઈને 'વર્ષાથી પુષ્ટ થયેલી' ભૂમિ – એમ કહેવાનું કવિને મન થાય છે. વળી, પર્જન્ય જાણે એક રીતે પૃથિવીમાં જળ નહીં, પણ રેતસનું સિંચન કરે છે, જેના પરિણામે ડાંગર–જવ જેવું અનાજ પેદા થાય છે. આથી પૃથિવીને 'પર્જન્યની પત્ની' કહી છે તે પણ સ્વાભાવિક જણાય છે.

यस्याः पुरो देवकृताः क्षेत्रे यस्यां विकुर्वते ।
प्रजापतिः पृथिवीं विश्वगर्भामाशामाशां रण्यां नः कृणोतु ॥

अन्वय : यस्याः (भूमेः) पुरः देवकृताः (सन्ति) । यस्याः क्षेत्रे (मनुष्याः) विकुर्वते । प्रजापतिः विश्वगर्भां पृथिवीं आशाम् आशाम् (= प्रतिदिशं) रण्यां (रमणीयाम्) नः (= अस्मभ्यं) कृणोतु ॥

અનુવાદ : જે (ભૂમિ)ના નગરોને દેવોએ બનાવેલા છે, જે (ભૂમિ)ના ક્ષેત્રમાં (માણસો) વિશિષ્ટ કર્મો કરે છે. પ્રજાપતિ વિશ્વગર્ભા પૃથિવીને પ્રત્યેક દિશાઓમાં અમારે માટે રમણીય બનાવે. (૧૨–૪૩)

વિમર્શ : અહીં आशा એટલે દિશા એવો શબ્દાર્થ થાય છે. જેમ दिनम् दिनम् इति "प्रतिदिनम्" એવો અવ્યયીભાવ સમાસ થાય છે, તેમ आशाम् आशाम् इति प्रत्याशम् । એવો અવ્યયીભાવ સમાસ પણ થઈ શકે. પણ સંભવ છે કે અથર્વવેદના સમયગાળા સુધીમાં આવી સામાસિક રચનાઓ ઓછી પ્રચલિત થઈ હશે.

निधिं बिभ्रती बहुधा गुहा वसु मणिं हिरण्यं पृथिवी ददातु मे ।
वसूनि नो वसुदा रासमाना देवी दधातु सुमनस्यमाना ॥ ४४ ॥

અન્વય : निधिं बिभ्रती, बहुधा वसु गुहा(याम् बिभ्रती), पृथिवी मे (मह्यं) मणिं हिरण्यं ददातु । वसुदा, रासमाना (= प्रयच्छन्ती) सुमनस्यमाना देवी नः (अस्मभ्यं) वसूनि दधातु ॥

અનુવાદ : નિધિને ધારણ કરતી, અનેક પ્રકારના વસુને ગૂઢ રીતે (ધારણ કરતી) આ પૃથિવી મને મણિ અને હિરણ્ય આપો. વસુ આપનારી, દાનશીલ અને સુંદર મનવાળી આ (પૃથિવી) દેવી અમને ઘણા વસુઓ આપે. (૧૨–૪૪)

વિમર્શ : મન્ત્ર–૪૨માં પૃથિવી વિવિધ પ્રકારના અનાજ આપે છે – એમ કહ્યા પછી, પ્રસ્તુત ૪૪મા મન્ત્રમાં ખનીજ દ્રવ્યો રૂપો 'વસુ'ને ધારણ કરનારી 'વસુન્ધરા' પૃથિવીને પ્રાર્થવામાં આવી છે.

जनं॒ बिभ्र॑ती बहु॒धा विवा॑चसं॒ नाना॑धर्माणं पृथि॒वी य॑थौक॒सम् ।
स॒ह॒स्त्रं॑ धारा॒ द्रवि॑णस्य मे दुहा ध्रु॒वेव॑ धे॒नुरन॑पस्फुरन्ती ॥ ४५ ॥

અન્વય : विवाचसं जनं बहुधा बिभ्रती नानाधर्माणं यथौकसं (बिभ्रती) पृथिवी अनपस्फुरन्ती ध्रुवा इव धेनुः, द्रविणस्य सहस्त्रं धाराः मे दुहाम् ।

અનુવાદ : વિવિધ ભાષા બોલનારા માણસોને અનેક રીતે ધારણ કરતી, અને (એ જ રીતે) જુદા જુદા ધર્મો (રીતરિવાજો)વાળા (માણસોને પણ) એક ઘરની જેમ જ (ધારણ કરતી) આ પૃથિવી, નહીં ભડકતી સ્થિર ગાયની જેમ, હજારો દ્રવિણ (ધન)ની ધારાઓ મારે માટે દુઝો. (૧૨–૪૫)

વિમર્શ : અથર્વવેદમાં પ્રતિબિંબિત થતો માણસ અને એનો સમાજ એક રસપ્રદ વિષય છે. અહીં વિવિધ ભાષાઓનો પ્રયોગ જેમાં થતો હોય અને જેમાં જુદા જુદા ધર્મો કે રીતરિવાજોનું અનુસરણ થતું હોય તેવા સમાજની વાત ધ્યાનાસ્પદ છે.

यस्ते॑ स॒र्पो वृश्चि॑कस्तृ॒ष्टदं॑श्मा हेम॒न्तज॑ब्धो भृम॒लो गु॒हा शये॑ ।
क्रिमि॒र्जिन्व॑त् पृथिवि॒ यद्य॒देज॑ति प्रा॒वृषि॒ तन्नः॒ सर्प॒न्मोप॑ सृप॒द्
यच्छि॒वं तेन॑ नो मृड ॥ ४६ ॥

અન્વય : ते यः सर्पः, तुष्टदंश्मा वृश्चिकः, हेमन्तजब्धो भृमलः (= निश्चेष्टः) गुहा(यां) शये, हे पृथिवि ! जिन्वत् क्रिमिः, प्रावृषि (= मेघकाले) यद् यद् एजति, तत् सर्पत् मा उप सृपद् । यत् शिवं, तेन न (अस्मभ्यं) मृड ॥

અનુવાદ : તારો જે સાપ, તીક્ષ્ણ દાઢવાળો વીંછી, કે જે હેમન્ત (= શિયાળાની ઠંડી)થી થીજી ગયેલો અને ગુફામાં નિશ્ચેષ્ટ રીતે પડી રહેલો છે; હે પૃથિવિ ! ફરકતાં

(ઉડતાં) કીડાઓ અને ચોમાસામાં જે જે હાલે ચાલે છે તે બધાં સરકતાં સરકતાં અમારી પાસે ન આવે; પણ જે કાંઈ કલ્યાણકારી છે, તેના વડે (હે પૃથિવી !) તું અમારી ઉપર કૃપા કર. (૧૨–૪૬)

વિમર્શ : આ મન્ત્રમાં, પૃથિવીના પેટાળમાં જન્મતાં રહેતાં વિવિધ જન્તુઓનો નિર્દેશ છે. સર્પ, વીંછી વગેરે ઝેરીલા છે એ પણ અથર્વવેદના રચનાકાળમાં જાણમાં આવી ગયું જણાય છે. એવી જ રીતે, વર્ષાઋતુમાં પણ વિશેષ જીવાતો પેદા થાય છે એની સભાનતા પણ વર્તાય છે. પૃથિવી અને પૃથિવી સંબંધી આ બધાં જ્ઞાનો માણસનો વિકાસ દર્શાવી રહ્યા છે.

ये ते॒ पन्था॑नो ब॒हवो॑ ज॒नाय॑ना॒ रथ॑स्य॒ वर्त्मान॑सश्च॒ यात॑वे ।
यैः सं॒चर॑न्त्यु॒भये॑ भद्रपा॒पास्तं पन्था॑नं जयेमानमि॒त्रम॑स्तस्क॒रं
यच्छि॒वं तेन॑ नो मृड ॥ ४७ ॥

અન્વય : ते जनायनाः ये बहवः पन्थानः (सन्ति), (तथैव) रथस्य अनसः च यातवे वर्त्म (अस्ति); यैः (मार्गैः) भद्रपापा उभये संचरन्ति, तं पन्थानं जयेम; अनमित्रं अतस्करं (यथा स्यात् तथा); यत् शिवं, तेन नः मृड ॥

અનુવાદ : (હે પૃથિવી !) માણસોની આવનજાવન માટેના જે માર્ગો છે; (એવી જ રીતે) રથની અને ગાડાંઓને જવા માટેના (જે) માર્ગો (वर्त्म) છે; વળી, એ જે (માર્ગો) વડે બન્ને પ્રકારના–ભલા માણસો અને પાપીઓ સંચાર કરે છે, તે માર્ગને અમે જીતીએ; એને શત્રુ વિનાનો અને ચોર વિનાનો (બનાવીએ); જે કલ્યાણકારી છે, તેના વડે (પૃથિવી !) તું અમારી ઉપર કૃપા કર. (૧૨–૪૭)

म॒ल्वं बिभ्र॑ती गु॒रुभृद् भ॑द्रपा॒पस्य॑ नि॒धनं॑ तिति॒क्षुः ।
व॒रा॒हेण॑ पृथि॒वी सं॑विदा॒ना सू॒करा॒य वि जि॑हीते मृ॒गाय॑ ॥ ४८

અન્વય : मल्वं बिभ्रती, गुरुभृद्, भद्रपापस्य निधनं तितिक्षुः (इयं) पृथिवी वराहेण संविदाना (अस्ति) । सूकराय मृगाय (च) विजिहीते ॥ (उपयोगकृते व्रजत्येव) ।

અનુવાદ : મૂર્ખને ધારણ કરતી અને ગુરુને પણ ધારણ કરતી [અથવા–હલકા વજનવાળા અને ભારે વજનવાળાને ધારણ કરતી]; ભલા માણસો અને પાપી માણસોના મરણને સહી લેતી આ પૃથિવી વરાહ વડે મેળવાઈ છે. તે ભૂંડ અને મૃગલાંઓના ઉપયોગ માટે (નિર્માઈ) છે. (૧૨–૪૮)

વિમર્શ : પ્રલયકાળ પછી, સમુદ્રનાં જળમાંથી વરાહ રૂપ ધારી વિષ્ણુએ પૃથિવીને બહાર કાઢી હતી – એવી પુરાણોક્ત વાતનું બીજ અહીં જોઈ શકાય છે.

ये त॑ आर॒ण्याः प॒शवो॑ मृ॒गा वने॑ हि॒ताः सिं॒हा व्या॒घ्राः पु॑रु॒षाद॒श्चर॑न्ति ।
उ॒लं वृकं॑ पृथिवि दु॒च्छुना॑मि॒त ऋ॒क्षीकां॒ रक्षो॒ अप॑ बाधया॒स्मत् ॥ ४९ ॥

અન્વય : ते आरण्याः ये पशवः (सन्ति), वने हिताः मृगाः (सन्ति), पुरुषादः सिंहाः व्याघ्राः चरन्ति; हे पृथिवि ! उलं, वृकं, दुच्छुनाम्, ऋक्षीकां रक्षः (भ्रमन्ति), (तान् सर्वान्) अस्मत् अप बाध ।

અનુવાદ : તમારા અરણ્યના જે પશુઓ છે, વનમાં રહેલા જે મૃગલાંઓ છે, અને માણસોને ખાનારા જે સિંહો અને વાઘો ફરે છે; હે પૃથિવિ ! અહીં ઘુવડ, વરુ, (અનેક પ્રકારની) બાધાઓ, રીંછ અને રાક્ષસો (ફરે છે) તે બધાને અમારાથી તમે દૂર રાખો. (૧૨–૪૯)

ये ग॑न्ध॒र्वा अ॑प्स॒रसो॒ ये चा॒राया॑ः किमी॒दिन॑ः ।
पि॒शा॒चान्त्सर्वा॒ रक्षां॑सि॒ तान॒स्मद् भू॑मे यावय ॥ ५० ॥

અન્વય : ये गन्धर्वाः, अप्सरसः (सन्ति), ये च अरायाः, किमीदिनः (सन्ति), पिशाचान् राक्षसान् तान् सर्वा, हे भूमे ! अस्मत् यवय ॥

અનુવાદ : જે ગંધર્વો, અપ્સરાઓ અને જે 'અરાય' કે 'કિમીદિન' [નામના રાક્ષસો] છે; તથા પિશાચો અને રાક્ષસડાંઓ છે તે બધાને, હે ભૂમિ ! અમારાથી દૂર ધકેલી દે. (૧૨–૫૦)

यां द्वि॒पाद॑ः प॒क्षिण॑ः सं॒पत॑न्ति हं॒साः सु॑प॒र्णाः श॑कु॒ना वयां॑सि ।
यस्या॒ं वातो॑ मात॒रिश्वेय॑ते॒ रजां॑सि कृ॒ण्वंश्च्या॒वयं॑श्च वृ॒क्षान् ।
वात॑स्य प्र॒वामु॑प॒वामनु॑ वात्य॒र्चिः ॥ ५१ ॥

અન્વય : यां द्विपादः, पक्षिणः, हंसाः, सुपर्णाः शकुनाः, वयांसि संपतन्ति । यस्यां (भूम्यां) रजांसि कृण्वन्, वृक्षान् च्यावयन्, वातः मातरिश्वा ईयते । वातस्य प्रवाम् उपवाम् (दावाग्नेः) अर्चिः अनु वाति ॥

અનુવાદ : જે (ભૂમિ)ની ઉપર બે પગવાળા (માણસો), પક્ષીઓ, હંસો, સુપર્ણ (= ગરુડ), શકુનો અને વયસ્ (પક્ષી–વિશેષ) ઉડે છે. જે (ભૂમિ)ની ઉપર ધૂળ ઉડાડતો અને વૃક્ષોને ઉખેડી નાખતો વહેતો માતરિશ્વા (= વાયુ) ફૂંકાઈ રહ્યો છે. પવનની આગળ અને નજીકમાં (દાવાગ્નિની) ઝાળ અનુસરે છે. (૧૨–૫૧)

વિમર્શ : પ્રથમ વાક્યમાં द्विपादः ને સ્વતંત્ર પદ ગણવું, કે पक्षिणः નું વિશેષણ ગણવું ? તે એક પ્રશ્ન છે. વિદ્વાનોમાં આ બાબતે એકમતિ નથી. એવી જ રીતે, शकुनाः અને वयांसि એ કયા પક્ષીઓના વાચક શબ્દો છે ? તે પણ નક્કી થતું નથી. હોપકિન્સે अर्चिः નો અર્થ ડાળીઓના ઘર્ષણથી ઉત્પન્ન થતા દાવાગ્નિનો ઉલ્લેખ જોયો છે.

यस्यां॑ कृ॒ष्णम॑रु॒णं च॒ संहि॑ते अहोरा॒त्रे विहि॑ते॒ भूम्या॒मधि॑ ।
व॒र्षे॑ण॒ भूमि॑ः पृथि॒वी वृ॒तावृ॑ता॒ सा नो॑ दधातु भ॒द्रया॑ प्रि॒ये
धाम॑निधामनि ॥ ५२ ॥

અન્વય : यस्यां भूम्याम् अधि कृष्णम् अरुणं च संहिते अहोरात्रे विहिते (वर्तेते)। वर्षेण वृता आवृता (च) सा भूमिः पृथिवी नः प्रिये धामनिधामनि भद्रया (रीत्या) दधातु ॥

અનુવાદ : જે ભૂમિની ઉપર અંધારા અને પ્રકાશને ભેગા કરીને રાતદિવસનું નિર્માણ થયું છે; વર્ષાથી વીંટળાયેલ અને ઢંકાયેલ આ તે (ભૂતોની જન્મદાત્રી =) ભૂમિ એવી (ફેલાયેલી) પૃથિવી અમને પ્રિય એવા પ્રત્યેક ધામ (= નિવાસ)માં કલ્યાણકારી રીતે સ્થાપો. (૧૨–૫૨)

વિમર્શ : અહીં (મન્ત્ર ૪૩ની જેમ), धामनि धामनि इति प्रतिधाम એવો અવ્યયીભાવ સમાસ નહીં થતાં, વિગ્રહવાક્યનો જ પ્રયોગ કરવામાં આવ્યો છે.

द्यौश्च॑ म इ॒दं पृ॑थि॒वी चा॒न्तरि॑क्षं च मे॒ व्यच॑ः ।
अ॒ग्निः सू॒र्य॑ आपो॑ मे॒धां विश्वे॑ दे॒वाश्च॒ सं द॑दुः ॥ ५३ ॥

અન્વય : द्यौः, पृथिवी, इदम् अन्तरिक्षं च मे व्यचः । अग्निः, सूर्यः, आपः, विश्वे देवाः च (मह्यं) मेधां सं ददुः ॥

અનુવાદ : દ્યુલોક, પૃથિવી અને આ અન્તરિક્ષે મને વિશાળતા (આપી છે); અગ્નિએ, સૂર્યે, જળે અને વિશ્વેદેવોએ (મને) મેધા આપી છે. (૧૨–૫૩)

अ॒हम॑स्मि॒ सह॑मान॒ उत्त॑रो॒ नाम॒ भूम्या॑म् ।
अ॒भी॒षाड॑स्मि वि॒श्वाषाडाशा॑माशां विषा॒सहिः ॥ ५४ ॥

અન્વય : अहं सहमानः अस्मि, भूम्याम् उत्तरो(ऽस्मि) (अहं) अभीषाट् अस्मि, विश्वाषाट् (अस्मि), (अहं) आशाम् आशाम् विषासहिः ॥

અનુવાદ : હું ટક્કર ઝીલનારો છું; ભૂમિ ઉપર ઉત્તર (ઉત્કૃષ્ટ) છું. હું ચઢાઈ કરનારો છું; સૌને કબજામાં રાખનાર છું. અરે ! (હું) પ્રત્યેક દિશાને જીતનારો છું. (૧૨–૫૪)

વિમર્શ : આ મન્ત્ર દ્વારા ઋષિ પ્રાર્થના કરે છે કે જે પૃથિવીનું ઉગાડેલું ધાન્ય ખાઈને મોટો થયો છે, તે પૃથિવી મને એવો શક્તિશાળી બનાવે કે જેથી હું બધા જોડે ટક્કર ઝીલનારો બનું અને સર્વત્ર વિજયી બનું.

अ॒दो यद् दे॑वि॒ प्रथ॑माना पु॒रस्ता॑द् दे॒वैरु॒क्ता व्य॑सर्पो महि॒त्वम् ।
आ त्वा॑ सुभू॒तम॑विशत् त॒दानी॒मक॑ल्पयथाः प्र॒दि॒श॒श्चत॑स्रः ॥

અન્વય : हे देवि ! यद् (यदा) देवैः उक्ता अदः पुरस्ताद् प्रथमाना (अस्ति); महित्वम् व्यसर्पः; तदानीं त्वा(म्) सुभूतम् आ अविशत् । (त्वं) चतस्रः प्रदिशः अकल्पयथाः ॥

અનુવાદ : હે દેવી ! જ્યારે દેવો વડે કહેવાયેલી (= આજ્ઞા પામેલી) તું પેલી સામી તરફ ફેલાઈ રહી છું, અને મહાનતાને પામી છું; ત્યારે તારામાં સુભૂતે (= સારી અવસ્થાએ) પ્રવેશ કર્યો; અને (તેં) ચારેય દિશાઓનું નિર્માણ કર્યું. (૧૨–૫૫)

ये ग्रा॒मा यदर॑ण्यं॒ याः स॒भा अधि॒ भूम्या॑म् ।
ये सं॑ग्रा॒माः समि॑तय॒स्तेषु॒ चारु॑ वदेम ते ॥ ५६ ॥

અન્વય : भूम्याम् अधि ये ग्रामाः, यद् अरण्यं, याः सभाः, ये संग्रामाः समितयः (सन्ति), तेषु (स्थलेषु) (वयं) ते चारु वदेम ॥

અનુવાદ : આ ભૂમિની ઉપર જે ગ્રામો છે, જે અરણ્ય છે અને જે સભાઓ છે; વળી જે સંગ્રામો (થાય) છે અને જે સમિતિઓ છે, તે (બધાં સ્થળો)માં (અમે) તારું સારું બોલીએ. (૧૨–૫૬)

अश्वं॑ इ॒व रजो॑ दुधु॒वे वि तान् जना॒न् य आक्षि॑यन् पृथि॒वीं
यादजा॑यत ।
म॒न्द्राग्रेत्व॑री॒ भुव॑नस्य गो॒पा वन॒स्पती॑ना॒ं गृभि॒रोष॑धीनाम् ॥ ५७

अन्वय : याद् अजायत, ये (जनाः) पृथिवीम् आक्षियन्; तान् जनान् अश्व इव रजो दुधुवेऽवि । (हे पृथिवि ! त्वं) मन्द्रा, अग्रेत्वरी, भुवनस्य गोपा, वनस्पतीनां ओषधीनाम् गृभिः (असि) ॥

અનુવાદ : જન્મી છે ત્યારથી માંડીને જે લોકોએ પૃથિવી ઉપર નિવાસ કર્યો છે, તે માણસોને (તું), ઘોડો જેમ ધૂળને ઉડાડી દે તેમ તું ઉડાડી દઉં છું. (હે પૃથિવિ ! તું) પ્રમોદયુક્ત છું, આગળ જનારી છું, ભુવનનું રક્ષણ કરનારી છું, વનસ્પતિ અને ઔષધિઓનું આશ્રય (નિવાસ)સ્થાન છું. (૧૨–૫૭)

यद् वदा॑मि॒ मधु॑म॒त् तद् व॑दामि॒ यदी॒क्षे तद् व॑नन्ति मा ।
त्विषी॑मानस्मि जूति॒मानवा॒न्यान् ह॑न्मि॒ दोध॑तः ॥ ५८ ॥

अन्वय : यद् वदामि, तद् मधुमद् वदामि । यद् ईक्षे, तद् मा(म्) वनन्ति । (अहं) त्विषीमान् अस्मि । अहं जूतिमान् (अस्मि) । अन्यान् दोधतः अवहन्मि ॥

અનુવાદ : હું જે બોલું, તે મીઠું (જ) બોલું, હું જે જોઉં, તે મને પસંદ કરે. (હું) પ્રકાશવાળો છું અને ગતિવાળો છું. બીજા બળાત્કાર કરનારને હું હણું છું. (૧૨–૫૮)

श॒न्तिवा॒ सु॑र॒भिः स्यो॒ना की॒लालो॑ध्नी॒ पय॑स्वती ।
भूमि॒रधि॑ ब्रवीतु मे पृथि॒वी पय॑सा स॒ह ॥ ५९ ॥

अन्वय : शन्तिवा, सुरभिः, स्योना, कीलालोघ्नी, पयस्वती भूमिः मे अधि ब्रवीतु । पयसा सह पृथिवी (मे अधि ब्रवीतु) ॥

અનુવાદ : શાન્તિવાળી, સુગન્ધવાળી, મંગલકારિણી, જેના પેટાળમાં પાણી સંગ્રહાયું છે તેવી, દૂધથી ભરેલી આ ભૂમિ મારી સાથે વાત કરે, જળની સાથે આ પૃથિવી (મારી જોડે વાત કરે.) (૧૨–૫૯)

વિમર્શ : પ્રથમ પંક્તિમાં આવેલા તમામ શબ્દો ભૂમિનાં વિશેષણો છે.

याम॒न्वैच्छ॑द्ध॒विषा॑ वि॒श्वक॑र्मा॒न्तर॑र्ण॒वे रज॑सि॒ प्रवि॑ष्टाम् ।
भु॒जि॒ष्यं॑१ पात्रं॒ निहि॑तं॒ गुहा॒ यदा॒विर्भोगे॑ अभवन्मातृ॒मद्भ्य॑ः ॥

અન્વય : रजसि अर्णवे अन्तः प्रविष्टाम् याम् (भूमिं) विश्वकर्मा हविषा अन्वैच्छत् । गुहा(यां) भुजिष्यं यत् पात्रम् निहितं (आसीत्); तत् मातृमद्भ्यः भोगे आविः अभवत् ॥

અનુવાદ : અન્તરિક્ષલોક રૂપી અર્ણવની અંદર પ્રવેશેલી જે (ભૂમિ)ને વિશ્વકર્માએ હવિષ્ વડે (મેળવવા) ઇચ્છી. ગુહામાં ભોગવવા યોગ્ય જે પાત્ર મૂકેલું હતું, તે માતાઓવાળા માટે ભોગના સમયે પ્રકટ થયું. (૧૨–૬૦)

વિમર્શ : આ મન્ત્રમાં પૃથિવીની ઉત્પત્તિ પૂર્વે તે ક્યાં હતી એ તરફ ઇશારો છે; અને એક નવા 'વિશ્વકર્મા' દેવનો ઉલ્લેખ છે તે ધ્યાનાસ્પદ છે.

त्वम॑स्या॒वप॑नी॒ जना॑ना॒मदि॑तिः काम॒दुघा॑ पप्रथा॒ना ।
यत् त॑ ऊ॒नं तत् त॒ आ पू॑रयाति प्र॒जाप॑तिः प्रथम॒जा ऋ॒तस्य॑ ॥

અન્વય : त्वं जनानाम् आवपनी, पप्रथाना कामदुघा अदितिः असि । ते (= त्वयि) यत् ऊनम् (अस्ति), तत् ऋतस्य प्रथमजाः प्रजापतिः आपूरयाति ॥

અનુવાદ : તું માણસોને ઉગાડનારી છું, ચારે તરફ વિસ્તરતી એવી (તું) કામધેનુ સ્વરૂપ અદિતિ છું. તારામાં જે કાંઈ ઉણપ હોય તેને ઋતની પણ પહેલાં જન્મેલા પ્રજાપતિ પરિપૂર્ણ કરે છે. (૧૨–૬૧)

વિમર્શ : આ મન્ત્રમાં 'કામધેનુ' ગાયનું પુરાકલ્પન (Myth) ધ્યાનાસ્પદ છે; તથા પ્રજાપતિ દેવને, ઋતની પણ પહેલા જન્મેલા કહ્યા છે, તે નોંધપાત્ર છે. 'આવપની'નો અર્થ '(લોકોને) ધારણ કરનારું મોટું પાત્ર' – સેન્ટ પીટસબર્ગ લેકસીકન મુજબ થાય, શ્રી ૨. છો. પરીખ '(માણસોને) ઉગાડનારી' એવો સૂચવે છે.

उ॒प॒स्थास्ते॑ अनमी॒वा अ॑य॒क्ष्मा अ॒स्मभ्यं॑ सन्तु पृथिवि॒ प्रसू॑ताः ।
दी॒र्घं न॒ आयु॑ः प्रति॒बुध्य॑माना व॒यं तुभ्यं॑ बलि॒हृत॑ः स्याम ॥

અન્વય : हे पृथिवि ! ते उपस्थाः अनमीवा अयक्ष्मा अस्मभ्यं प्रसूताः सन्तु । नः दीर्घम् आयुः प्रतिबुध्यमानाः वयं तुभ्यं बलिहृतः स्याम ॥

અનુવાદ : હે પૃથિવિ ! તારી ઉપર ઊભા રહેનારા નિરોગી અને ક્ષય વિનાના (પુત્રો) અમારા માટે જન્મ લો (પ્રસૂત થાવ). (અમે) અમારું દીર્ઘ આયુષ્ ભોગવતા, તમારે માટે બલિ ચઢાવનારા બનીએ. (૧૨–૬૨)

વિમર્શ : ઋષિ સૂક્તના અંતભાગે પ્રાર્થે છે કે (૧) અમારા પુત્રો કે જેઓ નિરોગી હોય અને ખાસ કરીને ક્ષય રોગ વિનાના હોય તેવા જ જન્મ લો.

(૨) અમે દીર્ઘ આયુષ્ય ભોગવીએ અને (૩) સાથે સાથે પૃથિવી માતાનું પૂજન–અર્ચન કરતાં, તેને બલિ ચઢાવતા અમે બનીએ.

भूमें मातर्नि धेहि मा भद्रया सुप्रतिष्ठितम् ।
संविदाना दिवा कंवे श्रियां मां धेहि भूत्याम् ॥ ६३ ॥

અન્વય : हे मातर् भूमे ! मा(म्) (त्वं) भद्रया (रीत्या) प्रतिष्ठितम् (कुरु)। दिवा (= द्युलोकेन सह) संविदाना (त्वं) हे कवे ! मा श्रियां भूत्याम् धेहि ॥

અનુવાદ : હે ભૂમિ માતા ! મને (તમે) સારી રીતે પ્રતિષ્ઠિત કરો. દ્યુલોકની સાથે એક થઈને, હે કવિ ! મને શ્રીની અંદર, ભૂતિની અંદર સ્થાપિત કર. (૧૨–૬૩)

વિમર્શ : 'ભૂતિ' એટલે આબાદી, સમૃદ્ધિ.

॥ इति श्रीः ॥

અથર્વવેદના દ્વાદશ કાણ્ડનું બારમું પૃથિવીસૂક્ત પૂર્ણ થયું.

* * *

॥ ऐतरेय ब्राह्मणम् ॥

॥ शुनःशेपाख्यानम् ॥

[पं. ७. अ. ३३, खण्डः १]

(प्रथमः खण्डः)

हरिश्चन्द्रो ह वैधस ऐक्ष्वाको राजाऽपुत्र आस । तस्य ह शतं जाया बभूवुः । तासु पुत्रं न लेभे । तस्य ह पर्वतनारदौ गृह ऊषतुः । स ह नारदं पप्रच्छ ।

ઇક્ષ્વાકુ—વંશનો વેધસ્‌નો પુત્ર એવો હરિશ્ચન્દ્ર નામનો રાજા અપુત્ર હતો. તેને એક સો પત્નીઓ હતી; પણ તેમાં (કોઈની પાસેથી તેને) પુત્ર ન મળ્યો. તે (હરિશ્ચન્દ્ર)ના ઘરમાં પર્વત અને નારદ રહેતા હતા. એકવાર તેણે નારદને પૂછ્યું :–

यं न्विमं पुत्रमिच्छन्ति ये विजानन्ति, ये च न ।
किंस्वित्पुत्रेण विन्दते, तन्म आचक्ष्व नारद ॥ १ ॥

इति । स एकया पृष्टो दशभिः प्रत्युवाच ।

“જે વિશેષ જાણે છે (= જે જ્ઞાની છે) તે અને જે નથી જાણતાં (= જે અજ્ઞાનીઓ છે) તે (બન્ને) પુત્રને તો ઇચ્છતા જ હોય છે. માટે હે નારદ ! પુત્રના હોવાથી શું (ફળ) મળે છે ? તે મને કહો.”

આ એક (ગાથા)થી પૂછાયેલા તેણે (નારદે) દશ (ગાથાઓ)થી ઉત્તર આપ્યો :–

ऋणमस्मिन् संनयत्यमृतत्वं च गच्छति ।
पिता पुत्रस्य जातस्य पश्येच्चेज्जीवतो मुखम् ॥ १ ॥

“પિતા જો જીવતા જન્મેલા પુત્રનું મુખ જુવે છે તો તે પોતાનું ઋણ એ (પુત્ર)ને વિશે સંક્રાન્ત કરી શકે છે; તથા અમૃતત્વને પામે છે. (૧)

यावन्तः पृथिव्यां भोगा, यावन्तो जातवेदसि ।
यावन्तो अप्सु प्राणिनां, भूयान्पुत्रे पितुस्ततः ॥ २ ॥

પ્રાણીઓને માટે પૃથિવીમાં જેટલા ભોગો છે, જેટલા જાતવેદસ્ (અગ્નિ)માં છે, જેટલા પાણીમાં રહેલા છે, તેનાથીય વધારે ભોગો પિતાને માટે પુત્રને વિશે રહેલા છે. (૨)

शश्वत्पुत्रेण पितरोऽत्यायन् बहुलं तमः ।
आत्मा हि जज्ञ आत्मनः स इरावत्यतितारिणी ॥ ३ ॥

પિતાઓ પુત્ર વડે શાશ્વતકાળને માટે ગાઢ અંધકારને ઓળંગી ગયા છે. [પુત્ર તો] આત્મામાંથી જ જન્મેલો આત્મા છે, [પુત્ર તો] અન્નથી સર્જાયેલી અતિતારિણી (= હોડી) જેવો છે. (૩)

किं नु मलं, किमजिनं, किमु श्मश्रूणि, किं तपः ।
पुत्रं ब्रह्माण इच्छध्वं स वै लोकोऽवदावदः ॥ ४ ॥

મળ (= ગાર્હસ્થ્ય જીવન)થી શું (પ્રયોજન સધાવાનું) ? મૃગચર્મથી (= બ્રહ્મચર્યવાળા જીવનથી) શું ? જટા, (દાઢી–મૂછ) (= વાનપ્રસ્થ્ય)થી શું ? અરે ! તપથી (= પરિવ્રાજકના જીવનથી) પણ શું (પ્રયોજન સધાવાનું છે) ? હે બ્રાહ્મણો ! પુત્ર(ને જ મેળવવા)ની ઈચ્છા કરો; તે (પુત્ર) જ આ લોકમાં અનિન્દ્ય છે. (૪)

अन्नं ह प्राणः, शरणं ह वासो, रूपं हिरण्यं, पशवो विवाहाः ।
सखा ह जाया, कृपणं ह दुहिता, ज्योतिर्ह पुत्रः परमे व्योमन् ॥ ५ ॥

અન્ન તે પ્રાણ છે, વસ્ત્રો તે શરણ છે, હિરણ્ય એ રૂપ છે અને પશુઓ વિવાહ છે. જાયા (પત્ની) તે સખા છે; દુહિતા એ કૃપાપાત્ર છે; પણ પુત્ર તો પરમ વ્યોમમાં જ્યોતિ (સમાન) છે. (૫)

पतिर्जायां प्रविशति, गर्भो भूत्वा स मातरम् ।
तस्यां पुनर्नवो भूत्वा, दशमे मासि जायते ॥ ६ ॥

પતિ જાયામાં પ્રવેશ કરે છે, તે ગર્ભ બનીને માતામાં (પ્રવેશે છે) અને તેમાં જ ફરીથી નવો (દેહ ધરીને) બનીને, દશમે મહિને જન્મે છે. (૬)

तज्जाया जाया भवति, यदस्यां जायते पुनः ।
आभूतिरेषा भूतिर्बीजमेतन्निधीयते ॥ ७ ॥

જાયા એટલે જ જાયા કહેવાય છે કે (પતિ) એમાં ફરી જન્મી શકે છે. આ (પતિ) આભૂતિ છે, (પત્ની તે) ભૂતિ છે; (કેમ કે) એમાં બીજ મૂકી શકાય છે. (૭)

देवाश्चैतामृषयश्च, तेजः समभरन् महत् ।
देवा मनुष्यानब्रुवन्नेषा वो जननी पुनः ॥ ८ ॥

દેવોએ અને ઋષિઓએ આ (પત્ની)માં મોટું તેજ ભર્યું છે. દેવોએ (જ) માણસોને કહ્યું છે કે આ તમારી ફરીથી જન્મદાત્રી બનશે. (૮)

नापुत्रस्य लोकोऽस्तीति, तत्सर्वे पशवो विदुः ।
तस्मात्तु पुत्रो मातरं, स्वसारं चाधिरोहति ॥ ९ ॥

પુત્ર વિનાના વ્યક્તિને (કોઈ) લોક હોતો (= આશ્રયસ્થાન હોતું) નથી– એ વાત બધાય પશુઓ જાણે છે. તેથી કરીને, પુત્ર, માતા અને બહેનથી આગળ નીકળી જાય છે. (૯)

एष पन्था उरुगायः सुशेवो, यं पुत्रिण आक्रमन्ते विशोकाः ।
तं पश्यन्ति पशवो वयांसि च, तस्मात्ते मात्राऽपि मिथुनी भवन्ति ॥ १० ॥
इति हास्मा आख्याय ॥ १३ ॥

આ (પુત્ર) વિશાળ અને સુખવાળો માર્ગ છે; તે (માર્ગ)ની ઉપર પુત્રવાળા વ્યક્તિઓ શોક વિનાના થઈને ફરે છે. આ વાત પશુઓ અને પક્ષીઓ જુવે છે; તેથી તેઓ તો વળી માતાની સાથે પણ મૈથુન રચે છે. (૧૦)

– આ રીતે એ (હરિશ્ચન્દ્ર)ને (દશ ગાથાઓ) કહી.

* * *

(द्वितीयः खण्डः)

अथैनमुवाच । वरुणं राजानमुपधाव । पुत्रो मे जायतां तेन त्वा यजा इति । तथेति ॥ स वरुणं राजानमुपससार । पुत्रो मे जायतां तेन त्वा यजा इति । तथेति ॥ तस्य ह पुत्रो जज्ञे रोहितो नाम । तं होवाचाजनि वै ते पुत्रो यजस्व माऽनेनेति । स होवाच । यदा वै पशुर्निर्दशो भवत्यथ स मेध्यो भवति । निर्दशो न्वस्त्वथ त्वा यजा इति । तथेति ॥ स ह निर्दश आस । तं होवाच । निर्दशो न्वभूद्यजस्व माऽनेनेति । स होवाच । यदा वै पशोर्दन्ता जायन्तेऽथ स मेध्यो भवति । दन्ता न्वस्य जायन्तामथ त्वा यजा इति । तथेति ॥ तस्य ह दन्ता जज्ञिरे । तं होवाचाज्ञत वा अस्य दन्ता यजस्व माऽनेनेति । स होवाच । यदा वै पशोर्दन्ताः पद्यन्तेऽथ स मेध्यो भवति । दन्ता न्वस्य पद्यन्तामथ त्वा यजा इति । तथेति ॥

હવે આને (નારદે) કહ્યું : "વરુણ રાજાની પાસે તું (હરિશ્ચન્દ્ર) જા. (અને કહે કે) મને પુત્ર થાય, તેના વડે હું તમારું યજન કરીશ." [હરિશ્ચન્દ્રે કહ્યું :] 'સારું'. તે (હરિશ્ચન્દ્ર) વરુણ રાજાની પાસે ગયો. [અને કહ્યું :] "મને પુત્ર થાવ, તેના વડે હું તમારું યજન કરીશ." (तेन त्वा यजै ।) [વરુણે કહ્યું :] 'સારું'. હવે, તે (હરિશ્ચન્દ્ર)ને પુત્ર થયો, જેનું નામ 'રોહિત' રાખ્યું. [વરુણે] તેને કહ્યું કે તને તારો પુત્ર થયો; હવે તું એના વડે મારું યજન કર. તે (હરિશ્ચન્દ્ર) કહે છે : કોઈ પણ પશુ જ્યારે દશ દિવસનો થાય છે, ત્યારે (જ) તે મેધ્ય (= બલિ ચઢાવવા યોગ્ય) બને છે. આ (નવા જન્મેલા પુત્ર)ને દશ દિવસનો થવા દે, તે પછી તારું યજન કરીશ. [વરુણે કહ્યું :] 'સારું'.

હવે તે (રોહિત) દશ દિવસનો થયો. [એટલે વરુણ ફરી આવ્યો અને] તેને કહ્યું : "આ દશ દિવસનો થઈ ગયો, હવે આના વડે મારું યજન કર." તેણે (હરિશ્ચન્દ્રે) કહ્યું : જ્યારે પશુને દાંત ફુટે છે, ત્યારે (જ) તે મેધ્ય બને છે. આ (મારા દીકરા)ને દાંત ફુટવા દે, પછી તેનાથી તારું યજન કરીશ. [વરુણે કહ્યું :] 'સારું'. હવે તે (રોહિત)ને દાંત ફુટ્યા. [ત્યારે વરુણે આવીને] તેને કહ્યું : "હવે આને દાંત ઉગી ગયા છે, તું એના વડે મારું યજન કર." તેણે (હરિશ્ચન્દ્રે) કહ્યું : જ્યારે પશુના (દૂધિયા) દાંત પડી જાય છે ત્યારે તે મેધ્ય બને છે. આના (દૂધિયા) દાંત પડી જવા દે, ત્યાર પછી તારું (વરુણનું) યજન કરીશ." [વરુણે કહ્યું :] 'સારું'.

तस्य ह दन्ताः पेदिरे । तं होवाचापत्सत वा अस्य दन्ता यजस्व माऽनेनेति । स होवाच । यदा वै पशोर्दन्ताः पुनर्जायन्तेऽथ स मेध्यो भवति । दन्ता न्वस्य पुनर्जायन्तामथ त्वा यजा इति । तथेति ॥ तस्य ह दन्ताः पुनर्जज्ञिरे । तं होवाचाज्ञत वा अस्य पुनर्दन्ता यजस्व माऽनेनेति । स होवाच । यदा वै क्षत्रियः सांनाहुको भवत्यथ स मेध्यो भवति । संनाहं नु प्राप्नोत्वथ त्वा यजा इति । तथेति ॥ स ह संनाहं प्रापत् । तं होवाच । संनाहं नु प्राप्नोद्यजस्व माऽनेनेति । स तथेत्युक्त्वा पुत्रमामन्त्रयामास । ततायं वै मह्यं त्वामददात् । हन्त त्वयाऽहमिमं यजा इति । स ह नेत्युक्त्वा धनुरादायारण्यमुपातस्थौ । स संवत्सरमरण्ये चचार ॥ १४ ॥

હવે તે (રોહિત)ના (દૂધિયા) દાંત પડી ગયા. [ત્યારે વરુણે આવીને] તેને કહ્યું : "આના દાંત પડી ગયા છે, આના વડે મારું યજન કર." તેણે કહ્યું : પશુના દાંત જ્યારે ફરીથી ઉગે છે, ત્યારે (જ) તે મેધ્ય બને છે. આના દાંત ફરીથી ઉગવા દો, પછી તમારું યજન કરીશ. [વરુણે કહ્યું :] 'સારું'. હવે, તે (રોહિત)ને ફરીથી

(નવા) દાંત ઉગ્યા. ત્યારે [ફરીથી આવીને વરુણે] તેને કહ્યું : "આને ફરીથી નવા દાંત ઉગી ગયા છે, હવે આના વડે તું મારું યજન કર." તેણે (હરિશ્ચન્દ્રે) કહ્યું : કોઈપણ ક્ષત્રિય જ્યારે [કવચ બાંધે, ધનુષ્ય-બાણ હાથમાં લઈને] સજ્જ થવા યોગ્ય (= સાંનાહુક) બને છે ત્યારે તે મેધ્ય ગણાય છે. આને સજ્જતા પ્રાપ્ત કરવા દે; ત્યારે પછી તારું યજન કરીશ, [વરુણે કહ્યું :] 'સારું'.

હવે તે (કાલક્રમે) સુસજ્જતાને પ્રાપ્ત થયો. [વરુણે આવીને] તેને કહ્યું : "આણે (રોહિતે) સજ્જતા પ્રાપ્ત કરી લીધી છે, હવે આના વડે મારું યજન કર." તેણે (હરિશ્ચન્દ્રે) 'સારું' એમ કહીને, પુત્ર (રોહિત)ને બોલાવી મંગાવ્યો. "દીકરા ! (= हे तत !)આણે (વરુણે) મને તને આપ્યો છે. અફસોસ..... તારા વડે મારે આનું યજન કરવાનું છે." (= મારે એને તારો બલિ ચઢાવવાનો છે.) તે (રોહિત) 'ના, (એમ નહીં થાય)' એમ કહીને, ધનુષ્ય ઉઠાવીને અરણ્ય તરફ ચાલી નીકળ્યો. તે (રોહિત) પૂરા એક વર્ષ સુધી વનમાં વિચરણ કરતો રહ્યો. ॥ ૧૪ ॥

* * *

(तृतीयः खण्डः)

अथ हैक्ष्वाकं वरुणो जग्राह । तस्य होदरं जज्ञे । तदु ह रोहितः शुश्राव । सोऽरण्याद् ग्राममेयाय । तमिन्द्रः पुरुषरूपेण पर्येत्योवाच ।

नानाश्रान्ताय श्रीरस्तीति रोहित शुश्रुम ।
पापो नृषद्वरो जन इन्द्र इच्चरतः सखा ॥

चरैवेति चरैवेति वै मा ब्राह्मणोऽवोचत् । इति ह द्वितीयं संवत्सरमरण्ये चचार । सोऽरण्याद् ग्राममेयाय । तमिन्द्रः पुरुषरूपेण पर्येत्योवाच ।

पुष्पिण्यौ चरतो जङ्घे भूष्णुरात्मा फलग्रहिः ।
शेरेऽस्य सर्वे पाप्मानः श्रमेण प्रपथे हताः ॥

चरैवेति चरैवेति वै मा ब्राह्मणोऽवोचत् । इति ह तृतीयं संवत्सरमरण्ये चचार । सोऽरण्याद् ग्राममेयाय । तमिन्द्रः पुरुषरूपेण पर्येत्योवाच ।

आस्ते भग आसीनस्योर्ध्वस्तिष्ठति तिष्ठतः ।
शेते निपद्यमानस्य चराति चरतो भगः ॥

चरैवेति चरैवेति वै मा ब्राह्मणोऽवोचत् । इति ह चतुर्थं संवत्सरमरण्ये चचार । सोऽरण्याद्ग्राममेयाय । तमिन्द्रः पुरुषरूपेण पर्येत्योवाच ।

कलिः शयानो भवति, संजिहानस्तु द्वापरः ।
उत्तिष्ठंस्त्रेता भवति, कृतं संपद्यते चरन् ॥

चरैवेति चरैवेति वै मा ब्राह्मणोऽवोचत् । इति ह पञ्चमं संवत्सरमरण्ये चचार । सोऽरण्याद् ग्राममेयाय । तमिन्द्रः पुरुषरूपेण पर्येत्योवाच ।

चरन्वै मधु विन्दति चरन् स्वादुमुदुम्बरम् ।
सूर्यस्य पश्य श्रेमाणं यो न तन्द्रयते चरन् ॥

चरैवेति चरैवेति वै मा ब्राह्मणोऽवोचत् । इति ह षष्ठं संवत्सरमरण्ये चचार ।

હવે ઈક્ષ્વાકુ વંશમાં જન્મેલા (હરિશ્ચન્દ્ર)ને વરુણે જકડ્યો. તે (હરિશ્ચન્દ્ર)ને જલોદર (નામનો રોગ) થયો. તે વાત (અરણ્યમાં રહેલા) રોહિતે સાંભળી. તેણે અરણ્યમાંથી ગ્રામ તરફ ચાલવા માંડ્યું. ઈન્દ્રે પુરુષ રૂપે તેની પાસે આવીને કહ્યું :– "હે રોહિત ! વિવિધ પ્રકારનો શ્રમ કરનારને માટે લક્ષ્મી હોય છે એમ (અમે) સાંભળ્યું છે. બેસી રહેનારો માણસ પાપી છે; ઈન્દ્ર તો ફરતા રહેનારનો જ સખા છે.

'(તું) ફર્યા જ કર, ફર્યા જ કર' એમ મને (એક) બ્રાહ્મણે કહ્યું છે."

આથી (તે રોહિત) બીજું એક આખું વર્ષ અરણ્યમાં ફર્યો. પછી તે અરણ્યમાંથી ગામમાં આવવા નીકળ્યો. તેની પાસે ઈન્દ્ર પુરુષ વેશમાં આવીને બોલ્યો :–

"ફરનારાની જંઘા પુષ્પિણી થાય છે, તેની જાત વધે છે અને તે ફળનો ગ્રહિતા બને છે. આના બધા પાપ શ્રમથી રસ્તામાં (= તીર્થાટન દરમ્યાન) જ હણાઈને શીર્ણ થઈ જાય છે.

માટે, તું ફર્યા જ કર, ફર્યા જ કર" એવું મને એક બ્રાહ્મણે કહ્યું છે. આથી તે (રોહિત) ત્રીજું એક વર્ષ પણ વિચરણ કરતો રહ્યો. તે અરણ્યમાંથી ગામમાં આવવા નીકળ્યો, તેની પાસે પુરુષ રૂપે ઈન્દ્ર પહોંચીને કહે છે :–

"બેસી રહેનારનું ભાગ્ય બેસી જ રહે છે; ઊભા રહેનારનું (ભાગ્ય) ઊંચું જાય છે. સુનારનું (ભાગ્ય) સુએ છે; પણ ચાલનારનું ભાગ્ય ચાલ્યા કરે છે (વિકસ્યા કરે છે.) માટે તું ફર્યા જ કર, ફર્યા જ કર. એવું મને એક બ્રાહ્મણે કહ્યું છે." આથી તે (રોહિત) ચોથું એક વર્ષ વિચરણ કરતો રહ્યો. પછી, તે અરણ્યમાંથી ગામમાં આવવા નીકળ્યો. તેની પાસે પુરુષ રૂપે ઈન્દ્ર આવીને કહે છે :–

સુવે છે તે કળિ બની જાય છે, (ઊંઘમાંથી) ઊઠે છે તે દ્વાપર બને છે, ઊભો થનાર ત્રેતા બને છે; પણ ચાલનારો વ્યક્તિ કૃત (સતયુગ) બને છે.

માટે, તું ચાલ્યા જ કર, ચાલ્યા જ કર. એવું મને એક બ્રાહ્મણે કહ્યું છે.” (આ સાંભળીને) તે (રોહિત) પાંચમું વર્ષ પણ અરણ્યમાં ફરતો રહ્યો. હવે, તે અરણ્યમાંથી ગામમાં આવવા નીકળ્યો. તેની પાસે ઇન્દ્ર પુરુષ વેશમાં આવીને બોલ્યો :–

“ફરનારો વ્યક્તિ મધુ પ્રાપ્ત કરે છે, ફરનારો સ્વાદિષ્ટ ઉદુમ્બર (ફળ) મેળવે છે. (હે માણસ !) તું સૂર્યના પરિશ્રમને તો જો; કે જે આળસ્યા વિના (સતત) ફરતો જ રહે છે.

માટે, તું ફર્યા જ કર, ફર્યા જ કર. આવું મને એક બ્રાહ્મણે કહ્યું છે.” આથી તે (રોહિત) છઠ્ઠું વર્ષ પણ અરણ્યમાં ફરતો રહ્યો.

सोऽजीगर्त सौयवसिमृषिमशनया परीतमरण्य उपेयाय । तस्य ह त्रयः पुत्रा आसुः—शुनःपुच्छः शुनःशेपः शुनोलाङ्गूल इति । तं होवाच । ऋषेऽहं ते शतं ददामि । अहमेषामेकेनात्मानं निष्क्रीणा इति । स ज्येष्ठं पुत्रं निगृह्णान उवाच । न न्विममिति । नो एवेममिति कनिष्ठं माता । तौ ह मध्यमे संपादयांचक्रतुः शुनःशेपे । तस्य ह शतं दत्त्वा स तमादाय सोऽरण्याद्ग्राममेयाय । स पितरमेत्योवाच । तत हन्ताहमनेनात्मानं निष्क्रीणा इति । स वरुणं राजानुमुपससारानेन त्वा यजा इति । तथेति । भूयान्वै ब्राह्मणः क्षत्रियादिति वरुण उवाच । तस्मा एतं राजसूयं यज्ञक्रतुं प्रोवाच । तमेतमभिषेचनीये पुरुषं पशुमालेभे ॥ १५ ॥

ત્યાં અરણ્યમાં તે સુયવસના પુત્ર અજીગર્ત ઋષિ, કે જે ભૂખથી અત્યંત પીડાયેલા હતા તેમને મળ્યો. તેમને ત્રણ પુત્રો હતા : (૧) શુનઃપુચ્છ, (૨) શુનઃશેપ અને (૩) શુનોલાંગુલ. તેમને (અજીગર્તને) [રોહિતે] કહ્યું : હે ઋષિ ! હું તમને સો (ગાયો) આપું છું. કેમકે હું આ (ત્રણ)માંના એક (પુત્ર) વડે મારી જાતને છોડાવવા માંગું છું. પણ તે (અજીગર્ત) જ્યેષ્ઠ દીકરાને ગળે વળગાડીને બોલ્યો : ‘આને નહીં (આપું)’ “હું આ (નાના)ને નહીં આપી શકું” એમ કનિષ્ઠ પુત્રને [ગળે વળગાડીને] માતા [બોલી,] તે બન્ને (માત–પિતા)એ મધ્યમ શુનઃશેપને વિષે કબુલાત કરી.

તે (શુનઃશેપ)ના સો (ગાયોના જૂથ)ને આપીને, તે (રોહિત) તેને લઈને, અરણ્યમાંથી ગામમાં આવ્યો. તેણે પિતા (હરિશ્ચન્દ્ર) પાસે જઈને કહ્યું : પિતા ! મેં આ (શુનઃશેપ)ના વડે [તેના બદલામાં] મારી જાતને છોડાવી છે.

તે (હરિશ્ચન્દ્ર) રાજા વરુણની પાસે ગયો, અને કહ્યું :– "આ (શુનઃશેપ)ના વડે તને બલિ ચઢાવીશ." ત્યારે "સારું. એક ક્ષત્રિય કરતાં બ્રાહ્મણ વધુ સારો" એમ વરુણે કહ્યું.

તે (હરિશ્ચન્દ્ર)ને આ રાજસૂય યજ્ઞક્રતુનો (વરુણે) ઉપદેશ કર્યો. આમ (હરિશ્ચન્દ્રે) અભિષેચનીય [નામના એક દિવસમાં સંપન્ન થનારા સોમયાગમાં] આ (શુનઃશેપ નામના) પુરુષને [બલિ ચઢાવવા માટે] (યજ્ઞ) પશુ રૂપે મેળવ્યો. ॥ ૧૫ ॥

* * *

(चतुर्थः खण्डः)

तस्य ह विश्वामित्रो होताऽऽसीज्जमदग्निरध्वर्युर्वसिष्ठो ब्रह्माऽयास्य उद्गाता । तस्मा उपाकृताय नियोक्तारं न विविदुः । स होवाचाजीगर्तः सौयवसिर्मह्यमपरं शतं दत्ताहमेनं नियोक्ष्यामीति । तस्मा अपरं शतं ददुः । तं स नि नियोज । तस्मा उपाकृताय नियुक्तायाऽऽप्रीताय पर्यग्निकृताय विशसितारं न विविदुः । स होवाचाजीगर्तः सौयवसिः । मह्यमपरं शतं दत्ताहमेनं विशसिष्यामीति । तस्मा अपरं शतं ददुः । सोऽसिं निःशान एयाय । अथ ह शुनःशेप इक्षांचक्रेऽमानुषमिव वै मा विशसिष्यन्ति हन्ताहं देवता उपधावामीति ।

તે (હરિશ્ચન્દ્ર)ના વિશ્વામિત્ર હોતા બન્યા, જમદગ્નિ અધ્વર્યુ બન્યા, વસિષ્ઠ બ્રહ્મા બન્યા અને અયાસ્ય (નામના ઋષિ) ઉદ્ગાતા બન્યા. પણ, ઉપાકૃત થયેલા (શુપઃશેપ)નો નિયોક્તા (ક્યાંકથી) ન મળ્યો. આથી, તે સુયવસ્‌નો દીકરો અજીગર્ત બોલ્યો : "મને બીજા સો (ગાયોના જૂથ)ને આપો, તો હું તેને (યૂપ સાથે) બાંધીશ." તેણે (હરિશ્ચન્દ્રે) તે (અજીગર્ત)ને બીજી સો (ગાયો) આપી; એટલે તેણે (અજીગર્તે) તેને (શુનઃશેપને) બાંધ્યો (નિયોજ્યો).

પણ હવે, તે ઉપાકૃત, નિયોજાયેલ, આપ્રીત કરેલો અને પર્યગ્નિકૃત એવા (શુનઃશેપ)નો વધ કરનાર કોઈ મળ્યો નહીં. ત્યારે સુયવસના પુત્ર અજીગર્તે (ફરીથી) કહ્યું : "મને (ત્રીજી વખત) બીજા સો (ગાયોના જૂથ)ને આપો, તો હું આ (શુનઃશેપ)નો વધ કરી નાખીશ." આથી (હરિશ્ચન્દ્રે) તે (અજીગર્ત)ને બીજા સો આપ્યા. તે (અજીગર્ત) તલવારને બહાર કાઢતો આવ્યો. હવે શુનઃશેપે જોયું કે "હું માણસ ન હોઉં તેમ આ (લોકો) મારો વધ કરી દેશે; તો લાવ, હું દેવોની પાસે જાઉં."

स प्रजापतिमेव प्रथमं देवतानामुपससार 'कस्य॑ नू॒नं क॑त॒मस्या॒मृता॑नामि' त्येतयर्चा (१.२४, १) । तं प्रजापतिरुवाच । अग्निर्वै देवानां नेदिष्ठस्तमेवोपधावेति । सोऽग्निमुपससार 'अ॒ग्नेर्वय॒ं प्र॑थ॒मस्या॒मृता॑नामि'-त्येतयर्चा (१.२४, २) । तमग्निरुवाच । सविता वै प्रसवानामीशे तमेवोपधावेति । स सवितारमुपससार 'अ॒भि त्वा॑ देवः सवितरि'त्येतेन तृचेन (१, २४, ३–५) । तं सवितोवाच । वरुणाय वै राज्ञे नियुक्तोऽसि तमेवोपधावेति ।

स वरुणं राजानमुपससारात उत्तराभिरेकत्रिंशता । तं वरुण उवाच । अग्निर्वैदेवानां मुखं सुहृदयतमस्तं नु स्तुह्यथ त्वोत्स्त्रक्ष्याम इति। सोऽग्निं तुष्टावात उत्तराभिर्द्वाविंशत्या । तमग्निरुवाच । विश्वान्नु देवान् स्तुह्यथ त्वोत्स्त्रक्ष्याम इति । स विश्वान् देवांस्तुष्टाव 'नमो॑ म॒हद्भ्यो॒ नमो॑ अर्भ॒केभ्य॒' इत्येतयर्चा । (१, २७, १३) तं विश्वेदेवा ऊचुः इन्द्रो वै देवानामोजिष्ठो बलिष्ठः सहिष्ठः सत्तमः पारयिष्णुतमस्तं नु स्तुह्यथ त्वोत्स्त्रक्ष्याम इति ।

स इन्द्रं तुष्टाव 'यच्चि॒द्धि स॑त्य सोमपा' इति चैतेन सूक्तेनोत्तरस्य च पञ्चदशभिः (१.२९, १–३०, १५) । तस्मा इन्द्रः स्तूयमानः प्रीतो मनसा हिरण्यरथं ददौ । तमेतया प्रतीयाय 'शश्व॒दिन्द्र॑' (१, ३०, १६) इति । तमिन्द्र उवाच । अश्विनौ नु स्तुह्यथ वोत्स्त्रक्ष्याम इति । सोऽश्विनौ तुष्टावात उत्तरेण तृचेन । तमश्विना ऊचतुः । उषसं नु स्तुह्यथ त्वोत्स्त्रक्ष्याम इति। स उषसं तुष्टावात उत्तरेण तृचेन । तस्य ह स्मर्च्यृच्युक्तायां वि पाशो मुमुचे । कनीय ऐक्ष्वाकस्योदरं भवति । उत्तमस्यामेवर्च्युक्तायां वि पाशो मुमुचे । अगद ऐक्ष्वाक आस ॥ १६ ॥

તે (શુનઃશેપ) દેવતાઓમાં પ્રથમ (અગ્રગણ્ય) એવા પ્રજાપતિની પાસે ગયો અને कस्य नूनं कतमस्यामृतानामिति (ऋ० ૧–૨૪–૧ એવી ઋચાથી (સ્તવન કર્યું). પણ તે (શુનઃશેપ)ને પ્રજાપતિએ કહ્યું :– "(બધા) દેવોમાં અગ્નિ જ [પૃથિવીલોકમાં] સૌથી નજીક છે; (માટે) તું એની પાસે જ જા." આથી, તે (શુનઃશેપ) અગ્નિની પાસે ગયો, અને "अग्नेर्वयं प्रथमस्यामृतानाम्" इति (ऋ० ૧–૨૪–૨) એવી ઋચાથી (સ્તુતિ કરી). હવે અગ્નિએ કહ્યું :– "જન્મેલા (સૌ જીવો)નો સ્વામી સવિતા છે, માટે તું એની પાસે જા." આથી, તે (શુનઃશેપ) સવિતા દેવની પાસે "अभि त्वां देवः सवितरि इति (ऋ० ૧–૨૪–૩, ૪, ૫) એવી

ત્રણ ઋચાઓના સમૂહથી ગયો; (અને સ્તુતિ કરી). સવિતાએ તે (શુનઃશેપ)ને કહ્યું : રાજા વરુણને માટે જ તું (શુનઃશેપ) નિયુક્ત થયો છું, એટલે તું એને જ શરણે જા.''

તે વરુણ રાજાની પાસે, અહીંથી આગળની ૩૧ ઋચાઓ (= ઋ. ૧–૨૪–૬ થી ૧૫; અને ૧–૨૫–૧ થી ૨૧) વડે ગયો (અને તેમની સ્તુતિ કરી). વરુણે તેને (શુનઃશેપ)ને કહ્યું : ''અગ્નિ એ દેવોનું મુખ છે; વળી, તે (અગ્નિ) ઉત્તમ મિત્ર પણ છે. તું એની સ્તુતિ કર. ત્યાર પછી (અમે) તને છોડીશું.'' આથી તેણે (શુનઃશેપે) અગ્નિની સ્તુતિ કરી; એનાથી આગળની (ઋ. ૧–૨૬–૧ થી ૧૦ અને ઋ. ૧–૨૭–૧ થી ૧૨) કુલ ૨૨ ઋચાઓ વડે. [એ સાંભળીને] અગ્નિએ તે (શુનઃશેપ)ને કહ્યું કે તું વિશ્વેદેવોની સ્તુતિ કર; ત્યાર પછી (અમે) તને છોડીશું. આથી તેણે (શુનઃશેપે) વિશ્વેદેવોની 'नमो महद्भ्यो नमो अर्भकेभ्यः०'' (ऋ० ૧–૨૭–૧૩) એ ઋચા વડે સ્તુતિ કરી. [આ સાંભળીને] શુનઃશેપને વિશ્વેદેવોએ કહ્યું : ''ઇન્દ્ર દેવોમાં સૌથી વધારે ઓજિષ્ઠ (તેજસ્વી), બળવાળો, શક્તિશાળી, સત્ત્વથી ભરેલો અને [સંકટની] પેલે પાર લઈ જનારો છે; તેની તું સ્તુતિ કર. તે પછી (અમે) તને છોડીશું.

તેણે (શુનઃશેપે) ઇન્દ્રની સ્તુતિ શરૂ કરી – ''यच्चिद्धि सत्य सोमपा अनाशस्ता० । થી શરૂ થતા (ઋ. ૧–૨૯–૧ થી ૭) સૂક્ત વડે; તથા તે પછીની પંદર (ઋ. ૧–૩૦–૧ થી ૧૫) ઋચાઓ વડે. સ્તુતિ પામતો ઇન્દ્ર ખુશ થઈને, મનથી તેને (શુનઃશેપને) હિરણ્યનો રથ આપે છે. તે (શુનઃશેપ) शश्वद् इन्द्रः पोप्रुथद्भिः० (ऋ० ૧–૩૦–૧૬) એવી ઋચા વડે (ઇન્દ્ર તરફ) ગયો. તેને ઇન્દ્રે કહ્યું : ''તું અશ્વિનૌની સ્તુતિ કર. તે પછી તને (અમે) છોડીશું.'' આથી તેણે (શુનઃશેપે) એના પછીની ત્રણ ઋચાઓના સમૂહ (ઋ૦ ૧–૩૦–૧૭, ૧૮, ૧૯) વડે અશ્વિનૌની સ્તુતિ કરી. [આ સાંભળીને] તે (શુનઃશેપ)ને અશ્વિનૌ–એ કહ્યું : ''તું (પહેલાં) ઉષાની સ્તુતિ કર, તે પછી (અમે) તને છોડીશું.'' એટલે તેણે (શુનઃશેપે) તે પછીની ત્રણ ઋચાઓના સમૂહ (ઋ. ૧–૩૦–૧૯, ૨૦, ૨૧) વડે સ્તુતિ કરી. તેની (શુનઃશેપની) જેમ જેમ એક–પછી એક ઋચા ઉચ્ચારાતી ગઈ તેમ–તેમ, તેના (શુનઃશેપના) પાશ છુટવા લાગ્યા. [બીજી તરફ] ઇક્ષ્વાકુ વંશના (રાજા હરિશ્ચન્દ્ર)નું ઉદર પણ નાનું થતું ગયું ! અને જ્યાં છેલ્લી ઋચા (त्वं त्येभिरा गहि० – ऋ० ૧–૩૦–૨૨) બોલવામાં આવી ત્યાં જ તેના (બધા) પાશ છુટી ગયા; અને ઐક્ષ્વાક (હરિશ્ચન્દ્ર) પણ નિરોગી બની ગયો. ॥ ૧૬ ॥

(पञ्चमः खण्डः)

तमृत्विज ऊचुः । त्वमेव नोऽस्याह्नः संस्थामधिगच्छेति । अथ हैतं शुनःशेपोऽञ्जःसवं ददर्श । तमेताभिश्चतसृभिरभिसुषाव 'यच्चिद्धि त्वं गृहेगृह' (१, २८, ५–८) इति । अथैनं द्रोणकलशमभ्यवनिनाय 'उच्छिष्टं चम्वोर्भरे' त्येतयर्चा (१, २८, ९) । अथ हास्मिन्नन्वारब्धे पूर्वाभिश्चतसृभिः स स्वाहाकाराभिर्जुहवांचकार । अथैनमवभृथमभ्यवनिनाय 'त्वं नो अग्ने वरुणस्य विद्वानि'त्येताभ्याम् (४, १, ४.५) । अथैनमत ऊर्ध्वमग्निमाहवनीयमुपस्थापयांचकार 'शुनश्चिच्छेपं निदितं सहस्रादि'ति (५, २, ७) । अथ ह शुनःशेपो विश्वामित्रस्याङ्कमाससाद । स होवाचाजीगर्तः सौयवसिः । ऋषे पुनर्मे पुत्रं देहीति । नेति होवाच विश्वामित्रो, देवा वा इमं मह्यमरासतेति । स ह देवरातो वैश्वामित्र आस । तस्यैते कापिलेयबाभ्रवाः । स होवाचाजीगर्तः सौयवसिः । त्वं वेहि विह्वयावहा इति । स होवाचाजीगर्तः सौयवसिः ।

ઋત્વિજોએ તેને (શુનઃશેપને) કહ્યું : "તું જ (હવે) અમારા આ દિવસની સમ્પૂર્તિ કરાવ." ત્યારે શુનઃશેપે આ અંજઃસવનું દર્શન કર્યું. (અને) તે (ઇન્દ્ર)ને ઉદ્દેશીને यच्चिद्धि त्वं गृहे गृह उलूखलक युज्यसे० । (ઋ. ૧–૨૮–૫ થી ૮) એવી ચાર ઋચાઓ વડે સોમરસ નીચોવ્યો. ત્યાર પછી તે (શુનઃશેપ) એ (હરિશ્ચન્દ્ર)ને उच्छिष्टं चम्वोर्भर सोमं० । (ऋ. १–२८–९) "ચમૂમાં જે ઉચ્છિષ્ટ સોમ છે તે (તમે) લો" એવી ઋચા વડે દ્રોણકલશની પાસે લાવ્યો. આથી, આ (વિધિ) શરૂ થઈ ત્યારે, પૂર્વે ઉલ્લેખેલી (ઋ. ૧–૨૮–૫ થી ૮) ચાર ઋચાઓ વડે અને સ્વાહાકારની સાથે (શુનઃશેપે) હોમ કર્યો. પછી એ (હરિશ્ચન્દ્ર)ને त्वं नो अग्ने वरुणस्य विद्वान्० । (ઋ. ૪–૧–૪, ૫) એવી બે ઋચાઓ સાથે અવભૃથ (સ્નાન)ની જગ્યાએ લઈ ગયો.

હવે, આ (હરિશ્ચન્દ્ર)ને, આના પછી 'આહવનીય' અગ્નિની પાસે शुनश्चिच्छेपं निदितं सहस्राद्० (ઋ. ૫–૨–૭) એવી ઋચાને ઉચ્ચારતાં ઉચ્ચારતાં સમ્મુખ લઈ ગયો. ત્યાર પછી, શુનઃશેપ વિશ્વામિત્રના ખોળામાં જઈને બેઠો.

ત્યારે, તે સૌયવસિ અજીગર્ત બોલ્યો : "હે ઋષિ ! મને મારો પુત્ર પાછો આપી દો." વિશ્વામિત્રે "ના, નહીં આપું" એમ કહ્યું, અને (ઉમેર્યું કે) "દેવોએ મને આ આપ્યો છે." આ (શુનઃશેપ હવે) 'દેવરાત વૈશ્વામિત્ર' બન્યો ! તેમના વંશજો તે આ 'કાપિલેય' (અને) 'બાભ્રવો' કહેવાયા. ત્યારે સૌયવસિ અજીગર્તે

[સીધું શુનઃશેપને જ] કહ્યું : "અથવા, તું જ (જાતે) અહીં આવી જા; (અમે તને) બોલાવીએ છીએ; માટે તું આવી જા." અજીગર્ત સૌયવસિએ (ફરીથી) કહ્યું :–

आङ्गिरसो जन्मनाऽस्याजीगर्तिः श्रुतः कविः ।
ऋषे पैतामहात्तन्तोर्माऽपगाः पुनरेहि माम् ।

इति । स होवाच शुनःशेपः ।

अदर्शुस्त्वा शासहस्तं न यच्छूद्रेष्वलप्सत ।
गवां त्रीणि शतानि त्वमवृणीथा मदङ्गिरः ॥

इति । स होवाचाजीगर्तः सौयवसिः ।

तद्वै मा तात तपति पापं कर्म मया कृतम् ।
तदहं निह्नुवे तुभ्यं प्रतियन्तु शता गवाम् ॥

इति । स होवाच शुनःशेपः ।

य सकृत्पापकं कुर्यात् कुर्यादेनत्ततोऽपरम् ।
नापागाः शौद्रात् न्यायादसंधेयं त्वया कृतम् ॥

इति । असंधेयमिति ह विश्वामित्र उपपपाद । स होवाच विश्वामित्रः ।

भीम एव सौयवसिः शासेन विशिशासिषुः ।
अस्थान्मैतस्य पुत्रो भूर् ममैवोपेहि पुत्रताम् ॥

इति । स होवाच शुनःशेपः ।

स वै यथा नो ज्ञपया राजपुत्र तथा वद ।
यथैवाङ्गिरसः सन्नुपेयां तव पुत्रताम् ॥

इति । स होवाच विश्वामित्रः ।

ज्येष्ठो मे त्वं पुत्राणां स्यास्तव श्रेष्ठा प्रजा स्यात् ।
उपेया दैवं मे दायं तेन वै त्वोपमन्त्रये ॥

इति । स होवाच शुनःशेपः ।

संज्ञानानेषु वै ब्रूयाः सौहार्द्याय मे श्रियै ।
यथाऽहं भरतऋषभोपेयां तव पुत्रताम् ॥

इति । अथ ह विश्वामित्रः पुत्रानामन्त्रयामास ।

मधुच्छन्दाः शृणोतन ऋषभो रेणुरष्टकः ।
ये के च भ्रातरः स्थ नास्मै ज्येष्ठ्याय कल्पध्वम् ॥

इति ॥ १७ ॥

"તું જન્મથી આંગિરસ છે; તેનો તું 'અજીગર્તિ' (= અજીગર્તના પુત્ર) તરીકે પ્રસિદ્ધ થયેલો ક્રાન્તદ્રષ્ટા કવિ છું. હે ઋષિ ! પિતામહોની સાથે બંધાયેલા તંતુથી તું છુટો પડીશ નહીં; તું ફરીથી મારી પાસે આવી જા."

હવે શુનઃશેપે કહ્યું :– "(પોતાના જ પુત્રનો વધ કરવા તૈયાર એવા) હાથમાં શસ્ત્ર ઉગામેલા તને આમણે (વિશ્વામિત્ર વગેરે ઋત્વિજોએ) જોયો છે; આવો (પિતા) તો શૂદ્રોમાંય (જોવા) મળે તેમ નથી. હે અંગિરસ્ ! તેં તો ત્રણસો ગાયોને મારા કરતાં વધારે (પહેલી) પસંદ કરી છે."

[આ સાંભળીને,] અજીગર્ત સૌયવસિ કહે છે :– "હે દીકરા ! જે પાપકર્મ મેં કર્યું છે તે મને સંતાપ આપી રહ્યું છે. તે (પાપ)ને હું દૂર હડસેલું છું; અને આ સેંકડો ગાયો પણ તારા તરફ આવે, (= એ મારે નથી જોઈતી).

હવે તે શુનઃશેપ કહે છે : "જે (વ્યક્તિ) એકવાર પણ પાપ કરે છે, તો તે પછી બીજીવાર પણ કરે જ છે; તે શૂદ્રત્વમાંથી દૂર ખસતો નથી. કોઈ રીતે ન્યાયથી ન સંધાય એવું કર્મ તેં કર્યું છે."

આથી વિશ્વામિત્રે 'અસંધેય' એવા શબ્દ ઉપર ચર્ચા ઉપાડી. વિશ્વામિત્ર બોલી ઊઠ્યા : "આ સૌયવસિ (અજીગર્ત) ભયંકર જ છે, કેમ કે તે શસ્ત્ર વડે (તારો) વધ કરવા તૈયાર થયો હતો. આનો પુત્ર તું થઈશ જ નહીં. તું મારો પુત્ર કહેવડાવવાનું જ પસંદ કર. (તું મારા પુત્ર હોવાપણાનો જ સ્વીકાર કર.)" તે શુનઃશેપે કહ્યું : "હે રાજપુત્ર ! તમે જેવી રીતે આજ્ઞા કરી છે, તેવી રીતે (ફરી) બોલો. હું આંગિરસ હોવા છતાંય, તમારા પુત્ર હોવાપણાનો સ્વીકાર કરું એમ." આથી વિશ્વામિત્રે કહ્યું :

તું મારા (એકસોને એક) પુત્રોમાં જ્યેષ્ઠ પુત્ર બન. તારી પ્રજા શ્રેષ્ઠ થશે. મારા દિવ્ય દાયભાગ (= વારસા)ને તું પ્રાપ્ત કર. તેના વડે હું બોલાવું છું." તે શુનઃશેપ બોલ્યો :

સંજ્ઞાનાનોની (સમાન સંજ્ઞાવાળા તમારા પુત્રોની) વચ્ચે મારી શોભા વધે અને સૌહાર્દ કેળવાય એ રીતે તમે, હે ભરતોમાં ઋષભ ! કહો કે – હું તમારી પુત્રતાને પ્રાપ્ત થાઉં."

આથી વિશ્વામિત્રે પુત્રોને બોલાવીને કહ્યું : "હે મધુચ્છન્દા, ઋષભ, રેણુ અને

અષ્ટક ! તમે (સૌ) સાંભળો; જે કોઈ તમે ભાઈઓ હો, તે આ (શુનઃશેપ)ના કરતાં જ્યેષ્ઠ ગણાશો નહીં.'' ॥ ૧૭ ॥

* * *

(षष्ठः खण्डः)

तस्य ह विश्वामित्रस्यैकशतं पुत्रा आसुः । पञ्चाशदेव ज्यायांसो मधुच्छन्दसः पञ्चाशत्कनीयांसः । तद्ये ज्यायांसो न ते कुशलं मेनिरे ।ताननु व्याजहार । अन्तान्वः प्रजा भक्षीष्टेति । त एतेऽन्ध्राः पुण्ड्राः शबराः पुलिन्दा मूतिवा इत्युदन्त्या बहवो भवन्ति वैश्वामित्रा दस्यूनां भूयिष्ठाः । स होवाच मधुच्छन्दाः पञ्चाशता सार्धम् ।

यन्नः पिता संजानीते तस्मिंस्तिष्ठामहे वयम् ।
पुरस्त्वा सर्वे कुर्महे त्वामन्वञ्चो वयं स्मसि ॥

इति । अथ ह विश्वामित्रः प्रतीतः पुत्रांस्तुष्टाव ।

ते वै पुत्राः पशुमन्तो वीरवन्तो भविष्यथ ।
ये मानं मेऽनुगृह्णन्तो वीरवन्तमकर्त मा ॥
पुरएत्रा वीरवन्तो देवरातेन गाथिनाः ।
सर्वे राध्याः स्थ पुत्रा एष वः सद्विवाचनम् ॥
एष वः कुशिका वीरो देवरातस्तमन्वित ।
युष्मांश्च दायं म उपेता विद्यां यामु च विद्मसि ॥
ते सम्यञ्चो वैश्वामित्राः सर्वे साकं सरातयः ।
देवराताय तस्थिरे धृत्यै श्रैष्ठ्याय गाथिनाः ॥
अधीयत देवरातो रिक्थयोरुभयोर्ऋषिः ।
जह्नूनां चाधिपत्ये दैवे वेदे च गाथिनाम् ॥

તે વિશ્વામિત્રના એકસો એક પુત્રો હતા. (તેમાંથી) પચાસ મધુચ્છંદાથી મોટા હતા, અને બીજા પચાસ મધુચ્છન્દાથી નાના હતા. આમાંથી જે મોટા (= પહેલા પચાસ) હતા, તેમણે (વિશ્વામિત્રની વાતમાં પોતાનું) કુશળ માન્યું નહીં. (વિશ્વામિત્રે)

તેમને વિશે શાપ ઉચ્ચાર્યો : "તમારી પ્રજા અન્ત ભાગોમાં ભટક્યા કરો." તે આ અન્ધ્ર, પુણ્ડ્રો, શબરો, પુલિન્દો, મૂતિબો—જેવા ઘણા અન્ત્ય પ્રદેશની પણ બહાર રહેનારા બન્યા. દસ્યુઓમાંથી ઘણા વૈશ્વામિત્રો છે.

પણ મધુચ્છન્દાએ પોતાની સાથે બીજા પચાસને રાખીને કહ્યું : "અમારા પિતા જે વાત સ્વીકારે છે, તેને પાળવા અમે તૈયાર છીએ. અમે બધા તને આગળ કરીએ છીએ; અમે બધા તમારી પાછળ છીએ." આમ વિશ્વામિત્રને પ્રતીતિ થતાં, તેણે (પોતાના) પુત્રોની સ્તુતિ કરી :—

"તે આ (મારા) પુત્રો પશુઓવાળા અને વીર (પુત્રો)વાળા થશે; જેમણે મારી ઇચ્છા સ્વીકારી, અને મને (સાચે) વીર પુત્રવાળો બનાવ્યો છે."

હે ગાથિનો ! આગળ જનારા દેવરાત (= શુનઃશેપ) વડે વીરવાળા થશો; હે પુત્રો ! તમે સર્વે આરાધ્ય બનશો; **આ તમોને સત્ય કહેનારો બનશે.** (= એ તમને સત્ય ભણાવશે.)

હે કુશિકો ! આ દેવરાત (= શુનઃશેપ) તમારો વીર બનશે, તમે એને અનુસરો. એ (શુનઃશેપ) મારો વારસો બનીને તમોને મળશે અને અમે જે વિદ્યા જાણીએ છીએ, [તે પણ તમે (એના થકી) જાણશો].

તે (મધુચ્છન્દા વગેરે ૫૦) વિશ્વામિત્રના પુત્રોએ, કે જેઓ સમાન ધનવાળા = સ—રાતિ હતા તેમણે સાથે ચાલીને (સંપીને) ગયા; તથા ધૃતિને માટે અને શ્રેષ્ઠતાને માટે દેવરાત (શુનઃશેપ)ની પડખે તે ગાથિનો ઊભા રહ્યા.

ઋષિ દેવરાતે બન્ને વારસાગત સંપત્તિ (= રિક્થ) મેળવી; જહ્નુઓનું આધિપત્ય અને ગાથિનોનું દેવ—વિષયક જ્ઞાન; (— એ બે પણ મેળવ્યા).

तदेतत्परऋक्शतगाथं शौनःशेपमाख्यानम् । तद्धोता राज्ञेऽभिषिक्तायाचष्टे । हिरण्यकशिपावासीन आचष्टे, हिरण्यकशिपावासीनः प्रतिगृणाति । यशो वै हिरण्यं, यशसैवैनं तत् समर्द्धयति । ओमित्यृचः प्रतिगर, एवं तथेति गाथायाः । ओमिति वै दैवं, तथेति मानुषम् । दैवेन चैवैनं तन् मानुषेण च पापादेनसः प्रमुञ्चति, तस्माद्यो राजा विजिती स्यादप्ययजमान आख्यापयेतैवैतच्छौनःशेपमाख्यानम् । न हास्मिन्नल्पं चनैनः परिशिष्यते । सहस्त्रमाख्यात्रे दद्यात्, शतं प्रतिगरित्रे, एते चैवासने, श्वेताश्वाश्वतरीरथो होतुः । पुत्रकामा हाप्याख्यायपयेरल्ँल्लभन्ते ह पुत्राल्ँल्लभन्ते ह पुत्रान् ॥ १८ ॥

તો આ સો ઋચાઓ અને એથી પણ વધારે ગાથાઓવાળું શુનઃશેપનું આખ્યાન છે. અભિષેક પામતા રાજાને ઉદ્દેશીને હોતાએ આ (આખ્યાન) કહેવું. સોનાના તકિયે બેઠેલો હોતા કહે, અને (રાજા પણ) સોનાના તકિયે બેસીને સાંભળે. યશ એ હિરણ્ય છે; યશ વડે જ આ (નવા નિયુક્ત થતા રાજા)ને તે (આખ્યાન) સમૃદ્ધ કરે છે.

'ૐ' એ ઋચાઓનો પ્રતિધ્વનિ છે; અને તથા એ ગાથાનો (પ્રતિધ્વનિ છે). 'ૐ' એ દૈવી (શબ્દ) છે; અને 'તથા' એ માનુષ (શબ્દ) છે.

આ (ૐ એવા) દૈવી શબ્દથી અને (તથા એવા) માનુષ શબ્દથી પાપમાંથી અને ગુન્હામાંથી મુક્ત થાય છે. તેથી જે રાજા વિજેતા હોય; પણ અયજમાન (યજ્ઞ ન કરતો હોય) એવાને આ શૌનઃશેપ આખ્યાન કહેવું જોઈએ.

આના (શ્રવણ)માં (= થકી) થોડુંકેય પાપ બાકી રહેતું નથી. આ (આખ્યાન) કહેનારને એક હજાર (ગાયોનું જૂથ) આપવું; હાજી પુરાવનારને (= ધ્યાનથી સાંભળનારને) એક સો (ગાયોનું જૂથ) આપવું; આ બન્ને આસનો અને ધોળી ઘોડીઓ બાંધેલો રથ હોતાને આપવો. પુત્રની કામનાવાળાઓ જે હોય તેમણે પણ આ આખ્યાન કહેવડાવવું જોઈએ; તેથી તેઓ ચોક્કસ પુત્રો મેળવે જ છે; પુત્રો મેળવે જ છે.

ऐतरेयब्राह्मणस्य सप्तमपञ्चिकायां तृतीयाध्याये (त्रयस्त्रिंशाध्याये)
षष्ठः खण्डः समाप्तः ॥

મહિદાસ–વિરચિત ઐતરેય–બ્રાહ્મણનું શુનઃશેપ આખ્યાન પુરું થયું.

इति शौनःशेपाख्यानं समाप्तम् ॥

* * *

પરિશિષ્ટ—૧

ઋગ્વેદમાં પદપાઠના નિયમો

૧. વર્ણધ્વનિ અને 'અક્ષર'

ભાષાના નાનામાં એકમને વર્ણ (Phoneme) કે વર્ણધ્વનિ કહેવામાં આવે છે. આ વર્ણધ્વનિ મુખ્યત્વે બે પ્રકારના જોવા મળે છે :

વર્ણધ્વનિ

(अ કારાદિ) સ્વરવર્ણો
(= સ્વરધ્વનિઓ),
પાણિનિએ જેમને अच् કહ્યા છે.

(क કારાદિ) વ્યંજનવર્ણો
(= વ્યંજન ધ્વનિઓ),
પાણિનિએ જેમને हल् કહ્યા છે.

આ બે પ્રકારના વર્ણોમાંથી જે अ કારાદિ (अच्) સ્વરવર્ણો છે, તે अक्षर (Syllable)નું સંઘટન કરવાનું કાર્ય કરે છે. अ, आ, इ, ई, उ, ऊ ઈત્યાદિ સ્વરવર્ણોની મદદથી અનેક પ્રકારના अक्षरो ની રચના થાય છે. જેમકે,

૧. એકલા સ્વરનો બનેલો અક્ષર (દા. ત. उ)

૨. એક સ્વર અને એક વ્યંજનનો બનેલો અક્ષર (દા. ત. आम्)

૩. એક વ્યંજન અને બીજા સ્વરનો બનેલો અક્ષર દા. ત. सा (स् + आ)

૪. એક વ્યંજન, પછી એક સ્વર અને પછી એક વ્યંજનનો બનેલો અક્ષર (દા. ત. पात् = प् + आ + त्)

૫. બે વ્યંજન, એક સ્વર અને બે વ્યંજનનો બનેલો અક્ષર (દા. ત. स्पन्द्).

(નોંધ : એકલા વ્યંજનથી કોઈ 'અક્ષર' બનતો નથી.) આમ, સંખ્યાની દૃષ્ટિએ કોઈ એક જ સ્વરવર્ણની મદદથી બનતા 'અક્ષર'ને 'એકાક્ષર' (Monosyllable) કહેવામાં આવે છે. બે કે ત્રણ સ્વરવર્ણની મદદથી બનતા અક્ષરને અનુક્રમે 'દ્વ્યક્ષર' કે 'ત્ર્યક્ષર' (disyllable કે trisyllable) કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો उ, च, वै, हि, એ એકાક્ષર પદ છે; रामः, नदी, माला તે દ્વ્યક્ષર પદો છે; कमलम्, शङ्करः, पार्वती એ ત્ર્યક્ષર પદો છે. दशरथः, वैनतेयः વગેરે ચાર અક્ષરોવાળાં પદો પણ જોવા મળે છે.

૨. અક્ષરાશ્રિત ઉદાત્તાદિ સ્વરધર્મો

હવે, આવા અક્ષરો (Syllable)ના આશ્રયે 'ઉદાત્ત', 'અનુદાત્ત' અને 'સ્વરિત' નામના ત્રણ ઉચ્ચારણધર્મો (ધ્વનિગુણો) રહેલા હોય છે. જેમ કે,

उदात्तश्चानुदात्तश्च स्वरितश्च त्रयः स्वराः ।
आयमविश्रम्भाक्षेपैस्त उच्यन्ते ॥ अक्षराश्रयाः .... ॥

(ऋ० प्रा० ३–१, २).

(ઋગ્વેદમાં મુખ્યત્વે) ત્રણ સ્વરો જોવા મળે છે : ૧. ઉદાત્ત, ૨. અનુદાત્ત અને ૩. સ્વરિત. આ ત્રણેય સ્વરો અનુક્રમે આયામ (અર્થાત્ વાયુને કારણે શરીરના અવયવોનું જેમાં ઊર્ધ્વગમન થાય છે), વિશ્રમ્ભ (અર્થાત્ વાયુના કારણે ગાત્રોનું જેમાં અધોગમન થાય છે), તથા આક્ષેપ (અર્થાત્ વાયુને કારણે જેમાં ગાત્રોનું તિર્યગ્ગમન થાય છે. તેવા પ્રયત્નો)થી ઉચ્ચારવામાં આવે છે.[1] વળી, આ (ઉદાત્તાદિ) સ્વર (ધર્મો) 'અક્ષર' ને આશ્રયે રહેલા હોય છે.[2] એમ 'ઋગ્વેદપ્રાતિશાખ્ય'માં કહ્યું છે કે–

૩. ઉદાત્ત–સ્વર (ધર્મ)નો પરિચય

ઉદાત્ત : (उद् + आ + √ दा + क्त) "ઉપર ખેંચવામાં આવેલો" આવો ઉદાત્તસ્વર જ ઉપર્યુક્ત ત્રણેય પ્રકારના સ્વરોમાંથી મુખ્ય સ્વર ગણાયો છે. વૈદિક સંસ્કૃત ભાષાના પદોમાં મહદંશે ઓછામાં ઓછો એક અક્ષર ઉદાત્તસ્વર યુક્ત હોવાનો જ. પાણિનિએ પણ વેદની ભાષાનો અભ્યાસ કરીને એક તારણ રજુ કર્યું છે કે अनुदात्तम् पदम् एकवर्जम् । पा. सू. ६–१–१५२. "વેદમન્ત્રોના (મહદંશે) દરેક પદમાં 'એક અક્ષરને છોડીને' બાકીના અક્ષરો અનુદાત્તસ્વરવાળા જોવા મળે છે." અહીં एकवर्जम् = 'એક અક્ષરને છોડીને' એવા શબ્દોથી, તેમણે 'ઉદાત્ત

---

[1] 'ઋગ્વેદપ્રાતિશાખ્ય'ના ટીકાકાર લખે છે કે आयामो नाम वायुनिमित्तमूर्ध्वगमनं गात्राणां, तेन य उच्यते स उदात्तः । विश्रम्भो नाम अधोगमनं गात्राणां वायुनिमित्तम् । आक्षेपो नाम तिर्यगगमनं गात्राणां वायुनिमित्तम् ॥ (ऋ. प्राति. ३–१ इत्यत्र उव्वटःपृ, २१३) પાણિનિએ उच्चैरुदात्तः । १–२–२९ અને नीचैरनुदात्तः । १–२–३० સૂત્રોથી કહ્યું છે કે ताल्वादिषु सभागेषु स्थानेषूर्ध्वभागेषु निष्पन्नोऽजुदात्तसंज्ञकः । ताल्वादिषु सभागेषु स्थानेष्वधोभागेषु निष्पन्नोऽजनुदात्तसंज्ञकः । (इति सिद्धान्तकौमुदी) (૧) તાલુ વગેરે ઉચ્ચારણ સ્થાનોમાંના ઉપરના ભાગેથી નિષ્પન્ન થતો જે સ્વર તે 'ઉદાત્ત' છે, અને (૨) નીચેના ભાગેથી નિષ્પન્ન થતો સ્વર 'અનુદાત્ત' છે. પરંતુ "તાલુ વગેરે ઉચ્ચારણ સ્થાનોમાં ક્યાં/ક્યો 'ઉપરનો' કે 'નીચેનો' ભાગ" તે નક્કી કરવું વિવાદાસ્પદ છે.

[2] ઉદાત્તાદિને (પણ) 'સ્વર' કહેવાયા છે. પરંતુ આ ઉદાત્તાદિ ત્રણ સ્વરો ઉચ્ચારણધર્મો છે; અને 'અક્ષર' સંઘટનનું કાર્ય કરાનારા अ, आ, इ, ई વગેરે સ્વર ધ્વનિઓની અંદર આ ઉદાત્તાદિ ત્રણ ઉચ્ચારણધર્મો રહે છે. આથી આ अ, आ, इ, ई વગેરે સ્વરધ્વનિઓને ધર્મી (ગુણી) કહેવાય છે.

સ્વર'નો નિર્દેશ કર્યો છે. અર્થાત્ વેદની ભાષાનાં પદોમાં મહદંશે[૩] ઓછામાં ઓછો એક અક્ષર ઉદાત્તસ્વર યુક્ત જોવા મળે છે.

ઋગ્વેદમાં આ મુખ્ય સ્વર (ઉદાત્ત) ને નોંધવા માટે કોઈ ચિહ્ન વપરાતું નથી. દા. ત., य॒ज्ञेनं । અહીં ज्ञे અક્ષરમાંનો ए સ્વરવર્ણ ઉદાત્તસ્વર (= એક પ્રકારના ઉચ્ચારણ ધર્મ)થી વિશિષ્ટ/યુક્ત છે; અને તેને નોંધવા માટે (= તે ઉદાત્તસ્વરનું અંકન કરવા માટે) ઋગ્વેદમાં કોઈ ચિહ્નનો ઉપયોગ થયો નથી. (આપણી સગવડ ખાતર આપણે તેની = ઉદાત્ત સ્વરવાળા અક્ષરની નીચે (o) બિન્દુ મૂકીશું.[૪] જેમ કે य॒ज्ञे̥नं ।

* * *

આ ઉદાત્ત સ્વર વિષે ડૉ. વ્રજબિહારી ચૌબેજીએ લખ્યું છે કે–ઉદાત્ત ઉચ્ચ સ્વર છે, કે મધ્યમ સ્વર છે ? એ વિષે ઘણા મતભેદ છે. એ સ્વરના નામ ઉપરથી

---

[૩] 'મહદંશે' એમ એટલા માટે કહીએ છીએ કે – ૧. વેદમન્ત્રોમાં મુખ્ય વાક્યના ક્રિયાપદ તરીકે જે પદ આવેલું હોય છે, તે પદમાં એકપણ ઉદાત્ત સ્વરવાળો અક્ષર હોતો નથી. દા. ત. अ॒ग्निमीळे पु॒रोहितम् । (अ॒ग्निम् । ई॒ळे॒ । पु॒रःऽहितम् ।) ऋ. सं. १–१–१ એ ઉદાહરણમાં ईळे મુખ્ય વાક્યનું ક્રિયાપદ હોવાથી તે પદમાં બન્ને અક્ષર અનુદાત્ત સ્વરવાળા છે, તેમાં એક પણ અક્ષર ઉદાત્ત સ્વરવાળો નથી. આ જ પ્રમાણે, च वै ह જેવા નિપાતો અને अस्मद् કે युष्मद् નાં नः, वः જેવાં વૈકલ્પિક રૂપોમાં પણ ઉદાત્ત સ્વર રહેતો નથી. તે પદો સર્વાનુદાત્ત જ હોય છે.

વળી પાદાદિમાં ન આવ્યું હોય એવું સંબોધનવાચક પદ, દા. ત,. (हे) इन्द्र માં પણ એકેય અક્ષર ઉદાત્ત સ્વરવાળો હોતો નથી; અર્થાત્ તેમાં પણ સર્વાનુદાત્ત જોવા મળે છે. વળી, ૨. જે પદના એકાદ અક્ષરમાં મુખ્ય સ્વર તરીકે ઉદાત્ત સ્વર નથી હોતો, ત્યાં ક્યારેક 'સ્વતન્ત્રસ્વરિત' પ્રકારનો પણ મુખ્ય સ્વર હોઈ શકે છે. આથી 'મહદંશે' એવા શબ્દથી પૂર્વોક્ત નિયમમાં સંકોચ રજૂ કર્યો છે. (આવા સ્વતન્ત્ર સ્વરિતની આગળ ઉપર આપણે વિસ્તારથી ચર્ચા કરવાના જ છીએ.)

[૪] યુરોપીય ભાષાઓમાં આ ઉદાત્ત સ્વરભાર/બલાઘાત (Accent/Stress) નોંધવા માટે જે અક્ષર (Syllable) ઉદાત્ત સ્વરયુક્ત હોય તેની ઉપર(') આવી નિશાનીનો ઉપયોગ થાય છે : य॒ज्ञेनं । = yajnéna આ ઉદાત્ત સ્વરને સૂરાત્મક હોવાનું કલ્પીને કેટલાકે તેને rising tone–આરોહાત્મક સૂર કહેલ છે, પરંતુ આ વિષે કશું પણ નિશ્ચિતપણે કહી શકાય એમ નથી.

જણાય છે કે ‘ઉદાત્ત’ (उत् आत्त) એટલે સર્વોચ્ચ સ્વર. પરંતુ ‘ઋગ્વેદ પ્રાતિશાખ્ય’ અનુસાર ઉદાત્ત તે મધ્યમ સ્વર છે. કેમ કે સ્વરિતનો જે પૂર્વ ઉદાત્તાંશ ભાગ હોય છે, તે ઉચ્ચારણમાં ઉદાત્તતર થાય છે. (तस्योदात्ततरोदात्तादर्धमात्रार्धमेव वा । ऋ. प्रा. ३–४) વાસ્તવમાં ઉદાત્ત તે ચઢતો (Rising) સ્વર છે. આજે તો જોકે તેનું ઉચ્ચારણ સર્વોચ્ચ ધ્વનિ રૂપે થતું હશે; પણ આજે તેને મધ્યમ (Standard) સ્વર માનવામાં આવે છે; અને ત્રણેય સ્વરોમાં તે પ્રમુખ ગણાય છે. પદોના અર્થનિર્ધારણમાં પણ આ સ્વર જ સહાયક બને છે, પદોમાં ઉદાત્તનું સ્થાન પરિવર્તન થતાં, તે પદના અર્થમાં પણ પરિવર્તન થાય છે..... ત્રણેય સ્વરોમાં તે પ્રમુખસ્થાને હોવાથી, તેને ‘નિત્યસ્વર’, અથવા તો સમાસમાં ‘પ્રકૃતિ સ્વર’ના નામે ઉલ્લેખાય છે.” (જુઓ : वैदिकस्वरबोध, પૃ. ૩, લેખક : ડૉ. વ્રજબિહારી ચૌબે, પ્રકાશક : વૈદિક સાહિત્ય સદન, હોશિયારપુર, ૧૯૭૨.)

૪. અનુદાત્ત સ્વર (ધર્મ)નો પરિચય

અનુદાત્ત : “ઉપર નહીં ખેંચાયેલો,” ઉદાત્ત સ્વરવાળા અક્ષરની આગળના (= પુરોગામી) અક્ષરને ‘અનુદાત્ત’ ગણવામાં આવે છે; અને તે સ્વર (ઉચ્ચારણ ધર્મ)ની નોંધ લેવા માટે ઋગ્વેદમાં, તે અક્ષરની નીચે (–) આડી લીટી કરવામાં આવે છે. જેમ કે, यज्ञेनं । અહીં य (य् + अ) અક્ષર(માંનો अ સ્વરધ્વનિ) અનુદાત્ત સ્વર (= ઉચ્ચારણ ધર્મ) વિશિષ્ટ છે; એની નોંધ લેવા માટે તે य અક્ષરની નીચે (–) આટી લીટી કરવામાં આવી છે.

૫. સ્વરિત સ્વર (ધર્મ)નો પરિચય

(૫) સ્વરિત : પાણિનિના अनुदात्तं पदम् एकवर्जम् । पा. सू. ६–१–१५२ એવા પૂર્વોક્ત સૂત્ર અનુસાર, વૈદિક સંસ્કૃત ભાષાનાં પદોમાં એક અક્ષરને છોડીને બાકીના બીજા બધા અક્ષરો (સ્વરધ્વનિઓ) અનુદાત્ત હોય છે. અર્થાત્ મહદંશે દરેક પદમાં એક અક્ષર ઉદાત્તસ્વરયુક્ત હોવાનો, અને બાકીના બીજા બધા અનુદાત્તસ્વર યુક્ત હોવાના. આમ, (જે અક્ષર ઉદાત્તસ્વર હોય તેની આગળના અક્ષરને અનુદાત્તસ્વર યુક્ત (य) ગણવામાં આવ્યો છે; અને) ઉદાત્તસ્વરયુક્ત અક્ષરની પાછળનો અક્ષર પણ મૂળમાં અનુદાત્ત સ્વરવાળો જ હોય છે. પરંતુ, એવો નિયમ છે કે તે ઉદાત્ત સ્વરવાળા અક્ષરની પાછળ આવેલો અનુદાત્ત સ્વર સ્વરિતસ્વરમાં(રૂપે) પરિણમે દા. ત., यज्ञेन । → यज्ञेनं ॥ उदात्ताद् अनुदात्तस्य स्वरितः । पा. सू. ८–४–६३ “ઉદાત્ત સ્વરની પાછળ આવેલો અનુદાત્તસ્વર ‘સ્વરિતસ્વર’ રૂપે પરિણમે છે.’ તૈત્તિરીય પ્રાતિશાખ્યમાં પણ કહ્યું છે કે—उदात्तात् परोऽनुदात्तः स्वरितम् ॥ (तै. प्रा. १४–२९). જેમ કે, ઉપર્યુક્ત ઉદાહરણમાં ઉદાત્ત સ્વરવાળા ज्ञे અક્ષરની

પાછળ આવેલો અનુદાત્ત સ્વરવાળો न॒ અક્ષર સ્વરિતસ્વરવાળો (न॑) બને છે. આમ, ઉદાત્તસ્વર–વાળા અક્ષરની પછી(પરમાં) આવેલા જે અનુદાત્ત સ્વરનું સ્વરિતસ્વરમાં પરિવર્તન થાય છે તેનું અંકન કરવા માટે, તે સ્વરિતસ્વરવાળા અક્ષરની ઉપર (।) ઊભી લીટીનો ઉપયોગ કરવામાં આવે છે.

૬. પ્રચયસ્વરનો પરિચય

(૬) પ્રચય : ઉદાત્તાદિ ત્રણ સ્વરોનું વિવરણ કરવાની સાથે જ, પ્રાસંગિક રીતે 'પ્રચય' સ્વરની પણ ચર્ચા કરવી જોઈએ. જે અક્ષરને આશ્રયે સ્વરિત સ્વર રહેલો હોય તેની પાછળ, જ્યાં સુધી અનુદાત્ત સ્વર(ની નિશાની) ન આવે ત્યાં સુધીના વચગાળાના–બધા જ અક્ષરોમાં 'પ્રચય' સ્વર રહેલો હોય છે. ઋગ્વેદ પ્રાતિશાખ્યમાં લખ્યું છે કે स्वरितादनुदात्तानां परेषां प्रचयः स्वरः । (૩–૧૯) ઋગ્વેદમાં આ પ્રચય સ્વરનું પણ અંકન કરવા માટે (ઉદાત્તસ્વરની જેમ જ) કોઈ જ નિશાની કરવામાં આવતી નથી. પરંતુ આપણી સગવડ/ઓળખ ખાતર આવા પ્રચય સ્વરવાળા અક્ષર નીચે આપણે (×) ચોકડીની નિશાની મૂકીશું.

ઋગ્વેદના પહેલા મન્ત્રને ઉદાહરણ તરીકે લઈને આ દરેક ઉદાત્તાદિ સ્વરને જોઈશું.

अ॒ग्नि̥मी॑ळे͓ पु॒रो̥हि॑तं͓ य॒ज्ञ̥स्य॑ दे॒व̥मृ॒त्वि̥जं॑म् ।
हो̥ता॑रं͓ र͓त्न॒धा̥तं॑म͓म् ॥ (ऋ. सं. १–१–१).

ઉપર કહ્યું છે તેમ ઋગ્વેદ(ની મુદ્રિત આવૃત્તિઓ કે હસ્તલિખિત પ્રતો)માં ઉદાત્ત અને પ્રચયને નોંધવા માટે કોઈ ચિહ્ન વપરાયું/તું નથી. (આથી તે બે સ્વરોની ઓળખ દુષ્કર બને છે.) પરંતુ આપણી સગવડ ખાતર, તે બે સ્વરોને અલગ તારવીને ઓળખવા માટે આપણે તે બેને અનુક્રમે (o) બિન્દુ અને (×) ચોકડીની નિશાનીથી દર્શાવ્યા છે.

૭. સંહિતાપાઠ અને પદપાઠનો સંબંધ

યજ્ઞક્રિયાઓ દરમ્યાન ઋષિઓને 'પવિત્ર જ્ઞાન' સમા વેદમન્ત્રોનું દર્શન થયું હતું. આ વેદમન્ત્રોનો મૂળપાઠ (Text) હાલમાં મુખ્યત્વે બે પ્રકારે મળે છે : (क) સંહિતાપાઠ અને (ख) પદપાઠ. દા. ત., ઋગ્વેદનો સૌથી પહેલો મન્ત્ર જોઈશું :

(क) સંહિતાપાઠ :

अ॒ग्निमी॑ळे पु॒रोहि॑तं यज्ञ॒स्य॑ दे॒वमृ॒त्विज॑म् ।
होता॑रं रत्न॒धात॑मम् ॥ (ऋ. सं. १–१–१)

આમ સંહિતાપાઠ એટલે બે પદો વચ્ચે સન્ધિ કરીને લખેલો/ઉચ્ચારેલો પાઠ.

(ख) પદપાઠ :

अ॒ग्निम् । ई॒ळे । पु॒रःऽहि॑तम् । य॒ज्ञस्य॑ ।
दे॒वम् । ऋ॒त्विज॑म् । होता॑रम् । र॒त्न॒ऽधात॑मम् ॥

અહીં બે પદો વચ્ચેની સંહિતા = સન્ધિ છોડી નાખીને – ૧. સન્ધિને કારણે થયેલા ધ્વનિવિકારો–ધ્વનિપરિવર્તનો ને દૂર કરીને, વિભક્ત્યન્ત પદોને મૂળ સ્થિતિમાં લાવી દઈને; તે ૨. પ્રત્યેક પદને અલગ અલગ દર્શાવવામાં આવે છે; તથા ૩. પ્રત્યેક પદની પાછળ પૂર્ણવિરામ દર્શાવતો ઊભો દંડ મૂકવામાં આવે છે.

યાસ્કે (ઈ. સ . પૂર્વે ૬૦૦) પોતાના 'નિરુક્ત' નામના વેદાંગમાં આ 'સંહિતા'નું લક્ષણ આપતાં લખ્યું છે કે पदप्रकृतिः संहिता । (अ. १). જો કે આ લક્ષણ યાસ્કની પણ પૂર્વે 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય'માં આચાર્ય શૌનકે રજૂ કર્યું જ છે. 'સંહિતા'નું લક્ષણ રજૂ કરતાં આ વાક્યમાં બે રીતે અર્થઘટન કરવામાં આવ્યાં છે. જેમકે,

(१) पदप्रकृतिः (= ષષ્ઠી તત્પુરુષ સમાસ લઈએ તો) पदानां या प्रकृतिः सेयं पदप्रकृतिः संहिता । અર્થાત્ પદોની જે પ્રકૃતિ છે, તેને 'સંહિતા' કહેવાય છે. કારણ સંહિતામાંથી જ પદોને છૂટાં પાડવામાં આવ્યાં છે. આથી વેદમન્ત્રોનો સંહિતાપાઠ એ જ મૂળ પ્રકૃતિ છે; અને પદપાઠ એ (પાછળથી ઊભી કરવામાં આવેલી) વિકૃતિ છે.

(૨) पदप्रकृतिः (= બહુવ્રીહિ સમાસ લઈએ તો–) पदानि प्रकृतिः यस्याः सा पदप्रकृतिः संहिता । અર્થાત્ પદો છે પ્રકૃતિ જેની; તેને 'સંહિતા' કહે છે. કારણ કે પદોને ભેગાં કરીએ; પદોને પરસ્પર જોડીએ ત્યારે (તેમાંથી) સંહિતાપાઠ ઊભો થાય છે. આમ વેદમન્ત્રમાં વપરાયેલાં પૃથક્ પૃથક્ ક્રિયાપદ અને નામપદો જ (વેદમન્ત્રની) મૂળ પ્રકૃતિ છે; અને એ પદોને સન્ધિથી પરસ્પર જોડી દીધા પછી ઊભો કરેલો સંહિતાપાઠ તે વિકૃતિ છે. ભર્તૃહરિ (ઇ. સ. ૪૫૦) એ પણ પોતાના 'વાક્યપદીય'માં આ દ્વિવિધ અર્થઘટન તરફ અંગુલિનિર્દેશ કરતાં લખ્યું છે કે– पदानां संहिता योनिः, संहिता वा पदाश्रया । (वा. प.)

આમ પ્રાચીન સમયથી पदप्रकृतिः संहिता । એ વાક્યના બન્ને પ્રકારનાં અર્થઘટન પ્રચલિત થયા હોવાથી એ નક્કી કરવું મુશ્કેલ છે કે ઋષિઓએ વેદમન્ત્રોનું દર્શન 'સંહિતા' સ્વરૂપે કર્યું હતું કે પૃથક્–પૃથક્ પદ રૂપે કર્યું હતું ! અહીં પદપાઠ પહેલાં રચાયો કે સંહિતાપાઠ પહેલો રચાયો ? એ પ્રશ્ન વિવાદગ્રસ્ત જ રહેવાનો છે. છતાંય મન્ત્રવાઙ્મયની રચના કેવળ પદોમાં જ થઈ હોય એવું માની શકાતું નથી. બીજી તરફ, અનેક મન્ત્રોમાં કેટલાક સંહિતાવિકારોને દૂર કરવાથી (જ)

તેનું છન્દોભંગત્વ દૂર કરી શકાય છે. (એવું **Vedic Metere** નામના પુસ્તકમાં પ્રોફે. આર્નોલ્ડે કહ્યું છે.) આથી અનેક પાશ્ચાત્ય વિદ્વાનો એવું માને છે કે ઋગ્વેદનું સંહિતારૂપ કાલાન્તરમાં નિશ્ચિત થયું છે અને મૌલિક રચનામાં (= વેદમન્ત્રોનું પહેલ વહેલું 'દર્શન' થયું ત્યારે) સર્વત્ર સન્ધિ નહોતી કરવામાં આવી. પ્રોફે. મેક્ડોનલના મતે—ઐતરેય બ્રાહ્મણના રચનાકાળ સુધી ઋગ્વેદનું સંહિતારૂપ તૈયાર નહોતું થયું. (જુઓ History of Sanskrit Literature, p. : 50) આથી અનેક વિદ્વાનો એવું માને છે કે ઋગ્વેદનું મૂળ સ્વરૂપ વર્તમાન 'સંહિતા' રૂપથી ભિન્ન હશે. પૂનાના પ્રોફે. એસ્ટેલરે All India Orintal Conference ૧૮, ૨૦ અને ૨૧ મા અધિવેશનોમાં આ વિષેનાં શોધપત્રો રજૂ કર્યાં છે; અને તેમાં ઋગ્વેદના મૂળ રૂપનું પુનર્નિર્માણ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે; જો કે પ્રોફે. કે. વી. અભ્યંકર સાહેબે એનો સયુક્તિક પ્રતિવાદ પણ કર્યો છે.

૮. પદપાઠકારો

પરંપરાથી સંહિતાપાઠ રૂપે મળેલા વેદમન્ત્રોનો પદપાઠ તૈયાર કરનારને પદकार (કે પદપાઠકાર) તરીકે ઓળખવામાં આવે છે. ('વ્યાકરણ મહાભાષ્ય'માં પતંજલિએ આવા એક 'પદકાર'નો 1–1–6 અને 3–1–109 સૂત્રભાષ્યમાં ઉલ્લેખ કર્યો છે.) આ રીતે વેદાભ્યાસની પરિપાટીમાં ઋગ્વેદના 'પદપાઠકાર તરીકે **શાકલ્ય**નું નામ, સામવેદના પદપાઠકાર તરીકે **ગાર્ગ્ય**નું નામ અને તૈત્તિરીય સંહિતાના પદપાઠકાર તરીકે **આત્રેય**નું નામ સાંભળવા મળે છે.

૯. પદપાઠનું મહત્ત્વ

શાકલ્ય મુનિએ ઋગ્વેદના મન્ત્રોનો જે પદપાઠ તૈયાર કર્યો છે તેના દ્વારા 'વેદરક્ષા'નું કાર્ય આરંભાય છે. જેમકે, (क) પદપાઠને આધારે એક વિશિષ્ટ આયાસ કરીને વેદમન્ત્રના શબ્દ સ્વરૂપને સાચવવામાં આવે છે; (ख) વેદમન્ત્રોનું અર્થઘટન કરવામાં તે (પદપાઠ) ને પ્રાથમિક પ્રમાણ તરીકે ઉપયોગમાં લેવાય છે. (ग) અને મૂળ મન્ત્રની પ્રાચીનતા/પ્રામાણિકતા નક્કી કરવા તે સહાયક બને છે.

આ ત્રણેય મુદ્દાને વિગતે સમજવા પડશે :

(क) આપણે જાણીએ છીએ તેમ પદપાઠને આધારે જ આઠેક પ્રકારની 'વિકૃતિ'ઓ કરીને બ્રાહ્મણોએ વેદના શબ્દસ્વરૂપને યથાવત્ સાચવી રાખ્યું છે.*

---

* પ્રકૃતિભૂત સંહિતાપાઠમાંથી, સન્ધિ છોડીને જે પદપાઠ તૈયાર કર્યો છે તે પણ પહેલા પ્રકારની 'વિકૃતિ' છે.

જેમકે, 'ચરણવ્યૂહ' ઉપરના મહિદાસકૃત ભાષ્યમાં આ આઠ વિકૃતિઓ નીચે પ્રમાણે દર્શાવી છે :

जटा माला शिखा रेखा ध्वजो दण्डो रथो घनः ।
अष्टौ विकृतयः प्रोक्ताः क्रमपूर्वा महर्षिभिः ॥

અર્થાત્ **શાકલ્યે તૈયાર કરેલા પદપાઠને આધારે જ** ૧. જટાપાઠ ૨. માલાપાઠ ૩. શિખાપાઠ ૪. રેખાપાઠ ૫. ધ્વજપાઠ ૬. દંડપાઠ ૭. રથપાઠ અને ૮. ઘનપાઠ તૈયાર કરવામાં આવ્યા છે.

વેદમન્ત્રનો એકાદ શબ્દ પણ ખોવાઈ ના જાય—વિસ્મૃત કે વિકૃત ના થઈ જાય એની કાળજી રાખવા માટે બ્રાહ્મણ જાતિના લોકોએ, પદપાઠને આધારે જે ઉપર્યુક્ત આઠ વિકૃતિઓ તૈયાર કરી તેમાંથી ત્રણેકના નમૂના જોઈશું :

૧. ક્રમપાઠ : આ પ્રકારના પાઠમાં પદપાઠનાં દરેક શબ્દને બે વાર બોલવામાં આવે છે. એક શબ્દને આગળ આવી ગયેલા શબ્દની સાથે, તેમજ પાછળ આવતા શબ્દની સાથે પણ જોડવામાં આવે છે. ઉદા. ત. अ, ब, क અને ड—એને આપણે ચાર શબ્દો ગણી લઈએ તો તેમને ક્રમપાઠમાં આ પ્રમાણે બોલાય : अब, बक, कड........ ।

अग्निमीळे पुरोहित यज्ञस्य देवमृत्विजम् । होतारं रत्नधातमम् ॥ (સંહિતાપાઠ). આ મન્ત્રનો પદપાઠ થશે – अग्निम् । ईळे । पुरःऽहितम् । यज्ञस्य । देवम् । ऋत्विजम् । होतारम् । रत्नऽधातमम् ॥ (-પદપાઠ) આ પદપાઠમાંથી ક્રમપાઠ બનાવીશું તો તે આ રીતે થશે—

अग्निम् ईळे, ईळे पुरोहितम्, पुरोहितम्
यज्ञस्य, यज्ञस्य देवम्, देवम् ऋत्विजम् ॥ વગેરે.

૨. જટાપાઠ : જટાપાઠ એટલે ગૂંથેલો પાઠ. તેમાં દરેક જોડકું ત્રણ ત્રણ વાર બોલાય છે; અને બીજી વાર બોલાય છે તે વિપરીત ક્રમમાં બોલાય છે. જેમકે, માની લો કે—

अग्निम् ईळे पुरोहितम् यज्ञस्य देवम् = એવા પાંચ શબ્દો છે.
अ ब क ड च

તેના જટાપાઠમાં – अब, बअ, अब/बक, कब बक/कड, डक, कड એમ બોલાય છે. દા. ત. अग्निम् ईळे, ईळे अग्निम्, अग्निम् ईळे । ईळे पुरोहितं, पुरोहितम् ईळे, ईळे पुरोहितम् । पुरोहितं यज्ञस्य, यज्ञस्य पुरोहितम्, पुरोहितं यज्ञस्य । વગેરે.

૩. ઘનપાઠ : પદપાઠને આધારે વેદમન્ત્રોના શબ્દોની ગૂંથણીની પરાકાષ્ઠા તો આ ઘનપાઠમાં થતી જોવા મળે છે. જેમ કે,

अब, बअ, अबक, कबअ, अबक,
बक, कब, बकड, डबक, बकड;
कड, डक, कडच, चडक, कडच વગેરે.

ઉદા. તરીકે –

(१) अग्निम् ईळे, ईळे अग्निम्, अग्निम् ईळे पुरोहितं,
पुरोहितम् ईळे अग्निम्, अग्निम् ईळे पुरोहितम् ।
(२) ईळे पुरोहितं, पुरोहितम् ईळे, ईळे पुरोहितं यज्ञस्य,
यज्ञस्य पुरोहितम् ईळे, ईळे पुरोहितं यज्ञस्य ।
(३) पुरोहितं यज्ञस्य, यज्ञस्य पुरोहितं, पुरोहितं यज्ञस्य देवं, देवं
यज्ञस्य पुरोहितं, पुरोहितं यज्ञस्य देवम् ॥ વગેરે.

(ख) વેદમન્ત્રોનું અર્થઘટન કરવા માટે સૌથી પહેલા પદપાઠને જ ધ્યાન ઉપર લેવો જોઈએ. જેમકે ૧ (१) अवसाय पद्वते रुद्र मृळ (ऋ ० १०–१६९–१) [અર્થાત્ "હે રુદ્ર ! પગવાળા ભોજનનું કલ્યાણ કરો."]માં અને ૧ (२) अवसायाश्वान् ० । (ऋ. ૧–૧૦૪–૧) [અર્થાત્ "(રથની સાથે જોડેલા) ઘોડાઓને છોડી નાખીને ..."] એ મન્ત્રમાં એકસરખો अवसाय શબ્દ આવેલો છે. હવે જો આપણી સામે કેવળ સંહિતાપાઠ જ રાખીએ તો પૂર્વોક્ત પહેલા મન્ત્રમાં अवसायनो શો અર્થ કરવો ? અને બીજા મન્ત્રમાંના अवसायनो શો અર્થ કરવો ? એવો સંદેહ ઊભો થાય છે. આવે પ્રસંગે પદપાઠકારોએ આ પદને કેવી રીતે જોયો છે = કેવી રીતે પૃથક્કૃત કરીને પદપાઠમાં દર્શાવ્યો છે ? એ તપાસવું ખૂબ જરૂરી = ઉપકારક બને છે. જેમકે, ૧૦–૧૬૯–૧માંના अवसाय શબ્દને પદપાઠમાં એક અખંડ પદ રૂપે રજૂ કર્યો છે, જ્યારે ૧–૧૦૪–૧માંના अवसाय શબ્દને પદપાઠમાં अवऽसाय । એ રીતે અવગ્રહથી પૃથક્કૃત કરીને દર્શાવ્યો છે. આથી સૂચિત થાય છે કે ૧૦–૧૬૯–૧માં ગત્યર્થક – अव ધાતુને अस એવો નામસાધક પ્રત્યય લગાડવામાં આવ્યો છે (કે જેનો અર્થ 'માર્ગ ઉપર જનારું પ્રાણી = ગાય એવો કરવાનો છે); તથા ૧–૧૦૪–૧માં 'છોડી નાખવું' અર્થવાળા (–सो ધાતુને अव ઉપસર્ગ લગાડવામાં આવ્યો છે–એ સ્પષ્ટ કરવા પદપાઠકારોએ અવગ્રહની મદદથી अव ઉપસર્ગને જુદો દર્શાવ્યો છે. આમ પદપાઠને જોયા પછી જ જે તે પદ દૃષ્ટિએ ક્યું પદ હશે એ નક્કી કરી શકાય છે. બીજું એક ઉદાહરણ લઈશું. ૨. (१) दूतो निर्ऋत्या इदमा जगाम । (ऋ . १०–१६५–१) માં અને ૨

(२) परो निर्ऋत्या आ चक्ष्व. । (ऋ. . १०–१६४–१)માં એકસરખો निर्ऋत्या શબ્દ આવેલો છે. પણ આ બન્ને જગ્યાએ એનો જે પદપાઠ કરવામાં આવ્યો છે તે અનુક્રમે । निःऋत्या । અને । निःऽऋत्यै । એ પ્રમાણે જોવા મળે છે. આથી આ બન્ને પદોના વ્યાકરણિક સ્વરૂપ બાબતે સ્પષ્ટતા મળી જાય છે કે પહેલા (૧૦–૧૬૫–૧) મન્ત્રમાં निर्ऋति શબ્દનું પંચમી/ષષ્ઠી વિભક્તિ એકવચનનું રૂપ વપરાયું છે; અને બીજા (૧૦–૧૬૪–૧) મન્ત્રમાં निर्ऋति શબ્દનું ચતુર્થી વિભક્તિ એકવચનનું રૂપ વપરાયું છે, (તેથી તે તે વિભક્તિ અનુસાર એ પદોના અર્થો કરવાના છે).

આમ પદપાઠને જોયા પછી જ મન્ત્રમાં વપરાયેલા પ્રત્યેક પદનો અર્થ સ્પષ્ટ થતો જાય છે. આ દૃષ્ટિએ જ વિદ્વાનો પદપાઠને “વેદમન્ત્રના અર્થને સ્પષ્ટ કરનાર અને સાચવનાર પ્રથમ વ્યાખ્યાન” ગણે છે.

(ग) વેદમન્ત્રની પ્રાચીનતા/પ્રામાણિકતા નક્કી કરવામાં પણ પદપાઠ એક રીતે સહાયક બને છે. જેમ કે ઋગ્વેદના (૧) ૭–૫૯–૧૨, (૨) ૧૦–૧૯૦–૧, (૩) ૧૦–૨૦–૧, (૪) ૧૦–૧૯૦–૨, (૫) ૧૦–૧૨૧–૧૦ અને (૬) ૧૦–૧૯૦–૩- આ છ મન્ત્રોનો શાકલ્યે પદપાઠ આપ્યો નથી, પણ સંહિતાપાઠ રૂપે જ ફરીથી પદપાઠમાં મૂક્યો છે ! વળી, ખિલસૂક્તનો તો શાકલ્યે પદપાઠમાં (સંહિતારૂપે પણ) સમાવેશ કર્યો નથી. આથી કેટલાક વિદ્વાનો આવા મન્ત્રોને શાખાન્તરમાંથી, (વેદાન્તરમાંથી પાછળથી અહીં ઋગ્વેદમાં) આવેલાં ગણે છે.

આમ પદપાઠનું ઉપર્યુક્ત ત્રણેય દૃષ્ટિએ ખૂબ મહત્ત્વ છે.

૧૦. પદપાઠની ભૂમિકા

શાકલ્ય મુનિએ વેદમન્ત્રોનો પદપાઠ તૈયાર કર્યો હશે ત્યારે એમના મનમાં પદપાઠનો મુખ્ય સિદ્ધાન્ત એ રહ્યો લાગે છે કે સંહિતા (= સન્ધિ)–ના નિમિત્તે બે પદોની વચ્ચે થયેલા બધા જ ધ્વનિવિકારોને દૂર કરીને તેને એના મૂળ/શુદ્ધ રૂપે–પ્રકૃતિ સ્વરૂપે–રજૂ કરવાં. પરિણામે, તેમણે પદસંહિતાના નિમિત્તે થયેલાં દીર્ઘત્વ, ગુણ, વૃદ્ધિ, લોપ અનુનાસિકત્વ, અનુસ્વારત્વ, તાલવ્યભાવ, મૂર્ધન્યભાવ, વિસર્જનીયવિકાર આદિને દૂર કરીને પદપાઠમાં પદોને અસંહિત રૂપે રજુ કર્યાં છે. વળી, અર્થબોધના પ્રસંગે કોઈ વિપ્રતિપત્તિ ના રહે એટલા માટે જ્યાં ઉપસર્ગનો ધાતુની સાથે સંયોગ કરીને સંહિતાપાઠમાં રજૂઆત થઈ હોય કે બે નામપદો વચ્ચે સમાસ થયો હોય ત્યાં ત્યાં તેવા બે જુદા જુદા અર્થઘટકોને અવગ્રહની મદદથી પૃથક્કૃત કરીને પદપાઠમાં દર્શાવ્યા છે. એ જ પ્રમાણે, અમુક વ્યાકરણિક કોટિ

સ્પષ્ટ કરવા માટે એમણે, તેવાં રૂપોને પદપાઠમાં મૂકીને તેની પાછળ इति એવો નવો શબ્દ ઉમેર્યો છે. (આવા દરેક મુદ્દાનું વિગતે સોદાહરણ વર્ણન આગળ ઉપર કરીશું.)

હવે, પદપાઠની પ્રક્રિયામાં જે એક–બે પારિભાષિક શબ્દો વપરાય છે તેનો પરિચય કરી લઈશું. સંહિતામાં પદચ્છેદ કરીને, સન્ધિજન્ય વિકારોને દૂર કરીને પદોનું જે પ્રકૃતિદર્શન કરાવવામાં આવે છે તેને समापत्ति (= પદને મૂળ સ્થિતિમાં મૂકી બતાવવું.) કહેવામાં આવે છે તથા પદચ્છેદ કરીને દર્શાવેલા પ્રત્યેક પદને समापाद्य (= મૂળ સ્થિતિમાં લાવીને મૂકેલું) કહે છે.

બીજું, પદપાઠની પ્રક્રિયામાં–૧ ઉપર્યુક્ત 'સમાપત્તિ'નું કામ કરવા ઉપરાંત; ૨. બે પદો વચ્ચે સન્ધિ થવાથી પૂર્વ પદનો અંતિમ સ્વર અને તેની પાછળના પદનો આદિસ્વર પણ પરસ્પરમાં મળીને, સંહિતાપાઠમાં તે જુદી રીતે વ્યક્ત થયા હોય છે. હવે, સંહિતાને કારણે પરિવર્તિત થયેલાં આવાં બે પદોના ઉદાત્તાદિ સ્વરને પણ મૂળ સ્થિતિમાં લાવી પદપાઠમાં દર્શાવવાના હોય છે.

૧૧. 'સમાપત્તિ'ના નિયમો

ઋગ્વેદના મન્ત્રોનો શાકલ્યે જે પદપાઠ રજૂ કર્યો છે તેના એક–બે નમુના જોઈશું. ત્યાર પછી, બે પદો વચ્ચેના સન્ધિજન્ય વિકારો દૂર કરીને, એના મૂળ સ્વરૂપે સ્થાપતી વખતે–સમાપત્તિ કરતી વખતે–શાકલ્યે કયા નિયમો કામે લગાડ્યા છે ? એનો અભ્યાસ શરૂ કરીશું.

ઉદાહરણ–૧ (સંહિતાપાઠ)

न त्वावाँ॑ अ॒न्यो दि॒व्यो न पार्थि॑वो॒ न जा॒तो न ज॑निष्यते ।
अ॒श्वा॒यन्तो॑ मघवन्निन्द्र वा॒जिनो॑ ग॒व्यन्त॑स्त्वा हवामहे ॥
(ऋ. ७–३२–२३)

પદપાઠ :

न । त्वाऽवा॑न् । अ॒न्यः । दि॒व्यः । न । पार्थि॑वः । न । जा॒तः । न । ज॒नि॒ष्य॒ते॒ । अ॒श्व॒ऽयन्त॑ः । म॒घ॒ऽव॒न् । इ॒न्द्र॒ । वा॒जिन॑ः । ग॒व्यन्त॑ः । त्वा॒॑ । ह॒वा॒म॒हे॒ ॥

અહીં, સંહિતાપાઠના પદોની વચ્ચે થયેલી સન્ધિઓને દૂર કરી દેતી વખતે શાકલ્યે જે કેટલાક સન્ધિજન્ય વિકારોને દૂર કર્યા છે તે નીચે પ્રમાણે છે :

	સંહિતાપાઠમાં		પદપાઠમાં
(१)	त्वावाँ	→	। त्वाऽवान् ।
(२)	अन्यो	→	। अन्यः ।

(३) अश्वायन्तो → । अश्वऽयन्तः ।
(४) मघवन्निन्द्र → । मघऽवन् । इन्द्र ।
(५) गव्यन्तस्त्वा → । गव्यन्तः । त्वा ।

અહીં પહેલા ઉદાહરણમાં સંહિતાપાઠમાં જોવા મળતા અનુનાસિકત્વને દૂર કરવામાં આવેલ છે. બીજા ઉદા.માં अन्यो પદમાંના ओ કારને પદપાઠમાં વિસર્ગ (ः) રૂપે ફેરવવામાં આવેલ છે. ત્રીજા ઉદા.માં આ મન્ત્રના છન્દો બંધારણને જાળવવા પાદારંભે આવેલા બીજા અક્ષરને 'ગુરુ' કરવા જે દીર્ઘત્વ કરવામાં આવ્યું છે, તેને પદપાઠમાં ફરીથી મૂળ હ્રસ્વ રૂપે (= अश्वा → अश्व) ફેરવવામાં આવ્યું છે ચોથા ઉદા.માં બે न् કારમાંથી એક नुट् આગમનો न् કાર પદપાઠમાં પાછો ખેંચી લેવામાં આવ્યો છે તથા પાંચમા ઉદા.માં જે स्‌કારનું શ્રવણ થાય છે તેને પદપાઠમાં વિસર્ગરૂપે સ્થાપવામાં આવેલ છે.

ઉદાહરણ–૨ (સંહિતાપાઠ)

यत्रा॒ वदै॑ते॒ । अव॑रः॒ पर॑श्च यज्ञ॒न्यो॑ः कत॒रो नौ॒ वि वे॑द ।
(ऋ. १०–८८–१७)

પદપાઠ :

यत्र॑ । वदै॑ते॒ इति॑ । अव॑रः । पर॑ः च॒ ।
य॒ज्ञ॒ऽन्यो॑ः । क॒त॒रः । नौ॒ । वि । वे॒द॒ ॥

અહીં (૧) સંહિતાપાઠના वदेते પદને, પદપાઠમાં એક નવા इति શબ્દનો ઉમેરો કરીને દર્શાવ્યું છે; તથા (૨) यज्ञन्योः પદ (સામાસિક પદ છે એવું સ્પષ્ટ કરવા તે)ને પદપાઠમાં અવગ્રહ સાથે દર્શાવ્યું છે.— આમ હવે એ તપાસવાનું રહે છે કે પદપાઠકારે સમાપત્તિની (= પદોને સન્ધિમુક્ત કરીને એના મૂળ સ્વરૂપે મૂકી આપવાની) પ્રક્રિયા દરમ્યાન કયા કયા નિયમોનું પાલન કર્યું છે.

(૧) નિયમ : સન્ધિને કારણે થયેલા ધ્વનિવિકારોને દૂર કરવા જોઈએ. જેમકે,

(क) બે સ્વર પાસે પાસે આવવાથી થયેલી સન્ધિ છોડી કાઢવી.

દા.ત. (१) वाजायामृताया → । वाजाय । अमृताय ।
(२) आत्मेन्द्रस्य → । आत्मा । इन्द्रस्य ।
(३) भुवनेष्वर्पितः → । भुवनेषु । अर्पितः ।

(ख) બે વ્યંજન પાસે પાસે આવવાથી થયેલી સન્ધિ છોડી કાઢવી.

દા.ત., (१) सोमं मनीषाः → । सोमम् । मनीषाः ।
(२) सहस्रजिद्धिन्वानो → । सहस्रजित् । हिन्वानः ।
(३) कृत्व्यो रसो → । कृत्व्यः । रसः ।

(ग) એક વ્યંજનની પાછળ સ્વર આવવાથી થયેલી સન્ધિ છોડી કાઢવી.

દા.ત., (१) राजानमस्य → । राजानम् । अस्य ।

(२) क्षरदिन्द्रस्य → । क्षरत् । इन्द्रस्य ।

(३) कोशाँ अचिक्रदत् → । कोशान् । अचिक्रदत् ।

વગેરે વગેરે.

(૨) નિયમ : સન્ધિજન્ય વિકારોને દૂર કરીને પૃથક્કૃત કરેલા પ્રત્યેક (સમાપાદ્ય) પદોની પાછળ ઊભો દંડ મુકવો. જેમ કે,

अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् । (સંહિતા)– अग्निम् । ईळे । पुरःऽहितम् । यज्ञस्य । देवम् । ऋत्विजम् ।

(૩) નિયમ : પાદપાઠમાં इति કરણ ક્યારે કરવું ? એ અંગેનો નિયમ :

(क) દીર્ઘ ई કારાન્ત, દીર્ઘ ऊ કારાન્ત અને ए કારાન્ત દ્વિવચનનાં રૂપોને 'પ્રગૃહ્ય' કહેવામાં આવે છે. આવાં પ્રગૃહ્યસંજ્ઞક પદોની પાછળ પદપાઠમાં इति॑ એવું નવું પદ ઉમેરીને દર્શાવવામાં આવે છે. (આવું નવું ઉમેરેલું इति॑ પદ હંમેશાં આદ્યુદાત્ત હોય છે = ति॑ ની ઉપર સ્વરિતસ્વરની નિશાની મૂકવાની હોય છે.) જેમકે,

द्यावा॑पृथि॒वी → । द्यावा॑पृथि॒वी इति॑ ।

हरी॑ → । हरी॒ इति॑ ।

साधू → । साधू इति॑ ।

उ॒भे य॑तेते॒ → । उ॒भे इति॑ । य॒तेते॒ इति॑ ।

(ख) સંબોધનવાચક ओ કારાન્ત પદો કે ओ કારાન્ત અવ્યયોની પાછળ પણ પદપાઠમાં इति॑ કરણ કરવામાં આવે છે.

१. । वायो॒ इति॑ । २. । इन्द्रो॒ इति॑ । ३. अथो इति । (૧૦–૯૦–૫)

(ग) अस्मद्–युष्मद् ના વેદમાં વપરાયેલાં જે ए કારાન્ત રૂપો હોય તેને પદપાઠમાં इति॑ કરણ સાથે દર્શાવ્યા છે.

अ॒स्मे इति॑ । यु॒ष्मे इति॑ । (૧૦–૭–૪)

(घ) સંહિતામાં આવેલા उ॒ નિપાતને પણ પ્રગૃહ્યસંજ્ઞક ગણીને પદપાઠમાં તેનો દીર્ઘ કરીને, તથા અનુનાસિકત્વની નિશાની સાથે મુકાય છે, અને તેની પાછળ इति॑ કરણ પણ કરાય છે. જેમ કે,

उ॒ → । ऊँ॒ इति॑ ।

(ङ) રિફિત (= રેફમાંથી જન્મેલા) વિસર્જનીયના રેફમૂલત્વને પ્રકટ કરવા માટે પદપાઠમાં इति॑ કરણ કરવામાં આવે છે.

प्रा॒तः सोम॑म्. (७–४१–१) → । प्रा॒तर् इति॑

पुन॑ः सु॒त्यम॑न्त्राः → । पु॒नर् इति॑ ।

अहः स्व॑र्विविदुः (१–७१–२) → । अह॒रिति॑ ।

વિશેષ : રેફાન્ત શબ્દ જો સંહિતામાં પણ રેફયુક્ત જ સંભળાતો હોય (એટલે કે તે રેફનો સંહિતામાં વિસર્ગ ના થઈ ગયો હોય તો) તેવા શબ્દના પદપાઠમાં इति કરણ થતું નથી. દા.ત.

प्रा॒तर॒ग्निम् । (७–४–१) → । प्रा॒तः । अ॒ग्निम् ।

(૪) નિયમ : સંહિતામાંથી પદોને છુટાં પાડીને **પદપાઠમાં દર્શાવીએ ત્યારે કયા કયા પદોમાં વચ્ચે 'અવગ્રહ'ની નિશાની મૂકવામાં આવે છે** એ અંગેના નિયમો :–

(क) ઉપસર્ગ સહિત ક્રિયાપદનો (એકપદ રૂપે) પ્રયોગ થયો હોય ત્યારે પદપાઠમાં તેમને અવગ્રહથી પૃથક્કૃત કરીને દર્શાવાય છે.

૧. उ॒प॒या॒थः (१–३४–१) → । उ॒प॒ऽया॒थः ।

૨. કોઈ ક્રિયાપદમાં બે ઉપસર્ગ વપરાયા હોય તો, પ્રથમ ઉપસર્ગની પાછળ અવગ્રહની નિશાની મુકાય છે :

प्र॒त्या॑वर्तय (६–४७–१) → । प्र॒ति॒ऽआव॑र्तय ।

– વિશેષ : संस्कृतम् । કે संस्कृतः । (५–७६–२, ८–३३–९) શબ્દોને પદપાઠમાં અવગ્રહથી છુટા પડાતા નથી.

(ख) સંહિતામાં આવેલા સામાસિક શબ્દને પદપાઠમાં દર્શાવતી વખતે બે પદોની વચ્ચે અવગ્રહ મૂકીને પૃથક્કૃત કરીને લખાય છે :

पु॒रोहि॑तम् (१–१–१) → । पु॒रऽःहि॑तम् ।

राजपुरुषः → । राजऽपुरुषः ।

– વિશેષ (૧) : બેથી વધારે પદો ભેગા મળીને સામાસિક શબ્દ બન્યો હોય તો છેલ્લા શબ્દની પૂર્વમાં (કેવળ એકવાર) અવગ્રહ વપરાય છે.

– प्र॒जाप॑तिः । → । प्रजाऽपतिः (અહીં प्र + जा + पतिः એવાં ત્રણ પદોનો સમાસ છે).

– प्र॒जाप॑तिसृष्टः । → । प्र॒जाप॑तिऽसृष्टः ।

– વિશેષ (૨) : દેવતા દ્વન્દ્વ સમાસ તથા નઞ્સમાસમાં અવગ્રહ વપરાતો નથી.

– इन्द्रावरुणा । (३–६२–१)→ । इन्द्रावरुणा

– अवीरां: । (७–४–६) → । अवीरां: ।

(ग) भ्याम्, भिस्, भ्यस्, सु વિભક્તિ પ્રત્યયો પણ (પદપાઠમાં) અવગ્રહથી પૃથક્કૃત કરીને દર્શાવાય છે.

समत्सुं (१–६६–६) → । समत्ऽसुं ।

सप्तमातृभि : (१–३४–१) → । सप्तमातृऽभिः ।

पद्भ्यां भूमिर् (१०–९०–१४)→ । पत्ऽभ्याम् ।

વિશેષ : પણ જો भ्याम्, भिस् પ્રત્યયની પૂર્વે દીર્ઘસ્વર (= ગુરુ અક્ષર નહીં) હોય તો અવગ્રહ મુકાતો નથી. દા.ત., देवेभिः । (१–१–५) → । देवेभिः ।

(ङ) અમુક પ્રત્યયો—જેવા કે, ૧. ઇચ્છાદર્શક क्यच् = य પ્રત્યય, ૨. क्वसु = वस् પ્રત્યય અને કેટલાક તદ્ધિતના પ્રત્યયો દા.ત., ૩. मत्—वत् ४. त्व, ५. था, ६. तर – तम, ७. त्रा ८. धा, ९. शस् (शः), १०. ताति, ११. मय પ્રત્યયોને પણ પદપાઠમાં અવગ્રહથી દર્શાવાય છે. જેમ કે,

सुम्नयुः → । सुम्नऽयुः ।

पपिवान् → । पपिऽवान् ।

सप्तीवन्तः → । सप्तीऽवन्तः । (१०–६–६)

इन्द्रवाततमाः → । इन्द्रवातऽतमाः । (,,)

(૫) નિયમ : इतिं કરણ અને અવગ્રહ બન્નેની પ્રવૃત્તિ કરવી પડે એવા સન્દર્ભો :

(क) પ્રગૃહ્યસંજ્ઞક દ્વિવચનનાં રૂપોમાં સમાસ પણ થયો હોય તો તેવા શબ્દના પદપાઠમાં પહેલાં इति કરણ કરીને, પછી સમાસના ઉત્તરપદની પૂર્વે અવગ્રહનો પ્રયોગ થાય છે. જેમકે,

१. संयती → । संयती इतिं सम्ऽयती ।

२. पंथिरक्षीं (१०–१४–११) → । पथिरक्षी इतिं पथिऽरक्षीं ।

(નોંધ : પદપાઠમાં પણ इतिं કરણના પ્રસંગોએ જો સન્ધિ કરવી પડે તો = પ્રાપ્ત થતી હોય તો તેવી સન્ધિ કરવી અનિવાર્ય છે.)

३. अश्वेंइव (३–३३–१) → । अश्वें इवेत्यश्वेंऽइव ।

(ख) સંબોધન પદ, કે જે ओ કારાન્ત (= પ્રગૃહ્યસંજ્ઞક) હોય અને સમાસથી બનેલું હોય તો પદપાઠમાં પહેલાં इतिं કરણ કરીને, **પછી** સમાસના ઉત્તરપદની પૂર્વે અવગ્રહનો પ્રયોગ પણ કરવામાં આવે છે. દા.ત.,

शंतक्रतो (१०–११२–६) → । श॒त॒क्र॒तो॒ इतिं शतऽक्रतो ।

(૬) નિયમ : इतिं કરણ અને 'ચર્ચા' (= પુનરુચ્ચારણ)ના સન્દર્ભો

(क) સંહિતાપાઠમાં જે આખ્યાત પદોના અંતમાં, રેફિત (= રેફમાંથી જન્મેલો) વિસર્જનીય મળે છે; તેના પદપાઠમાં પહેલાં इतिं કરણ, અને પછી તે પદનું પુનરુચ્ચારણ કરવામાં આવે છે. જેમકે,

१. भाः पंरा॒वतंः → । भारि॒ति॒ भाः । पराऽवतंः ।

२. वेदनाकः → । वेदंना । अ॒क॒रित्यंकः । =(अकर् इति अकः)

३. पू॒रवैं कः → । पू॒रवैं । क॒रितिं कः ।

(અહીં किम् સર્વનામનું પુંલિંગ પ્ર.વિ.એ.વ.નું कः રૂપ હોય તો આવું इतिकरण અને 'ચર્ચા થતી નથી. પણ ક્રિયાપદના રૂપ તરીકે कः રૂપ આવ્યું હોય તો જ આવું करि ति कः । થાય છે.)

૪ वह्निंरावः (૩–૫–१) → । आ॒व॒रि॒त्यांवः ।

५. वेः (१०–५–१) → । वेरि॒ति॒ वेः ।

(૭) નિયમ : છાન્દસદીર્ઘ (= સામવશ) સન્ધિવાળાં પદોના પદપાઠની વ્યવસ્થા અંગેનો નિયમ

(क) ઋચાઓ છન્દોબદ્ધ હોવાથી ક્યારેક છન્દો બંધારણ મેળવવા માટે અમુક નિપાતોને સંહિતાપાઠમાં દીર્ઘ (સ્વરાન્ત) કરીને વાપર્યા હોય છે. તેમનો પદપાઠ કરતી વેળાએ તેમને ફરીથી હ્રૂસ્વ કરીને દર્શાવવાના હોય છે. જેમકે–

अच्छा → अच्छ । अथां (१०–१४–१०) → । अथं । घा॒ → (१०–१०–१०) । घ॒ । આવાં કેટલાંક અવ્યયપદો આ પ્રમાણે છે : अच्छ, अति, अथ, अद्य, अध, अव, उत, एव, किल, घ, न, प्र, स्म, ह, इव, इह, च , अत्र, उभयत्र, कुत्र, तत्र, नु વગેરે.

(ख) આથી ઉલટું 'उ' એવા નિપાત = અવ્યયની બાબતમાં જોવા મળે છે. જેમકે, તે उ અવ્યય સંહિતાપાઠમાં હ્રૂસ્વ સ્વર રૂપે વપરાયો હોય છે, પણ તેને પદપાઠમાં દર્શાવવાનો હોય તો તેને દીર્ઘ ऊ કરીને સાનુનાસિક (=અનુનાસિકત્વની બિન્દી ચઢાવીને इति કરણ સાથે) વાપરવાનો હોય છે :

उ → । ऊँ॒ इतिं ।

*

આ નિયમોની મદદથી સૌથી પહેલાં જે સંહિતાપાઠ આપેલો હોય, તેમાંથી એક પછી એક પદને **(૧) સન્ધિ છોડી કાઢીને** તેના મૂળ સ્વરૂપમાં લાવીને, પ્રત્યેક પદને બે ઊભા દંડની વચ્ચે મૂકી દેવાં; તથા (૨) તેવે વખતે ઉપર વર્ણવેલા નિયમો મુજબ જો તે પદમાં અવગ્રહ મૂકવાની જરૂર હોય, इति કરણથી દર્શાવવાની જરૂર હોય (વગેરે) તો તે મુજબ સંસ્કાર કરીને તેને પદપાઠમાં = બે ઊભા દંડની વચ્ચે દર્શાવવા. **આટલું 'સમાપત્તિ'નું કાર્ય કરી લીધા પછી** (૩) સંહિતાપાઠમાં (જ) જે બે નિશાનીઓ [૧. અનુદાત્તની અને ૨. સ્વરિતની] આપી હોય, તેની મદદથી બાકીના બે (= પ્રકટપણે નહિ દર્શાવેલા) સ્વરો (= ઉદાત્ત/અથવા સ્વતન્ત્ર સ્વરિત અને ૨. પ્રચય]ને શોધી કાઢવા આ માટેના નિયમો નીચે પ્રમાણે છે :

૧૨. સંહિતામાંથી ઉદાત્ત / સ્વતન્ત્ર સ્વરિત અને પ્રચય શોધવાના નિયમો

ભૂમિકા : ૧ (क) પાણિનિએ વૈદિક મન્ત્રો(ના પદપાઠ)નો અભ્યાસ કરીને એક તારણ રજૂ કર્યું છે. अनुदात्तं पदम्, एकवर्जम् । पा. सू. ६–१–१५२ "વેદ મન્ત્રોના દરેક પદમાં એક અક્ષરને છોડીને, બાકીના દરેક અક્ષર અનુદાત્ત સ્વરવાળા હોય છે." દા.ત., यज्ञेन એવા પદમાં ज्ञे અક્ષરમાં માની લો કે ઉદાત્ત સ્વર (ધર્મ) રહેલો છે, તો તે 'ज्ञे' સિવાયના બાકીના બે અક્ષર (य અને न) અનુદાત્ત સ્વર (ધર્મ)વાળા હોવાના જેમ કે, य॒ज्ञेन॒ ॥

હવે, પાણિનિનું બીજું નિરીક્ષણ એ છે કે उदात्ताद् अनुदात्तस्य स्वरितः । पा. सू. ८–४–६३ અર્થાત્–" ઉદાત્ત સ્વરવાળા અક્ષરની પાછળ જે અક્ષર અનુદાત્ત સ્વરવાળો આવેલો હોય, તે સ્વરિત સ્વરવાળો બની જાય છે." જેમ કે य॒ज्ञेन॒ → य॒ज्ञेनं ॥ (આમ ज्ञे ના ઉદાત્તની પાછળ આવેલો न॒ નો અનુદાત્ત સ્વર સ્વરિત સ્વરમાં ફેરવાઈ જાય છે.)

૧. (ख) ઉપર જે ६–१–१५२ સૂત્ર રજૂ કર્યું છે તે મુજબ "વેદમન્ત્રના પ્રત્યેક પદમાં કોઈ એક અક્ષરને વર્જીને = છોડીને બાકીના અક્ષરો (જ) અનુદાત્ત હોય છે." એમ જે કહેવાયું છે તેનો ગર્ભિતાર્થ એ છે કે અનુદાત્ત સ્વરવાળા અક્ષરોમાંથી જે એક અક્ષરને છોડી દેવાની વાત છે તે એક અક્ષર કયા સ્વરવાળો હશે ? તો એ એક સ્વર ઉદાત્ત સ્વરવાળો અક્ષર હશે. ચાર પ્રકારના સ્વરો (= સ્વરધર્મો)માંથી [૧. ઉદાત્ત, ૨. અનુદાત્ત, ૩. (પરતન્ત્રી) સ્વરિત અને ૪. પ્રચયમાંથી] પ્રધાન સ્વર તે આ ઉદાત્ત સ્વર જ ગણાય છે.

[ક્યારેક કોઈક પદમાં પ્રધાન સ્વર રૂપે ઉદાત્ત સ્વર ના હોય, તો ત્યાં એક 'સ્વતન્ત્ર સ્વરિત સ્વર' હોવાની સંભાવના છે. આવો 'સ્વતન્ત્ર સ્વરિત' પણ ઉદાત્તની સમકક્ષ પ્રધાન સ્વર જ ગણાય છે. પાણિનિના મનમાં एकवर्जम् શબ્દથી

પ્રત્યેક પદમાં કાં તો એક ઉદાત્ત સ્વર કે કાં તો સ્વતન્ત્ર સ્વરિત સ્વર હશે. (અને એ સિવાયના અક્ષરોમાં બીજા બધા અક્ષરો અનુદાત્ત હોવાના) એમ કહેવું અભીષ્ટ છે. આવા સ્વતન્ત્ર સ્વરિત સ્વર વિષે હવે પછીના પૃષ્ઠોમાં વિસ્તારથી ચર્ચા કરીશું.]

૧. (ગ) ક્યારેક વેદના અમુક શબ્દો, જેવા કે—દેવતાવાચક બે નામોનો દ્વન્દ્વ સમાસ થયો હોય ત્યાં દેવતા દ્વન્દ્વ સમાસવાળા પદમાં એકને બદલે બે પ્રધાન સ્વર = ઉદાત્ત સ્વરવાળા અક્ષરો હોઈ શકે છે : દા.ત. मित्रावरुं णा । द्यावापृथिवी । અહીં બિન્દીવાળા અક્ષરો ઉદાત્તસ્વરવાળા છે.)

આ સિવાય અન્ય પદો, દા.ત., बृहस्पतिं । માં પણ બે ઉદાત્ત સ્વર મળે છે. (આવા પદોને ‘દ્વ્યુદાત્ત—પદ’ કહે છે.)

૨. વેદમંત્રના પ્રત્યેક પદમાં **સામાન્ય રીતે** તો એક અક્ષર ઉદાત્ત સ્વરવાળો (કે ક્યારેક સ્વતન્ત્ર સ્વરિત સ્વરવાળો) હોવાનો જ. પણ ક્યારેક તેવું ના હોય, અર્થાત્ કોઈ પદમાં બધા જ અક્ષરો અનુદાત્ત સ્વરવાળા હોય તો એવું થવું – એવું પદ મળવું – શક્ય છે. દા.ત. વેદમંત્રમાં ૧. જે મુખ્ય વાક્યનું ક્રિયાપદ હોય, ૨. अस्मद्-युष्मद्નાં વૈકલ્પિક नः, वः જેવાં રૂપો હોય, इदम् નું વૈકલ્પિક एनम् રૂપ હોય; ૩. અમુક उ, च વગેરે નિપાતો = અવ્યયો હોય કે ૪. પાદાદિમાં ન આવેલું હોય એવું સંબોધન પદ હોય તો તે ‘સર્વાનુદાત્ત’ પદ હોય છે. અર્થાત્ આવાં પદોમાં બધા જ અક્ષરો અનુદાત્ત સ્વરવાળા હોય છે.

૩. આ પરિશિષ્ટના આરંભે જણાવ્યું છે તે મુજબ ઉદાત્તાદિ સ્વર (ધર્મો) ‘અક્ષરો’ના આશ્રયે જ રહે છે. આથી જે કેવળ વ્યંજન રૂપ વર્ણો છે. (દા.ત. त्, म्), તેમાં કદાપિ ઉદાત્તાદિ સ્વરો રહેતા નથી; અને તેમને કોઈ પણ પ્રકારની નિશાની લગાડવામાં આવતી નથી. આ માટે પાણિનીય વ્યાકરણની એક પરિભાષા છે કે स्वरविधौ व्यञ्जनम् अविद्यमानवत् भवति । ‘સ્વરવિધિમાં વ્યંજનને ન હોવા બરોબર ગણવામાં આવે છે.’

* * *

ઉદાત્તસ્વર શોધવાના નિયમો

સંહિતાપાઠમાં આપેલા અનુદાત્તસ્વરનાં (—) ચિહ્નો અને સ્વરિતસ્વરનાં (।) ચિહ્નોને આધારે (પહેલાં સંહિતાપાઠમાં જ) ઉદાત્ત અને પ્રચયસ્વરો કેવી રીતે શોધવા ? તેના નિયમો નીચે મુજબ છે :

(૫) સંહિતાપાઠની સ્થિતિમાં જે મંત્ર લખેલો હોય તેમાં જે જે અક્ષર ઉપર સ્વરિતસ્વરની (= ઊભા લીટાની) નિશાની આવેલી હોય, તે સ્વરિત સ્વરની

પાછળ, અનુદાત્ત સ્વર (=નીચે આડા લીટાવાળા અક્ષર) સુધી જતાં, વચ્ચે જે ખાલી અક્ષરો (= નિશાની વગરનાં અક્ષરો) આવેલા હોય તેને 'પ્રચય સ્વર'વાળા જાણવા. અને તેમને નીચે (સંહિતાપાઠમાં જ) ચોકડીની (×) નિશાની મૂકી દેવી. દા.ત. सं ग॑च्छस्व पि॒तृभि॒ः ०। → सं ग॑च्छ͓स्व͓ पि॒तृभि॒ः ०। (૧૦–૧૪–૮)

(૨) સ્વરિતસ્વરની નિશાનીવાળા અક્ષરની પૂર્વે, અનુદાત્તસ્વર સુધી જતાં, વચ્ચે જે ખાલી (= નિશાની વગરનાં) અક્ષરો આવેલા હોય, તેમને ઉદાત્તસ્વરવાળા જાણવા; અને તેમની નીચે (સંહિતાપાઠમાં જ) '૦' બિંદીની નિશાની મૂકી દેવી. દા.ત. स॒प्त क्ष॑रन्ति॒ शिश॑वे ० । (૧૦–૧૩–૫) → स॒प्त̥ क्ष॑रन्ति॒ शि̥श॑वे ०।

(૩) અનુદાત્ત સ્વરની નિશાનીવાળા બે અક્ષરોની વચ્ચે જે ખાલી અક્ષરો આવેલા હોય તેમને પણ ઉદાત્તસ્વરવાળા ગણીને, તેમની નીચે '૦' બિંદીની નિશાની મૂકી દેવી. દા.ત.

म॒न्द्रो होता॒ स जु॒ह्वा॑ ०। (૧૦–૬–૪) →
म॒न्द्रो̥ हो̥ता॒ स̥ जु॒ह्वा॑ ०।

(૪) સંહિતાપાઠમાં જ્યાં १॒॑ કે ३॒॑ ની નિશાની મૂકેલી હોય, તેની પાછળના (નિશાની વગરના) અક્ષરને પણ ઉદાત્ત જાણવો; અને તેને (સંહિતાપાઠમાં જ) '૦' ની નિશાનીથી દર્શાવવો. દા.ત. त॒न्वा॒ ३॒॑ शूशु॑जानः । (૧૦–૩૪–૬) → त॒न्वा॒ ३॒॑ शू̥शु॑जानः ।

(૫) કોઈ પણ મન્ત્રના પૂર્વાર્ધ (= પૂર્વ અર્ધર્ચ) કે ઉત્તરાર્ધ (= ઉત્તર અર્ધર્ચ)ના આરંભે આવેલ અનુદાત્ત કે સ્વરિતની નિશાનીની પૂર્વે જે એક–બે અક્ષર ખાલી (= નિશાની વગરના) હોય તેને પણ ઉદાત્તસ્વરવાળા જાણવા; અને તેમની નીચે (સંહિતાપાઠમાં જ) '૦' બિંદીની નિશાની મૂકવી. દા.ત. न मा॑ मिमेथ॒ ०। (૧૦–૩૪–૨) → न̥ मा॑ मिमेथ॒ ०। તથા तत्र॒ गाव॑ः कितव॒ ०। (૧૦–૩૪–૧૩) → त̥त्र॒ गाव॑ः कितव॒ ०।

(૬) કોઈ પણ મન્ત્રના પૂર્વાર્ધના અંત ભાગે કે ઉત્તરાદ્ર્ધના અંત ભાગે છેલ્લા અનુદાત્ત સ્વર(ના આડા લીટાની નિશાની) પછી એકાદ અક્ષર નિશાની વગરનો હોય તો તેને પણ ઉદાત્તસ્વરવાળો જાણવો, અને એને (સંહિતાપાઠમાં જ) બિંદી '૦'ની નિશાની કરીને ઉદાત્ત જાહેર કરવો. દા.ત. ૦ – प्रौक्ष॒न् पुरु॑ षं जा॒तम॑ग्र॒तः । (૧૦–૯૦–૭) → प्रौक्ष॒न् पुरु॑षं जा॒तम॑ग्र॒त̥ः ।

* * *

આ છયે નિયમને વારાફરતી નીચેના મન્ત્રમાં કામે લગાડીને સંહિતાપાઠમાં આપણને (પહેલેથી આપી રાખેલા અનુદાત્ત અને સ્વરિતસ્વરના ચિહ્નોની મદદથી) જે જે અક્ષરો નિશાની વગરના પડ્યા છે, તેમાંથી કયો અક્ષર ઉદાત્ત સ્વરવાળો છે અને કયો અક્ષર પ્રચય સ્વરવાળો છે ? તે શોધી કાઢીશું :

या ओष॑धी॒ः पूर्वा॑ जा॒ता॒ दे॒वेभ्य॑स्त्रियु॒गं पु॒रा ।
मनै॒ नु ब॒भ्रू̥णा॑म॒हं श॒तं धामा॑नि स॒प्त च॑ ॥ ૧૦–૯૭–૧

(૧) પહેલે તબક્કે, કેવળ જે જે અક્ષર ઉપર સ્વરિતસ્વરની નિશાની (। ઊભો લીટો) આપેલ છે તેની મદદથી ઉપર બતાવેલા પહેલા બે નિયમ કામે લગાડીએ તો—એટલે કે (क) સ્વરિતસ્વરની પાછળ, અનુદાત્ત સુધી જતાં વચ્ચે જે ખાલી અક્ષર આવે તેને 'પ્રચય' (×) જાહેર કરીએ; અને (ख) સ્વરિતની પૂર્વે, અનુદાત્તસ્વર સુધી જતાં, વચ્ચે જે ખાલી અક્ષર આવે તેને ઉદાત્ત (૦) સ્વરવાળો જાહેર કરીએ.

या ओष॑धी॒ः पू̥र्वा॑ जा॒ता दे॒वे̥भ्य॑स्त्रि͓यु॒गं̥ पु॒रा̥ ।
मनै॒ नु ब॒भ्रू̥णा॑म॒हं̥ श॒तं̥ धा̥मा॑नि͓ स॒प्त̥ च॑ ॥

(૨) બીજે તબક્કે—નિયમ નં. ૩ કામે લગાડીશું. તેમાં જણાવ્યા પ્રમાણે બે અનુદાત્તની વચ્ચે જે ખાલી અક્ષરો આવેલા હોય તેને ઉદાત્ત જાહેર કરવા તેમની નીચે બિંદીની નિશાની મૂકી દઈશું :

या ओष॑धी॒ः पू̥र्वा॑ जा॒ता̥ दे॒वे̥भ्य॑स्त्रि͓यु॒गं̥ पु॒रा ।
मनै॒ नु̥ ब॒भ्रू̥णा॑म॒हं̥ श॒तं̥ धा̥मा॑नि͓ स॒प्त̥ च॑ ॥

(૩) ત્રીજે તબક્કે—નિયમ નં. ૫ અને ૬ કામે લગાડીએ તો (क) પૂર્વાદ્ર્ધમાં સ્વરિતની પૂર્વે અને ઉત્તરાર્ધમાં અનુદાત્તની પૂર્વે જે (या, ओ અને म) અક્ષરો નિશાની વગરના છે, તેમને ઉદાત્ત જાહેર કરવા પડશે. તથા (ख) પૂર્વાર્ધના અંત ભાગે અનુદાત્ત (पु) ની પાછળ નિશાની વગરના ખાલી અક્ષર (ग) ને ઉદાત્ત જાહેર કરવો પડશે. આ મુજબ—

या̥ ओ̥ष॑धी॒ः पू̥र्वा॑ जा॒ता̥ दे॒वे̥भ्य॑स्त्रि͓यु॒गं̥ पु॒रा̥ ।
म̥नै॒ नु̥ ब॒भ्रू̥णा॑म॒हं̥ श॒तं̥ धा̥मा॑नि͓ स॒प्त̥ च॑ ॥

[આમ ઉપર દર્શાવેલા છયે નિયમમાંથી જેટલા નિયમ કામે લગાડાય એમ હોય તે દરેકને વારાફરતી કામે લગાડી લઈને, છેલ્લે એ તપાસી લેવું કે **એક**

પણ અક્ષર નિશાની વગરનો તો બાકી રહી જતો નથી ને ? ઉપર જુવો કે પ્રત્યેક અક્ષરને કોઈક ને કોઈક નિશાની મળી ગઈ છે. બીજા શબ્દોમાં કહીએ તો, આપણે સંહિતાપાઠમાં જે બે સ્વરો (અનુદાત્ત અને સ્વરિત)ની નિશાનીઓ આપી રાખી હતી, તેની મદદથી, ઉપર્યુક્ત છ નિયમોને વારાફરતી કામે લગાડીને બાકીના બે સ્વરોને = ઉદાત્ત અને પ્રચયને, (કે જેમને પરંપરાથી સંહિતામાં નિશાની વગરના રાખવામાં આવ્યા હતા, તેમને) આપણે શોધી કાઢ્યા છે.]

* * *

હવે, ૧૧માં મુદ્દામાં આપેલા 'સમાપત્તિના નિયમો'ને આધારે પદપાઠ તૈયાર કરીશું. તેમાં ત્રણ તબક્કાઓ છે. જેમકે,

[નિયમ–૭] (क) સંહિતાપાઠમાં બે પદો વચ્ચે જે જે સંધિ થઈ હોય તેને છોડી કાઢવી; જ્યાં इति કરણ કરવાની, કે અવગ્રહાદિ મૂકવાની જરૂર હોય ત્યાં તેમ કરીને; પ્રત્યેક પદને બે ઊભા દંડ વચ્ચે દર્શાવવું. જેમકે,

याः । ओषधीः । पूर्वाः । जाताः । देवेभ्यः । त्रिऽयुगम् । पुरा ।
मनै । नु । बभ्रूणाम् । अहम् । शतम् । धामानि । सप्त । च ।

[નિયમ–૮] (ख) બીજે તબક્કે–ઉપર જે સંહિતાપાઠમાંથી જે ઉદાત્ત સ્વરવાળા અક્ષરો શોધી રાખ્યા છે (એટલે કે જે '०' બિંદીવાળા અક્ષરો છે) તેમને ઉપરના પદપાઠમાં, જેમાં બધાં પદોને સંધિ છોડીને એક–એક સ્વતન્ત્ર પદ રૂપે લખ્યા છે, તેમાં કેવળ ઉદાત્તની નિશાની ઉતારી લઈશું.

या̥ः । ओ̥षधीः । पू̥र्वाः । जाता̥ः । देवे̥भ्यः । त्रिऽयुग̥म् । पुरा̥ ।
म̥नै । नु̥ । बभ्रू̥णाम् । अह̥म् । शत̥म् । धा̥मानि । सप्त̥ । च ।*

[નિયમ–૮] (ग) ત્રીજે તબક્કે–૧. પ્રત્યેક પદમાં જે એક એક અક્ષર ઉદાત્ત સ્વરવાળો (બિંદીની નિશાનીવાળો) મળ્યો છે તેની આગળપાછળ આવેલા અક્ષરોને નીચે પ્રમાણે સ્વરચિહ્નો મૂકવાં.

(૧) ઉદાત્તની પૂર્વે જેટલા અક્ષરો હોય તે દરેકને અનુદાત્તની નિશાની આપવી.

(૨) ઉદાત્તની પાછળ, તરત જે એક અક્ષર આવેલો હોય તેને સ્વરિતની નિશાની આપવી.

---

* अनुदात्तं पदमेकवर्जम् । એ પાણિનિપ્રોક્ત નિયમાનુસાર અહીં પ્રત્યેક પદમાં ઓછામાં ઓછો એક ઉદાત્ત તો મળ્યો જ છે.

(૩) (ઉદાત્તની પાછળ તરત જ આવેલા જે અક્ષરને સ્વરિતની નિશાની આપી હોય, તે) સ્વરિતની પાછળ જો કોઈ બીજા અક્ષરો આવેલા હોય તો તેમને નિશાની વગર છોડી દેવા.

(૪) જે પદના એક પણ અક્ષરમાં ઉદાત્તની નિશાની ના મળી હોય (દા.ત. છેલ્લા च પદમાં) તેને 'સર્વાનુદાત્ત' ગણીને તે પદના બધા જ અક્ષરની નીચે અનુદાત્તની નિશાની રૂપે (–) આડો લીટો મૂકવો.

—હવે આ મુજબ –

(૫) કેવળ વ્યંજન રૂપ વર્ણો (કે જેમને 'અક્ષર' કહેવાતા નથી); દા.ત. म्, त् વગેરે તેમને કોઈ સ્વરચિહ્ન અપાતું નથી.

य̥ाः । ओ̥ष॑धीः । पू̥र्वाः॑ । जा॒त̥ाः । दे॒व̥ेभ्य॑ः । त्रि॒ऽयु॒ग̥म् । पु॒र̥ा ।
म̥नै॑ । नु̥ । ब॒भ्रू̥णा॑म् । अ॒ह̥म् । श॒त̥म् । धा̥मा॑नि । स॒प्त̥ । च॒ ।

* * *

હવે આ આઠેય નિયમોને વારાફરતી કામે લગાડીને, બે જટિલ મન્ત્રોના ઉદાહરણો તપાસીશું, કે જેથી આ નિયમોનો અભ્યાસ બુદ્ધિમાં બરોબર આરૂઢ થાય :

ઉદાહરણ–૧ :

गो॒त्र॒भिदं॑ गो॒विदं॒ वज्रं॑बाहुं॒ जयं॑न्त॒मज्मं॑ प्रमृ॒णन्त॒मोजं॑सा ।
इमं सं॑जाता॒ अनुं॑ वीरयध्व॒मिन्द्रं॑ सखा॒यो अनु॒ सं र॒भध्वम् ॥
(१०–१०३–६)

પૂર્વોક્ત નિયમોમાંથી ૧ થી ૫ નિયમોનો ઉપયોગ કરીને, ઉપરના સંહિતાપાઠમાં આપણે ઉદાત્તને અને પ્રચયને ઓળખીને, તેમની નીચે અનુક્રમે '०' અને 'x' ની નિશાનીઓ મૂકી દઈએ.

गो॒त्र॒भि̥दं गो॒वि̥दं॒ व̥ज्रं॑ब͓ाहुं॒ ज̥यं॑न्त॒म̥ज्मं॑ प्र͓मृ॒ण̥न्त॒म̥ो जं॑स͓ा ।
इ̥मं सं॑ज͓ाता॒ अ̥नुं॑ वी͓र͓य͓ध्व॒मि̥न्द्रं स͓ख͓ायो॒ अ̥नु॒ स̥ं रं॑भ͓ध्व͓म् ॥

હવે, પહેલાં પદો વચ્ચેની સંધિ છોડી કાઢીને તેમાં જ્યાં અવગ્રહાદિને મૂકવાના હોય તે મૂકીને, પછી ઉપરથી કેવળ ઉદાત્તની નિશાનીઓને નીચે ઉતારી લઈશું.

गोत्रऽभि̥दम् । गोऽवि̥दम् । व̥ज्रऽबाहुम् । ज̥यन्तम् । अ̥ज्म । प्रमृण̥न्तम् । ओ̥जसा । इम̥म् । सऽजाताः । अ̥नु । वीरयध्वम् । इ̥न्द्रम् । सखायः । अ̥नु । स̥म् । रभध्वम् ।

હવે, જે જે પદમાં એક–એક ઉદાત્ત મળ્યો છે તેની આગળ–પાછળ નિયમ નં. ૮ મુજબ અનુદાત્ત અને સ્વરિતનાં ચિહ્નો મૂકી દઈશું :

गो॒त्र॒ऽभि̥दं॑म् । गो॒ऽवि̥दं॑म् । व̥ज्रं॑ऽबाहुम् । ज̥यं॑न्तम् । अ̥ज्मं॑ । प्र॒मृ॒ण̥न्तं॑म् । ओ̥जं॑सा । इ॒म̥म् । सऽजाताः । अ̥नुं॑ । वीरयध्वम् । इ̥न्द्रं॑म् । सखायः । अ̥नुं॑ । स̥म् । रभध्वम् ॥

હવે, જે ચાર પદોમાં (જેમકે, सऽजाताः । वीरयध्वम् । सखायः । અને रभध्वम् । માં) એક પણ અક્ષર નીચે ઉદાત્તની નિશાની મળી નથી, તેને 'સર્વાનુદાત્ત' ગણીને, પદપાઠમાં તે તે પદોના તમામ અક્ષરોની નીચે અનુદાત્તની આડી (–) લીટી મૂકી દેવી :

गो॒त्र॒ऽभि̥दं॑म् । गो॒ऽवि̥दं॑म् । व̥ज्रं॑ऽबाहुम् । ज̥यं॑न्तम् । अ̥ज्मं॑ । प्र॒मृ॒ण̥न्तं॑म् । ओ̥जं॑सा । इ॒म̥म् । स॒ऽजा॒ता॒ः । अ̥नुं॑ । वी॒र॒य॒ध्व॒म् । इ̥न्द्रं॑म् । स॒खा॒य॒ः । अ̥नुं॑ । स̥म् । र॒भ॒ध्व॒म् ।

(આમાં स॒ऽजा॒ता॒ : અને स॒खा॒य॒ः એ બે સંબોધન પદ હોઈ અને તે પાદની મધ્યમાં આવેલા હોવાથી તેમાં સર્વાનુદાત્ત મળ્યો છે; તથા वीरयध्वम् અને रभध्वम् એ બે, મુખ્ય વાક્યનાં ક્રિયાપદનાં રૂપો હોઈને તેમાં પણ સર્વાનુદાત્ત = 'નિઘાત' સ્વર આવ્યો છે.)

ઉદાહરણ–૨ :

स॒मा॒नमु॒ त्यं पुं॑रुहू॒तमु॒क्थ्यं॑१॒ रथं॑ त्रिच॒क्रं सवं॑ना॒ गनिं॑ग्मतम् ।
परिं॑ज्मानं विद॒थ्यं॑ सुवृ॒क्तिभिं॑र्व॒यं व्युं॑ष्टा उ॒षसों॑ हवामहे ॥
(૧૦–૪૧–૧)

પૂર્વોક્ત નિયમોમાંથી **૧ થી ૫ નિયમોનો** ઉપયોગ કરીને, ઉપરના સંહિતાપાઠમાં આપણે ઉદાત્તને અને પ્રચયને ઓળખીને તેમની નીચે અનુક્રમે 'o' અને 'x' ની નિશાનીઓ મૂકી દઈએ :

स॒मा॒न̥मु॒ त्य̥ं पुं॑रु͓हू॒त̥मु॒क्थ्यं॑१॒ र̥थं॑ त्रि͓च॒क्र̥ं स̥वं॑ना॒ ग̥निं॑ग्म͓त͓म् ।
प̥रिं॑ज्मा͓नं͓ वि͓द॒थ्यं॑ सु͓वृ॒क्ति̥भिं॑र्व॒य̥ं व्युं॑ष्टा͓ उ॒ष̥सों॑ ह͓वा͓म͓हे͓ ॥

(દરેક અક્ષરને એક એક ચિહ્ન મળી જ જવું જોઈએ.) હવે, પહેલાં સંધિ છોડી, અવગ્રહ, इति કરણાદિ કરીને પદોને પૃથક્કૃત કરીશું; અને પછી ઉપરથી કેવળ ઉદાત્ત સ્વરને નીચે (પૃથક્કૃત કરેલાં પદોમાં) ઉતારી લઈશું :

समान̥म् । ऊँ इ̥तिं । त्य̥म् । पुरुऽहूतम् । उक्थ्यम् । र̥थम् । त्रिऽचक्र̥म् । स̥वना । ग̥निग्मतम् । प̥रिऽज्मानम् । विदंथ्यम् । सुवृ̥क्तिऽभिः । वय̥म् । विऽउष्टौ । उष̥सः । हवामहे ॥

હવે જે જે પદમાં એક—એક ઉદાત્ત મળ્યો છે તેની આગળ પાછળ નિયમ નં. ૮ મુજબ અનુદાત્ત અને સ્વરિતનાં ચિહ્નો મૂકી દઈશું.

१ २ ३ ४ ५ ६
स॒मा॒नम्̥ । ऊँ इ̥तिं̥ । त्य̥म् । पु॒रुऽहू॒त̥म् । उक्थ्यम् । रथंम् ।

७ ८ ९
त्रि॒ऽ̥च̥क्र॒म्̥ । स̥वंना । ग̥निंग्मतम् ।

१० ११ १२ १३ १४ १५
प̥रिंऽज्मानम् । विदथ्यम् । सु॒वृ॒क्ति̥ऽभिः । व॒य̥म्̥ । विऽउष्टौ । उ॒ष̥सं: ।

१६
हवामहे ॥

હવે, અહીં જે વિશેષ નોંધપાત્ર પદો છે, તેની સમજ મેળવીએ : (૧) બીજા પદમાં મૂળ સંહિતા પાઠનો उ અવ્યય દીર્ઘ, સાનુનાસિક અને इतिं કરણ સાથે નોંધવાનો છે. આ इ̥तिं બહારથી ઉમેરેલું પદ છે, અને તે હંમેશા આદ્યુદાત્ત સ્વરવાળું इ̥तिं જ મુકાય છે. આ इना ઉદાત્તને આધારે, તેની પૂર્વે આવેલા ऊँ ને અનુદાત્ત સ્વરની નિશાની મૂકવી—ऊँ॒.

(૨) ચોથા અને સાતમા પદમાં સમાસ હોવાથી બે પદને છૂટા પાડવા અવગ્રહ મુકાયો છે.

(૩) દશમા અને ચૌદમા પદમાં ઉપસર્ગને છુટો પાડવા परि અને वि ની પાછળ અવગ્રહ મુકાયો છે.

(૪) બારમા પદમાં भि : પ્રત્યયની પૂર્વે હ્રસ્વ સ્વરવાળો क्ति અક્ષર હોવાથી, ત્યાં પણ અવગ્રહનો પ્રયોગ થયો છે.

(૫) જ્યાં એક પદ ઉદાત્ત સ્વરવાળો અક્ષર મળ્યો નથી, તેવા સોળમા પદને 'સર્વાનુદાત્ત' ગણીને, તેના ચારેય અક્ષર નીચે અનુદાત્તની નિશાની મૂકવી. જેમકે, ह॒वा॒म॒हे॒ । ('જ્યાં એક પણ ઉદાત્ત ન હોય તે મુખ્ય વાક્યનું ક્રિયાપદ હોઈ શકે.' એમ અગાઉ ૧૨મા મુદ્દાની ભૂમિકામાં કહી ચૂક્યા છીએ.) (સંહિતાપાઠમાં જે પ્રચય '×' ની નિશાનીથી દર્શાવાયા છે, તે પદપાઠમાં અનુદાત્તની—આડા લીટાવાળી નિશાનીથી દર્શાવવા.)

(૬) અગાઉ કહ્યું છે (૧૨મા મુદ્દાની ભૂમિકા'માં) કે 'પ્રત્યેક પદમાં ઓછામાં ઓછો એક ઉદાત્ત સ્વરવાળો અક્ષર તો હોવાનો જ' (अनुदात्तम् पदम् एकवर्जम्). પણ ક્યારેક કોઈક પદમાં એક ઉદાત્તને બદલે, તેનો સમકક્ષ જ (= પ્રધાન સ્વર સ્વરૂપ) 'સ્વતન્ત્ર સ્વરિત' પણ હોઈ શકે. [આ 'સ્વતન્ત્ર સ્વરિત' વિષે એક જુદો લેખ આની પાછળ આપેલો જ છે. તથાપિ અહીં ટૂંકમાં એની ઓળખ મેળવીએ તો– "અનુદાત્ત સ્વરની નિશાની પછી તરત જ આવેલા અક્ષર ઉપર સ્વરિતની નિશાની હોય તો તેને 'સ્વતન્ત્ર સ્વરિત' જાણવો."] આપણે લીધેલા ઉદાહરણમાં જે પાંચમું અને અગિયારમું પદ છે તે (સંહિતામાં જોવાથી સ્પષ્ટ થશે કે) આ પ્રકારનું 'સ્વતન્ત્ર સ્વરિત' સ્વરવાળું પદ છે; એટલે કે તેમાં અનુદાત્તની નિશાની પછી તરત જ આવેલા અક્ષર ઉપર સ્વરિતની નિશાની પડી છે :–

उ॒क्थ॑म् । **અને** वि॒दु॒थ्य॑म् ।

(૭) ચૌદમા પદના સ્વર વિષે વિચારીએ તો મૂળ સંહિતામાં व॒यं̥ व्यु॑ष्टा͓ એમ यं̥ માં એક ઉદાત્ત આપણે શોધ્યો છે. ("સ્વરિતની પૂર્વે, અનુદાત્ત સુધી જતાં, વચ્ચે જે ખાલી અક્ષર આવે તેને ઉદાત્ત જાણવો"—એ નિયમ મુજબ यं̥ ને ઉદાત્ત બતાવ્યો છે.) પણ જ્યારે પદપાઠમાં व्युष्टा ને છૂટું પાડીને । विऽउष्टौ । રૂપે લખીએ છીએ ત્યારે व्यु॑ નો સ્વરિત उ ઉપર જશે, અને તેની આગળનો वि ઉદાત્ત સ્વરવાળો બનશે : । वि̥ऽउ॑ष्टौ ।

હવે આ સાતેય મુદ્દામાં બતાવેલી વિશેષ વિચારણા કર્યા પછી, સમગ્ર મન્ત્રનો 'પદપાઠ' અને તેમાંના પ્રત્યેક પદને ઉદાત્તાદિ સ્વરોની નિશાનીઓ નીચે પ્રમાણે મુકાશે :

स॒मा॒न̥म् । ऊँ॒ इ̥ति॑ । त्य̥म् । पु॒रु॒ऽहू॒त̥म् । उ॒क्थ्य॑म् । र̥थ॑म् । त्रि॒ऽच॒क्र̥म् । स̥व॑ना । ग̥नि॑ग्मतम् । प̥रि॑ऽज्मानम् । वि॒दु॒थ्य॑म् । सु॒वृ॒क्ति̥ऽभिः॑ । व॒य̥म् । वि̥ऽउ॑ष्टौ । उ॒ष̥सः॑ । हु॒वा॒म॒हे ॥

આના વિશેષ જ્ઞાન માટે ગ્રન્થમાં સર્વત્ર છાપેલા પદપાઠનું વારંવાર નિરીક્ષણ કરવું જોઈએ.

★ ★ ★

પરિશિષ્ટ—૨

સ્વતન્ત્ર—સ્વરિત*

(૧)

પરંપરાગત રીતે એવું મનાતું આવ્યું છે કે ઉદાત્તસ્વરવાળા અક્ષરના અનુગામી અક્ષરમાં જે સ્વરિતસ્વર રહે છે, તે સ્વરિતસ્વરમાં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ એવા બે વર્ણધર્મોનો સમાહાર = સમ્મિશ્રણ થયું હોય છે : પાણિનિએ લખ્યું છે કે समाहारः स्वरितः । पा. सू १–२–३१. આને સમજાવતાં ભટ્ટોજિ દીક્ષિતે સિદ્ધાન્તકૌમુદીમાં લખ્યું છે કે उदात्तत्वानुदात्त्वे वर्णधर्मौ समाह्रियेते, यस्मिन् सोऽच् स्वरितसंज्ञः स्यात् ॥ એટલે કે (क) સ્વરિતના પૂર્વાદ્ર્ધમાં ઉદાત્તત્વ અને ઉત્તરાદ્ર્ધમાં અનુદાત્તત્વ વર્ણધર્મ રહેલાં હોય છે. પરિણામે હ્રસ્વ સ્વરવાળા અક્ષરનો પહેલો ૫૦% ભાગ ઉદાત્તત્વનો અને બાકીનો ઉત્તર ૫૦% ભાગ અનુદાત્તત્વનો બનેલો હોય છે; દીર્ઘસ્વરવાળા અક્ષરનો પહેલો ૫૦% ભાગ = પહેલી ૧ માત્રામાં ઉદાત્તત્વ રહેશે અને બાકીના ૫૦% ભાગમાં બીજી ૧ માત્રા અનુદાત્તત્વની રહેશે; તથા પ્લુતસ્વરવાળા અક્ષરનો પહેલો ૫૦% ભાગ (૧ માત્રા) ઉદાતત્ત્વનો અને બાકીનો ૫૦% (૧ માત્રા) ઉત્તરભાગ અનુદાત્તત્વનો હશે એમ નક્કી થાય છે. અથવા તો—

(ख) સ્વરિતસ્વરવાળા અક્ષરની પૂર્વ = આદિ અર્ધી માત્રા ઉદાત્તત્વની બનેલી હોય છે અને ઉત્તરાંશની **બાકીની માત્રાઓ** અનુદાત્તત્વની બનેલી હોય છે. એટલે કે એક માત્રિક હ્રસ્વ સ્વરવાળા અક્ષરની પહેલી અર્ધી (૦।।) માત્રા ઉદાત્તત્વની અને બાકીની અર્ધી (૦।।) માત્રા અનુદાત્તત્વની હોય છે; દ્વિમાત્રિક દીર્ઘ સ્વરવાળા અક્ષરની પહેલી અર્ધી (૦।।) માત્રા ઉદાત્તત્વ અને બાકીની દોઢ (૧।।) માત્રામાં અનુદાત્તત્વ રહેલું હોય છે; તથા ત્રિમાત્રિક પ્લુતસ્વરવાળા અક્ષરની પહેલી અર્ધીમાત્રામાં ઉદાત્તત્વ રહે છે અને બાકીની અઢી (૨ ।।) માત્રામાં

---

* વાઙ્મય (૨.૧), જાન્યુ. ૧૯૮૯, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, અને સ. પ. યુનિ. દ્વારા હરિ ૐ આશ્રમ પ્રાઈઝથી પુરસ્કૃત લેખ.

અનુદાત્તત્વ રહે છે એમ નક્કી થાય છે.[1] (ઋગ્વેદમાં આ બીજા (ख) પ્રકારનું અર્થઘટન સ્વીકારાયું છે; તેથી આપણે માટે તે નોંધપાત્ર છે.)

(૨)

ઉપર્યુક્ત સ્વરિતસ્વર બે પ્રકારનો હોય છે : (૧) પરતન્ત્રી સ્વરિત અને (૨) સ્વતન્ત્ર સ્વરિત. અગાઉ કહ્યું છે તેમ વૈદિક સંસ્કૃત ભાષાના મહદંશે દરેક પદમાં ઓછામાં ઓછો એક અક્ષર ઉદાત્ત સ્વરવાળો હોય છે. આવા ઉદાત્ત સ્વરવાળા અક્ષરનો જે પુરોગામી અક્ષર હોય છે, તે અનુદાત્તસ્વરવાળો હોય છે; અને જે અનુગામી અક્ષર હોય છે, તે સ્વરિતસ્વરવાળો હોય છે. બલ્કે પૂર્વવર્તી ઉદાત્તને કારણે તે અનુગામી અક્ષર, કે જે મૂળમાં અનુદાત્ત સ્વરવાળો જ હોય છે, તે (પૂર્વવર્તી ઉદાત્તને કારણે) પાછળથી સ્વરિત બન્યો હોય છે. જેમકે, यज्ञे॒न > यज्ञेन॑ અહીં ज्ञे એવી પૂર્વવર્તી અક્ષરમાંના ઉદાત્તની અસરથી, તેનો અનુગામી नं એવો અક્ષર (અનુદાત્તમાંથી) સ્વરિતસ્વરવાળો બન્યો છે. આથી આવા સ્વરિતસ્વરને "આશ્રિતસ્વર" (= ઉદાત્તસ્વરને આશ્રયે રહેનારો) કે "પરતન્ત્રી સ્વરિતસ્વર" કહે છે. જ્યારે બીજા પ્રકારનો જે "સ્વતન્ત્રસ્વરિત" હોય છે, તે કોઈ અન્ય સ્વરને આશ્રયે રહેલો હોતો નથી. તથા જે પદમાં આવો સ્વતન્ત્ર સ્વરિત રહેલો હોય છે, તે પદમાં તે ઉદાત્ત સ્વર જેટલો જ પ્રધાન/મુખ્ય સ્વર ગણાય છે.

(૧) પરતન્ત્રી સ્વરિતના (क) તૈરોવ્યંજન, (ख) તૈરો વિરામક, (ग) પાદવૃત્ત અને (घ) તાથાભાવ્ય સ્વરિત એવા કુલ ચાર પેટાભેદ જોવા મળે છે. પરંતુ પ્રસ્તુત લેખમાં મુખ્યત્વે 'સ્વતન્ત્રસ્વરિત' અને તેના ભેદાદિ વિષે જ વિચારવાનું હોઈને, આ પરતન્ત્રી સ્વરિત વિષે વિગતે ચર્ચા કરીશું નહીં.

---

[1] પાણિનિએ तस्यादित उदात्तमर्धह्रस्वम् । १—२—३२ સૂત્રથી સ્વરિતસ્વરવાળા અક્ષરમાં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ કેટલા પ્રમાણમાં રહેલું હોય છે તે કહ્યું છે. આ સૂત્રનું બે રીતે અર્થઘટન કરવામાં આવ્યું છે :

एवञ्च ह्रस्वदीर्घप्लुतेषु सर्वेषु स्वरितेषु प्रागदर्धमात्रांश उदात्तः ! शेषांशः प्रायोऽनुदात्तः । तत्रद्‌र्धमात्रांशस्योदात्तत्वे पक्षद्वयम्—कौमुदीकारमते स्वरितस्याद्‌र्धांश उदात्त, उत्तराद्‌र्धांशस्तत्वनुदात्त इति । नागेशमते सर्वत्रैकमात्राद्‌र्धांश उदात्तः शेषांशोऽनुदात्तः । यथा ह्रस्वस्वरितेऽर्द्धांश उदात्तः शेषोऽनुदात्त उभयमते । दीर्घेऽद्‌र्धमात्रांशः प्रागुदात्तः, अवशिष्टः साद्‌र्धैकमात्रांशोऽनुदात्तः । प्लुते प्रागद्‌र्धमात्रांश उदात्तः शेषं साद्‌र्धमात्राद्वयमनुदात्तम् । दीक्षितस्य तु सर्वत्र पूर्वाद्‌र्धभाग उदात्त, उत्तराद्‌र्धभागोऽदात्त इत्येव ॥ सिद्धान्तकौमुदी, तत्र सभापतिशर्मोपाध्याय कृता लक्ष्मीटीका, भाग—१, प्रका. मोतीलाल बनारसीदास, दिल्ली, १९६६, पृ. २५.

(૨) સ્વતન્ત્ર સ્વરિતના કુલ ચાર પેટાભેદો જોવા મળે છે, જેમકે,

(क) જાત્ય સ્વરિત, દા.ત. क्वं । क॒न्यां । स्वंः ।

(ग) અભિનિહિતસ્વરિત, દા.ત. सोंऽब्रवीत् ।

(ख) ક્ષૈપ્રસ્વરિત, દા.ત. व्या॒नंद् ।

(घ) પ્રશ્લિષ્ટસ્વરિત દા.ત. अ॒भींन्धताम् ।

ઉપર ૧માં જણાવ્યું છે તેમ સ્વતન્ત્ર સ્વરિતસ્વરમાં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ (અથવા ક્યારેક પરતન્ત્રી સ્વરિત) એવા બે સ્વરધર્મોનો સમાહાર થયેલો હોય છે.[2] આ મૂળભૂત નિયમને ધ્યાનમાં રાખીને, હવે આપણે 'સ્વતન્ત્ર સ્વરિત'ના ચાર ભેદોની વિગતે ચર્ચા કરીશું :

(૧) 'જાત્ય' સ્વતન્ત્ર સ્વરિતની ઓળખ આ પ્રમાણે આપી શકાય : એક જ પદમાં સંયુક્ત વ્યંજનાન્ત य् કાર કે व् કાર સહિતના (अ, इ વગેરે) સ્વરો (= અક્ષરો)ને આશ્રયે રહેલા જે સ્વરિતસ્વરની પૂર્વેના અક્ષરમાં અનુદાત્ત સ્વર હોય, **અથવા** અનુદાત્ત સ્વર ન પણ હોય, ત્યારે તેને જાત્ય સ્વતન્ત્રસ્વરિત કહે છે. (આનું, બીજું એક નામ 'નિત્યસ્વરિત' પણ છે.) દા.ત. क॒न्यां । वी॒र्यम् । स्वंः । આ ઉદાહરણ રૂપ પદોમાં પ્રધાન સ્વર તરીકે (ઉદાત્ત સ્વર નહિ, પણ) 'જાત્ય' સ્વતન્ત્ર સ્વરિત વિરાજમાન છે. અહીં क॒न्यां । શબ્દમાં (न् + य् + आ = न्यां) સંયુક્ત (વ્યંજનાન્ત य् કાર સહિતના આ સ્વર [અર્થાત્ न्या એવા અક્ષર]ને આશ્રયે જાત્ય સ્વતન્ત્ર સ્વરિત (न्यां) રહેલો છે. [તથા તેવા સ્વતન્ત્ર સ્વરિતવાળા અક્ષર (न्या)ની પૂર્વે આવેલા क॒ અક્ષરમાં અનુદાત્ત સ્વર રહેલો છે.]

ઋગ્વેદ પ્રાતિશાખ્ય (૩.૮) ઉપરના ભાષ્યમાં ઉવ્વટે લખ્યું છે કે जात्या स्वरूपेण एव उदात्तानुदात्तसंगतिं विना जातो, जात्यः ॥ (પૃ. ૨૨૧) અર્થાત્ જે સ્વર (= ઉચ્ચારણ ધર્મ) જાતિ = જન્મથી જ માંડીને, સ્વરૂપથી જ—સ્વભાવથી જ—ઉદાત્ત અને અનુદાત્તના મિશ્રણ વિના જન્મ્યો હોય, તે સ્વરને 'જાત્ય' સ્વતન્ત્ર સ્વરિત કહેવામાં આવે છે. બીજા કેટલાક વિદ્વાનોના મતે (જુઓ : W.D. Whitney, SANSKRIT GRAMMAR, rule No 84. b, p. 29)

---

[2] અહીં એ નોંધપાત્ર છે કે — ઉદાત્ત + અનુદાત્ત (કે પરતન્ત્રી સ્વરિત)ના સમાહારથી જ સ્વતન્ત્રસ્વરિત જન્મી શકે છે; પણ જો પહેલા (પૂર્વમાં) અનુદાત્ત હોય અને તેની પાછળ ઉદાત્ત આવેલો હોય તો, તેવા બે સ્વરધર્મોના સમાહારથી સ્વતન્ત્ર સ્વરિત જન્મતો નથી. (અનુદાત્ત + ઉદાત્તથી તો ઉદાત્ત જ બને છે.)

આ જાત્ય સ્વરિત ભલે એક જ પદમાં રહેતો હોય તથાપિ શબ્દ ગઠનકાળ પૂર્વે, તે શબ્દમાં જે પ્રકૃતિ + પ્રત્યય જોડાયા હોય છે, તેમાંના ઉદાત્ત અને અનુદાત્તનું પણ તે સમયે મિશ્રણ થઈને આ જાત્ય સ્વતન્ત્ર સ્વરિત બન્યો હોય છે. કેમકે વી॒र्य॑म् અહીં બે પ્રકારની સન્ધિ થઈ છે :

(१) वीरि + अम् । इ > य् + अ =य
(२) रि + अ । } र्य॑
० + – } (= स्वरित)

ઉદાત્ + અનુદાત્તની (પણ) સન્ધિ થઈને સ્વરિત જન્મ્યો.

આવા જાત્ય સ્વતન્ત્રસ્વરિત બે પ્રકારના જોવા મળે છે : (क) કંપવાળા અને (ख) કંપ વિનાના. આ બન્ને પ્રકારોની સમજૂતી નીચે પ્રમાણે છે.

(क) **કંપવાળો જાત્ય સ્વતન્ત્ર સ્વરિત :** જે સંયુક્ત વ્યંજનાન્ત य् કે व् વાળા અક્ષરને આશ્રયે જાત્ય સ્વરિત રહેલો હોય તેની પાછળ, સંહિતામાં જો ઉદાત્ત (કે બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત) આવે તો તે પૂર્વવર્તી અક્ષરમાં રહેલો જાત્ય સ્વરિત **કંપ** અનુભવે છે. દા.ત.,

स्वा॒ध्यो॒ ३॒॑ वि़. । ऋ. सं ७–२–५
(પદપાઠ : । सु॒ऽ आ॒ध्यं: । वि़. ।)

(કલ્પિત) સન્ધિ : १. आ धि + अ स् = ध्य }
२. – ० + – = । } ध्यं:
(ઉદાત્ત + અનુદાત્ત = સ્વરિત)

આ ઉદાહરણમાં वि અક્ષર ઉદાત્ત સ્વરયુક્ત હોઈને, તેની પૂર્વમાં આવેલો ध्यं જાત્ય સ્વરિત સ્વર કંપ અનુભવે છે. કારણકે આ સ્વતન્ત્ર સ્વરિતની પૂર્વાર્દ્ધની ૧/૨ માત્રામાં તો ઉદાત્તત્વ રહેલું છે, પણ ત્યાર પછીની ઉત્તરાર્દ્ધની બાકીની ૧/૨ માત્રામાં જે અનુદાત્તત્વ રહેલું છે, તે ઉત્તરવર્તી वि અક્ષરમાં રહેલા ઉદાત્તત્વથી ભીંસ અનુભવે છે. એટલે કે બે ઉદાત્તની વચ્ચે જે અનુદાત્તનો અંશ રહેલો છે, તે 'કમ્પ' અનુભવે છે.

આ કમ્પને નોંધવા માટે ઋગ્વેદમાં નીચે મુજબની વ્યવસ્થા જોવા મળે છે :

(क) ૧. જો સંહિતામાં તે સ્વતન્ત્ર સ્વરિત **દીર્ઘ અક્ષરને આશ્રયે રહેલો હોય તો** તેની પાછળ ३॒॑ એવું નિશાન મુકવામાં આવે છે, (એટલે કે ३॒॑ એવા

અંકની ઉપર સ્વરિતનો । ઊભો લીટો, અને નીચે અનુદાત્તનો – આડો લીટો મૂકવામાં આવે છે : ३॒॑ અને, તે ३॒॑ ની બરાબર આગળ આવેલા (સ્વતન્ત્ર સ્વરિત સ્વરવાળા) અક્ષરની નીચે (અનુદાત્તની) – આડી લીટી મૂકવામાં આવે છે. જેમ કે, स्वा॒ ध्यो ३॒॑ वि॒ (ऋ . सं. ७–२–५.) અહીં આ જાત્ય સ્વરિતવાળા ध्यो॒ અક્ષરની નીચે (પણ) અનુદાત્તની નિશાની મૂકાઈ છે.

(ख) ૨. સંહિતામાં જો સ્વતંત્ર સ્વરિત હ્રસ્વ **અક્ષરના આશ્રયે રહેલો હોય** તો તેની બરાબર પાછળ १॒॑ ની નિશાની મૂકવામાં આવે છે. [એટલે કે ૧ એવા અંકની ઉપર સ્વરિતની, અને નીચે અનુદાત્તની નિશાની મૂકાય છે : १॒॑] અને તે १॒॑ ની બરાબર આગળ આવેલા (સ્વતન્ત્ર સ્વરિતવાળા), અક્ષરને કોઈ પણ પ્રકારની નિશાની વિના છોડી દેવામાં આવે છે. ઉદા.ત. प्र स्व १॒॑ आ. । ऋ. सं. ७–९–३ અહીં प्रऽस्वः । જાત્ય સ્વરિત હ્રસ્વ હોઈને, સંહિતામાં તેની પાછળ १॒॑ ની નિશાની મુકાઈ છે, તથા स्वः અક્ષરને (સંહિતામાં) નિશાની વિના નોંધેલ છે.

સ્વતન્ત્રસ્વરિત જો દીર્ઘ હોય તો તેની પાછળ ३, અને તે જો હ્રસ્વ હોય તો તેની પાછળ ૧ મૂકવામાં આવે છે; [અને તે બન્નેની ઉપર નીચે સ્વરિતની અને અનુદાત્તની નિશાનીઓ પણ (= ३॒॑–१॒॑) મુકાય છે]–એવી રૂઢિને નોંધ્યા પછી, કોઈને પણ એનું કારણ જાણવાની ઈચ્છા થાય તો, આ લેખના આરંભે મુદ્દા નં–૧માં, આપણે કોઈ પણ સ્વરિતસ્વરમાં કેટકેટલી માત્રા ઉદાત્તની અને અનુદાત્તની ભળી હોય છે એ અંગે (क) અને (ख) એવાં બે અર્થઘટનો દર્શાવ્યાં છે, (તેને અહીં ફરી વાર યાદ કરી લઈએ).

ત્યાં (ख) પ્રકારના અર્થઘટનમાં કહ્યું છે કે – સ્વરિતસ્વરધર્મ જે હ્રસ્વ અક્ષરને આશ્રયે રહેલો હોય, તે (એકમાત્રિક) હ્રસ્વ અક્ષરની આદિ ૦ાા માત્રા ઉદાત્તની હોય છે અને બાકીની ૦ાા માત્રા અનુદાત્તની બનેલી હોય છે. હવે આવા સ્વરિતની પાછળ જો બીજો ઉદાત્ત સ્વરધર્મવાળો અક્ષર આવી જાય તો તે (પૂર્વે આવેલા) સ્વરિતના ઉત્તરાર્ધની (એક) ૦ાા અનુદાત્ત માત્રા ભીંસ અનુભવે છે; અને તેના ઉચ્ચારણમાં 'કંપ' થાય છે. [આથી આવા કંપ સહિતના સ્વતંત્ર સ્વરિતને 'કંપ સ્વરિત' પણ કહે છે.] અહીં કમ્પ અનુભવનારી અનુદાત્તની ૦ાા માત્રા સંખ્યામાં 'એક અર્ધી માત્રા'નો હોય છે, તેથી હ્રસ્વ અક્ષરમાં રહેલા તે સ્વતન્ત્ર સ્વરિતની પાછળ ૧ નો અંક મુકાય છે; અને તે હ્રસ્વ અક્ષર સ્વતન્ત્ર સ્વરિતવાળો છે એમ દર્શાવવા તે સ્વરિતની નિશાની વર્ણ ઉપરથી ખસેડી ૧ ઉપર મુકાય છે; તથા તે સ્વરિતના ઉત્તરાર્ધની એક અર્ધી માત્રાએ (કે જે અનુદાત્તની છે, તેણે)

કંપ અનુભવ્યો છે એમ દર્શાવવા તે १ ની નીચે અનુદાત્તનું નિશાન પણ મુકાય છે : १॒.

હવે જો સ્વરિતસ્વરધર્મ દીર્ઘ અક્ષરને આશ્રયે રહેલો હોય, તો તે (બે માત્રિક) દીર્ઘ અક્ષરની આદિ ૦ા માત્રા ઉદાત્તની હોય છે, અને બાકીની ૧ (= ત્રણ અર્ધી–અર્ધી) માત્રાઓ અનુદાત્તની બનેલી હોય છે. હવે આવા સ્વરિતની પાછળ જો બીજો નવો ઉદાત્ત સ્વરધર્મવાળો અક્ષર આવી જાય તો તે (પૂર્વે આવેલા) સ્વરિતના ઉત્તરાર્ધની ૧ = ત્રણ અર્ધી માત્રા અનુદાત્તની માત્રાઓ ભીંસ અનુભવે છે; અને તેના ઉચ્ચારણમાં 'કંપ' થાય છે. અહીં કંપ અનુભવનારી અનુદાત્તની માત્રાઓ સંખ્યામાં ૧ = ત્રણ અર્ધી માત્રાઓ હોય છે, તેથી દીર્ઘ અક્ષરમાં રહેલા તે સ્વતન્ત્ર સ્વરિતની પાછળ ३ નો આંકડો મુકાય છે; અને તે દીર્ઘ અક્ષર સ્વતન્ત્ર સ્વરિતવાળો છે એમ દર્શાવવા તે સ્વરિતની નિશાની વર્ણ ઉપરથી ખસેડીને ३ ઉપર મુકાય છે; તથા તે સ્વરિતના ઉત્તરાર્ધની ત્રણ અર્ધી–અર્ધી માત્રાઓએ (કે જે અનુદાત્તની બનેલી છે, તેણે) કંપ અનુભવ્યો છે એમ દર્શાવવા તે ३ ની નીચે પણ, અનુદાત્તનું નિશાન પણ મુકાય છે : ३॒ (આનાં ઉદાહરણો તરીકે ૧૦મા મંડળના ૯૫.૭, ૯૭.૧૦, ૧૨૧.૫, ૧૨૩.૭, ૯૭.૨૩, ૧૦૩.૭, ૧૧૯.૧૧, ૧૦૩.૩, ૧૨૫.૭, ૧૨૭.૧૨ મન્ત્રોની સમજૂતી જોવા અનુરોધ છે.)

(ख) **કમ્પ વિનાનો જાત્ય સ્વરિત :** ઋગ્વેદમાં ઘણી જગ્યાએ આ જાત્ય સવરિતની પાછળ १॒ કે ३॒ નું ચિહ્ન જોવા મળતું નથી. એટલે કે કમ્પ વિનાનો પણ જાત્ય સ્વતન્ત્ર સ્વરિત જોવા મળે છે. આનું કારણ એ છે કે આવા જાત્ય સ્વરિતોવાળા અક્ષરની પાછળ આવેલા અક્ષરમાં ઉદાત્ત સ્વર (કે બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત) આવેલો હોતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો આવા જાત્ય સ્વરિતવાળા અક્ષરની પાછળના અક્ષરમાં અનુદાત્તત્વ રહેલું હોય તો ત્યાં તે જાત્ય સ્વરિત 'કંપ' અનુભવતો નથી. દા.ત. (સંહિતા પાઠ) मा नोऽहिर्बु॒ध्न्यों रि॒षे॑. ૭–૩૪–૧૭ (પદપાઠ) मा । नः । अ॒हिं । बु॒ध्न्यः॑ । रि॒षे॑ ।

અહીં ध्न्यः । માં જાત્ય સ્વરિત રહેલો છે. પણ તેના ઉત્તરવર્તી અક્ષર रि માં (ઉદાત્ત કે કોઈ સ્વતંત્ર સ્વરિત રહેલો નથી, પણ તેમાં) તો અનુદાત્ત સ્વર રહેલો છે, તેથી ध्न्यः જાત્ય સ્વરિતવાળા અક્ષરની ઉત્તરાદ્ર્ધની ૧ = ત્રણ અર્ધી માત્રા, કે જે અનુદાત્તત્વની બનેલી છે, તેમાં 'કંપ' જન્મતો નથી. માટે સંહિતામાં તે धन्यः ની પાછળ ३॒ મૂકવામાં આવેલ નથી.

[2] ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત : બે પદો વચ્ચે યણાદેશ વાળી[3] સન્ધિ થાય છે ત્યારે[4], સંહિતામાં સંયુક્ત વ્યંજનાન્ત य् કે व् કારવાળા અક્ષરને આશ્રયે જે સ્વતન્ત્ર સ્વરિત આવીને ઊભો રહે છે, તેને "ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત" કહેવામાં આવે છે. અહીં જે બે પદો વચ્ચે સન્ધિ થાય છે તેમાં અનુક્રમે પહેલા પદાન્તીય इ/उ કાર ઉદાત્ત સ્વર યુક્ત હોય છે, અને પછીના પદાદિ અક્ષરમાં અનુદાત્ત સ્વર હોય છે. દા.ત.

(સંહિતાપાઠ) स॒स̥ाद॒ क्र̥त्वा॒ ह्य १॒॑ ग्नि̥र॒मृ̥ता॒ँ ०। ऋ. सं. ७–४–५/६

(પદપાઠ) स॒स̥ाद॑ । कृ̥त्वा॑ । हि̥ । अ॒ग्नि̥ः । अ॒मृ̥ता॑न् ।

અહીં हि (ह् + इ) માંના પદાન્તીય इ કાર અને अग्नि ના પદાદિ अ કાર–તે બેની વચ્ચે યણાદેશ વાળી સન્ધિ થઈ છે. તથા તે જ સમયે તે બે અક્ષરોના આશ્રયે રહેલા (हि̥ માંના) ઉદાત્ત અને (अ॒ માંના) અનુદાત્ત સ્વરોનો પણ સન્ધિ = સમાહાર થાય છે, પરિણામે તેમાંથી (સંહિતામાં) ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે. હવે આ ક્ષૈપ્ર સ્વરિત (ह्य॑)ના ઉત્તરવર્તી અક્ષર ग्नि̥ માં ઉદાત્તસ્વર રહેલો હોઈને તે ક્ષૈપ્ર સ્વરિત કમ્પ અનુભવે છે. (પરંતુ) આ ક્ષૈપ્રસ્વરિતહ્રસ્વ अ = ह्य માંનો (अ) સ્વર (= અક્ષર)ને આશ્રયે રહેલો હોઈને, તે કંપને નોંધવા માટે ह्य ની પાછળ १॒॑ નું નિશાન મૂકવામાં આવે છે (તથા તે १॒॑ નિશાનીની આગળ આવેલા = પુરોવર્તી ह्य ને કોઈ પણ પ્રકારની નિશાની કર્યા વિના છોડી દેવામાં આવે છે.) [જો ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિતમાં દીર્ઘ સ્વર હોય તો તેની પાછળ ३॒॑ ની નિશાની મૂકાય છે અને (સંહિતામાં) તે ક્ષૈપ્રસ્વતન્ત્ર સ્વરિતવાળા અક્ષરની નીચે અનુદાત્તની (–) આડી લીટી મૂકાય છે.]

---

[3] યણાદેશ વાળી સન્ધિ એટલે – પાણિનીય સૂત્ર इको यणचि । ૬–૧–૭૭ અનુસાર, કોઈ પણ (અસવર્ણ) સ્વરની બરાબર પૂર્વમાં આવેલા इ, उ, ऋ, ऌ વર્ણોના સ્થાને અનુક્રમે य् व् र् ल् એવા આદેશો (= ધ્વનિપરિવર્તનો) થાય છે. જેમકે, सुधी + उपास्य । અહીં उ સ્વરવર્ણની બરાબર પૂર્વમાં આવેલા धी ના ई કારના સ્થાને य् આદેશ થાય છે : ૧. सुध्य् + उपास्य = सुध्युपास्य । ૨. मधु + अत्र > मध्व् + अत्र = मध्वत्र । વગેરે.

[4] એક જ પદમાં યણાદેશ વાળી સન્ધિ થાય ત્યારે 'જાત્ય' પ્રકારનો સ્વતન્ત્ર સ્વરિત બને છે. પણ જ્યારે બે પદો વચ્ચે યણાદેશ વાળી સન્ધિ થાય છે ત્યારે ક્ષૈપ્ર સ્વતન્ત્રસ્વરિત બને છે. (આ જ રીતે, પ્રશ્લિષ્ટ અને અભિનિહિત પ્રકારના ત્રીજા અને ચોથા પ્રકારના સ્વતન્ત્ર સ્વરિતોમાં પણ બે પદો વચ્ચે જ સન્ધિ થઈ હોય છે.)

[૩] **પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત :** પદાન્તીય સ્વર અને પદાદિ સ્વર જો એકસરખા હોય (= સવર્ણ હોય) તો તે સ્વરોના સ્થાનમાં સવર્ણ દીર્ઘ સન્ધિ થાય છે જેને 'પ્રશ્લિષ્ટ સવર્ણ સન્ધિ' પણ કહેવામાં આવે છે. દા.ત. अ + अ = आ । इ + इ = ई । आ + आ = आ । अ + आ = आ વગેરે.[૫] હવે, અહીં પદાન્તીય સ્વર જો ઉદાત્ત હોય અને તેની પાછળ કોઈ પદાદિ સ્વર અનુદાત્ત (અથવા પરતન્ત્રી સ્વરિત) હોય તો તેમનો પણ સમાહાર થાય છે (= તે બે સ્વર પરસ્પર ભેગા મળે છે); તેમાંથી જે સ્વર જન્મે છે તેને પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત" કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો બે પદો વચ્ચે સવર્ણ દીર્ઘ સન્ધિ થઈને જે સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો હોય તેને "પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત" કહે છે. દા.ત.,

(સંહિતા) प्र̥ जा॒ता̥ अ॒भी॒ इ॒॑ मं̥ य॒ज्ञं̥ ०। ऋ. सं. ३–४–५

(પદપાઠ) । प्र̥ । जा॒ता̥ । आ॒भि̥ । इ॒म̥म् । य॒ज्ञ̥म् ।

અહીં – १. आ $\boxed{\text{भि + इ}}$ मम् । **માં** इ + इ = ई તથા
२. $\boxed{\text{० + –}}$ નો સમાહાર થઈને '।'
(ઉદાત્ત + અનુદાત્ત થઈને)
} પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત (भीं) જન્મ્યો છે.

આમ પહેલો પદાન્તીય इ અને બીજો પદાદિ इ – એ બેની વચ્ચે 'સવર્ણ દીર્ઘસન્ધિ થઈ છે, અને સાથે ને સાથે તે બે અક્ષરોમાં રહેલા (અનુક્રમે) ઉદાત્ત + અનુદાત્તનું પણ મિશ્રણ થયું છે અને તેમાંથી भी અક્ષરમાં જે સ્વરિત જન્મ્યો છે, તે "પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિત" પ્રકારનો ગણાય છે.

(સંહિતા) धु॒री॒ इ॒॑ वा̥त्यो॒ । ऋ. सं ७–२४–५ (अ)

(પદપાઠ) । धु॒रि̥ ऽ इं॑ व । अ̥त्यं॑:)



---

[૫] अकः सवर्णे दीर्घः । पा. सू. ६–१–१०१ સૂત્રથી अ इ उ ऋ लृ ની પાછળ તેવા જ સવર્ણ સ્વરો (દા. ત. अ ની પાછળ अ, इ ની પાછળ इ) આવેલા હોય તો, તે બે વર્ણોના સ્થાનમાં એક સવર્ણ દીર્ઘ એકાદેશ થાય છે. જેમકે, दैत्य + अरि । दैत्यारिः । श्री + ईश श्रीशः । विष्णु + उदय विष्णूदयः ॥ વગેરે.

[**નોંધ :** ઉદાત્ત + અનુદાત્તથી નહિ, પણ ઉદાત્ત + પરતન્ત્રી સ્વરિતથી જન્મતા પ્રશ્લિષ્ટ સ્વરિતનું આ ઉદાહરણ છે.]

૧. અહીં પહેલાં તો બે પદો (धुरि + इव)[૬] વચ્ચે સન્ધિ થઈ છે. જેમ કે, એક પદાન્તીય इ + બીજો પદાદિ इ = તેની સવર્ણ સન્ધિ થવાથી री બન્યો છે. ત્યાર પછી તે પદાન્તીય इ (रि) અક્ષરના આશ્રયે રહેલો ઉદાત્ત સ્વર + પદાદિ इ અક્ષરના આશ્રયે રહેલો પરતન્ત્રી સ્વરિત સ્વર પણ પરસ્પર સમાહાર પામ્યા છે, જેના પરિણામે रीं એવો પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો છે.

૨. (इ) व͓ + अ̥(त्य) = वा̥ । અહીં व અક્ષરમાં પ્રચય (= અનુદાત્ત) સ્વર, અને अ અક્ષરમાંનો ઉદાત્ત સ્વર ભેગા મળીને સંહિતામાં (व॒ + अ̥) = वा̥ એવો ઉદાત્ત સ્વરવાળો અક્ષર બન્યો છે. તેથી પૂર્વવર્તી रीं એવા પ્રશ્લિષ્ટ સ્વરિતમાં કમ્પ જન્મે છે. (અહીં रीं પોતે દીર્ઘ અક્ષર હોઈને, સંહિતામાં તેની પાછળ ३॒ં ની નિશાની મૂકાઈ છે, અને री અક્ષરની નીચે પણ-અનુદાત્તની નિશાની મૂકાઈ છે :

धु॒री॒ ३॒ं वा॒त्यौं ॥

* * *

જે પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મતો નથી તેનું એક ઉદાહરણ જોઈશું :

(સંહિતા) व̥सुं॒ना͓ दि॒वींव॒ द्या̥म̥धिंः ०। ऋ० सं० ७–२४–५ (व)

(પદપાઠ) व̥सूं॒नाम् । दि॒वि̥ऽइंव͓ । द्या̥म् । अधिं

અહીં दिवि + इव । માં સવર્ણ દીર્ઘ સન્ધિ થવાથી दिवीव । બને છે ત્યારે તે वि̥ અક્ષરને આશ્રયે રહેલા ઉદાત્ત સ્વર, અને इं અક્ષરને આશ્રયે રહેલો પરતન્ત્રી

---

[૬] सुपो धातुप्रातिदिकयोः । २–४–७१ સૂત્રથી ઉપરની 'સિદ્ધાન્તકૌમુદી' માં એક વાર્તિક છે : इवेन समासो विभक्त्यलोपश्च ॥ આ વાર્તિક અનુસાર धुरि પદનો इव ની સાથે સમાસ થાય છે, અને તેમાં સપ્તમી વિભક્તિના પ્રત્યય (इ) નો અલોપ થાય છે : धुरीव । (ઋગ્વેદના પદપાઠકારના મતે) આ इव નિપાતનો જેની સાથે સમાસ થયો હોય છે, તેને 'એકપદ' જ ગણવામાં આવે છે (પરિણામે પદપાઠમાં તેમને કેવળ અવગ્રહથી પૃથક્ કરીને, પરંતુ "એક જ પદ" રૂપે રજૂ કરેલ છે. બીજું, આવા इव નિપાતનો સામાન્ય રીતે સર્વાનુદાત્ત 'સ્વર જ હોય છે : इ॒व॒ । પણ જો તે इ નો પૂર્વવર્તી અક્ષર ઉદાત્ત સ્વરવાળો હોય તો इ॒ → इ પરતન્ત્રી સ્વરિત સ્વરવાળો બને છે.

સ્વરિત સ્વરનો પણ સમાહાર થાય છે; અને તેમાંથી પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે. હવે આ પ્રશ્લિષ્ટ સ્વરિતમાં 'કમ્પ' જન્મ્યો નથી; કારણ કે તે પ્રશ્લિષ્ટ સ્વરિતવાળા વીં અક્ષરના ઉત્તરવર્તી અક્ષર વં માં પ્રચય (અનુદાત્ત) સ્વર રહેલો છે. (અગાઉ કહ્યું છે તેમ એક સ્વતન્ત્ર સ્વરિતની પાછળ જો ઉદાત્ત, કે બીજો કોઈ સ્તતન્ત્ર સ્વરિત આવ્યો હોય તો જ તે સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મે છે.

* * *

ઉદાત્ત સ્વરવાળા પદાન્તીય उ અક્ષર અને અનુદાત્ત સ્વરવાળા બીજા પદાદિ उ કારના સમાહારથી (= પ્રશ્લિષ્ટ = સવર્ણ દીર્ઘ સન્ધિ થવાથી) દીર્ઘ ऊ અક્ષરમાં પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો હોય એવું ઉદાહરણ ઋગ્વેદમાંથી મળી આવતું નથી.[૭] 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય'માં "શાકલ્યના મતે બે इ કારના પ્રશ્લેષથી (જ) પ્રશ્લિષ્ટથી સ્તરિત બને છે; અને માણ્ડૂકેયના મતે સર્વત્ર (અર્થાત્ બે उ કારના પ્રશ્લેષથી પણ) પ્રશ્લિષ્ટ સન્ધિ (= સવર્ણ દીર્ઘ સન્ધિ)માંથી પ્રશ્લિષ્ટ સ્વરિત જન્મી શકે છે." એવા બે વિભિન્ન મતો નોંધાયા છે.[૮] અહીં; માણ્ડૂકેય મુનિએ સૈદ્ધાન્તિક દૃષ્ટિએ, 'એક ઉદાત્ત સ્વરવાળો उ કાર અને બીજો અનુદાત્ત સ્વરવાળો उ॒ કાર ભેગાં થતાં ऊं પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત પણ જન્મી શકે છે.' એનો સ્વીકાર કર્યો લાગે છે. જ્યારે શાકલ્ય મુનિએ વાસ્તવિક રીતે, ઋગ્વેદમાં '(કેવળ) એક ઉદાત્ત इ કાર અને બીજા અનુદાત્ત इ કારના મિશ્રણથી ई પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે.' એવું વિધાન કર્યું હશે.

[૪] અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત : અભિનિહિત સન્ધિમાં પદાન્તે આવેલા ઉદાત્ત સ્વરવાળા ए કાર કે ઉદાત્ત ओ કાર રૂપ અક્ષરમાં પરવર્તી પદાદિ અનુદાત્ત

---

૭. જુઓ : W. D. Whitney : SANSKRIT GRAMMAR Rule No. 128, Page 44 તથા G. C. Jhala, Kampa in the accent system of the Ṛgveda 'Section 1, P. 102, 103, આ લેખ "As'vina in the Ṛgveda and other Indological Essays", pub. Munshiram Monoharlal Publishers Pvt. Ltd. Delhi, 1978 માં સંગૃહીત છે.

૮. इकारयोश्च प्रश्लेषे क्षैप्राभिनिहितेषु च ।
उदात्तपूर्वरूपेषु शाकल्यस्यैवमाचरेत् ॥
एवम्
माण्डूकेयस्य सर्वेषु प्रशिलष्टेषु तथा स्मरेत ॥
— ऋग्वेदप्रातिशाख्यम् (३–१३, १४).

સ્વરવાળો હ્રસ્વ अ કાર ભળી જાય; એટલે કે "પૂર્વરૂપ એકાદેશ સન્ધિ"[૯] થાય ત્યારે પદાન્તે આવેલા ए કાર કે ओ કાર ઉપર જે સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે તેને 'અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત' કહે છે. દા. ત. (૧)

(સંહિતા) वि॒श्पतिं॑ दु॒रो॒णे॒ ३॒॑ ग्निर्म॒न्द्रो म॒धुव॑चाः० । ऋ० ७–७–४

(પદપાઠ) वि॒श्पतिः॑ । दु॒रो॒णे । अ॒ग्निः । म॒न्द्रः । म॒धुं॑ऽवचाः ।०।

અહીં दुरोणे + अग्निः એવાં બે પદોની વચ્ચે પૂર્વરૂપ એકાદેશ સન્ધિ થઈ છે. આ સન્ધિમાં પદાન્તે આવેલા णे અક્ષરમાં, પરવર્તી अ॒ અક્ષર ભળી ગયો છે. (= 'અભિનિહિત' થયો છે.) આ સન્ધિ દરમ્યાન તે णे અક્ષરને આશ્રયે રહેલા ઉદાત્ત સ્વર, અને अ॒ અક્ષરને આશ્રયે રહેલા અનુદાત્ત સ્વરનો પણ સમાહાર થયો છે. જેના પરિણામે णें માં અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો છે તથા તે સ્વતન્ત્ર સ્વરિતની પાછળ આવેલા ग्नि અક્ષરમાં ઉદાત્ત સ્વર રહેલો હોઈને તે णें એવા અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મ્યો છે; તથા તે णें સ્વતન્ત્ર દીર્ઘ અક્ષરનો બનેલો હોઈને સંહિતામાં તેની પાછળ ३॒॑ ની નિશાની મૂકાઈ છે, તથા તે સ્વતન્ત્ર સ્વરિતની નીચે અનુદાત્તની – આડી લીટીરૂપ નિશાની મુકવામાં આવે છે : दु॒रा॒णे॒ ३॒॑ ग्निर्० ।

દા. ત. (૨) બીજું એક ઉદાહરણ જોઈશું :

(સંહિતા) स॒जोषां॑ वावशा॒नो॒ ३॒॑ ग्नेः पिंब० । ऋ० ३–३५–९

(પદપાઠ) । स॒ऽजोषाः । वा॒व॒शा॒नः । अ॒ ग्नेः । पि॒ब॒ ।०

અહીં આ वावशानः + अग्नेः માં સન્ધિ થતાં वावशानो + अग्नेः > (પછી પૂર્વરૂપ એકાદેશ થતાં = પૂર્વવર્તી ઓકારમાં પરવર્તી હ્રસ્વ अ કાર ભળી જતાં)

---

[૯] एङः पदान्तादति । पा. सू. ६–१–१०९ સૂત્રથી "પદના અન્તે આવેલા ए કાર કે ओ કારની પાછળ હ્રસ્વ अ કાર આવેલો હોય તો, તે હ્રસ્વ अ કારનો 'પૂર્વરૂપ એકાદેશ' થાય છે. (અર્થાત્ પોતાની પૂર્વમાં આવેલા ए કાર કે ओ કારમાં(તે હ્રસ્વ अ કાર ભળી જાય છે. દા. ત. हे हरे + अव > हे हरेऽव । विष्णो + अव विष्णोऽव । (અહીં પૂર્વમાં આવેલા ए કે ओ માં પરવર્તી હ્રસ્વ अ કાર ભળી ગયો છે, તેમ દર્શાવવા લિપિમાં અવગ્રહ (ऽ) નું ચિહ્ન મુકાય છે.)

वावशानोऽग्नेः । એવી પરિસ્થિતિ જન્મે છે. આ વખતે न અક્ષરનો ઉદાત્ત સ્વર અને अ॒ અક્ષરનો અનુદાત્ત સ્વર પણ પરસ્પર સાથે ભેગા મળે છે, તેમાંથી (नों અક્ષરમાં) અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે, તથા ग्नेः અક્ષરમાં ઉદાત્ત સ્વર હોવાથી, તે ग्नेः ની પૂર્વમાં આવેલા नों એવા અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મે છે. જેને નોંધવા માટે, नोની પાછળ ३॒ નું નિશાન મૂકાય છે.

(૩)

'કમ્પવાળા જાત્ય સ્વરિત' વિષે ચર્ચા કરતાં અગાઉ ૨ (૨), (क) ૧ માં જણાવ્યું હતું – "જે અક્ષરને આશ્રયે સ્વતન્ત્ર સ્વરિત રહેલો હોય તેની પાછળ (સંહિતામાં) જો ઉદાત્ત **અથવા** બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત આવે તો તે પૂર્વવર્તી અક્ષરમાં રહેલો સ્વતન્ત્ર સ્વરિત 'કમ્પ' અનુભવે છે." હવે ઉપર્યુક્ત ચર્ચામાં એવાં જ ઉદાહરણો લીધાં છે કે જેમાં એક સ્વતન્ત્ર સ્વરિતની પાછળ બીજો ઉદાત્ત સ્વર(વાળો અક્ષર) આવતાં 'કમ્પ' જન્મતો હોય છે, પરંતુ સ્વતન્ત્ર સ્વરિતની પાછળના અક્ષરમાં ઉદાત્ત નહીં, પણ બીજો એક સ્વતન્ત્ર સ્વરિત આવીને ઊભો રહે તો પણ તે હવે પૂર્વવર્તી સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મે છે એનું ઉદાહરણ બતાવવાનું બાકી રહ્યું છે. હવે તે વિષે ચર્ચા કરીશું : 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય'માં કહ્યું છે કે –

> जात्योऽभिनिहितश्चैव क्षैप्रः प्रश्लिष्ट एव च ।
> एते स्वराः प्रकम्पन्ते यत्रोच्चस्वरितोदयाः ॥ (३–३४)

"જાત્ય, અભિનિહિત, ક્ષૈપ્ર અને પ્રશ્લિષ્ટ પ્રકારના સ્વતન્ત્ર સ્વરિત સ્વરોમાં 'કમ્પ' જન્મે છે, જો તે સ્વતંત્ર સ્વરિતની પાછળ (ના અક્ષરમાં) – (૧) ઉચ્ચ ઉદાત્ત કે, (૨) (બીજો સ્વતન્ત્ર) સ્વરિત આવીને ઊભો રહે તો."

આ નિયમમાં, 'કંપ જન્મવા માટેની બે શરતોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આ વિષે વ્હીટનીએ પણ નિયમ તારવ્યો છે.[૧૦] પરંતુ સ્વતન્ત્ર સ્વરિતની પાછળ ઉદાત્ત સ્વર આવે ત્યારે જે કંપ જન્મે છે તેના જ તેમણે ઉદાહરણ આપ્યાં છે અને સ્વતન્ત્ર સ્વરિતની પાછળ બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત સ્વર આવતાં પૂર્વવર્તી સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મ્યો હોય એવું એક પણ ઉદાહરણ તેમણે આપ્યું નથી.

---

[૧૦] If an independent circumflex be followed by an acute (for by another independent cricumflex), a figure 1 is set after the former cricumflexed vowel if it be short, or a figure 3 if it be long."– W. D. Whitney, SANSKRIT GRAMMAR, rule 87 d, page 30.

પ્રોફે. મેકેડોનલ અને (કદાચ તેમને અનુસરીને). પ્રોફે, વેલણકરને પણ, આવી બીજી શરતવાળા સ્વતન્ત્ર સ્વરિતની સંભાવના સરખી પણ દેખાઈ નથી[૧૧]. પ્રોફે. વેલણકરને આવું ઉદાહરણ નહિ મળવા તરફ પ્રોફે. જી. સી. ઝાલાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. કેમકે પ્રોફે. વેલણકરે ઋગ્વેદસંહિતાના જે ૭ મા મંડળનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે, તે મંડળમાં જ આનું ઉદાહરણ મળી આવે છે. જેમકે समीके ३ भींतिम् । (RV VII–21–9 cd). પ્રોફે. જી. સી. ઝાલા એક સ્વતન્ત્ર સ્વરિતની પાછળ બીજો એક સ્વતન્ત્ર સ્વરિત આવતાં પૂર્વવર્તી સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મી શકે છે, અને જ્યાં આવો કંપ જન્મ્યો છે તેના એક ઉદાહરણ તરફ કેવળ **અંગુલિનિર્દેશ** કરીને એકદમ અટકી ગયા છે, અને તેની કોઈ સમજૂતી આપી નથી. તથા તે બન્ને સ્વતંત્ર સ્વરિતના કયા પ્રકારો ? વગેરેનું કશું જ વિવરણ કર્યું નથી[૧૨].

આપણે આ ઉદાહરણને વિગતે સમજીશું :

(સંહિતા)

तेऽवंसा सुमीके ३ भींतिमर्यो वनु षां । ७–२१–९

(પદપાઠ)

ते । अवंसा । सम् ऽ ईके । अभि ऽ इं त्रिम् । अर्यः । वनुषाम् ।



केऽ । भी

અભિનિહિત સ્વતંત્ર સ્વરિત | પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિત

---

[૧૧] If an independent Svarita precceds an Udatta it is marked with the numeral (1) when its vowel is short, and with (3) when it is long, the figures receving both, the sign of the Svarita and that of the Anudatta which precceds an Udatta e.g. अप्स्व १ न्तर०) रायो ३ वनिः । the phenomenan is describes by the phoneticians with the words 'kampa'–quaver, vikampita and the verb pra–kamp.-Macdonell, VEDIC GRAMMAR, Rule no. 84-b pp. 78–79.

[૧૨] જુઓ G. C. Jhala, Asvina in the Rgveda and other Indological Essays, pp. 102–105.

આ ઉદાહરણમાં પદાન્તે આવેલા के માંના ए કારની અંદર પરવર્તી अभि નો હ્રસ્વ अ કાર 'પૂર્વરૂપ એકાદેશ' સન્ધિ થઈને ભળી ગયો છે. (= અભિનિહિત થયો છે.): केऽभि । આ સમયે के॒ અક્ષરમાંના ઉદાત્ત સ્વરની સાથે, પદાદિ अ॒ અક્ષરમાંના અનુદાત્ત સ્વરનો પણ સમાહાર (મિશ્રણ) થયો છે. પરિણામે के' અક્ષરમાં 'અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત' સ્વરનો જન્મ થયો છે.

ત્યાર પછી, । ऽभि॒ + इं॑ति॒म् । એ બે પદો વચ્ચે સન્ધિ થયો છે. જેમકે, भि અક્ષરમાંના इ કારની સાથે इतिम् નો આદિ इ કાર 'સવર્ણ દીર્ઘ સન્ધિ' (= પ્રશ્લિષ્ટ) થઈને દીર્ઘ ई રૂપે પરિણમે છે :– ऽभी॒तिम् । આ સમયે भि અક્ષરમાંના ઉદાત્ત સ્વર અને इ'तिम् । શબ્દમાંના इं પરતંત્રી સ્વરિત સ્વર (કે જે મૂળમાં તો અનુદાત્ત જ હોય છે, તે)નો પણ સમાહાર થાય છે. જેના પરિણામે भीं અક્ષરમાં 'પ્રશ્લિષ્ટ સ્વતન્ત્રસ્વરિત' સ્વરનો જન્મ થાય છે.

હવે, के' અક્ષરમાંના અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિતની પાછળ भीं અક્ષરમાંનો પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર આવીને ઊભો રહે છે. તેથી कें માંનો અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત કમ્પ અનુભવે છે. (વળી, આ के પોતે દીર્ઘ અક્ષર છે) તેથી के ની પાછળ, તે 'કમ્પ'ની નોંધ લેવા માટે रु॒ं એવું અંકન કરવામાં આવ્યું છે તથા रु॒ं ની પૂર્વમાં આવેલા के॒ ની નીચે અનુદાત્તની '–' આડી લીટી મૂકવામાં આવી છે. इति दिक् ।

આમ, એક 'અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત'ની પાછળ બીજો 'પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત' આવે ત્યારે પણ 'કમ્પ' જન્મી શકે છે. એનું આ એક ઉદાહરણ ૭મા મંડળમાંથી મળે છે.

આવું એક બીજું ઉદાહરણ शतचक्रं यो॒ रु॒ं ह्यौं वर्तन्ति । (ऋ १०–१४४–૪) માં પણ મળે છે. તેમાં અભિનિહિત સ્વ. સ્વ. ની પાછળ જાત્ય સ્વ. સ્વ. આવેલો છે. (જુઓ : ઋગ્વેદ પ્રાતિશાખ્ય : ૩–૬ ઉવ્વટ).

૪

સ્વતન્ત્ર સ્વરિતોનું નિર્માણ કેવી રીતે થાય છે, તેના કેટલા પ્રકારો છે, તથા સંહિતાપાઠમાં તેમનું અંકન કેવી રીતે કરવામાં આવે છે એ વિષે ઉપર ચર્ચા કરવામાં આવી છે. પરંતુ આવા સ્વતંત્ર સ્વરિતોની પદપાઠમાં શી સ્થિતિ હોય છે ? એ વિષે પ્રકટપણે ચર્ચા કરવાની બાકી છે.

અગાઉ કહ્યું છે તેમ ચાર પ્રકારના સ્વતંત્ર સ્વરિતોમાંથી જે પહેલો જાત્ય સ્વતન્ત્ર સ્વરિત સ્વર છે, તે કેવળ એક પદમાં જ પ્રકૃતિ + પ્રત્યયના ધ્વનિઓમાં સન્ધિ થવાથી જન્મ્યો હોય છે. જેમકે, वी॒र्य॑म् । = [वी॒रि॒ + अ॒म्] ।

क॒न्यां । = [क॒नि॒ + आ॒] ॥

પરિણામે તેવા જાત્ય સ્વતન્ત્ર સ્વરિતવાળા પદને પદપાઠમાં એક પદ તરીકે જ ઉતારવામાં આવે છે; અને તેમાં જે તે અક્ષર ઉપર જાત્ય સ્વરિતની નિશાની ચાલુ રહે છે. બીજું, જો સંહિતા પાઠમાં પરવર્તી અક્ષરના ઉદાત્ત સ્વરની અસર હેઠળ તે જાત્ય સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મ્યો હોય અને તેના સ્વરાંકન માટે १॒॑ કે ३॒॑ નિશાની વપરાઈ હોય તો પદપાઠ કરતી વખતે તે કમ્પ, અને તેના સ્વરાંકનની १॒॑ કે ३॒॑ નિશાનીઓ ચાલુ રહેતી નથી. જેમ કે,

(સંહિતા) यां॑ह्य॒ग्ने॒ पृ॒थ्या ३॒॑ अ॒नु ० । ऋ. सं. ७—७—२.

(પદપાઠ) या॒हि॒ । अ॒ग्ने॒ । पृ॒थ्यां॑ः । अ॒नु । ० ॥

અહીં પૃ॒થ્યાંઃ । પદ જાત્ય સ્વતંત્ર સ્વરિત સ્વરવાળું છે. સંહિતામાં અ॒નું નો अ કાર ઉદાત્ત સ્વરવાળો હોવાથી તે જાત્ય સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મ્યો છે, અને તેને નોંધવા ३॒॑ ની નિશાની મુકાઈ છે; પણ પદપાઠમાં તે નિશાની જતી રહે છે; અને મૂળ જાત્ય સ્વરિતની નિશાની સાથે જ તેને મૂકાય છે : પૃ॒થ્યાંઃ ।

હવે, જાત્ય સ્વતન્ત્ર સ્વરિત સિવાયના બાકીના ત્રણ સ્વતંત્ર સ્વરિત તો સંહિતાપાઠમાં **બે પદો વચ્ચે** સન્ધિ થવાથી જન્મ્યા હોય છે; આથી પદપાઠ કરતી વખતે તે બે સન્ધિયુક્ત પદોને છૂટાં પાડવાં પડે છે. પરિણામે, એક પદાન્તીય અને બીજા પદાદિ અક્ષરની સન્ધિથી જન્મેલા તે સ્વતંત્ર સ્વરિતો પણ પદપાઠમાં સંપૂર્ણ અદશ્ય થઈ જાય છે. અર્થાત્ પદપાઠમાં ક્યારેય ક્ષૈપ્ર, પ્રશ્લિષ્ટ અને અભિનિહિત સ્વતંત્ર સ્વરિત જોવા મળતા નથી.

(દા. ત. સંહિતા) श्रु॒ध्य १॒॑ स्य हि॒रं॑ण्यपा॒णे ० । ऋ. सं. ७—३८—२

(પદપાઠ) श्रु॒ध्य॒ । अ॒स्य॒ । हि॒रं॑ण्यऽपा॒णे ।

હવે, એક વિશિષ્ટ ઉદાહરણની ચર્ચા કરીશું. સામાન્ય રીતે સંહિતાપાઠમાં સ્વતંત્ર સ્વરિત જોવા મળતા હોય છે; અને પરવર્તી અક્ષરના ઉદાત્ત કે બીજા એક સ્વતન્ત્ર સ્વરિતથી તે સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મ્યો હોય છે. આ 'કમ્પ' ની સ્થિતિ પદપાઠમાં નિવૃત્ત થતી જોવા મળે છે. પરંતુ કોઈક વિશિષ્ટ સંજોગોમાં એવું પણ જોવા મળે છે કે મૂળ સંહિતાપાઠમાં સ્વતન્ત્ર સ્વરિત કમ્પ વિનાનો હોય અને પાછળથી પદપાઠમાં તે કમ્પસહિત નોંધાતો હોય છે. જેમ કે,'

---

૧૩. ઋગ્વેદસંહિતા ૩, ૪, ૫, ૭, અને ૧૦ મંડળમાંથી આ ઉદાહરણો લઈને પૃથક્કૃત કર્યાં છે. ઉપર મંડળ, સૂક્ત અને મંત્રનો સન્દર્ભ આપ્યો છે; જરૂર પડે ત્યાં મન્ત્રના ચાર ચરણને a, b, c, d રૂપે દર્શાવ્યાં છે.

(સંહિતા) द्यावा॑पृथि॒वी अ॒पः स्वः॑ । ऋ. सं. ७–४४–१

આના પદપાઠમાં :–

द्यावा॑पृथि॒वी इति॑ । अ॒प । स्व १॒॑ रिति॑ स्वः॑ ।

અહીં ('સૂર્ય'વાચક) स्वर् શબ્દ રેફાન્ત હોઈને, પદપાઠમાં इति॑ કરણ કરવું પડે છે. હવે, આ इति॑ કરણ આદ્યુદાત્ત હોઈને પદપાઠમાં તે स्वः॑ એવા જાત્ય સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મે છે, જેને નોંધવા માટે १॒॑ એવું અંકન કરવામાં આવે છે :

। स्व १॒॑ रिति॑ स्वः॑ ॥

ચારેય પ્રકારના સ્વતન્ત્ર સ્વરિતોના કેટલાંક ઉદાહરણો ઋગ્વેદના ૩, ૪, ૫, ૭ અને ૧૦ મા મંડળમાંથી તારવ્યાં છે. તે નીચે મુજબ છે :

[૧] જાત્ય સ્વરિતનાં કેટલાંક ઉદાહરણો

III. 1.10/2.13, 15/4.6, 9./8.4/11.3/12.7, 9/30.3, 7/31.3, 6, 13, 16/,32.11/33.2, 7, 10/38.2, 7/42.8/46.1/48.4/50.1/51.10, 11/53.8, 16/54.15,22/55.11, 15.62.1//

IV. 4.14/6.6, 8/9.5, 6/12.6 (a)/16.21 (b), 21(d)/17.4/19.7/21.2, 8, 11(b), 11(d)/23.6/25.6(a), 6(d)/36.1/45.2/57.6/58.8//

V. 4.2, 6/10.2/12.1/19.5/29.9/33.10(a), 10(a)/34.1/41.13, 16, 20/42.6, 12/45.5/46.3, 5/47.5(a), 5(d)/53.13/54.13(b), 13(c), 15/56.4/59.3/61.2/64.2/66.2//

VII. 2.5/5.6/6.5/6.7/7.2/9.3, 5/18.8/21.3/23.4/26.1/29.4/32.27/34.19/35.13/36.8/38.3/40.1/42.6// (કંપ વિનાના) 2.9/3.4/5.5// વારંવાર વપરાતા ગત્ય સ્વરિતવાળા કેટલાક શબ્દો આ પ્રમાણે છે.

वि॒भ्वः॑ (भु + अ॒स् = भ्वः॑), वी॒र्य॑म् (वरि + अ॒म् = वी॒र्य॑म्),

स्फि॒ग्या॑ (गि + आ॒ = ग्या॑), कु॒न्या॑ (कु॒नि + आ॒ = न्या॑),

प्र॒ण्यः॑ (नि + अ॒स् = न्यः॑), अ॒सु॒र्य॑म् (अ॒सु॒रि + अ॒म् = र्य॑),

ओ॒क्यै॑ (ओकि + ए॒ = क्यै॑), तन्वः॑ (त॒नु + अ॒ = न्वः॑),

म॒नुष्यै॑ (मनुषि + ए॒ = ष्यै॑), न॒द्यः॑ (न॒दी + अ॒स् = द्यः॑),

उ॒क्थ्य॑म् (उक्थि + अ॒म् = उ॒क्थ्य॑म्)

स्वा॒ध्य॑: (सुऽआ॒ध्य॑: > आधि + अ॒: = ध्य॑:),

क्व॑ (कु + अ॒ = क्व॑)

गे॒ह्य॑म् (गे॒हि + अ॒म् = ह्य॑),

जु॒ह्वा॑ (जुहु + आ॒ = ह्वा॑),

बु॒ध्न्या॑ (बुध्नि + आ॒ = ध्न्य॑),

प॒थ्या॑: (पथि + आ॒स = थ्या॑:),

दू॒त्य॑म् (दू॒ति + अ॒म् = त्य॑म्)

स्त॒र्य॑: (स्त॒रि + अ॒स् = र्य॑),

वि॒ष्व॒कू॑द्य (वि॒ष्व॒द्रि + अ॒क = घ्रू॑)

वि॒दु॒थ्य॑म् (वि॒दु॒थि + अ॒म् = थ्य॑म्) વગેરે

X (મંડળ-૧૦)

(क) કંપ વિનાના જાત્ય સ્વતંત્ર સ્વરિત : ૧૦-૭, ૧૫-૧૪, ૧૬-૪, ૪૧-૧, ૪૩-૫, ૯૦-૧૨, ૯૭-૧૬, ૯૭-૧૯, ૯૭-૨૧, ૧૬૩-૧, ૧૭૭-૨.

(ख) કંપવાળા જાત્ય સ્વતંત્ર સ્વરિતો : ૪-૭, ૬-૪, ૭-૭, ૧૦-૩, ૧૦-૭, ૧૦-૧૧, ૧૨, ૧૪-૨, ૩૪-૬, ૪૧-૧, ૪૩-૪, ૯, ૭૧-૪, ૮૫-૨૨, ૨૭, ૩૦, ૯૫-૭, ૯૭-૧૦, પદપાઠમાં ૧૨૧-૫, ૧૨૩-૭, ૧૨૫-૨, ૧૨૭-૬, ૧૩૦-૭, ૧૫૧-૪, ૧૬૩-૨, ૧૭૦-૪.

૧૦મા મંડળમાં આવેલા જાત્ય સ્વરિતવાળા શબ્દો

स्व॒र्य॑म् (स्व॒रि + अ॒म्),

र॒थ्य॑: (र॒थि + अ॒:)

वृ॒क्य॑म् (वृ॒कि + अ॒म्)

सु॒प्राव्ये॑ (सु॒प्रावि + ए॒)

शी॒र्ष॒ण्य॑म् (शी॒र्ष॒णि + अ॒म्)

रा॒ज॒न्य॑: (रा॒ज॒नि + अ॒:)

हृ॒द॒य्य॑या (हृ॒द॒यि + अ॒या)

त॒न्व॑म् (त॒नु + अ॒म्)

दो॒ष॒ण्य॑म् (दो॒ष॒णि + अ॒म्)

व॒रु॒ण्या॑त् (व॒रु॒णि + आ॒त्)

[૨] ક્ષૈપ્રસ્વરિતનાં ઉદાહરણો

III. 1.3/26.8/36.4/46.4/50.2/51.6/54.19//

IV. 4.4, 15/5.7/7.9/12.4, 6(c)/14.3/19.9/29.4/36.2/37.1/58.11//

V. 2.12/5.4/22.4/23.1/32.10/40.9/45.4/45.5/46.8/50.2/54.4/56.7//60.6//

VII. 4.5, 6/29.1/31.3/38.2(a), 2(b).

X. ૧૦મા મંડળમાં ક્ષૈપ્રસ્વતંત્ર સ્વરિતનાં ઉદાહરણો આ પ્રમાણે છે : ૧.૫, ૧૦-૧૧, ૧૫-૪, ૧૬-૧૪, ૮૫-૨૧, ૧૦૩-૩, ૧૨૫-૭, ૧૨૭-૧૨.

[૩] પ્રશ્લિષ્ટ સ્વરિતનાં ઉદાહરણો

III. 4.5 अ॒भीं ३॒॑ मं (अ॒भि॒ + इ॒म̥म्)

VII. 24.5 धु॒री ३॒॑ वा̥त्यो॒ (। धु॒रि̥ऽ इं͓॑व । अ̥त्यं) (તથા ૨૧.૯)

X. ૧૦મા મંડળમાં આનું એક ઉદાહરણ ૧૦-૧૧૯-૮ છે.

[૪] અભિનિહિત સ્વરિતનાં ઉદાહરણો

III. 5.10/35.9// ऋ॒ष्वो॒ ३॒॑ ग्नि̥र् (ऋ॒ष्व̥ + अ॒ग्नि̥):

वाव॒शा॒नो॒ ३॒॑ ग्नेः (वा॒व॒शा॒न̥ः अ॒ग्ने̥ः)

IV. 6.7 // पा͓व॒को॒ ३॒॑ ग्निर् (पा॒व॒क̥ः । + अ॒ग्नि̥ः)

VII. 7.4 / दु͓रो॒णे॒ ३॒॑ ग्निर् (दु॒रो॒णे̥ + अग्नि̥ः)

21.9 स͓मी॒के॒ ३॒॑ भींति͓म् ।

। स॒म् ऽ ई॒के̥ । + अ॒भि̥ ऽ इंति͓म् ।

के भीं

X. ૧૦મા મંડળમાં ૯૭-૨૩, ૧૦૩-૭, ૧૧૯-૧૧.

* * *

પરિશિષ્ટ–૩

ઋગ્વેદમાં પ્રયુક્ત કેટલાક વૈદિક છન્દો

૧. ભૂમિકા : સંપૂર્ણ ઋગ્વેદ છન્દોબદ્ધ છે. તદુપરાંત, અન્ય વેદની સંહિતાઓમાં પણ છન્દ વપરાયેલા જોવા મળે છે. આથી વૈદિક મન્ત્રોને = વેદને **छन्दस्** પણ કહેવામાં આવે છે.

૨. કેટલાક મુખ્ય છન્દો : 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય' માં ડઝનબંધી છન્દોનાં નામ ગણાવ્યાં છે. કાત્યાયને ૧૪ વૈદિક છન્દોનાં નામ આપ્યાં છે. અથર્વવેદીય બૃહત્સર્વાનુક્રમણિકામાં ૨૧ છન્દોનાં નામ મળે છે. પણ નીમ્નોક્ત ૭ છન્દોમાં જ મોટે ભાગે ઋગ્વેદનાં મંત્રો રચાયા છે :

૧. ગાયત્રી ૨. ઉષ્ણિક્ ૩. અનુષ્ટુપ્ ૪. બૃહતી
૫. પંક્તિ ૬. ત્રિષ્ટુપ્ ૭. જગતી

આ સાતેય છન્દોમાં સૌથી વધુ વાર વપરાયેલો છન્દ; એટલે કે ઋગ્વેદના કુલ ૨/૫ ભાગમાં વપરાયેલો છન્દ ત્રિષ્ટુપ્ છે; ત્યાર પછી ઋગ્વેદના ૧/૪ ભાગમાં વપરાયેલો બીજા ક્રમે આવતો છન્દ ગાયત્રી છે. તથા વપરાશની દૃષ્ટિએ ત્રીજા ક્રમે આવતો છન્દ જગતી છે (એટલે કે ઋગ્વેદનાં કુલ ૧૫૦૦ મન્ત્રોમાં આ જગતી છન્દ વપરાયો છે.)

૩. 'અક્ષર' ની સમજૂતી : છન્દના પાદોમાં 'અક્ષર' ગણના અનિવાર્ય શરત છે; ત્યાર પછી જ આ અક્ષરોના લઘુ–ગુરુનો વિચાર કરવાનો હોય છે. આથી પહેલાં 'અક્ષર' કોને કહેવાય છે ? એની સમજૂતી મેળવીશું :

(૧) **अ, इ, उ, ए** વગેરે દરેક સ્વરોનો 'અક્ષર' કહેવાય છે.

(૨) એક (કે એકથી વધારે) વ્યંજન + કોઈ પણ સ્વર = એક અક્ષર, દા. ત. **क्** + **ऋ** = **कृ** ને એક અક્ષર કહેવાય, **ष** + **ण्** + **आ** = **ष्णा** ને એક અક્ષર કહેવાય, આમ **कृष्णा** શબ્દમાં બે અક્ષર થયાં કહેવાય.

(૩) એકલા વ્યંજનને 'અક્ષર' ગણાતો નથી. દા.ત. **किम्** માં આવેવા **म्** વ્યંજનને 'અક્ષર' કહેવાતો નથી.

૪. 'લઘુ' અક્ષર,–'ગુરુ' અક્ષરનો વિચાર :

(૧) હ્રસ્વ સ્વરને 'લઘુ' કહેવાય છે; અને દીર્ઘ સ્વરને 'ગુરુ' કહેવાય છે.

(૨) હ્રસ્વ સ્વરની પાછળ સંયુક્ત વ્યંજનોવાળો જોડાક્ષર આવે તો, તે પૂર્વવર્તી હ્રસ્વ સ્વરને પણ 'ગુરુ' ગણવામાં આવે છે.

(૩) જે હ્રસ્વની પાછળ **छ्, ळ, ळ्ह** આવે તો, તે હ્રસ્વ સ્વરને પણ 'ગુરુ' ગણવામાં આવે છે.

(૪) હ્રસ્વ સ્વરની પાછળ વિસર્ગ (:), કે અનુસ્વર (ं) આવેલો હોય તો તેને પણ 'ગુરુ' અક્ષર માનવામાં આવે છે.

૫. છન્દો નિર્ધારણ : અમુક મંત્રમાં ક્યો છન્દ વપરાયો છે તે નક્કી કરવા માટેનો મુખ્ય સિદ્ધાન્ત એ છે કે છન્દના પાદોનો નિશ્ચય કર્યા પછી, પ્રત્યેક પાદના અક્ષરોની ગણના કરવામાં આવે છે.

પ્રાચીન ગ્રન્થોમાં 'અક્ષર–ગણના' ને જ વૈદિક છન્દનું મુખ્ય લક્ષણ માન્યું છે, 'ઋગ્વેદ સર્વાનુક્રમણી' માં કહ્યું છે કે – **यद् अक्षरपरिमाणं तच्छन्दः ॥** તથા અથર્વવેદીય બૃહત્સર્વાનુક્રમણિકામાં પણ **छन्दोऽक्षरसंख्याऽवच्छेदकमुच्यते ।** એમ કહ્યું છે, અલબત્ત શૌનકે 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય' માં ગાયત્રાદિ પાદોના 'વૃત્ત' (Rhythm) અંતિમ અક્ષરોમાં લઘુ–ગુરુની ચોક્કસ પ્રકારની નિયમિતતાની નોંધ અવશ્ય કરી છે. પણ આવુ પ્રાયિક છે. બાકી, છન્દનું નામ નક્કી કરવા માટે તો જે મંત્રના પાદોની કુલ અક્ષર સંખ્યા જ પ્રધાન નિયામક તત્ત્વ છે

अक्षराण्येव सर्वत्र निमित्तं बलवत्तरम् ।
विद्याद्विप्रतिपन्नानां पादवृत्ताक्षरैर्ऋचाम् ॥

''પાદ, વૃત્ત અને અક્ષરોની દષ્ટિએ સંદિગ્ધ ઋચાઓના (છન્દો નિર્ધારણ માટે) સર્વાધિક બલવાન નિમિત્ત સર્વત્ર (તે તે ઋચાઓના કુલ) 'અક્ષરો' જ છે.'' **(ऋ. प्रा. छन्दः पटल – २१)**

૬. છન્દો નિર્ધારણમાં ન્યૂનાધિક અક્ષરોની વ્યવસ્થા :

હવે જો અક્ષર સંખ્યાને આધારે જ છન્દનું નિર્ધરણ થતું હોય તો, જે મંત્રમાં અમુક જરૂરી અક્ષરસંખ્યા ન થતી હોય ત્યાં શું કરવું ? – આ પ્રશ્નના મુખ્યત્વે બે સમાધાન આપવામાં આવ્યા છે :

(क) વેદના છન્દોના પાદોમાં એકાદ–બે અક્ષરોની સંખ્યા ઓછી હોવા છતાંય તે છન્દમાં પરિવર્તન આવતું નથી. (અર્થાત્ તે બીજો કોઈ છન્દ બની જતો નથી.) કૌષીતકિ બ્રાહ્મણમાં કહ્યું છે કે – **न हि एकेन अक्षरेण अन्यच्छन्दो भवति, न द्वाभ्याम् । (२७–१)**

આવા છન્દના પાદોમાં જ્યાં એકાદ–બે અક્ષરો વધતા–ઘટતા હોય ત્યાં તેવા છન્દોના નામની આગળ વિશેષણ ઉમેરવામાં આવે છે. જેમકે,

(૧) જે છન્દમાં એક અક્ષર ઘટતો હોય તેની પૂર્વે **निचृत्** શબ્દ જોડવો.

(૨) બે અક્ષર ઘટતા હોય તો તેના નામની આગળ **विराट्** વિશેષણ ઉમેરવું.

(૩) જ્યાં એક અક્ષર વધારે હોય ત્યાં છન્દના નામમાં **भुरिक्** શબ્દ ઉમેરવો.

(૪) બે અક્ષર વધારે મળતા હોય ત્યાં છન્દના નામમાં **स्वराट्** એવું વિશેષણ ઉમેરવું.

અથવા

(**ख**) જે છન્દની અક્ષર ગણનામાં એકાદ અક્ષર ઓછો – ઘટતો – હોય ત્યાં અક્ષર સંખ્યાની પૂર્તિ કરવા માટે ''વ્યૂહ'' [= એકાક્ષર ભાવવાળી સન્ધિને છોડી કાઢીને અક્ષર સંખ્યામાં વધારે] કરી લેવો એમ ''ઋગ્વેદ પ્રાતિશાખ્ય''ના 'છન્દ:પટલ' માં કહ્યું છે : **व्यूहेदेकाक्षरीभावान् पादेषूनेषु संपदे ॥ २ ॥** અર્થાત્'' (એક કે એકાધિક) પાદોમાં અક્ષરોની સંખ્યા (છન્દની દૃષ્ટિએ એક કે એકાધિક) ન્યૂન = ઓછી હોય તો (તે અક્ષરોની સંખ્યાની) પૂર્તિ (સંપદ્) કરવા માટે એકાક્ષરી ભાવ રૂપ સન્ધિઓને તોડી નાખીને પૃથક્ કરી દેવી જોઈએ.''

એકાક્ષરી ભાવવાળી સન્ધિઓ = એકાદેશ રૂપ સન્ધિઓ; જેવી કે, સવર્ણ દીર્ઘ (દા. ત. अ + अ =आ, इ + इ = ई વગેરે), ગુણ (દા. ત. अ + इ = ए, अ + उ = ओ વગેરે), વૃદ્ધિ (દા. ત. अ + ए = ऐ, अ + ओ = औ વગેરે) અને પૂર્વરૂપ સન્ધિઓને છોડી કાઢીને પદાન્તીય અને પદાદિ સ્વરોને જુદા જુદા ઉચ્ચારવામાં આવે છે.

એ જ પ્રમાણે, સંયુક્ત વ્યંજનોના અંતમાં આવેલા (=**यण्** સન્ધિમાંથી જન્મેલા) **य्** અને **व्** ને બદલે **इय्** અને **उव्** નું ઉચ્ચારણ કરવું જોઈએ. [દા. ત., **त्र्यम्बकं यजामहे** । માં સાત અક્ષરો છે; પણ તેને **त्रियम्बकं यजामहे** । એ રીતે ઉચ્ચારવામાં આવે; અર્થાત્ **त्र्य = त्रिय** એવો 'વ્યૂહ' કરવામાં આવે તો ત્યાં સાતમાંથી આઠ અક્ષર બની જાય.]

આ પ્રકારના 'વ્યૂહ' ની ચર્ચા આપણા પ્રાચીન ગ્રંથકારોએ કરી છે. પરંતુ 'વૈદિક મીટર' પુસ્તકના લેખક આર્નોલ્ડ વગેરે યુરોપીય વિદ્વાનોએ પણ બીજા પ્રકારના વ્યૂહની વિચારણા કરી છે. જેમકે, પ્રશ્લિષ્ટ સન્ધિ છુટી પાડવી– **आ – अअ** અભિનિહિત સન્ધિ છૂટી પાડવી – **दुरोणेऽग्निः – दुरोणे अग्निः =एअ, ओअ**, ક્ષૈપ્રસન્ધિના પ્રસંગોએ **य्, व्**, ને બદલે **इ, उ** ઉચ્ચારવા; ષષ્ઠી બહુવચનનાં રૂપોમાં તથા બીજા કેટલાક રૂપોમાં દીર્ઘોચ્ચારણને બે લઘુ અક્ષરોની જેમ ઉચ્ચારણ કરવું. જેમકે, **देवानाम् – देवान अम्** । **दाशस्य – दअशस्य** । **शूरः – शुउरः** । વગેરે.

૭. ત્રિવિધ પાદો : ઋગ્વેદમાં વપરાયેલા મોટા ભાગના છન્દો ત્રણ પ્રકારના પાદોથી જ બનેલા છે : ૧. અષ્ટાક્ષર ગાયત્ર પાદ, ૨. એકાદક્ષાર ત્રૈષ્ટુભ પાદ અને ૩. દ્વાદશાક્ષર જાગત પાદ.

આ ત્રણ પ્રકારના પાદો જ બધા વૈદિક છન્દોના આધાર રૂપ છે. પણ ભારતીય આચાર્યોએ એક ચોથા 'દશાક્ષર વૈરાજ પાદ' ની પણ કલ્પના કરી છે. પરંતુ પાશ્ચાત્ય વિદ્વાનો કહે છે કે એકાદશાક્ષર ત્રૈષ્ટુભ પાદમાંથી જ એક અક્ષર ઘટવાથી વૈરાજ પાદ જન્મે છે અને એક અક્ષર વધવાથી જાગતપાદ જન્મે છે. પાશ્ચાત્યોના મતે તે બન્ને મૌલિક પાદ નથી; તેઓ તો ઉપર્યુક્ત પહેલા બે પાદ ગાયત્ર અને ત્રૈષ્ટુભને જ મૌલિક કહે છે.

[૧] અષ્ટાક્ષર ગાયત્ર પાદમાંથી બનતા છન્દો :

આ 'ગાયત્ર પાદ' માં આઠ અક્ષર હોય છે, (અને તેમાં નીચે દર્શાવ્યા મુજબનું 'વૃત્ત' હોય છે):

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ = કુલ ૮ અક્ષાર
˘ – ˘ ⏓ (છેલ્લા ૪ અક્ષરનું વૃત્ત)

અર્થાત્ પાંચમો અને સાતમો અક્ષર 'લઘુ' હોય છે. (˘); છઠ્ઠો અક્ષર 'ગુરુ' (–) અને આઠમો અક્ષર લઘુ અથવા ગુરુ (⏓) હોય છે. અહીં પહેલા ચાર અક્ષરોમાં લઘુ–ગુરુની કોઈ જ ગોઠવણી હોતી નથી; પણ છેલ્લા ચાર અક્ષરનું જ ઉપર મુજબ 'વૃત્ત' તપાસવાનું હોય છે. અલબત્ત, આ 'વૃત્ત' હંમેશા જળવાતું જ હોય છે એવું નથી તેથી વૈદિક છન્દમાં આ વૃત્તને 'પ્રાયિક' માનવામાં આવ્યું છે.

આવા ગાયત્ર–પાદમાંથી નીચેના છન્દો બન્યા છે :

કુલ અક્ષર

(૧) ગાયત્રી છન્દ : ૮–૮ (પૂર્વાર્ધર્ચ્)/–૮ (ઉત્તરાર્ધર્ચ્) = ૨૪
(૨) અનુષ્ટુપ્ છન્દ : (પૂર્વાર્ધમાં) ૮–૮ / (ઉત્તરાર્ધમાં) ૮–૮ = ૩૨
(૩) પંક્તિ છન્દ : ૮–૮/૮–૮–૮ = ૪૦
(૪) મહાપંક્તિ : ૮–૮–૮/૮–૮–૮ = ૪૮
(૫) શક્વરી : ૮–૮/–૮–૮–૮–૮–૮ = ૫૬
(૬) દ્વિપદા ગાયત્રી : ૮–૮ = ૧૬

હવે, ૧૦મા મંડળમાં આવેલા ગાયત્ર પાદમાંથી બનેલા છન્દોનો સોદાહરણ પરિચય કરીશું :

(क) ૧ ગાયત્રી છન્દ : ૧૦–૧૮–૩,૪. ૧૦–૫૮, ૧૦–૧૧૯, ૧૦–૧૨૭ અને ૧૦–૧૭૧ સૂક્તોમાં વપરાયો છે.

ઉદાહરણ–૧

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ | ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
नि ग्रामसो अविक्षत | नि प द्वन्तो नि पक्षिणः ।
˘ – ˘ ˘ | ˘ – ˘ –

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
नि श्यैनासश्चिदर्थिनः । (૧૦–૧૨૭–૫)
˘ – ˘ –

વિવરણ : (૧) આ મંત્રમાં 'ગાયત્રી છન્દ' વપરાયો છે.
(૨) તેમાં ૮–૮/૮ એમ કુલ ૨૪ અક્ષરો આવેલા છે.
(૩) ત્રણેય પાદમાં છેલ્લા ચાર અક્ષરનું વૃત્ત પણ 'ગાયત્રપાદ'માં હોવું જોઈએ તે પ્રમાણેનું જ જોવા મળે છે.

ઉદાહરણ–૧

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ | ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
रात्री व्यख्यदायती | पुरुत्रा देव्यक्षभिः ।
˘ – ˘ – | – ˘ ˘ –

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
विश्वा अधि श्रियोऽधित ।
˘ – ˘ ˘

વિવરણ : (૧) આ મન્ત્રમાં કુલ ૨૨ અક્ષર છે. અહીં બે અક્ષર ન્યૂન હોવાથી 'વિરાટ્ ગાયત્રી' છન્દ છે એમ કહેવાશે. (૭–૭/૮ = ૨૨ અક્ષર)

(૨) અહીં પહેલા પાદમાં **रात्री वियख्यदायती** એવો અને બીજા પાદમાં **पुरुत्रा देवियक्षभिः** એવો 'વ્યૂહ' કરીને બે અક્ષરની પૂર્તિ કરી લઈ શકાય છે.

(૩) પહેલા અને ત્રીજા પાદમાં ગાયત્ર પાદનું 'વૃત્ત' જળવાયું છે; બીજા પાદમાં વૃત્ત જળવાયું નથી (પણ 'વૃત્ત'ને તો વૈદિક મન્ત્રોમાં પ્રાયિક ગણાયું છે.)

(क) – ૨ અનુષ્ટુપ્ છન્દ : ૧૦ માં મંડળમાં ૧૪–૧૩, ૧૪; ૧૬ (૧૧–૧૪), ૧૮ (૧૪). ૯૦ (૧–૧૫), ૯૭, ૧૦૩ (૧૩), ૧૪૫ (૧–૫), ૧૪૬, ૧૫૧, ૧૬૩, ૧૯૦, ૧૯૧, (૧,૨) માં આ છન્દ વપરાયો છે.

ઉદાહરણ : ૩ (૧૦–૯૦–૩)

૧૨૩૪૫ ૬૭૮ | ૧ ૨૩૪ ૫૬૭
एतावानस्य महिमा | तो ज्यायांश्च पूरुषः।
˘ ˘ ˘ — | ˘ — ˘ —

૧૨૩ ૪૫ ૬૭૮ | ૧૨૩૪૫૬ ૭૮
पादोऽस्य विश्वा भूतानि | त्रिपादस्यामृतं दिवि ॥
˘ — — ˘ | ˘ — ˘ ˘

વિવરણ : (૧) આ મન્ત્રમાં 'નિચૃત્ અનુષ્ટુપ' છન્દ છે. કેમ કે અહીં ૮–૮/૮–૮ = ૩૨ અક્ષર (આઠ – આઠ અક્ષરના ચાર પાદનો બનેલો મન્ત્ર છે). અલબત્ત બીજા પાદમાં એક અક્ષર ઓછો છે; તેથી તે 'નિચૃત્' કહેવાશે.

(૨) અહીં બીજા પાદમાં એક અક્ષર ઘટે છે, તેથી **'महिमातो'** માં સવર્ણદીર્ઘ સન્ધિને છુટી પાડી દઈને. **महिना अतो......** એવો 'વ્યૂહ' કરવાથી = એ પ્રમાણે ઉચ્ચારણ કરવાથી અક્ષર પૂર્તિ થઈ જશે.

(૩) પહેલા અને ત્રીજા પાદમાં ગાયત્ર પાદનું 'વૃત્ત' જળવાતું નથી.

(क) ૩ પંક્તિ છન્દ : ૧૦ માં મંડળના બે મન્ત્રોમાં આ છન્દ વપરાયો છે : ૧૪૫ (૬), ૧૬૪ (૫) આ પંક્તિ છન્દમાં પૂર્વાર્ધમાં બે અષ્ટાક્ષર ગાયત્રપાદ અને ઉત્તર અર્ધચ્માં ત્રણ અષ્ટાક્ષર ગાયત્ર પાદ હોય છે (૮–૮/૮–૮–૮ આમ કુલ ૪૦ અક્ષર હોય છે;

ઉદાહરણ – ૪ (૧૦–૧૪૫–૬)

૧૨ ૩૪ ૫૬૭૮ | ૧૨ ૩૪ ૫૬૭૮
उप तेऽधां सहमाना | मभि त्वा धां सहीयसा।
˘ ˘ — — | ˘ — ˘ —

૧૨૩ ૪ ૫ ૬૭ | ૧૨ ૩૪૫ ૬૭૮
मामनुं प्र ते मनो | वत्सं गौरिव धावतु ।
˘ — ˘ — | ˘ — ˘ ˘

૧૨ ૩૪૫ ૬૭૮
पथा वारिव धावतु ॥
˘ — ˘ ˘

વિવરણ : (૧) આ મન્ત્રમાં 'પંક્તિ' છન્દ છે. અહીં ૮–૮/૮–૮–૮ = ૪૦ અક્ષર (પાંચ અષ્ટાક્ષર ગાયત્ર પાદ) હોવા જોઈએ; પણ બીજા પાદમાં એક અક્ષર ઓછો છં, તેથી આને 'નિચૃત પંક્તિ' કહેવો પડશે.

(૨) ત્રીજા પાદમાં मामनु ને બદલે म आमनु એવો 'વ્યૂહ' કરવાથી અક્ષરપૂર્તિ થઈ શકાશે ૩૯ + ૧ =૪૦

(૩) પહેલા પાદમાં ગાયત્રપાદનું વૃત્ત જળવાતું નથી.

ઉદાહરણ ૫ : (૧૦–૧૬૪–૫)

૧૨૩૪૫૬૭ | ૧૨૩૪૫૬ ૭૮ -
अजैष्माद्यासनाम | चाभूमानागसो वयम् ।
— ˘ — | ˘ ˘ — ˘ ˘

૧૨૩૪ ૫૬૭ ૮૯ | ૧ ૨૩૪૫ ૬ ૭૮
जाग्रत्स्व प्नःसंक ल्पःपा | पो यंद्विष्मस्तं स ऋच्छतु ।
— — — — | ˘ — ˘ ˘ ˘

૧ ૨ ૩૪ ૫૬૭૮
यो नो द्वेष्टि तमृच्छतु ।
˘ — ˘ ˘

વિવરણ : (૧) આ મન્ત્રમાં અષ્ટાક્ષર ગાયત્રપાદનો વિનિયોગ થયો છે; અને અક્ષર સંખ્યા ૪૦ છે. તેથી આ પંક્તિ છન્દ છે. અલબત્ત અહીં ૮–૮/૮–૮–૮ એ પ્રમાણે અક્ષરસંખ્યા હોવાને બદલે ૭–૮–/૯–૮–૮ એમ છે, પણ કુલ અક્ષર સંખ્યા ૪૦ જ રહેતી હોવાથી અન્ય છન્દ બની જતો નથી.

(૨) પહેલા પાદમાં અક્ષરપૂર્તિ કરવા द्यासनाम् ને સ્થાને दिआसनाम એવો 'વ્યૂહ' કરી શકાશે, ત્રીજા પાદમાં એક અક્ષર વધુ છે.

(૩) પહેલા અને ત્રીજા પાદમાં ગાયત્રપાદનું (˘ — ˘ ⏓) વૃત્ત જાળવાતું નથી.

(क) – ૪ પ્રસ્તાર પંક્તિ છન્દ : ૧૦મા મંડળમાં તે એક મંત્ર ૧૮ (૧૧)માં વપરાયો છે.

ઉદાહરણ ૬ :

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ | ૧ ૨૩૪ ૫૬૭૮
उच्छ्वञ्चस्व पृथिवि मा | नि बाधथाः सूपायना ।
˘ ˘ ˘ — | — — ˘ —

૧ ૨૩ ૪ .૫૬૭૮ (પૂર્વાર્દ્ધ)
स्मै भव सू पवञ्चना
˘ — ˘ —

૧ ૨ ૩૪ ૫ ૬ ૭ ૮ | ૧ ૨ ૩૪ ૫ ૬ ૭
माता पुत्रं यथा सिचा | भ्येनं भूम ऊर्णुहि ॥
˘– ˘– | ˘ –˘˘

વિવરણ : (૧) આ મંત્રમાં 'પ્રસ્તાર–પંક્તિ' છન્દ છે. અહીં પૂર્વાર્ધર્ચમાં ૮–૮–૮ (ત્રણ અષ્ટાક્ષર ગાયત્રપાદ); અને ઉત્તર અર્ધર્ચમાં ૮–૮ બીજા બે ગાયત્રપાદ આવેલા છે, (પંક્તિ છન્દ કરતા અહીં ઊંધી ગોઠવણી છે. પણ કુલ અક્ષર સંખ્યા તો ૪૦ની જ છે.)

(૨) અહીં ૮–૮–૮/૮–૭ એમ કુલ ૩૯ અક્ષર છે; કેમકે છેલ્લા પાદમાં એક અક્ષર ઘટે છે. ત્યાં **भ्येनं** ને સ્થાને **भिएनं** કે **भियेनं** એવો 'વ્યૂહ' કરવાથી અક્ષરપૂર્તિ થઈ જશે.

(૩) પહેલા અને બીજા પાદમાં ગાયત્રપાદનું (˘ – ˘ ⏓) વૃત્ત જળવાયું નથી.

(क) – ५ આસ્તાર પંક્તિ છન્દ : ૧૦મા મંડળમાં આનું ૧૦–૧૭૦–૪. એક જ ઉદાહરણ મળે છે. ઉદાહરણ : ૭ (સાયણાચાર્યે એના બંધારણ તરીકે ૮–૮/૧૨–૧૨ = ૪૦ અક્ષર હોય છે એમ કહ્યું છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ | ૧ ૨ ૩૪૫ ૬ ૭
विभ्राजञ्ज्योतिषा स्वर | गच्छो रोचनं दिवः ।(पूर्वार्द्ध)
˘– ˘˘ | ˘– ˘–

૧ ૨ ૩ ૪૫ ૬૭૮૯૧૦૧૧ | ૧૨૩૪૫ ૬૭૮૯૧૦૧૧
ये नेमां विश्वा भुवनान्या भृता | विश्वकर्मणा विश्वदेव्यावता॥
(उत्तराद्‌र्ध)

વિવરણ : (૧) આ મન્ત્રમાં ૮–૭/૧૧–૧૧ = ૩૭ અક્ષર છે. પણ **स्वरगच्छो** માં વ્યૂહ કરીને **सुवरगच्छो** કરવાથી બીજા પાદમાં એક અક્ષર વધશે. ત્રીજા પાદમાં **न्याभूता** નેસ્થાને **नियाभृता** એવો વ્યૂહ કરીને, તથા ચોથા પાદમાં **देव्यावता**માં **देवीयावता** એવો વ્યૂહ કરીને બીજા બે અક્ષર વધશે. એટલે કે ૮–૭ + ૧/૧૧ + ૧ – ૧૧ + ૧ = એમ કુલ ૪૦ અક્ષર થશે. આથી આને 'આસ્તારપંક્તિ' છન્દ કહેવાય છે.

(૨) પંક્તિ છન્દમાં ૮–૮/૮–૮–૮ = અક્ષર હોય છે, પણ જ્યારે ૮–૮/૧૨–૧૨ એવી ગોઠવણીથી ૪૦ અક્ષર થાય ત્યારે તે 'આસ્તાર પંક્તિ' છન્દ બને છે.

[૨] એકાદશાક્ષર ત્રૈષ્ટુભપાદમાંથી બનતા છન્દો

બંધારણ : અગિયાર અક્ષરના બનેલા પાદને 'ત્રૈષ્ટુભ પાદ' કહેવામાં આવે છે. તેમાં છેલ્લા ચાર અક્ષરમાં લઘુ–ગુરુનો ('વૃત્ત') ક્રમ, અને 'યતિ'નું સ્થાન પ્રાયઃ આ પ્રમાણે જોવા મળે છે.

૧ ૨ ૩ ૪, ૫ ૬ ૭ | ૮ ૯ ૧૦ ૧૧
— ⏑ — ⏓

(અહીં અગિયાર અક્ષર, ૪થા પછી યતિ, અને છેલ્લા ચારમાં ઉપર મુજબ 'વૃત્ત' હોય છે.

અથવા

૧ ૨ ૩ ૪, ૫ ૬ ૭ | ૮ ૯ ૧૦ ૧૧
— ⏑ — ⏓

આ પાદમાં ૧૧ અક્ષર, પાંચમા પછી યતિ, અને છેલ્લા ચાર અક્ષરમાં ઉપર મુજબનું 'વૃત્ત' હોય છે.

છન્દો : આ બેમાંથી એક પ્રકારના 'એકદશાક્ષર ત્રૈષ્ટુભ પાદ'માંથી નીચેના છન્દો બને છે.

(૧) ત્રિષ્ટુપ્ : ૧૧–૧૧/૧૧–૧૧ = ૪૪ અક્ષર
(૨) દ્વિપદા ત્રિષ્ટુપ્ : ૧૧–૧૧ = ૨૨
(૩) વિરાટ્ અથવા ત્રિપદા ત્રિષ્ટુપ્ : ૧૧–૧૧/૧૧ = ૩૩
(૪) દ્વિપદા વિરાટ્ અથવા અક્ષરપંક્તિ : ૫–૫/૫–૫ = ૨૦
(૫) વૈરાજ (ત્રૈષ્ટુભ પાદનો જ એક ભેદ) : જેમાં વ્યૂહ કરવા છતાંય એકાદ–બે અક્ષર ઓછા રહે છે, વૃત્તની બાબતમાં ત્રૈષ્ટુભપાદની સાથે સાદશ્ય છે.

૧૦ મા મંડળમાં (૧) ત્રિષ્ટુપ્ : ૧ થી ૭, ૧૦, ૧૫, ૮૧, ૯૫, ૯૮, ૧૦૮, ૧૨૧, ૧૨૩, ૧૨૯ વગેરે સૂક્તોમાં

(૨) અક્ષર પંક્તિ (= દ્વિપદા વિરાજ) : ૧૭૨ સૂક્તોમાં

ઉદાહરણ : ૮ (૧૦–૧૨૧–૧)

૧૨૩૪૫ ૬૭૮૯૧૦૧૧ ૧૨૩ ૪૫ ૬૭૮૯ ૧૦૧૧
हिरण्यगर्भः, समवर्तता ग्रे भूतस्य जातः, पतिरे क आसीत् ।
— ⏑ — — — ⏑ — —

૧ ૨૩૪ ૫૬૭ ૮૯૧૦૧૧ ૧૨ ૩૪૫ ૬૭૮ ૯૧૦૧૧
स दधार, पृथिवीं द्यामु ते मां कस्मै देवाय, हविषा विधे म ॥
— ˘ — — — ˘— ˘

વિવરણ : (૧) આ મન્ત્રમાં 'ત્રિષ્ટુપ્ છન્દ' વપરાયો છે. કારણ કે અહીં ચાર એકાદશાક્ષાર ત્રૈષ્ટુભ પાદના કુલ ૪૪ અક્ષરો આવેલા છે. (પૂર્વ અર્ધર્ચ્માં ૧૧–૧૧ અને ઉત્તર અર્ધર્ચ્માં ૧૧–૧૧ એમ ગોઠવણી છે.)

(૨) ત્રીજા પાદ સિવાય અન્યત્ર પાંચમા અક્ષર પછી યતિ જોવા મળે છે.

(૩) ચારેય પાદના અંતિમ ચાર અક્ષરોમાં ત્રૈષ્ટુભ પાદનું 'વૃત્ત' પણ જળવાયું છે.

[૩] દ્વાદશાક્ષર જાગતપાદનું બંધારણ

બે પ્રકારના 'જાગતપાદ' જોવા મળે છે :

(क) ૧ ૨ ૩, ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
— — ˘ — ˘ ˘

અથવા

(ख) ૧ ૨ ૩ ૪ ૫, ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
— ˘ — ˘̲ ˘̲

અહીં પૂરા ૧૨ કે એક ઓછો હોય તેવા અક્ષરવાળા જાગત પાદમાં ત્રીજા કે પાંચમા પછી 'યતિ' હોય છે. તથા જો ૧૧ અક્ષરવાળો જાગતપાદ હોય તો ૭માથી માંડીને; અને જો ૧૨ અક્ષરવાળો જાગતપાદ હોય તો ૮માથી માંડીને છેલ્લા પાંચ અક્ષરોનું 'વૃત્ત' ઉપર મુજબ હોય છે.

આવા જાગતપાદમાંથી મુખ્યત્વે બે છન્દ બને છે : (૧) જગતી છન્દ : ૧૨–૧૨/૧૨–૧૨= (અહીં એક–બે અક્ષર ઓછા જોવા મળે જ છે)

(૨) અતિજગતી : ૧૩–૧૩/૧૩ + ૧૩ = ૫૨

ઉદાહરણ ૯ : (૧૦–૪૩–૧) : જગતી છન્દ

૧૨ ૩ ૪૫ ૬૭૮ ૯૧૦૧૧ ૧૨૩૪૫ ૬૭૮૯ ૧૦૧૧૧૨
अच्छा म, इन्द्रं मतयः स्वर्विदः सध्रीचीर्विश्वा, उशतीर नू ष त ।
˘— — ˘— —˘ — ˘ ˘

૧૨ ૩૪૫ ૬૭૮ ૯૧૦૧૧૧૨ ૧૨ ૩ ૪૫ ૬૭૮૯ ૧૦૧૧૧૨
परि ष्वजन्ते, जनयो यथा पतिं मर्यं न, शुन्ध्युंमघ वान मू त ये
— ˘— ˘— —˘ — ˘ —

વિવરણ : (૧) આ મન્ત્રના પૂર્વાદ્ર્ધમાં અને ઉત્તરાર્ધમાં બે–બે દ્વાદશાક્ષર જાગતપાદ આવેલા હોઈને તે જગતી છન્દમાં લખાયેલો છે. અલબત્ત અહીં પહેલા પાદમાં એક અક્ષર ઓછો છે; પણ જાગતપાદમાં ક્યારેક એકાદ અક્ષર જોવા મળે જ છે. (તેથી વ્યૂહ કરવાની જરૂર નથી.) આમ કુલ ૧૧–૧૨/૧૨–૧૨ = અક્ષરો છે.

(૨) પહેલા અને ચોથા પાદમાં ત્રીજા અક્ષર પછી યતિ છે; અને ૨–૩જા પાદમાં પાંચમા અક્ષર પછી યતિ છે

(૩) પહેલા પાદ સિવાય અન્ય ત્રણેય પાદોમાં 'જાગતપાદ'નું (– ˘ – ⏔) વૃત્ત જળવાયું છે. (વૃત્તને પ્રાયિક માન્યા હોવાથી, તે પહેલા પાદમાં નહીં મળતું હોવા છતાંય કંઈ વાંધો આવતો નથી.)

[૪] મિશ્રિત પાદોમાંથી બનતા છન્દો

(૧) ઉષ્ણિક્ = ૮–૮/૧૨= ૨૮ અક્ષર

(૨) કુકુપ્ = ૮–૧૨/૮ = ૨૮ અક્ષર

(૩) બૃહતી = ૮–૮/૧૨–૮ = ૩૬ અક્ષર

(૪) સતો બૃહતી = ૧૨–૮/૧૨–૮ = ૪૦ અક્ષર

(૫) મહા બૃહતી = ૧૨–૮/૮–૮–૮ = ૪૪ અક્ષર

(૬) મહા સતોબૃહતી = ૧૨–૮/૧૨–૮–૮ = ૪૮ અક્ષર વગેરે

(૭) પુરસ્તાદ્ બૃહતી = ૧૨–૮–/૮–૮ = ૩૬ અક્ષર.

ઉપરિષ્ટાદ્ બૃહતી = ૮–૮/૮–૧૨ – ૩૬ અક્ષર

ઉદાહરણ : ૧૦ (૧૦–૧૪–૧૫) બૃહતી છન્દ

यमाम मधुमत्तमं । राज्ञे हव्यं जुहोतन ।
इदं नम ऋषिभ्यः पूर्वजेभ्यः । पूर्वेभ्यः पथिकृद्भ्यः ॥

વિવરણ : (૧) આ મંત્રમાં બૃહતી છન્દ છે. કેમકે અહીં પૂર્વાર્ધમાં બે અષ્ટાક્ષર ગાયત્રપાદ આવેલા છે; અને ઉત્તરાર્ધમાં ૧૧(+૧) ૧૨ = –૭(+૧) = ૮ એમ એક જાગતપાદ બીજો ગાયત્રપાદ આવેલા છે.

(૨) ત્રીજા પાદમાં **पूर्वजेभ्यः–पूर्वजेभियः** તથા ચોથા પાદમાં પણ **पथिकृद्भ्यः → पथिकृद्भियः** એવો વ્યૂહ કરીને એક–એક અક્ષરની પૂર્તિ કરી લેવાશે.

ઉદા.૧૧ પુરસ્તાદ્ બૃહતી છન્દ ૧૦–૧૭–૧૩માં છે. તેમાં ૧૨–૮/૮–૮ = અક્ષર હોય છે.

* * *

પરિશિષ્ટ—૪

વૈદિક સંકેતાર્થ (લેટ્ લકાર)

પાણિનિએ સંસ્કૃત ભાષાના ક્રિયાપદોમાં પ્રતિબિંબિત થતા 'કાળ' અને 'અર્થ' (moods)નું પૃથક્કરણ સ્પષ્ટ કરવા માટે દશ ल કારોનો ઉપયોગ કર્યો છે. જેમકે, लट् લકાર વર્તમાનકાળનો વાચક છે, लिट् લકાર પરોક્ષભૂતકાળનો વાચક છે; તો વિધિલિઙ્ લકાર 'વિધ્યર્થ'ને દર્શાવે છે, તથા લોટ્ લકાર 'આજ્ઞારૂપી અર્થ'ને પ્રકટ કરે છે. આ દશ લકારોની હારમાળામાં જે પાંચમો ल કાર છે તે લેટ્ લકાર છે. આ લેટ્ લકારને "વૈદિકસંકેતાર્થ", અથવા તો "Subjunctive Mood" તરીકે પણ ઓળખાવવામાં આવે છે.

વેદની ભાષાનો અભ્યાસ કર્યા પછી વિદ્વાનોએ એવું તારણ કાઢ્યું છે કે વેદમાં કાળવાચક પ્રત્યયોની અપેક્ષાએ 'અર્થ' (mood) દર્શક પ્રત્યયો (ल કારો)ની સંખ્યા વધારે છે. તથા, બીજું એક તારણ એવું પણ કાઢ્યું છે કે વેદની ભાષામાં (ક) વિધિમૂલક ल કાર (Injunctive Mood) અને (ખ) સંકેતાર્થક લેટ્ લકાર (Subjunctive Mood) – એ ખાસ પ્રકારના અર્થવાચક લકારો છે, જે પાછળના સમયની પ્રશિષ્ટ સંસ્કૃત ભાષામાં વપરાતાં સદંતર બંધ થઈ ગયા છે.

હવે આપણે એ જોઈશું કે આ વૈદિક સંકેતાર્થનાં રૂપો જ્યાં વપરાયાં હોય છે, ત્યાં તે કયા અર્થની અભિવ્યક્તિ કરે છે ? મહર્ષિ પાણિનિએ લખ્યું છે કે – लिङ् अर्थे लेट् । ३–४–७ (वृत्तिः) विध्यादौ हेतुहेतुमद्भावादौ च धातोर्लेट् स्यात्, छन्दसि । અર્થાત્ વિધિ વગેરે (= વિધિ, નિમંત્રણ, આમંત્રણ, અધીષ્ટ, સંપ્રશ્ન અને પ્રાર્થના જેવા) અર્થોમાં; તથા હેતુહેતુમદ્ભાવ (= કાર્ય–કારણભાવદર્શક પરિસ્થિતિઓ)માં પણ લેટ્ લકારનાં ક્રિયાપદનાં રૂપો વપરાય છે.

પાણિનિના આ સૂત્રમાં કહ્યું છે તેમ વિધિલિઙ્ (= વિધ્યર્થ) અને લેટ્ લકારનાં ક્રિયાપદોમાં અર્થદૃષ્ટિએ કેટલુંક સામ્ય જરૂર છે; પણ વેદની ભાષાનો સૂક્ષ્મ અભ્યાસ કરનારાઓને દા.ત. મેકડોનલને, પાણિનિનું ઉપર્યુક્ત નિરીક્ષણ પૂરેપૂરું માન્ય નથી. તેઓ કહે છે કે લેટ્ ના પ્રયોગોની, વિધિલિઙ્ના પ્રયોગોની સાથે તુલના કરીએ તો લેટ્ ના અર્થને બરાબર સ્પષ્ટ કરી શકાય છે. જેમકે, લેટ્ લકારનો મૂળભૂત અર્થ "સંકલ્પ" છે; જ્યારે વિધિલિઙ્ (= વિધ્યર્થ)નો અર્થ "ઇચ્છા કે સમ્ભાવના" છે. દા.ત. √ हन्–પ્રહાર કરવો, હણવું; √ कृ–કરવું, √ सु–નીચોવવું અને √ ब्रु–બોલવું – આ ધાતુઓના ઉત્તમ પુરુષનાં ક્રિયાપદનાં રૂપો જોઈએ તો તેમાં વક્તાનો તે તે ક્રિયાઓ કરવા માટેનો 'સંકલ્પ' તરત જ દેખાઈ આવે છે. (કેમકે આ ક્રિયાઓ કરવી તે વક્તાની શક્તિ ઉપર નિર્ભર છે.) જ્યારે બીજી કેટલીક

ક્રિયાઓ દા.ત. √जि–જીતવું, √तृ–હરાવવું √ईश्–સ્વામી બનવું, √शक्–સમર્થ થવું, √ऋध्–સમૃદ્ધ થવું – આ એવી ક્રિયાઓ છે કે જે ક્રિયા સમ્પન્ન કરવી તે વક્તાના વશની વાત નથી હોતી. આ ક્રિયાઓ થવાની કેવળ 'સમ્ભાવના' કે 'ઇચ્છા' દર્શાવી શકાય છે. એટલે આ બીજા પ્રકારની ક્રિયાઓમાં વિધિલિઙ્ના પ્રત્યયો વપરાયેલાં જોવા મળે છે; જ્યારે પહેલા પ્રકારની ક્રિયાઓ સાથે લેટ્ લકારના પ્રત્યયો વપરાતાં જોવા મળે છે. મેકડોનલની આ વાત ધ્યાનાસ્પદ છે. કેટલાક નમુનાઓ તેમણે આપ્યા છે :–

(૧) स्वस्तये वायुमुप ब्रवामहै । (ઋ. ૫–૫૧–૧૨) "અમારા કલ્યાણને માટે અમે વાયુને બોલાવીશું."

(૨) મધ્યમ પુરુષવાળું ક્રિયાપદ હોય તો તે 'પ્રેરણા'નો અર્થ આપે છે : हनो वृत्रं, जया अपः । "વૃત્રને હણી કાઢો અને પાણીને જીતી લો."

(૩) વળી, આ લેટ્ લકારનાં ક્રિયાપદો પ્રશ્નવાચક સર્વનામો, તથા નિષેધાર્થક વાક્યોમાં પણ ખાસ કરીને વપરાતાં જોવા મળે છે.

પાણિનિએ લેટ્ લકારના પ્રયોગનો બીજો એક સંદર્ભ પણ સૂત્રબદ્ધ કર્યો છે. જેમકે, उपसंवादाऽऽशङ्कयोश्च । ૩–૪–૮ (वृत्तिः) पणबन्धे आशंकायां च लेट् स्यात् । 'अहमेव पशूनाम् ईशै । नेज्जिह्मायन्तो नरकं पताम ॥ (૧) 'ઉપસંવાદ' કે (૨) 'આશંકા' વ્યક્ત કરવી હોય ત્યારે પણ વેદમાં લેટ્ લકારનું ક્રિયાપદ વપરાય છે. ('ઉપસંવાદ' એટલે કોઈ કાર્ય કરવા માટે શરત કરવી.) દા.ત. (१) सोऽब्रवीत् वार्य वृणा अहमेव पशूनामीशै (काठकसंहिता, २५–१) = રુદ્રે દેવતાઓને કહ્યું : "હું એવું વરદાન માંગીશ કે હું જ પશુઓનો સ્વામી બનું." (२) नेज्जिह्मायन्तो नरकं पताम । (ऋ० खिल० १०–१०६–१) "ક્યાંક એવું કાંઈક ન થાય કે આપણે કુટિલ આચરણ કરતાં નરકમાં જઈને ના પડીએ." (આશંકા).

લેટ્ની રૂપરચના બાબતે પાણિનિએ કહ્યું છે કે લેટ્ના ક્રિયાપદોમાં અટ્ અને આટ્ આગમો થાય છે : (लेटोऽडाटौ । ३–४–९४) જેથી पताति दिद्युत् । प्रियः सूर्ये प्रियो अग्ना भवाति । જેવાં રૂપોમાં વચ્ચે આ કાર સંભળાય છે.

એ જ પ્રમાણે, વર્તમાનકાળના અંગ ઉપરથી, પરોક્ષ ભૂતકાળના અંગ ઉપરથી, અદ્યતન ભૂતકાળ (लुङ्)ના અંગ ઉપરથી અને ભવિષ્યત્કાળના અંગ ઉપરથી પણ લેટ્ લકારનાં ક્રિયાપદો બનાવવામાં આવે છે. આમ કેવળ લેટ્ લકારનું રૂપવૈવિધ્ય વિચારીએ તો પણ તે વ્યાપક છે. પરંતુ આ લકાર કાલક્રમે પ્રશિષ્ટ સંસ્કૃતમાંથી સાવ અદશ્ય થઈ ગયેલ છે.

* * *

પરિશિષ્ટ–૫

વૈદિક હેત્વર્થ કૃદન્ત

પહેલાં હેત્વર્થ કૃદન્તનો પરિચય કેળવીશું : એક વાક્ય છે रामः कृष्णं द्रष्टुं याति । 'રામ કૃષ્ણને (જોવા માટે) જાય છે.' અહીં એક જ કર્તા અમુક ક્રિયા ભવિષ્યમાં કરવાના હેતુથી, પહેલાં જે બીજી ક્રિયા કરે છે તેને 'ક્રિયાર્થ ક્રિયા' કહે છે. ઉપરના ઉદાહરણમાં (याति) ક્રિયા 'ક્રિયાર્થ ક્રિયા' છે; અને ભવિષ્યમાં જે બીજી ક્રિયા કરવાની છે તે 'દર્શન'ની–જોવાની–ક્રિયા છે. અહીં બીજા શબ્દોમાં કહીએ તો–ભવિષ્યમાં થનારી આ જોવાની ક્રિયા એ, પૂર્વે થતી જવાની–ગમન–ક્રિયા (याति) નો હેતુ છે. આથી તે હેતુભૂત દર્શન ક્રિયાના વાચક ધાતુને 'હેત્વર્થ કૃદન્ત'નો तुम् પ્રત્યય લગાડવામાં આવે છે : √दृश् + तुम् = द्रष्टुम् (= જોવા માટે).

હેત્વર્થ કૃદન્તના પ્રત્યયો : હેતુ = પ્રયોજન દર્શાવતા कृत् પ્રત્યયાન્ત (= ધાતુ સાધિત) શબ્દને 'હેત્વર્થ–કૃદન્ત' કહેવામાં આવે છે. પાણિનિએ तुमुण्वुलौ क्रियायां क्रियार्थायाम् । ૩–૩–૧૦ સૂત્રથી આ હેત્વર્થ કૃદન્તના तुमुन् = तुम् પ્રત્યયનું વિધાન કર્યું છે, તેનો સૂત્રાર્થ આમ છે : ક્રિયાર્થ ક્રિયા ઉપપદ (= નજીક)માં હોય ત્યારે, ભવિષ્યમાં જે ક્રિયા કરવાની હોય, તદ્વાચક ધાતુને तुमुन् પ્રત્યય લગાડવામાં આવે છે."

હવે, પ્રશિષ્ટ (લૌકિક) સંસ્કૃત સાહિત્યમાં હેત્વર્થ કૃદન્તનો આ એકજ तुमुन् =तुम् પ્રત્યય વપરાતો જોવા મળે છે. પરંતુ વૈદિક સંસ્કૃતમાં આ હેત્વર્થને દર્શાવવા માટે બીજા અનેક कृत् પ્રત્યયો વપરાય છે. પાણિનિએ આ વૈદિક હેત્વર્થ कृत् પ્રત્યયોની નોંધ લેતાં કેટલાંક સૂત્રો રજૂ કર્યાં છે. જેમકે,

(૧) तुमर्थे से–सेन्–असे–असेन्–क्से–कसेन्–अध्यै–अध्यैन्–कध्यै–कध्यैन्–शध्यै–शध्यैन्–तवै–तवेङ्–तवेनः । ૩–૪–૯ (આ સૂત્રમાં ૧૫ હેત્વર્થ કૃદન્ત પ્રત્યયોની નોંધ છે)[1]

(૨) આ ઉપરાંત લૌકિક સંસ્કૃતમાં વપરાતો तुम् પ્રત્યય (૩–૩–૧૦) પણ વેદમાં ક્યારેક વપરાયેલો જોવા મળે છે.

---

[1] ૧. આમાંથી જ્યાં 'न्' અનુબન્ધન રૂપે જોડ્યો છે. તે नित् હે.કૃ. પ્રત્યય લાગીને જે શબ્દ બન્યો હોય તે આદ્યુદાત્ત હોય છે.

(૩) તથા णमुल् અને कमुल् (૩–૪–૧૨); અને तोसुन् અને कसुन (૩–૪–૧૩) વગેરે પ્રત્યયો પણ વેદમાં તુમર્થે = હેત્વર્થે વપરાયેલા જોવા મળે છે.

વેદમાં હેત્વર્થકૃત્ પ્રત્યયોનો પ્રયોગ : ઋગ્વેદમાં લગભગ ૭૦૦ રૂપોમાં હેત્વર્થ કૃદન્તના શબ્દો વપરાયા છે. આમાંથી કેવળ પાંચ રૂપોમાં જ (લોકોમાં વપરાતા) તુમ્ પ્રત્યયનો ઉપયોગ થયેલો છે. અથર્વવેદમાં માત્ર આઠ ઉદાહરણોમાં આ તુમ્ પ્રત્યય વપરાયો છે. પરંતુ કાલાન્તરે યજુર્વેદ અને બ્રાહ્મણ ગ્રન્થોમાં તુમ્ પ્રત્યયનો વપરાશ વધતો ગયો; અને છેવટે લૌકિક સંસ્કૃતમાં તો માત્ર આ એક પ્રત્યય જ બાકી = વપરાશમાં રહ્યો છે. એ સિવાયના (પૂર્વોક્ત (૧) અને (૩) મા બતાવેલા) પ્રત્યયોનો વપરાશ બંધ રહ્યો છે.

હેત્વર્થ કૃદન્તનાં રૂપોનું સ્વરૂપ : પાણિનિના વ્યાકરણમાં નોંધ્યું છે તેમ તુમ્ પ્રત્યયાન્ત, કે से, सेन्, तवे, तवै વગેરે પ્રત્યયો જોડાઈ બનેલા તમામ હેત્વર્થ કૃદન્તનાં રૂપો "અવ્યય' પ્રકારના છે,[2] (એમનાં બીજી કોઈ વિભક્ત્યાદિમાં રૂપો ચાલતાં નથી.) પરંતુ પરદેશી વિદ્વાનોના મતે– આ બધાં જ હેત્વર્થ કૃદન્તનાં રૂપો મૂળમાં તો કોઈક શબ્દ (પ્રાતિપદિક) નાં વિભક્ત્યન્ત રૂપો હતાં અર્થાત્ મૂળમાં તેઓ અવ્યય ન હતા. પરંતુ વર્ષો સુધી તે વિભક્ત્યના રૂપો અપરિવર્ત્ય સ્થિતિમાં વપરાતાં રહેતાં, પાછળથી તેમને 'અવ્યય' પ્રકારના જાહેર કરવાનું પ્રાપ્ત થયું. દા. ત. –

(૧) દ્વિતીયા વિભક્તિમૂલક તુમર્થક પ્રત્યયો : ઋગ્વેદમાં વપરાયેલાં दातुम् । प्रष्टुम् । प्रभर्तुम् । अनुप्रवोळ्हुम् । અને અથર્વવેદમાં વપરાયેલા अत्तुम् । द्रष्टुम् । कर्तुम् । એવાં જે તુમ્ પ્રત્યયાંત રૂપો મળે છે, તે પાશ્ચાત્ય વિદ્વાનોના મતે તુ કારાન્ત કૃદન્ત પ્રાતિપદિકોના (ભાતુ ઉપરથી ભાનુમ્ ની જેમ) દ્વિતીયા વિભક્તિ એકવચનનાં રૂપો છે.

પરંતુ પાણિનિના વ્યાકરણ અનુસાર शकि. णमुल्कमुलौ । ૩–૪–૧૨ થી '–शक् ધાતુ ઉપપદમાં રહેતાં તુમર્થક णमुल् અને कमुल् પ્રત્યય લગાવી अम् અન્તવાળાં હેત્વથ કૃદન્તનાં રૂપો બને છે.' દા. ત. समिधम् । संपृच्छम् । आरुहम् । વગેરે. (પણ ઉપર કહ્યું તેમ પાશ્ચાત્ય વિદ્વાનો આને દ્વિતીયા વિભક્તિ એકવચનનાં રૂપો ગણે છે).

(૨) ચતુર્થીમૂલક તુમર્થક પ્રત્યયો : અન્ય તુમર્થક પ્રત્યયોની અપેક્ષાએ આ પ્રકારના ચતુર્થીમૂલક તુમર્થક પ્રત્યયોનો ઋગ્વેદમાં સાત ગણો પ્રયોગ થયેલો જોવા મળે છે. પરંતુ કાલાન્તરે આ પ્રત્યયોનો વપરાશ બંધ થયો છે. પાશ્ચાત્ય વિદ્વાનોના

મતે આવાં રૂપોના અન્તમાં ચતુર્થી વિભક્તિનો ङे / –ए / પ્રત્યય વપરાયો હોય છે. દા. ત.

(क) ए કારાન્ત રૂપો – भूवे । वितिरे । दृशे । भुजे । युजे । युधे ।

(ख) ए કારાન્ત રૂપો – वि + √ख्या + ए =विख्यै ।
प्रति + √मां + ए =प्रतिमै । प्र + √या + ए = प्रयै य

(ग) त्वै કારાન્ત – इत्यै । साद्ध्यै ।

(घ) से કારાન્ત – (से–सेन्–क्से): जिषे । प्रयंक्षे ।

(ङ) असे प्रत्ययान्त– अहसे । चरसे । भोजसे । दोहसे । પાશ્ચાત્યોના મતે अस् અંતવાળા કૃદન્ત નામોને ચતુર્થી વિભક્તિનો ए પ્રત્યય લાગીને આ રૂપો બન્યાં છે.

(च) આ જ પ્રમાણે – अये, तये, तवे, तवै, પ્રત્યયો લાગીને નીચેનાં હેત્વર્થ કૃદન્તો બને છે : युधये । चितये । दृशये ॥ इष्टये । ऊतये । पीतये ॥ गन्तवे । गातवे । कर्तवे । सवितवे । गन्तवै । परिधातवै । सूतवै ॥ (અહીં तवै પ્રત્યયાન્ત કૃદન્ત રૂપોમાં ધાતુ અને પ્રત્યય બંને ઉપર ઉદાત્ત સ્વર કહે છે.

(छ) પાણિનિના મતે अध्यै – अध्यैन् – कध्यै – कध्यैन् – शध्यै – शध्यैन् પ્રત્યયોમાંથી જે नित् (= न् અનુબંધવાળા) પ્રત્યયો છે તેમાંથી બનેલા હેત્વર્થ કૃદન્તમાં રૂપો આદ્યુદાત્ત બને છે. દા. ત. यजंध्यै । गृणंध्यै । પરંતુ ડૉ. હ્વિટની કહે છે કે આ अ + धि અન્તવાળું પ્રાતિપાદિક + ચતુર્થી વિ. નો ए પ્રત્યય = अध्ये બન્યું છે એમ ગણવું. પણ પ્રોફે. મેકડોનલ કહે છે કે अ + ध्या અન્તવાળું પ્રાતિપદિક + ए પ્રત્યય = अध्यै બન્યું હશે.

* * *

આ સદર્ભમાં ક્યારેક કોઈક રૂપો બાબતે વિવાદ પણ જોવા મળે છે. જેમકે, इष्यै પ્રત્યય લાગીને બનેલા रोहिष्यै અને अव्यथिष्यै રૂપોને હ્વિટની અને મોનીયર વિલિયમ્સ તુમર્થક રૂપ માને છે. પણ મેકડોનલ તેને નામિક રૂપ જ માને છે.

એ જ પ્રમાણે, वने, અને मने પ્રત્યય લાગીને બનેલાં રૂપો, જેવાં કે –त्रामणे । धर्मणे । दामने । दावने । વગેરે હ્વિટ્‌ની, મેકડોનલ, ગ્રાસમેનના મતે તુમર્થક

રૂપો છે. પરંતુ ભારતીય વિદ્વાનો તેને કૃદન્ત પ્રાતિપાદિકના ચતુર્થી વિભક્ત્યન્ત રૂપો તરીકે ઓળખાય છે.

(૩) પંચમીમૂલક તથા ષષ્ઠીમૂલક તુમર્થક પ્રત્યયો : तोसुन्–कसुन् પ્રત્યય લાગીને જે રૂપો બનેલાં છે, તેને પાશ્ચાત્ય વિદ્વાનો પંચમી કે ષષ્ઠીનાં રૂપો માને છે.

દા. ત., असन्त રૂપો – आतृदः । अवपदः ।

सम्पृचः । (પંચમી) निमिषः । (ષષ્ઠી)

तोसन्त રૂપો – गन्तोः । जनितोः ।

हन्तोः । (પંચમી) कर्तोः, दातोः । (ષષ્ઠી)

પાણિનિના મતે ઈશ્વર ='સમર્થ' અર્થવાળા શબ્દો ઉપપદમાં રહે ત્યારે तोसुन् પ્રત્યય વપરાય છે; જેમકે, ईशे रायः सुवीर्यस्य दातोः ।

(૪) સપ્તમીમૂલક તુમર્થક પ્રત્યયો : इ પ્રત્યયાન્ત હેત્વર્થ કૃદન્તનાં કેટલાંક રૂપો આ પ્રમાણે છે : व्युषि–संचक्षि–दृशि (આ વ્યંજનાન્ત અંગ ઉપરથી બનેલાં રૂપો); धर्तरि (तृ અંતવાળો અંગ ઉપરથી સાધિત) અને नेषणि । पर्षणि । तरीषणि । વગેરે (सन् અંતવાળા અંગ ઉપરથી બનેલાં રૂપો) છે.

ભારતીય વિદ્વાનોના મતે આ તુમર્થક રૂપો નથી, પણ કૃદન્ત પ્રાતિપદિક ઉપરથી સાધવામાં આવેલા આ નામિક રૂપો છે.

* * *

આ વિષયમાં જે અભ્યાસીને વધુ જિજ્ઞાસા હોય તેમણે ડૉ. રામ ગોપાલનું वैदिकव्याकरण (ભાગ – ૧ અને ૨ પૃ. ૭૮૭–૭૯૧) જોવા અનુરોધ છે.

★ ★ ★

પરિશિષ્ટ–૯

શુનઃશેપ આખ્યાનના હેતુલક્ષી પ્રશ્નો

(૧) ઋગ્વેદ સાથે સંબદ્ધ કયું બ્રાહ્મણ છે ?
(A) શતપથ બ્રાહ્મણ (C) તૈત્તિરીય બ્રાહ્મણ
(B) ગોપથ બ્રાહ્મણ **(D)** ઐતરેય બ્રાહ્મણ

(૨) ઐતરેય બ્રાહ્મણના રચયિતા કઈ સ્ત્રીના પુત્ર હતા ?
(A) અપરા (C) ઐતરા
(B) ઈતરા (D) ઉત્તરા

(૩) હરિશ્ચન્દ્ર કયા વંશમાં જન્મ્યા હતા ?
(A) ઐક્ષ્વાક (C) સૌયવસિ
(B) ઈક્ષ્વાકુ (D) ગાથિન્

(૪) પતિને શું કહેવાયેલો છે ?
(A) આભૂતિ **(C)** ભૂતિ
(B) વિભૂતિ (D) સંભૂતિ

(૫) ઈરાવતી અતિતારિણી કોણ છે ?
(A) પુત્રી **(C)** પુત્ર
(B) પત્ની (D) પિતા

(૬) અજીગર્તનો ત્રીજો પુત્ર કોણ હતો ?
(A) શુનોલાંગૂલ (C) શુનઃશેપ
(B) શુનઃપુચ્છ (D) શુનઃપાદ

(૭) હરિશ્ચન્દ્રનો પુત્ર રોહિત અરણ્યમાં ક્યારે જતો રહ્યો ?
(A) કાયમી દાંત **(C)** સંનાહુક થયો
(B) દશ દિવસનો થયો (D) નારદે કહ્યું – ત્યારે

(૮) જલોદરનો રોગ કોને થયો હતો ?
(A) અજીગર્તને (C) વિશ્વામિત્રને
(B) હરિશ્ચન્દ્રને (D) વરુણને

(૯) હરિશ્ચન્દ્રે વરુણને કેટલીવાર પાછો કાઢ્યો ?

(A) પાંચ વાર (C) સાત વાર

(B) છ વાર (D) ચાર વાર

(૧૦) ઈન્દ્રે રોહિતને કેટલીવાર અરણ્યમાં પાછો ફેરવ્યો ?

(A) ત્રણ વાર **(C)** પાંચ વાર

(B) ચાર વાર (D) છ વાર

(૧૧) ઐતરેય બ્રાહ્મણની કેટલામી પંચિકામાં શુનઃશેપાખ્યાન છે ?

(A) ત્રીજી **(C)** સાતમી

(B) પાંચમી (D) નવમી

(૧૨) સૂર્ય કેવી રીતે ફર્યા કરે છે ?

(A) ઊંઘ્યા વિના (C) નિંદા વિના

(B) તન્દ્રા વિના (D) ચાલ્યા વિના

(૧૩) ‘ક્ષત્રિય કરતાં બ્રાહ્મણ વધુ સારો’ – એમ કોણે વિચાર્યું ?

(A) હરિશ્ચન્દ્રે **(C)** વરુણે

(B) રોહિતે (D) ઈન્દ્રે

(૧૪) અગ્નિ દેવોમાં ________ છે.

(A) નેદિષ્ઠ (C) ગરિષ્ઠ

(B) દવિષ્ઠ (D) કનિષ્ઠ

(૧૫) અગ્નિ દેવોનું ________ છે.

(A) મન (C) નયન

(B) મુખ (D) ગાત્ર

(૧૬) કયા દેવતાની સ્તુતિ પ્રસંગે શુનઃશેપના પાશ છુટી ગયા ?

(A) વરુણ (C) અગ્નિ

(B) વિશ્વેદેવો **(D)** ઉષા

(૧૭) અભિષેયનીય સોમયાગમાં વસિષ્ઠ શું હતા ?

(A) બ્રહ્મા (C) હોતા

(B) ઉદ્‌ગાતા (D) અધ્વર્યુ

(૧૮) શુનઃશેપે કોને અસંધેય જાહેર કર્યા ?
(A) વિશ્વામિત્રને **(C)** અજીગર્તને
(B) રોહિતને (D) મધુચ્છન્દાને

(૧૯) શુનઃશેપ કયા વંશમાં જન્મ્યો હતો ?
(A) ગૌતમ **(C)** અંગિરસ
(B) ભારદ્વાજ (D) વૈધસ

(૨૦) વિશ્વામિત્રે શુનઃશેપને શું નામ આપ્યું ?
(A) કૌશિક (C) વિશ્વજિત્
(B) દેવરાત (D) વીર

(૨૧) શુનઃશેપાખ્યાન ક્યારે સંભળાવવામાં આવે છે ?
(A) યુદ્ધમાં વિજય થાય **(C)** રાજાનો અભિષેક થાય
(B) રાજાનું મૃત્યુ થાય (D) રાજપુત્રનો જન્મ થાય – ત્યારે

(૨૨) શુનઃશેપાખ્યાનમાં કેટલા ખંડ છે ?
(A) પાંચ (C) સાત
(B) છ (D) આઠ

(૨૩) શુનઃશેપને કોનું આધિપત્ય મળ્યું ?
(A) વિષ્ણુનું **(C)** જહ્નુઓનું
(B) ભરતોનું (D) દસ્યુઓનું

(૨૪) ગાથિઓનું દેવતા વિષયક જ્ઞાન કોને મળ્યું ?
(A) કુશિકોને (C) અજીગર્તને
(B) મધુચ્છન્દાને **(D)** દેવરાતને

(૨૫) ઈન્દ્રે શુનઃશેપને શું આપ્યું ?
(A) ઊભા થવાની સલાહ (C) ઈન્દ્રાસન
(B) હિરણ્ય રથ (D) આયુષ્ય

(૨૬) શુનઃશેપાખ્યાન ક્યાં બેસીને સંભળાવવું ?
(A) સિંહાસને **(C)** હિરણ્યકશિપુએ
(B) હાથીની અંબાડીએ (D) નદી કિનારે

(૨૭) ઐતરેય બ્રાહ્મણમાં બલિનો ઉલ્લેખ થયો છે ?

(A) નરબલિ (C) અજાબલિ
(B) અશ્વબલિ (D) રાજબલિનો

(૨૮) વરુણ ______ નો દેવતા છે.?

(A) સમુદ્રનો (C) પૃથિવીનો
(B) આકાશનો **(D)** ઋતનો

(૨૯) અયાસ્ય ઋત્વિજ્‌નું સ્થાન શું હતું ?

(A) બ્રહ્મા (C) હોતા
(B) ઉદ્‌ગાતા (D) અધ્વર્યુ

(૩૦) તૃચ શબ્દનો શો અર્થ થાય છે ?

(A) ચાર ઋચાઓનો સમૂહ (C) ત્રણ ઋચાઓનો સમૂહ
(B) તેત્રીસ ઋચાઓનો સમૂહ (D) ત્રીસ ઋચાઓનો સમૂહ

★ ★ ★

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧